# THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

## FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

श्रीमद्विजयानंदसूरिविराचत

# श्री जैनतत्त्वादर्श.

भाषान्तर करनार,

## वकील मुलचंद नथुभाई

भावनगर

छपावी प्रसिद्ध करनार,

श्रीआत्मारामजी जैनज्ञानशाला तथा

पुस्तकालयनी कार्यदक्ष सभा.

भावनगर

संवत १९५६. कारतक सुद १५ सने १८९९.

मुल्य चार रुपीआ.

आ ग्रंथ मुंबई निर्णयसागर प्रेसमां छाप्यो.

ग्रंथस्वामित्वना सर्व हक्क प्रसिद्ध करनाराए पोताने
स्वाधिन राखेला छे.

श्री हंसराज बच्छराज नाहटा
सरदारशहर निवासी
द्वारा
जैन विश्व भारती, लाडनूं
को सप्रेम भेंट –

आ ग्रंथ मलवाना ठेकाणां.

१ अमारे त्यांथी. दोशी गुलाबचंद आणंदजी.
लाइब्रेरीयन मारफत.

२ मुंबइ शा. भीमशी माणक जैनपुस्तक
वेचनार मांडवीबंदर.

३ भावनगर जैनधर्म प्रसारक सभा आफीस.

# अर्पण पत्रिका.

अनेक गुणगणालंकृत सुज्ञ मुरबी शेठ

आणंदजी परशोतमनी सेवामां

मु० जावनगर.

बाल्यावस्थाथी स्वशक्तिबले सांसारिक व्यापारमां अभ्युदय प्राप्त थवाथी आपे स्वोपार्जित द्रव्यनो, अन्य अन्य प्रसंगे, तीर्थयात्रा, उद्यापन (उजमणु) अठाइ महोत्सव, शत्रुंजय महातीर्थ उपर जीनबिंबोनुं स्थापन, अक्षयनीधिआदि धर्मकार्योमां अंतःकरणना धार्मिक उत्साहथी व्यय करी पोताना आत्माने निर्मल करेलो छे, अने तेवी निर्मलता प्राप्त थवाथी वृद्धावस्थामां शांतरसनो आपना अंतःकरणमां जमाव थयोछे, तेनो प्रत्यक्ष अनुजव जावनगरना जैनसमुदायमां प्रसंगे प्रसंगे थता उंचा मनने शांति पमाडवामां आपनुं अंतःकरण साधनजूत थायछे, एवां अनेक कारणोने लीधे, तेमज मारा उपर आप अत्यंत प्रीति राखो छो; तेथी आ जाषान्तररूप ग्रंथ आपने सविनय अर्पण करुंछुं ते स्विकारशो.

जावनगर, ता० १७ नोवेंबर १८९९

ली. आज्ञांकित, जाषांतर कर्त्ता.

# प्रस्तावना.

नमे त्राता महावीरो, नद्वेषो कपिलादिषु ॥
युक्तिमद् वचनंयस्य तस्यकार्यः परिग्रहः ॥ १ ॥
इत्याचार्य श्री हरिभद्र सूरिः ॥

जैनदर्शन सर्व दर्शनोमां श्रेष्ठ छे, एम पूर्वाचार्य श्रीमद् हरिभद्र सूरिए षट्दर्शन समुच्चय नामना ग्रंथमां छ ए दर्शनोना देवता तत्वप्रमुखना यथार्थ विचार प्रदर्शित करी सिद्ध करी बताव्युं छे. मोक्षाभिलाषी आत्माओने मोक्षपद प्राप्त करवामां जैनदर्शननुं आराधन एज सत्य साधान छे. साधन रत्नत्रयीनुं आराधन करवुं तेज छे. ज्ञान, दर्शन, चारित्र रत्नत्रय छे. श्री तत्वार्थमां "सम्यग् ज्ञान दर्शन चारित्राणि मोक्षमार्गः" एम यथार्थ सिद्ध करी बताव्युं छे.

वेदांत आदि दर्शनमां मात्र ज्ञाननेज मुक्तिनुं साधन मानेलुं छे. दर्शन, चारित्र तो तेमनी गणनामांज नथी. जुओ शंकराचार्यकृत अपरोक्षानुभूति, तथा विद्यारण्य स्वामिकृत पंचदशी. श्री शंकराचार्यकृत आत्मबोधमां चारित्र अर्थात् क्रियानी जरुरीआत बतावी छे, परंतु दर्शन अर्थात् सम्यग्दर्शननी मोक्षप्राप्तिमां केटली आवश्यकता छे ते संबंधी विचार जैनदर्शन शिवाय बीजा कोइपण दर्शनमां बिलकुल बताव्या नथी. सम्यग्दर्शननुं यथार्थ स्वरूप तो मात्र जैनदर्शनना पूर्वाचार्य प्रणीत गहन ग्रंथोनुं अवलोकन करवाथीज जाणी शकाय छे, तेमां पण गुरुगम ज्ञाननी आवश्यकता छे. जैनदर्शनमां सम्यग्दर्शननी मुख्यता छे, कारण के ते शिवाय ज्ञान अने चारित्र मोक्ष प्राप्त कराववामां असमर्थ छे; आप्रमाणे छे छतां सम्यग्दर्शन अने सम्यग्चारित्रनु मूल कारण सम्यग् ज्ञान छे. जो सम्यग् ज्ञान प्राप्त थाय तो सम्यग् दर्शन अने सम्यग् चारित्र सेहेजे प्राप्त थाय छे, परंतु सम्यक् ज्ञान प्राप्त थवुं ते अति दुर्लभ छे. जुदा जुदा दर्शनना आचार्योनी विद्वत्ता तेओना ग्रंथोनुं अवलोकन करवाथी स्पष्ट रीते मालम पडे छे. जुदा जुदा दर्शनना ग्रंथो अवलोकन करशो तो आपने सिद्ध थशे के सम्यग् ज्ञान मात्र जैनदर्शनना ग्रंथोमांज छे. अवलोकन करती वखते निष्पक्षपात मतिनी पुरी जरूर छे. बी-

जाउ वास्ते तो शुंज बोलवुं, परंतु वेदांतमतना धुरंधर श्री माधवाचार्यें पोताना सर्वदर्शन संग्रह नामना ग्रंथमां जुदा जुदा शोल दर्शनना विचारो बतावेलाछे, एकनुं बीजामां एम उत्तरोत्तर खंडन करेलुं छे, तेमां आर्हत (जैन) दर्शन संबंधी विचारो बतावतां जेजे बाबतोनुं जेजे रूपे खंडन करेलुं छे ते एवुं तो विचित्र छे के, आ प्रसंगे हुं हिंमतथी लखी शकुं छुं के, तेवा महान् आचार्यने पण जैनदर्शननुं यथार्थज्ञान न होतुं. सर्व दर्शनसंग्रहमां आर्हत दर्शननुं स्वरूप बताववामां छ द्रव्यसंबंधी तथा सप्तभंगीसंबंधी विचारो बताव्या छे. छ द्रव्यमां "धर्म अने अधर्म" जे प्रथमना बे द्रव्यो छे, तेनुं स्वरूप तदन असत्य ते स्थले बतावेलुं छे; जैनदर्शननुं सत्यज्ञान जो तेमने होत तो ते बंने पदार्थोनो जेवो तेमणे अर्थ कर्यो छे तेवो करतज नहि; खोटो अर्थ करी असत्य खंडन कर्युं छे. खेर! मात्र तेटलुंज नहि परंतु सप्तभंगीनी गहन शैली पण तेवा विद्वान् आचार्यने समजवामां आवी नथी, छतां "नैकस्मिन्नसंभवात्" एम सूत्र लखी असत्य कल्पनाउ बतावी छे. सप्तभंगीना असत्य खंडननुं खंडन श्रीमद्विजयानंदसूरिजीए बहुज विस्तारथी करेलुं छे जे थोडा वखत पछी छपाववामां आवशे, ते अवलोकन करवाथी वाचकवर्गने सिद्ध थशे के जैनदर्शन अति गहन दर्शन छे, अने तेनुंज यथार्थ ज्ञान ते सम्यग् ज्ञान छे. श्री माधवाचार्य जेवा महान् आचार्यपण जैनदर्शनना परम रहस्यथी अज्ञात हता, तो सामान्य विद्वानो माटे तो शुंज बोलवुं? आमारा लखाणनी साबिती माटे जीज्ञासुए जैनदर्शनना प्रवीण पुरुष पासे जैनदर्शननुं यथार्थ ज्ञान नवतत्व प्रमुखनुं प्राप्त करी सर्व दर्शनसंग्रहमां वर्णवेला आर्हत दर्शनसंबंधी विचारो तथा तेनुं खंडन अवलोकन करवुं, आर्यावर्तमां वसनारा तेमज बहारना विद्वानो मध्येनो मोटो भाग वेदांतदर्शनने सर्वोत्तम दर्शन माने छे, परंतु दिलगीरी मात्र ए छे के वेदांतनुं ज्ञान धरावनारा महाविद्वानो पण जैनदर्शननुं यथार्थ ज्ञान प्राप्त करवा सारु तेना गहन ग्रंथोनो लेशमात्र अभ्यास करता नथी. जैनदर्शननुं यथार्थ ज्ञान पूर्वाचार्य श्रीमद्हरिभद्रसूरि तथा श्रीमद् हेमचंद्राचार्य प्रमुखना रचेला द्रव्यानुयोग संबंधी ग्रंथोनुं सदगुरु समक्ष अध्ययन करवाथी थाय छे. संस्कृत भाषाना वेत्ताउ, तर्कना नियमो लक्षमां

लइ, पूर्वाचार्यप्रणीत जैनदर्शनना गहन ग्रंथोनुं अध्यन करे छे, त्यारेज तेउने सर्व दर्शनो करतां जैनदर्शननी महत्वतानुं भासन थाय छे. जैनदर्शननुं यथार्थ ज्ञान थवा सारू प्राचीन तथा अर्वाचीन महान् आचार्योंए अनेक ग्रंथोनी रचना करेली छे; परंतु एवा निःस्वार्थ परोपकारी महात्माउए ज्ञानरूप लक्ष्मी जैनोने वारसामां आपतां उत्तरोत्तर प्राप्त थतां वर्त्तमान कालना जैनोना कबजामां ते एवी तो बंधनमां पडेली छे के, ते ज्ञानरूप लक्ष्मीना उत्तम नगीना अति जीज्ञासुउने पण दृष्टिपथे आववा पामता नथी. आप्रमाणे लखवानो हेतु ए छे के परमकृपालु श्रीमद् विजयानंदसूरिजीने ( ग्रंथकर्त्ताने ) एक प्रसंगे अमुक शेहेरनो ज्ञान भंडार अवलोकन करवानी जीज्ञासा थइ हती. तेवा धर्मधुरंधर महान् आचार्यने पण त्यांना श्रावकोए ज्ञानभंडार बताववामां आनाकानी करी हती. आवी अज्ञानता ज्यां ज्यां व्यापेली छे, ते ते स्थलना जैनो जैनदर्शननी ज्ञानरूप लक्ष्मीनो सदुपयोग करताज नथी, तेमज बीजा जीज्ञासुउने पण करवा देता नथी. महाविद्वान् आचार्योंए परम उपगार बुद्धिए अति प्रयासथी अमूल्य ग्रंथोनी रचना करी जैनीउने जे स्वाधिन करेला छे,ते मात्र सिंदुकमां राखवासारु तेमज बार मासे एक दिवस धूप देवा अने वज नाखवासारु नहि,परंतु नदीना जलनी जेम ज्ञाननी पिपासावालाने तृषा छीपाववासारु प्रगट दृष्टिपथे आवे तेवी रीते राखवासारु स्वाधिन करेला छे. मारो लखवानो हेतु ए छे के जैनदर्शननुं ज्ञान बीजा दर्शनवालाउना ज्ञानना प्रमाणमां बहु अल्प विस्तारमां प्रसिद्धिमां आवेलुं छे. अन्य दर्शनवालाउना जेजे महान् ग्रंथो छे ते सर्वे प्रगट थएला छे, त्यारे जैनदर्शनना महान् ग्रंथो ज्ञानभंडारोमांज मात्र बिराजे छे. जुउ सम्मतितर्क, रत्नावतारिका प्रमुख. जैनदर्शनधारी श्रावक समुदायतो आवा अमूल्य ग्रंथोना ज्ञानथी अतिदूर छे. साधु समुदायमां पण विरला छे. सारांश के वर्त्तमान कालना जैनोने ज्ञान प्राप्त करवानी बहुज अल्प जिज्ञासा छे. जैनदर्शनमां सात क्षेत्रमां द्रव्यनो व्यय करवानी जिनाज्ञा छे. सात क्षेत्रमां ज्ञानक्षेत्रनो समावेश छे; आ क्षेत्र एवुं तो बलवान छे के तेना रक्षण उपर जैनदर्शनना अस्तित्वनो परम आधार छे. ए प्रमाणे जिनाज्ञा छे छतां वर्त्तमान कालना जैनो आ आधारभूत क्षेत्रमां बिलकुल व्यय श-

क्तिना प्रमाणमां करताज नथी. जे कांइ व्यय करे छे ते बीजाउना प्रमाणमां यत्किंचित् छे. आ प्रसंगे कोइ सवाल करशे के हालमां जैनशालाउ अनेक स्थले स्थापवामां आवी छे ते शुं ज्ञानक्षेत्रमां व्यय नथी? उत्तर मात्र एटलोज छे के ते व्ययनी बीजा क्षेत्रना व्ययनी साथे सरखामणी करशो, त्यारेज यथार्थ समजवामां आवशे. आवी जैनशालाउमां महाविद्वान् शिक्षकोने राखी तीक्ष्ण बुद्धिवाला जैनना बालकोने उत्तरोत्तर गहन ग्रंथोनुं अध्ययन करावबामां पुष्कल द्रव्यनो व्यय करवानी जरूर छे, एटले सुधी के जे दरज्जे चैत्यक्षेत्र तथा प्रतिमाक्षेत्र वर्त्तमान कालमां प्रकाशित थयेल छे, ते दरज्जे ज्ञानक्षेत्रने प्रकाशित करवानी जरूर छे. ज्ञानीने पुष्टि आपवी तेज ज्ञाननी पुष्टि छे, अने ज्ञानने पुष्टि आपवी ते ज्ञानीने खोराक आपवातुल्य छे. आ बाबतमां वर्तमान कालना अन्यदर्शनीउनी पद्धति तरफ दृष्टि करवी जोइए. अन्यदर्शनोना तमाम महान् ग्रंथो प्रगट थएला छे. विद्वान् पुरुषो ते प्रगट थएला ग्रंथोनुं अवलोकन करी शके छे. जेवी छुट विद्वानोने अन्यदर्शनोना ग्रंथोनी छे, तेवी जैनदर्शनना ग्रंथोनी नथी. टुंकामां कहीए तो जैनदर्शनना ग्रंथो बिलकुल विस्तार पामेला नथी. जे प्रगट थयेला छे ते पण एवी पद्धतिमां के प्रवेशकने सहायक शिवाय मार्ग पण सूझे नहि. सारांश के जैनदर्शननुं ज्ञान केलवणी रूप थवामां तेवा प्रकारनी रचनानी वर्त्तमानमां अत्यंत खामी छे. आवी अनेक मुश्केलीउना कारणथी सम्यग्ज्ञान प्राप्त थवुं ते वर्तमान कालना मनुष्योने अति दुर्लभ छे.

सम्यग् ज्ञान, सम्यग् दर्शन, सम्यक् चारित्र ते मोक्षमार्ग एवुं जे प्रथम दर्शावेल छे तेनो सामान्य अर्थ आ प्रसंगे बताववानी जरूर छे.

सम्यग् ज्ञान–ते आप्तप्रणीत तत्वस्वरूपनो यथार्थ अवबोध.

सम्यग् दर्शन ते आप्त प्रणीत तत्व स्वरूपना यथार्थ अवबोधनो अनुभव, वा यथार्थ तत्व रुचि.

सम्यक्चारित्र. ते आत्मस्वरूपमां, कर्मक्षय करवा निमित्ते रमणताकरवी.

सम्यग् दर्शन अने सम्यक् चारित्रनुं विस्तारथी स्वरूप बताववानो आ स्थले प्रसंग नथी. मात्र सम्यग् ज्ञानसंबंधी कांइक लखवानी आ-

वश्यकता छे, तेथी पूर्वाचार्यप्रणीत ग्रंथनुं अनुकरण करी नवतत्वसंबंधी कांइक विचार जाहेर करवा रजा लउं छुं.

आप्तप्रणीत तत्व बे छे. १ जीव, २ अजीव. बे तत्वना विस्ताररूप सात तथा नव तत्व छे. ते आ प्रमाणे १ जीव, २ अजीव, ३ पुण्य, ४ पाप, ५ आश्रव, ६ संवर, ७ निर्जरा, ८ बंध, ९ मोक्ष. पुण्य, पापने बंधमां अंतर्भावी करवाथी सात तत्व थाय छे.

प्रथम जीवतत्व–जीव शब्द चेतन, आत्मा इत्यादि अर्थवाची छे. जीवतत्वनो यथार्थ अवबोध तेज अति गहन ज्ञान छे. जीवनुं अस्तित्व माननारा विद्वानोना विचारमां पण बहुज विचित्रता छे. जीव, ज्ञान, दर्शन, चारित्रयुक्त, सुख दुःख वीर्यवान् छे. भव्यत्व, अभव्यत्व, प्रमेयत्व, सत्व, द्रव्यत्व, प्राणधारित्व, संसारित्व, सिद्धत्व, आदि स्व अने परपर्याय जीवने छे. ज्ञानादि जीवना धर्म छे. तेमना थकी जीव भिन्न पण नथी अने अभिन्न पण नथी, परंतु ते बन्नेथी भिन्न जातिरूप भिन्नाभिन्न छे. जो ज्ञानादि धर्मोथी जीव भिन्न होय तो हुं जाणुं छुं, हुं जोउं छुं, हुं सुखी, हुं दुःखी, हुं भव्य इत्यादि अभेद प्रतिपत्ति न थवी जोइए, अने ते तो प्राणीमात्रने छे; तेमज जो ज्ञानादि धर्मोथी जीव अभिन्न होय तो, आ धर्मी अने आ तेना धर्म छे, एवी भेदबुद्धि न थवी जोइए. माटे ज्ञानादि धर्म थकी भिन्नाभिन्न एवोज जीव मानवो जोइए. वळी जीव केवो छे ? कर्मना भेदोनो कर्त्ता छे, तेमज ते कर्मोना फलनो पण भोक्ता छे, चतुर्गतिरूप संसारमां कर्मना संबंधथी परिभ्रमण करनारो छे. तेमज द्वादशविध तपप्रयोगथी सकल कर्मनो क्षय करी सिद्धत्व प्राप्त करनारो छे. आ सर्व लक्षणो जीवना, चेतनना, आत्माना छे. जीव, पृथ्वी, अप, तेउ, वायु वनस्पतिकायनो तेमज बे, त्रण, चार के पांच इंद्रियवालो छे, एम नव प्रकारनो छे. प्रकारांतरे तेना ५६३ भेद पण थाय छे.

बीजुं अजीवतत्व–जीव करतां जेनां लक्षणो विपरीत होय ते अजीव, अज्ञानादि धर्मवान्, रूप, रस, गंध, स्पर्शादिथी भिन्नाभिन्न, नरदेवादि भवांतरमां नहि गमन करनार, ज्ञानावरणीयादि कर्मनो अकर्त्ता, तेमना फलनो अभोक्ता, अने जडस्वरूप, सडन, पडन, विध्वंसनादि धर्मवान्,

ते अजीव छे. तेना धर्म, अधर्म, आकाश, पुद्गल अने काल, एवा पांच भेद छे.

त्रीजुं पुण्यतत्व अने चोथुं पापतत्व—सत्कर्मपुद्गल ते पुण्य छे, अने तेनाथी विपरीत ते पाप छे. पुण्य पापथीज जीवने उत्तरोत्तर सुखदुःख प्राप्त थाय छे. दानादि शुभ क्रिया पुण्यनुं कारण छे; अने हिंसादि अशुभक्रिया पापनुं कारण छे. जीवमात्रमां आत्मत्व तो सरखुंज छे, छतां मनुष्य, पशु आदि देहप्रमुख विचित्रता जे जणाय छे, तेनुं कारण पुण्यपाप छे.

पांचमुं आश्रव तत्व छे. जेनाथी जीवने कर्म प्राप्त थाय ते आश्रव. तेना मिथ्यात्व, अविरति, कषाय, योग, आ हेतु छे. असद् देव, गुरु, धर्मने सत् रूपे मानवानी जे बुद्धि ते मिथ्यात्व, हिंसादिथी न विरमवुं ते अविरति, क्रोध, मान, प्रमुख ते कषाय, अने मन, वचन, कायानो व्यापार ते योग. सारांश के ज्ञानावरणीयादि कर्म बंधना हेतु ते आश्रव तत्व छे.

छठुं संवर तत्व छे. मिथ्यात्व, अविरति, कषाय अने योग रूप आश्रवनो सम्यग् दर्शन, विरति, क्षमादि अने त्रिगुप्ति आदि धर्मना आचरणथी निरोध अर्थात् निवारण ते संवर. सारांश के जीवने कर्म उपादान हेतुभूत परिणामनो अभाव ते संवर छे.

सातमुं निर्जरा तत्व छे. जीवसाथे बंधायेला ज्ञानावरणीयादि कर्मनुं बार प्रकारना तपथी छुटा पडवुं ते निर्जरा छे तेना बे प्रकार छे. १ सकाम, २ अकाम. अति दुष्कर तपश्चर्या करनारा, कायोत्सर्गमां रहेनारा, बावीस परीषह सहनकरनारा, लोचादि काय क्लेश भोगवनारा, अष्टादश शीलांग रथना धारण करनारा, बाह्य, अभ्यंतर सर्व परिग्रहना त्यागनारा, चारित्रीआउ सकाम निर्जरावालां छे. देशविरतिउने पण सकाम निर्जरा थाय छे बाकीनाउ अकाम निर्जरावालां छे.

आठमुं बंध तत्व छे. बंध अर्थात् बंधन, अर्थात् जीव अने कर्मप्रदेश पुद्गलनो क्षीरनीर जेवो संबंध.

सवाल—जीव अने कर्मनो संबंध कंचुकिक अने कंचुकना जेवो छे के अन्य तरेहनो छे ?

उत्तर—कंचुकिक अने कंचुकना जेवो नथी, परंतु अग्नि अने लोहना जेवो तेमज क्षीर अने नीरना जेवो, कर्म अने जीवनो संबंध परस्पर अ-

नुप्रवेशात्मकअर्थात् परिणमन धर्मवालो संबंध छे. आ प्रसंगे कोइ शंका करे के जीवतो अमूर्त छे, तेने हस्त प्रमुख तो छे नहि, एटले लेवा मुकवानी शक्ति पण नथी, तो तेने कर्म ग्रहण केम संभवे ? समाधान ए छे के जीवने अमूर्त कोणे मान्यो छे ? जीवने कर्मनो संबंध अनादि छे, अर्थात् बंने क्षीरनीरनी जेम एक होय तेम परिणाम पामे छे. ए प्रमाणे जीव मूर्त होवाथी कर्म ग्रहण करे छे. कर्मने लेवा मुकवामां कांइ हस्त प्रमुखनी जरूर पडती नथी; परंतु राग द्वेष, मोहरूप परिणामनी चीकाशथी, तेलमां पडेला वस्त्रने रज चोटवानी जेम जीव कर्मने ग्रहण करे छे, अने तेनाथीज विपरीत एवा सद् अध्यवसायथी जीव कर्मने मुके छे. सारांश के संसार अवस्थामां जीव मूर्त छे. आवो जे बंध ते प्रकृति, स्थिति, रस अने प्रदेश एवा चार भेदथी प्रशस्त अने अप्रशस्त एम बे प्रकारनो छे.

नवमुं मोक्ष तत्व छे. शरीर, इंद्रिय, आयुष्य आदि बाह्य प्राण, पुण्य, पाप, वर्ण, गंध, रस, स्पर्श, पुनर्जन्मग्रहण, वेदत्रय; कषायादि संग, अज्ञान, असिद्धत्व इत्यादि समेत देहादिनो जे आत्यंतिक वियोग ते मोक्ष छे. सारांश के सकल कर्मनुं सर्वथा क्षय लक्षण ते मोक्ष छे.

आ नव तत्वनुं स्वरूप अति सूक्ष्म छे, अति विस्तारवालुं छे अने तेनुं अनुभवरूप स्वरूप समजवामां स्वसंवेदनत्व तथा गुरुगम अवबोधनी संपूर्ण आवश्यकता छे. नवतत्वनुं प्रकरण कंठाग्र करवाथी जे पोपटीयुं ज्ञान प्राप्त थाय छे, ते मुमुक्षु थवानी अभिलाषा राखनारा प्राणीउने बस नथी; कारण के शास्त्रमां कह्युं छे के “ श्रावक तेजे जाणे तत्व ” आ सूत्रनो अर्थ समजनारा एम मानता होय के अमे नवतत्व कंठे कर्यां एटले श्रावक थया, तो एवुं तेमनुं मानवुं यथार्थ नथी. ज्यारे तत्वनुं स्वरूप यथार्थ रीते जाणवामां आवे अने ते प्रमाणे गुण धारण करवामां आवे त्यारेज श्रावकपणुं प्राप्त थाय छे. तेवी अभिलाषा धारण करनारा उत्तम जीवोना हीतने अर्थे परम कृपालु महाराजे अनेक प्राचीन, अर्वाचीन महान ग्रंथकारोना अति उत्तम ग्रंथोमांथी जीन वचनामृतनुं दोहन करी आ जैनतत्वादर्श ग्रंथरूप क्यारीमां तेनुं सिंचन करेल छे. ग्रंथकर्त्ताए आ ग्रंथनुं नाम “ जैनतत्वादर्श ”आपेलुं छे ते यथार्थ छे, कारण के आ ग्रंथना अ-

ध्ययन करनार, आदर्श ( आरीसा ) मां जोनार जेम पोताना प्रतिबिंबने जुए छे, तेम आ ग्रंथरूप आदर्शमां तत्व स्वरूप जुए छे.

आ प्रसंगे मारे जणाववुं जोइए के, मात्र सांसारिक विद्याना अभ्यासीओ वारंवार एवो सवाल करे छे के अमोने जैनदर्शननुं ज्ञान मेलववानी तो बहुज जीज्ञासा थाय छे, परंतु पद्धतिप्रमाणे ज्ञान प्राप्त करवानुं कोइपण ग्रंथकारे अत्यारसुधीमां एक पण साधन योजेलुं होय तेम अमारी नजरे आवतुं नथी. तेवा जीज्ञासुओने मारी नम्र विनंति एवी छे के सांसारिक तत्वनुं ज्ञान एकडेएकथी ते महान पाठशालाओनी ऊंचा प्रकारनी केलवणी सुधी प्राप्त करतां केटलां वर्षो व्यतीत थाय छे, तेमां जेवी धीरज अने खंत राखो छो, तेना करतां आ अति गहन धर्मतत्व विषयमां विशेष धीरज अने खंत राखवानी जरूर छे. तत्वज्ञाननी जीज्ञासावालाने शरुआत करवामां आ ग्रंथ अति उत्तम छे; ज्यां ज्यां पारिभाषिक कठिनता लागे, त्यां त्यां तत्ववेत्ताओनी सहाय लेवी. तत्वनुं ज्ञान लेशमात्र नहि छतां मात्र सांसारिक विद्याना कारणथी पोताने कृतकृत्य मानवा ते मिथ्याभिमान छे. सांसारिक विद्या ऐहिक सुखनां साधनोनी योजना करी आपे छे, परंतु आमुष्मिक सुखनां साधनो योजवामां तो तत्वविद्यानुंज साम्राज्य छे. सांसारिक विद्याना उत्कर्षरूप ज्वरने शांत करवामां आ ग्रंथ परम ओषध छे.

आ ग्रंथ हिंदुस्तानी भाषामां ग्रंथकर्त्ताए रचेलो छे, तेनुं गुजराती भाषामां भाषान्तर करी आपवानी मने मारा मित्रोए तथा गुरुराजना केटलाएक शिष्योए भलामण करी. में तेमने कह्युं के हिंदुस्तानी भाषामां जे खुबी समायेली छे, ते गुजराती भाषामां कोइपण रीते आववानी नथी. छतांपि तेमनो आग्रह एवो थयो के काठीआवाड गुजरातना बहु लोको हिंदुस्तानी भाषा बराबर समजी शकता नथी, तेवाओना हीतने अर्थे भाषान्तर करी आपो, ते कारणथी आ भाषान्तर मारी अल्पमति अनुसार में कर्युं छे. आ भाषान्तरमां जेजे स्थले भूल चूक मालम पडे ते सर्वे सुज्ञजनोए सुधारी वांचवा कृपा करवी. एज विनंति.

ली. भाषान्तर कर्त्ता.

१४ बीजा नैयायिक दर्शनना स्वरूपमां नैयायिक मतना गुरुना लिंग, तेना देवना अढार अवतारना नाम, प्रत्यक्षादि चार प्रमाण, अने सोल पदार्थना नाम, तथा तेना तर्कशास्त्रोनानाम. १४०
१५ वैशेषिक मतनुं संक्षेपथी स्वरूप. १४१
१६ चोथा सांख्यमतनुं स्वरूप घणुं विस्तारथी. १४१
१७ पांचमां मीमांसक मत, तेनुं बीजुं नाम जैमिनीय, तेनुं स्वरूप. १४०
१० नास्तिक चार्वाक दर्शन तेने लोक वाममार्गी कहे छे ए नास्तिक दर्शन षट्दर्शनमां गणातुं नथी, तेनुं स्वरूप, तथा आ मत बृहस्पति नामना पुरुषथी उत्पन्न थयेल छे, तेनी कथा. १५१
१ए प्रथम बौद्धमतमां पूर्वापर विरोध तथा ते मतनुं खंडन. १६०
२० बीजा नैयायिक मतमां पुर्वापर विरोध, तथा ते मतनुं खंडन. १६५
२१ त्रीजा वैशेषिक मतनुं खंडन. १७०
२२ चोथा सांख्य मतनुं खंडन. १०१
२३ पांचमां मीमांसक मतना खंडनमां वेदांतीयोना ब्रह्म (अद्वैत) नुं खंडन तो प्रथमज ईश्वरवादमां करी चुक्या छीये, परंतु तेनुं अपर नाम जैमिनीय मत छे. तेनुं स्वरूप तथा खंडन. १०५
२४ वेदोमां जे यज्ञादि करीने हिंसा करवी लखेल छे, तेनुं खंडन. १०५
२५ चार्वाक ( नास्तिक ) मतनुं पुर्वपक्ष उतरपक्ष पूर्वक खंडन. १ए७

॥ पांचमा परिछेदमां शुद्ध धर्मतत्त्वनुं स्वरूप कहेल छे, तेनी अनुक्रमणिका ॥

१ नव तत्वमां प्रथम जीव तत्वनुं स्वरूप. २०६
२ पृथ्वी आदि पांच स्थावरोमां जीवत्व सिद्ध करेल छे. २००
३ बीजा अजीव तत्वना स्वरूपमां धर्मास्तिकायादिक द्रव्योनुं लक्षण २११
४ त्रीजा पुण्य तत्वना स्वरूपमां पुण्य उपार्जन करवाना नव प्रकार, तथा ते बेंतालीश प्रकारे जोगववामां आवे छे, तेना नाम २१३
५ चोथा पाप तत्वना स्वरूपमां कर्माभाव वादी नास्तिक तथा वेदांती कहे छे के, पुण्य पाप जे छे, ते आकाशना फुलनी माफक असत् छे तथा तेना फल जोगववानुं स्थान जे स्वर्ग अने नरक ते पण नथी, ए प्रमाणे कथन करवावालानुं निराकरण करीने पाप अढार प्रकारे बंधाय छे, अने ते ब्यासी प्रकारे

जोगववामां आवे छे, तेना नाम, तदंत गेत २२६ मा पानामां नीच उच्च वर्ण नहीं मानवावाला लोकोनुं पण निराकरण छे. २१६
६ पांचमा आश्रव तत्वना स्वरूपमां आश्रवना उतर जेद, जे पांच इंडिय, चार कषाय, पांच अव्रत, पच्चीश असत्क्रिया तथा त्रण योग, ए बेंतालीश जेद कहेल छे, तेमां आठ मदनुं स्वरूप, तथा पांच अव्रत डव्य तथा जाव, ए बे जेदे करीने बतावेल छे, तथा डव्यहिंसा तथा जावहिंसानुं स्वरूप चउजंगी करीने कहेल छे; ए प्रमाणे पांचे व्रतोनुं स्वरूप चउजंगीपुर्वक कहेल छे. २२७
७ छठा संवर तत्वना स्वरूपमां पांच समिति आदिक सत्तावन जेद कहेल छे, तेनुं स्वरूप गुरुतत्वमां लखेल छे, पण अहींयां तो तेमांथी बावीश परीसहनुं स्वरूप विस्तारथी छे. २३६
७ सातमा निर्जरा तत्वनुं स्वरूप गुरु तत्वमां संक्षेपथी कहेल छे. २३ए
ए आठमा बंध तत्वना स्वरूपमां कोइएक वादी कहे छे के, जीव प्रथम पुण्य पापनो बंध करीने रहित थया, पछीथी पुण्य पापनो बंध थाय छे, इत्यादि छ विकल्पनुं समाधान करीने पछी बंधना मुल हेतु चार तथा पांच प्रकारना मिथ्यात्व, बार प्रकारनी अविरति, पच्चीश कषाय, तथा पंदर योग, मली सत्तावन उत्तर हेतुना नाम. २३ए
१० नवमां तत्वमां सत्पदादि नव द्वारोथी सिद्ध जगवाननुं स्वरूप. २५१

॥ छठा परिछेदमां चौद गुणस्थाननुं स्वरूप छे, तेनी अनुक्रमणिका ॥

१ प्रथम मिथ्यात्व गुणस्थानकना स्वरूपमां मिथ्यात्वनुं गुणस्थानक केवी रीते कहेवाय छे? एवी आशंकानुं समाधान, तथा मिथ्यात्वनुं कांइक स्वरूप पण कहेल छे. २५५
२ बीजा सास्वादान गुणस्थानकना स्वरूपमां तेनुं कारणजूत जे औपशमिक सम्यक्त्व छे, तेनुं स्वरूप. २५७
३ त्रीजुं मिश्रगुण स्थानकनुं स्वरूप. २५ए
४ चोथा अविरति सम्यग्दृष्टि गुणस्थानकना स्वरूपमां सम्यक्दृष्टि जीवनुं लक्षण, अने यथाप्रवृत्यादि त्रण करणोनुं लक्षण २६०

५ पांचमां देशविरति गुणस्थानकना स्वरूपमां श्रावकना षट्कर्मादि २६३
६ छठा प्रमत संयत गुणस्थानकना स्वरूपमां किंचित् धर्मध्यानतुं स्वरूप, तथा आ गुणस्थानकमां निरालंबन ध्यान होतुं नथी, तेनो निश्चय करीने, आ कालमां केटलाएक पोतानी कल्पनाथी कांइने कांइ बोले छे, तेउने उपदेश दीधेल छे. २६५
७ सातमा अप्रमत गुणस्थानकना स्वरूपमां धर्मध्याननुं स्वरूप मैत्रीआदि अनेक नेदरूप, तथा आ गुणस्थानकमां सामायिकादि षट् आवश्यक नथी, तेनुं व्याख्यानादि करेल छे. २६ए
ठ आठमा, नवमा, दशमा, अगीयारमा, अने बारमा, ए पांच गुण स्थानकोनुं स्वरूप एकठुं कहेल छे, तेमां उपशमश्रेणि तथा क्षपकश्रेणिनुं किंचित स्वरूप, तथा शुक्लध्याननुं स्वरूप सारी रीते विस्तार पुर्वक, रेचक, पूरक, कुंनकादि ध्याननी व्युत्पत्ति सहित अर्थ करीने, तथा स्वरूप कहीने निरुपण करेल छे. २७२
ए तेरमा सयोगीगुणस्थानमां सयोगी केवलीना नाव कहेल छे, तथा तीर्थंकरनाम कर्म उपार्जन करवाना वीश स्थानक तथा तीर्थंकर नगवाननो महीमा, तथा तीर्थंकर नाम कर्म वेदवानुं स्वरूप, केवली समुद्घातनुं स्वरूप, तथा कोण समुद्घात करे छे ? तथा कया केवली नथी करता ? तेनुं स्वरूप, तथा मनादि योगोने केवी रीते सूक्ष्म करे छे, इत्यादि स्वरूप. २०४
१० चौदमा अयोगी गुणस्थानकनुं स्वरूप, तेमां कर्मरहित जीवोनी जे उर्ध्व गति थाय छे तेनो हेतु, तथा सिद्धोनी स्थिति, सिद्धना आठ गुण, सिद्धोना सुख तथा मुक्तिनुं स्वरूप. २०ए

॥ सातमा परिच्छेदमां सम्यग् दर्शननुं स्वरूप लखेलछे, तेनी अनुक्रमणिका॥

१ व्यवहार अने निश्चय ए बंने प्रकारे सम्यक्त्वना स्वरूपमां देवादि त्रण तत्वोपर व्यवहार तथा निश्चय ए बंने प्रकारे श्रद्धान थाय छे, तेमां प्रथम व्यवहार श्रद्धाननुं कथन, तथा त्रण तत्वोमां पण प्रथम देव तत्वनुं स्वरूप कथनमां श्री अरिहंतजीना नामादि चार निक्षेपनुं स्वरूप. २०४

२ श्री अरिहंतजीनी प्रतिमाजीने पुजवीं, नमस्कार करवो, तेनुं स्वरूप प्रतिपादनमां मूर्ति अपूजक लोकोना प्रश्नोत्तर पूर्वक तेउंनी कुयुक्तिउंनुं सारी रीते खंडन करेल छे. २ए५
३ गुरु तत्वनुं स्वरूप. २एए
४ धर्म तत्वना स्वरूपमां दयानुं स्वरूप अनेक प्रकारे कहेल छे. २एए
५ निश्चय धर्मनुं स्वरूप. ३०१
६ निश्चय सम्यक्त्वनुं स्वरूप. ३०३
७ सम्यक्त्वनी करणी. ३०३
ढ सम्यक्त्वना शंका नाम अतिचारमां पांचमा कालमां एकशो वीश वर्षना आयुष्यनी शंकानुं समाधान तथा जरत क्षेत्रना समुद्र तथा जूमी संबंधी आशंकानुं समाधान, तथा पृथ्वीनो गोलो फरे छे, ए प्रमाणेनी आशंकानुं समाधान तथा वेदोनो प्राचीन अर्थ छोडीने नवीन अर्थ बनाववानुं कारण तथा जैन मतना ग्रंथो पुस्तकारुढ क्यांथी थयां इत्यादि. ३०४
ए बीजा आकांक्षा नामा अतिचारनुं स्वरूप. ३१५
१० त्रीजा वितिगिछा नामा अतिचारनुं स्वरूप, तेमां पुण्य पापादिनुं फल जीवने अवश्य प्राप्त थाय छे, ए वातनो निश्चय तथा कुगुरुउंनो अनाचार प्रदर्शित करेल छे. ३१५
११ चोथा मिथ्यादृष्टिनी प्रशंसा रूप अतिचारनुं स्वरूप. ३१७
१२ पांचमा मिथ्यादृष्टिनो परिचय करवाना अतिचार. ३१ढ
१३ रायाभियोगेणादि छ आगारनुं स्वरूप. ३१ढ
१४ अन्नत्थणाजोगेणादि चार आगारनुं स्वरूप. ३१ए

॥ आठमा परिछेदमां चारित्रनुं स्वरूप कहेल छे, तेनी अनुक्रणिका ॥

१ ग्रहस्थना देश विरति चारित्रमां द्रव्य जावथी प्रथम व्रतनुं स्वरूप ३२०
२ आकुट्टी आदिक चार प्रकारनी हिंसानुं स्वरूप. ३२०
३ गृहस्थथी सवाविश्वा दया पली शके छे तेनुं स्वरूप. ३२१
४ प्राणातिपात विरमण व्रतना पांच अतिचारनुं स्वरूप. ३२५
५ बीजा स्थूल मृषावादविरमण व्रतनुं स्वरूप. ३२६
६ त्रीजा स्थूल अदत्तादानविरमण व्रतनुं स्वरूप. ३२ए

७ चोथा मैथुनत्याग व्रतनुं स्वरूप. ३३२
८ पांचमा स्थूल परिग्रहपरिमाण व्रतनुं स्वरूप. ३३६
९ छठा दिक् परिमाण व्रतनुं स्वरूप. ३४०
१० सातमा भोगोपभोग व्रतनुं स्वरूप. ३४१
११ मदिरापान करवामां एकावन दोषो बतावेल छे. ३४२
१२ मांस भक्षण करवामां अनेक प्रकारना दूषणो बतावेल छे. ३४४
१३ निर्विवेकी लोक, व्याघ्र, काग प्रमुख हिंसक जीवोने पोताना धर्मोपदेशक गुरु माने छे. तेना मतनुं खंडन. ३४५
१४ मांसाहारी पोतेज पोताने अधर्मी बनावे छे तेनुं स्वरूप. ३४७
१५ मांसभक्षण करनारा महा मूढ छे, ए सिद्ध करेल छे. ३४७
१६ मांस खावामां अनुत्तर दुषण बतावेल छे. ३४९
१७ मांस खावुं ते जेणे कथन करेल छे तेना शास्त्र बनाववावालाना नाम. ३४९
१८ जेम बिचारा निरपराधी पशुर्उनुं मांस खावुं, एम दुष्ट लोकोए पोताना बनावेल कुशास्त्रमां लखेल छे, तेम मनुष्यनुं मांस खावुं एवुं कोइ शास्त्रमां लखेल नथी, तेनो हेतु. ३४९
१९ माखण तथा मधुआदिक अभक्ष्य वस्तुना भक्षणमां दोषोत्पत्ति. ३५०
२० रात्रिभोजन करवामां आ लोकोमां तो प्रत्यक्ष दुषण तथा परलोकमां दुःखनो हेतु थाय छे, इत्यादि रात्रिभोजननो निषेध. ३५३
२१ बहुबीजादि अभक्ष्य वस्तु खावानो निषेध. ३५७
२२ बत्रीश अनंतकाय अभक्ष्य वस्तु छे, तेना नाम. ३५९
२३ सचित्त परिमाणादि चौद नियमोनुं स्वरूप. ३६०
२४ इंगालकर्म आदिक पंदर कर्मादानोनुं स्वरूप. ३६३
२५ सातमा भोगोपभोग व्रतना पांच अतिचारोनुं कथन. ३६६
२६ आठमा अनर्थदंडविरमण व्रतनुं स्वरूप. ३६८
२७ आर्त्तध्यानना अनिष्टार्थ संयोगादि चार भेदोनुं स्वरूप. ३६८
२८ रौद्र ध्यानना हिंसानंद आदिक. चार भेदो. ३७०
२९ बीजा पापकर्मोपदेश अनर्थदंड, तथा त्रीजा हिंसप्रदान अनर्थदंड, तथा चोथा प्रमादाचरण अनर्थदंडनुं स्वरूप. ३७३
३० अनर्थदंड विरमण व्रतना पांच अतिचार. ३७५

३१ नवमा सामायिक व्रतना स्वरूपमां बत्रीश दोषादिना नामो. ३७६
३२ दशमा देशावकाशिक व्रतनुं स्वरूप. ३००
३३ अगीयारमा पौषधोपवास व्रतनुं स्वरूप. ३०१
३४ बारमां अतिथिसंविभाग व्रतनुं स्वरूप. ३०४

नवमा परिछेदमां श्रावकोनो दिनकृत्य विधि कहेल छे, तेनी अनुक्रमणिका.

१ श्रावकोए निद्रा स्वल्प लेवी एक प्रहरादि रात्रिमां जागवुं. ३००
२ सवारमां निद्रा छेदवाना वखते पृथ्वी आदिक तत्वना वहे-
वामां सुखदुःखादिकनुं कथन, तथा पृथ्वी आदिक पांच त-
त्वोनुं स्वरूप. ३०९
३ क्या क्या कार्यमां क्या क्या तत्व शुभ अशुभ छे. ३९०
४ पंच परमेष्ठी आदिक जाप केवी तरेहथी करवो. ३९१
५ धर्मजागरणा केवी रीते करवी. ३९३
६ स्वप्न नव कारणोथी आवे छे, तेना शुभाशुभ कारणादि. ३९४
७ प्रभातमां मातपितादिने नमस्कार करवो, इत्यादि कृत्य. ३९५
८ श्रावकोने सवारे उठीने चौद नियमादि करवानो उपदेश,
तथा ग्रहण करवानी विधी, तथा सचित्त वस्तुनुं स्वरूप. ३९५
९ मीठाइनी मर्यादा, विदलनो निषेध, तथा रींगणा टींबरुआदिक
वस्तु नहीं खावानो उपदेश. ४००
१० श्रावके निरवद्य आहार करवो तेनुं, तथा नवकारसी आदिक
नियमोनुं स्वरूप, तथा चार प्रकारना आहारना विभाग. ४०१
११ मलोत्सर्ग, दंतधावन, केश समारन, स्नान करवुं इत्यादि. ४०३
१२ जिनपूजादि करवामां प्रथम अंगपूजानी विधि. ४०७
१३ प्रथम मूलनायकजीने पूजवा, तथा पछी बीजा बिंबोनी पूजा
करवी, एतो स्वामीसेवक भाव उठ्यों, एवी आशंकानुं समाधान. ४१२
१४ बीजी अग्रपूजानुं स्वरूप. ४१४
१५ त्रीजी भावपूजानुं स्वरूप. ४१५
१६ पंचोपचारादि बहु प्रकारे पूजाना भेदो. ४१६
१७ पूजा करवानी विधि बत्रीश प्रकारनी. ४१७
१८ पूजाना एकवीश प्रकारना नाम. ४१९

१ए विषमासनादिथी बेसीने पूजा न करवी, इत्यादि स्वरूप. ४१ए
२० स्नात्र कर्या पछी जलधारा देवानी विधि. ४२०
२१ आरति तथा मंगलदीवो करवानी विधि. ४२१
२२ स्नात्रादिकमां समाचारी विशेषे विविध प्रकारनी विधि देखवामां व्यामोह न करवो, इत्यादि स्वरूप. ४२२
२३ जिनप्रतिमा पण अनेक प्रकारनी होय छे, इत्यादि. ४२२
२४ अविधिथी जिनमंदिर तथा जिनप्रतिमा बनी होय, तेने न पूजवा विकल्प न करवो, इत्यादि स्वरूप. ४२३
२५ जिनमंदीरमांथी करोलीयाना जालां उतारवानो उपदेश. ४२३
२६ सामायिक त्यागीने ड्रव्य पूजा करवी उचित नहीं, एवी आशंकानुं निराकरण. ४२४
२७ विधि न थाय तो न करवी श्रेष्ठ छे, ए कहेवुं पण अयुक्त छे. ४२४
२० अंग तथा अग्रादि त्रणे पूजानुं फल. ४२५
२ए ड्रव्यपूजामां यद्यपि षट्कायनी किंचित् विराधना थाय छे, तो पण ते करवी योग्य छे, तेनुं उदाहरण. ४२६
३० प्रतिदिन त्रण संध्याएं पूजा करवानो विधि. ४२७
३१ हृदयमां बहुमान पूर्वक देवपूजादि करवा, अहींया प्रिति, भक्ति आदिक चार प्रकारना अनुष्ठाननुं स्वरूप कहेल छे. ४२७
३२ श्री जिनमंदीरोना प्रमार्जन तथा समारन प्रमुखनो अधिकार. ४२०
३३ जिनमंदीरमां जघन्य दश, तथा मध्यम चालीश, तथा उत्कृष्टथी चोराशी प्रकारनी आशातना वर्जवी, तेना नामो. ४२ए
३४ गुरुनी तेत्रीश आशातना वर्जवी तेना नामो. ४३२
३५ स्थापनाचार्यनी त्रण प्रकारनी आशातना. ४३३
३६ देवड्रव्य, ज्ञानड्रव्य, साधारणड्रव्य अने गुरुड्रव्यनो विनाश करवावालाउंने साधु जो न हठावे, तो ते अनंत संसारी थाय छे. ४३३
३७ जिनमंदिरनी आमदानीने भंग करवावाला, तथा जे मुखथी कहीने देव ड्रव्य न दे, ते संसारभ्रमण करे, तेनुं स्वरूप. ४३५
३० जे ड्रव्य, देवना नामनुं बोल्या होइए, ते तत्काल देवुं. ४३५
३ए देवादिकनी कोइ पण वस्तु आपणा (पोताना) काममां न लेवी, ४३६

४० देवादिकना घरादिक पण श्रावकोए नाडे लेवां नहीं. ४३६
४१ घरदेरासरमां चढेला अक्षतादिकनी व्यवस्थाना प्रकार, तथा देवादि द्रव्य लेवा खरचवाना प्रकार, इत्यादि. ४३७
४२ गुरुवंदनानी विधि, तथा नियमादिक पण गुरुने साक्षी करी करवा. ४३८
४३ धन उपार्जन करवानी चिंताना स्वरूपमां व्यापारादिक सात प्रकारे करीने आजीविका चलाववानुं स्वरूप. ४४२
४४ त्रण अठाइ आदिक पर्वतिथिना दिवसोमां व्यापार न करवो. ४४५
४५ देवुं होय तो करार उपर विना मांग्याज दइ देवुं. ४४६
४६ श्रावकने मुख्य वृतिथी तो धर्मिजनोथीज व्यापार करवो. ४४६
४७ घणुंज धन जतुं रहे तो पण धर्म करवामां आलस न करवुं. ४४६
४८ घणो पैसावालो थइ जाय तो पण अभिमान न करवुं. ४४७
४९ स्वामिद्रोह तथा मित्रद्रोहादि न करवा, इत्यादि. ४४७
५० पुण्यानुबंधी पुण्य, पापानुबंधी पुण्य, पुण्यानुबंधी पाप, तथा पापानुबंधी पाप, ए चार प्रकारनुं किंचित स्वरूप. ४४८
५१ यथार्थ कहेवाथी मित्रनुं मनहरण. ४४९
५२ साक्षिविना मित्रना घरमां पण धन राखवुं नहीं. ४४९
५३ मुख्य वृतिथी तो जे गाममां रहेवुं, त्यांज वेपार करवो, परंतु जो परदेश जवुं पडे तो केवी रीते जवुं तेनुं कथन. ४४९
५४ नला वस्त्रादि पेहेरवानो आडंबर न बोडवो. ४५१
५५ धन प्राप्त होय (थाय) के तरत धर्ममां लागीने मनोरथ सफल करवो. ४५१
५६ न्यायोपार्जितादिक धन खरचवाना चार नांगा. ४५२
५७ देशविरुद्ध, कालविरुद्ध, राज्यविरुद्ध, लोकविरुद्ध, तथा धर्मविरुद्ध कार्य करवुं नहीं, तेनुं स्वरूप. ४५३
५८ पितानी साथे तथा मातानी साथे उचित् आचरणनुं स्वरूप. ४५४
५९ सहोदरनी साथे तथा स्त्रीनी साथे उचित् आचरणनु स्वरूप. ४५६
६० पुत्रनी साथे तथा सगाउंनी साथे उचित् आचरणनुं स्वरूप. ४५९
६१ गुरुनी साथे उचित् आचारणनुं स्वरूप. ४६१
६२ नगरनिवासी जनोनी साथे उचित् आचरणनुं स्वरूप. ४६१
६३ परतीर्थिउंनी साथे उचित् आचरणनुं स्वरूप. ४६१

६४ कोइ पण अवसरमां उचित् बोलवुं, तथा कुशोजाकारी त्यागवुं. ४६१
६५ सुपात्रोने दानादिक देवानी युक्ति. ४६३
६६ मातापितादिक तथा गुरु प्रमुखनी चिंताना प्रकार. ४६६
६७ जोजन करवानी विधि. ४६६
दशमा परिछेदमां रात्रिकृत्यादिक पांच कृत्यो कहेल छे, तेनी अनुक्रमणिका.
१ पौषधशालादिकमां यत्न पूर्वक प्रतिक्रमणादिक करवानी विधि. ४६ए
२ सकल परिवारने,धन खरचवुं,आदिक धर्मोपदेश करवानी रीति.४६ए
३ निद्रा लेवानी विधि तथा सूता पछी रात्रीमां ज्यारे जागी जवाय, त्यारे कदाचित् काम पीडा करे तो स्त्रीना शरीरनुं अशुचिपणुं विचारे. ४७०
४ कषाय जीतवानो उपाय, तथा जवस्थितिने महादुखरूप विचारे. ४७१
५ धर्म मनोरथ जाववो, तथा अष्टमी आदिक पर्वकृत्यनुं स्वरूप. ४७३
६ चातुर्मासिक कृत्यनुं स्वरूप. ४७६
७ वर्षकृत्यना बार द्वारोमां प्रथम संघपूजानुं स्वरूप. ४७८
८ बीजुं साधर्मिकवात्सल्यनुं स्वरूप. ४७ए
ए त्रीजुं यात्राविधिनुं स्वरूप तथा चोथुं स्नात्र विधिनुं स्वरूप. ४७ए
१० पांचमुं देव द्रव्यनी वृद्धिनुं, छतुं सुंदर आंगी आदिकनुं, सातमुं देवनी आगल विविध प्रकारना गीत नृत्यादिक करवानुं. ४८१
११ आठमा श्रुतज्ञाननी पूजा कर्पुरादिथी करवानी विधि. ४८२
१२ नवमा पंच परमेष्टि नमस्कारनी तथा तप करवानी विधि. ४८२
१३ दशमातीर्थनी प्रजावना करे तेनी विधि. ४८२
१४ अगीयारमा गुरुनो योग मलेथी आलोचना करे, तेनी विधि. ४८२
१५ श्रावकनुं जन्मकृत्य अढार द्वारोए करीने कहेल छे, तेमां प्रथम वसवानुं स्थान जे घर बनाववुं तेनुं स्वरूप. ४८५
१६ बीजुं विद्याज्यास करवानुं, तथा त्रीजुं विवाह करवानुं स्वरूप. ४८८
१७ चोथुं मित्र करवानुं तथा पांचमुं जिनमंदिर बनाववानुं स्वरूप. ४ए०
१८ छतुं प्रतिमा बनाववानुं, सातमुं प्रतिमानी प्रतिष्ठानुं, आठमुं बीजाने दीक्षा देवानुं, नवमुं तत्पदस्थापननुं स्वरूप. ४ए१
१ए दशमुं पुस्तक लखाववानुं द्वार. ४ए५

२० अगीयारमुं पौषधशाला बनाववानुं द्वार, बारमु सम्यक्त्व दर्शननुं द्वार, तेरमुं व्रतादि पालवानुं द्वार, चौदमुं दीक्षा ग्रहण करवानुं स्वरूप, तेमां ज्ञावश्रावकना सतर गुणो कहेल छे. ४एए६
२१ पंदरमुं आरंजत्यागनुं, शोलमुं ब्रह्मचर्य पालवानुं, सतरमुं प्रतिमादि तप विशेषनुं तथा अढारमुं आराधनानुं द्वार. ४एए७

॥ अगीयारमां परिछेदमां श्री ऋषजादिथी महावीरपर्यंत जैनमतादि शास्त्रोना अनुसारे इतिहास कहेल छे, तेनी अनुक्रमणिका. ॥

१ जैनमत क्यारथी प्रचलित थयो, एवी ज्रांतिनुं समाधान. ५००
२ जगत्ना स्वरूपमां उत्सर्पिणी अवसर्पिणी काल तथा सुखमसुखमादिक छ आरानुं, तथा सात कुलकरोनुं किंचित स्वरूप. ५०१
३ ऋषजदेवस्वामिनुं किंचित् वृत्तांत तथा तेमना सो पुत्रोना नाम. तथा हाथी घोडादिकना संग्रहनी विधि. ५०४
४ आहारनी विधि, तथा शिल्पना ज्ञेद. ५०७
५ कर्मद्वारमां खेती वाणिज्यादिकनुं स्वरूप, तथा पुरुषनी बहोतेर कला, तथा स्त्रीनी चोसठ कला, तथा अढार प्रकारनी लीपी. ५०ए
६ मातापितानी दीधेल कन्याना विवाहप्रवर्तननुं स्वरूप. ५११
७ कोइ सृष्टिनो कर्त्ता नथी, तेनुं स्वरूप. ५११
७ ब्रह्मादि शब्दोथी ध्यान करवानी प्रवृति, तथा जिक्षा देवानी रीति. ५१२
ए धर्मचक्र तीर्थ विक्रम राजासुधी चाल्युं, तेनुं वृत्तांत. ५१२
१० म्लेछ, निर्दयी, अने अनार्य लोक थयानुं वृतांत. ५१४
११ श्री ऋषजदेवनुं ब्रह्मा नाम प्रचलित थयानुं वृतांत. ५१४
१२ श्री शत्रुंजयनुं पुडरिकगिरि नाम थयानुं वृतांत. ५१४
१३ परिव्राजकोना लिंग उत्पन्न थयानुं स्वरूप. ५१४
१४ मरिचीथी कपिलादि मत उत्पन्न थयानुं स्वरूप. ५१५
१५ आ जरतखंडनुं नाम जरतखंड राखवानो हेतु. ५१६
१६ श्रावकोनुं ब्राह्मण नाम क्यारथी प्रचलित थयुं, तेनुं स्वरूप. ५१६
१७ कुरुवंशनी उत्पत्ति, यज्ञोपवीतनी उत्पति, चार वेदोना नाम बदलवानो तथा मतलब फेरववानो हेतु, चारे वेदोनी उत्पत्ति. ५१७
१७ याज्ञवल्क्य, सुलसा, पीप्पलाद, तथा पर्वत प्रमुखथी फरी अ-

वस्तु सांजलवाथी अथवा अपूर्व आश्चर्यना अनुजवनुं स्मरण थवाथी. ए विगेरे हास्यनां निमित्तछे; तेमज मोहकर्मनी प्रकृति हास्यनुं उपादान कारणछे तेथी ए बंने कारण अर्हंत जगवंतमां नथी. प्रथमना निमित्त कारणनो अर्हंत जगवंतमां संजवज केम होय, कारण के अर्हंत जगवंत सर्वज्ञ सर्वदर्शी छे तेमना ज्ञानमां एवी अपूर्व वस्तु नथी के जेने देखवाथी सांजलवाथी के अनुजववाथी आश्चर्य उत्पन्न थाय, तेथी हास्यनुं निमित्त कारण कांइ नथी; अने मोहकर्म तो अर्हंत जगवंतें सर्वथा क्षय कर्युंछे तेथी उपादान कारणनो पण संजव नथी. ए हेतुथी अर्हंतमां हास्यरूप दूषण नथी. जे हसनशील हशे ते अवश्य असर्वज्ञ, असर्वदर्शी तेमज मोहयुक्त हशे तेथी ते परमेश्वर केम होइ शकशे ?

७ रति–जेनी प्रीति पदार्थो उपर होय ते अवश्य सुंदर शब्द,रूप,रस, गंध,स्पर्श,स्त्री आदि उपर प्रीतिमान् होय, जे प्रीतिमान् होय ते अवश्य ते पदार्थनी लालसावाला होय अने जे लालसावाला होय ते अवश्य ते पदार्थनी अप्राप्तिथी दुःखी होय, ते अर्हंत परमेश्वर केवी रीतें होइ शके?

८ अरति–जेनी पदार्थो उपर अप्रीति होय ते तो पोतेज अप्रीति रूप दुःखें करी दुःखी छे ते अर्हंत जगवंत केवीरीतें होइ शके ?

९ जय–जेणें पोतानोज जय दूर कर्यो नहि ते अर्हंत जगवंत केम होइ शके?

१० जुगुप्सा–मलीन वस्तु देखीने नाक चढाववुं. परमेश्वरना ज्ञानमां सर्ववस्तुनुं जासन थाय छे. जो परमेश्वरमां जुगुप्सा होय तो अत्यंत दुःख होय तेथी जुगुप्सावंत अर्हंत जगवंत केम होइ शके ?

११ शोक–जे पोतेज शोक वालोछे ते परमेश्वर केम होय ?

१२ काम–जे पोतेज विषयीछे, स्त्रियोनी साथे जोग करे छे एवा विषयाजिलाषीने कयो बुद्धिमान् पुरुष परमेश्वर माने ?

१३ मिथ्यात्व–जे दर्शनमोहें करी लेपायेल छे ते जगवंत नहीं.

१४ अज्ञान–जे पोतेज मूढ छे ते जगवंत नहीं.

१५ निद्रा–जेने निद्रा आवे छे ते निद्रामां केटलुंएक जाणता नथी. तेथी निद्रावान्, अर्हंत जगवंत सदा सर्वज्ञ, केम होइ शके?

१६ अप्रत्याख्यान–जे प्रत्याख्यानरहितछे ते सर्वाजिलाषी छे तेथी तृष्णावाला अर्हंत जगवंत केम होइ शके ?

१७–१८ राग अने द्वेष– रागद्वेषवान् मध्यस्थ होइ शकता नथी. तेमज रागीद्वेषीमां क्रोध, मान, मायानो संभवछे. भगवान् वीतराग, समशत्रुमित्र, सर्वजीवपर समबुद्धि न कोइने दुःखी अथवा सुखी करे जो दुःखी सुखी करे तो वीतराग करुणासमुद्र कदापि न होइ शके, ए कारणथी राग द्वेष वाला अर्हंत भगवंत परमेश्वर नहीं. पूर्वोक्त अढार दूषणरहित अर्हंत भगवंत परमेश्वर छे, बीजा कोइ परमेश्वर नथी.

अथ अर्हंतनां नाम बे श्लोकथी लखीए छीए. "अर्हन् जिनः पारगतस्त्रिकालवित्, क्षीणाष्टकर्मा परमेष्ठ्यऽधीश्वरः ॥ शंभुः स्वयंभूर्भगवान् जगत्प्रभु, स्तीर्थंकरस्तीर्थकरोजिनेश्वरः ॥ १ ॥ स्याद्वाद्यऽभयदसर्वाः, सर्वज्ञः सर्वदर्शिकेवलिनौ ॥ देवाधिदेवबोधिद, पुरुषोत्तमवीतरागाप्ताः॥२॥ अर्थ–चोत्रीश अतिशयें करी सर्वथी अधिक होवाथी सुरेंद्र आदिएं करेली अष्ट महाप्रातिहार्य तथा जन्म स्नात्रादि पूजाने जे पात्र छे ते अर्हन् अथवा ज्ञानावरणीय आदि आठ कर्मरूप शत्रुउंनो नाश करवाथी अर्हन् अथवा बांधेली कर्मरजनो नाश करवाथी अर्हन् अथवा कोइ पदार्थ जेना ज्ञानमां गुप्त नथी ते अर्हन् तथा नामांतरथी अरुहन् जेने भवरूप अंकुर उत्पन्न थवानो नथी ते (२) जीत्यां छे राग द्वेष मोहादि अढार दूषणो जेणें ते जिन (३) संसारना तेमज प्रयोजन मात्रना अंतने जे प्राप्त थया छे एटले के संसारमां जेने कोइ प्रयोजन नथी ते पारगत (४) भूत, भविष्य, वर्तमान ए त्रणे कालने जे जाणे ते त्रिकालवित् (५) क्षय थयां छे आठ ज्ञानावरणीय आदि कर्म जेनां ते क्षीणाष्टकर्मा (६) परम उत्कृष्ट पदमां जे रहे ते परमेष्ठी (७) जगतना ईश्वर ते अधीश्वर (८) शाश्वत सुखमां जे होय ते शंभु (९) पोते पोतानाज आत्माथी तथा भव्यत्व आदि सामग्रीनी परिपक्वताथी तथा बीजाना उपदेश विना होय ते स्वयंभु (आ कथन तेज भवनी अपेक्षानुं छे) (१०) भग शब्दना चौद अर्थ छे तेमांथी अर्क अने योनि ए बे अर्थ बाद करीने बार अर्थवंत जे होइ शके छे. तेनां नाम (१) ज्ञानवंत (२) माहात्म्यवंत (३) शाश्वत वैरियोना वैर उपशमाववाथी यशस्वी (४) राज्य लक्ष्मीनो त्याग करवाथी वैराग्यवंत (५) मुक्तिवंत (६) रूपवंत (७) अनंत बल होवाथी वीर्यवंत (८) तप करवामां उत्साहवान् होवाथी प्रयत्नवंत (९) संसारमांथी जीवो

नो उद्धार करवानी मरजी होवाथी इच्छावंत (१०) चोत्रीश अतिशयरूप लक्ष्मीए बिराजमान होवाथी श्रीमंत (११) धर्मवंत (१२) अनेक कोटि देवोथी सेव्यमान होवाथी ऐश्वर्यवंत आ बार अर्थ युक्त ते जगवान्(११) जगत्ना परमेश्वर तेथी जगत्प्रभु (१२) तरीए संसारसमुद्र जेनाथी ते तीर्थ, प्रवचनना आधार, चार प्रकारना संघ अथवा प्रथम गणधर तेम ने स्थापन करवानो स्वजाव होवाथी तीर्थंकर (१३) रागादिने जीतनारा जिन (केवली) तेना जे ईश्वर ते जिनेश्वर (१४) स्यात् अव्यय अनेकांत वाचक छे तेथी वस्तुउने अनेकांत पणें, अनेक स्वरूपथी केहेवानुं शील छे जेमने ते स्याद्वादि (१५) जय सात प्रकारना छे. (१) मनुष्यने स्वजा तिथी अर्थात् एक मनुष्यने बीजा मनुष्यथी जय ते इहलोकजय (२) वि जातीय तिर्यंच देवताथी जे जय उत्पन्न थाय ते परलोकजय (३) धना दिना कारणथी चोर प्रमुखथी जे जय थाय ते आदानजय (४) बाहार ना निमित्त विना घरादिनेविषे बेसनारने रात्रिआदिने समये जे जय उत्पन्न थाय ते अकस्मात् जय (५) हुं निर्धन छुं डुकालमां केवी रीते जीवितव्य धारण करीश एवो जे जय ते आजीविका जय (६) मरणजय (७) आ प्रमाणे करीश तो मारी मोटी अपकीर्ति थशे एम धारी अय शना जयथी प्रवर्त्ते नही ते अश्लाघाजय. ए सात प्रकारना जयनो जे प्रतिपक्षी ते अजय. ते अजय शुं वस्तु छे ? विशिष्ट आत्मानुं स्वस्थपणुं, निःश्रेयस धर्मनिबंधन जूमिकाजूत ते गुणनी प्रकर्षताथी अचिंत्य शक्ति युक्त होवाथी सर्व प्रकारें परहितकारी होय; एवुं जे अजय आपे ते अजयद (१६) सर्व प्राणीउ प्रत्ये जे हित चाहे ते सर्वाः (१७) सर्व जे जाणे ते सर्वज्ञ (१८) सर्व जे देखे ते सर्वदर्शी (१९) सर्व प्रकारें कर्म आ वरणने दूर करवाथी चेतनस्वरूप प्रगट थयुं छे ते "केवल" केवलज्ञान छे जेने ते केवली (२०) देवताउना जे अधिपति ते देवाधिदेव (२१) जि नप्रणीत धर्मनी प्राप्ति जे करावे ते बोधिद (२२) पुरुषोमांहे उत्तम सह ज तथा जव्यत्वादि जव करी श्रेष्ठ ते पुरुषोत्तम (२३) गया छे राग द्वेष जेमांथी ते वीतराग (२४) हितोपदेशक होवाथी आप्त ए रीते चोवी शनाम तथा बीजां हजारो नाम परमेश्वरनां छे.

पूर्वोक्त परमेश्वरनुं स्वरूप श्रीहेमचंद्राचार्यकृत ग्रंथोने अनुसार तथा

समवायांग राजप्रश्नीय प्रमुख शास्त्रानुसार लखेल छे. अन्यथा जिनसहस्र नामना ग्रंथमां एक हजार आठनाम अन्वयार्थ सहित वर्णवेल छे. सर्वनाम व्युत्पत्ति सहित अर्हंत परमेश्वरनां छे. " अर्हंत पद " अनादि अनंत छे परंतु ते पदना धारण करनारा जीव अनंत अतीत कालमां थई गया. कारण के एकेक उत्सर्प्पिणि अवसर्प्पिणि कालमां भारत वर्षमां चोविश चोवीश जीव अर्हंत पदने धारण करी सिद्ध पदने प्राप्त थयेला छे.

आ वर्त्तमान अवसर्प्पिणिथी आगलनी उत्सर्प्पिणिमां जे जीवो अर्हंत पदने धारण करनारा थई गया तेमनां नाम. (१) केवल ज्ञानी (२) निर्वाणी (३) सागर (४) महायश (५) विमलनाथ (६( सर्वानुभूति (७) श्रीधर (८) दत्त (९) दामोदर (१०) सुतेज (११) स्वामी (१२) मुनिसुव्रत (१३) सुमति (१४) शिवगति, (१५) अस्ताग (१६) नेमीश्वर (१७) अनिल (१८) यशोधर (१९) कृतार्थ (२०) जिनेश्वर (२१ ) शुद्धमति ( २२ ) शिवकर (२३) स्यंदन (२४) संप्रति.

वर्तमान चोवीश अर्हंतनां नाम. (१) श्रीऋषभनाथ (२) श्री अजितनाथ (३) श्री संभवनाथ (४) श्री अभिनंदन नाथ (५) श्री सुमतिनाथ (६) श्री पद्मप्रभ (७) श्रीसुपार्श्वनाथ (८) श्री चंद्रप्रभ (९) श्रीसुविधिनाथ बीजुं नाम पुष्पदंत (१०) श्रीशीतलनाथ (११) श्रीश्रेयांसनाथ (१२) श्री वासुपूज्य स्वामी (१३) श्री विमल नाथ (१४) श्री अनंतनाथ (१५) श्रीधर्मनाथ (१६) श्रीशांतिनाथ (१७) श्री कुंथुनाथ (१८) श्री अरनाथ (१९) श्रीमल्लिनाथ (२०) श्री मुनिसुव्रत स्वामी (२१) श्री नमिनाथ(२२) श्रीअरिष्टनेमि (२३) श्री पार्श्वनाथ (२४) श्री महावीर.

वर्त्तमान चोवीश तीर्थंकर भगवंतनां नाम शा शा कारणथी थयां ते तथा नामोना सामान्यार्थ जे सर्व तीर्थंकरोमां पामी शकाय तथा विशेषार्थ जे ते एकज तीर्थंकरना नामने निमित्तें छे ते लखीयें छीयें.

"ऋषति गछति परमपदमिति ऋषभः" जाय जे परमपदने ते ऋषभ आ अर्थ सर्व तीर्थंकरमां व्यापक छे तथा " उर्वोर्वृषभलांछनमभूद्भगवतो जनन्या चतुर्दशानां स्वप्नानामादौ वृषभोदृष्टः तेन ऋषभः " भगवानना बंने साथलोमां बलदनुं लांछन हतुं अथवा भगवंतनी माता मरुदेवीए चौद स्वप्ननी आदिमां बलदनुं स्वप्न दीठुं ते कारणथी ऋषभ एवुं नाम दीधुं.

एवी रीते सर्व तीर्थंकरनो प्रथम सामान्यार्थ अने पछी विशेषार्थ जाणवो.

२ "परिसहादिभिर्नजित इत्यजितः" बावीश परिसह आदि शब्दथी चार कषाय, आठकर्म, चारप्रकारना उपसर्ग इत्यादिथी न जीताय, ते अजित; तथा "यद्वा गर्भस्थेऽस्मिन् द्यूते राज्ञा जननी न जितेत्यजितः" ज्यारे भगवान् गर्भमां हता त्यारे जुगार खेलतां राजा राणीने न जीती शक्या ते हेतुथी अजित नाम दीधुं.

३ "शं सुखं भवत्यस्मिन् स्तुते सशंभवः" शं नाम सुखवाचक छे सुख थाय जेनी स्तुति करतां ते संभव " यद्वा गर्भगतेऽप्यस्मिन्नभ्यधिकसस्य संभवात् संभवोपि " अथवा ज्यारे भगवान् गर्भमां हता त्यारे पृथ्वीमां अधिक धान्यनो संभव होवाथी संभव.

४ " अभिनंद्यते देवेंद्रादिभिरित्यभिनंदनः" जेनी स्तुति करायेली छे देवेंद्रादिथी ते अभिनंदन " यद्वा गर्भात् प्रभृत्येवाभीक्ष्णं शक्रेणाभिनंदनादभिनंदनः " अथवा जे दिवसे भगवान् गर्भमां आव्या ते दिवसथी लइने वारंवार शक्रेंद्रे स्तुति करी तेथी अभिनंदन.

५ "शोभना मतिरस्येति सुमतिः" भली छे बुद्धि ते जेनी ते सुमति,"यद्वा गर्भस्थे जनन्याःसुनिश्चिता मतिरभूदिति सुमतिः"अथवा भगवान् गर्भमां आव्या त्यारथी मातानी बहुज निर्मल निश्चित बुद्धि थइ ते कारणथी सुमति.

६ " निष्पंकतामंगीकृत्य पद्मस्येव प्रभाऽस्य पद्मप्रभः " विषयतृष्णा कर्मकलंकरूप कीचडथी रहित पद्मनी पेठे प्रभा छे जेनी ते पद्मप्रभ " यद्वा पद्मशयनदोहदो मातुर्देवतया पूरितइति पद्मवर्णश्च भगवानिति पद्मप्रभः " अथवा पद्मशयन दोहलो माताने उत्पन्न थयो ते देवतायें पूर्ण कर्यो ते कारणथी प्रद्मप्रभ अथवा पद्मकमल समान भगवानना शरीरनो वर्ण हतो ते कारणथी पद्मप्रभ.

७ "शोभनौ पार्श्वावस्य सुपार्श्वः" शोभनिक छे बंने पासां जेनां ते सुपार्श्व. "यद्वा गर्भस्थे भगवति जनन्यपि सुपार्श्वाऽभूदिति सुपार्श्वः" अथवा भगवान् गर्भमां रह्या त्यारथी मातानां बंने पासां बहुज सुंदर थइगयां तेथी सुपार्श्व.

८ " चंद्रस्येव प्रभा ज्योत्स्ना सौम्यलेश्याविशेषाऽस्य चंद्रप्रभः " चंद्रमानी पेठे सौम्य लेश्या छे जेनी ते चंद्रप्रभ, तथा " गर्भस्थे देव्याः चंद्रपानदोहदोऽभूत् इति चंद्रप्रभः " गर्भमां ज्यारे भगवान् हता त्यारे

माताने चंद्रमा पीवानो दोहद उत्पन्न थयो ते कारणथी चंद्रप्रभ.

९ " शोभनो विधिर्विधानमस्य सुविधिः"रूडो छे विधि ते जेनो तेसुविधि. तथा "यद्वा गर्भस्थे भगवति जनन्यप्येवमिति सुविधिः" भगवान् गर्भमां रेहेवाथी माता पण शोभनिक विधिवाली थइ ते कारणथी सुविधि.

१० " सकलसत्त्वसंतापहरणात् शीतलः " सर्वजीवोनो संताप दूर करवाथी शीतल तथा " गर्भस्थे भगवति पितुः पूर्वोत्पन्नाऽचिकित्स्यपित्तदाहोजननीकरस्पर्शाडुपशांत इति शीतलः " भगवंतना पिताना शरीरमां पित्तदाहनो रोग हतो तेनी वैद्योथी शांति न थई परंतु भगवान् माताना गर्भमां आववाथी भगवंतनी माताना हाथस्पर्शथीज राजानुं शरीर शीतल थई गयुं ते कारणथी शीतल.

११ " श्रेयान् समस्तभुवनस्यैव हितकरः प्राकृतशैल्या छांदसत्वाच्च श्रेयांसइत्युच्यते" सर्वजगतनुं जे हित करे ते श्रेयांस"यद्वा गर्भस्थेऽस्मिन् केनापि नाक्रांतपूर्वी देवताधिष्टितशय्या जनन्या आक्रांतेति श्रेयोजातमिति श्रेयांसः " ज्यारे भगवान् गर्भमां हता त्यारे भगवानना पिताना घरमां देवताऽधिष्टित शय्या हती ते उपर जे बेसता तेने असमाधि उत्पन्न थती भगवाननी माताने ते शय्यापर सुवानो दोहद थयो,माता ते शय्यापर सुती, देवतायें उपद्रव न कर्यो पण शांत थयो ते कारणथी श्रेयांस.

१२ " तत्र वसूनां पूज्यः वसुपूज्यः वसवोदेवाः " देवताउथी जे पूजनीय ते वसुपूज्य " वसुपूज्यनृपतेरपत्यं वासुपूज्यः " वसुपूज्य नामना राजाना जे पुत्र ते वासुपूज्य " वासवो देवराया तस्स गप्रगयस्स अभिरकणं अभिरकणं जणणीए पूयं करेति तेण वासुपुद्योति अहवा वसूणि रयणाणि वासवो वेसमणो सो गप्रगए अभिरकणं अभिरकणं तं रायकुलं रयणेहिं पूरेयति वासुपूद्योत्ति. अर्थः–वासव नाम इंद्रनुं छे. भगवान् ज्यारे गर्भमां आव्या त्यारे वारंवार इंद्रे भगवाननी मातानी पूजा करी ते कारणथी वासुपूज्य अथवा वसु एटले रत्न अने वासव नाम वैश्रमणनुं छे. भगवान् ज्यारे गर्भमां हता त्यारे वैश्रमणें भगवानना कुलमां वारंवार रत्नोनी पूर्णता करी ते हेतुथी वासुपूज्य.

१३ " विगतो मलोऽस्य विमलः विमलज्ञानादियोगाद्वा विमलः " दूर थया छे आठ कर्मरुप मल जेना ते विमल, अथवा निर्मलज्ञानादि यो

गें करी विमल, " यद्वा गर्भस्थे मातुर्मतिस्तनुश्च विमला जातेति विमलः " तथा भगवान् ज्यारे गर्भमां हता त्यारे मातानी बुद्धि तथा शरीर निर्मल थई गयां ते कारणथी विमल.

१४ " न विद्यते गुणानामंतोऽस्य अनंतः अनंतकर्मांशजयाद्वाऽनंतः अनंतानि वा ज्ञानादीनि यस्येत्यनंतः" जेना गुणनो अंत न जाणी शकियें ते अनंत, अथवा अनंत कर्मांश जीतवाथी अनंत अथवा अनंत छे ज्ञानादि गुण जेने ते अनंत, " रयण विचित्तं रयण खवियं अणंतं अतिमहपमाणं, दामं सुमिणे जणणीयें, दिठं तउ अणंतोत्ति " विचित्ररत्नें जडित अति मोटी दाममाला मातायें स्वप्नमां दीठी ते कारणथी अनंत.

१५ " दुर्गतौ पतन्तं सत्वं संघातं धारयतीति धर्म्मः" दुर्गतिमां पडता जीवोना समूहने जे धारण करे ते धर्म, तथा " गर्भस्थे जननी दानादिधर्म्मपरा जातेति धर्मः " परमेश्वर गर्भमां आववाथी माता दानादि धर्ममां तत्पर थई तेथी धर्म.

१६ " शांतियोगात्तदात्मकत्वात्तत्कर्तृकत्वाच्चायं शांतिः " शांतिना योगथी अथवा शांतिरूप होवाथी अथवा शांति करवाथी शांति, तथा "गर्भस्थे पूर्वोत्पन्ना शिवं शांतिरभूदिति शांतिः" तथा भगवान् गर्भमां उत्पन्न थवाथी पूर्वें जे अशिव उत्पन्न थयुं हतुं ते शांत थई गयुं तेथी शांति.

१७ " कुः पृथ्वी तस्यां स्थितिवानिति कुंथुः पृषोदरादित्वात् " कु नाम पृथ्वीनुं छे ते पृथ्वीमां जे स्थित थया ते कुंथु तथा " गर्भस्थे भगवति जननी रत्नानां कुंथुं राशिं दृष्टवतीति कुंथुः " भगवान् गर्भमां आव्या पछी मातायें रत्नमय कुंथुउनो राशि दीठो ते कारणथी कुंथु.

१८ " सर्वोत्तममहासत्त्वः, कुले यउपजायते ॥ तस्याभिवृद्धये वृद्धैरसावरउदाहृतः " ॥ १ ॥ इतिवचनादरः सर्वथी उत्तम महासात्त्विक कुलमां जे उत्पन्न थाय तथा ते कुलनी वृद्धिकारक जे होय तेने वृद्धपुरुष प्रधान अर कहेछे तथा " गर्भस्थे भगवति जनन्या स्वप्ने सर्वरत्नमयोऽरोदृष्ट इत्यपरः " तथा भगवान् गर्भमां हता त्यारे मातायें सर्वरत्नमय अर स्वप्नमां दीठो ते कारणथी अर.

१९ " परिसहादिमल्लजयनान्निरुक्तान् मल्लिः " परिसहादि मल्लोने जीतवाथी मल्लि तथा " गर्भस्थे भगवति मातुः सुरभिकुसुममाल्यशय

नीयदोहदो देवतया पूरित इति मल्लिः" तथा जगवान् गर्जमां आव्या पछी माताने सुगंधी फुलोनी मालावाली शय्या उपर सुवानो दोहद उत्पन्न थयो ते देवतायें पूर्ण कर्यो ते कारणथी मल्लि.

२० "मन्यते जगतस्त्रिकालावस्थामिति मुनिः शोजनानि व्रतान्यस्येति सुव्रतः मुनिश्चासौ सुव्रतश्च मुनिसुव्रतः" त्रणे कालमां जे जगतने माने ते मुनि, जलां छे व्रत जेनां ते सुव्रत आ बंने पद एकत्र करवाथी मुनिसुव्रत, तथा "गर्जस्थे जननी मुनिवत् सुव्रता जातेति मुनिसुव्रतः" तथा जगवंत गर्जमां रह्यां थकां माता रूडा व्रतवाली थइ तेथी मुनिसुव्रत.

२१ "परीसहोपसर्गादीनां नामनात् नमेस्तुवेति विकल्पेनोपांत्यस्येकाराजावपक्षे नमिः" परिसह उपसर्गोने नमाववाथी नमि, तथा "यद्वा गर्जस्थे जगवति परचक्रनृपैरपि प्रणतिः कृतेति नमिः" जगवान् गर्जमां आववाथी वैरीराजाउयें पण नमस्कार कर्यो ते कारणथी नमि.

२२ "धर्मचक्रस्य नेमिवन्नेमिः" धर्मचक्रनी धारासमान ते नेमि तथा "गप्नगए तस्स मायाए, रिठरयणा मउमहति महालउ नेमि ॥ उप्पयमाणो सुमिणे, दिठोत्ति तेणसेरिठनेमित्ति नामं कयंति" तथा जगवान् गर्जमां आव्यापछी मातायें अरिष्ट रत्नमय मोटो नेमि (चक्रधारा) आकाशमां उत्पन्न थयो एम स्वप्नमां दीठो ते कारणथी अरिष्टनेमि.

२३ "स्पृशति ज्ञानेन सर्वजावानिति पार्श्वः" सर्वपदार्थोने ज्ञानें करी स्पर्शे जाणे ते पार्श्व. तथा "गर्जस्थे जनन्या निशि शयनीयस्थयांऽधकारे सर्प्पो दृष्टइति गर्जानुजावोयमिति पश्यतीति निरुक्तात् पार्श्वः पार्श्वोऽस्यवैयावृत्त्यकरो यक्षस्तस्य नाथः पार्श्वनाथः जीमो जीमसेन इति न्यायाद्वा पार्श्वः" तथा जगवान् गर्जमां रह्या थका मातायें रात्रिमां शय्या उपर बेठां थकां अंधारामां सर्प जातो दीठो, माता पितायें विचार्युं के आ गर्जनो प्रजाव छे अथवा पार्श्वनामा वैयावच्च करनारा देवताना जे नाथ ते पार्श्वनाथ.

२४ "विशेषेण ईरयति प्रेरयति कर्माणीति वीरः" विशेषेंकरी प्रेरे जे कर्मोने ते वीर तथा अत्यंत उग्र परीसह उपसर्ग सहन करवाथी देवताउयें श्रमण जगवान् महावीर एवुं तथा माता पितायें धनधान्यादिनी वृद्धि थवाथी वर्धमान एवुं नाम दीधुं.

ए प्रकारें आ अवसर्प्पिणिमां जे तीर्थंकर थया तेमनां नाम तथा शा हेतुथी ते नाम राख्यां ते समाप्त थयुं.

आ चोवीश तीर्थंकर मध्येथी बावीश अर्हंत इक्ष्वाकुकुलमां उत्पन्न थया एटले के ऋषभदेवजीना वंशमां थया, इक्ष्वाकुकुल ऋषभदेवजीथी प्रसिद्ध छे, तेनुं स्वरूप आगल केहेवामां आवशे, बाकीना वीशमा मुनि सुव्रतस्वामी तथा बावीशमा अरिष्टनेमि भगवान् ए बंने तीर्थंकर हरिवंशमां उत्पन्न थया. चोवीश तीर्थंकरोमां छठा पद्मप्रभ अने बारमा वासु पूज्य लाल वर्ण शरीरवाला थया, आठमा चंद्रप्रभ तथा नवमा सुविधि नाथ ( पुष्पदंत ) ए बे तीर्थंकर श्वेतवर्ण स्फटिकवत् उज्वल शरीरवाला थया, उंगणीशमा मल्लिनाथ तथा त्रेविशमा पार्श्वनाथ हरितवर्ण शरीरवाला थया, तथा वीशमा मुनिसुव्रत स्वामी तथा बावीशमा अरिष्टनेमि भगवान् श्यामवर्ण रंगें अलसीना फुलजेवा शरीरवाला थया. बाकीना सोल सुवर्णवर्ण शरीरवाला थया.

चोवीश तीर्थंकरोनां चिह्न तेमना दक्षिण पगमां हतां तथा तेमनी ध्वजामां ते चिह्न होय छे, हालपण तेमनी प्रतिमाना आसनमां ते चिह्न होय छे ते चिह्नो आ प्रमाणे– (१) ऋषभदेवजीनुं बलदनुं चिह्न (२) अजितनाथजीनुं हाथीनुं चिह्न (३) संभवनाथजीनुं घोडानुं चिह्न (४) अभिनंदनजीनुं वांदरानुं चिह्न (५) सुमतिनाथजीनुं क्रौंच पक्षीनुं चिह्न (६) पद्मप्रभुजीनुं कमलनुं चिह्न (७) सुपार्श्वनाथजीनुं साथीयानुं चिह्न (८) चंद्रप्रभुजीनुं चंद्रमानुं चिह्न (९) सुविधिनाथ ( पुष्पदंत ) जीनुं मकरनुं चिह्न (१०) शीतलनाथजीनुं श्रीवत्सनुं चिह्न (११) श्रेयांसनाथजीनुं गेंडानुं चिह्न (१२) वासुपूज्यजीनुं महिषनुं चिह्न (१३) विमलनाथजीनुं सूअरनुं चिह्न ( १४ ) अनंतनाथजीनुं बाजनुं चिह्न (१५) धर्मनाथजीनुं वज्रनुं चिह्न (१६) शांतिनाथजीनुं हरणनुं चिह्न (१७) कुंथुनाथजीनुं बोकडानुं चिह्न (१८) अरनाथजीनुं नंदावर्त्तनुं चिह्न (१९) मल्लिनाथजीनुं कुंभनुं चिह्न (२०) मुनिसुव्रतस्वामिनुं काचबानुं चिह्न (२१) नमीनाथजीनुं लीला कमलनुं चिह्न (२२) अरिष्टनेमिजीनुं शंखनुं चिह्न (२३) श्रीपार्श्वनाथजीनुं सर्प्पनुं चिह्न (२४) श्रीमहावीरस्वामिनुं सिंहनुं चिह्न.

हवे चोवीश तीर्थंकरोना पितानां तथा मातानां नाम कहीयें छीयें.

### आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कहेछे.

| | | | |
|---|---|---|---|
| २८ गणधर संख्या. | (९५) गणधर | (९३) गणधर | (८८) गणधर. |
| २९ साधुओनीसंख्या. | ३०००००) | २५००००) | २०००००) |
| ३० साधवियोनी संख्या. | ४३००००) | ३८००००) | १२००००) |
| ३१ वैक्रियलब्धिवंत. | १५३००) | १४०००) | १३०००) |
| ३२ वादियोनीसंख्या. | ८४००) | ७६००) | ६०००) |
| ३३ अवधिज्ञानी संख्या. | ९०००) | ८०००) | ८४००) |
| ३४ केवली संख्या. | ११०००) | १००००) | ७५००) |
| ३५ मनःपर्यवसंख्या. | ९१५०) | ८०००) | ७५००) |
| ३६ चौदपूर्वीसंख्या. | २०३०) | २०००) | १५००) |
| ३७ श्रावक संख्या. | २५७०००) | २५००००) | २२९०००) |
| ३८ श्राविकासंख्या. | ४९३०००) | ४७९०००) | ४७१०००) |
| ३९ शासनयक्षनांनाम. | मातंगयक्ष | विजय यक्ष | अजिता यक्ष |
| ४० शासनयक्षणीनांनाम. | शांता | भृकुटी | सुतारिका |
| ४१ प्रथम गणधर नाम. | विदर्भ | दिन्न | वराहक |
| ४२ प्रथमआर्या नाम. | सोमा | सुमना | वारुणी |
| ४३ मोक्षस्थान. | समेतशिखर | समेतशिखर | समेतशिखर |
| ४४ मोक्षतिथि. | फागण वदि ७ | भाद्रवा वदि ७ | भाद्रवा शुदि ९ |
| ४५ मोक्षसंलेषणा. | एक मास | एकमास | एकमास |
| ४६ मोक्षआसन. | काउस्सग्ग | काउस्सग्ग | काउस्सग्ग |
| ४७ अंतर प्रमाण. | ९सोकोडीसागर | ९०कोडीसागर | ९ कोडीसागर |
| ४८ गणनाम. | राक्षसगण | देवगण | राक्षसगण |
| ४९ योनि नाम. | मृगयोनि | मृगयोनि | वानरयोनि |
| ५० मोक्षपरिवार. | ५००) | १०००) | १०००) |
| ५१ भवसंख्या. | त्रणभवकस्या | त्रणभवकस्या | त्रणभवकस्या |
| ५२ कुलगोत्र नाम. | ईक्ष्वाकुकुल | ईक्ष्वाकुकुल | ईक्ष्वाकुकुल |
| ५३ गर्भकाल मान. | ९मास१९दिवस | नवमास७ दिव० | मास ८ दिव.२६ |

आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कहेछे.

| | | | | |
|---|---|---|---|---|
| १ | तीर्थंकरनाम. | १०शीतलनाथ | ११ श्रेयांसनाथ | १२ श्रीवासुपूज्य. |
| २ | च्यवनतिथि. | वैशाखवदि ६ | ज्येष्ठवदि ६ | ज्येष्ठ शुदि ए |
| ३ | विमाननाम. | अच्युत देवलोक | अच्युतदेव लोक | प्राणतदेवलोक |
| ४ | जन्मनगरी. | नद्दिलपुर | सिंहपुरी | चंपापुरी |
| ५ | जन्मतिथि. | महावदि १२ | फागणवदि १२ | फागण वदि १४ |
| ६ | पितानां नाम. | दृढरथराजा | विष्णुराजा | वसुपूज्यराजा |
| ७ | मातानांनाम. | नंदामाता | विष्णुमाता | जयामाता |
| ८ | जन्मनक्षत्र. | पूर्वाषाढा | श्रवण नक्षत्र | शतभिषानक्षत्र |
| ए | जन्मराशि. | धनराशि | मकर राशि | कुंभराशि |
| १० | लांछन नाम. | श्रीवत्सनुंलांछन | गेंडानुंलांछन | पाडानुं लांछन |
| ११ | शरीरनुं मान. | नेवुंधनुष | एंशीधनुष | सीत्तेरधनुष |
| १२ | आयुनुंप्रमाण. | एकलाखपूर्व | ८४ लाखवर्ष | ७२ लाखवर्ष |
| १३ | शरीरनावर्ण. | सुवर्णवर्ण | सुवर्णवर्ण | लालवर्ण |
| १४ | पदवीराजानी. | राजा | राजा | कुमार |
| १५ | पाणिग्रहण. | परण्या | परण्या | परण्या |
| १६ | केटलासाथेदीक्षा. | (१०००) साधु | (१००० साधु | ६०० साधु |
| १७ | दीक्षानगरी. | भद्दिलपुर | सिंहपुरी | चंपापुरी |
| १८ | दीक्षातप. | बे उपवास | बे उपवास | बे उपवास |
| १ए | प्रथमपारणानोआ. | क्षीरभोजन | क्षीरभोजन | क्षीरभोजन |
| २० | पारणानांस्थान | पुनर्वसुनेघेर | नंदनेघेर | सुनंदनेघेर |
| २१ | केटलादिवसनुंपारणुं | बे दिवस | बे दिवस | बे दिवस |
| २२ | दीक्षातिथि. | महावदि १२ | फागणवदि १३ | फागणशुदि १५ |
| २३ | छद्मस्थकाल. | त्रणमासरह्या | बे मासरह्या | एक मासरह्या |
| २४ | ज्ञाननगरी. | भद्दिलपुर | सिंहपुरी | चंपापुरी |
| २५ | ज्ञानतप. | बे उपवास | बे उपवास | बे उपवास |
| २६ | दीक्षावृक्ष. | प्रियंगुवृक्ष | तंडुकवृक्ष | पाडलवृक्ष |
| २७ | ज्ञानतिथि. | पोषवदि १४ | महावदि ३ | महाशुदि २ |

## आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कहेछे.

| | | | |
|---|---|---|---|
| २८ गणधरसंख्या. | ८१)गणधर | ७६)गणधर | ६६)गणधर |
| २९ साधुउंनी संख्या. | १००००० | ८४००० | ७२००० |
| ३० साधवीयोनीसंख्या. | १००००६ | १०३००० | १००००० |
| ३१ वैक्रियलब्धिवंत. | १२००० | ११००० | १०००० |
| ३२ वादियोनी संख्या. | ५८०० | ५००० | ४७०० |
| ३३ अवधिज्ञानी संख्या. | ७०२० | ६००० | ५४०० |
| ३४ केवली संख्या. | ७००० | ६५०० | ६००० |
| ३५ मनःपर्यवसंख्या. | ७५०० | ६००० | ६५०० |
| ३६ चौदपूर्वी संख्या. | १४०० | १३०० | १२०० |
| ३७ श्रावक संख्या. | २८९००० | २७९००० | २१५००० |
| ३८ श्राविका संख्या. | ४५८००० | ४४८००० | ४३६००० |
| ३९ शासनयक्षोनां नाम. | ब्रह्मायक्ष. | जक्षेटयक्ष. | कुमार यक्ष. |
| ४० शासननी यक्षिणी. | अशोका | मानवी | चंडा |
| ४१ प्रथम गणधर नाम. | नंद | कछप | सुभूम |
| ४२ प्रथम आर्या नाम. | सुयशा | धारणी | धरणी |
| ४३ मोक्षस्थान. | समेतशिखर | समेतशिखर | चंपापुरी |
| ४४ मोक्षतिथि. | वैशाखवदि २ | श्रावणवदि ३ | अशाड शुदि १४ |
| ४५ मोक्षसंलेषणा. | एकमास | एक मास | एकमास |
| ४६ मोक्षआसन. | काउस्सग्ग | काउस्सग्ग | काउस्सग्ग |
| ४७ अंतर मान. | एककोडीसागर | चोपन सागर | त्रीश सागर |
| ४८ गण नाम. | मानवगण | देवगण | राक्षसगण |
| ४९ योनि नाम. | नकुलयोनि | वानरयोनि | अश्वयोनि |
| ५० मोक्षपरिवार. | १००० परिवार | १००० परिवार | ६००परिवार |
| ५१ भवसंख्या. | त्रणभवकर्या. | त्रणभवकर्या | त्रण भव कर्या |
| ५२ कुलगोत्र नाम. | इक्ष्वाकुकुल | इक्ष्वाकुकुल | इक्ष्वाकुकुल |
| ५३ गर्भकाल मान. | मास ९ दिवस६ | मास ९ दिवस६ | मास८ दिवस२० |

आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कहेछे.

| | | | | |
|---|---|---|---|---|
| १ | श्रीतीर्थंकर नाम. | १३ विमलनाथ | १४ अनंतनाथ | १५ श्रीधर्मनाथ |
| २ | च्यवन तिथि. | वैशाखशुदि १२ | श्रावणवदि ७ | वैशाखशुदि ७ |
| ३ | विमान नाम. | अष्टसारदेवलोक | प्राणत देवलोक | विजयविमान |
| ४ | जन्म नगरी. | कंपिलपुरी | अयोध्या | रत्नपुरी नगरी |
| ५ | जन्म तिथि. | महाशुदि ३ | वैशाखवदि १३ | महाशुदि ३ |
| ६ | पितानां नाम. | कृतवर्माराजा | सिंहसेन राजा | भानुराजा |
| ७ | मातानां नाम. | श्यामामाता | सुयशामाता | सुव्रता माता |
| ८ | जन्म नक्षत्र. | उत्तराभाद्रपद | रेवतीनक्षत्र | पुष्यनक्षत्र |
| ९ | जन्म राशि. | मीनराशि | मीन राशि | कर्कराशि |
| १० | लांछन नाम. | वराहनुं लांछन | सीचाणानुंलांछन | वज्रलांछन |
| ११ | शरीरनुं मान. | शाठधनुष | पचाशधनुष | पीस्तालीशधनुष |
| १२ | आयुर्मान. | शाठलाखवर्ष | त्रीशलाखवर्ष | दशलाखवर्ष |
| १३ | शरीरना वर्ण. | सुवर्ण वर्ण | सुवर्ण वर्ण | सुवर्ण वर्ण |
| १४ | पदवी राजानी. | राजा | राजा | राजा |
| १५ | पाणिग्रहण. | परण्या | परण्या | परण्या |
| १६ | केटला साथे दीक्षा. | (१००० ) साधु | (१०००) साधु | (१०००) साधु |
| १७ | दीक्षा नगरी. | कंपिल पुर | अयोध्या | रत्नपुरी |
| १८ | दीक्षा तप. | बे उपवास | बे उपवास | बे उपवास |
| १९ | प्रथमपारणानोआ० | क्षीर भोजन | क्षीर भोजन | क्षीर भोजन |
| २० | पारणानां स्थान. | जयराजाने घेर | विजयराजानेघेर | धनसिंहने घेर |
| २१ | केटलादिवसनांपा० | बे दिवस | बे दिवस | बे दिवस |
| २२ | दीक्षा तिथि. | महाशुदि ४ | वैशाखवदि १४ | महाशुदि १३ |
| २३ | छद्मस्थ काल. | बे मास | त्रण वर्ष | बे वर्ष |
| २४ | ज्ञान नगरी. | कंपिलपुरी | अयोध्या | रत्नपुरी |
| २५ | ज्ञान तप. | बे उपवास | बे उपवास | बे उपवास |
| २६ | दीक्षा वृक्ष. | जंबूवृक्ष | अशोक वृक्ष | दधिपर्णवृक्ष |
| २७ | ज्ञानतिथि. | पौषशुदि ६ | वैशाख वदि १४ | पौष शुदि १५ |

## आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कहे छे.

| | | | |
|---|---|---|---|
| २८ गणधरसंख्या. | ५७) गणधर | ५०) गणधर | ४३) गणधर |
| २९ साधुउंनी संख्या. | ६८०००) | ६६०००) | ६४०००) |
| ३० साधवीयोनी संख्या. | १००८००) | ६२०००) | ६२४००) |
| ३१ वैक्रिय लब्धिवंत. | ९०००) | ८०००) | ७०००) |
| ३२ वादियोनी संख्या. | ३६००) | ३२००) | २८००) |
| ३३ अवधिज्ञानी संख्या. | ४८००) | ४३००) | ३६००) |
| ३४ केवली संख्या. | ५५००) | ५०००) | ४५००) |
| ३५ मनःपर्यव संख्या. | ५५००) | ५०००) | ४५००) |
| ३६ चौद पूर्वीसंख्या. | ११००) | १०००) | ९००) |
| ३७ श्रावकसंख्या. | २०८०००) | २०६०००) | २०४०००) |
| ३८ श्राविकासंख्या. | ४२४०००) | ४०१४००) | ४१३०००) |
| ३९ शासन यक्षोनांनाम. | षणमुखयक्ष | पातालयक्ष | किन्नरयक्ष |
| ४० शासन यक्षिणीनांना० | विदिता | अंकुशा | कंदर्प्पा |
| ४१ प्रथम गणधरनाम. | मंदरगणधर. | जसगणधर | अरिष्ट |
| ४२ प्रथम आर्यानाम. | धरा | पद्मा | आर्यशिवा |
| ४३ मोक्ष स्थान. | समेतशिखर | समेतशिखर | समेतशिखर |
| ४४ मोक्षतिथि. | आषाढवदि ७ | चैत्रशुदि ५ | ज्येष्ठशुदि ५ |
| ४५ मोक्षसंलेषणा. | एकमास | एकमास | एकमास |
| ४६ मोक्षआसन. | काउस्सग | काउस्सग | काउस्सग |
| ४७ अंतरमान. | नवसागरोपम | चारसागरोपम | त्रणसागरोपम |
| ४८ गणनाम. | मानवगण | देवगण | देवगण |
| ४९ योनिनाम. | छागयोनि | हस्तियोनि | मंजारयोनि |
| ५० मोक्षपरिवार. | ६००) | ७००) | १०८) |
| ५१ नवसंख्या. | त्रणनवकस्या | त्रणनवकस्या | त्रणनवकस्या |
| ५२ कुलगोत्रनाम. | इक्ष्वाकुकुल | इक्ष्वाकुकुल | इक्ष्वाकुकुल |
| ५३ गर्भकालमान. | मास८दिवस२१ | मास ९ दिवस ६ | मास८दिवस२६ |

आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कहेछे.

| | | | | |
|---|---|---|---|---|
| १ | श्री तीर्थंकरनाम. | १६श्रीशांतिनाथ | १७ श्रीकुंथुनाथ | १८श्रीअरनाथ |
| २ | च्यवनतिथि. | भाद्रवावदि ७ | श्रावणवदि ९ | फागण शुदि २ |
| ३ | विमाननाम. | सर्वार्थसिद्ध | सर्वार्थसिद्ध | सर्वार्थसिद्ध |
| ४ | जन्मनगरी. | गजपुर | गजपुर | गजपुर |
| ५ | जन्मतिथि. | ज्येष्ठवदि १३ | वैशाख वदि १४ | मागशिरशु० १० |
| ६ | पितानां नाम. | विश्वसेन | सूरराजा | सुदर्शन |
| ७ | मातानां नाम. | अचिरा राणी | श्री राणी | देवीराणी |
| ८ | जन्मनक्षत्र. | भरणी नक्षत्र | कृत्तिका नक्षत्र | रेवती नक्षत्र |
| ९ | जन्म राशि. | मेषराशि | वृष राशि | मीन राशि |
| १० | लांछननां नाम. | हरिणनुं लांछन. | बकरानुं लांछन | नंदावर्त्तनुं |
| ११ | शरीर मान. | ४०) धनुष | ३५ ) धनुष | ३० ) धनुष |
| १२ | आयुनुं प्रमाण. | एक लाखवर्ष | (९५०००) वर्ष | (८४०००) वर्ष |
| १३ | शरीरना वर्ण. | सुवर्णवर्ण | सुवर्णवर्ण | सुवर्णवर्ण |
| १४ | पदवी राजानी. | चक्रवर्त्ती | चक्रवर्त्ती | चक्रवर्त्ती |
| १५ | पाणि ग्रहण. | ६४०००) स्त्री | ६४०००) स्त्री | ६४०००) स्त्री |
| १६ | केटला साथे दीक्षा. | १००० ) साधु | १००० ) साधु | १००० ) साधु |
| १७ | दीक्षानगरी. | गजपुर | गजपुर | गजपुर |
| १८ | दीक्षातप. | बे उपवास | बे उपवास | बे उपवास |
| १९ | प्रथमपारणानोआ० | क्षीर भोजन | क्षीर भोजन | क्षीर भोजन |
| २० | पारणानां स्थान. | सुमित्रने घेर | व्याघ्रसिंहने घेर | अपराजितने घेर |
| २१ | केटला दिवसनांपा० | बे दिवस | बे दिवस | बे दिवस |
| २२ | दीक्षा तिथि. | ज्येष्ठ वदि १४ | चैत्र वदि ५ | मागशिर शु० ११ |
| २३ | छद्मस्थ काल. | एकवर्ष | शोल वर्ष | त्रणवर्ष |
| २४ | ज्ञाननगरी. | गजपुर | गजपुर | गजपुर |
| २५ | ज्ञान तप. | बे उपवास | बे उपवास | बे उपवास |
| २६ | दीक्षावृक्ष. | नंदीवृक्ष | भीलक वृक्ष | आंबानुं वृक्ष |
| २७ | ज्ञानतिथि. | पोषशुदि ९ | चैत्रशुदि ३ | कार्तिक शुदि१२ |

## आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कहेछे.

| | | | |
|---|---|---|---|
| २८ गणधर संख्या. | ३६) गणधर | ३५) गणधर | ३३) गणधर. |
| २९ साधुओनीसंख्या. | ५२०००) | ६००००) | ५००००) |
| ३० साधवियोनी संख्या. | ६१६००) | ६०६००) | ६००००) |
| ३१ वैक्रियलब्धिवंत. | ६०००) | ५१००) | ७३००) |
| ३२ वादियोनीसंख्या. | २४००) | २०००) | १६००) |
| ३३ अवधिज्ञानी संख्या. | ३०००) | २५००) | २६००) |
| ३४ केवली संख्या. | ४३००) | ३२००) | २८००) |
| ३५ मनःपर्यवसंख्या. | ४०००) | ३३४०) | २५५१) |
| ३६ चौदपूर्वीसंख्या. | ८००) | ६७०) | ६१०) |
| ३७ श्रावक संख्या. | १९००००) | १७९०००) | १८४०००) |
| ३८ श्राविकासंख्या. | ३९३०००) | ३८१०००) | ३७२०००) |
| ३९ शासनयक्षनांनाम. | गरुडयक्ष | गंधर्वयक्ष | यक्षेंदयक्ष |
| ४० शासनयक्षणीनांनाम. | निर्वाणी | बला | धणा |
| ४१ प्रथम गणधर नाम. | चक्रयुक्त | सांब | कुंन्न |
| ४२ प्रथमआर्या नाम. | शुचि | दामिनी | रक्षिता |
| ४३ मोक्षस्थान. | समेतशिखर | समेतशिखर | समेतशिखर |
| ४४ मोक्षतिथि. | ज्येष्ठ वदि १३ | वैशाख वदि १ | मागशिरशुदि१० |
| ४५ मोक्षसंलेषणा. | एक मास | एकमास | एकमास |
| ४६ मोक्षआसन. | काउस्सग्ग | काउस्सग्ग | काउस्सग्ग |
| ४७ अंतर प्रमाण. | ०॥पल्योपम | ०पल्योपम | १००० क्रोडवर्ष |
| ४८ गणनाम. | मानवगण | राक्षसगण | देवगण |
| ४९ योनि नाम. | हस्तियोनि | छागयोनि | हस्तियोनि |
| ५० मोक्षपरिवार. | ९००परिवार | १०००)परिवार | १०००) परिवार |
| ५१ नवसंख्या. | बार नव कस्या | त्रणनवकस्या | त्रणनवकस्या |
| ५२ कुलगोत्र नाम. | इक्ष्वाकुकुल | इक्ष्वाकुकुल | इक्ष्वाकुकुल |
| ५३ गर्भकाल मान. | मासनवदिवसछ | मासनवदि०पांच | मासनव दिव. ८ |

आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कहेछे.

| | | | | |
|---|---|---|---|---|
| १ | श्रीतीर्थंकर नाम. | १ए श्रीमल्लिनाथ | २० श्रीमुनिसुव्रत | २१ श्रीनमि नाथ |
| २ | च्यवन तिथि. | फागण शुदि ४ | श्रावण शुदि १५ | आशोशुदि १५ |
| ३ | विमान नाम. | जयंतविमान | अपराजितविमा. | प्राणत देवलोक |
| ४ | जन्मनगरी. | मथुरानगरी | राजगृही नगरी | मथुरा नगरी |
| ५ | जन्मतिथि. | मागशिरशुदि ११ | ज्येष्ठवदि ७ | श्रावण वदि ७ |
| ६ | पितानां नाम. | कुंभराजा | सुमित्रराजा | विजयराजा |
| ७ | मातानां नाम. | प्रभावती | पद्मावती | विप्रा राणी |
| ७ | जन्म नक्षत्र. | अश्विनी नक्षत्र | श्रवण नक्षत्र | अश्विनी नक्षत्र |
| ए | जन्म राशि. | मेषराशि | मकरराशि | मेषराशि |
| १० | लांछन नाम. | कलशनुं लांछन | कछपनुं लांछन | कमलनुं लांछन |
| ११ | शरीरनुं प्रमाण. | पचीश धनुष | वीश धनुष | पंदर धनुष |
| १२ | आयुनुंप्रमाण. | ५५००० ) वर्ष | ३०००० ) वर्ष | १००० ) वर्ष |
| १३ | शरीरना वर्ण. | नीलो वर्ण | श्यामवर्ण | पीलो वर्ण |
| १४ | पदवी राजानी. | कुमार | राजा | राजा |
| १५ | पाणिग्रहण. | नथी परण्या | परण्या | परण्या |
| १६ | केटलासाथे दीक्षा. | ३०० ) साधु | १००० ) साधु | १००० ) साधु |
| १७ | दीक्षानगरी. | मिथिला नगरी | राजगृही नगरी | मथुरा नगरी |
| १७ | दीक्षातप. | त्रण उपवास | बे उपवास | बे उपवास |
| १ए | प्रथमपारणानोआ० | क्षीर भोजन | क्षीर भोजन | क्षीर भोजन |
| २० | पारणानां स्थान. | विश्वसेन | ब्रह्मदत्त | दिन्नकुमार |
| २१ | केटलादिवसनांपा० | बे दिवस | बे दिवस | बे दिवस |
| २२ | दीक्षातिथि. | मागशिरशुदि ११ | फागणशुदि १२ | अषाढ वदि ए |
| २३ | छद्मस्थकाल. | एक अहोरात्र | अगियार मास | नवमास |
| २४ | ज्ञान नगरी. | मथुरा नगरी | राजगृही नगरी | मथुरा नगरी |
| २५ | ज्ञानतप. | बे उपवास | बे उपवास | बे उपवास |
| २६ | दीक्षावृक्ष. | अशोक वृक्ष | चंपकवृक्ष | बकुलवृक्ष |
| २७ | ज्ञानतिथि. | मागशिरशुदि ११ | फागण वदि १२ | मागशिरशुदि ११ |

आ बावन बोल प्रत्येक तीर्थंकरोमां कहेछे.

| | | | |
|---|---|---|---|
| २८ गणधर संख्या. | २८) गणधर | १८) गणधर | १७) गणधर |
| २९ साधुउंनी संख्या. | ४०००० | ३०००० | २०००० |
| ३० साध्वीयोनी संख्या. | ५५००० | ५०००० | ४१००० |
| ३१ वैक्रियलब्धिवंत. | २९०० | २००० | ५००० |
| ३२ वादियोनी संख्या. | १४०० | १२०० | १००० |
| ३३ अवधिज्ञानी संख्या. | २२०० | १८०० | १६०० |
| ३४ केवली संख्या. | २२०० | १८०० | १६०० |
| ३५ मनःपर्यव संख्या. | १७५० | १५०० | १२५० |
| ३६ चौदपूर्वी संख्या. | ६६८ | ५०० | ४५० |
| ३७ श्रावक संख्या. | १८३००० | १७२००० | १७०००० |
| ३८ श्राविका संख्या. | ३७०००० | ३५०००० | ३४८००० |
| ३९ शासन यक्षोनांनाम. | कुबेरयक्ष | वरुण यक्ष | भृकुटी यक्ष |
| ४० शासनयक्षणीनांनाम | धरणप्रिया | नरदत्ता | गंधारी |
| ४१ प्रथम गणधर नाम. | अभीक्षकगणधर | मल्लीगणधर | शुभगणधर |
| ४२ प्रथम आर्या नाम. | वधुमती | पुष्पमती | अनिला |
| ४३ मोक्ष स्थान. | समेतशिखर | समेतशिखर | समेतशिखर |
| ४४ मोक्ष तिथि. | फागण शुदि १२ | ज्येष्ठ वदि ९ | वैशाखवदि १० |
| ४५ मोक्ष संलेषणा. | एकमास | एक मास | एकमास |
| ४६ मोक्ष आसन. | काउस्सग्ग | काउस्सग्ग | काउस्सग्ग |
| ४७ अंतरमान. | ५४००००० वर्ष. | ६००००० वर्ष | ५००००० वर्ष |
| ४८ गण नाम. | देवगण | देवगण | देवगण |
| ४९ योनि नाम. | अश्वयोनि | वानरयोनि | अश्वयोनि |
| ५० मोक्ष परिवार. | ५०० परिवार | १००० परिवार | १००० परिवार |
| ५१ भव संख्या. | त्रण भव कर्या | त्रण भव कर्या | त्रणभव कर्या |
| ५२ कुलगोत्र नाम. | इक्ष्वाकुवंश कुल | इक्ष्वाकुवंशकुल | इक्ष्वाकुवंशकुल |
| ५३ गर्भकालमान. | मास ९ दिवस ७ | मास ९दिवस ८ | मास ९ दिवस ८ |

आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कहेछे.

| | | | | |
|---|---|---|---|---|
| १ | श्रीतीर्थंकरनाम. | २२ श्रीनेमिनाथ | २३श्रीपार्श्वनाथ | २४ श्रीमहावीर |
| २ | च्यवनतिथि. | कार्तिकवदि १२ | चैत्रवदि ४ | आषाढशुदि ६ |
| ३ | विमाननाम. | अपराजित | प्राणत देवलोक | प्राणतदेवलोक |
| ४ | जन्मनगरी. | सौरिपुर | वणारसी | क्षत्रियकुंड |
| ५ | जन्मतिथि. | श्रावणशुदि ५ | पौषवदि १० | चैत्रवदि १३ |
| ६ | पितानां नाम. | समुद्र विजय | अश्वसेन | सिद्धार्थराजा |
| ७ | मातानांनाम. | शिवा देवी | वामा देवी | त्रिशला देवी |
| ८ | जन्मनक्षत्र. | चित्रानक्षत्र | विशाखा नक्षत्र | उत्तरा फाल्गुनी |
| ९ | जन्मराशि. | कन्याराशि | तुला राशि | कन्याराशि |
| १० | लांछन नाम. | शंखनुं लांछन | सर्पनुं लांछन | केशरी लांछन |
| ११ | शरीरनुं मान. | दशधनुष | नवहाथ | सातहाथ |
| १२ | आयुनुंप्रमाण. | हजारवर्ष | शो वर्ष | बहोंतेर वर्ष |
| १३ | शरीरनावर्ण. | श्यामवर्ण | नीलो वर्ण | पीलो वर्ण |
| १४ | पदवीराजानी. | कुमार पदवी | कुमारपदवी | कुमार पदवी |
| १५ | पाणिग्रहण. | नथी परण्या | परण्या | परण्या |
| १६ | केटलासाथेदीक्षा. | १०००) साधु | (३०० साधु | एकाकी दीक्षा |
| १७ | दीक्षानगरी. | सौरिपुर | वणारसी | क्षत्रियकुंड |
| १८ | दीक्षातप. | बे उपवास | बे उपवास | बे उपवास |
| १९ | प्रथमपारणानोआ. | क्षीरभोजन | क्षीरभोजन | क्षीरभोजन |
| २० | पारणानांस्थान | वरदिन्न | धन्यनाम | बहुल ब्राह्मण |
| २१ | केटलादिवसनुंपारणुं | बे दिवस | बे दिवस | बे दिवस |
| २२ | दीक्षातिथि. | श्रावण शुदि ६ | पौषवदि ११ | मागशिर वदि ११ |
| २३ | छद्मस्थकाल. | चोपनदिवस | चोराशी दिवस | बार वर्ष |
| २४ | ज्ञाननगरी. | गिरनार | वणारसी | ऋजुवालुका नदी |
| २५ | ज्ञानतप. | त्रण उपवास | त्रण उपवास | बे उपवास |
| २६ | दीक्षावृक्ष. | वेडसवृक्ष | धातकीवृक्ष | शालवृक्ष |
| २७ | ज्ञानतिथि. | आशोवदि०) | चैत्रवदि ४ | वैशाख शुदि १० |

आ बावन बोल प्रत्येक तीर्थंकरमां कह्े छे.

| | | | |
|---|---|---|---|
| २८ गणधरसंख्या. | ११) गणधर | १०) गणधर | ११) गणधर. |
| २९ साधुउनीसंख्या. | १८०००) | १६०००) | १४०००) |
| ३० साधवीयोनी संख्या. | ४००००) | ३८०००) | ३६०००) |
| ३१ वैक्रियलब्धिवंत. | १५००) | ११००) | ७००) |
| ३२ वादियोनी संख्या. | ८००) | ६००) | ४००) |
| ३३ अवधिज्ञानी संख्या. | १५००) | १०००) | १३००) |
| ३४ केवली संख्या. | १५००) | १०००) | ७००) |
| ३५ मनःपर्यव संख्या. | १०००) | ७५०) | ५००) |
| ३६ चौद पूर्वीसंख्या. | ४००) | ३५०) | ३००) |
| ३७ श्रावकसंख्या. | १६९०००) | १६४०००) | १५९०००) |
| ३८ श्राविकासंख्या. | ३३६०००) | ३३९०००) | ३१८०००) |
| ३९ शासन यक्षोनां नाम. | गोमेधयक्ष | पार्श्वयक्ष | मातंगयक्ष |
| ४० शासनयक्षिणीनांना० | अंबिका | पद्मावती | सिद्धायिका |
| ४१ प्रथम गणधरनाम. | वरदत्त | आर्यदिन्न | इंद्रभूति |
| ४२ प्रथम आर्यानाम. | यक्षदिन्ना | पुष्पचूडा | चंदनबाला |
| ४३ मोक्ष स्थान. | गिरनार | समेतशिखर | पावापुरी |
| ४४ मोक्षतिथि. | आषाढशुदि ८ | श्रावण शुदि ८ | कार्तिक वदि ०) |
| ४५ मोक्षसंलेषणा. | एकमास | एकमास | बे उपवास कर्या |
| ४६ मोक्षआसन. | पद्मासन | काउस्सग | पद्मासन |
| ४७ अंतरमान. | ८३७५०) वर्ष. | २५०) वर्ष | चरमजिनेश्वर. |
| ४८ गणनाम. | राक्षसगण | राक्षसगण | मानवगण |
| ४९ योनिनाम. | महिषयोनि | मृगयोनि | महिषयोनि |
| ५० मोक्षपरिवार. | ५३६) परिवार | ३३) परिवार | एकला पोते |
| ५१ भवसंख्या. | नवभवकर्या | दशभव कर्या | सत्यावीशभवक० |
| ५२ कुलगोत्रनाम. | हरिवंश | इक्ष्वाकुकुल | इक्ष्वाकुकुल |
| ५३ गर्भकालमान. | मास ९ दिवस ८ | मास ९ दिवस ६ | मास ९ दिवस ७॥ |

आ यंत्र अनुसार दरेक तीर्थंकरना बावन बोलनो संबंध जाणवो. ते मध्येनां मातादि केटलांएक द्वार व्युत्पत्तिना कारणसर प्रथम पृथक् बतावेल छे.

आ चोवीश तीर्थंकरमांहेना नवमा, दशमा, अग्यारमा, बारमा, तेरमा, चौदमा, अने पंदरमा ए सात तीर्थंकरना निर्वाण थया पछी तेमनां शासन ( द्वादशांग वाणीरूप शास्त्र ) तथा साधु, साध्वी, श्रावक, अने श्राविका चतुर्विध श्रीसंघरूप तीर्थ केटलाएक काल प्रवर्त्ती विछेद गयां. ते समये भारत वर्षमां जैनमततुं नाम पण विद्यमान न होतुं; ते वखतथी अनेक मत मतांतर तथा कुशास्त्रोनी प्रायः प्रवृत्ति थई ते वर्तमान काल सुधी विद्यमान छे. बहु लोकोए स्वकपोलकल्पित शास्त्रो रचीने प्राचीन मुनि, ऋषि अथवा ईश्वरप्रणीत ते छे एम प्रसिद्ध कर्यां. ए प्रमाणे त्रणसो त्रेसठ मत प्रवर्त्या. चारे आर्यवेद विछेद गया, अने नवीन वेदोनी रचना करी. नवीन वेदो मध्ये पण लोकोए केटलीएक वार नवी नवी रचना करी तेमने उलट पालट करी दीधा. नवी नवी रचना कर्या पछी जे बाकी रह्या तेनी अनेक तरेहथी भाष्य, टीका, दीपिका, रचीने अर्थमां गडबड करी दीधी. अत्यार सुधी ते प्रमाणेज कर्या करे छे. आ सर्व स्वरूप ज्यां वेदोनी उत्पत्ति विषे लखशुं त्यां स्पष्ट लखशुं–वेद–नाम बहुज प्राचीन कालथी छे. जे पुस्तकोनां नाम वेद आज प्रसिद्ध छे ते प्राचीन नथी. तेनुं प्रमाणयुक्त वर्णन आगल करवामां आवशे. इति श्री तपागछीयमुनिश्रीबुद्धिविजयशिष्य मुनि श्री आनंदविजय श्री आत्मारामविरचिते जैनतत्त्वादर्शे प्रथमः परिछेदः संपूर्णः ॥

---

## ॥ अथ द्वितीय परिछेद ॥

आ परिछेदमां कुदेवनुं स्वरूप लखियें छियें जे " भगवान् " नथी परंतु लोकोए पोतानी मतिथी जेने परमेश्वर मान्या तेने कुदेव कहेवामां आवे छे. ते कुदेवनुं स्वरूप प्रथम वर्णवेला देव स्वरूपथी विपरीत छे एम सर्व बुद्धिमान् तो जाणी शके छे परंतु जेउ विस्तारपूर्वक लखवाथी समजी शके छे तेमना हित सारु लखियें छियें.

उत्तर–नवीन वेदांती, नैयायिक, वैशेषिकादि सर्व अज्ञानी थया छे के जे ईश्वरने जगत्कर्त्ता माने छे.

प्रश्न–ईश्वर जगत्ना अथवा सर्व वस्तुना कर्त्ता छे एम जो मानियें तो शुं दूषण छे ?

उत्तर–ईश्वरने जगत्ना कर्त्ता अथवा सर्व वस्तुना कर्त्ता मानवामां बहु दूषणो आवे छे.

प्रश्न–आप अपूर्व वात कहोछो. अमें तो कदी सांजल्युं नथी के ईश्वरने जगत्कर्त्ता अथवा सर्व वस्तुना कर्त्ता मानवामां दूषण आवेछे. हवे तो आपें ईश्वरने जगत्कर्त्ता मानवामां शुं शुं दूषणो आवेछे ते केहेवुं जोइये ?

उत्तर–हे जव्य ! प्रथम तो आप ए बतावो के आप कया ईश्वरने जगत्कर्त्ता मानोछो ?

प्रश्न–शुं ईश्वर पण कइक तरेहना छे, जे आप अमने एम पुछोछो ?

उत्तर–शुं आप नथी जाणता के बे प्रकारना ईश्वर मतावलंबियोयें मानेलाछे ? एकतो जगत् उत्पत्ति पेहेलां केवल एकज ईश्वर हता; जगत्नां उपादानादि कोइ पण कारण अथवा बीजी वस्तु न होती, एकज शुद्ध बुद्ध सच्चिदानंदादिस्वरूपयुक्त परमेश्वर हता. केटलाएक जीवोने तो एवा ईश्वर, जगत् वा सर्व वस्तुना रचनार संमत छे; अने बीजाउने तो १ जीव २ परमाणु ३ आकाश ४ काल दिशादि सामग्रीवाला अर्थात् एक तो ईश्वर उपर वर्णवेला विशेषणसंयुक्त–अने जेथी जगत् रचीशकाय एवी बीजी सामग्री–ए बंने वस्तु अनादि छे, एम संमत छे; अर्थात् एक तो ईश्वर, अने बीजी जगत् उत्पन्न करवानी सामग्री; ए बंने कोइयें बनावी नथी एम तेउ मानेछे. हवे आपने आ बे मतमांथी कयो मत संमतछे.

पूर्वपक्ष–अमने तो प्रथम मत संमत छे. कारण के वेदादि शास्त्रोमां एम लख्युं छे–" एतस्मादात्मन आकाशः संभूतः आकाशाद्वायुः वायोरग्निरग्नेरापः अद्भ्यःपृथिवी पृथिव्या उंषधयः उंषधिभ्योन्नमन्नाद्रेतः रेतसः पुरुषः सवा एष पुरुषोन्नरसमयः" आ तैत्तिरीय शाखानी श्रुतिछे; तथा "सदेव सौम्येदमग्रआसीदेकमेवाऽद्वितीयं तदैक्षत बहुः स्यां प्रजायेयेति " आ श्रुति छांदोग्य उपनिषद्नी छे. तथा "ना सदासीन्नो सदासीत्तदानीन्ना

सीद्रजोन व्योम परोयत् किमावरीवः कुहकस्य शर्मण्यम्रः किमासीज्जहनं गम्नीरं " आ श्रुति ऋग्वेदनीछे, तथा " आत्मा वा इदमग्र आसीन्नान्यत् किंचिन्मिषत् स ईक्षत लोकानुसृज इति " आ ऐतरेय ब्राह्मणनी श्रुति छे; इत्यादि अनेक श्रुतियोथी सिद्ध थायछे के सृष्टिनी पेहेलां एक ईश्वर हता. न जगत् हतुं अथवा नहोतुं जगतनुं कारण,एकज ईश्वर शुद्धस्वरूप हता. वली इसाइ तेमज मुसलमान मतवाला पण एमज माने छे. ए हेतुथी अमे प्रथम पक्ष मानियें छीयें.

उत्तर– हे पूर्वपक्षि! आपनुं ए केहेवुं ईश्वरने बहुज कलंकित करेछे.

पूर्वपक्ष– जगत् रचवाथी ईश्वरने शुं कलंक प्राप्त थाय छे ?

उत्तरपक्ष– प्रथम तो जगतनुं उपादान कारण नथी, ते हेतुथी जगत् कदापि उत्पन्न थइ शकतुं नथी. जेनुं उपादान कारण होय नहि ते कार्य कदापि उत्पन्न थइ शके नही. जेम के गधेडानां सींग.

पूर्वपक्ष–ईश्वरें पोतानी शक्ति, नामांतर कुदरतथी जगत् रचेल छे. ईश्वरनी जे शक्ति छे तेज उपादान कारण छे.

उत्तरपक्ष– ईश्वरनी जे शक्ति छे ते ईश्वरथी भिन्न छे, के अभिन्न छे ? जो कहो के भिन्न छे, तो पछी जड छे के चेतन छे ? जो कहो के जड छे, तो ते नित्य छे, के अनित्य छे? जो कहो के नित्य छे तो आपनुं एम जे केहेवुं हतुं के सृष्टिनी पेहेलां एक केवल ईश्वर हता अने बीजी कांइपण वस्तु न होती; ते प्रमाणरहित अन्यायी वचन थयुं, पोतेज पोताना वचनने मृषा कराव्युं. वली एम कहो के अनित्य छे तो पछी तेनी उपादानकारणरूप बीजी ईश्वरनी शक्ति थइ, ते शक्तिनी उत्पन्न करनारी त्रीजी शक्ति थइ; एवीरीतें करतां अनवस्था दूषण आवे छे. जो कहो के चेतन छे, तो पछी नित्य छे के अनित्य छे ? बंने पक्षमां उपर बताव्या मुजब पूर्वापर स्ववचन व्याहत तेमज अनवस्था दूषण छे. जो कहो के ईश्वरशक्ति ईश्वरथी अभिन्न छे तो सर्ववस्तुने, ईश्वरज केहेवी जोइये, जो सर्ववस्तु ईश्वर बनी गइ तो पछी सारुं के बुरुं, नरकके स्वर्ग, पुण्य के पाप, धर्म के अधर्म, उंचनीच, रंकराजा,सुशील के दुःशील, राजा तेमज प्रजा, चोर तेमज साधु, सुखी तेमज दुःखी इत्यादि सर्व, ईश्वर पोतेज बन्या. हवे विचारो के ईश्वरें जगत् शुं रच्युं ? पोतेज

पोतानुं सत्तानाश करी लीधुं. आ प्रथम कलंक ईश्वरने लागे छे, तथा ज्यारें ईश्वर पोतेज सर्वरूप बनी गया तो पछी वेदादि शास्त्र शा माटे बनाव्यां ? तेमज तेनो अभ्यास करवाथी शुं फल थयुं? आ बीजुं कलंक; तथा ज्यारे वेदादि शास्त्र बनाव्यां त्यारें पोते पोताने ज्ञानी बनाववाने रच्यां ते उपरथी सिद्ध थयुं के प्रथम तो पोते अज्ञानी हता. आ त्रीजुं कलंक; तथा शुद्ध हता ते अशुद्ध बन्या कारण के जगत्रूप बनवानी मेहेनत करी जे निष्फल थई. आ चोथुं कलंक; कोइ वस्तु जगत्मां सारी के बुरी नहि, आ पांचमुं कलंक; शा माटे पोते पोताने संकटमां नाख्या. आ छठुं कलंक; इत्यादि अनेक कलंक आप ईश्वरने लगावो छो.

पूर्वपक्ष–ईश्वर सर्वशक्तिमान् छे, ते हेतुथी ईश्वर, उपादान कारण विनापण जगत् रची शकेछे.

उत्तरपक्ष–आ जे आपनुं केहेवुं छे ते प्यारी स्त्री अथवा मित्र मानशे परंतु प्रेक्षावान् कोईपण नहि माने; कारण के आ तमारा केहेवामां कोईपण प्रमाण नथी. जेनुं उपादानकारण होय नहि ते कार्य कदी थई शके नहि. जेम के गधेडानां सींग, एवुं प्रमाण आपना केहेवाने बाधक छे परंतु साधक तो कोई नथी, तेम छतां हठ करी स्वकपोलकल्पितनेज मानशो तो प्रेक्षावाननी पंक्तिमां कदापि दाखल नहि थई शको. तेमज आ तमारा कथनमां ईतरेतर आश्रय दूषणरूप वज्रनो प्रहार पडे छे. जेम के सृष्टिनी पेहेलां उपादानादि सामग्रीरहित केवल शुद्ध, एक ईश्वर सिद्ध थाय तो सर्वशक्तिमान् सिद्ध थाय, जो सर्वशक्तिमान् सिद्ध थाय तो सृष्टिनी पेहेलां उपादानादि सामग्रीरहित केवल शुद्ध, एक ईश्वर सिद्ध थाय; आ बंनेमांथी ज्यां सुधी एक सिद्ध न थाय त्यांसुधी बीजुं कदीपण सिद्ध न थाय. तेमज आ तमारा कथनमां चक्रक दूषण आवे छे, सृष्टिकर्त्ता सिद्ध थाय तो सर्वशक्तिमान् सिद्ध थाय. ज्यारें सर्व शक्तिमान् सिद्ध थाय त्यारें सृष्टिनी पेहेलां सामग्रीरहित केवल शुद्ध एक ईश्वर सिद्ध थाय, ज्यारे एम थाय त्यारे सृष्टिकर्त्ता सिद्ध थाय, एम प्रगट चक्रक दूषण आवे छे.

पूर्वपक्ष–ईश्वर तो प्रत्यक्ष प्रमाणथी सिद्ध छे, पछी आप तेने सृष्टिकर्त्ता केम नथी मानता ?

उत्तरपक्ष– जो ईश्वर सृष्टिना कर्त्ता प्रत्यक्ष प्रमाणथी सिद्ध थाय तो कोइने पण अमान्य न होय, अने तमारो अमारो ईश्वरविषयी विवाद पण कदी न होय, कारण के प्रत्यक्षमां विवाद होतोज नथी. परंतु ईश्वरनुं प्रत्यक्ष दर्शन तो आपना वेदमंत्रथी विरुद्ध छे. वेदमंत्र. अपाणिपादो जवनो ग्रहीता, पश्यत्यचक्षुस्सशृणोत्यकर्णः ॥ सवेत्ति विश्वं नच तस्यास्ति वेत्ता, तमाहुरग्र्यं पुरुषं पुराणम् ॥ आ मंत्रथी साबीत थायछे के ईश्वरने जाणनार कोइ छे नहि.

पूर्वपक्ष–कर्त्ता विना जगत् केम थइ गयुं ? आ अनुमान प्रमाणथी ईश्वर सृष्टिकर्त्ता सिद्ध थाय छे, ते आप केम नथी मानता ?

उत्तरपक्ष– आ आपना अनुमाननुं बीजा ईश्वरपक्षमां खंडन करवामां आवशे. उपर बतावेला प्रकारथी एक केवल उपादानादि सामग्री रहित, सृष्टिनी पेहेलां ईश्वर सिद्ध न थया तो पण अमे आगल चलावियें छियें. ज्यारे ईश्वरें आ जीवोने रच्या हता त्यारे १ निर्मल रच्या हता ? २ पुण्यवाला रच्या हता ? ३ पापवाला रच्या हता ? ४ मिश्रित पुण्यपाप अर्धो अर्धवाला रच्या हता ? ५ पुण्य अल्प पाप अधिक एवा रच्या हता ? ६ किंवा पुण्य अधिक पाप अल्प एवा रच्या हता ? जो प्रथम पक्ष ग्रहण करशो तो जगत्मां सर्व जीव निर्मलज होवा जोइये, पछी वेदादि शास्त्रद्वारा तेउने उपदेश करवो वृथा छे. तेमज वेदादि शास्त्रोना कर्त्ता पण मूढ सिद्ध थशे. कारण के जो प्रथमथीज जीव निर्मल छे तो तेउने माटे शास्त्र शा माटे रच्यां ? जे वस्त्र निर्मल होय छे तेने कोइपण बुद्धिमान् धोता नथी. जो कदापि धोवे तो ते महामूढ छे. आ कारणथी जे निर्मल जीवोना उपदेश निमित्त शास्त्र रचे ते पण मूढ छे.

पूर्वपक्ष–ईश्वरें तो जीवोने शुद्ध निर्मल अर्थात् सारा बनाव्या हता, परंतु जीवोए पोतानी इछाथी सारां अथवा भूंडां कामो करी लीधां छे, तेमां ईश्वरनो कांइ दोष नहि.

उत्तरपक्ष–जो ईश्वरें जीवोमां सारां अथवा बुरां काम करवानी शक्ति रची न होती तो पछी जीवोमां पुण्य अथवा पाप करवानी शक्ति क्यांथी आवी ?

पूर्वपक्ष–शक्तियो तो जीवमां सर्व ईश्वरेंज रची छे, परंतु जीवोने बुरां

कांम करवामां प्रवर्त्ताव्या नथी. बुरां काम करवामां जीव पोतेज प्रवृत्त थयेलछे. जेम के कोइ गृहस्थें पोताना प्रिय बालक पुत्रने खेलवा माटे एक रमकडुं दीधुं, हवे जो ते बालक ते खेलवानी वस्तुथी पोतानी आंख खोवे तो तेमां तेना पितानो शुं दोष छे? तेवीज रीतें ईश्वरें जीवोने जे हाथ, पग प्रमुख वस्तुउं आपीछे ते नित्य केवल धर्म करवाने वास्ते आपेली छे, पछी जे जीव पोतानी इछाथी ते वस्तुने पापकर्ममां प्रवर्त्तावे तो तेमां ईश्वरनो शुं दोष छे?

उत्तरपक्ष—हे जव्य? आ जे तमे बालकनुं दृष्टांत आप्युं ते समीचीन नथी. कारण के बालकना मातपिताने ए ज्ञान नथी के बालकने खेलवा वास्ते आपणें जे वस्तु आपियें छियें ते खेलवानी वस्तुथी आ बालक पोतानी आंख फोडी नाखशे, जो कदापि बालकना मातपिताने ए ज्ञान होत के आ बालक खेलवानी वस्तुथी पोतानी आंख फोडी नाखशे तो ते माता पिता कदापि तेना हाथमां ते खेलवानी वस्तु आपत नहि, जो कदी जाणवा छतां आपे तो ते तेनां मातपिता नथी परंतु परम शत्रु छे. तेवीज रीतें ईश्वर मातपिता तुल्य छे अने तमे अमे तेनां बालक छियें. जो ईश्वर जाणता हता के में आ जीवोने रच्या, तेउंने हाथ, पग, मन इंद्रियादि सामग्री आपी छे, आ जीव ते सामग्रीथी बहु पाप करीने नरकमां जानार छे, तो पछी ईश्वरें ते जीवने शा माटे रच्यो? जो कदी एम कहो के ईश्वर ए वात जाणता न होता के में धर्म करवाने आपेली सामग्रीथी पाप करीने ते जीव नरकमां जाशे, तो पछी ईश्वर आपना केहेवाथीज अज्ञानी, असर्वज्ञ, सिद्ध थाय छे. जो कदी एम कहो के ईश्वर जाणता हता के आ जीव मारी आपेली सामग्रीथी पाप करीने नरक जवानो छे तो पछी अमने रचनार ईश्वर परम शत्रु थया के नहि? प्रयोजन विना रांक जीवोने सामग्रीद्वारा पाप करावीने शा माटे तेउंने नरकमां नाख्या? ज्यारे सामग्रीद्वारा प्रथम पाप कराव्यां अने पछी नरकमां जवानी शिक्षा करी त्यारे आ तमारा केहेवाथी ईश्वर करतां अधिक अन्यायी कोइ नथी; कारण के प्रथम तो ते जीवने रच्यो, पछी नरकमां नाख्यो. बस आथीज तमे ईश्वरने अन्यायी,

असर्वज्ञ, निर्दय, अज्ञानी, वृथा मेहेनती इत्यादि कलंक दीधां. ते कारणथी निर्मल जीव ईश्वरें रच्या नथी ए प्रथम पक्षोत्तर.

द्वितीय पक्षोत्तर–जो एम कहो के ईश्वरें पुण्यवालाज जीव रच्याछे तो ते पण तमारुं केहेवुं मिथ्या छे. कारण के जो पुण्यवालाज सर्व जीव हता तो गर्नमांज अंधा, लंगडा, लूला, बहेरा, मूंगा होवापणुं, ज्रूंडुं रूप, नीच अथवा निर्धन कुलमां जन्मवा पणुं, जावजीव दुःखी रेहेवुं, खावा पीवाने पुरुं न मलवुं, महाकष्टकारक मेहेनत करी पेट जरवुं, आ सर्व पुण्यना उदयथी होइ शकतुं नथी, वली पुण्य कर्या विनाज जीवोने ईश्वरें पुण्य केम लगावी दीधुं ? जो कदी कर्या विनाज जीवोने ईश्वरें पुण्य लगावी दीधुं तो तेवीज रीतें धर्म कर्या विनाज जीवोने स्वर्ग तेमज मोक्ष केम नथी पहोंचाडी शकता ? शास्त्रोपदेश करावीने, ज्रूखें मरावीने, तृष्णा छोडावीने, राग द्वेष मिटावीने, घरबार तजावीने, साधु बनावीने, टुकडा मगावीने, दया, दम, दान, सत्यवचन, चोरीनो त्याग, स्त्रीनो त्याग, इत्यादि अनेक साधन करावीने पछी स्वर्ग मोक्षमां पहोंचाडवा; आ संकट ईश्वरें फोकट उत्पन्न करीने जीवोने शा माटे दुःख दीधुं. आ वातथी तो ए प्रतीत थायछे के ईश्वरने कांइ समजण नथी.

तृतीय पक्षोत्तर– जो कदी एम कहो के ईश्वरें पापसंयुक्तज जीव रच्या छे, तो पछी कर्या विनाज जीवोने पाप लगावी दीधां तेमां तो ईश्वरें अमारुं सत्तानाश करी दीधुं. हवे अमे कोनी पासे जइ विनति करियें के गुन्हा कर्या विना ईश्वर अमने पाप लगावे छे, जेथी आप तेमने मनां करो के कर्याविना अमने पाप न लगावे; एवा अन्यायी ईश्वरनुं तो कदी नाम पण लेवुं न जोइयें. तथा जो ईश्वरें पापसंयुक्तज सर्व जीव रच्या छे, तो राजा, मंत्री, शेठ, सेनापति, धनवान् इत्यादिना घरमां उत्पन्न थवुं, नीरोगी काया, सुंदर रूप, सुंदर शरीर, घरमां आदर सन्मान, बहार यशकीर्त्ति, पंचेंद्रिय, विषयजोग, इत्यादि सामग्री प्राप्त थवानो पापथी कदी संजव होतो नथी. ते कारणथी जीवोने केवल पापवान् ईश्वरें रच्या नथी. इति.

चतुर्थ पक्षोत्तर–जो एम कहो के अर्धोअर्ध पुण्य पापवाला जीव ई-

श्वरें रच्या छे तो ते पक्ष पण यथार्थ नथी, कारण के अरधा सुखी अ-रधा दुःखी एवा पण सर्व जीव देखवामां आवता नथी. इति.

पंचम पक्षोत्तर– पांचमो पक्ष पण ठीक नथी, सुख थोडुं अने दुःख विशेष एवा पण सर्व जीव देखवामां नथी आवता, परंतु सुख विशेष अने दुःख अल्प, एवा बहु जीव देखवामां आवे छे. इति.

षष्ठ पक्षोत्तर– छठो पक्ष पण समीचीन[1] नथी. सुख घणुं अने दुःख थोडुं एवा पण सर्व जीव देखवामां आवता नथी, दुःख बहु अने सुख अल्प, एवा बहु जीव देखवामां आवे छे. आ हेतुउथी ईश्वर जीवोने कोइपण व्यवस्थावाला रची शकता नथी. तो पछी सृष्टिना कर्त्ता ईश्वर केम सिद्ध थइ शके छे? कदी थइ शकता नथी. तथा ज्यारे ईश्वरें सृष्टि रची न होती त्यारें ईश्वरने शुं दुःख हतुं? अने ज्यारे सृष्टि रची त्यारे शुं सुख थयुं?

पूर्वपक्ष–ईश्वर तो सदा परम सुखी छे. शुं ईश्वरमां कांइ न्यूनता छे के ते न्यूनताने पूर्ण करवा वास्ते सृष्टि रचे छे. ते तो जगत्मां पोतानी ईश्वरता प्रगट करवाने सृष्टि रचे छे.

उत्तर पक्ष–ज्यारें ईश्वरें सृष्टि रची न होती त्यारें तो ईश्वरनी ईश्व-रता प्रगट न होती अने ज्यारे सृष्टि रची त्यारे ईश्वरता प्रगट थइ, तो प्रथम ज्यारें ईश्वरनी ईश्वरता प्रगट न होती थइ त्यारे तो ईश्वर बहुज उदास, तेमज अपूर्ण मनोरथवाला अने ईश्वरता प्रगट करवामां विह्वल हता. आ हेतुथी अवश्य ईश्वरने दुःख होवुं जोइयें. ज्यारें ईश्वर सृष्टिनी पेहेलां एवा दुःखी हता त्यारे निरुद्यमी केम बेसी रह्या हता? आ सृष्टिनी पेहेलां बीजी सृष्टि रचीने पोतानुं दुःख केम दूर कर्युं न होतुं?

पूर्वपक्ष–ईश्वरें जे सृष्टि रची छे ते जीवोने धर्म करावीने तेउने अनंत सुख देशे. आ परोपकार वास्ते ईश्वरें सृष्टि रची छे.

उत्तरपक्ष–धर्म करावीने जीवोने सुख देवुं ते तो तमारा केहेवा मु-जब परोपकार थयो, परंतु जेउ पाप करीने नरकमां गया तेउना उपर शुं उपकार कर्यो? तेउने दुःखी करवाथी शुं ईश्वर परोपकारी थइ शके छे?

१ सारो वा प्रमाणसिद्ध सत्य.

पूर्वपक्ष–तेउने नरकमांथी काढीने पछी स्वर्गमां स्थापन करशे;

उत्तरपक्ष–तो पछी प्रथमज नरकमां केम जवा दीधा?

पूर्वपक्ष–ईश्वरज सर्व पुण्यपापादि करावे छे. जीवने आधीन कांइपण नथी. ईश्वर जे चाहे छे ते करावे छे. जेम काष्ठनी पुतलीने बाजीगर जेम चाहे छे तेम नचावे छे अने पुतली स्वाधीन नथी तेम.

उत्तरपक्ष–जो जीवने कांइ आधीन नथी तो जीवने सारा नरसानुं फल पण न जोइयें. कारण के जो कोइ सरदार कोइ नोकरने फरमावे के तमे आ काम करो पछी नोकर सरदारना हुकम मुजब ते काम करे, अने ते काम सारुं अथवा नरसुं छे तो शुं पछी ते सरदार ते नोकरने कांइ शिक्षा करी शके छे? कांइ पण करी शकता नथी. तेवीज रीतें ईश्वरनी आज्ञाथी जो जीवें पुण्य अथवा पाप कर्यां तो पछी पुण्य पापनुं फल जीवोने नज मलवुं जोइये. ज्यारें पुण्य पाप जीवनां कर्यां थतां नथी त्यारें स्वर्ग तेमज नरक पण जीवने न होवां जोइयें. पछी जीवने, नरक, स्वर्ग, तिर्यक् तेमज मनुष्य ए चार गति पण न होय. ज्यारे चार गति न होय त्यारे संसार पण न होय. जो संसार न होय तो वेद, पुराण, तौरे, तजबूर, इंजिल प्रमुख शास्त्र पण न होय. ज्यारें शास्त्र न होय त्यारें शास्त्रना उपदेशक पण न होय, ज्यारें शास्त्रना उपदेशक पण होय नहि त्यारे ईश्वर पण नहि. जो ईश्वरज नहि तो पछी सर्व शून्यता सिद्ध थइ. आ कलंक केम मटशे?

पूर्वपक्ष–आ जगत् बाजीगरनी बाजी जेवुं छे, अने ईश्वर तेना बाजीगर छे. तेथी ईश्वर आ जगत्ने रचीने खेलथी क्रीडा करेछे. नरक, स्वर्ग, पुण्य तेमज पाप कांइ नथी.

उत्तरपक्ष–जो ईश्वरें क्रीडाने माटे जगत्नी रचना करी तो क्रीडाज मात्र तेनुं फल थवुं जोइयें. परंतु आ जगत्मां तो कुष्टी, रोगी, शोकी, धनहीन, बलहीन, महादुःखी इत्यादि महाप्रलाप करी रह्याछे, जेउने देखीने दयावश थवाथी अमारां रोम उंचां थायछे. तो शुं पछी ईश्वरने आ दुःखी जीवोने देखीने दया नथी आवती? जो ईश्वरने दया नथी आवती तो पछी निर्दयपण कदी ईश्वर थइ शकेछे? वली जे क्रीडा करवा वाला छे ते बालकनी पेठे रागी, द्वेषी, अज्ञानी होय छे. जो राग द्वेष छे

तो तेमां सर्व दूषण छे जो पोतेज अवगुणथी ज्ररेला छे तो ते ईश्वर शेना ? ते तो संसारी जीवछे. वली जो राग द्वेषवाला हशे तो सर्वज्ञ कदापि न हशे; जो सर्वज्ञ नहि तो तेने ईश्वर कोण कही शकेछे ?

पूर्वपक्ष–जीवोएं करेलां पुण्य पापने अनुसारें ईश्वर दंड दिये छे, तेमां ईश्वरने शुं दोष छे ? जेवां जेणें ( पुण्यपाप ) कर्यां तेवां तेने फल दीधां.

उत्तरपक्ष–आ तमारा केहेवाथी, आ संसार अनादि सिद्ध थइ गयो, वली ईश्वर कर्त्ता नहि एम सिद्ध थयुं. वाह रे मित्र ? पोते पोतानी मेलेज मात थया. कारण के जे जीव हाल छे, अने जे कांइ तेउने अ-हियां फल मलेल छे, ते पूर्वजन्ममां करेलुं सिद्ध थयुं. वली जे पूर्व जन्म हतो तेमां जे दुःख सुख जीवने मलेल हतुं, ते तेनी पेहेलांना पूर्वज-न्ममां कस्युं हतुं. तेवी रीतें पूर्व पूर्व जन्ममां दुःख सुख करवां अने उत्तरोत्तर जन्ममां सुख दुःखने ज्रोगववां, एम करतां संसार अनादि सिद्ध थायछे. हवे विचारो के जगत्ना कर्त्ता ईश्वर केम सिद्ध थया ?

पूर्वपक्ष–अमें तो एकज परमब्रह्म पारमार्थिक सद्रूप मानियें छियें.

उत्तर– जो एकज परम ब्रह्म सद्रूप छे, तो पछी आ जे सरल, रसाल, प्रियाल, हिंताल, ताल, तमाल, प्रवाल प्रमुख पदार्थ अग्रगामी पणे क-री जे प्रतीत थाय छे ते शा कारणथी सत्स्वरूप नथी.

पूर्वपक्ष–आ पूर्वोक्त पदार्थ जे प्रतीत थाय छे ते सर्व मिथ्या छे. ते-मज अनुमानप्रपंच पण मिथ्या छे. प्रतीत होवाथी जे एवा छे ते एवा छे, जेम के सीप, चांदीरूप, तेवोज आ प्रपंच छे. आ अनुमानथी प्रपंच मिथ्यारूप छे अने एक ब्रह्मज पारमार्थिक सद्रूप छे.

उत्तरपक्ष– हे पूर्वपक्षि ! आ अनुमान केहेवाथी आप तीक्ष्ण बुद्धि-मान् नथी, तेज हवे बताविये छियें. आ जे प्रपंच तमे मिथ्यारूप माने-ल छे ते मिथ्या त्रण तरेहनुं होय छे. एक तो अत्यंत असत् रूप, बीजुं छे तो कांइ अन्य, अने प्रतीति होय अन्य तरेहनी, अने त्रीजुं अनि-र्वाच्य, आ त्रणे मिथ्यारूप प्रपंचमांथी कया प्रपंचने आप मानोछो ?

पूर्वपक्ष–आ त्रणे पक्षमांथी प्रथमना बे पक्षनो तोअमने स्वीकारज नथी त्रीजो अनिर्वाच्य पक्ष अमें मानियें छियें. तेथी आ प्रपंच अनिर्वाच्यमिथ्यारूप छे.

१ तेनां कारणरूप पाप पुण्य.

उत्तरपक्ष–प्रथम तो आप ते कहो के अनिर्वाच्य शुं वस्तु छे? अर्थात् आप अनिर्वाच्य कइ वस्तुने कहो छो? (१) शुं वस्तुने केहेवावालो शब्द नथी? (२) अथवा शब्दनुं निमित्त नथी? प्रथमनो विकल्प तो कल्पनाज करवा योग्य नथी. आ सरल छे, आ रसाल छे, एवा शब्द तो प्रत्यक्ष सिद्ध छे. बीजो विकल्प लहियें, तो शुं शब्दनुं निमित्त ज्ञान नथी? के पदार्थ नथी? प्रथम पक्ष तो समीचीन नथी. सरल, रसाल, ताल, तमाल, प्रमुखनुं ज्ञान तो प्राणी प्राणी प्रत्ये प्रतीत छे. सर्व बुद्धिवंत जीव जाणे छे के सरल, रसाल, ताल, तमाल प्रमुखनुं ज्ञान अमने छे. बीजो पक्ष–पदार्थ भावरूप नथी? के अभावरूप नथी? जो एम कहो के पदार्थ भावरूप नथी अने प्रतीत थाय छे, तो आपने विपरीत आख्याति मानवी पडी, अने अद्वैतवादियोना मतमां विपरीत आख्याति मानवी ते महादूषण छे. बीजो पक्ष-जो पदार्थ अभावरूप नथी तो भावरूप सिद्ध थया, त्यारे तो सतूख्याति मानवी पडी; अने ज्यारे अद्वैतमतनो अंगीकार कर्यो अने सतूख्याति मानवी पडी त्यारे सतूख्यातिना मानवाथी अद्वैतमतना मूलने कुहाडाथी कापी नाख्युं. एवी रीतें कदापि अद्वैतमत सिद्ध थशे नहि.

पूर्वपक्ष–भावरूप तथा अभावरूप ए बंने प्रकारें वस्तु नथी.

उत्तरपक्ष–अमें आपने पुछियें छियें के भाव तेमज अभाव आ बंनेना अर्थ जे लोकमां प्रसिद्ध छे तेज आपें मान्या छे? के तेनाथी विपरीत अन्य तरेहना अर्थ आपें मान्या छे? जो कदी प्रथम पक्ष मानशो तो ज्यां भावनो निषेध करशो त्यां अवश्य अभावने मानवो पडशे अने ज्यां अभावनो निषेध करशो त्यां अवश्य भावने कबुल करवो पडशे; कारण के बंने परस्पर विरोधी छे. तेथी एकनो निषेध बीजानो विधि अवश्य कबुल करावशे. ए रीतें अनिर्वाच्यता तो जड मूलथी नाश पामी. हवे बीजो पक्ष लेशो तो तेथी अमने कांइ हानि नथी, कारण के अलौकिक अर्थात् आपना मनःकल्पित शब्द तेमज शब्दनुं निमित्त जो नाश पामशे तो तेथी लौकिक शब्द तथा लौकिक शब्दनुं निमित्त कदापि नाश पामशे नहि; तो पछी अनिर्वाच्य प्रपंच केवी रीतें सिद्ध थशे? जो अनिर्वाच्य सिद्ध न थयो तो प्रपंच मिथ्या केम सिद्ध थायज? तो पछी एकज अद्वैत ब्रह्म पण केम सिद्ध थाय?

पूर्वपक्ष–अमें तो जे प्रतीत न थाय तेने अनिर्वाच्य कहियें छियें.

उत्तरपक्ष–आ तमारा केहेवामां तो बहुज विरोध आवे छे. जो कदी प्रपंच प्रतीत थतो नथी तो आपें पोताना प्रथम अनुमानमां प्रपंचने प्रतीयमान हेतुस्वरूपपणें शा माटे ग्रहण कर्यो? अने प्रपंचने अनुमान करती वेला धर्मिपणे शा माटे ग्रहण कर्यो? जो एम कहेशो के प्रपंचने धर्मीपणे अथवा प्रतीयमान हेतुपणे ग्रहण करवामां शुं दोष छे? तो पछी आपें उपर जे प्रतिज्ञा करी हती के अमे तो जे प्रतीत न होय तेने अनिर्वाच्य कहियें छियें, तो हवे प्रपंच अनिर्वाच्य केवी रीतें सिद्ध थयो? ज्यारे प्रपंच अनिर्वाच्य नहि त्यारे तो भावरूप अथवा तो अभावरूप सिद्ध थशे. आ बंने पक्षमां कोइपण रूपें प्रपंच मानवाथी पूर्वोक्त विपरीताख्याति तथा सत्ख्याति रूप बंने दूषण वली आपना गलामां रसी नाखे छे. हवे भागी क्यां जशो? वली अमे आपने पुछियें छियें के आ प्रपंचने तमे जे अनिर्वाच्य मानोछो ते प्रत्यक्ष प्रमाणथी मानोछो? के अनुमान प्रमाणथी? प्रत्यक्ष प्रमाण तो आ प्रपंचने सत् स्वरूपज सिद्ध करेछे. जेवा जेवा पदार्थ छे, तेवुं तेवुंज प्रत्यक्ष ज्ञान उत्पन्न थाय छे. वली प्रपंचस्वरूप एवुं छे के, परस्पर जुदी जुदी जे वस्तुउं छे ते पोत पोताना स्वरूपमां भावरूप छे, अने बीजा पदार्थना स्वरूपनी अपेक्षायें अभावरूप छे. आ इतरेतर विविक्त वस्तुउंनेज प्रपंच रूप मानेल छे, तो पछी प्रत्यक्ष प्रमाण, प्रपंचने अनिर्वाच्य केवी रीतें सिद्ध करी शके छे?

पूर्वपक्ष–उपर बतावेल अमारो जे पक्ष छे तेने प्रत्यक्ष कांइ पण हानि करी शकतुं नथी, कारण के प्रत्यक्ष तो विधायकज छे. जो कदी प्रत्यक्ष एक वस्तुमां बीजी वस्तुना स्वरूपनो निषेध करे तो अमारा पक्षने बाध करनार ठरे, परंतु प्रत्यक्ष प्रमाण तो एवुं नथी. प्रत्यक्ष प्रमाण तो अन्य वस्तुमां अन्य वस्तुनुं स्वरूप निषेध करवाने बुंठुं (कुंठ) छे.

उत्तर पक्ष–आ पण आपनुं कहेवुं असत्य छे. अन्य वस्तुना स्वरूपनो निषेध कर्या विना प्रस्तुत वस्तुना यथार्थ स्वरूपनो कदापि बोध नहि थाय. पीळुं इत्यादि वर्णोना अभावनो ज्यारे बोध थशे, त्यारेज काळुं एवा रूपनो बोध थशे. तेमज ज्यारे प्रत्यक्ष प्रमाणथी यथार्थ व-

लोलुप तथा विषयमां अति आसक्त देखीने राजा ( शंकरस्वामी ) सन्मुख नाटक करवा लाग्या. शंकरस्वामिने परोक्तिथी प्रतिबोध करवा लाग्या. ते परोक्ति नीचे मुजब.

( १ ) " यत्सत्यमुख्यशब्दार्थानुकूलं,तत्त्वमसि तत्त्वमसि राजन्! (२) नह्येतत्त्वं विदितं नृषु नावं, तत्त्वमसि तत्त्वमसि राजन्! ( ३ ) विश्वोत्पत्त्यादिविधिहेतु तत्त्वं, तत्त्वमसि तत्त्वमसि राजन्! ( ४ ) सर्वचिदात्मकं सर्वमद्वैतं,तत्त्वमसि तत्त्वमसि राजन्? (५) परतार्किकैरीश्वरसर्वहेतु, स्तत्त्वमसि तत्त्वमसि राजन्! ( ६ ) यद्वेदांतादिभिर्ब्रह्म सर्वस्थं, तत्त्वमसि तत्त्वमसि राजन्! ( ७ ) यज्जैमिनिनोक्तमखिलकर्म, तत्त्वमसि तत्त्वमसि राजन्! (८) यत् पाणिनिः प्राह शब्दस्वरूपं, तत्त्वमसि तत्त्वमसि राजन्(९) यत् सांख्यानां मतहेतुभूतं,तत्त्वमसि तत्त्वमसि राजन्! ( १० ) अष्टांगयोगेन अनंतरूपं, तत्त्वमसि तत्त्वमसि राजन्! ( ११ ) सत्यं ज्ञानमनंतं ब्रह्म तत्त्वमसि तत्त्वमसि राजन्! ( १२ ) नह्येतदृदृश्यप्रपंचं तत्त्वमसि तत्त्वमसि राजन्! ( १३ ) यद् ब्रह्मणोब्रह्मविषावीश्वराद्यनवन्, तत्त्वमसि तत्त्वमसि राजन्! ( १४ ) त्वद्रूपमेवमस्मान्निर्विदितं राजन्! तव पूर्वयत्याश्रमस्थम् " आ परोक्तियोथी राजा प्रतिबोध पाम्या, सर्व विद्यमान राजाना देहमांथी निकलीने चाल्या गया, पर्वतनी कंदरामां शोधतां शरीर प्राप्त न थयुं, एटलामां विशेष शोध करतां शरीरने चितामां दीठुं, देखतांज तेमां कपालना मध्यथी प्रवेश कर्यो. शरीरनी आसपास चारे बाजुए अग्नि सलगतो हतो तेथी निकलवुं दुष्कर थयुं, एटले लक्ष्मीनृसिंहनी स्तुति करी, स्तुति करतांज लक्ष्मीनृसिंहें स्वामिजीने जीवता अग्निमांथी बहार काढ्या. इति.

हे नव्य! हवे विचार करी जुओ. में आपने प्रथम जे कह्युं हतुं ते सत्य छे के नहि? प्रथम तो ( १ ) ज्यारे सरसवाणीयें पुछेला प्रश्नोनो उत्तर शंकरस्वामी न आपी शक्या, त्यारे हवे कयो बुद्धिमान् निष्पक्षपाती स्वामिजीने सर्वज्ञ कही शके छे ( २ ) वली ज्यारे पटराणी साथे विषयसेवन कर्युं त्यारे कामी केहेवामां कांइ पण शंका रहेछे? ( ३ ) अने ज्यारे शिष्योयें आवीने प्रतिबोध कर्यो त्यारे अज्ञानी पण अवश्य साबीत थया. ( ४ ) अने ज्यारे चितामांथी निकली शक्या नहि, अने

काढवाने लक्ष्मीनृसिंहनी स्तुति करी अने लक्ष्मीनृसिंहें आवीने सलगता अग्निमांथी काढ्या, त्यारे शंकरस्वामी असमर्थपण सिद्ध थया. हवे ज्यारे शंकरस्वामियें फरीथी आवीने सरसवाणीना प्रश्नोना उत्तर आप्या, त्यारे सरसवाणीयें कह्युं—हे स्वामिन्! तुं सर्वज्ञ छो. जुओ के—मरण पामेलाना शरीरमां प्रवेश करीने, तेहनी राणी साथे विषयसेवन करीने, तेमज राणी पासेथी कांइक कामशास्त्रनी वातो शीखीने शुं सर्वज्ञ थइ शकाय छे? सर्वज्ञ तो थइ शक्या नहि, परंतु आ तो गद्धा उंटनो न्याय थयो. सरसवाणीयें स्वामिने सर्वज्ञ कह्या, अने स्वामियें सरसवाणीने सर्वज्ञ कही दीधी. वाह शुं सर्वज्ञोनी जोडी मली? सरसवाणी ब्रह्मनी शक्ति थइ, वली स्त्री बनीने मंडनमिश्रनी साथे विषयसेवन करवा लागी, पाछी सर्वज्ञ पण बनी गइ, तेम शंकरस्वामी परस्त्री साथे विषयसेवन करी, कांइक कामशास्त्र शीखी सर्वज्ञ थइ गया; आ ते गद्धाउंटनो न्याय थयो के बीजुं शुं थयुं? ज्यारे शंकरस्वामी पोतानुं स्थूल शरीर छोडी राजाना शरीरमां दाखल थया, अने ब्रह्मविद्या सर्वे भूली गया त्यारे तो शिष्योने उपदेश करवो पड्यो. जो न भूली गया होत तो तेओने तत्त्वमसिनो उपदेश करवानी शी जरुर हती? ज्यारे शंकरस्वामी स्थूल शरीरने बदली शक्या, अने परब्रह्मविद्याने भूली गया, त्यारे तो ब्रह्मविद्यानो संबंध, न लिंगशरीरनी साथे रह्यो के न आत्मानी साथे रह्यो, परंतु स्थूल शरीरनीज साथे रह्यो, तेथी एम सिद्ध थायछे के— ज्यारे वेदांती मरण पामेछे त्यारे तेनुं ज्ञानपण नाश पामेछे. कारण के स्थूलशरीरनी साथेज ज्ञाननो संबंध रहेछे, आत्मानी साथे रेहेतो नथी. वली आपें एम कह्युं हतुं के— शंकरस्वामियें प्रगट कथन करेला अद्वैत मतने कोण खंरुन करी शकेछे? तो हे भव्य! ज्यारे शंकरस्वामिनुं चरित्रज असमंजसछे, तो पछी तेनो कथन करेलो मत कोण सयुक्तिक समजी शके छे?

पूर्वपक्षः— "पुरुषएवेदं" इत्यादि श्रुतियोथी अद्वैतज सिद्ध थायछे.

उत्तरपक्षः— आ पण तमारूं केहेवुं असत् छे, कारण के जो पुरुषमात्ररूप अद्वैततत्त्व होय तो तो आ जे कोइ सुखी, कोइ दुःखी इत्यादि देखाय छे ते सर्व परमार्थथी असत् थइ जशे. ज्यारे एम थशे त्यारे आ जे केहेवुं छे के— "प्रमाणतोऽधिगम्य संसारनैर्गुण्यं तद्विमुखया प्रज्ञया

तदुछेदाय प्रवृत्तिरित्यादि—अर्थः—संसारनुं निर्गुणपणुं प्रमाणथी जाणीने, संसारथी विमुख बुद्धि थइने, आ संसारनो उछेद करवामाटे प्रवृत्ति करे. पछी आ केहेवुं ते आकाशना फुलना सुगंधनुं वर्णन करवा सरखुं छे, कारण के ज्यारे अद्वैतरूपज तत्त्व छे त्यारे तो नरकादि भवभ्रमणरूप संसार क्यां रह्यो ? के संसारने निर्गुण जाणी तेनो उछेद करवानी प्रवृत्ति थाय.

पूर्वपक्षः— तत्त्वथी पुरुष अद्वैतमात्रज छे, अने आ जे संसार निर्गुण वर्णन करेल छे, ते जेम चित्रामण करेली स्त्रीनां सर्व अंगोपांग सारां नरसां प्रतीत थाय छे तेमज सर्व संसार प्रतीत थायछे, सर्व जीवोने हमेशां तेमज प्रतिभासन थइ रहेलछे. परंतु चित्रामण करेली स्त्रीना अंगोपांगना सारा नरसापणानी पेठे सर्व भ्रांतिरूप अथवा भ्रांतिजन्य छे.

उत्तरपक्षः—आ जे तमारूं केहेवुं ते असत् छे, आ वातमां कांइ वास्तविक प्रमाण नथी. जो कदि अद्वैत सिद्ध करवाने पृथग्भूत प्रमाण मानशो तो तो द्वैतापत्ति थशे, कारण के प्रमाण विना कोइनो पण मत सिद्ध थतो नथी, जो कदि प्रमाण विनाज सिद्ध मानशो, तो तो सर्व वादियो पोत पोताना मानेला मतने सिद्ध करी लेशे. वली भ्रांति पण प्रमाणभूत अद्वैतथी भिन्न न मानवी जोइये, नहि तो प्रमाणभूत अद्वैत अप्रमाणज थइ जशे, भ्रांति ज्यारे अद्वैतनुंज रूप थइ त्यारे तो पुरुष रूप थइ, अने भ्रांतिस्वरूपवाला पुरुषज छे नहि, त्यारे तत्त्वव्यवस्था तो कांइपण सिद्ध न थइ. जो कदि भ्रांति भिन्न मानशो तो द्वैतापत्ति आवशे अने अद्वैत मतनी हानि थशे. जो कदी स्तंभने कुंभादिकथी भेद मानवो तेनेज भ्रांति केहेशो तो निश्चयथी सतूस्वरूप कुंभादि कोइ जगें तो जरूर हशे. अभ्रांतिने दीठा विना कदापि भ्रान्ति देखवामां आवशे नहि. पूर्वें जेणें साचो सर्प दीठो नथी तेने दोरडामां सर्पनी भ्रांति कदापि नहि आवे. यथा—नाड दृष्टपूर्वसर्पस्य, रज्ज्वां सर्पमतिः क्वचित् ॥ ततः पूर्वानुसारित्वाद्, भ्रांतिरभ्रांतिपूर्विका ॥ १ ॥ आ कथनथी अद्वैततत्त्व खंडन थइ गयुं. वली पुरुष अद्वैततत्त्व अवश्य बीजाने निवेदन करवुं, पोते पोताने नहि. पोतामां तो व्यामोह छे नहि. जो कदी केहेनारमां व्यामोह होय तो तो अद्वैतनी प्रतिपत्ति ( सिद्धि ) कदापि नहि थाय.

पूर्वपक्षः—ज्यारे आत्माने व्यामोह छे त्यारे तो अद्वैततत्त्वनो उपदेश कर्यो जाय छे?

उत्तरपक्षः— ज्यारे आत्मानो व्यामोह दूर थशे त्यारे तो आत्मा अवश्य अवस्थांतरने प्राप्त थशे, ज्यारे अवस्था बदलाशे, त्यारे अवश्य द्वैतापत्ति थइ जशे. वळी ज्यारे अद्वैत तत्त्वनो उपदेशक परने उपदेश करशे त्यारे अवश्य परने मानवो पडशे. पछी अद्वैततत्त्व परने निवेदन करवुं अने अद्वैततत्त्व मानवुं आ कथन तो मारो पिता कुंवारो (बाल) ब्रह्मचारी छे तेना जेवुं थयुं. आ वचन केहेवाथी उन्मत्ताइनो दोष आवशे. पोताने अने परने बंनेने जो मानशे तो द्वैतापत्ति अवश्य थशे. आ कारणथी अद्वैतमत युक्तिविकल छे.

पूर्वपक्षः— परमब्रह्मरूप सिद्धज सकल भेदज्ञान प्रत्ययोना निरालंबनपणांनी सिद्धि छे.

उत्तरपक्षः—आ कथन पण तमारूं ठीक नथी. कारण के परम ब्रह्मनीज सिद्धि नथी. जो छे तो स्वतः सिद्धि छे के परतः सिद्धि छे ? स्वतः सिद्धि तो नथी, जो होय तो तो कोइनो पण विवाद रहे नहि. जो परतः सिद्धि छे तो शुं अनुमानथी छे के आगमथी छे ? जो कहो के अनुमानथी छे तो ते अनुमान केवुं छे ?

पूर्वपक्षः—ते अनुमान आ छे. विवादरूप जे अर्थ छे ते प्रतिभासांत प्रविष्ट ब्रह्मभासनी अंतर छे, प्रतिभाससमान होवाथी, जे जे प्रतिभाससमान छे ते ते प्रतिभासांत प्रविष्टज देखायछे, जेम प्रतिभास आत्मा प्रतिभाससमान छे, सकल अर्थ सचेतन अचेतन विवादरूप छे ते कारणथी प्रतिभासांत प्रविष्टछे. घटपटादि आ अनुमान छे.

उत्तरपक्षः—आ अनुमान तमारूं सम्यक् नथी ( १ ) धर्मी ( २ ) हेतु ( ३ ) दृष्टांत आ त्रणे प्रतिभासांत प्रविष्ट होवाथी साध्यरूपज थया.

पूर्वपक्षः—त्यारे तो ( १ ) धर्मी ( २ ) हेतु ( ३ ) दृष्टांत, आ त्रणेना नहि होवापणाथी अनुमानज नहि बनी शके. जो एम कहो के ( १ ) धर्मी ( २ ) हेतु ( ३ ) दृष्टांत आ त्रणे प्रतिभासांत प्रविष्ट नथी, तो तेउनीज साथे हेतु, व्यभिचारी थशे, जो एम कहो के अनादि अविद्या वासनाना बळथी हेतु दृष्टांत जे छे ते प्रतिभासना बाहिरनी पेठे निश्चय

करेछे, जेम प्रतिपाद्य, प्रतिपादक, सत्ता, सत्तापति जननी पेठे, ते कारणथी अनुमान पण थइ शकेछे, अने ज्यारे सकल अनादि अविद्यानो विलास दूर थइ जाशे त्यारे तो प्रतिजासांत प्रविष्ट प्रतिजास थशे. विवाद पण नहि रहे, पतिपाद्य प्रतिपादक साध्य साधक जाव पण रहेशे नहि. पछी तो अनुमान करवानुं पण कांइ फल नहि. आपज अनुजवमान परमब्रह्म बने छते देश काल अव्यवछिन्न स्वरूप प्रगट थतां निर्व्यजिचार, सकल अवस्था व्यापकपणा वालामां अनुमाननो कांइ प्रयोगज जोइतो नथी.

उत्तरपक्ष—जो अनादि अविद्या प्रतिजासांत प्रविष्ट छे तो तो विद्या थइ गइ. त्यारे हवे असत्रूप (१) धर्मी (२) हेतु (३) दृष्टांतआदि जेद केम देखी शकाय. जो कहो के प्रतिजासनी बाहिरजूत छे तो तो अविद्या प्रतिजासमान छे के अप्रतिजासमान छे? ते अविद्या प्रतिजासमान रूप होवाथी अप्रतिजासमान तो नहि. जो एम कहो के प्रतिजासमान छे, तो तेनीज साथे हेतु, व्यजिचारी छे. तथा प्रतिजासनी बाहिरजूत होवाथी तेनो प्रतिजासमान होवाथी जो कदी तमारा मनमां एम होय के अविद्या जे छे ते नथी प्रतिजासमान के नथी अप्रतिजासमान, नथी प्रतिजासनी बाहिर के नथी प्रतिजासनी अंदर प्रविष्ट, नथी एक के नथी अनेक, नथी नित्य के नथी अनित्य, नथी व्यजिचारिणी के नथी अव्यजिचारिणी, सर्वथा विचारने योग्य नथी, सकल विचारांतर अतिक्रांत स्वरूप छे, रूपांतरना अजावथी अविद्या जे छे ते नीरूपता लक्षण छे, आ पण तमारो अज्ञाननो विस्तार छे, तेवी नीरूपता स्वजावने आ अविद्या छे, आ अप्रतिजासमान छे, एम कोण कथन करवाने समर्थ छे? जो एम कहो के आ अविद्या प्रतिजासमान छे तो पछी केवीरीतें अविद्या नीरूप सिद्ध थशे, जे वस्तु जे स्वरूपथी प्रतिजासमान छे, ते तेज वस्तुनुं रूप छे; तथा अविद्या जे छे ते विचारगोचर छे के विचारगोचरतारहित छे? जो कहो के विचारगोचर छे तो तो नीरूप नहि, जो विचारगोचर नथी तो तो तेने माननार महामूर्ख छे. ज्यारे विद्या, अविद्या बंने सिद्ध छे, त्यारे एक परम ब्रह्म अनुमानथी केम सिद्ध थया? आ केहेवाथी उपनिषदूमां जे एक ब्रह्मने केहेनारी

श्रुति छे ते पण खंमन थइ गइ. तेमज "सर्वं वै खल्विदं ब्रह्मेत्यादि" वचनने परमात्मानो अर्थांतर होवाथी द्वैतापत्ति थइ जशे, जो एम कहेशो के अनादि अविद्याथी एम प्रतीत थायछे तो तो पूर्वोक्त दूषणोनो प्रसंग आवशे. सवत्र अद्वैतनी सिद्धि वंध्यापुत्रनी शोना जेवी छे. ते कारणथी अद्वैतमत युक्तिविकल छे. तेथी एकज ईश्वर जगत् पेहेलां हता ए केहेवुं मिथ्या छे. आ प्रथम ईश्वरने माननारना मतनुं खंमन थयुं.

हवे बीजा ईश्वर जगत्ना उपादान कारणवाला, एक ईश्वर अने बीजी सामग्री, आ बंने पदार्थ अनादि छे. सामग्री जे छे ते नीचे मुजब छे.

( १ ) पृथ्वी ( २ ) जल ( ३ ) अग्नि ( ४ ) वायु आ चारेना परमाणुउ, ( ५ ) आकाश ( ६ ) दिशा ( ७ ) आत्मा ( ८ ) मन ( ए ) काल आ नव वस्तु नित्य छे, अनादिछे, कोइनी बनावेली नथी. ईश्वर, आ पूर्वोक्त सामग्रीथी आ सृष्टिने रचेछे. मतावलंबियें जेवी रीतें ईश्वरने जगत्कर्त्ता मानेल छे ते रीति लखियें छियें. उपजातिछंद ॥ कर्त्तास्ति कश्चिज्जगतः सचैकः, ससर्वगः सस्ववशः सनित्यः ॥ इमाः कुहेवाकविडंबनाः स्यु, स्तेषां न येषामनुशासकस्त्वम् ॥ १ ॥ आ जगत् प्रत्यक्षादि प्रमाणथी लक्ष्य छे. चराचररूप त्रणे जगत् तेनो कोइ एवो पुरुष रचनार छे के जेनुं स्वरूप कही शकातुं नथी. ईश्वरने जगत्कर्त्ता माननारा वादी एवुं अनुमान करेछे के–पृथ्वी, पर्वत, वृक्षादि सर्वें, बुद्धिमान् कर्त्तानां करेलां छे, कार्य होवाथी, जे जे कार्य छे ते सर्वें बुद्धिमान् कर्त्तानां करेल छे. जेवो घट तेवुं आ जगत् छे, ते कारणथी जगत् बुद्धिवालानुं रचेलुं छे. जे बुद्धिवाला छे तेज ईश्वरछे, एम पण न केहेशो के आ तमारो हेतु असिद्ध छे, शा कारणथी असिद्ध छे? जुउ. पृथ्वी, पर्वत, वृक्षादि पोतपोताना कारण समूहथी उत्पन्न थयेल छे ते कारणथी कार्यरूप छे, तथा अवयवी छे, तेथी कार्यरूपछे, सर्ववादियोनो एवो निश्चय छे. तथा एम पण न केहेवुं के आ तमारो हेतु अनेकांतिक छे, तथा विरुद्ध छे, कारण के अमारो हेतु विपक्षथी अत्यंत दूर गयेल छे तथा एम पण न केहेवुं के आ तमारो हेतु कालात्ययापदिष्ट छे, कारण के प्रत्यक्ष, अनुमान, आगमथी बाधित नथी, धर्म धर्मी अनंतर केहेवाथी; तथा एम पण न केहेवुं के तमारो हेतु प्रकरणसम छे, कारण के अनु-

मानथी जे साध्य छे, तेना शत्रुभूत बीजा साध्यने साधनारा अनुमानना अभावथी, तथा एम पण न केहेवुं के ईश्वर, पृथ्वी, पर्वत, वृक्षादिना कर्त्ता नथी, कारण के मुक्त आत्मानी पेठे शरीर विनाना छे. आ पाछलना तमारा अनुमाननो वैरी अनुमान छे ते ईश्वरने जगत्कर्त्ता सिद्ध थवा देतुं नथी. कारण के तमे तो ईश्वरने शरीरविनाना सिद्ध करीने जगत्ना अकर्त्ता सिद्ध कर्या, परंतु अमे तो ईश्वर शरीरवाला मानेला छे ते कारणथी तमारुं अनुमान असत्य छे. वली अमारो हेतु निरवद्य छे तथा ईश्वर एक छे. कारण के जो बहु ईश्वर मानियें तो तो एक कार्य करवामां ईश्वरोनी जूदी जूदी बुद्धि थइ जाय अने तेउने मना करनार तो कोइ छे नहि तेथी कार्य केम उत्पन्न थाय? कोइ ईश्वर पोतानी इछाथी चार पगवालो मनुष्य रचे, वली बीजो ईश्वर छ पगवालो रची दे, अने त्रीजो बे पगवालो रचे, तो चोथो आठ पगवालो रचे, एवी रीतें सर्व वस्तु विलक्षण विलक्षण रचाय तो सर्व जगत् असमंजसरूप थइ जाय. परंतु एम नहि तेथी ईश्वर एकज होवा जोइये. वली ईश्वर सर्वगत सर्वव्यापी छे, जो ईश्वर सर्वव्यापक न होय तो त्रण भुवनमां जे एक साथे उत्पन्न थनारां कार्य छे ते सर्व एक कालमां कदी उत्पन्न नहि थाय. जेम के कुंभारादि ज्यां हशे त्यांज कुंभादि कार्य करी शकशे. परंतु देशांतरमां कदी तेउ नहि करी शके. तेमज ईश्वर सर्वज्ञ छे, जो सर्वज्ञ न होय तो सर्व कार्योनां उपादान कारणो केम जाणी शकशे? जो कार्योनां उपादान कारण न जाणे तो जगत् विचित्र केम रची शके? तथा ईश्वर स्वतंत्र छे, बीजा कोइने आधीन नथी, ईश्वर पोतानी इछाथी सर्व जीवोने सुखदुःखनुं फल आपे छे. कह्युं छे केः— ईश्वरप्रेरितोगछेत्, स्वर्गं वा स्वभ्रमेव वा ॥ अन्योजंतुरनीशोय, मात्मनः सुखदुःखयोरिति ॥ अर्थः—ईश्वरनीज प्रेरणाथी जगत्वासी जीव, स्वर्ग तथा नरकमां जाय छे, कारण के ईश्वर विना कोइ जीव पोते पोताने सुख दुःखनुं फल आपवाने समर्थ नथी. जो ईश्वरने परतंत्र मानियें तो मुख्य कर्त्ता ईश्वर रेहेशे नहि, एक बीजाने आधीन मानवाथी अनवस्था दूषण लागी जशे. ते हेतुथी ईश्वर स्ववश छे परंतु पराधीन नथी. वली ईश्वर नित्य छे जो कदी अनित्य होय तो तेने उत्पन्न करनार बीजो कोइ होवो जोइयें,

ते तो नथी. ते हेतुथी ईश्वर नित्यज छे. पूर्वोक्त विशेषणयुक्त ईश्वर ( ज्ञगवान् ) जगत्कर्त्ता छे. इति पूर्वपक्ष.

उत्तरपक्षः—हे वादि ! आप जे एम कहो छो के पृथ्वी, पर्वत वृक्षादि बुद्धिमान् कर्त्तानां रचेलां छे, ते अयुक्त छे, कारण के आ आपना अनुमानमां व्याप्तिनुं ग्रहण थइ शकतुं नथी, अने हेतु जे होय छे ते सर्वत्र व्याप्तिमां प्रमाणथी सिद्ध थया थकाज पोताना साध्यने सिद्ध करी शके छे. आ कथनमां सर्ववादियो एकमत छे.

हवे प्रथम आप कहो के जो ईश्वर जगत् रचे छे तो पूर्वे कह्या मुजब ते ईश्वर, शरीरवाला छे के शरीरविनाना छे ? जो एम कहो के ईश्वर शरीरवाला छे तो अमारा सरखा दृश्य शरीरवाला छे के पिशाचादिनी पेठे अदृश्य शरीर वाला छे ? प्रथम पक्ष तो प्रत्यक्ष बाधित छे कारण के ते ईश्वरना विनाज वर्तमानमां पण उत्पन्न थनारां तृण,वृक्ष,इंद्रधनुष्, वादलां प्रमुख कार्यो देखियें छियें."अनित्य शब्दप्रमेयत्वात्" जेम आ प्रमेयत्व हेतु साधारण अनेकांतिक छे तेमज आ कार्यत्वहेतु साधारण अनेकांतिक छे.

बीजो पक्ष मानशो तो शुं ईश्वरनुं शरीर नथी देखी शकातुं ते ईश्वरना माहात्म्यथी नथी देखी शकातुं के अमारा माठा अदृष्टना प्रज्ञावथी ? अर्थात् अमारा माठा कर्मना प्रज्ञावथी नथी देखी शकातुं ? जो एम केहेशो के ईश्वरना माहात्म्यथी ईश्वरनुं शरीर देखातुं नथी तो आ पक्षमां कोइ पण प्रमाण नथी के जेथी ईश्वरनुं माहात्म्य सिद्ध थाय, परंतु वादी जो तपावेलुं जसत पीवानी हिंमत करे तो कदाचित् मानी लइयें. आ तमारा कथनमां इतरेतर आश्रय दूषण आवे छे. जो ईश्वर माहात्म्य विशेष सिद्ध थाय तो अदृश्य शरीरवाला सिद्ध थाय, जो अदृश्य शरीरवाला सिद्ध थाय तो माहात्म्य विशेष सिद्ध थाय. बीजो पक्ष—जो पिशाचादिनी पेठे ईश्वरनुं अदृश्य शरीर मानशो तो तो संशयनी निवृत्ति थशे नहि. जेम के—शुं ईश्वर नथी के— जेथी तेनुं शरीर नजरे पडतुं नथी ? त्यारे तो वांझणीना पुत्रना शरीरनी जेम, अथवा तो अमारा पूर्वना पापोना प्रज्ञावथी ईश्वरनुं शरीर देखातुं नथी. आ संशय कदी दूर नहि थाय. जो एम कहो के अमारा ईश्वर, शरीररहित छे तो तो दृष्टांत तेमज दार्ष्टांतिक ए बंने विषम थइ जशे अने हेतुविरुद्ध थ-

इ जशे, कारण के घटादि कार्योना कर्त्ता कुंभारादि शरीरवालाज देखियें छियें, अने ईश्वरने ज्यारे शरीररहित मानियें त्यारे तो ईश्वर कांइ पण कार्य करवाने समर्थ नहि थाय; जे आकाशनी जेम नित्य व्यापक अक्रिय छे ते अकर्त्ता छे. आ हेतुथी शरीरसहित के शरीररहित ईश्वरनी साथे कार्यत्वहेतुनी व्याप्ति सिद्ध थती नथी, तथा आपनो हेतु कालात्ययापदिष्ट पण छे, आपना साध्यना धर्मिनो एक देश वृक्ष, वीजली, वादलां, इंद्रधनुष्आदिना आज पण कोइ बुद्धिमान् कर्त्ता देखाता नथी, ते कारणथी प्रत्यक्षथी बाधित थया पछी तमे पोतानो हेतु कह्यो. तेथी तमारो हेतु कालात्ययापदिष्ट सिद्ध थयो. आ तमारा कार्यत्वहेतुथी बुद्धिमान् ईश्वर जगत्कर्त्ता कदी सिद्ध थता नथी.

हवे बीजी रीतें जगत्कर्त्ता खंडन करवानुं स्वरूप लखियें छियें जे कोइ ईश्वरवादी एम कहे छे के जगत् सर्व ईश्वरनुं रचेलुं छे! ते तेनुं केहेवुं समीचीन नथी, कारण के जगत्कर्त्ता ईश्वर कोइ प्रमाणथी सिद्ध थता नथी.

पूर्वपक्षः—ईश्वरने जगत् कर्त्ता सिद्ध करनार अनुमान प्रमाण छे. जुओ. जे यथोचित रीतें अभिमत फलने संपादन करवाने प्रवृत्त होय, तेनो अधिष्ठाता कोइ बुद्धिमान् अवश्य होवो जोइयें, जेम वांसला, आरि प्रमुख शस्त्र, काष्ठना बे कटका करवामां प्रवर्त्ते छे, तेमज यथोचित रीतें सर्वजगत्ने सुख दुःखादि जे फल आपे छे तेनो अधिष्ठाता कोइ बुद्धिमान् जरूर होवो जोइयें, आपें एम न केहेवुं के वांसला, आरि प्रमुख पोतेज काष्ठना बे कटका करवामां प्रवर्त्ते छे, कारण के ते तो अचेतन छे तेथी पोतानी मेले केम प्रवर्त्ती शके? जो एम कहो के वांसला, आरि प्रमुख स्वभावथी प्रवर्त्ते छे तो तो तेओनी निरंतर प्रवृत्ति होवी जोइये, वचमां कदी स्तब्ध थवां न जोइयें, पण एम छे नहि; पूर्वोक्त हेतुथी यथोचित रीतें पोत पोतानां फलने साधनारा जे जीव छे, तेओनो अधिष्ठाता ईश्वरज सिद्ध थाय छे. तथा बीजुं अनुमान. जे परिमंडलादि, वृत्त, त्र्यंश, चतुरंश, संस्थानवाला गाम, नगरादि छे, ते सर्वज्ञानवाननां करेलां छे. जेम घटादि पदार्थ, तेमज पूर्वोक्त संस्थान संयुक्त पृथ्वी, पर्वत प्रमुख छे. आ अनुमानथी पण जगत्कर्त्ता ईश्वर सिद्ध थाय छे.

उत्तर पक्षः—जगत्कर्त्ता सिद्ध करनारुं आपनुं आ अनुमान अयुक्त छे,

कारण के पूर्वोक्त तमारुं अनुमान जेम अमारा मतमां प्रथमथीज सिद्ध छे तेमज सिद्ध करे छे, ते कारणथी सिद्धसाधन दूषण तमारा अनुमानमां आवे छे. अमारा मतमां प्रथमथीज नीचे मुजब सिद्ध छे. संपूर्ण आ जगत्नी जे विचित्रता छे ते सर्वे कर्मना फलथी छे एम अमे मानियें छियें, कारण के आ भारत वर्षमां अनेक देशोमां, टापुओमां, हेमवंतादि पर्वतोमां अनेक प्रकारना मनुष्यादि प्राणी जे वास करे छे, तथा तेओने सुख दुःखादि अनेक तरेहनी जे अवस्था बनी रही छे ते सर्व अवस्थानुं कारण कर्मज छे. बीजुं कोइ नथी. वली देखवामां पण कर्मज कारण थइ शके छे, कारण के ज्यारे कोइ पुण्यवान् राजा राज्य करे छे, त्यारे तेना राज्यमां सुकाल, निरुपद्रव होय छे, ते, ते राजाना शुभ कर्मनो प्रभाव छे. ते कारणथी जे यथोचित रीतें जीवोने फल आपेछे ते कर्म छे. कर्म जीवने आधीन छे, अने जीव चेतन होवाथी बुद्धिमान् छे, तेथी बुद्धिमानने आधीन थइने कर्म यथोचित फल आपे छे. आ रीतें तमारा अनुमानमां सिद्धसाधन दूषण छे. जो एम केहेशो के अमेतो विशिष्ट बुद्धिवाला ईश्वरनेज सिद्ध करियें छियें, परंतु सामान्य बुद्धिवाला जीव नथी सिद्ध करता, तो तो तमारुं दृष्टांत साध्यविकल छे. वांसला, आरि प्रमुखमां ईश्वर अधिष्ठितपणांनो व्यापार तो उपलब्ध थतो नथी परंतु सुथारादिनो व्यापार अन्वयव्यतिरेकथी उपलब्ध थाय छे.

पूर्वपक्षः—सुथारादिपण ईश्वरनी प्रेरणाथीज ते ते काममां प्रवर्त्ते छे अमारुं दृष्टांत साध्यविकल नथी.

उत्तरपक्षः—त्यारे तो ईश्वर पण बीजा ईश्वरनी प्रेरणाथीज प्रवर्त्तता हशे, परंतु पोतानी मेले प्रवर्त्तता नहि होय, वली ते ईश्वरपण बीजा ईश्वरनी प्रेरणाथी प्रवर्त्तता हशे, एवी रीतें तो अनवस्था दूषण आवशे.

पूर्वपक्षः—बढईप्रमुख जीव तो सर्वे अज्ञानी छे तेथी ईश्वरनी प्रेरणाथी ज पोत पोताना काममां प्रवर्त्ते छे, अने ईश्वर ( भगवान् ) तो सर्व पदार्थोना ज्ञाता छे तेथी अनवस्था दूषण नथी.

उत्तरपक्षः—आ तमारुं केहेवुं असत् छे. कारण के तेमां इतरेतर दूषण आवे छे. प्रथम ईश्वर जो सर्व पदार्थना यथाऽवस्थित स्वरूपना ज्ञाता सिद्ध थाय, तो अन्यनी प्रेरणा विना पोतेज प्रवर्त्ते छे एम सिद्ध थाय, जो

अन्यनी प्रेरणा विना ईश्वर पोतेज प्रवर्त्ते छे एम सिद्ध थाय तो तो सर्व पदार्थना यथावस्थित स्वरूप जाणनारा सर्वज्ञ सिद्ध थाय, ज्यां सुधी आ बंनेमांथी एक सिद्ध न थाय त्यां सुधी बीजानी सिद्धि कदी न थाय. वली हे ईश्वरवादि? अमे तमने पुछियें छियें के जो ईश्वर सर्वज्ञ तेमज वीतराग छे तो शा माटे बीजा जीवोने असत् व्यवहारमां प्रवर्त्तावे छे? कारण के जे विवेकी होय छे ते मध्यस्थज होय छे तेमणे तो जीवोने सत् व्यवहारमांज प्रवृत्त करवा जोइयें, परंतु असत् व्यवहारमां नहि प्रवृत्त करवा जोइयें, अने ईश्वर तो जीवोने असत् व्यवहारोमां पण प्रवर्त्तावे छे तेथी ईश्वरने सर्वज्ञ तेमज वीतराग केम केहेवा जोइये?

पूर्वपक्षः– ईश्वर तो सर्व जीवोने शुभ कर्म करवामांज प्रवर्त्तावे छे, तेथी भगवान् तो सर्वज्ञ अने वीतरागज छे; अने जे जीव अधर्म करनारा छे तेउने असत् व्यवहारमां प्रवर्त्तावीने पछी नरकपातनुं फल आपे छे, जेथी ते जीवो दुःखथी भरीने फरी पाप न करे, तेथी उचित फल देवाथी ईश्वर (भगवान्) विवेकवान् तेमज वीतराग सर्वज्ञ छे, तेमां कांइपण दूषण नथी.

उत्तरपक्षः–आ आपनुं केहेवुं विचारविनानुं छे, कारण के प्रथम पाप करवामां तो ईश्वरज प्रवृत्त करे छे, ईश्वर विना बीजो तो कोइ प्रेरक नथी, वली जीव पोते तो कांइ करी शकतो नथी कारणके ते तो अज्ञानी छे तेथी पापमां के धर्ममां पोते प्रवृत्त थइ शकतो नथी, तो पछी प्रथम पाप कराववामां जीवने प्रवर्त्ताववो. पछी नरकमां नाखीने तेनुं फल भोगवाववुं, पछी धर्ममां प्रवर्त्ताववो वाह? शुं ईश्वरनी ईश्वरता अने विचारपूर्वक काम छे?

पूर्वपक्षः–ईश्वर (भगवान्) जीवोने कदी प्रवर्त्तावता नथी परंतु जीव पोतेज प्रवर्त्ते छे. तेथी जे जीव जेवां कर्म करे छे, ते कर्मना वशथी ईश्वर (भगवान्) तेवां तेवां फल ते जीवोने आपेछे. जेम कोइ राजा राज्य करे छे ते चोरी करवानी मनाइ करे छे, कोइने चोरी करवानुं केहेता नथी, छतांपि कोइ सख्स चोरी करशे तो ते चोरने अवश्य राजा शिक्षा करशे, तेवीज रीतें ईश्वर पाप तो करावता नथी, परंतु पाप करनारने शिक्षा करे छे.

उत्तरः– तौरेत नामनो ग्रंथ छे, तेमां एम लख्युं छे के, ईश्वरें अबरहामने त्यां रोटी खाधी, तथा याकुबनी साथे कुस्ती करी; आ लखाणथी प्रतीत थाय छे के ईश्वर देहधारी छे. वली शंकरदिग्विजयना बीजा प्रकरणमां शंकरस्वामिना शिष्य आनंदगिरि तेज ग्रंथना आदिमां लखे छे के "हुं सर्वज्ञ छुं" ते लखियेंछियें. "ज्यारे नारदजीए जोयुं के आ लोकमां बहुज कपोलकल्पित मत उत्पन्न थया छे, अने सनातन धर्म लुप्त थयो छे, त्यारें ते तत्काल ब्रह्माजीपासे पहोच्या. अने जइने केहेवा लाग्या के हे पिताजी! आपनो मत तो प्रायः रह्यो नथी, अने लोकोए अनेक मत चलाव्या छे, तेथी आ वातनो कांइ उपाय करवो जोइये; ते सांभली ब्रह्माजी बहु वखत सुधी विचार करीने, पुत्र, मित्र, भक्त जनोंने साथे लइने पोताना लोकथी निकली शिवलोकमां प्रवेश करता हवा. त्यां जइ जुए छे तो मध्याह्नमां क्रोड सूर्यनो प्रकाश होय नहि, तथा क्रोड चंद्रमा समान शीतल, जेने पांच मुख छे, चंद्रमा मुगटमां छे विजलीवत् पिंगलि जटा धारण करी छे, अने पार्वती जेना वामार्द्ध अंगमां छे एवा सर्वना ईश्वर, महादेव दीठा. पछी ब्रह्माजीयें नमस्कार करी स्तुति करी; अने केहेवा लाग्या के हे महादेव! सर्वज्ञ, सर्वलोकेश, सर्वसाक्षी, सर्वमय, सर्व कारण इत्यादि–आ लखवाथी प्रगट प्रतीत थाय छे के ईश्वर देहधारी छे, जो देहधारी ईश्वर न होय तो पछी पांच मुख केम होय? आ लखाणथी ईश्वर शरीररहित सिद्ध थता नथी. हवे जो शरीरधारी ईश्वर होय तो तो आ लोकमां ईश्वरज व्यापी रहेशे, अने बीजा पदार्थोंने रेहेवामाटे बीजो लोक जोइशे. जो एम कहो के ज्ञानात्माथी ईश्वर सर्वव्यापक छे तो तो सिद्धसाध्य नथी; अमे पण ज्ञानस्वरूपथी तो भगवानने सर्वव्यापी मानियेंछियें. परंतु शुं ए तमारा वेदथी विरुद्ध न होय? कारण के वेदोमां शरीरथीज सर्व व्यापक कहेल छे. यथा. "विश्वतश्चक्षुरुत विश्वतोमुखोविश्वतोबाहुरुत विश्वतस्पादित्यादि श्रुतेः" आ श्रुतिथी सिद्ध थाय छे के ईश्वर शरीरथीज सर्वव्यापक छे, अने तेम होवाथी पूर्वोक्त दूषणो आवे छे तेथी ईश्वर सर्वव्यापक नथी. वली आप कहो छो के ईश्वर सर्वज्ञ छे, परंतु तमारा ईश्वर सर्वज्ञ पण नथी; कारण के अमे जे सृष्टिकर्त्ता ईश्वरना खंडन क-

रनारा छियें, ते तेनाथी विपरीत चालियें छियें, तेथी अमने तेउंए शा-
माटे रच्या ? जो एम केहेशो के जन्मांतरोथी उपार्जन करेलां जे जे
तमारां शुज्ञाशुज्ञ कर्म छे ते कर्मोने अनुसार तमने ईश्वर फल आपे छे,
तो पछी तमारा केहेवाथीज ईश्वरनी स्वतंत्रतापर पाणी फस्युं; कारण के
जो अमारां कर्मोविना ईश्वर फल आपी शकता नथी तो तो ईश्वरने
कांइ आधीन नथी; जेवां अमारां कर्म हशे तेवुं अमने फल मलशे, जो
एम कहो के ईश्वर जे इछे ते करे तो तो शुं जाणियें के ईश्वर शुं कर-
शे, धर्मियोने नरकमां नाखशे के पापियोने स्वर्गमां मोकलशे ? जो एम
कहो के परमेश्वर न्यायी छे, जेवुं जेवुं जे करे छे, तेवुं तेवुं तेने फल आ-
पे छे, तो वली तेज परतंत्रतारूप दूषण ईश्वरमां लागे छे. वली ईश्वर
नित्य छे एम केहेवुं ते पण तमारा पोताना घरमांज सुंदर लागे छे, का-
रण के नित्य तो ते वस्तुने कहियें के जे त्रणे कालमां एकरूप रहे. जो
ईश्वर नित्य छे तो शुं तेनामां जगत् बनाववानो स्वज्ञाव छे के नहि ?जो
एम कहो के तेनामां जगत् रचवानो स्वज्ञाव छे तो ईश्वर निरंतर जगत्ने
रच्या करशे,कदाऽपि बंध रहेशे नहि,कारण के जगत् रचवानो स्वज्ञाव तो
तेनामां नित्य छे. जो एम केहेशो के ईश्वरमां जगत् रचवानो स्वज्ञाव नथी
तो तो ईश्वर कदापि जगत् रचशे नहि, कारण के जगत् रचवानो स्व-
ज्ञाव तेनामां नथी. तथा जो ईश्वरमां जगत् रचवानो स्वज्ञाव एकांत
नित्य छे तो तो प्रलय कदापि नहि थाय, कारण के ईश्वरमां प्रलय क-
रवानो स्वज्ञाव नथी. जो एम कहो के ईश्वरमां रचवानी तेमज प्रलय
करवानी बंने शक्तियो नित्य छे तो तो कदापि जगत् रचाशे पण नहि,
तेम तेनो प्रलय पण थशे नहि, कारण के परस्परविरुद्ध एवी बे शक्ति-
यो एक स्थानमां एककालमां कदापि रेहेती नथी. जो रेहेशे तो जगत्
रचाशे नहि, तेम तेनो प्रलय थशे नहि; कारण के जे कालमां रचनारी
शक्ति रचशे तेज कालमां प्रलय करनारी शक्ति प्रलय करशे, अने जे
कालमां प्रलय करनारी शक्ति प्रलय करशे तेज कालमां रचनारी शक्ति
रची देशे; एवी रीतें ज्यारे शक्तियोनो परस्पर विरोध थशे त्यारे जगत्
रचाशे नहि तेम तेनो प्रलय पण थशे नहि. हवे तो अमारोज मत सि-
द्ध थयो. कारण के जगत् कोइयें रचेल नथी तेम तेनो कदापि प्रलय

पण थतो नथी, तेथी आ जगत् अनादि अनंत सिद्ध थयुं. जो एम कहो के ईश्वरमां बंने शक्तियो नथी तो पछी जगत् रचाशे पण नहि तेमज तेनो प्रलय पण थशे नहि. तेथी पण जगत् अनादि अनंत सिद्ध थयुं. जो एम कहो के ईश्वर रचवानी इच्छा करे छे त्यारे रचे छे, अने प्रलय करवानी इच्छा करे छे त्यारे प्रलय करे छे तेमां शुं दूषण ? तो तो ईश्वरनी शक्तियो अनित्य थई. भले अनित्य होय, तेमां अमारे शुं हानि छे ? पण जुओ. ईश्वरनी शक्तियो अनित्य छे तो तो ईश्वर पण अनित्य थशे, कारण के ईश्वर पोतानी शक्तियोथी अभेद छे, जो एम कहो के शक्तियो ईश्वरथी भेदरूप छे तो पछी शक्तियो नित्य होवाथी जगत् रचाशे नहि तेम तेनो प्रलयपण थशे नहि, अने ईश्वर अकिंचित्कर सिद्ध थशे. कारण के ज्यारे ईश्वर सर्वशक्तिओथी रहित छे, त्यारे तो कांइपण करवाने समर्थ नथी. पछी जगत् रचवामां केम समर्थ थशे ? वली शक्तिओनुं उपादान कारण कोण थशे ? पछी ईश्वरनो अभाव थइ जशे. कारण के ज्यारे ईश्वरमां शक्तिज कांई नथी त्यारे ते ईश्वर शेनो ? तो तो आकाशना फुलसमान असत् छे. पछी जगत्कर्त्ता कोने मानशो ?

हवे खरडज्ञानिओनो ईश्वरवाद लखियेंछियें. खरडज्ञानी कहे छे के, जगत्मां जेटला पदार्थ छे तेना विलक्षण, विलक्षणसंयोग, आकृति, गुण तेमज स्वभाव मालम पडे छे. जो कदी तेओनो तथा तेओना नियमोनो कर्त्ता कोइ न होय तो ते नियमो कदि बने नहि; कारण के जड पदार्थमां मलवानुं तेमज जुदा थवानुं यथावत् सामर्थ्य नथी. ते हेतुथी ईश्वर कर्त्ता अवश्य होवा जोइयें.

उत्तर पक्ष–प्रथमज अमे जगत्कर्त्ता ईश्वरनुं खंडन करी चुक्या छियें, तो पछी आप जगत्कर्त्ता केम मानो छो ? वली आपें कह्युं के जगत्ना पदार्थोमां जुदा जुदा स्वभाव मालम पडे छे, तेथी ईश्वर सिद्ध थाय छे; परंतु आ कथनथी ईश्वर जगत्कर्त्ता सिद्ध थता नथी, कारण के सर्व पदार्थोमां अनंत शक्तिओ छे, तेथी पोतपोतानी शक्तिओथी सर्व पदार्थो पोतपोतानां कार्य करे छे. पदार्थोना संयोगमां निमित्त आ छे. १ काल, २ स्वभाव, ३ नियति ( भवितव्यता ) ४ जीवोनां कर्म[1],५ जीवोनो उद्यम;

१ प्रारब्ध–दैव–अदृष्ट–जीवकृत धर्माधर्म–किंवा–पुद्गलो.

आ पांच निमित्त विना बीजुं कोइपण निमित्त नथी, ए पांचनुं स्वरूप आगल उपर लखवामां आवशे.

प्रत्यक्षमां पण आ पांचे निमित्तोथी सर्व कांइ उत्पन्न थाय छे ते जोइयें छियें. जेम के बीजांकुर ज्यारे बीज ववाय छे, त्यारे काल पण यथानुकूल होवो जोइयें, तेमज बीज, जल अने पृथ्वी इत्यादिना स्वभाव पण अवश्य होवा जोइयें, तेमज नियति पण कारण छे–जे जे पदार्थोना स्वभाव छे ते ते पदार्थोना तेवा तेवा जे परिणाम थाय छे तेनुं नाम नियति छे; वली अष्टविध कर्मपण कारण छे. तथा पुरुषकार (जीवोनो उद्यम) पण कारण छे. आ पांच वस्तु अनादि छे, कोइयें रचेल नथी; कारण के वस्तुना जे जे स्वभाव छे ते ते सर्व अनादिथी छे. जो कदी वस्तुमां पोतपोताना स्वभाव न होय तो तो कोइ वस्तुज सतूरूप रेहेशे नहि. सर्व शशश्रृंगवत् असत् थइ जशे. वली प्रत्यक्ष देखाय छे एवां, पृथ्वी, आकाश, सूर्य, चंद्रमा इत्यादि पदार्थों एवीरीतें अनादिरूपथी सिद्ध छे, तेमज पृथ्वीउपर जे जे रचना देखाय छे ते सर्व प्रवाहथी एमज चाली आवे छे. वली जगत्ना जे जे नियमो छे ते सर्व आ पांच निमित्त विना थइ शकता नथी. ते कारणथी सर्वे पदार्थो पोतपोताना नियमोमां छे. जो तमे द्रव्यनी शक्तिनेज ईश्वर मानी लेशो तो तो अमने कांइ हानि नथी; कारण के अमे द्रव्यनी अनादि शक्तिनुं नाम इश्वर राखी लेशुं, अने ज्यारे तमे द्रव्यनी अनादि शक्तिने ईश्वर मानी त्यारे तमारो अमारो विवाद दूर थयो; पछी तमे जे लख्युं छे के जडमां यथावत् मलवानी शक्ति नथी, ते पण तमारुं लखाण मिथ्या थयुं. वली जुओ के जगत्मां जड पदार्थो अनेक तरेहथी पोतपोतानी मेले पूर्वोक्त पांच निमित्तोथी पोतपोतामां मली जाय छे. जेम के सूर्यना किरणो वादलामां पडवाथी इंद्रधनुष्नुं बनवुं, संध्यानुं होवुं, पांच वर्णनां वादलांनी एकत्र घटा थवी, चंद्र सूर्यनी आस पास कुंडालां थवां, आकाशमां पवनोना मेलापथी जल तेमज अग्निनुं उत्पन्न थवुं, तेमज वरसाद वरसवाथी घास तृणादि अनेक प्रकारनी वनस्पतिनुं उत्पन्न थवुं, तथा अनेक प्रकारना कीट पतंग प्रमुख जीवोनुं उत्पन्न थवुं इत्यादि;

१ जीवकृत पुरुषार्थ वा तेणें करेलो शुभाशुभ यत्न.

आ पांचे निमित्त विना कोइ वस्तुने बनावतां ईश्वर देखाता नथी. जरा पक्षपात छोडी विचार करो ? ईश्वर कर्त्ता कोइ तरेहथी सिद्ध थइ शके छे ? कारण के पृथ्वी, आकाश, चंद्र सूर्य इत्यादि तो द्रव्यार्थिक नयना मतथी अनादि छे. पछी तेने वास्ते पुछवुं थाय के आ कोणें बनाव्या ? तो हवे अमे पुछियें छियें, ईश्वरने कोणें बनाव्या ? जो कहेशो के ईश्वरने तो कोइयें बनाव्या नथी, ते तो अनादिथी बन्या बनेलाज छे, तो पछी पृथ्वी प्रमुख केटला एक पदार्थो पण बन्या बनेला अनादिथीज छे एम मानवामां शुं लज्जा आवे छे ?

खरडज्ञानी कहे छे के–स्वभावथी जगत्‌नी उत्पत्ति जे माने छे तेना मतमां आ दोष आवे छे. जो पृथ्वी स्वभावथी थाय छे तो तेनो कर्त्ता तेमज नियंता होय नहि, वळी आ पृथ्वीथी जुदी दश कोश उपर आकाशमां पोतानी मेळे बीजी पृथ्वी थइ जात,जे आज सुधीबनी नथी तेथी एम जणाय छे के ईश्वर कर्त्ता छे.

उत्तरपक्षः– आप कांई विचार करो छो के नहि ? जो विचारशो तो पूर्वोक्त केहेवुं अयुक्त लागशे. कारण के अमे कहियें छियें के पृथ्वी विगेरे अनादि छे, कोईयें बनावेल नथी, अने तमे कहो छो के आकाशमां उंचे दश कोशने अंतरे बीजी पृथ्वी केम नथी बनती ? हवे विचारो के आ तमारो सवाल समजणवालो छे ? आ तमारा प्रश्नना उत्तरमां कोइ एम पुछे के जो ईश्वर स्वभावथी बन्या होय तो ईश्वरथी अलग बीजा ईश्वर केम उत्पन्न थता नथी ? जो एम कहो के ईश्वर अनादि छे तेथी बीजा नवा ईश्वर केम बने ? तेवी रीतें अमे पण कही शकियें छियें के पृथ्वी अनादि छे,नवी नथी बनती,तो पछी दश कोश आकाशमां केम बने ?

पूर्वपक्षः– जो वस्तु पोते पोतानी मेळेज बनीजाय तो सर्वपरमाणु एकठा केम मळी जता नथी?अथवा एकेक थईने विखरीपण केम जता नथी?

उत्तरपक्षः– जड कांई अमारी आज्ञा मानता नथी के अमारा केहेवाथी एकठा थईने एकरूप थई जाय, अथवा एक एक थई विखरी जाय; पूर्वोक्त पांच निमित्त ज्यां मळवानां हशे त्यां एकत्र थशे, ज्यां निमित्त नहि मळे त्यां एकठां थशे नहि.

पूर्वपक्षः–सर्व परमाणुउने एकत्र मळवामां पांचनिमित्त केम मळतांनथी?

उत्तरपक्षः– अनादि संसारनी जे नियतिरूप मर्यादा छे ते कदापि अन्यथा थती नथी. जो कदी थाय तो, संसारमां जे जीवो जन्म लहे छे ते सर्वे स्त्रीनाज, अथवा पुरुषनाज रूपथी केम उत्पन्न न थाय ? जो एम कहो के जेवां जेवां जेणे कर्म कर्यां होय तेवां तेवांज तेने फल मले छे, पछी फक्त स्त्री आदि स्वरूपथीज केम उत्पन्न थाय ? तो हवे अमे पुछियें छियें के, सर्वजीवोयें स्त्री होवानां के पुरुष होवानां जुदां जुदां कर्म केम कर्यां ? एकसरखां कर्म केम न कर्यां ? उत्तरमां एम केहेशो के, संसारमां ए सनातनथी रीत छे के सर्वजीव सरखां कर्म कदापि करता नथी; त्यारे तो परमाणुमां पण सनातनथी एज स्वभाव छे के एकत्र कदापि मलवुं नहि, तेमज एकएक थइ विखराइ पण जवुं नहि. हे पूर्वपक्षि! आ तमारा ईश्वर जे जगत् रचेछे ते तमारा केहेवाथी, अगाऊ अनंत सृष्टिउं रची चुक्या छे, तेमज एकेक जीवोने अशुभकर्मोनां फल अनंतवार दइ चुक्या छे, तो पण ते जीवो आजसुधी पाप कर्याज करे छे, तो हवे तेउने शिक्षा करवाथी ईश्वरने शुं लाभ थयो ? के अनंत कालथी आ विडंबनामां पडी रह्या छे ? वली ईश्वरने सृष्टि रचवानुं पण शुं प्रयोजन हतुं ?

पूर्वपक्षः– ईश्वरने सृष्टि नहि रचवानुं शुं प्रयोजन हतुं ?

उत्तरपक्षः– वाह रे अज्ञशिरोमणि ! आ तमे शुं उत्तर आप्यो ? शुं आ तमारा उत्तरथी विद्वान् माणस उपहास नहि करे? ईश्वर जो सृष्टि रचे तो ईश्वरताज नष्ट थइ जाय; आ वृत्तांत, उपर सारी रीतें लखी आव्या छियें.

पूर्वपक्षः– ईश्वरनी जे शक्तिउं छे ते सर्वे पोत पोतानुं काम करेछे, जेम आंख देखवानुं काम करेछे, कान सांभलवानुं काम करेछे, तेवी रीतें ईश्वरमां जे रचनाशक्ति छे, ते रचना करवाथीज सफल थायछे, ते वास्ते जगत् रचेछे.

उत्तरपक्षः–जो तमे ईश्वरने सर्व शक्तिमान् मान्या तो ईश्वरनी सर्व शक्तिउं सफल थवी जोइये. पछी तो ईश्वर एक सुंदर पुरुषनु रूप रचीने १ जगत्‌नी सर्व सुंदर सुंदर स्त्रियो साथे भोग करे,२ चोर बनी चोरी करे, ३ विश्वास घातिपणुं करे, ४ जीवहत्या करे, ५ जूठ बोले, ६ अ-

न्याय करे, ७ अवतार लइ गोपियो साथे कल्लोल करे, ८ कुब्जा साथे भोग करे, ९ बीजानी स्त्रीने भगवी लइ जाय, १० शिरपर जटा राखे, ११ त्रण आंख बनावे, १२ बेलपर चढे, १३ शरीरपर विभूति लगावे, १४ एक स्त्रीने वामार्द्धांगमां राखे, १५ कोइ मुनिनी पासे नागा थइ नाचे, १६ कोइने वरदान आपे, १७ कोइने शाप दे, १८ चार मुख बनावी एक स्त्री राखे, १९ पोतानी पुत्री साथे भोग करे, २० संग्राम करे, २१ स्त्रीने चोरी लइ जाय तो पछी ते स्त्रीने माटे रोतो फरे, २२ एक पोतानो भाइ बनावे, पछी ज्यारे संग्राममां तेने शस्त्र लागे, त्यारे भाइना दुःखथी बहु रोवे, २३ पोते पोताने अज्ञानी समजे, २४ भाइनी चिकित्सा वास्ते वैद्य बोलावे, २५ सर्व कांइ खाय, २६ पीये, २७ नाचे, २८ कुदे, २९ रोवे, ३० पीटे, पछी, ३१ निर्मल, ३२ ज्योतिःस्वरूप, ३३ निरहंकार, ३४ सर्व व्यापक; बनी बेसे इत्यादि शक्तिओ ईश्वरमां छे के नहि? जो छे तो, पूर्वोक्त सर्व काम ईश्वरने करवां पडशे, जो नहि करे तो ईश्वरनी सर्व शक्तिओ सफल नहि थवानी? पछी तो ईश्वर महादुःखी थइ जशे. कारण के जेने नेत्र तो मलेलां छे, अने तेने देखवानुं न मले तो, ते केवो दुःखी थाय छे? जो एम कहो के पूर्वोक्त अयोग्य शक्तिओ ईश्वरमां नथी, तो तो सर्व शक्तिमान् ईश्वर छे एम कदापि न केहेवुं जोइयें. जो एम कहो के योग्य शक्तिओनी अपेक्षायें अमे सर्वशक्तिमान् मानियें छियें, तो तो जगत् रचवानी शक्ति पण अयोग्यज छे, ते पण परमात्मामां नथी. ते शक्तिनी अयोग्यता, उपर लखी आव्या छियें. तथा हे पूर्वपक्षि! ज्यारे ईश्वरें प्रथम सृष्टि रची हती, त्यारे स्त्री, पुरुषो तो न होतां, हवे विचारो के माता पिता विना मनुष्य केम उत्पन्न थयां हशे?

पूर्वपक्षः—ज्यारे ईश्वरें सृष्टि रची हती, त्यारेज बहुपुरुष, तेमज बहु स्त्रियो, माता पिता विना रच्यां हतां, त्यारपछी गर्भथी उत्पन्न थवा लाग्यां.

उत्तरपक्षः—आ प्रमाणरहित केहेवुं कोइपण विद्वान् मानशे नहि. कारण के माता पिता विना कदापि पुत्र उत्पन्न थइ शकतो नथी. जो कदी ईश्वरें प्रथम माता पिता विना पुरुष, स्त्री उत्पन्न कर्यां हतां तो आज पण घड्यां घडाव्यां, बन्यां बनाव्यां स्त्री पुरुष केम नथी मोकलता? गर्भधारण कराववां, स्त्रीपुरुषनां मैथुन कराववां, गर्भवासनां दुःख भो-

गवाववां, योनियंत्रद्वारा खेंची कढाववां, इत्यादि संकट शावास्ते रच्यां? ईश्वरें अनंतवार सृष्टि रची, अने प्रलय कर्यो, त्यारे तो थाक्या नहि तो शुं मनुष्योनेज बनाववाथी थाक चडवानो छे? के घडेला घडावेला बनेला बनावेला मोकली शकता नथी? माता पिता विना पुत्र उत्पन्न थाय ए कदापि बनी शकतुं नथी, ते हेतुथी जगत्नो प्रवाह अनादिथी तेवीज रीतें तरतमंता[1] रूपें चालतो आवेलो सिद्ध थाय छे.

पूर्वपक्षः—जो कदी ईश्वर सर्व वस्तुना कर्ता न होय, अने जीवज कर्त्ता होय तो तो जीव पोतेज शरीर धारण करी लेशे. वली शरीरने कदापि छोडशे नहि, पोते पोतानां सारां फल भोगवी लेशे, अने कदी मरशे नहि.

उत्तरपक्षः—आपें जे कह्युं ते सर्व कर्मने वश छे, परंतु जीवने आधीन नथी, जो एम कहो के कर्मपण जीवेंज कर्यां हतां, त्यारे अशुभ कर्म जीवें केम कर्यां? कारण के कोइपण पोतानुं बुरुं करतां नथी; आ वातनो उत्तर तो अपाई गयो छे, परंतु तमारी समजण थोडी छे तेथी समजता नथी. कारण के जीवोनी जे जे शुभ अशुभ अवस्था छे, ते सर्व कर्मोनुं फल छे. वली जीव, कर्म करवामां तो प्रायः स्वतंत्रज छे, परंतु फल भोगववामां स्ववंश[2] नथी. कारण के जेम कोइ जीव धनुष्थी तीर चलावे अने पछी पकडवा चाहे तो ते जेम तेनामां सामर्थ्य नथी, तेमज कोई जीव विष खाय, ते खावामां तो स्ववश छे परंतु ते विषना वेगने रोकवामां जेम समर्थ नथी, तेम कर्म करवामां तो जीव प्रायः स्वतंत्र छे परंतु फल भोगववामां परवश छे. वली जेम वर्त्तमान कालमां रेलगाडी, तथा तार जीवोए बनावेला छे ते चालती रेलगाडी तथा जता तारना वेगने, जेटलो वखत तेनी कलनी प्रेरणा शक्ति बंध पडती नथी तेटलो वखत, कोइ जीव रोकी शकता नथी, तेवीज रीतें कर्मफलना वेगने रोकवामां जीवपण समर्थ नथी. वली जीवने भवांतरमां कोण लई जाय छे? तथा जीवना शरीरनी रचना, आंखोना पडदा, अनेक प्रकारना रंग बेरंगी, हाड, चामडी, लोही, वीर्य इत्यादि रचना कोण रचेछे? तेनुं पूर्ण स्वरूप ज्यां (१४८) कर्म प्रकृतिनुं स्वरूप लखशुं त्यांथी जाणवुं. ते हेतुथी ईश्वर जगत् कर्त्ता कोइ तरेहथी सिद्ध थता नथी. विशेष

१सारासार—नहाना मोहोटा उंचनीच वा न्यूनाधिक—के समविषम सुखिदुःखी. २स्वतंत्र.

रीतें जगत्कर्त्ता ईश्वरनुं खंडन जाणवुं होय तो ( १ ) श्रीसंमतितर्क, ( २ ) द्वादशसार नयचक्र, ( ३ ) स्याद्वादरत्नाकर, ( ४ ) अनेकांतजय पताका, ( ५ ) शास्त्रसमुच्चयस्याद्वादकल्पलता, ( ६ ) स्याद्वादमञ्जरी, (७) स्याद्वादरत्नाकरावतारिका, (८) सूत्रकृतांग, (९) नंदीसिद्धांत, (१०) शब्दांभोनिधिगंध हस्ति महाभाष्य, ( ११ ) प्रमाणसमुच्चय, ( १२ ) प्रमाणपरीक्षा, ( १३ ) प्रमाणमीमांसा, (१४) आप्तमीमांसा, ( १५ ) प्रमेय कमलमार्त्तंड, ( १६ ) प्रमेयदिनमार्तंड, ( १७ ) न्यायावतार, ( १८ ) धर्मसंग्रहणी, ( १९ ) तत्त्वार्थ, ( २० ) षड्दर्शनसमुच्चय. इत्यादि जैनमतना ग्रंथ जोई लेवा. ते कारणथी जे कामी, क्रोधी, कपटी, धूर्त्त, परस्त्री गामी, स्वस्त्रीगामी, नाचनारा, गानारा, बजावनारा, रोपीटकरनारा, भस्म लगावनारा, माला जपनारा, संग्राम करनारा, डमरु आदि वाजां वगाडनारा, वरदान अथवा शाप देनारा, विनाप्रयोजन अनेक संकटमां पडनारा, इत्यादि अढारे दूषणसहित छे ते कुदेव छे. तेने ईश्वर मानवा तेज मिथ्यात्व छे. आ कुदेवोने माननारा पत्थरनी नाव उपर बेठा छे. ते कारणथी लखवानुं प्रयोजन एटलुंज छे के कुदेवने कदापि अर्हंत भगवंत परमेश्वर मानवा नहि.

इतिश्री तपागच्छीयमुनिश्रीबुद्धिविजयशिष्यमुन्यानंदविजयात्माराम विरचितजैनतत्त्वादर्शभाषांतरेकुदेवनिर्णयनामाद्वितीयःपरिच्छेदःसंपूर्णः॥२॥

---

॥ अथ तृतीयपरिच्छेदप्रारंभः ॥

त्रीजा परिच्छेदमां गुरुतत्त्वनुं स्वरूप कहियें छियें. जैनमतमां गुरुनां लक्षण आ प्रमाणे लखेलां छेः— महाव्रतधराधीरा, भैक्ष्यमात्रोपजीविनः ॥ सामायिकस्थाधर्मोप, देशकागुरवोमताः ॥ १ ॥ अर्थः—अहिंसादि पांच महाव्रत धारण करनारा तथा पालनारा, अने आपत्ति समये धैर्य राखनारा, पोताना धारण करेला व्रतमां दूषण लगावी कलंकित नहि करनारा, तथा बेंतालीश दूषणरहित माधुकरी भिक्षावृत्ति करी, पोताना चारित्र धर्मना, तथा शरीरना निर्वाहवास्ते भोजन करनारा, भोजन पण पुरूं पेट भरी नहि करनारा, भोजनने वास्ते अन्न, पाणी रात्रिमां नहि राखनारा, तथा धर्म साधननां उपकरण वर्जी बीजो कांइ पण

संग्रह नहि करनारा, धन, धान्य, सुवर्ण, रौप्य, मणि, मोती, प्रवालादि कांइपण परिग्रह नहि राखनारा, तथा राग द्वेषना परिणामरहित, माध्यस्थवृत्तिथी सदा वर्तनारा, तथा जीवोना उद्धारवास्ते, अर्हंत भगवंत परमेश्वरें सम्यग्ज्ञान, दर्शन, चारित्ररूप धर्म, स्याद्वाद अनेकांतस्वरूप निरूपण करेल छे, तेनो भव्यजीवोने उपदेश करनारा, परंतु ज्योतिष शास्त्र, अष्टांगनिमित्तशास्त्र, वैद्यकशास्त्र, अर्थशास्त्र तथा राजनीति–सेवाप्रमुख अनेक शास्त्र, जेथी धर्ममां बाधा पहोंचे तेवां शास्त्रोनो उपदेश नहि करनारा, कारण के लौकिक शास्त्रो बुद्धिमान् पुरुषो वर्त्तमानमां पण बहु अध्ययन करे छे, तेमज सांसारिक विद्यानां नवीन, नवीन अनेक पुस्तको बनावेछे. तथा पाश्चात्य पुरुषोनी बुद्धि जोइ आ देशना लोको पण सांसारिक विद्यामां बहुज निपुण थाय छे, अने ते कारणथी जीवोने धर्म पामवो बहुज मुश्केल थायछे, तेथी फक्त धर्मनोज उपदेश करनारा, एवा लक्षणवाला गुरु जैनमतमां छे अर्थात् जैनमतमां गुरुनां एवां लक्षणो छे.

प्रथम पांच महाव्रत साधुने धारण करवां कह्यां छे ते पांच महाव्रत कयां छे? ते कहियें छियें. अहिंसासूनृताऽस्तेय, ब्रह्मचर्यापरिग्रहाः॥ पंचभिः पंचभिर्युक्ता, भावनाभिर्विमुक्तये॥ १॥ अर्थः–(१) अहिंसा (जीवदया) (२) सूनृत (सत्यवचन बोलवुं) (३) अस्तेय (साधुने उचित, आप्या विना वस्तु न लेवी ते) (४) ब्रह्मचर्य पालवुं (५) सर्व परिग्रहनो त्याग. ए पांच महाव्रत छे, तथा आ पांच महाव्रतोमां एकेक महाव्रतनी पांच पांच भावना छे. साधु आ पांच महाव्रत, तथा पचीश भावना, मोक्षने वास्ते पाले.

आ पांच महाव्रतमांथी प्रथम महाव्रतनुं स्वरूप लखियें छियें. न यत् प्रमादयोगेन, जीवितव्यपरोपणं॥ त्रसानां स्थावराणां च, तदहिंसाव्रतं मतं॥ २॥ अर्थः–त्रस, (द्वींद्रियादि) अने स्थावर, (पृथ्वीकाय) (अप्काय-तेउकाय-वाउकाय-वनस्पतिकाय) आ सर्व जीवोने प्रमादवश थइ मारे नहि. प्रमादनां लक्षणो; राग, द्वेष, असावधानपणुं, अज्ञान, मन वचन कायानुं चंचलपणुं, धर्मनेविषे अनादर इत्यादि. प्रमादने वश थइ जे प्राणातिपात करवो, तेनो जे त्याग, तेनुं नाम अहिंसा व्रत छे.

बीजा महाव्रतनुं स्वरूप लखिये छियें. प्रियं पथ्यं वचस्तथ्यं, सूनृतव्रत मुच्यते ॥ तत्तथ्यमपिनो तथ्यमप्रियं चाहितं च यत् ॥ ४ ॥ जे वचन सांभलवाथी बीजा जीव हर्ष पामे, ते वचनने प्रियवचन कहियें, तथा जे वचन जीवोने पथ्यकारि होय, परिणाम सुंदर होय, अर्थात् जे वचनथी जीवने भविष्यमां बहुज सारुं थाय, तथा जे वचन सत्य होय, एवुं वचन जे बोलवुं ते सूनृत व्रत कहियें; अने जे वचन अप्रिय तथा अहितकारि होय ते सत्य होय तो पण सत्य नथी. आ व्रतविषे कांइक विशेष लखियेछियें. जे वचन व्यवहारमां भलें सत्यज होय, परंतु ते जो बीजा जीवने दुःखदायक होय तो ते वचन साधु न बोले. जेम के काणाने काणो केहेवो, चोरने चोर केहेवो, कुष्टीने कुष्टी केहेवो, इत्यादि; वली जे वचन जीवोने भविष्यमां अनर्थकारक होय तेपण वसुराजानी पेठे बोले नहि. जो आ बंने वचनो बोले तो ते साधुने सूनृत व्रतमां कलंक लागी जाय, कारण के आ बंने वचनो असत्यमांज गणेलां छे.

हवे त्रीजुं महाव्रत लखियें छियें. अनादानमदत्तस्या,ऽस्तेयव्रतमुदीरितं ॥ बाह्याः प्राणानृणामर्थों, हरता तं हताहि ते ॥ ५ ॥ अर्थः—अदत्त मालेकना आप्या विना लई लेवुं तेनो जे नियम ते अस्तेय व्रत कहियें. नामातंर अचोरीव्रत. अदत्तादान, चार प्रकारनुं छे ( १ ) जे वस्तु साधुने लेवा योग्य छे, जेम के अचित्त, जीवरहित वस्तु, तृण, काष्ठ, पाषाणादि, ते तेना स्वामिना पुछ्या विना लई लेवी, ते स्वामि अदत्त. ( २ ) तथा जेम कोई घेटुं, बकरी, गाय प्रमुख जीव, जेनो स्वामी बीजा हिंसकजीवने तेनी किंमत लई आपे, अथवा किंमत विना आपे, अने लेनारें आपेली वस्तु लीधी छे, परंतु ते जीवें पोतानुं शरीर आपेलुं नथी, ते हेतुथी जीवअदत्त. ( ३ ) तथा आधाकर्मादि आहार प्रमुख जे जे वस्तु, अचित्त, जीवरहित पण छे, अने आपेली पण ते वस्तुना स्वामियें ज छे, परंतु तीर्थंकर भगवंतें निषेध करी छे. पछी जो साधु ते वस्तुने ग्रहण करे तो तीर्थंकर अदत्त (४) तथा जे वस्तु निर्दोष छे, जेम के वस्त्र आहारादि, अने ते वस्तुना स्वामियें ते आपेली छे, तेमज तीर्थंकर भगवंतें तेनो निषेध पण करेलो नथी, छतांपि गुरुनी आज्ञाविना ते वस्तुने जो साधु लहे तो अदत्त. आ व्रतमां आ चारे प्रकारनुं अदत्त

(३) आर्जव-मनवचन कायाथी सरल तेनो जे नाव अथवा कर्म ते आर्जव मनवचन कायानी कुटिलतानो अन्नाव. (४) मुत्तीमोचनं–बाह्याभ्यंतरथी तृष्णानो त्याग, लोजनो त्याग ते मुक्ति. (५) तप–रसादि धातु अथवा अष्टप्रकारनां कर्म जेनाथी नस्म थाय ते अशनादि बार प्रकारें तप. (६) संयम-आश्रवनी त्यागवृत्ति (७) सत्यं–मृषावादविरति, जूठनो त्याग (८) शौच-संयमवृत्तिमां कलंकनो अन्नाव. (९) आकिंचन– किंचित्मात्र द्रव्यनुं पोतानी पासे नहि होवापणुं(१०) ब्रह्मचर्य– सर्वथा मैथुननो अन्नाव. आ दश प्रकारना यतिधर्म जाणवा. वली मतांतरथी दशप्रकारें यतिधर्म आ रीतें कहेछे. यतः ॥ खंती मुत्ती अज्जव, मद्दव तहलाघवे तवे चेव ॥ संजम वियोग किंचण, बोधव्वे बंन्नचेरेय ॥ १ ॥ अर्थनी सुगमताथी विस्तार कर्यो नथी.

हवे सत्तर नेद संयमना लखिये छियें. यतः॥ पंचासवा विरमणं, पंचिंदिय निग्गहो कसाय जर्ज ॥ दंरुत्तयस्स विरइ, सत्तरसहा संजमो होइ ॥ १ ॥ अथवा ॥ पुढवि दग अगणिमारुय, वणसइ खिति चउ पणिंदि अजीवा ॥ पहुप्पेह पमवण, परिठवण मणो वइ काए ॥२॥ अर्थः– ॥ उत्पन्न करियें कर्म जेनाथी ते आश्रव- तेना पांच प्रकार, पांच महाव्रतमां बताव्या छे ते ( १ ) हिंसा ( २ ) मृषा ( ३ ) चोरी ( ४ ) मैथुन ( ५ ) परिग्रह. आ पांचे आश्रवनो त्याग करे. तथा स्पर्शन, रसन, घ्राण, चक्षु तेमज श्रोत्र. आ पांचे इंद्रियोना स्पर्शादि पांचे विषयोविषे लंपटपणुं त्यागे. तथा क्रोध, मान, माया अने लोज ए चारे कषायने जीते. ए चारेना उदयने निष्फल करे, तेमज नहि उदय पाम्या होय तेने उत्पन्न न करे. तथा जीवनी चारित्रधर्मरूप लक्ष्मी जेनाथी दंमाय एवा खोटा मन वचन कायारूप जे त्रण दंरु तेनी विरति करे. ए सत्तर नेद संयमना बताव्या. हवे प्रकारांतरथी संयमना सत्तर नेद बतावियें छियें. (१) पृथ्वी, (२) जल, (३) अग्नि, (४) पवन, (५) वनस्पति, (६) द्वींद्रियजीव, (७) त्रींद्रियजीव, (८) चतुरिंद्रियजीव, (९) पंचेंद्रियजीव. पूर्वोक्त नवविध जीवोनी, मन, वचन अने कायाथी, करवी, कराववी अने करनारने अनुमोदवारूप हिंसावृत्तिनो त्याग, ते नव प्रकारना संयम– तेमां सरंन्न, समारंन्न, आरंन्न तेनी समज आ छे. प्राणीना प्राणना विनाश करवानो संकल्प करवो ते

सरंन्न; जीवना प्राणने परिताप उपजाववो याने पीडा करवी ते समारंन्न; तथा जीवोना प्राणनो विध्वंस करवो ते आरंन्न; तथा (१०) अजीवसंयम, जे अजीव वस्तुने राखवाथी संयममां कलंक लागे. जेमके मांस, मदिरा, सुवर्णप्रमुख धातु, मोतीप्रमुख रत्न, अंकुशादि शस्त्र, इत्यादि अजीव वस्तु राखवाथी संयममां कलंक लागे, तेथी तेवी अजीव वस्तु न राखवी; अने अजीवरूप पुस्तक, तथा शरीर उपकरणादि, ते आ दूषमकाल प्र-प्रमुख दोषथी, बुद्धि, आयु, श्रद्धा, संवेग, उद्यम, बल इत्यादि सर्व हीन थइ गयेल छे. विद्यास्मरण रेहेती नथी. ते कारणथी आ कालमां पुस्तक राखवां, ते प्रतिलेखणा, प्रमार्जनपूर्वक यत्नथी राखवां. तथा (११) प्रेक्षासंयम–नेत्रथी देखी, बीज, हरिप्रमुख जीवरहित स्थानमां सुवुं, बेसवुं, चालवुं इत्यादि करवुं ते. तथा (१२) उपेक्षासंयम– गृहस्थने पापनो व्यापार करतां उपदेश करवो के आ काम तमे आवी रीतें करो ते; अथवा कोइ साधु संयमथी चलायमान थया होय तेने हितपूर्वक उपदेश करवो ते, तथा पार्श्वस्थादि साधु जेउ समाचारीथी भ्रष्ट थया होय, तेमज तेउ कोइ अनुचित काम करी रह्या होय, तेउने उपदेश करीश तो तेउ मानवाना नथी, एम कोइ साधु मनमां जाणी उदासीन रहे ते– तथा (१३) प्रमार्जन संयम– अवलोकन करेला स्थानमां वस्त्र, पात्रादि जो लेवां अथवा राखवां पडे तो प्रथम रजोहरणादिथी प्रमार्जन करीने पछी लेवां, राखवां के सुवुं, बेसवुं करे ते. तथा (१४) परिष्ठापना संयम– न्नात,पाणी, वस्त्र, पात्रादि जेमां जीव पडी गया होय तेने जीवरहित शुद्ध न्नूमिकामां शास्त्रोक्तविधिथी जे परठववां ते. तथा (१५) मनःसंयम–मनमां द्रोह, ईर्ष्या, अन्निमान न करवां, अने धर्मध्यानादिमां मन प्रवृत्त करवुं ते. तथा (१६) वचनसंयम-हिंसाकारी कठोरवचन न बोलवां, अने शुन्नवचननुं उच्चारण करवुं ते. तथा (१७) कायासंयम-गमनागमन करवामां, तथा अवश्य करवा योग्य कामोमां उपयोगपूर्वक कायाने प्रवर्त्तावची ते. आ सत्तर न्नेद संयमना जाणवा.

हवे वैय्यावृत्तना दश न्नेद कहियें छियें. आयरिय उवद्याय, तवस्सि सेहे गिलाण साहुसु ॥ समणोन्न संघ कुलगण, वेयावच्चं हवइ दसहा ॥ १ ॥ अर्थः–(१) ज्ञानादि पांच आचारने पाले ते आचार्य, तथा सेवियें

जे ते आचार्य. तथा (२) जेनी पासे आवीने अध्ययन करीयें ते उपाध्याय. तथा (३) तप जे करे ते तपस्वी. तथा (४) जेणें नवुं साधुपणुं अंगीकार कर्युं होय ते शिष्य. तथा (५) ज्वरादि रोगवाला जे साधु ते ग्लान. तथा (६) धर्मथी डगनारने स्थिर करे ते स्थविर. तथा (७) जे साधुनी पोताना सरखी समाचारी होय ते समनोज्ञ. तथा (८) साधु, साध्वी, श्रावक, श्राविका ए चारेनो जे समुदाय ते संघ. तथा (९) बहु एक सरखा गछोना, सजातिउना जे समूह ते कुल, चंद्रादि. तथा (१०) एक आचार्यनी वाचना वाला साधुउना समूह ते गण, गछ, कौटिकादि. पूर्वोक्त आचार्यादि दशेने अन्न, पाणी, वस्त्र, पात्र, मकान, (१) पीठ, (२) फलक, (३) संस्तारक प्रमुख धर्म साधनोथी जे साहाय्य करवुं, शुश्रूषा करवी, तथा जंगलमां रोग उत्पन्न थवाथी औषध करवां, तथा नाना प्रकारना उपसर्गोथी पालना करवी तेनुं नाम वैय्यावृत्त छे.

हवे जे शीलवान् साधु नव वाडसहित शील पाले तेने नवविध ब्रह्मचर्यनी गुप्ति कहे छे. ते लखियें छियें. यतः ॥ वसहि कह निसिंदिय, कुडुंतर पुव्वकीलिय पणीए ॥ अइमायाहार विज्जू, सणाइ नव बंभ गुत्तीउ ॥ १ ॥ अर्थः– १ ( वसहि ) वस्ति- जे ब्रह्मचारी साधु होय ते स्त्री, पशु, पंडकसंयुक्त जे वस्ति होय त्यां न रहे. तेमां प्रथम स्त्री, बे प्रकारनी छे, एक देवी, बीजी "मानुषी" मनुष्यणी; ते बंनेना बे बे भेद छे, एक असल, बीजी तेनी मूर्त्ति के चित्रामनी मूर्त्ति. आ बंने प्रकारनी स्त्री न होय ते वस्तीमां रहे. तथा पशु जे तिर्यंचणी, गाय, कुतरी, पाडी, घोडी, बकरी, घेटी प्रमुख जे वस्तिमां नहि रहेती होय त्यां रहे. तथा पंडक. नपुंसक, त्रीजा वेदवाला, अत्यंत मोहमय काम करनारा, स्त्री अने पुरुष बंनेनी साथे विषय सेवनारा, जे वस्तिमां रेहेता होय त्यां ब्रह्मचारी न रहे. कारण के आ त्रणे संयुक्त वस्तिमां रेहेतां थकां तेउनी काम विकारनी चेष्टा देखवाथी, ब्रह्मचारीना मनमां विकार उत्पन्न थवाथी ब्रह्मचर्यने बाधा थाय छे. जेम उंदर तेमज बिलाडी एक जगामां रहे तो उंदरने सुख नहि, तेमज आ त्रणे संयुक्त वस्तिमां रेहेवाथी शीलवान्ने शियलमां उपद्रव-थाय. आ प्रथम ब्रह्मचर्यगुप्ति.

१ पाटला, २ पाटियुं. ३ संथाराआदि.

( कह ) कथा. केवल स्त्रियोनेज, तथा एकली स्त्रीने धर्मदेशना व-चनना प्रबंधरूप कथा न कहे, तथा स्त्रीनी कथा न करे ॥ यथा ॥ कर्णाटी सुरतोपचारचतुरा, लाटी विदग्धा प्रिया ॥ इत्यादि कथा न करे. कारण के आ कथा राग उत्पन्न करवानो हेतु छे. तथा स्त्रीना, देश, जाति, कुल, वेष, भाषा, गति, विभ्रम, इंगित[1], हास्य, लीला, कटाक्ष, स्नेह, रति, कलह, शृंगार इत्यादि जे विषय रसनी पोषण करनारी कामिनीनी कथा ते कदी न करे, जो करे तो अवश्य मुनितुं मन पण विकार पामे. आ बीजी ब्रह्मचर्यनी गुप्ति.

३ ( निसिज्ज ) आसन– स्त्रियोनी साथे एक आसनपर न बेसवुं, तथा जे जगा अथवा आसनथी स्त्री उठी होय ते आसन अथवा स्थानमां बे घडी सुधी साधु न बेसे, कारण के ते जग्यामां तत्काल बेसवाथी स्त्रीनी स्मृति थाय छे, तेमज स्त्रीना बेसवाथी शय्या अथवा आसन, मेलथी मलिन थवाथी स्त्रीना स्पर्शवाला आसनादिना स्पर्शथी विकार उत्पन्न थाय छे. आ त्रीजी ब्रह्मचर्यगुप्ति.

४ ( इंदिय ) इंद्रिय, अविवेकी लोकोने देखवा योग्य स्त्रियोनां अंगोपांग जे नाक, स्तन, जंघा प्रमुख तेउने ब्रह्मचारी साधु अपूर्व रसमां मग्न थइने, नेत्र फाडीने देखे नहि. कदाचित् दृष्टि पडी जाय तो पछी एवी चिंतवना पण न करे के वाह शुं विशाल सुंदर लोचन छे ! वाह शुं नासिका सीधी छे ! तथा इछवा योग्य बंने स्तन छे ! जो स्त्रीनां पूर्वोक्त अंगोपांगनुं एकाग्र रसमां मग्न थइ चिंतवन करे तो अवश्य मोहाधीन थइ मन विकार प्राप्त थाय. आ चोथी ब्रह्मचर्यगुप्ति.

५ ( कुड्डंतर ) कुड्यांतर. जे भींत, तट्टी के कनातने अंतरे स्त्री पुरुष मैथुन सेवन करतां होय, तेमज तेउना शब्द संभलाता होय, त्यां ब्रह्मचारी साधु न रहे. आ पांचमी गुप्ति.

( पुवकीलिय ) पूर्वक्रीडा. पूर्वे गृहस्थ अवस्थामां स्त्रीनी साथे जे विषय, भोग, क्रीडा, करी, होय, तेनुं स्मरण न करे. जो करे तो कामाग्नि प्रज्वलित थाय. आ छठी गुप्ति.

( पणीय ) प्रणीत. अति चिकाशवाला, मीठा दूध, दहीं, प्रमुख अति

---

१ आंतर अने बाह्य–मानस तथा शारीर, हाव भावादि चेष्टित.

धातुपुष्ट करनार आहार निरंतर न करे. जो करे तो वीर्यनी वृद्धि थवाथी अवश्य वेदोदय थाय, पछी जरूर विषयसेवन करे, कारण के जीर्ण कोथलीमां विशेष रूपैया भरियें तो जरुर फाटी जाय. आ सातमी गुप्ति.

(अइमायाहार) अतिमात्राहार. ते रूक्ष, लुखी भिक्षा पण प्रमाणथी अधिक न खाय, कारण के अधिक खावाथी पण विकार थइ जाय छे, तेमज शरीरने विषूचिकादि पीडा थवानुं कारण छे. आ आठमी गुप्ति.

( विभूसणाइ ) विभूषणादि, शरीरनी विभूषा, ते स्नान, विलेपन, धूप, नख, दांत, केश, जेमनी सुंदरता वास्ते करवा, समारवा, तथा विभूषा वास्ते तिलक करवुं, सुरमो, काजल आंखमां सारवा, तथा सुकोमल करवा सारु हाथ, पग, साबु तेल प्रमुखथी मसली गरमपाणीथी धोवां, इत्यादि शरीरनी विभूषा न करे. आ नवमी ब्रह्मचर्यगुप्ति. आ नव प्रकारनी गुप्ति ते ब्रह्मचर्यनी रक्षा माटे नव वाड छे.

हवे ज्ञानादि त्रण कहियें छियें. यथार्थ वस्तुनो जे यथार्थ बोध करे ते ज्ञान. ज्ञानावरणीय कर्मनो क्षय तथा क्षयोपशम थवाथी उत्पन्न थयो जे बोध, तेनां हेतु जे द्वादशांग, तेमज द्वादश उपांग, तथा प्रकीर्णक जे उत्तराध्ययनादि ते सर्व ज्ञान कहियें. तथा बीजुं दर्शन–१ जीव, २ अजीव, ३ पुण्य, ४ पाप, ५ आश्रव, ६ संवर, ७ निर्जरा, ८ बंध, ९ मोक्ष, आ जीवादि नवतत्त्वनुं जे स्वरूप तेमां श्रद्धा ( रुचि ) करवी. जेम के ए नवतत्त्व सत्य छे, मिथ्या नथी. एवी तत्त्वरुचि तेनुं नाम दर्शन. तथा त्रीजुं सर्वपापना व्यापारोथी ज्ञान, श्रद्धानपूर्वक निवृत्त थवुं तेनुं नाम चारित्र छे. तेमां देशविरति चारित्र तो ज्यां गृहस्थाश्रम धर्मनुं स्वरूप लखशुं त्यांथी जाणवुं; अने जे सर्वविरति चारित्र छे तेनुं स्वरूप तो आ गुरुतत्त्व वर्णनमां लख्या करियें छियें.

हवे बार प्रकारना तपनुं स्वरूप लखियें छियें. यतः ॥ अणसण मूणोयरिया, वित्तीसंखेवण रसच्चाउ ॥ काय कलेसो संली, णयाय बज्झो तवो होई ॥ १ ॥ पायछित्तं विणउं, वेयावच्चं तहेव सज्झाउ ॥ जमणं उस्सग्गो विय, अभिंतरउ तवो होइ ॥ २ ॥ अर्थः–१ अनशन व्रत करवां २ ऊणोदरी–थोडुं खावुं ३ वृत्तिसंक्षेप–अनेक प्रकारना अभिग्रह करवा ४ रसत्याग–दूध, दहीं, घी, तेल, गोल, मीठां पकान्न तेउनो त्याग करवो.

५ कायक्लेश–वीरासन, दंमासन, प्रमुख अनेकतरेथी कायाने कष्ट आपवुं. ६ संलीनता–पांचे इंद्रियोने पोत पोताना विषयोथी रोकवी. आ छ प्रकारें बाह्यतप. १ प्रायश्चित्त–जे कांइ अयोग्य काम कर्युं होय ते गुरुनी पासे जे प्रमाणे कर्युं होय ते प्रमाणे प्रगटपणे केहेवुं; पछी ते पापनी निवृत्तिवास्ते गुरुपासे यथायोग्य दंम लेवो, अने नविष्यमां फरी ते पाप न करवुं तेनुं नाम प्रायश्चित्त तप छे, २ विनय–पोतानाथी गुणाधिकनुं बहुमान करवुं ते. ३ वैयावृत्त पोतानाथी गुणाधिकनी नक्ति करवी ते. ४ स्वाध्याय (१) पोते नणवुं बीजाउने नणाववुं. (२) संशय उत्पन्न थयां थकां गुरुने पुछवुं. (३) पोते अध्ययन करेलुं वारंवार स्मरणमां लाववुं. (४) जे कांइ अध्ययन कर्युं होय तेना तात्पर्यनुं एकाग्र चित्तथी चिंतवन करवुं (५)धर्मकथा करवी ते संक्षेपमां–वांचना,पृछना,परावर्त्तना,अनुप्रेक्षा, धर्मकथा, ए पांच रूपें छे. ५ ध्यान. १ आर्त्तध्यान २ रौद्रध्यान ३ धर्मध्यान ४ शुक्लध्यान. आ चारमां आर्त्त अने रौद्रध्यान तजवां अने धर्म अने शुक्लध्यान अंगीकार करवां. ६ व्युत्सर्ग सर्व उपाधिउनो त्याग करवो ते. आ छ प्रकारें आभ्यंतर तप. सर्व मली बार प्रकारनां तप छे.

क्रोध, मान, माया, अने लोन. आ चारेनो निग्रह करवो. ए प्रमाणे पांच महाव्रत,दश श्रमणधर्म, सत्तर नेदें संयम, दशप्रकारें वैय्यावृत्त,नव ब्रह्मचर्यगुप्ति, त्रण ज्ञान, दर्शन, चारित्र, बार प्रकारें तप, क्रोधादि चार निग्रह, सर्वमली सित्तेर नेद चारित्रना छे. ते वास्ते तेने चरणसित्तरी कहेछे.

हवे करणसित्तरीना नेद लखियें छियें. यतः ॥ पिंमविसोही समिई, नावण पडिमाय इंद्रियनिरोहो ॥ पडिलेहण गुत्तीउ, अभिग्गह चेव करणं तु ॥ १ ॥ अर्थः पिंमविशुद्धि १ आहार, २ उपाश्रय, ३ वस्त्र, ४ पात्र. आ चार, वस्तुउने साधु बेंतालीश दूषणरहित लहे. तेनुं नाम पिंडविशुद्धि छे. बेंतालीश दोषनुं संपूर्ण स्वरूप जोवुं होय तो पिंडनिर्युक्तिनामा ग्रंथ नद्रबाहुस्वामिकृत छे तेनी मलयगिरिसूरिकृत टीका सात हजार श्लोक प्रमाण छे ते, तथा पिंमविशुद्धि ग्रंथ जिनवल्लन सूरिकृत छे तेनी जिनपति सूरिकृत टीका छे ते तथा प्रवचनसारोद्धार श्रीनेमिचंद्र सूरिकृतसूत्र तथा तेनी सिद्धसेनसूरिकृत टीका छे ते तथा श्रीहेमचंद्रसूरिकृत योगशास्त्र अवलोकन करवां.

हवे पांच समितिनुं स्वरूप लखिये छियें. प्रथम इर्यासमिति. चालवानुं नाम इर्या केहेवाय छे, अने सम्यक् आगमने अनुसार जे प्रवृत्ति, चेष्टा करवी ते समिति कहियें. त्रस स्थावरजीवोने अन्नयदान आपनार जे मुनि, ते, प्रयोजन निमित्तें चालवुं पडे त्यारे केवीरीतें चाले ? प्रथम तो प्रसिद्ध रस्ते चाले, जे रस्तो सूर्यना किरणोथी तपेलो होय प्रांशुक-जीवरहित होय, तथा स्त्री, पुरुषना संघट्टरहित होय, ते रस्ते जीवोनी रक्षानिमित्तें अथवा पोताना शरीरनी रक्षानिमित्तें पगना अंगुठाथी चार हाथ प्रमाण नूमिका आगल देखीने चाले. तेनुं नाम इर्यासमिति छे. ते प्रमाणे साधु जो चाले, तेमज बीजुं काम करे, ते काममां कदाचित् कोइ जीव मरी पण जाय तो पण साधुने पाप लागतुं नथी, कारण के तेनो उपयोग बहुज शुन्न छे. तथा २ नाषासमिति. पापसहित नाषा, तथा कठोरनाषा जेम के तुं धूर्त्त छे, कामी छे, राक्षस छे, एवा चार्वाकप्रमुख बोले तेवा शब्दो तथा निंदनीय शब्दो न बोले. परंतु बीजाने सुखदायक, बोलवामां अल्प, बहु प्रयोजनने साधनार, अने संदेहविनानां एवां वचन बोले ते नाषासमिति. तथा ३ बेंतालीश दूषणरहित आहारादि ग्रहण करे ते एषणासमिति. तथा ४ आसन, संस्तारक, पीठ, फलक, वस्त्र, पात्र, दंमादि आंखथी देखीने उपयोगपूर्वक लेवां, राखवां, करवां ते आदाननिक्षेप समिति. तथा ५ पुरीष, प्रस्त्रवण, थूंक, श्लेष्म, शरीर मल, वस्त्र, अन्न, पाणी जे शरीरने उपयोगनां न होय ते सर्वने जीवरहित नूमिकामां स्थापन करे ते; पांचमी परिस्थापना समिति. आ पांच समिति कही.

हवे बार नावना लखियें छियें. प्रथम अनित्य नावना,बीजी अशरण नावना, त्रीजी संसार नावना, चोथी एकत्वनावना, पांचमी अन्यत्वनावना, छठी अशुचिनावना, सातमी आश्रवनावना, आठमी संवरनावना, नवमी निर्जरानावना, दशमी लोकस्वनावनावना, अग्यारमी बोधिडुर्लन्न नावना, बारमी धर्मना कथन करनारा अरिहंत छे. आ बार नावना रात्रियें तथा दिवसें जेवी रीतें नाववा योग्य छे तेवी रीतें अन्यास करवो. आ बार नावनानुं कांइक स्वरूप लखियें छियें.

१ अनित्य नावना- जेनुं शरीर वज्रसमान, सुंदर तेमज कठण हतुं,

ते पण अनित्यरूप राक्षसना जक्ष थया, तो पछी केलना गर्न समान निःसार जे जीवोनां शरीर छे ते आ अनित्यरूप राक्षसथी केवी रीतें बचशे ? वली लोको बिलाडीनी पेठे आनंदित थइने दूधनी पेठे विषय सुखनो स्वाद लहेछे, परंतु लाकडीना मारने देखता नथी; जावार्थ ए छे के, विषयजोगमां मग्न थइ आनंद तो माने छे, परंतु जन्मांतरमां नरकपतनरूप संकटथी मरता नथी. वली जीवोनां शरीर पाणीना परपोटा समान, छे, तथा जीवित ध्वजासमान चंचल छे, लावण्य, स्त्री, परिवार, आंखनी पांपण जेम चंचल छे, युवावस्था हाथीना काननी पेठे चंचल छे, स्वामिपणुं स्वप्ननी श्रेणी समान छे, लक्ष्मी वीजली जेम चपल छे, एवी रीतें सर्व पदार्थोनुं अनित्यपणुं विचारतां, प्यारा स्त्री पुत्रादि मरी जाय तो पण पोताना मनमां शोक न करे; अने जे मूर्ख जीव, सर्व जावने नित्य मानेछे ते जीर्ण पांदडानी कुंपडीनो नाश थवाथी पण रात दिवस रुदन करेछे. ते कारणथी तृष्णानो नाश करी ममत्व रहित थइ शुद्धबुद्धिवाला जीव अनित्यजावना जावे.

२ अशरणजावना- पिता, माता, पुत्र, जार्या प्रमुख विद्यमानछतां, अत्यंत आधि व्याधिना समूहरूप शृंखलामां[1] बंधायेला रुदन करता जीवोने कर्मरूप योद्धा, यमराज ( काल ) ना मुखमां प्रक्षेप करतां थकां ( फेंकेछे त्यारे ) बहुज दुःख थाय छे. जे लोक शरणरहित अनाथ छे, ते शुं करशे ? तथा नाना प्रकारना शास्त्रविषयोने जाणनारा, तथा अनेक प्रकारना मंत्र, यंत्रोनी क्रिया जाणनारा, तथा ज्योतिष विद्याना जाणनारा, तथा अनेक प्रकारनी औषधि, रसायन प्रमुख वैद्यक शास्त्रनी तमाम क्रियामां कुशल, एवा विद्वानोनी कुशलता तथा क्रिया, कालनी सामे कांइपण करवामां समर्थ थइ नहि. तथा नाना प्रकारना शस्त्रोवाला शूरवीर योद्धाउनी सेनाथी परिवेष्टित, ( चो तरफ वीटायेला ) तथा नानाप्रकारना मदकर हाथीउनी जेने वाड छे, एवा इंद्र, वासुदेव, चक्रवर्त्तिसमान बलवान् पण कालना घरमां खेंचाता चाल्या जाय छे. अत्यंत दिलगीरी के प्राणियोने कोइनुं शरण नथी. तथा पृथ्वीनुं छत्र अने मेरुनो दंड करवाने समर्थ, तेमज जेने अल्पपण क्लेश न

१ सांकल वा बेडी.

होतो एवा अनंत बलवान् तीर्थंकरपण लोकोने कालथी बचाववाने समर्थ नथी तो पछी बीजो कोण समर्थ छे ? स्त्री, पुत्र मित्रादिना स्नेहरूप जूतने दूर करवा वास्ते शुद्धमति जीव अशरण जावना जावे.

३ संसारजावना कहियेंछियें. बुद्धिमान् तेमज बुद्धिहीन, सुखी तेमज दुःखी, रूपवान् तेमज कुरूपवान्, स्वामी तेमज सेवक, वैरी, राजा तेमज प्रजा इत्यादि देवतामनुष्य, तिर्यंच, नारकिना अनेक प्रकारना कर्मवशथी वेष धारण करीने आ संसाररूप अखाडामां आ जीव नाटक करेछे. तथा महारंज, मांसजक्षण, मदिरापानादि कारणोथी अनेक प्रकारनां पापनो बंध करीने, महाअंधकारवाली नरकजूमिकामां जइ पडे छे, त्यां अंगछेदन, अग्निप्रज्वलनादि क्लेशरूप महादुःख जे जीवने थाय छे ते दुःखोनुं स्वरूप केवली पण कथन करी शकता नथी. आ नरकगति कही.तथा कपट,जुठुं बोलवुं इत्यादि कारणोथी प्राणी तिर्यंचगतिमां सिंह, वाघ, हाथी, मृग, बेल, बकरी प्रमुखनां शरीर धारण करेछे. तथा ते गतिमां क्षुधा, तृषा, वध, बंधन, ताडन, तर्जन, रोग, हलवहन इत्यादि जे दुःख सदा ते जीवोने सहन करवां पडेछे ते केहेवाने कोण समर्थ छे ? आ तिर्यंच गति कही.

तथा खाद्य[1], अखाद्य[2], विवेकशून्यता, मनमां लज्जानो अजाव, मा, बेन, दीकरी गमन करवामां एक समानता,निःशंकता[3] वल्लज छे ज्यां, एवा अनार्य मनुष्यमां, निरंतर जीवघात, मांसजक्षण, चोरी, परस्त्रीगमनादि अत्यंत कनिष्ठ पापकर्म महादुःख उत्पन्न करनार ज्यां थया करे छे,तथा आर्यदेशमां पण क्षत्रिय, ब्राह्मणादि, अज्ञान, दरिद्रता, कष्ट, दौर्जाग्य पणुं रोगादिथी पीडित छे, तथा पराधीनता, मानजंग, सेवकजावप्रमुख दुःख, निरंतर जोगववां पडेछे ज्यां, तथा अग्निमां अत्यंत तपावेली सुइर्ड, जेम एक एक रोममां एक एक सूइ कोइ जुवान पुरुषने परोववामां आवे तेम ते सघली, समकालें चारे बाजुए परोववामां आवे तेथी जे दुःख उत्पन्न थाय तेनाथी आठ गणुं दुःख स्त्रीना गर्जमां ज्यारे उत्पन्न थाय छे त्यारे जोगवे छे, ते दुःखथी अनंतगणुं दुःख जन्मसमयें जोगवे छे, तथा बाल अवस्थामां मल, मूत्र, धूलमां आलोटवुं. तथा मूर्खता

१ भक्ष्य. २ अभक्ष्य. ३ निर्भयपणुं.

प्रमुख तथा युवावस्थामां धन उपार्जन करवानुं दुःख, इष्ट वस्तुनो वियोग, अनिष्ट वस्तुनो संयोग इत्यादि, तथा वृद्धावस्थामां शरीरनुं कंपवुं, नेत्रनुं बलहीनपणुं, तथा श्वास, खांसी प्रमुख अनेक व्याधिथी महादुःखोनुं उत्पन्न थवुं इत्यादि ज्यां निरंतर छे त्यां एवी कइ दशा छे के प्राणी सुख प्राप्त करे ? आ मनुष्यगति कही- तथा सम्यक् दर्शनादि पालवाथी जे जीव देवता थाय छे ते पण शोक, विषाद, मत्सर, भय, अल्प ऋद्धिथी इर्ष्या, काम, मद, क्षुधा प्रमुखथी पीडित थवाथी पोतानुं आयुष्य दीन मनवालां थइने पूर्ण करे छे. आ देवगति कही. आ प्रमाणे मोक्षाभिलाषी जीव संसारभावना भावे.

४ एकत्वभावना कहियें छिये. जीव एकलोज उत्पन्न थाय छे, अने एकलोज मरण पामे छे; एकलोज कर्म करे छे, अने एकलोज तेनुं फल भोगवे छे. वली जीवें अत्यंत कष्ट भोगवी जे धन उपार्जन करेलुं छे ते धन तो स्त्री, मित्र,पुत्र,बंधु प्रमुख खाइ जशे, अने जे पाप कर्म ते धन उपार्जन करवामां बांध्यां छे तेनुं फल तो तेने एकलानेज नरक, तिर्यंच गतिमां जइने भोगववुं पडेछे आ केवुं आश्चर्य छे ? तथा आ जीव, आ देहने वास्ते, रात दिन अटन करे छे, दीनपणुं धारण करे छे, धर्मथी भ्रष्ट थाय छे, पोताना हितमां ठगाय छे, न्यायथी दूर रहेछे इत्यादि अनेक कृत्य करे छे, परंतु आ देह, आत्मानी साथे परभवमां एक पगला जेटली जगा सूधी पण ते साथे आवशे नहि. हवे विचार करो के आ देह शुं करशे ? शुं मदद आपशे ? वली सगां वाहालां सर्व पोत पोताना स्वार्थमां तत्पर छे, वास्तवमां कोइ तारुं नथी, ते वास्ते हे बुद्धिमन् ! तुं पोताना हितने माटे धर्म करवामां प्रयत्न कस्य, आ प्रमाणे एकत्व भावना भावे.

५ अन्यत्वभावना कहियें छियें. आ संसारमां तुं कोइनो नथी अने कोइ तारुं नथी. माता, पिता, स्त्री, पुत्र, भाइ प्रमुख सगां तथा संबंधियो. ज्यां सुधी ताराथी तेउनी कार्यसिद्धि थाय छे त्यां सुधी तुं तेउना प्राण समान वाहालो छे तेम तेउ मानशे परंतु स्वार्थसिद्धिमां भंग थये जाणे एक बीजाने लेशमात्र संबंध नथी एम भासन थतां वेर भाव पण उत्पन्न थशे. वली आ देहने छोडी जीव परलोकमां जाय छे तेथी आ शरीरथी जीव भिन्न छे तेम छतां अनेक प्रकारनां खान, पान, भोग,

उपजोग, सुगंध, लेपनप्रमुखथी शरीरनी पुष्टि इछवी ते पण व्यर्थ छे. कदाचित् आ शरीरने कोइ लाकडी प्रमुखथी मार मारे तो पण समता राखी सहन करवुं जोइये. जे पुरुष अन्यत्वजावना जावे तेने शरीर, धन, पुत्रादिना वियोगथी डुःख शोक थतां नथी. आ पांचमी अन्यत्व जावना कही.

६ अशुचि जावना कहिये छियें. जेम लूणनी खाणमां जे पदार्थ पडे छे ते लूण थइ जायछे, तेम आ कायामां जे आहारप्रमुख पडेछे ते मलरूप थइ जाय छे, एवी आ काया अपवित्र छे, तथा रुधिर अने शुक्र (वीर्य) बंनेना मेलापथी आ काया (गर्ज) उत्पन्न थाय छे, जरा (उंर) विंटाएली होय छे, माता जे आहारप्रमुख ग्रहण करेछे तेना रसथीज आ गर्ज वृद्धि पामे छे, एवा आ देहने कोण बुद्धिमान् पवित्र मानेछे? तथा मिष्ट स्वाद, अने सुगंधमय मोदक, डुध, दहिं प्रमुख षड्रस, इक्षुरस, कमोद प्रमुख धान्य, घेबर प्रमुख मिष्टान्न, तथा आम्र प्रमुख फल जे खावामां आवे छे ते तत्काल मलरूप थइ जाय छे, एवी आ अशुचि कायाने, महामोहांध पुरुष पवित्र मानेछे. तथा पाणीना सो घडाथी स्नान करीने तथा सुगंधमय पुष्प, कस्तूरि प्रमुख डव्यो लगावीने, उपरनी चामडी तो केटलो एक वखत मुग्ध जीव शुचि सुगंधमय करे छे, परंतु मध्य जागमां रहेलो विष्ठानो कोठो केम पवित्र करी शके तेम छे? तथा अत्यंत आनंदनी वृद्धि करनारां डव्योथी मघमघायमान थइ रहेली दिशा, तथा चंदन, कस्तूरि, कर्पूर, अगर, कुंकुम प्रमुख वस्तुउ पण आ शरीरनो तेमनी साथे संबंध थाय छे, त्यारे अल्पकालमां डुर्गंधरूप थइ जाय छे, तो पछी विचारो के आ कायाने कोण बुद्धिमान् पवित्र माने? ए प्रमाणेनी अशुचिरूपता आ शरीरनी विचारीने बुद्धिमान् पुरुष आ शरीरनी ममता न करे. आ छठी अशुचिजावना कही.

७ आश्रवजावना कहियें छियें. मन, वचन, अने कायाना योगथी शुजाशुजकर्म जे जीव ग्रहण करे छे, तेनुं नाम आश्रव, जिनेश्वर जगवान् कहे छे. सर्व जीवोविषे मैत्री जावना, गुणाधिक जीवोमां प्रमोदजावना, अविनीत शिष्यादिमां मध्यस्थ जावना, अने डुःखी जीवोमां करुणाजा-

तृषादि परीसहोनो संभव थये थके कायोत्सर्ग प्रमुख करीने कायाने निश्चल करवी, तथा अयोगी अवस्थामां सर्वथा कायानी चेष्टानो जे निरोध करवो, ते प्रथम कायगुप्ति. तथा गुरुथी प्रछन्नशरीर संस्तारक, भूम्यादि प्रतिलेखन, प्रमार्जनादि, जेम शास्त्रमां कहेल छे, तेवी रीतें क्रियाकलापपूर्वक शयनादि साधुयें करवां, शयनासन लेवा, राखवा, आ सर्व कृत्योमां स्वछंद चेष्टानो त्याग करवो, मर्यादासहित कायानी चेष्टा करवी, ते बीजी कायगुप्ति.

हवे अभिग्रह, प्रतिज्ञा लखियें छियें. ते अभिग्रह द्रव्य, क्षेत्र, काल तथा भावथी चार प्रकारें छे. तेनो विस्तार प्रवचनसारोद्धारवृत्तिमां छे. आहारप्रमुखनां बेंतालीश दूषण, शास्त्रमां बतावेल छे, तोपण पिंड, शय्या, वस्त्र, पात्र, आ चारज वस्तु सदोष न ग्रहण करवी तेथी ते चार दूषण, तथा पांच समिति, बार भावना, बार प्रतिमा, पांच इंद्रियनिरोध, पचीश प्रतिलेखना, त्रण गुप्ति, चार अभिग्रह ए सर्व मली सित्तेर करणसित्तरीना भेद कहे छे.

प्रश्नः— चरणसित्तरी तेमज करणसित्तरी आ बंनेमां शुं विशेष छे ?

उत्तरः— जे नित्य करवुं ते चरण, अने प्रयोजन थयां थकां करीलेवुं अने प्रयोजन न होय त्यारे न करवुं ते करण, आ तेउमां भेद छे. ए प्रमाणे चरणसित्तरी तथा करणसित्तरीना भेद समाप्त थया.

इत्यादि जैनमतना गुरुतत्वनुं स्वरूप लखवामां लाखो श्लोक लखाई जाय तो पण संपूर्ण तेनुं स्वरूप जाणी शकाय नहि, ते वास्ते संक्षेपमांज स्वरूप बताव्युं छे. जो विशेष जाणवानी इछा होय तो, श्री उघनिर्युक्ति, श्री आचारांग, दशवैकालिक, बृहत्कल्पभाष्यवृत्ति, पंचकल्प चूर्णी, जितकल्पवृत्ति, महाकल्पसूत्र, कल्पसूत्र, निशीथ भाष्यचूर्णी, महानिशीथसूत्र, ईत्यादि पदविभाग समाचारीनां शास्त्र जोइ लेवां.

प्रश्नः— जैनमतना शास्त्रोमां गुरुनुं स्वरूप जेवुं लखेल छे, तेवी वृत्तिवाला जैनना कोइपण साधु देखवामां आवता नथी, तो पछी जैनमतना साधुउने आ कालमां गुरु केम मानवा जोइयें ?

उत्तरः— आपें कोई गीतार्थनो परिचय कस्यो लागतो नथी, तेमज जैन मतना चरणकरणानुयोगना शास्त्रनुं अध्ययन पण कस्युं होय तेम ला-

गतुं नथी, अथवा तो कोइ गीतार्थ गुरुना मुखारविंदथी वचनामृतनुं पान पण कर्युं लागतुं नथी, जो आपें पूर्वोक्त कांइपण कर्युं होत तो आपने ते बाबतनो संशय कदापि न उत्पन्न थयो होत. जैनमतमां ठ प्रकारना निर्ग्रंथ कहेला छे. आ कालमां जैनमतना जे साधुउं छे ते पूर्वोक्त ठ प्रकारमध्येथी बे प्रकारना छे, कारण के श्री जगवतीसूत्रना पचीशमा शतकना ठठा उद्देशामां लख्युं छे के पांचमा कालमां बे प्रकारना निर्ग्रंथ होशे, तेउंनाथी तीर्थ प्रवर्त्तशे. कषायकुशील निर्ग्रंथ तो कोईमां परिणाम अपेक्षा होशे, मुख्य तो बेज रहेशे. वली जैनशास्त्रमां जे गुरुनी वृत्ति लखी छे, ते प्रायः उत्सर्गमार्गनी अपेक्षा छे, अने आ कालमां तो प्रायः अपवाद मार्गनी प्रवृत्ति छे, तेथी उत्सर्गवृत्तिवाला मुनि आ कालमां केवी रीतें होय ? कोइपण रीतें होई शकेज नहि, कारण के, नथी तेवुं वज्रऋषजनाराच संहनन,के नथी तेवुं मनोबल; नथी तेवी जीवोनी श्रद्धा, के नथी तेवो देशकाल, के नथी धैर्य, तो हवे आ कालमां तेवी उत्सर्गवृत्ति जीव केम करी शके ?

प्रश्नः– जो तेवी वृत्ति आ कालमां नथी तो तेउंने साधुपण केम केहेवा जोईयें ?

उत्तरः– आ आपनुं कहेवुं बहुज बेसमजनुं छे. कारण के व्यवहार सूत्रजाष्यमां लख्युं छे केः–गाथा पोस्करिणी आयारे, आणयण ते गाय गीयछे ॥ आयरिय उएए, आहरण हुंति नायव्वा ॥ १ ॥ सन्न परिणा ठक्काय, अहिगमो पिंड उत्तरिज्ञाए ॥ रूखे वसहे जूहे, जोहे सोहीय पुस्करिणी ॥ २ ॥ “ दारगाहादो ” आ बंने द्वारगाथानुं व्याख्यान जाष्यकारें पंदर जाष्यगाथाथी करेल छे. जो जाष्यगाथा जोवानी इछा होयतो व्यवहारजाष्यमां जोइ लेवी. अहियां तो ते पंदर गाथानो अर्थ जाषा ( जाषांतर ) मां लखियें छियें. पूर्वकालमां जेवी सुगंधमय फूलोवाली पुष्करिणी वावडीयो हती, तेवा फूलोवाली हाल नथी, परंतु पुष्करिणी वावडीयो तो छे,लोको आ सामान्य वावडीयोथी पोतानुं काम करेछे ॥ १ ॥ तथा संपूर्ण आचारप्रकल्प नवमा पूर्वमां हतुं, आ नवमा पूर्वमांथी उद्धार करीनें पूज्यपाद वैशाखगणियें निशीथसूत्र रच्युं तो शुं आ निशीथने आचारप्रकल्प, न केहेवुं जोइयें ?॥२॥ पूर्वकालमां तालोद्घा-

टिनी अवस्वापिनी आदि विद्याना धारक चोर हता, अने आ कालमां तेवी विद्या तो नथी तो शुं चोरी करनारने हाल चोर न केहेवा जोइयें ? ॥३॥ पूर्वकालमां चौदे पूर्वना पठन करनारने गीतार्थ केहेता हता, तो आ कालमां जघन्य आचारप्रकल्प निशीथ, अने मध्यम आचारप्रकल्प बृहत्कल्पनां अध्ययन करनारने शुं गीतार्थ न केहेवा जोइयें ? ॥४॥ पूर्वकालमां श्रीआचारांगनुं शस्त्रप्रज्ञा अध्ययन जणवाथी, छेदोपस्थापनीय चारित्रमां स्थापन करता हता, तो शुं हाल दशवैकालिकनुं छ जीवनीय अध्ययन जणवाथी स्थापन न करवा जोइयें ? ॥ ५ ॥ बीजा ब्रह्मचर्यना पांचमाउद्देशामां जे आमगंधी सूत्र छे ते सूत्रने अनुसारें पूर्वें मुनि आहारग्रहण करता हता, तो शुं हाल पिंडेषणा अध्ययन अनुसारें न ग्रहण करी शके ? ॥६॥ पूर्वें आचारांग पछी उत्तराध्ययन जणता हता तो शुं हाल दशवैकालिक पछी न अध्ययन करी शके ? ॥ ७ ॥ पूर्वें मत्तांगादि दशप्रकारना वृक्ष हता, तो शुं हाल आंबादि वृक्ष न केहेवा जोइयें ? ॥ ८ ॥ पूर्वें बहु गायोना समूहवाला नवगोपने गोवाल केहेता हता, तो शुं हाल थोडी गायोवालाने गोवाल न केहेवा जोइयें ? ॥९॥ पूर्वें सहस्त्रमल्ल योद्धा हता, तो शुं हाल कोइने योद्धो न केहेवो जोइयें ? ॥ १० ॥ पूर्वें छमासी तपनुं प्रायश्चित्त हतुं तो तेने बदले हाल नीवी प्रमुखनुं प्रायश्चित्त न लेवुं जोइयें ? ॥ ११ ॥ एवी रीतें जो पूर्वकालना मुनियोनी वृत्ति हाल नथी तो शुं तेउने आचार्य अथवा साधु न केहेवा जोइयें ? परंतु जरुर साधु मानवा जोइयें. तथा जीवानुशासन सूत्रनी वृत्तिमां पण लख्युं छे के पांचमा कालमां साधु पूर्वोक्त प्रकारना होय तो पण तेउने संयमी केहेवा जोइयें. तथा निशीथमां पण लख्युं छे ॥ जाष्यगाथा ॥ जासंजमया जीवे, सुतावमूले गुणुत्तर गुणाय ॥ इत्तरियछेय संजम, नियंठवउसा पडिसेवी ॥१॥ आ गाथानी चूर्णीनो अर्थः— छकायना जीवोविषे ज्यां सुधी दयाना परिणाम हशे, त्यां सुधी बकुश निर्ग्रंथ तेमज प्रतिसेवना निर्ग्रंथ रहेशे, ते कारणथी प्रवचनशून्य तेमज चारित्ररहित, पंचमकाल कदापि नहि होय ? वली मूलउत्तर गुणोमां दूषण लागवाथी चारित्र तत्काल नष्ट पण थतुं नथी. मूलगुणजंगमां बे दृष्टांत छे, उत्तरगुणजंगमां मंरूपनुं दृष्टांत छे.

निश्चयनयथी, एक व्रतनो ज्ञंग थयो तो, सर्वव्रतनो ज्ञंग थाय ग्वे, परंतु व्यवहारनयना मतथी तो जे व्रतनो ज्ञंग थयो होय, तेनोज ज्ञंग गणाय, बीजानो नहि; ते कारणथी बहु अतिचार लागवाथी संयम जतुं नथी; परंतु जो कुशील सेवे, तेमज धन राखे, अने काचुं सचित्त पाणी प्रवचन अनपेक्ष पीये, ते साधु नहि; ज्यां सुधी ग्वेक प्रायश्चित्त लागे त्यां सुधी संयम सर्वथा जतो नथी. वली आ कालमां साधु नथी एम जे माने ग्वे ते मिथ्यादृष्टि ग्वे, कारण के स्थानांग सूत्रमां लख्युं ग्वे के बहु अतिचार लागता देखीने, तेमज आलोचना, प्रायश्चित्त कोइने ग्रंथार्थ लेता देता नहि देखवाथी, कोइ एम कहे ग्वे. हाल कोइ साधु नथी ते चारित्रज्ञेदिनी विकथाना करनार ग्वे. तथा श्रीज्ञगवतीसूत्रना पचीशमा शतकना ग्वठा उद्देशाना संग्रहणीकारश्रीमान् अज्ञय देवसूरि, आ बंने निर्ग्रंथोनुं जे स्वरूप ग्वे ते लखेग्वे. ॥ गाथा ॥ बउसं सबलं कब्बुर; मेगठंतमिह जस्स चारित्तं ॥ अइयारपंकज्ञावा, सोबउसो होइ निग्गंथो ॥ १ ॥ व्याख्या ॥ बकुश, शबल, कर्बुर, आ त्रणे एकार्थवाची[1] ग्वे, अतिचाररूप पंक लागवाथी एवुं जेनुं चारित्र ग्वे ते बकुशनामा निर्ग्रंथ ग्वे. आ ज्ञारतवर्षमां आ कालमां बकुश अने कुशील, ए बे निर्ग्रंथग्वे; बाकीना त्रणनो विग्वेद थयेल ग्वे ॥ तथा चोक्तं परममुनिज्ञिः ॥ बकुश कुशीला दोपुण, जातिग्वं तावहोहंति इति ॥ अर्थः—बकुश, कुशील ए बे प्रकारना निर्ग्रंथ ज्यां सुधी तीर्थ रहेशे त्यां सुधी रहेशे.

बकुश निर्ग्रंथना बे ज्ञेद ग्वे, ते कहियें ग्वियें. वस्त्र पात्रादि उपकरणनी जे विज्ञूषा करे ते उपकरणबकुश, तथा हाथ पग नख मुखादि देहना अवयवोनी जे विज्ञूषा करे ते शरीरबकुश. आ बे ज्ञेदना वली पांच ज्ञेद ग्वे. ॥ गाथा ॥ उवगरण सरीरेसु,सोडुहा डुविहोवि होइ पंचविहो॥ अज्ञोग अणाज्ञोग, असंवुड संवुडे सुहुमे ॥१॥ अर्थः—प्रथमना बे पदोनो अर्थ उपर लखेलो ग्वे पाग्वलना बे पदोनो अर्थ लखियें ग्वियें. साधुने आ करवा योग्य नथी, एम जाणतां ग्वतां पण जे ते कामने करे ते आज्ञोग बकुश, अने जे अजाणपणाथी करे ते अनाज्ञोगबकुश. मूल तथा उत्तर गुणमां जे गुप्तपणे ग्वाना दोष लगावे ते संवृत बकुश, तथा मूल उ-

१ एक अर्थना कहेनार.

तर गुणोमां जे प्रगट दूषण लगावे ते असंवृत बकुश. नेत्र, नासिका, मुखादिना जे मल दूर करे ते सूक्ष्म बकुश. ए पांच भेद कह्या.

हवे उपकरणबकुशनुं स्वरूप लखियें छियें ॥ गाथा ॥ जो उपगरणे बउसो, सो धुवइअ पाउसे विवत्थाई ॥ ईछइय लण्हयाइं, किंचिविभूसाई भुंजईय ॥ १ ॥ व्याख्याः– उपकरणबकुश वर्षाऋतु विना पण जलद्वारथी वस्त्र धोवे छे, वर्षाऋतुमां तो सर्वे गछवासी साधुउने आज्ञा छे; वर्षाऋतु पेहेलां जो एकवार पोतानां सर्वे उपकरण जलद्वारथी धोई लहे नहि तो वर्षाऋतुमां मलना संसर्गथी निगोदादि जीवोनी उत्पति थई जाय. वली बकुश निर्ग्रंथ वर्षाऋतु विना अन्यऋतुउमां पण जलद्वारथी वस्त्रादि धोई लहे छे, तेमज सुंदर, सुकुमाल वस्त्रनी पण वांछा राखेछे, तेमज उपकरण विभूषा अर्थात् शोभाने वास्ते पण कांइक पेहेरेछे. ॥ गाथा ॥ तहपत्त दंडयाइ, घठंमठं सिणेह कय तेय ॥ धारेइ विभूसाए, बहुंच वच्छेई उवगरणं ॥ १ ॥ व्याख्या ॥ पात्र, दंडप्रमुख बहुज घसीने सुकमाल करे, तथा घी, तेल प्रमुख चोपडीने तेजवंत चमकदार करी राखे, तेमज विभूषामाटे बहुज उपकरण राखवाने चाहे अर्थात् राखे.

हवे शरीर बकुशनुं स्वरूप लखियें छियें ॥ गाथा ॥ देह बउसो अकज्जे, करचरण नहाइयं विभूसेइ ॥ दुविहोवि इमोइड्ढि, इछइ परिवार पभिईय ॥ १ ॥ व्याख्या ॥ शरीरबकुश कारण विना पण हाथ, पग, नखादिनी विभूषा करे, जलादिथी धोवे. ए प्रमाणे उपकरण तेमज शरीर बकुश निर्ग्रंथ परिवारप्रमुखनी ऋद्धि वांछेछे. ॥ गाथा ॥ पंडिच्च तवाइ कयं, जसंच इछेइ तंमि तुस्सइय ॥ सुहसीलो नयवाढं, जयइ अहोरत्तकिरियासु ॥ १ ॥ व्याख्याः–पंडितपणाथी तथा तपादिथी यशनी इछा करे ते यशनो लाभ थवाथी अत्यंत खुशी थाय, तेमज सुखशीलियो थाय, तेमज दिनरातनी समाचारी, क्रियामां बहु उद्यमी पण न होय ॥ गाथा ॥ परिवारोय असंजम, अविवित्तो होइ किंचि एयस्स । घंसीय पाउ तिल्लाई, मासणि कित्तरिय केसो ॥ १ ॥ व्याख्याः–तेनो जे परिवार होय ते असंयमी होय, वस्त्रपात्रादि मोहथी दूर करे नहि, हाथ, पग तेल साबु विगेरेथी चोपडी सुकोमल राखे, तेमज दाढी, मूछ अने मस्तकना वाल कातरथी कापे अर्थात् लोचने बदले अस्त्रा अथवा कातरथी

वाल दूर करे, परंतु लोच करे नहि. ॥ गाथा ॥ तह देसबेयारि, देहिं सबछेहिं संजुउं बउसो ॥ मोह खयछमप्पु, छिउंय सुत्तंमि ज्ञणियं च ॥ १ ॥ व्याख्याः—तथा देशछेद, सर्वछेद योग्य दोषोथी जेनुं चारित्र कर्बुर छे, परंतु जेना मनमां मोहक्षय करवानी इछा छे, अर्थात् मनमां संयम पालवानो उत्साह छे, परंतु संपूर्ण संयम पाली शकता नथी. आ पूर्वोक्त कृत्योथी संयुक्त होय तेने बकुश निर्ग्रंथ कहियें. वली सूत्रमां जे कहेलुं छे ते हवे लखियें छियें ॥ गाथा ॥ उवगरण देह चुस्का, रिद्धि रस गारवासिया निच्चं ॥ बहु सबल छेय जुत्ता, निग्गंथा बउसा ज्ञणिया ॥ १ ॥ आज्ञोगो जाणंतो, करेइ दोसं अयाणमण ज्ञोगे ॥ मूलुत्तरे हि संवुड, विवरिय असंवुडो होइ ॥ २ ॥ अछि मुह मज्जमाणो, होइ अहा सुहमउं तहा बउसो ॥ सीलं चरणं जंजस्स, कुछियं सो इह कुसीलो ॥ ३ ॥ पडिसेवणा कसाए, डुहा कुसीलो डुहावि पंचविहो ॥ नाणे दंसण चरणे, तवेय अह सुहुमए चेव ॥ ४ ॥ इहनाणाइ कुसीलो उवजीवं होइ नाण पज्ञिईए ॥ अह सुहुमो पुणतुस्सइ, एस तव सत्ति संसए ॥ ५ ॥ व्याख्या—उपकरण, देह शुद्ध राखे, रस, रुद्धि अने शाता, आ त्रणे गारवमां नित्य मग्न रहे, उपकरणोथी अविविक्त रहे परिवार जेनो छेद योग्य, सबल चारित्रसंयुक्त होय, ते निर्ग्रंथ बकुश कहेवाय छे ॥१॥ साधुउने आ करवा योग्य नथी एम जाणतां छतां पण जे ते काम करेछे तेने आज्ञोगबकुश कहियें, अने जे अजाणपणाथी अकृत्य करे तेने अनाज्ञोगबकुश कहियें, मूल उत्तर गुणोथी संयुक्त छे, लोक एम जाणे पण छे, परंतु गुप्त दोष लगावे छे तेने संवृतबकुश कहियें, अने जे प्रगटपणे मूल उत्तर गुणमां दोष लगावे तनेअसंवृतबकुश कहियें ॥ २ ॥ तथा जे आंख, मुख प्रमुख मांजे, मलादि दूर करे, तेने यथासूक्ष्म बकुश कहियें. आ बकुशना पांच ज्ञेद कह्या.

हवे कुशील निर्ग्रंथनुं स्वरूप लखियें छियें. शील अर्थात् चारित्र, ते चारित्र जेनुं कुत्सित होय ते कुशील निर्ग्रंथ, तेना बे ज्ञेद छे ॥ ३ ॥ प्रतिसेवनाकुशील तथा कषायकुशील, संज्वलन कषायोथी कुशील होय ते कषायकुशील. आ बंनेना वली पांच ज्ञेद छे ते कहिये छियें. १ ज्ञान

२ दर्शन ३ चारित्र ४ तप ५ यथा सूक्ष्मतः ॥४॥ जे ज्ञान, दर्शन, चारित्र तथा तप, आ चारे आजीविकाने वास्ते करे ते ज्ञानादिकुशील याने चारे प्रतिसेवनाकुशील, तथा आ तपस्वी छे इत्यादि पोतानी प्रशंसा श्रवण करी खुशी थाय ते पांचमा यथासूक्ष्म प्रतिसेवनाकुशील जाणवा. तथा जे ज्ञान, दर्शन, तप प्रमुखनो संज्वलन कषायना उदयथी व्यापार करे, ते ज्ञान, दर्शन, चारित्रना कषाय कुशील जाणवा. जे कषायकुशील छे ते कषायने वश थईने शाप दीएछे. मनथी जे क्रोध प्रमुखनुं सेवन करे ते यथा सूक्ष्मकषायकुशील, अथवा कषायथी जे ज्ञान प्रमुखनी विराधना करे ते ज्ञानादि कुशील जाणवा. कोइ आचार्य, तप कुशीलना स्थानमां लिंगकुशील कहे छे. आ बे प्रकारना निर्ग्रंथ पांचमा आरा पर्यंत रहेशे. जे कोई आ तरेहना साधुने साधु अथवा गुरु न माने ते जीव मिथ्यादृष्टि, बहुल संसारी, जिनमतना उत्थापक छे. एवा मिथ्यादृष्टिनी संगत पण करवी योग्य नथी.

---

इतिश्रीतपागच्छीयमुनिश्रीबुद्धिविजयशिष्यमुन्यानंदविजयात्मारामविरचितजैनतत्त्वादर्शभाषांतरेगुरुतत्त्वनिर्णयनामा तृतीयः परिच्छेदः संपूर्णः ॥

॥ अथ चतुर्थपरिच्छेदप्रारंभः ॥

आ चोथा परिच्छेदमां कुगुरु तत्वनुं स्वरूप लखिये छियें. ॥ श्लोक ॥ सर्वाभिलाषिणः सर्वे, भोजिनः सपरिग्रहाः ॥ अब्रह्मचारिणोमिथ्यो, पदेशागुरवोमताः ॥ १ ॥ अर्थः— स्त्री, धन, धान्य, सुवर्ण, रुपाआदि सर्व धातु, तथा क्षेत्र, घर, हाट, हवेली प्रमुख सर्व स्थावर मिलकत तथा चतुष्पदादि अनेकप्रकारनां पशु, आ सर्वेनी अभिलाषा करवानो जेनो स्वभाव छे ते सर्वाभिलाषी, तथा सर्व मद्यमांसादि बावीश अभक्ष्य, तथा बत्रीश अनंतकाय, तथा अन्य अनुचित आहारादि, आ सर्वेनुं भोजन करवानो जेनो स्वभाव छे ते सर्वभोजिनः, तथा पुत्र, कलत्र, पुत्री प्रमुख सहवर्तमान प्रवर्त्ते ते सपरिग्रही, अने तेज कारणथी अब्रह्मचारी, जे अब्रह्मचारी, होय छे ते महादोषवान् होय छे तेथी अब्रह्मचारी एवो आ श्लोकमां जूदो उपन्यास करेलो छे. वली अगुरुपणानुं असाधारण

कारण कहियें छियें, मिथ्योपदेशाः, मिथ्या (वितथ) आतना उपदेश विनानो धर्मनो उपदेश छे जेनो ते अगुरु छे. अहिंयां कोई एवी शंका करे के धर्मना उपदेशदाता गुरु छे, छतां पण निःपरिग्रहादि गुणोनुं ते उपदेशदातामां शामाटे अस्तित्व होवुं जोइयें? ते शंका दूर करवाना हेतुथी विशेष लखियें छियें.

॥ श्लोक ॥ परिग्रहारंभमग्ना, स्तारयेयुः कथं परान् ॥ स्वयं दरिद्रो नपर, मीश्वरीकर्त्तुमीश्वरः ॥ २ ॥ अर्थः—परिग्रह- स्त्री प्रमुख अने आरंभ- जीवहिंसा अर्थात् सर्वाभिलाषी तथा सर्वभोजी आ बंने विषयोमां जे मग्न छे, अर्थात् आ बंने विषयरूप भवसमुद्रमां जे डुबेला छे, ते बीजा जीवोने केवीरीतें संसार सागरमांथी तारी शके तेम छे? दृष्टांत के जे पुरुष पोतेज दरिद्र छे ते बीजाने धनवान् केवी रीतें करी शके तेम छे? हवे प्रथम श्लोकना चोथा पदमां "मिथ्योपदेशागुरवोमताः" जे छे ते पदनो अर्थ विस्तारथी लखियें छियें. कुगुरुनो उपदेश आ प्रमाणे मिथ्या छे. आ मिथ्या उपदेशना स्वरूपमां प्रथम त्रणसे त्रेसठ मतनुं स्वरूप लखियें छियें. एकसो एंशी मत क्रियावादिना छे. तथा चोराशी मत अक्रियावादिना छे, तथा सडसठ मत अज्ञानवादिना छे, अने बत्रीश मत विनयवादिना छे, ए रीतें त्रणसे त्रेसठ मत थाय छे.

प्रथम क्रियावादिना मतनुं स्वरूप कहियें छियें. क्रियावादी कहेछे के कर्त्ताविना पुण्यबंधादिलक्षणरूप क्रिया थती नथी तेथी क्रिया, आत्मानीसाथे समवायसंबंधवाली छे. ए प्रमाणे तेमनो मत छे. क्रियावादी आत्मा प्रमुख नव पदार्थोने एकांत अस्ति स्वरूपपणे माने छे, आ क्रिया वादिना एकसो एंशीमत, नीचे मुजब जाणी लेवा. १ जीव, २ अजीव, ३ आश्रव, ४ बंध, ५ संवर, ६ निर्जरा ७ पुण्य, ८ अपुण्य, ए मोक्ष, आ नव पदार्थ अनुक्रमें पत्रादिपर लखवा; पछी जीव पदार्थना नीचे स्वतः तेमज परतःआ बे भेद स्थापन करवा. आ स्वतः परतः नीचे वली जुदा जुदा नित्य तेमज अनित्य एवा बे भेद स्थापन करवा; पछी नित्य, अनित्य आ बंनेनी नीचे जुदा जुदा १ काल, २ ईश्वर, ३ आत्मा, ४ नियति ५ स्वभाव, आ पांच स्थापन करवा,त्यारबाद विकल्प करीलेवा, ते नीचे मुजब—यंत्रस्थापना.

| जीव. | | | |
|---|---|---|---|
| स्वतः | | परतः | |
| नित्य. | अनित्य. | नित्य. | अनित्य |
| १ काल. | १ काल. | १ काल. | १ काल. |
| २ ईश्वर. | २ ईश्वर. | २ ईश्वर. | २ ईश्वर. |
| ३ आत्मा. | ३ आत्मा. | ३ आत्मा. | ३ आत्मा. |
| ४ नियति. | ४ नियति. | ४ नियति. | ४ नियति. |
| ५ स्वभाव. | ५ स्वभाव. | ५ स्वभाव. | ५ स्वभाव. |

विकल्प करवानी रीत कहियें छियें. अस्ति जीवः स्वतोनित्यः कालत इत्येकोविकल्पः ॥ १ ॥ अर्थः—आ आत्मा निश्चयें स्वस्वरूपथी कालथी उत्पन्न थयेल छे. कालवादिना मतनो आ विकल्पछे. कालवादी, कालथीज जगतनी उत्पत्ति, स्थिति, तेमज लय माने छे. वली कालवादी कहे छे के चंपक, अशोक, सहकार, निंब, जंबु, कदंबादि जे वनस्पति छे, तेउंनी उपर फुलोनुं लागवुं, फलप्रमुखनुं बंधावुं ते कालविना थइ शकतुं नथी, तथा हिमकणसंयुक्त शीतनुं पडवुं, तथा नक्षत्रगर्भनुं धारण, वरसादनुं वरसवुं इत्यादि कालविना होतुं नथी, वली छ ऋतुओना विभाग, तथा बाल, कुमार, यौवन, वृद्धादि अवस्था, तेपण कालविना थइ शकती नथी, जे जे प्रतिनियत काल विभागादि छे, ते सर्वनो कालज नियंता छे, जो कालने नियंता न मानियें तो कोइ वस्तुनी व्यवस्था थशे नहि कारण के जेम कोइ पुरुष मग रांधे छे, ते मगपण कालविना रंधाइ जाता नथी, नहि तो हांमली तथा इंधन प्रमुख सामग्रीना संयोगथी प्रथम समयमांज मग केम न रंधाइ जाय ? ते कारणथी जे कर्त्ता छे ते कालज छे. तथा चोक्तं ॥ न कालव्यतिरेकेण. गर्भबालशुभादिकं ॥ यत् किंचिज्जायते लोके, तदसौ कारणं किल ॥ १ ॥ किंचित् कालादृते नैव, मुद्गपक्तिरपीक्ष्यते ॥ स्थाल्यादिसन्निधानेऽपि, ततः कालादसौ मतः ॥ २ ॥ कालाभावे च गर्भादि, सर्वं स्यादव्यवस्थया ॥ परेष्टहेतु सद्भाव, मात्रादेव तदुद्भवात् ॥ ३ ॥ आ श्लोकोनो भावार्थ उपर लखेलो छे. तथा ॥ कालः पचति भूतानि, कालः संहरते प्रजाः ॥ कालः सुप्तेषु जागर्त्ति, कालोहि दुरतिक्रमः ॥ ४ ॥ अहियां पर इष्ट हेतुना स-

ज्ञाव मात्रादिथी बीजाओए जे एम मानेल छे के स्त्री पुरुषना संयोग मात्र हेतुथी गर्जनी उत्पत्ति थायछे तो एक वर्ष वयना स्त्री पुरुषना संयोगथी केम गर्जनी उत्पत्ति थती नथी ते कारणथी कालज गर्जनी उत्पत्तिनो हेतु छे. तेमज स्त्रीने गर्ज उत्पन्न थवामां ऋतुकाल होवो जोइये, ते विना स्त्री पुरुषना संयोगथी गर्ज केम उत्पन्न थतो नथी? वली कालज पकावे छे तथा पृथ्वी आदि जूतोने परिणामांतर प्रत्ये कालज पहोचाडे छे. तेमज पूर्व पर्यायथी पर्यायांतरमां लोकोने कालज स्थापन करे छे. वली सुप्त अवस्था प्राप्त थयेला प्राणियोनी रक्षापण कालज करेछे, ते कारणथी प्रत्यक्ष छे के काल डुरतिक्रम छे. कालने दूर करवामां कोइ समर्थ नथी, आ कालवादिनो विकल्प छे.

तेविजरीतें बीजा विकल्प पण जाणी लेवा. परंतु कालने स्थानकें ईश्वरनी योजना करवी, "यथा अस्ति जीवः स्वतो नित्यः ईश्वरतः" जीव पोताना स्वरूपथी नित्य छे, परंतु ईश्वर उत्पन्न करे छे. कारण के ईश्वरवादी सर्व जगत् ईश्वरनुंज करेलुं माने छे. जेने १ ज्ञान, २ वैराग्य, ३ धर्म, ४ ऐश्वर्य, आ चारे स्वतः सिद्ध होय, तेमज जे, जीवोना स्वर्ग, नरक, मोक्षादि गमनमां प्रेरक होय तेने ईश्वर कहियें. यथा॥ ज्ञानमप्रतिघं यस्य, वैराग्यं च जगत्पतेः ॥ ऐश्वर्यं चैव धर्मश्च, सहसिद्धं चतुष्टयं ॥ १ ॥ अज्ञोजंतुरनीशोय, मात्मनः सुखडुखयोः ॥ ईश्वरप्रेरितोगछेत्, स्वर्गं वाश्वच्रमेव वा ॥ २ ॥ इत्यादि.

त्रीजो विकल्प आत्मवादियोनो छे. "पुरुष एवेदं सर्वमित्यादि" जे काई देखाय छे ते सर्व पुरुषज छे एम आत्मवादियोनो मत छे.

चोथो विकल्प नियतवादियोनो छे. नियतवादियो कहे छे के पदार्थोमां एक एवुं सामर्थ्य छे के जे सामर्थ्यथी सर्व पदार्थ पोत पोताना स्वरूपनियमोथी तेवाने तेवाज बन्या रहेछे, परंतु अन्यथापणे थता नथी. वली तेज बताविये छियें. जे पदार्थ जे कालमां जेनाथी थाय छे, ते पदार्थ तेज कालमां, तेनाथी नियतरूपें थतो मालम पडेछे. तेम जो न होय तो कार्य कारण जावनी व्यवस्था नियामकना अजावथी कदापि थायज नहि. ते कारणथी कार्यनियतताथी उपर मुजब प्रतीत थती जे नियति तेने प्रमाण पंथमां कुशल एवो कयो पुरुष बाध करी शके छे?

जो नियति बाधित थई जाय तो बीजे स्थले प्रमाण मिथ्या थई जशे. तथा चोक्तं ॥ नियतैनेवरूपेण, सर्वे जावा जवंति यत् ॥ ततो नियति जाह्येते, तत्स्वरूपानुबंधतः॥ १ ॥ यद्यदेव यतो यावत्, तत्तदेव ततस्तथा ॥ नियतं जायते न्यायात्, कएनां बाधितुं क्रमः ॥ २ ॥ आ बंने श्लोकनो अर्थ उपर लख्यो छे.

पांचमो विकल्प स्वजाववादियोनो छे. स्वजाववादियो कहे छे के आ संसारमां सर्व पदार्थ स्वजावथीज उत्पन्न थाय छे ते कहे छे के माटीथी घट थाय छे, परंतु वस्त्र थतुं नथी, तेमज तंतुउथी वस्त्र थाय छे परंतु घटादि थता नथी, आ जे मर्यादापूर्वक थवुं छे ते स्वजाव विना कदापि थई शकतुं नथी. ते कारणथी जगत्मां जे कांई थाय छे ते सर्व स्वजावथीज थाय छे. वली बीजां कार्य तो दूर रहो परंतु आ जे मगनुं रंधावुं छे, ते पण स्वजावविना थतुं नथी, कारण के हांमी, इंधन, काल प्रमुख सामग्री विद्यमान छतां ( कांगडु ) करडु मग रंधाता नथी याने पाकता (चडता) नथी; ते कारणथी जे जेना सद्जावें विद्यमान होय, तेमज असद्जावें अविद्यमान होय ते ते अन्वयव्यतिरेकथी तेना कर्त्ता छे; स्वजावथीज मग रंधाय छे तेथी स्वजावज सर्व वस्तुनो हेतु छे.

आ पांच विकल्प स्वतः ईश पदथी होय छे, तेवीज रीतें पांच परतः ईशपदथी उपलब्ध थाय छे. परतः शब्दनो अर्थ एवो छे के, पर पदार्थोथी व्यावृत्तरूपें आ आत्मा निश्चयथी छे. तेवी रीतें नित्य शब्दथी दश विकल्प थाय छे, तेमज अनित्य पदथी पण दश विकल्प थाय छे. बंने एकठा करवाथी वीश थाय छे. आ वीश विकल्प जीव पदार्थ साथे थाय छे, तेवीज रीतें अजीवादि नवे पदार्थ साथे जुदा जुदा वीश विकल्प जाणी लेवा, एटले वीशने नवथी गुणतां एकसो एंशी मत क्रियावादिना थाय छे.

हवे अक्रियावादिना चोराशी मत लखियें छियें. अक्रियावादी कहे-छे के पुण्य, पापरूप क्रिया कांइ नथी. कारण के पुण्य, पापरूपादि क्रिया तो स्थिर पदार्थोने लागे छे, अने जगत्मां स्थिर पदार्थ तो कोइ छे नहि, कारण के उत्पत्ति अनंतरज पदार्थनो विनाश थतो जाय छे. तथा श्लोक ॥ क्षणिकाः सर्वसंस्कारा, अस्थिराणां कुतः क्रिया ॥ जूतिर्येषां क्रिया सैव, कारकं सैव चोच्यते ॥१॥ अर्थः— सर्वसंस्कार पदार्थ क्ष-

हुं पण किंचित् मात्र, पूर्वाचार्योंनी युक्तियो आ स्थले जाषाग्रंथमां लखुंछुं.

प्रथम, कालवादी कहे छे के, सर्व वस्तुनो कालज कर्त्ता छे, तेनुं खंम्न लखुं छुं. हे कालवादि ! आ जे काल छे ते शुं १ एक स्वजाव नित्य व्यापी छे ? २ किंवा समयादिरूपथी परिणामी छे ? जो प्रथम पक्ष मानशो तो ते अयुक्त छे, कारण के एवा कालने सिद्ध करनारुं कोईपण प्रमाण नथी. जेवो प्रथम पक्षमां तमे काल मान्यो छे, तेवो काल प्रत्यक्ष प्रमाणथी उपलब्ध थतो नथी, तेमज एवा कालनुं कोइ लिंग पण अविनाजावरूप देखातुं नथी, ते कारणथी अनुमानथी पण सिद्ध थतुं नथी.

पूर्वपक्षः—केवीरीतें अविनाजाव लिंगनो अजाव कहो छो ? कारण के जरत रामचंद्रादिविषे पूर्वापर व्यवहार देखाय छे, ते पूर्वापर व्यवहार वस्तुरूप मात्र निमित्त नथी; जो वस्तुरूप मात्र निमित्त होय तो वर्तमानकालमां वस्तुरूपना विद्यमानपणाथी तेवो व्यवहार होवो जोइयें. ते कारणथी जेणेकरीने आ जरत रामादि विषे पूर्वापर व्यवहार छे, ते काल छे, तेवीज रीतें, पूर्वकालयोगी, पूर्वजरतचक्रवर्त्ती, अपरकालयोगी, अपर रामादि.

उत्तरपक्षिनो तर्कः—जो जरत रामादिविषे पूर्वापर कालना योगथी पूर्वापर व्यवहार छे, तो कालनो पूर्वापर व्यवहार केम सिद्ध थशे ?

पूर्वपक्षिनुं समाधानः—कालनो जे पूर्वापर व्यवहार छे ते अन्य बीजा कालना योगथी छे.

उत्तरपक्षः—जो बीजा कालना योगथी प्रथम कालनो पूर्वापर व्यवहार छे, तो बीजा कालनो पूर्वापर व्यवहार, त्रीजा कालना योगथी थयो, एम करतां करतां अनवस्था दूषणनो प्रसंग आवेछे.

पूर्वपक्षः—ए दूषण अमने लागतुं नथी, कारण के अमे तो ते कालनाज स्वयमेव पूर्वापर विजाग मानिये छियें. बीजा कालादि योगथी मानता नथी. ॥ श्लोक ॥ पूर्वकालादियोगी यः, पूर्वादिव्यपदेशजाक् ॥ पूर्वापरत्वं तस्यापि, स्वरूपादेव नान्यतः ॥ १ ॥ अर्थ—जो पूर्वापर कालना योगी जरत रामादि छे तो जरत रामादि पूर्वापर व्यपदेशवाला छे, अने कालना जे पूर्वापर विजाग छे ते स्वतःज छे, परंतु अन्य कालादि योगथी नथी.

उत्तरपक्षः—हे पूर्वपक्षि ! आ तमारुं केहेवुं कंठ लगी मदिरा पीनार

मदिरापानिना प्रलाप जेवुं छे. कारण के तमे प्रथम पक्षमां काल एकांत एक नित्य व्यापी मानेल छे, तो हवे केवी रीतें ते कालनो पूर्वापर व्यवहार होय ?

पूर्वपक्षः—सहचारिना संगथी एक वस्तुनो पण पूर्वापर कल्पनामात्र व्यवहार थइ शके छे. जेम सहचारि भरतादिना पूर्वापर व्यवहार छे, तेवीज रीतें भरतादि सहचारियोना संगथी कालनो पण कल्पनामात्र पूर्वापर व्यपदेश थाय छे. सहचारियोथी व्यपदेश, सर्व तार्किकोना मतमां प्रसिद्ध छे. यथा, "मंचाः क्रोशंतीति" जेम मंचा गालो दीयेछे.

उत्तरपक्षः—आ पण असमंजस कथन छे. कारण के आ कथनमां इतरेतर दोषनो प्रसंग आवे छे. ते कहियें छियें. सहचारि भरतादिनो कालना योगथी पूर्वापर व्यवहार थयो, अने कालनो पूर्वापर व्यवहार, सहचारि भरतादिना योगथी थयो; जो एक सिद्ध नहि थाय तो बीजुं पण सिद्ध नहि थाय. उक्तं च ॥ एकत्वव्यापितायां हि, पूर्वादित्वं कथं भवेत् ॥ सहचारिवशात्तच्चे, दन्योन्याश्रयतागमः ॥ १ ॥ सहचारिणां हि पूर्वत्वं, पूर्वकालसमागमात् ॥ कालस्य पूर्वादित्वं च, सहचार्यवियोगतः ॥ २ ॥ प्रागसिद्धावेकस्य, कथमन्यस्य सिद्धिरिति ॥ ते कारणथी प्रथम पक्ष श्रेय नथी.

जो बीजो पक्ष मानशो तो ते पण अयुक्त छे. कारण के समयादि रूप परिणामी कालविषे काल एकज छे तोपण विचित्रपणुं उपलब्ध थाय छे. जुओ. एक कालमां मगने रांधतां कोइ रंधाय छे, कोइ रंधाता नथी, तथा समकाल एक राजानी नोकरी करतां थकां एक नोकरने अल्प कालमांज नोकरीनुं फल मली जाय छे, अने बीजाने बहु काल व्यतीत थया छतां पण तेवुं फल मलतुं नथी; तथा समकालें खेती करतां छतां एक खेडुतने बहु धान्य उत्पन्न थाय छे, अने बीजाने अल्प, बगडेलुं तेमज खंडित उत्पन्न थाय छे; तथा समकालें कोडीओनी मूठी भरीने जमीन उपर नांखियें तो केटलीएक कोडीओ चती पडे छे, अने केटलीएक उंधी पडे छे. हवे जो कालज एकलुं कारण होय तो सर्व मग एकज कालमां रंधावा जोइयें, परंतु तेम थतुं नथी, इत्यादि, ते कारणथी निःकेवल कालज जगतनी विचित्रतानो कर्त्ता नथी. परंतु

कालादि सामग्रीना मलवाथी कर्म कारण छे, आ सिद्ध पक्ष छे. इति प्रथम कालवादिना मतनुं खंडन.

बीजा ईश्वरवादी अने त्रीजा अद्वैतवादी आ मतोनुं खंडन ईश्वरवादमां लखी आव्या छिये, त्यांथी जाणी लेवुं.

हवे चोथो मत नियतिवादियोनो छे तेनुं खंडन लखियें छियें. नियतिवादी कहे छे के सर्व पदार्थना कर्त्ता नियति छे. जे तत्त्वांतर थाय ते नियति केहेवाय. ते नियति पण ताडन पामती अति जीर्ण वस्त्रनी पेठे विचाररूप ताडनाने नहि सहन करी शकती सेंकडो कटकाने प्राप्त थाय छे. ते कहियें छियें. हे नियतवादि! तमारुं जे नियतिनाम तत्त्वांतर छे ते नावरूप छे के अन्नावरूप छे? जो कहो के नावरूप छे तो पछी एकरूप छे के अनेकरूप छे? जो कहो के एकरूप छे, तो वली नित्य छे के अनित्य छे? जो कहो के नित्य छे तो पदार्थोनी उत्पत्ति आदिमां केवीरीतें हेतुरूप छे? कारण के जे नित्य होय छे ते कोइनुं पण कारण थइ शकतुं नथी. कारण के जे नित्य छे ते सर्व कालमां एकरूप होय छे. नित्यनुं लक्षण—“अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वन्नावतया नित्यत्वस्य व्यावर्ण्णात्” एवुं छे. जे क्षरे नहि, तेमज उत्पन्न पण न थाय, स्थिर एक स्वन्नावथी रहे ते नित्य. हवे जो नियति ते नित्यरूपथी जो कार्य उत्पन्न करे तो तो हमेशां तेजरूपथी कार्य उत्पन्न करे, कारण के तेना स्वरूपमां कांइपण विशेष नथी एकज रूप छे, अने हमेशां तेजरूपथी तो कार्य उत्पन्न करती नथी, कारण के कदी एक जातनुं तो कदी बीजी जातनुं कार्य उत्पन्न थतुं देखियें छियें. वली एक बीजी पण वात ए छे के जे बीजा, त्रीजा, आदि क्षणमां नियतिने कार्य करवानुं छे, ते सर्व कार्य प्रथम क्षणमांज उत्पन्न करी लेवुं जोइये, कारण के ते नियतिनो जे नित्य करणस्वन्नाव बीजा, त्रीजा आदि क्षणमां छे ते स्वन्नाव प्रथमक्षणमां पण विद्यमान छे. जो प्रथम क्षणमां द्वितीयादि क्षणवर्ती कार्य करवानी शक्ति न होय तो द्वितीयादि क्षणमां पण कार्य न थवुं जोइये. कारण के प्रथम द्वितीयादि क्षणमां कांइ पण विशेष नथी. जो प्रथम द्वितीयादि क्षणमां नियतिना रूपमां परस्पर विशेष मानशो तो तो स्वान्नाविक रीतें नियतिना रूपमां अनित्यता आवी जशे. “अताद-

वस्थ्यमनित्यतां ब्रूम· इति वचनप्रामाण्यात्" जे जेवुं होय ते तेवुं न रहे. ते अनित्य. ते वचन प्रमाणथी तेने अमे अनित्य कहियें छियें.

पूर्वपक्षः—नियति नित्य, विशेष रहितज छे, तो पण ते ते सहकारिनी अपेक्षाथी कार्य उत्पन्न करे छे, अने जे सहकारि छे ते प्रतिनियत देश कालवालां छे, ते कारणथी सहकारिना योगथी कार्य अनुक्रमें थाय छे.

उत्तरपक्षः—आ पण तमारुं केहेवुं असमीचीन छे. कारण के सहकारि जे छे, ते पण नियतिथीज प्राप्त थाय छे, अने नियति जे छे ते प्रथम क्षणमां पण तेने करनार स्वभाववाली छे, जो द्वितीयादि क्षणमां बीजा स्वभाववाली नियति मानशो तो तो नित्यपणानो नाश थशे. ते कारणथी प्रथम क्षणमां सर्व सहकारियोनो संभव होवाथी प्रथम क्षणमांज सर्व कार्य करवानो प्रसंग थयो. वली एक बीजी वात छे के सहकारिउना विद्यमानपणाथी कार्य थयुं, अने सहकारिउना न होवापणाथी कार्य न थयुं, त्यारे तो सहकारिउंज अन्वयव्यतिरेक न्यायथी कारण छे, एम कल्पना करवी जोइयें, परंतु नियति कारण थइ नहि,कारण के नियतिमां व्यतिरेकनो असंभव छे. उक्तं च ॥ श्लोक ॥ हेतुनान्वयपूर्वेण, व्यतिरेकेण सिध्यति ॥ नित्यस्याव्यतिरेकस्य, कुतोहेतुत्वसंभवः ॥ १ ॥ हवे जो पूर्वोक्त दूषणोना भयथी अनित्य पक्ष मानशो तो तो ते नियतिनां दरेक क्षणे अन्य अन्य रूप थवाथी नियति बहुरूप थइ गइ, अने तमे जे नियति एकरूप मानी हती ते तमारी प्रतिज्ञाने व्याघात थवानो प्रसंग आव्यो. वली जे पदार्थ क्षणक्षयी होय छे, ते कोइनुं कार्य कारण थइ शकतुं नथी. वली एक बीजी पण वात छे के, जो नियति एकरूप होय तो तेनाथी जे कार्य उत्पन्न थाय ते सर्व एकरूपज होवां जोइयें. कारण के कारणनो भेद थया विना कार्यमां कदापि भेद थइ शकतो नथी. जो तेम थइ जाय तो ते कार्यभेद निर्हेतुकज थवानो, अने हेतुविना कोइ कार्यनो भेद नथी. जो नियति अनेकरूप मानशो तो तो ते नियतिथी अन्य अनेकरूपी विशेषण विना नियति नानारूप कदापि नहि थाय. जेम के वरसादनुं पाणी, काली, पीली, उखर जमीनना संबंध विना अनेकरूप थइ शकतुं नथी. यदुक्तं ॥ "विशेषणं

विना यस्मा, न्न तुल्यानां विशिष्टतेति वचनप्रामाण्यात्" ते कारणथी अ-वश्य ते नियतिथी अन्य नानारूप विशेषण नियतिना ज्ञेद मानवा जो-इयें. तें अनेकरूप विशेषणोनुं होवुं ते शुं ते नियतिथीज थाय ठे के कोइ बीजाथी थाय ठे? जो कहो के नियतिथीज थाय ठे तो ते नियति स्वतः एकरूप होवाथी ते नियतिथी उत्पन्न थयेला विशेषणोनी अनेक रूपता केवी रीतें थाय?

जो विचित्र कार्यनी अन्यथा अनुपपत्तिथी नियति पण विचित्ररूपज मानशो, तो नियतिनी विचित्रता बहु विशेषणो विना नहि थाय, ते कारणथी ते नियति विषे विशेष्य अनेक अंगीकार करवा जोइये. हवे ते विशेषणोना जे ज्ञाव ठे ते, ते नियतिथीज थाय ठे के कोइ बीजाथी? इत्यादि. तेज फरी आव्युं. ते कारणथी अनवस्था दूषण लागेठे.

हवे जो एम कहो के बीजाथी थाय ठे, तो ते पक्ष पण अयुक्त ठे. कारण के नियति विना बीजा कोइने तमे हेतु मानेला नथी, तेथी आ तमारुं केहेवुं कांइ कामनुं नथी. वली एम मानशो के नियति अनेक रूप ठे, तो तमारा मतना बे वेरी विकल्प अमे तमारी सन्मुख खडा करिये ठियें. जो तमारी नियति अनेकरूपठे तो मूर्त्त ठे के अमूर्त्त ठे? जो कहो के मूर्त्त ठे तो नामांतरथी कर्मनोज अंगीकार कस्यो. कारण के कर्म पुज्ञलरूप होवाथी मूर्त्तपण ठे अने अनेकरूप पण ठे. तो तो तमारो अने अमारो एक मत थइ गयो. कारण के अमे जेने कर्म मानियें ठियें, तेज कर्मने नामांतरथी तमे नियति मानी लीधी; परंतु वस्तु एकज ठे. जो नियतिने अमूर्त्त मानशो तो ते अमूर्त्त होवाथी सुखदुःखनो हेतु थशे नहि. जेम के आकाश अमूर्त्त ठे परंतु सुखदुः-खनो हेतु नथी. पुज्ञलज मूर्त्त होवाथी सुखदुःखनो हेतु थइ शकेठे. जो तमे एम केहेशो के आकाशपण देशज्ञेदथी सुखदुःखनो हेतु थाय ठे. जेम के मारवाड देशमां आकाश दुःखदायक ठे, अने बीजा जल-वाला देशोमां सुखदायक ठे. आ पण तमारुं केहेवुं असत् ठे. ते मारवाड आदि देशोमां पण आकाशमां रहेला जे पुज्ञलो ठे ते पुज्ञलथीज सुख दुःख थाय ठे. जेम के मरुस्थल प्रायः जलथी रहित ठे. अने रेती घणीज ठे, तेथी रस्ते चालतां पग रेतीथी घसाय ठे, जेथी परसेवो बहुज

थाय छे. वळी उनालामां सूर्यना किरणोथी रेती बहुज तपी जाय छे त्यारे चालतां बहुज संताप थाय छे, अने पाणीपण पुरुं पीवाने मलतुं नथी, तेथी खोदीने काढतां अनेक प्रयत्न करवा पडे छे. ते कारणथी ते देशोमां बहुज दुःख छे, अने सजल देशोमां तेवां कारणो नथी तेथी तेवां दुःख पण नथी; आ हेतुथी पुद्गलज सुखदुःखना हेतु छे, परंतु आकाश नथी.

जो नियतिने अभावरूप मानशो तो तेपण तमारो पक्ष अयुक्त छे. कारण के अभाव जे छे ते तुच्छरूप छे, शक्तिरहित छे, अने कार्य करवामां समर्थ नथी. जुओ के कटक कुंडलादिनो जे अभाव छे ते कटक कुंडल उत्पन्न करवाने समर्थ नथी; अने तेमज देखवामां आवे छे. जो कटक कुंडलादिनो अभाव कटक कुंडलादि उत्पन्न करे तो तो जगत्मां कोइ दरिद्रि रहे नहि.

पूर्वपक्षः—घटाभाव जे छे ते मृत्पिंड छे, ते माटीना पिंडथी घट उत्पन्न थाय छे, तो पछी अमारा केहेवामां अयुक्तता शी छे? माटीनो पिंड तुच्छरूप नथी, कारण के ते पोताना स्वरूपथी विद्यमान छे, तो पछी अभाव पदार्थनी उत्पत्तिमां हेतु केम न थइ शके?

उत्तरपक्षः—आ पण तमारो पक्ष असमीचीन छे, कारण के माटीना पिंडनुं जे भावस्वरूप छे ते भाव अभावने अरसपरसमां विरोध होवाथी अभाव स्वरूप थइ शकतुं नथी. कारण के जो भावरूप छे तो अभाव केम थाय? अने जो अभावरूप छे तो भावरूप केम थाय? जो एम कहो के स्वस्वरूप अपेक्षायें भावरूप छे अने परस्वरूप अपेक्षायें अभाव रूप छे ते वास्ते भाव अभाव बंनेनां जुदां निमित्त होवाथी कांइपण दूषण नथी. आ केहेवाथी तो माटीनुं पिंड, भाव अभावरूप अनेकांतात्मिकरूपें तमने प्राप्त थयुं, परंतु आ अनेकांतात्मिकपणुं जैनोनाज मतमां शोभे छे. कारण के जैनमतवालाज सर्व वस्तुने स्वपरभावादि स्वरूपथी अनेकांतात्मिक माने छे; परंतु ते तमारा सरखा एकांतग्रहग्रस्त मतवालाओने शोभतुं नथी, जो एम कहो के माटीना पिंडमां जे पररूपनो अभाव छे, ते तो कल्पित छे, अने जे भावरूप छे ते तात्विक छे, ते कारणथी अनेकांतात्मिकवाद अमारा मतमां आवतो नथी, तो तो ते माटीना पिंडथी घट केम थशे? कारण के ते मृत्पिंडमां परमार्थथी घ-

टना प्रागभावनो अभाव छे. जो प्रागभाव विना पण ते मृत्पिंडथी घट थइ जाय तो तो सूत्रपिंडादिथी पण घट केम न थाय ? जेवो मृत्पिंडमां घट प्रागभावनो अभाव छे, तेवोज सूत्रपिंडादिमां पण घट प्रागभावनो अभाव छे. तथा ते मृत्पिंडथी खरशृंग केम थइ जतां नथी ? ते कारणथी पूर्वोक्त तमारुं केहेवुं कांइ नहि एवुं छे. तथा तमे जे कह्युं हतुं के जे वस्तु जे अवसरे जेनाथी थाय छे. तेज वस्तु कालांतरें पण तेज अवसरें तेनाथी नियतिरूपथी थती देखाय छे. आ जे तमारूं केहेवुं छे ते वास्तविक छे. कारण के कारणसामग्रीना अनादि नियमोथी कार्य पण तेज अवसरें तेनाथी नियतरूपेंज थाय छे. ज्यारे कारणशक्तिना नियमथी कार्य थइ गयुं, त्यारे प्रमाणपंथनो कुशल कोण एवो प्रेक्षावान् छे के प्रमाणथी बाधित नियतिनो अंगीकार करे इति नियतिखंडनं ॥

हवे पांचमा स्वभाववादिनुं खंडन लखियें छियें. स्वभाववादी एम कहे छे के, आ संसारमां सर्व भाव पदार्थ स्वभावथीज उत्पन्न थाय छे. आ स्वभाववादिउनो मत नियतिवादना खंडनथीज खंडन थइ गयो. कारण के जे दूषणो नियतिवादिना मतमां कहेलां छे ते सर्व दूषणो प्रायः आ मतमां पण समानज छे. जेम के आ जे तमारो स्वभाव छे ते भावरूप छे के अभावरूप छे ? जो कहो के भावरूप छे तो एकरूप छे के अनेकरूप छे ? इत्यादि सर्व दूषण नियतिनी जेम केहेवां.

एक बीजी पण वात छे के स्वभाव आत्माना भावने कहे छे. ते स्वभाव कार्यगतहेतु छे के कारणगत हेतु छे ? कार्यगत तो नथी, कारण के ज्यारे कार्य थइ जशे, त्यारे कार्यगत स्वभाव थशे, परंतु कार्य थयाविना कार्यगत स्वभाव केम थाय अने जो कार्य थइ गयुं तो तेनो हेतु स्वभाव केम थाय ? जे जेनो अलब्ध लाभ संपादन करवामां समर्थ होय ते तेनो हेतु छे, अने कार्य तो निष्पन्न थवाथी आत्मलाभ प्राप्त थयो छे; नहि तो ते स्वभावनेज अभावनो प्रसंग थइ जशे, त्यारे तो ते स्वभाव कार्यनो हेतु केवीरीतें थशे ? जो कहो के कारणगत हेतु छे तो ते तो अमने पण संमत छे. ते स्वभाव प्रतिकारण भिन्न छे, तेथीज माटीथी घट थाय छे, परंतु पट थतुं नथी, माटीना पिंडमां पटादि थवानो स्वभाव नथी. तेवीज रीतें तंतुउथी पटज थाय छे, घटादि थता नथी,

कारण के तंतुउंमां घट थवानो स्वन्नाव नथी. ते कारणथी जे तमे कह्युं हतुं के माटीथी घटज थाय बे, पटादि थता नथी, ते तो सर्व कारणगत स्वन्नाव मानवाथी सिद्ध थयेलानेज सिद्ध कर्युं बे. आ पक्ष अमारा मतने बाधक नथी. वली तमे जे कह्युं हतुं के मगमां रंधावानो स्वन्नाव बे, कांगरु ( कोरडू ) मां नथी, इत्यादि. तेपण कारणगत स्वन्नाव अंगीकार करतांज सर्व समीचीन थइ जायबे, जेम के एक कांगडु मग बे ते स्वकारणवशथी तेवा रूपवालो थयेल बे; हांडी, इंधन, कालादि सामग्रीनो संयोग बे तो पण रंधातो नथी, अने स्वन्नाव जे बे ते कारणथी अन्नेद बे तेथी सर्व वस्तु सकारणज बे. आ पक्ष सिद्ध बे. इति क्रियावादिना मतनुं खंमन.

हवे अक्रियावादिउंना मतमां जे यदृबावादिबे तेउंनुं एवुं केहेवुं बे के वस्तुउंना नियमपूर्वक कार्य कारणन्नाव नथी इत्यादि ते तेमनुं केहेवुं कार्यकारणना विवेचनवाली बुद्धिना रहितपणाने सूचवे बे. कारण के कार्यकारणने प्रतिनियतपणानो संन्नव बे. ते कहियेंबियें. शालुक (देडका) थी शालुक उत्पन्न थायबे ते निरंतर शालुकथीज थायबे, परंतु गोबर (बाण) थी थता नथी, अने गोबरथी जे शालुक उत्पन्न थायबे, ते निरंतर गोबरथीज उत्पन्न थायबे, परंतु शालुकथी थता नथी. वली आ बंने जातनां देडकांउं शक्तिवर्णादि विचित्र,ताथी तेमजपरस्पर जात्यंतर होवाथी एकरूप पण नथी. वली अग्निथी जे अग्नि उत्पन्न थायबे तेपण निरंतर अग्निथीज उत्पन्न थायबे, परंतु अरणीना काष्ठथी उत्पन्न थतो नथी, अने अरणीना काष्ठथी जे अग्नि उत्पन्न थायबे ते निरंतर अरणीना काष्ठथीज उत्पन्न थायबे परंतु अग्निथी उत्पन्न थतो नथी. वली बीजथी केलां उत्पन्न थवां इत्यादि अनेक बाबतोमां परस्पर न्निन्नता होवाथी तेनो खुलासो पण तेजबे. वली एक हकीकत एवी बे के जे केलां कंदथी उत्पन्न थायबे तेपण परमार्थथी तो बीजथीज थायबे, एटले परंपराए तो बीजज कारण बे. तेवीज रीतें वड आदिनी शाखापण एकदेशथी उत्पन्न थती बतां परमार्थथी तो बीजथीज उत्पन्न थायबे. विशेष हकीक एवी बे के शाखाथी जे शाखा उत्पन्न थाय बे ते उत्पन्न थनारी शाखानी हेतु शाखा बे एम लोक व्यहार चालतो नथी, कारण के वडनुं बीजज सर्व शाखा, प्रशाखा

समुदायरूप वडनुं कारण छे एम जगत्मां प्रसिद्ध छे; तेवीज · रीतें शाखाना एक जागथी उत्पन्न थयेल वड, परमार्थथी मूल, ते वडशाखारूपज छे, तेथी ते मूल पण बीजथीज उत्पन्न थयेल मानवुं जोइये ते कारणथी कोइपण स्थलें कार्यकारणजाव व्यजिचारी नथी. इति यदृछावादिमतखंडन.

हवे अज्ञानवादिना मतनुं खंडन लखिये छियें. अज्ञानवादी कहेछे के ज्ञान श्रेय नथी, कारण के ज्यारे ज्ञान थायछे, त्यारे परस्पर विवादना योगथी चित्तमां क्लेश थवाना कारणथी दीर्घतर संसारनी वृद्धि थाय छे. इत्यादि. अज्ञानवादिउनुं आ कथन मूर्खतासूचक छे. जुउ के बीजी वात तो दूर रही परंतु प्रथम अमे आपने बे सवाल पुछिये छियें, मुख्य ए छे के ज्ञाननो तमे जे निषेध करोछो ते शुं ज्ञानथी करोछो के अज्ञानथी करोछो? जो कहो के ज्ञानथी करियें छियें, तोपछी केम कही शको के अज्ञान श्रेयछे? आ कथनथी तो ज्ञानज श्रेय थयुं ज्ञानविना अज्ञानने स्थापन करवाने कोइ समर्थ नथी. जो पूर्वोक्त कथन स्वीकारशो तो तमारी प्रतिज्ञाने व्याघातनो प्रसंग आवशे. जो केहेशो के अज्ञानथी निषेध करिये छियें तो तेपण अयुक्त छे, कारण के अज्ञानमां ज्ञानने निषेध करवानुं सामर्थ्य नथी. कारण के अज्ञानमां कोइनेपण सिद्ध करवानी के बाध करवानी शक्ति नथी; ज्यारे अज्ञानमां ज्ञानने निषेध करवानुं सामर्थ्य नथी त्यारे ज्ञानज श्रेयछे एम सिद्ध थयुं, वली तमे कह्युं छे के ज्यारे ज्ञान थायछे त्यारे परस्पर विवादना योगथी चित्त, क्लेशादि जावने प्राप्त करेछे, तेपण आपनुं विना विचारनुं कथन छे. अमे परमार्थथी ज्ञानी तेनेंज कहियें छियें के जेनो आत्मा विवेकथी पवित्र होय; अने जे ज्ञाननो गर्व न करे, तेमज अल्पज्ञानी थइ कंठ लगी मदिरापान करनारनी जेम उन्मत्त वचनो बोले अने सर्व जगत्ने तृण सदृश माने, ते परमार्थथी अज्ञानीज छे, कारण के तेने ज्ञाननुं फल प्राप्त थयुं नथी. ज्ञाननुं फल तो रागद्वेषादि दूषणोनो त्यागजावछे. ज्यारे तेम थयुं नहि त्यारे परमार्थथी तेनामां ज्ञानज नथी. उक्तं च ॥ तज्ज्ञानमेव न जवति, यस्मिन्नुदिते विजाति रागगणः ॥ तमसः कुतोस्ति शक्ति, र्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥१॥ एवा ज्ञानी विवेकथी पवित्र आत्मावाला परजीवोने हित करवामां एकांत रसिया होय. एवा ज्ञानी कदापि विवाद करशे, तो पण प-

कोपीन पेहेरे छे, धातुरक्त वस्त्र राखे छे, कोई शिरपर शिखा राखे छे, कोई जटा राखे छे, कोई मस्तक पर क्षौरमुंडकरावे छे, मृगचर्मनुं आसन राखे छे, ब्राह्मणना घरनुं अन्न खाय छे, कोई पांचज ग्रास खाय छे, बार अक्षरनो जाप करे छे, तेउना जक्त ज्यारे गुरुने वंदना करेछे त्यारे "ॐ नमो नारायणाय" एम कहे छे, त्यारे गुरु तेउने "नमो नारायणाय" एम कहे छे, अने महाजारतमां जेनुं नाम "वीटा" लखेल छे, काष्ठनी मुखवस्त्रिका मुखना निःश्वासना निरोध वास्ते राखे छे, जेथी मुखश्वासथी जीवहिंसा न थाय. ॥ श्लोक ॥ ते प्राणादनुयातेन, श्वासेनैकेन जंतवः ॥ हन्यंते शतशो ब्रह्म, न्नणुमात्राक्षरवादिनः ॥१॥ सांख्य गुरु जलना जीवोनी दया वास्ते पाणी गलवा सारु पोतानी पासे गलणुं राखेछे, अने पोताना जक्तोने पाणी गलवा सारु त्रीश आंगल लांबुं अने वीश आंगल पोहोलुं अने जाडुं एवुं गलणुं राखवानो उपदेश करेछे. वली जे जीव पाणी गलवा पछी निकले ते तेज पाणीमां पाछा प्रक्षेप करे छे, कारण के मीठापाणीना पूरा खारा पाणीमां मरी जाय छे, अने खारा पाणीना पूरा मीठा पाणीमां मरी जाय छे. तेथी जुदां जुदां पाणी एकठां करता नथी. पाणीना सूक्ष्म एक बिंदुमां जेटला जीव छे ते जीवोनी काया जो ज्रमर समान बनाववामां आवे तो ते जीवो त्रण लोकमां समाय नहि. आ तेउनो पाणी गलवानो विचार छे.

सांख्य बे प्रकारना छे, एक प्राचीन, बीजा नवीन. नवीननुं बीजुं नाम पातंजलपण छे. प्राचीन सांख्य ईश्वरने मानता नथी. नवीन सांख्य ईश्वरने माने छे. जे निरीश्वर छे ते नारायणने पर माने छे, अने तेना जे आचार्य छे ते विष्णु प्रतिष्ठाकारक चैतन्यप्रमुख शब्दोथी केहेवाय छे. सांख्य मतनुं स्वरूप बतावनारा आचार्यनां नाम. कपिल, आसुरि, पंचशिख, जार्गव, उलूक, ईश्वर, कृष्ण. तेउ शास्त्रकर्त्ता छे. सांख्यमत वाला कापिलपण केहेवाय छे. तथा कपिलनुं परमर्षि एवुं बीजुं नाम छे, तेथी तेउ पारमर्षा पण केहेवाय छे. बनारसमां तेउ संख्याबंध छे. मास उपवास पण करे छे. ब्राह्मण जे छे ते अर्चिमार्गथी विरुद्ध धूममार्गानुगामी छे, अने सांख्य अर्चिमार्गानुयायी छे; ब्राह्मणोने वेद पर प्यार छे तेथी यज्ञमार्गानुयायी छे, अने सांख्य हिंसाथी पूर्ण, एवा जे वेद ते-

नाथी निवर्तेला छे. अध्यात्मवादी सांख्य पोताना मतनो महिमा आ प्रमाणे माने छे ॥ श्लोक ॥ हस पिब च खाद मोदं, नित्यं भुंक्ष्व च जोगान् यथाऽभिकामं ॥ यदि विदितं कपिलमतं, तत् प्राप्स्यसि मोक्षसौख्यमचिरेण ॥ १ ॥ एम माठर शास्त्रना प्रांतमां लखेलुं छे. अर्थः– जो तमे कपिलमत जाण्यो होय तो पछी हसो, खेलो, पीउं, खाउं, सदा खुशी रहो, जेवी रुचि थाय तेवा सदा जोग जोगवो तो पण तमने अल्प कालमां मुक्ति, सुखें प्राप्त थशे. तेमना बीजा शास्त्रमां पण कह्युं छे के ॥ श्लोक ॥ पंचविंशतितत्त्वज्ञो, यत्र तत्राश्रमे रतः ॥ शिखी मुंडी जटी वापि, मुच्यते नात्र संशयः ॥ १ ॥ अर्थः– पचवीश तत्त्वने जाणनार, पछी चाहे ते कोई आश्रममां रहेतो होय, के शिखावालो होय, वा मुंडित होय, के जटा राखे, तो पण ते उपाधिथी मुक्त थाय तेमां संशय नथी.

सांख्य मतमां सर्वे सांख्य पचीश तत्व माने छे. ज्यारे पुरुष त्रण दुःखथी हणाय छे, त्यारे ते त्रण दुःखने दूर करवा वास्ते तेने जिज्ञासा उत्पन्न थाय छे. ते त्रण दुःखनां नाम १ आध्यामिक, २ आधिदैविक, ३ अधिजौतिक; आध्यात्मिक दुःख बे प्रकारनुं छे. १ शारीरिक २ मानसिक. तेमां वायु, पित्त, श्लेष्म, आ त्रणनी विषमताथी शरीरमां जे अतिसारादि रोग थाय छे ते शारीरिक, अने काम, क्रोध, लोज, मोह, ईर्ष्या, इत्यादि, विषयो जोवाथी जे थाय ते मानसिक. आ बंने आज्यंतर उपायथी दूर थई शके छे तेथी ते आध्यात्मिक दुःख केहेवाय छे. २ आधिजौतिक, तथा ३ आधिदैविक, आ बंने बाह्य उपायथी दूरकरी शकायछे तेमां जे दुःख मनुष्य, पशु, पक्षी, मृग सर्पादि, स्थावरादिना निमित्तथी थाय छे ते आधिजौतिक, अने जे यक्ष, राक्षस, जूतादिना प्रवेशथी, तथा महामारी, अनावृष्टि अतिवृष्टि इत्यादिथी थायछे ते आधिदैविक केहेवायछे. आ त्रण दुःखथी, रज परिणामना जेदथी प्राणिउने दुःख दूर करवा वास्ते तत्व जाणवानी इछा थाय छे ते तत्त्व पच्चीश प्रकारनां छे.

प्रथम पचीश तत्वोनुं स्वरूप लखियेंछियें. तेमां प्रथम सत्त्वादि गुणोनुं स्वरूप कहियेंछियें. ते त्रण गुण छे. १ सत्त्व गुण, सुखलक्षण, २ रजोगुण दुःखलक्षण, ३ तमोगुण, मोहलक्षण; आ त्रण गुणनां त्रण लिंग छे. १ स-

त्वगुणनुं चिह्न प्रसन्नता, २ रजोगुणनुं चिह्न संताप, ३ तमोगुणनुं चिह्न दीनपणुं. हवे १ प्रसाद, २ बुद्धिपाटव, ३ लाघव, ४ प्रश्रय. ५ अनभिष्वंग, ६ अद्वेष, ७ प्रीत्यादि, आ सत्वगुणनां कार्यलिंग छे, १ ताप, २ शोष, ३ भेद ४ चलचित्त, ५ स्तंभ, ६ उद्वेग, आ रजोगुणनां कार्यलिंग छे. तथा १ दैन्य, २ मोह, ३ मरण, ४ असादन, ५ बीभत्सा, ६ अज्ञान गौरवादि, ७ आ तमोगुणनां कार्यलिंग छे. कार्योथी सत्त्वादि गुणनो भास थाय छे. तथा लोकमां जे कांइ सुख उपलब्ध थाय छे, जेम के १ आर्जव, २ मार्दव, ३ सत्य, ४ शौच, ५ लज्जा, ६ बुद्धि, ७ क्षमा, ८ अनुकंपा, प्रसादादि, आ सर्व सत्त्वगुणनां कार्य छे; तेमज जे कांइ दुःख उत्पन्न थाय छे जेम के १ द्वेष, २ द्रोह, ३ मत्सर ४ निंदावचन, ५ बंधन, तापादिस्थान, आ सर्व रजोगुणनां कार्य छे; तेमज जे कांइ मोह उपलब्ध थाय छे, जेमके १ अज्ञान, २ मद, ३ आलस्य, ४ भय, ५ दैन्य, ६ कृपणता, ७ नास्तिकता, ८ विषाद, ९ उन्माद, स्वप्नादि आ सर्व तमोगुणनां कार्य छे. आ सत्त्वादि परस्पर उपकारी त्रण गुणोथी सर्व जगत् व्याप्त छे, परंतु ऊर्ध्वलोकमां देवताउंमां प्रधानपणे सत्त्वगुण छे, अने अधोलोक तिर्यंच, नरकविषे प्रधानपणे तमोगुण छे, तथा मनुष्यमां प्रधानपणे रजोगुणछे. आ त्रणे गुणोनी जे सम अवस्था तेनुं नाम प्रकृतिछे. ते प्रकृतिनां अपरनाम प्रधान, अव्यक्त एमपण छे. प्रकृति नित्यस्वरूप छे. " अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावं कूटस्थं नित्यं " आ नित्यनुं लक्षण छे. तथा आ प्रकृति जे छे, ते अन्वय, असाधारणी, अशब्दा, अस्पर्शा, अरसा, अगंधा, अव्यया, केहेवाय छे. जे मूल सांख्यछे ते दरेक आत्मानी साथ जुदा जुदा प्रधान मानेछे; अने जे नवीन सांख्यछे ते सर्व आत्माउंमां एक, नित्य, प्रधान मानेछे. प्रकृति अने आत्माना संयोगथी सृष्टि थाय छे, ते कारणथी सृष्टि थवानो क्रम लखियें छियें.

ते प्रकृतिथी बुद्धि उत्पन्न थायछे.गाय आदि सन्मुख देखवाथी,आ गायछे, घोडो नथी, तथा आ स्थाणु छे, पुरुष नथी, एवो जे निश्चयरूप अध्यवसाय थाय छे तेने बुद्धि कहेछे बीजुं तेनुं नाम महत्पण कहेछे. ते बुद्धिनां आठ रूप छे. १ धर्म, २ ज्ञान, ३ वैराग्य, ४ ऐश्वर्य, आचार सात्विक

१ सुकुंकाष्ठ.

बुद्धिनां रूपछे . तथा १ अधर्म, २ अज्ञान, ३ अवैराग्य, ४ अनैश्वर्य, आचार तामसी बुद्धिरूपछे. ते बुद्धिथी अहंकार उत्पन्न थायछे. ते अहंकारथी सोल गुणनो समूह उत्पन्न थाय छे ते सोल गुण आ छे. १ स्पर्शनं, त्वक्, २ रसनं जिव्हा, ३ घ्राणं, नासिका, ४ चक्षुः, लोचन, ५श्रोत्रं, श्रवण, आ पांचेने बुद्धींद्रिय कहेछे, कारण के आ पांचे पोत पोताना विषयने जाणेछे. तथा पांच कर्मेंद्रियछे. १ पायु, गुदा, २ उपस्थ, पुरुष स्त्रीनुं चिह्न ३ वच, कंठादि आठस्थानथी उच्चाराय ते शब्द, ४ हाथ, ५ पग, आ पांचेथी पांच काम थायछे, १ मलोत्सर्ग, २ संजोग ३ वचन, ४ ग्रहण, ५ चलन, ते कारणथी आ पांचने कर्मेंद्रिय कहेछे. ११ मन, मन ज्यारे बुद्धींद्रियने मलेछे, त्यारे बुद्धींद्रियरूप थइ जायछे; अने कर्मेंद्रियने मलेछे त्यारे कर्मेंद्रियरूप थइ जायछे. आ मन जे छे ते संकल्पवृत्तिछे. तथा अहंकारथी पांच तन्मात्रा जेनी सूक्ष्म संज्ञा छे ते उत्पन्न थायछे. १ रूप तन्मात्रा, ते शुक्लकृष्णादि रूपविशेष, २ रसतन्मात्रा, ते तिक्तादि रस विशेष, ३ गंधतन्मात्रा, ते सुरभ्यादि गंधविशेष, ४ शब्दतन्मात्रा, ते मधुरादि शब्दविशेष, ५ स्पर्शतन्मात्रा, ते मृदुकाठिन्यादि स्पर्शविशेष, आ षोडशक गण छे. हवे पांचतन्मात्राउथी पांचभूत उत्पन्न थायछे, ते कहेछे. १ रूप तन्मात्राथी अग्नि उत्पन्न थायछे, २ रसतन्मात्राथी जल उत्पन्न थायछे, ३ गंध तन्मात्राथी पृथ्वी उत्पन्न थायछे, ४ शब्द तन्मात्राथी आकाश उत्पन्न थायछे ५ स्पर्श तन्मात्राथी वायु उत्पन्न थायछे एम पांच तन्मात्राओथी पंच भूत उत्पन्न थायछे. एम सर्व मली चोवीश तत्व प्रधान निवेदन कर्यां. " अने अकर्त्ता विगुण भोक्ता " एवुं पुरुष तत्व पचीशमुं नित्य चिद्रूप मानेछे. चोवीश तत्व रूप प्रधान. १ प्रकृति- २ महान्, ३ अहंकार ८ पांच ज्ञानेंद्रिय, १३ पांच कर्मेंद्रिय, १४ मन, १९ पांच तन्मात्रा, २४ पांच भूत. एम चोवीश तत्व छे. तेमांथी प्रथम जे प्रकृति छे ते अनुत्पन्न होवाथी बुद्धि आदि सात प्रथमनां कारण छे, अने सोल पाछलनां कार्य छे, तेथी प्रथमनी सात प्रकृति विकृति केहेवाय छे, अने षोडशकगण कार्यरूप होवाथी विकृतिरूपछे; अने पुरुष जे छे ते न प्रकृति, न विकृति छे. नथी कोइथी उत्पन्न थयेल के नथी कोइने उत्पन्न करतो, ते कारणथी तेवो छे. ॥ तथाचेश्वरः कृष्णः

सांख्यसप्ततौ ॥ "मूलप्रकृतिरविकृति, महदाद्याः प्रकृतिविकृतयः सप्त ॥ षोडशकश्च विकारो, न प्रकृतिर्नविकृतिः पुरुष इति ॥ अर्थः–ईश्वर कृष्ण, सांख्य मतना आचार्य सांख्यसप्ततिग्रंथमां लखेछे के. मूलप्रकृति अविकृति छे महत् आदि सात प्रकृतिविकृति छे, षोडशक विकार विकृति छे, अने पुरुष न प्रकृति, न विकृतिछे. तथा महदादि, प्रकृतिना विकार छे, ते व्यक्त थइने फरी अव्यक्तपण थइ जाय छे. ते अनित्यहोवाथी पोताना स्वरूपथी भ्रष्ट थइ जायछे; अने प्रकृति अविकृति रूप होवाथी पोताना स्वरूपथी भ्रष्ट थती नथी. तथा महत् आदिनुं अने प्रकृतिनुं स्वरूप सांख्य मतवाला आ प्रमाणे मानेछे. १ हेतुमत्, २ अनित्य, ३ अव्यापक,४ सक्रिय, ५ अनेक, ६ आश्रित, ७ लिंग, ८ सावयव, ९ परतंत्र, १० व्यक्त. प्रकृति तेनाथी विपरीत छे. १ हेतुमत्, कारण वाला छे, महत् आदि, २ अनित्य, उत्पत्ति धर्मवालाछे, ३ अव्यापक, बुद्धि आदि अव्यापि छे, सर्वगत नथी, ४ सक्रिय, अध्यवसायसंयुक्त वर्तेछे, ते हेतुथी क्रिया सहित, सव्यापार चालवा वालांछे, ५ अनेक, त्रेवीश प्रकारना छे, तेथी, ६ आश्रित. आत्माना उपकार वास्ते प्रधानने अवलंबीने रहेछे ७ लिंग, जे जेमांथी उत्पन्न थायछे ते तेमांज लय पामे छे, "लयंद्रयं गच्छतीति लिंगं," पांच भूत, पांच तन्मात्राउमां लय पामेछे, पांच तन्मात्रा, दश इंद्रिय, अने मन, अहंकारमां लयपामेछे, अहंकार बुद्धिमां लयपामेछे, अने बुद्धि प्रकृतिमां लय पामेछे; प्रकृतिनो कोइमां पण लय थतो नथी. ८ सावयव, शब्द रूप, रस, गंध, स्पर्शादि संयुक्त छे, ९ परतंत्र, कारणने आधीन होवाथी, १० व्यक्त, तेवीज रीतें महदादि व्यक्त छे; प्रकृति तेनाथी विपरीत, सुगम छे. आ अल्पमात्र स्वरूप बतावेल छे, विस्तारथी जाणवुं होयतो सांख्य सप्तति आदि शास्त्रो जोवां.

हवे पचीशमा पुरुष तत्वनुं स्वरूप कहियें छियें. पुरुष "अकर्त्ता विगुणोभोक्ता, नित्यचिदभ्युपेतश्च" छे. पुरुषतत्व आत्माने कहे छे. १ आत्मा, विषय सुखादिनां कारण पुण्यादि करतो नथी तेथी "अकर्त्ता छे; कारण के आत्मा तृणमात्र पण तोडवाने समर्थ नथी; अने कर्त्ता प्रकृति छे, कारण के प्रकृतिमां प्रवृत्तिस्वभाव छे; तथा २ "विगुणः" सत्त्वादि गुणरहित छे, कारण के सत्त्वादि प्रकृतिना धर्म छे, तथा ३ "भो-

क्ता " आत्मा जोक्ता, जोगवनार बे, जोक्ता पण साक्षात् नथी, परंतु प्रकृतिना विकारजूत उजय मुख दर्पणाकार जे बुद्धि बे, तेमां संक्रमण थयां थकां निर्मल आत्मस्वरूपविषे सुख दुःखोना प्रतिबिंब उदय मात्रथी जोक्ता केहेवाय बे. " बुद्ध्यवसितमर्थं पुरुषश्चेतत " इतिवचनात्॥ जेम जासुस फुलनी समीप रेहेवाना कारणथी स्फटिकमां रक्तादि केहेवामां आवे बे, तेम प्रकृतिना निकट संबंधथी पुरुषपण सुख दुःखोनो जोक्ता केहेवाय बे. सांख्य मतना वादमहार्णवमां पण कहे बे " बुद्धिदर्पणसंक्रांतं, समर्थप्रतिबिंबकं ॥ द्वितीयं दर्पणं कल्पे, पुंसिअध्यारोहति ॥ १ ॥ तदेव जोक्तृत्वमस्य नत्वात्मनोविकारापत्तिरिति ॥ आनो तात्पर्य उपर बतावेल बे.

तथा कपिलनो शिष्य आसुरिपण कहे बे ॥ श्लोक ॥ विवक्तेदृक्परिणतौ, बुद्धौ जोगोऽस्य कथ्यते ॥ प्रतिबिंबोदयः स्वछे, यथा चंद्रमसोंजसि ॥ १ ॥ तथा विंध्यवासी सांख्याचार्य आत्माने तेवीज रीतें जोक्ता कहे बे. पुरुष अविकृत आत्माज बे, स्वनिर्जास अचेतन मन कर्त्ता बे. ते मननी निकटताथी उपाधि स्फटिकवत् देखाय बे; "नित्या या चिच्चेतना तयाऽन्युपेतः " आ केहेवाथी पुरुषज चैतन्यस्वरूप बे. " नतु ज्ञानस्य " परंतु ज्ञान नथी, कारण के ज्ञाननो धर्म बुद्धि बे. तथा पतंजलि पण एमज कहे बे. तथा " पुमान् " आ जे एक वचन बे ते जातिनी अपेक्षाथी बे; परंतु आत्मा अनंत बे, कारण के जन्म मरणादि कारणोना नियम, तथा धर्मादि अनेक प्रवृत्ति देखवामां आवे बे. ते सर्व अनंत आत्मा सर्वगत तेमज नित्य बे. ॥ उक्तं च ॥ अमूर्त्तिश्चेतनो जोगी, नित्यः सर्वगतोऽक्रियः ॥ अकर्त्ता निर्गुणः सूक्ष्म, आत्मा कापिलदर्शनइति॥

सांख्यमत त्रण प्रमाण माने बे. १ प्रत्यक्ष, २ अनुमान, ३ शब्द. ते मतनुं नाम सांख्य अथवा शांख्य शा वास्ते कहे बे ? तेनो हेतु एवो बे के, संख्या प्रकृति तत्व पचीश रूप तेने जे जाणे अथवा जणे. ते सांख्य. तथा जो तालु शकारथी बोलियें तो शांख्य एम केहेवाय. तेउना मतमां शंखध्वनि बे एम वृद्धोनो आम्नाय बे तेथी शांख्य नाम बे. वली शंख नामे कोई आद्य पुरुष थया बे. "तस्यापत्यं पौत्रादिरिति गर्गा

दित्वादय स्त्री प्रत्यये शांख्या षामि इदं दर्शनं शांख्यं शांखं वा ” ॥ इति सांख्यमतसंक्षेपवर्णनं.

हवे मीमांसकमत लखियें छियें. तेनुं बीजुं नाम जैमिनीय पण कहे-छे. आ मतवाला सांख्यमतनी पेठे एकदंडी, त्रिदंडी होय छे, धातुरक्त वस्त्र पहेरे छे. मृगचर्मासन पर बेसे छे, कमंडल राखेछे, शिरमुंडित करावेछे, संन्यासी प्रमुखद्विज आ मतमां होय छे, वेद तेमना गुरु छे, परंतु बीजा कोई वक्ता गुरु नथी. ते पोते पोताने संन्यस्तं संन्यस्तं कहे छे, यज्ञोपवीतने धोईने त्रणवार तेनुं जल पीयेछे. आ मीमांसक बे प्रकारना छे, एक याज्ञिकादि, ते पूर्वमीमांसक छे, अने बीजा उत्तरमीमांसावादी छे. याज्ञिकादि, कुकर्मना तजनार, यजनादि षट्कर्मना करनार, ब्रह्म सूत्रना धारक, गृहस्थाश्रममां स्थित, शूद्रनुं अन्नादि तजनार छे, तेना पण बे भेद छे, एक भट्ट, बीजा प्रभाकर; भट्ट छ प्रमाण माने छे, अने प्रभाकर पांच प्रमाण माने छे. उत्तरमीमांसक वेदान्ति छे, ब्रह्म अद्वैतज माने छे “ सर्वमेवेदं ब्रह्मेति भाषंते ” तेपर प्रमाण आपे छे के एकज आत्मा सर्वशरीरोमां उपलब्ध थाय छे. ॥ श्लोक ॥ एक एवहि भूतात्मा, भूते भूते व्यवस्थितः ॥ एकधा बधुधा चैव, दृश्यते जलचंद्रवत् ॥ १ ॥ इति वचनात् ॥ “ पुरुष एवेदं सर्वयद्भूतं यच्चभाव्यमिति वचनात् ॥ आत्मामांज लयथवुं तेनुं नाम मुक्ति छे. बीजी कांइ मुक्ति नथी. ते मीमांसक द्विजज जेनुंनाम भगवत् छे, ते चार प्रकारना छे; १ कुटीचर, २ बहूदक, ३ हंस; ४ परमहंस. तेमां १ त्रिदंडी, सशिखा, ब्रह्मसूत्री, गृहत्यागी, यजमान, परिग्रही, एकवार पुत्रना घरमां भोजन करे छे, कुटीमां वसेछे तेने कुटीचर कहेछे, २ तुल्यवेष, पूर्वोक्त विप्रना धरमां नीरस भिक्षा भोजी विष्णुजापपर नदीना तीरपर रहे छे, तेने बहूदक कहे छे, ३ ब्रह्मसूत्र, शिखारहित, कषाय वस्त्र, दंडधारी, गाममां एकरात्रि अने नगरमां त्रण रात्रि रहे छे, अग्नि ज्यारे धूमरहित थाय त्यारे ब्राह्मणना घरमां भोजन करे छे अने तपथी शरीर शोषण करी, देशोमां फरता रहे छे, तेने हंस कहे छे हंसनेज ज्यारे ज्ञान थाय छे, त्यारे चारे वर्णना घरमां भोजन करे छे, पोतानी इछाथी दंड राखे छे, ईशान दिशा सन्मुख जाय छे जो शक्तिहीन थई जाय तो अनशन ग्रहण करे छे, ४ वेदांत एकध्यायी, ते

परमहंसकेहेवाय छे; आ चारेमां पूर्वथी परस्पर अधिक चारे केवल ब्रह्माद्वैतवाद साधवामां व्यसनी छे, इत्यादि आ मतनुं स्वरूप छे.

हवे पूर्वमीमांसावादिउनो मत विशेषथी लखियें छियें. जैमिनीयवाला कहे छे के, सर्वज्ञ, सर्वदर्शी वीतराग, सृष्टिआदिना कर्त्ता, आ पूर्वोक्त विशेषणयुक्त कोइपण देव नथी, के जे देवनुं वचन प्रामाणिक होय, प्रथम तो देवज कोइ वक्ता नथी, के जेनुं कहेलुं वचन प्रमाण थाय. अनुमानथी पुरुष सर्वज्ञ नथी, मनुष्य होवाथी, रथ्यापुरुषवत्.

पूर्वपक्षः– किंकर थई जेनी सुर, असुर सेवा करेछे, तेमज त्रण लोकमां ऐश्वर्यना सूचक, छत्र, चामरादि जेनी विभूति छे, ते सर्वज्ञ केम न होई शके?

उत्तरपक्षः–आ विभूति तो इंद्रजालीआ पण रची शके छे, ते वातना साक्षी जैनमतना सामंतभद्र आचार्य पण छे ॥ श्लोक॥ देवागमनभोयान, चामरादिविभूतयः ॥ मायाविष्वपि दृश्यंते, ह्यतस्त्वमसि नो महान्.

पूर्वपक्षः– जेम अनादि सुवर्णनो मेल, क्षार प्रमुख अग्नि पुटादि क्रियाविशेषथी शोधातां, सुवर्ण सर्वथा निर्मल थई जाय छे, तेम आत्मा पण निरंतर ज्ञानादि अभ्यासथी निर्मल थवाथी तेने सर्वज्ञपणांनो संभव केम न होय? अवश्य होयज.

उत्तरपक्षः–आ तमारुं केहेवुं ठीक नथी; कारण के अभ्यास करवाथी शुद्धिनी तरतमताज थाय छे, परंतु परम प्रकर्ष अवस्था थती नथी, कारण के जे पुरुष चालवानो अभ्यास करे, अर्थात् कूदवानो, छलंग मारवानो, ठेकडो मारवानो अभ्यास करे,ते दशहाथ वीशहाथ कुदी शकशे, परंतु सो योजन कूदवानी शक्ति ते कदापि मेलवी शकशे नहि, अने सर्व लोक कूदी जवानो अभ्यास तो कदापि तेनाथी थइ शकशे नहि. तेवीज रीतें आत्मापण अभ्यासद्वारा सर्वज्ञ थइ शकतो नथी.

पूर्वपक्षः– मनुष्यने सर्वज्ञता भले न होय, परंतु ब्रह्मा विष्णु, महेश्वरादिने तो सर्वज्ञता होय छे, कारण के तेमने तो जगत् ईश्वर माने छे. ते वात कुमारिल पण कहे छे. "दिव्य देह होवाथी" ब्रह्मा, विष्णु, महेश्वर, तेउने सर्वज्ञता होय , मनुष्यने सर्वज्ञता केवीरीतें होय?

उत्तरपक्षः–जे रागद्वेषमां मग्न छे निग्रह अनुग्रहमां ग्रस्तछे, काम सेवनमां तत्पर छे, एवा लक्षणवाला ब्रह्मा, विष्णु, महेश्वर, सर्वज्ञ केवी

रीतें होइ शके छे? कारण के प्रत्यक्ष प्रमाण तो सर्वज्ञसाधक नथी, कारण के तेतो ( इंद्रियो ) वर्तमान वस्तुनेज ग्रहण करेछे; अने अनुमानथी पण सर्वज्ञ सिद्ध थता नथी, कारण के अनुमान प्रत्यक्ष पूर्वकज प्रवृत्त थइ शके छे; तेमज आगम पण सर्वज्ञनी सिद्धि करनारूं कोइ नथी; कारण के आगम सर्वे विवादास्पद[1] छे; वली उपमान पण नथी, कारण के बीजा सर्वज्ञ कोइ होय तो उपमान बने, तेवीज रीतें अर्थापत्तिथी पण सर्वज्ञ सिद्ध थता नथी, कारण के अन्यथा[2] अनुपपद्यमान[3] एवो कोइ पदार्थ नथी, जे होवाथी सर्वज्ञ सिद्ध थाय. ज्यारे भावग्राहक पांचे प्रमाणथी सर्वज्ञ सिद्ध न थया, त्यारे सर्वज्ञ अभाव प्रमाणना विषय थया. सर्वज्ञ प्रत्यक्षादि गोचरने अतिक्रांत होवाथी, शशशृंगवत् ज्यारे कोइ देव सर्वज्ञ नथी, अने तेवा सर्वज्ञ देवनुं कथन करेलुं ज्यारे कोइ शास्त्र नथी, त्यारे अतींद्रिय अर्थनुं ज्ञान केम थाय? एवी मनमां आशंका करीने जैमिनि कहे छे के "तस्मात्" ते कारणथी अतींद्रिय इंद्रियोना विषयरहित जे, आत्मा, धर्म अधर्म, काल, स्वर्ग, नरक, परमाणु प्रमुख पदार्थो छे, तेउना करतल[4] आमलकवत्[5] साक्षात् देखनार कोइ नथी. ते हेतुथी नित्य जे वेदवाक्य छे, तेनाथीज यथार्थ तत्त्वनो निश्चय थाय छे. कारण के वेद, अपौरुषेय छे, अर्थात् कोइयें रचेला नथी, अनादि नित्य छे, ते वेदवचनोथी अतींद्रिय पदार्थोनुं ज्ञान थाय छे, परंतु कोइ सर्वज्ञना कहेला आगमथी थतुं नथी, कारण के सर्वज्ञ कोइपण पूर्व कालमां थया नथी, वर्त्तमानमां छे नहि, अने भविष्यमां थवाना नथी. ॥ यथाहुस्ते ॥ अतींद्रियाणामर्थानां, साक्षात् द्रष्टा न विद्यते ॥ वचनेनहि नित्येन, यः पश्यति सपश्यति ॥ १ ॥

प्रश्नः—अपौरुषेय वेदना अर्थ केवीरीतें जाणी शकाय?

उत्तरः— अमारी परंपरा जे अव्यवछिन्न छे तेनाथी जाणी शकाय छे, ते कारणथी तथा सर्वज्ञादिनो अभाव होवाथी प्रथम वेदनाज पाठ प्रयत्नथी करवा जोइयें. वेद चार छे, १ ऋग्, २ यजुष्, ३ साम, ४ अथर्व. ए चारनो पाठ करी, पछी धर्मजिज्ञासा करवी जोइये? धर्म अतींद्रि-

१ विवादना स्थानरूप. २ बीजे प्रकारे. ३ उपपन्न नहि (सिद्धन) थयेली. ४ हथेलीमां. ५ आमलानी पेठे.

य छे. वली धर्म छे ते केवो छे ? तथा क्या प्रमाणथी जाणियें ? एवी जे जाणवानी इछा, तेनुं नाम जिजासा छे. ते जिज्ञासा केवी छे ते जिज्ञासा धर्म साधवानो उपाय छे, तेनुं नाम नोदना छे, ते नोदनानां निमित्त बेछे, एक जनक, बीजो ग्राहक छे. अहियां ग्राहक निमित्त जाणवुं. तेनुंज विशेष स्वरूप कहियेंछियें.

श्रेयः साधकद्रव्यादिविषे जीवोने प्रेरियें जेनाथी, ते नोदना, वेद वचननी करेली प्रेरणा छे ॥ इत्यर्थः ॥ धर्म नोदनाथी जणाय छे. ते कारणथी नोदनालक्षण धर्म छे, धर्म अतींद्रिय होवाथी नोदनाथीज जाणियें छियें. प्रत्यक्षादि बीजा कोइ प्रमाणथी जाणी शकातो नथी, कारण के प्रत्यक्षादि विद्यमाननाज उपलंभक छे. अने धर्म कर्त्तव्यतारूप छे अने कर्त्तव्यता त्रणेकाल स्वभाव वाली छे ते कर्त्तव्यतानुं ज्ञान नोदनाज उत्पन्न करी शके छे. आ मीमांसकोनो अभ्युपगम छे.

हवे नोदनानुं व्याख्यान करियें छियें. अग्निहोत्र, सर्व जीवोनी अहिंसा, दानादि क्रिया ते करवावास्ते जे प्रवर्त्तक, प्रेरक वेदोनां वचन छे. तेज नोदना छे. जेम के " अग्निहोत्रं जुहूयात् स्वर्गकामः" एवां जे प्रवर्त्तक वेदवचन छे, ते नोदना जाणवी. यथा ॥ " न हिंस्यात् सर्वभूतानि, तथा नवै हिंस्रो भवेत् " आ वचनोथी प्रेर्यां थकां द्रव्य, गुण, कर्मोथी हवनादिविषे जे प्रवृत्त थवुं, ते धर्म छे, अने आ वेदवचनो प्रेर्यां थकां पण जे न प्रवर्त्ते, अथवा विपरीत प्रवर्त्ते, तेने नरकादि अनिष्टफल थायछे. शाबरभाष्यमां पण एमज कहेल छे.

आ जैमिनीय छ प्रमाण माने छे. १ प्रत्यक्ष, २ अनुमान, ३ शब्द, ४ उपमान, ५ अर्थापत्ति, ६ अभाव. तेउनुं विस्तारथी स्वरूप जाणवुं होय तो षट्दर्शन समुच्चयनी टीका जोवी. इति संक्षेपथी मीमांसकमत.

आ पांच दर्शन आस्तिक केहेवाय छे, अने छठुं जैनदर्शन छे. तेनुंस्वरूप आगलना परिछेदमां लखवामां आवशे. नास्तिकमत दर्शनमां नथी. "नास्तिकं तु न दर्शनमिति राजशेखरसूरिकृतषट्दर्शनसमुच्चयवचनात्" ॥ तो पण भव्य जीवोने जाणवा वास्ते तेनु कांइक स्वरूप लखियें छियें.

कपाली, भस्म लगावनार, योगी, ब्राह्मणादि, अंत्य जातिना लोक जेउने लोको वाममार्गी कहेछे, तेउ, तथा कौलिक इत्यादि नास्तिक

छे, तेना मतनुं नाम नास्तिक चार्वाक छे. तेओ जीव, पुण्य पापादि कांई मानता नथी, चार भौतिक देह माने छे, तेमज सर्वजगत्ने पण चार भौतिक मानेछे.

वळी केटला एक चार्वाक एक देशी, आकाशने पांचमुं भूत माने छे. पंचभूतात्मक जगत् छे एम कहे छे. भूतोथीज मद्य शक्तिमत् चैतन्य उत्पन्न थाय छे एम तेओनो मत छे. पाणीना परपोटानी जेम, शरीर छे तेज जीव छे एम तेओनुं मानवुं छे. आ मतवाला मद्य, मांस, खायछे; माता, बेहेन, दिकरी आदि जे अगम्यछे, तेओनी साथे गमन करे छे. ते नास्तिक वामी, दरेक वरसे एक दिवस सर्वे, एकस्थळें एकठा थायछे. स्त्रीओने नग्न करी तेओनी योनिनी पूजा करेछे, तेमज विषय सेवनपण करेछे इत्यादि, एवां बुरां काम करेछे के आ पुस्तकमां तेनुं वर्णन करतां मने शरम लागे छे. तेथी लखेल नथी. ते नास्तिक कामसेवन उपरांत बीजो धर्म मानता नथी, मतलब के कामनेज धर्म मानेछे.

आ मतनी उत्पत्ति जैनमतना शीलतरंगिणी नामना शास्त्रमां जे प्रमाणे लखेलीछे ते प्रमाणे कहियें छियें. बृहस्पति नामनो एक ब्राह्मण हतो. तेनुं बीजुं नाम देवव्यास हतुं. तेने एक बेहेन हती. ते बाल्यावस्थामां विधवा थइ हती. जेना आश्रयथी पोतानी जींदगी संपूर्ण करे एवुं कोइ तेणीना सासराना घरमां साधन न होतुं, तेथी निराधार थइने पोताना भाइना घरमां आवी रही. ते अत्यंत स्वरूपवती तेमज यौवनवती हती, आ समये बृहस्पतिनी पत्नी मृत्यु पामी हती, बृहस्पतिने काम वासनाथी पीडा थावा लागी, तेथी विषयासक्त थवाने लीधे पोतानी बेहेननी साथे विषयसेवन करवानी इच्छा थइ. विधवा बेहेनने प्रार्थना करी के हे बेहेन ? मारी साथे तुं विषयसेवन कस्य, त्यारे तेनी बेहेनें कह्युं के हे भाइ? आ वात उभयलोकविरुद्ध छे, तेथी केम करी शकुं ? कारण के प्रथम तो हुं तारी बेहेन छुं तेथी भाइनी साथे विषयभोग करुं तो अवश्य हुं नरकमां जाउं, अने आ वातजो जगत्मां प्रसिद्ध थाय तो, सर्वलोकने धिक्कार पात्र थाउं. एवी वात श्रवण करी बृहस्पतिए पोताना मनमां विचार कस्यो के, ज्यां सुधी तेणीना मनमांथी पाप, तेमज नरकादि दुःखनो भय दूर थशे नहि, त्यांसुधी ते मारी साथे कदापि संभोग

रावनारने, कारणपणाना अन्नावथी त्रिकालगत अर्थने विषय कहेनारने केम पूर्वापर व्याघात थशे नहि ? कारण के कारणनेज प्रमाणनो विषय मानेल छे. ते वास्ते त्रीजो पूर्वापर विरोध छे.

तथा क्षणक्षय अंगीकार करवामां जेनो काल निन्न निन्न छे, एवा जे अन्वयव्यतिरेक, तेनी प्रतिपत्तिनो संन्नव थतो नथी, त्यारे तो साध्य साधनोनी त्रिकाल विषयव्याप्तिग्रहणमाननारने पूर्वापर व्याहति केम नहि ? आ चोथो पूर्वापरविरोध छे.

तथा सर्व पदार्थोने क्षणक्षयी मानीने पछी बुद्धे एम कह्युं छे. ॥ श्लोक ॥ इत एकनवते कल्पे, शक्त्या मे पुरुषोहतः ॥ तेन कर्मविपाकेन, पादे विद्धोस्मि निक्षवः॥ १ ॥ आ श्लोकमां जन्मांतर विषयमां शब्दनो प्रयोग क्षणक्षयविरुद्ध बोलतां थकां बुद्धने पूर्वापरविरोध केम न केहेवो जोइयें आ पांचमो पूर्वापरविरोध छे.

तथा निरंश सर्व वस्तु छे एम प्रथम कहीने पछी फरी " हिंसाविरतिदानचित्तस्व संवेदनं अरुस्वगतं सद्रूव्य चेतनत्वस्वर्गप्रापण शक्त्यादिकं गृह्णदपि स्वर्गप्रापणशक्त्यादेरंशस्येति सांशतां पश्चाद्वदतः सौगतस्य कथं पूर्वापरविरुद्धं वचोन स्यात्" ए छठ्ठो विरोध छे.

तेवीज रीतें निर्विकल्पक प्रत्यक्ष प्रमाण नीलादि वस्तुउने सर्वप्रकारथी ग्रहण करतां छतां नीलादि अंशविषे निर्णय उत्पन्न करे छे, परंतु नीलादि अर्थगत क्षणक्षय अंशविषय निर्णय उत्पन्न करता नथी, एम सांशताने कहेतां थकां सौगतने पूर्वापरवचनविरोध सुबोधज छे. आ सातमो विरोध छे.

तथा हेतुने त्रण रूपवाला माने छे, अने संशयने बे उल्लेखवाला माने छे तेमज कहे छे, छतां सांश वस्तुने मानता नथी, आ पण आठमो पूर्वापरविरोध छे.

तथा परस्पर नहि मलेला परमाणु निकटसंबंधवाला एकत्र थइने घटादिरूपपणे प्रतिनास थायछे, परंतु पोतपोतामां अंगांगीन्नावरूपें कोइपण कार्य आरंन्न करता नथी. आ बौद्धोनो मतछे. तेमां दूषण ए छे के परमाणुउ पोतपोतानामां नहि मली जवाथी घटनो एकन्नाग ज्यारे अमे हाथथी पकडियें त्यारे संपूर्ण घटने नहि रेहेवुं जोइयें. तथा घटने एक ना-

गथी उठावतां घटनो एक नागज उठवो जोइये, परंतु संपूर्णघट नहि उठवो जोइयें. तथा ज्यारे घटने तेनो कांठोप कडी श्रमे खेंचीयें, त्यारे घटनो एकदेशज श्रमारीपासे श्राववो जोइए, परंतु संपूर्ण घट न श्राववो जोइये, श्रने जलादिधारणरूप घटने श्रर्थक्रियालक्षण सत्व, श्रंगीकार करवा थकी सौगतोए परमाणुउंनुं मलवुं मानेलठे, श्रने तेना मतमां परमाणुउंनुं मलवुं ठे नहि, ते कारणथी श्रा नवमो पूर्वापरविरोध ठे. इत्यादि बौद्धमतमां श्रनेक पूर्वापरविरोधठे.

हवे बौद्धमतनुं थोडुं खंडन पण लखियें ठियें. बौद्धोनो एवो मत ठे के सर्व पदार्थ नैरात्म्य ठे, श्रर्थात् श्रात्मस्वरूपें, पोताना स्वरूपथी सदा स्थिर रेहेवावाला नथी, एवी जे नावना, तेनुं नाम नैरात्म्यनावना ठे. नैरात्म्यनावना रागादि क्लेशोनो नाश करनारी ठे. जुउ. ज्यारे नैरात्म्यनावना थशे त्यारे पोताने पोताविषे, तथा पुत्र, नाई, नार्या, श्रादिविषे पण श्रात्मीय श्रनिनिवेश नहि थाय, श्रर्थात् "श्रा मारां ठे" एवो मोह नहि थाय. कारण के जे पोताने उपकारी ठे ते श्रात्मीय ठे, श्रने जे पोताने प्रतिघातक ठे ते द्वेष ठे. ज्यारे श्रात्माज नथी, परंतु पूर्वापर क्षण तुटेलाउंनुं श्रनुसंधान ठे, श्रने पूर्व पूर्व हेतुथी प्रतिबद्ध ज्ञान क्षण, तेज तेवी रीतें उत्पन्न थाय ठे, त्यारे कोण कोनो उपकारक तथा उपघातक ठे ? कारण के क्षणो, क्षणमात्र रेहेवाथी परमार्थथी उपकार, श्रनुपकार करीशकता नथी. ते वास्ते तत्ववेदियोने पोताना पुत्रादिमां श्रात्मीय श्रनिनिवेश नथी. तेमज वैरीयोविषे द्वेष नथी. श्रने लोकोने श्रनात्मीय पदार्थोमां जे श्रात्मीय श्रनिनिवेश ठे, ते श्रतत्वमूल होवाथी श्रनादि वासनाना परिपाकें करेल ठे. एम जाणवुं.

प्रश्नः—जो परमार्थथी उपकार्युपकारक नाव नथी तो एम केम कहो ठो के नगवान् सुगत करुणावडे सर्व जीवोना उपकारवास्ते देशना श्रापता हवा ? श्रने क्षणिकपणुं पण जो एकांतज ठे तो तो तत्ववेत्ता पण एक क्षणपठी नाश पाम्या, श्रने तत्ववेत्ता पण जाणता हता के हुं नूतकालमां हतो नहि श्रने नविष्यमां होवानो नथी, तो पठी मोक्षवास्ते शा माटे यत्न करे ?

उत्तरः—तमे जे कह्युं ते श्रमारो श्रनिप्राय नहि जाणवाथी श्रयुक्त ठे.

जगवान् प्राचीन अवस्थाविषे अवस्थित छे, अने सकल जगत्ने राग-द्वेषादिदुःखोथी संकुल जाणतां थकां, केवीरीतें आ सर्व जगत्नुं दुःख माराथी दूर थाय एवी दया उत्पन्न थवाथी नैरात्म्य क्षणिकत्वादि जाणतां छतांपण ते उपकार करवा योग्य जीवोने निःक्लेशक्षण उत्पन्न करवावास्ते स्वप्रजाहितकर राजानीपेठे पोतानी संतति बुद्धिविषे, सकल जगत् साक्षात् करवाने समर्थ एवी पोतानी संततिगत विशिष्टक्षणनी उत्पत्तिवास्ते यत्न आरंज करेछे. कारण के सफल जगत् साक्षात्कार कर्यावित्ना सर्वने अक्षणविधान उपकार करवो अशक्य थाय तेथी समुत्पन्न केवल ज्ञान पूर्वस्थापन कृपाना विशेष संस्कारवशथी जगवान् कृतार्थज छे तोपण देशना देवामां प्रवृत्त थायछे. तेथी ते देशना सांजलीने निर्मल बुद्धिथी नैरात्म्यतत्त्व विचारतां थकां जीवनेजावनाप्रकर्ष विशेषथी वैराग्य उत्पन्न थायछे, तेथी अनुक्रमें मुक्तिलाज थायछे. अने जे आत्माने मानेछे तेने मुक्तिनो संजव नथी, कारण के परमार्थथी आत्मा विद्यमान ते आत्मा स्नेहना वशथी ते आत्माने सुखी थवानी तृष्णा थशे, अने तृष्णाने वश थवाथी सुखनां साधनोविषे ते प्रवृत्त थशे, एम ज्यारे गुणोमां राग करशे, ते रागथी ज्यांसुधी आत्माजिनिवेश रहेशे त्यांसुधी संसार छे. ॥ आह च ॥ श्लोक ॥ ये पश्यंत्यात्मानं, तत्रास्याहमिति शाश्वतः स्नेहः ॥ स्नेहात् सुखेषु तृष्यति, तृष्णा दोषांस्तिरस्कुरुते ॥ १ ॥ गुणदर्शि परितृष्यन्, ममेति तत्साधनान्युपादत्ते ॥ तेनात्माजिनिवेशो, यावत्तावत्ससंसारः ॥ २ ॥ इति बौद्धमत पूर्वपक्ष.

हवे जैनमतनी तरफथी उत्तरपक्षः— आ सर्व कहेवुं तमारा अंतःकरणमां वासकरेला महामोहना विलासनुं सूचक छे. आत्मानो अजाव थतां बंध मोक्षादिनुं एकाधिकरणत्व नहि थाय ते बतावियें छियें.

हे बौद्धो! तमे आत्मा मानता नथी, परंतु पूर्वापर क्षण तूटेलानुं अनुसंधान ज्ञान क्षणोनेज मानोछो. ज्यारे एम मानशो त्यारे बंध अन्यने थयो, अने मुक्ति अन्यनी थइ; क्षुधा अन्यने लागी, तृप्ति अन्यने थइ; अनुजव अन्यने थयो, अने स्मरण अन्यने थयुं; जुलाब अन्यें लीधो, अने रोगरहित अन्य थयो; तपःक्लेश अन्यने थयो, अने स्वर्गादिफल अन्यने प्राप्त थयुं; अज्यासनी प्रवृत्ति अन्यने थइ, अने अज्यासनुं फल

अन्यने थयुं; आ सर्व हकीकत अतिप्रसंग होवाथी युक्तियुक्त नथी. जो एम कहो के संताननी अपेक्षाथी बंध, मोक्षादिनुं एक अधिकरण थइश-केछे, तो तेपण ठिक नथी. कारण के संतानपण तमारा मतमां थइ शकतां नथी जुओ संतान जे छे ते संतानिथी भिन्नछे के अभिन्नछे? जो कहो के भिन्नछे तो पछी बे विकल्प अमे तमने सोंपियें छियें. ते संतान नित्य छे के अनित्य छे? जो कहो के नित्य छे तो तेने बंध मोक्षादिनो संभव नथी, कारण के सर्वकाल एकस्वभाव होवाथी तेनी अवस्था विचित्र थइ शकती नथी. अने तमेतो नित्य मानता नथी "सर्वं क्षणिकमिति वचनात्" हवे जो कहो के अनित्य छे तो तो तेज प्राचीन बंधमोक्षादि वैय्यधि-करण दूषण प्राप्त थयुं. जो कहो के अभिन्न छे, तो तो तेनाथी अभिन्न होवाथी तेना स्वरूपनी पेठे संतानिज थया, संतान थया नहि. ज्यारे एम थया त्यारे तो तदवस्थज पूर्वनुं दूषण छे. जो कहो के क्षणथी अन्य संतान कोइ नथी परंतु जे कार्यकारणभाव प्रबंधथी क्षण भावछे, तेज संतान छे, ते वास्ते दोष नथी; आ पण तमारुं केहेवुं अयुक्त छे, कारण के तमारा मतमां कार्यकारणभावपण घटतो नथी. तेज बतावियें छियें. प्रतीत्यसमुत्पादमात्र कार्यकारणभाव छे, तेथी यथाविवक्षित घटक्षण अनंतर घटक्षण छे, तेमज पटादिक्षणपण छे, अने जेम घटक्षणथी पे-हेला अनंतर विवक्षित घटक्षण छे तेमज पटादिक्षणपण छे, त्यारे तो केवीरीतें प्रतिनियत कार्यकारणभावनो अवगम थाय ?

एक बीजुं पण दूषण छे ते ए छे के. कारणथी जे कार्य उत्पन्न थाय छे, ते सत् उत्पन्न थाय छे के असत् उत्पन्न थाय छे ? जो कहो के सत् उत्पन्न थाय छे तो कार्योत्पत्तिकालमां पण कारण सत् थयुं; त्यारे तो कार्य कारणने समकालतानो प्रसंग बन्यो; अने एककालमां बे पदार्थो-ना कार्यकारणभाव मान्या नथी, नहि तो माता पुत्रनो व्यवहार ब-नशे नहि. घटपटादिने पण परस्पर कार्यकारणभावनो प्रसंग थइ ज-शे. जो असत् पक्ष मानशो तो तेपण अयुक्त छे, कारण के जे असत् छे, ते कार्य थइ शकतुं नथी. नहि तो खरशृंगथीपण कार्य उत्पन्न थवुं जो-इये. वली अत्यंताभाव, प्रध्वंसाभाव, बंने जगाए वस्तुसत्तानो संभव होवाथी, आ बंनेनुं कांइपण विशेष थयुं नहि, जो कहो के प्रध्वंसा-

भावमां वस्तु हती, ते कारणथी हेतु छे, त्यारे तो ज्यारे हती त्यारे हेतु न होतो, अन्यदा हेतु थयो, एम तो बहु सारी तत्वव्यवस्था थइ.

वळी एक बीजी वात छे के– तद्भावे भाव एवा अवगममां कार्य कारणभावनो अवगम छे, ते जो तद्भावे भाव छे, ते शुं प्रत्यक्षथी प्रतीत थाय छे के अनुमानथी प्रतीत थाय छे? प्रत्यक्षथी तो प्रतीत थतो नथी, कारण के पूर्ववस्तुगत प्रत्यक्षथी पूर्ववस्तु परिछिन्न थइ, अने उत्तर वस्तुगतथी उत्तरवस्तु परिछिन्न थइ, अने आ बंनेनुं अनुसंधान करनार त्रीजुं स्वरूप तो कोइ मानता नथी, ते कारणथी ते अनंतर तेनो भाव छे, एवो केम अवगम थाय? ते तो तेने पण प्रत्यक्षपूर्वक होवाथी अनुमानथी पण न थाय, अने अनुमान तो लिंगलिंगिसंबंधग्रहणपूर्वक प्रवृत्त थाय छे, अने लिंगलिंगिनो संबंध तो प्रत्यक्षथी ग्राह्य छे, जो अनुमानथी संबंधग्रहण करियें, तो अनवस्था दूषण आवे छे; अने कार्य कारणभावविषे प्रत्यक्ष प्रवृत्त थतुं नथी, ते कारणथी अनुमाननी पण प्रवृत्ति नथी. तेवीजरीतें ज्ञानना बंनेक्षणोना परस्पर कार्यकारणभावनो अवगमपण निषेध थयो जाणवो. त्यांपण स्वसंवेदनथी पोतपोताना रूप ग्रहणमां परस्परस्वरूप अनवधारणथी तदनंतर हुं उत्पन्न थयो छुं, अने हुं तेनो जनक छुं, एवी अवगति नहि होवाथी तमारा मतमां कार्य कारणभाव नथी, तेमज तेनो अवगमपण नथी, तेथी, एक संतति पतित थवाथी बंधमोक्षनुं एकाधिकरण छे, आ केहेवुं तमारुं मृषा छे. आ केहेवाथी जे कहेछे के उपादेय उपादान क्षणोनो परस्पर वास्यवासकभाव होवाथी, उत्तरोत्तर विशिष्ट विशिष्टतर क्षणोत्पत्तिथी मुक्तिनो संभव छे, तेपण उपादेय उपादान भावना उक्तरीतिथी अनुपपद्यमान होवाथी प्रतिक्षिप्त जाणवां; अने जे वास्यवासकभाव कहेल छे, तेपण तलफूलनीपेठे एककालमां बंने होय त्यारे होइ शके छे. "उक्तं चान्यैरपि" "अवस्थिताहि वास्यंते, भावाभावैरवस्थितैः" तो केवीरीतें उपादेय उपादान क्षण बंनेने परस्पर असाहित्य होवाथी वास्यवासकभाव होय? उक्तं च ॥ वास्यवासकयोश्चैव, मसाहित्यान्नवासता ॥ पूर्वक्षणैरनुत्पन्नो, वास्यते नोत्तरः क्षणः ॥ १ ॥ उत्तरेण विनष्टत्व, न्न च पूर्वस्य वासना ॥ इति ॥

एक बीजी वात एवी छे के वासना वासकथी भिन्न छे के अभिन्न छे?

जो कहो के भिन्न छे तो तो ते वासनायें करी शून्य होवाथी अन्यने वस्तु अंतरवत् कदापि वासित करशे नहि. जो कहो के अभिन्न छे तो तो वास्यक्षणमां वासनानो संक्रम कदापि थशे नहि. तेवी रीतें तेना स्वरूपनी पेठे तेनाथी अभिन्न होवाथी वासकनी पण संक्रांति छे. जो कहो के संक्राति छे तो अन्वयनो प्रसंग आवशे, तेथी तमारुं केहेवुं कोइपण कामनुं नथी, अने तमे जे कह्युं हतुं के सकलजगत् रागद्वेषादि दुःखसंकुल जाणतां थकां सकल जगत्नो दुःखोथी केवीरीतें हुं उद्धार करुं ? इत्यादि. आ पण पूर्वापर असंबंध छे. कारण के तमारो क्षणिक मतज पूर्वापर तुटेलो परमार्थथी असत् छे. वली क्षणोनुं रेहेवानुं कालमान एक परमाणुना व्यतिक्रममात्र छे. ते कारणथी उत्पत्तिथी व्यतिरिक्त तेनी कोइ क्रिया उपपद्यमान थती नथी. "भूतिर्येषां क्रियासैव, कारकं सैव चोच्यते" इति वचनात् ॥ तेथी ज्ञानक्षणोनुं उत्पत्ति अनंतर गमनथी, अवस्थान नथी, पूर्वापर क्षणोथी अनुगम नथी, ते कारणथी तेउने परस्परस्वरूप अवधारण नथी, तेमज उत्पत्ति अनंतर कोइ व्यापार नथी, तो केवीरीतें मारी सन्मुख आ अर्थ साक्षात् प्रतिभासे छे ? आ प्रकारें अर्थनो निश्चयमात्र करवामां पण अनेकक्षणोनो संभव छे; अनुस्यूत ( संतति रूप ) थइ उत्पन्न थाय छे. अने ते संततिरूपना अभावथी सकल जगत् रागद्वेषादि दुःखसंकुलतानो क्यांथी विचार होय ? अने दीर्घकालना अनुसंधानथी शास्त्रार्थनुं चिंतवन पण क्यांथी होय ? जेना अभावथी सम्यक् उपाय जाणीने विशेष दयाथी मोक्षवास्ते घटना थाय ?

पूर्वपक्षः– आ जे सर्व व्यवहार छे ते ज्ञानक्षणोनी संततिनी अपेक्षाथी छे, पछी तमे शा वास्ते आ पक्षमां दूषण आपो छो ?

उत्तरपक्षः– सुकुमारप्रज्ञोदेवानांप्रियः सदैव सप्तघटिकामध्यमिष्टान्नभोजनमनोज्ञशयनीयशयनाभ्यासेन सुखैधितो" परंतु वस्तुना यथार्थतत्वविचारवामां तमारी बुद्धि कुशल थइ नथी तेथी अमारुं केहेवुं तमारी समजमां आवतुं नथी. कारण के ज्ञानसंततिविषे पण तेज दूषण छे. जे अमे उपर कहेल छे तेज बताविये छिये. वैकल्पिक तेमज अवैकल्पिक जे ज्ञानक्षण छे, ते परस्पर अनुगमना अभावथी परस्पर स्वरूप जाणती नथी, अने क्षणमात्र उपरांत रेहेती नथी, त्यारे हवे केवी रीतें

पूर्वापर अनुसंधानरूप दीर्घकालिक सकल जगत् दुःखिपणानो विचार शास्त्रविचारणरूप आ व्यवहार होय? आंख मीचीने जरा विचारो तो सही? इत्यादि. बौद्धमततुं खंडन. नंदिसिद्धांत, संमतितर्क, द्वादशारनयचक्र, अनेकांतजयपताका, स्याद्वादरत्नाकर, स्याद्वादरत्नावतारिका प्रमुख अनेक शास्त्रोमां बहु सारीरीतें करेल छे. ते जोइलेवुं. इति बौद्धमतखंडन॥

हवे नैयायिकमतमां पूर्वापर व्याहतपणुं छे ते कांइक लखियें छियें. सत्तायोगथी सत्त्व छे एम कहीने सामान्य, विशेष, समवाय, आ पदार्थोंने सत्ताना योग विनाज सत् केहेनारने पूर्वापरवचन व्याहतपणुं केम न थाय?

२ ज्ञान पोते पोताने जाणतुं नथी, पोताने पोताविषे क्रियानो विरोध छे, ते कारणथी; एम कहीने फरी कहेछे के ईश्वरनुं जे ज्ञान छे ते पोते पोताने जाणेछे, अने स्वात्माविषे क्रियाना विरोध मानता नथी, तो हवे केम स्ववचनविरोध न थयो?

३ वली दीपक जे छे ते पोते पोतानो प्रकाश करनार छे, अने अहिंयां स्वात्मविषे क्रियाविरोध मानता नथी, आ पूर्वापर वचन व्याहतछे.

४ बीजाने ठगवावास्ते छल, जाति, निग्रहस्थान, तेउने तत्वरूपपणाथी उपदेश करतां थकां अक्षपादऋषिनुं वैराग्यवर्णन एवुं छे के जेम अंधकारने प्रकाशवालुं केहेवुं तेना सदृश आ केम पूर्वापरव्याहत नहि.

५ आकाशने निरवयवी स्वीकारीने फरी तेनो गुण जे शब्द छे ते एकदेशमां सुणावी आपे छे, सर्वत्र नहि. तेथी तो आकाशने सांशता थइ गइ. आ पूर्वापरव्याहतपणुं छे.

६ सत्ता योगथी सत्त्व छे, अने योग सर्व वस्तुउमां सांशता होवाथी थाय छे, अने सामान्यने निरंश एक माने छे. आ पूर्वापरव्याहत वचन केम नहि?

७ समवाय, नित्य एक स्वभाव माने छे, अने सर्व समवायी पदार्थोंनी साथे संबंध नैयत्य (स्वसत्ता)थी थवाथी समवाय, अनेक अनेक स्वभाववालो थइ गयो. आथी तो पूर्वापरविरोध थयो.

८ "अर्थवत् प्रमाणं" अर्थ सहकारी छे जेनो ते अर्थवत् प्रमाण, एम कहीने फरी योगिप्रत्यक्षने अतीतादि अर्थ विषय कहेनारने केम

पूर्वापर विरोध न होय ? कारण के अतीतादि जे छे ते विनष्ट, अनुत्पन्न होवाथी सहकारी थइ शकता नथी.

ए तथा स्मृति गृहीतग्राहि होवाथी प्रमाण मानता नथी. "अनर्थ जन्यत्वेन" अर्थ विना होवाथी, तेमज गृहीतग्राही होवाथी प्रमाण नथी; अने धारावाही ज्ञान तो गृहीतग्राही छे, तेने पण अप्रमाणता होवी जोइयें. परंतु धारावाहि ज्ञानने नैयायिक तेमज वैशेषिक प्रमाण माने छे. अने स्मृतिने अनर्थजन्य होवाथी ज्यारे अप्रमाण मानी, त्यारे अतीत अनागत अनुमानपण अनर्थजन्य होवाथी प्रमाण न थयां; अने अनुमानने शब्दनी पेठे त्रिकालविषयक माने छे, कारण के धुमाडाथी वर्त्तमान अग्नि अनुमेय छे, अने मेघोन्नतिथी थवानी वृष्टि, तेमज नदीनुं पूर देखवाथी थयेली वृष्टिनुं अनुमान, आ बंने अनर्थजन्य छे, तो पछी धारावाहि ज्ञान, अने अनर्थजन्य अनुमान, आ बंनेने तो प्रमाण मानवां, अने स्मृतिने प्रमाण नहि मानवी, आ पूर्वापरविरोध छे.

१० ईश्वरनुं सर्वार्थविषय प्रत्यक्ष ज्ञान, इंद्रियार्थसन्निकर्षनिरपेक्ष मानोछो ? के इंद्रियार्थसन्निकर्षोत्पन्न मानोछो ? जो एम कहो के इंद्रियार्थसंन्निकर्षनिरपेक्ष मानियें छियें, तो तो "इंद्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमित्यत्र सूत्रे" सन्निकर्षोपादान निरर्थक थशे; कारण के ईश्वरप्रत्यक्षज्ञान सन्निकर्ष विना पण थइ शके छे; जो एम कहो के ईश्वरप्रत्यक्षज्ञान, इंद्रियार्थसन्निकर्षोत्पन्न मानियेंछियें, तो तो ईश्वरना मनने अणुमात्र प्रमाण होवाथी युगपत् सर्वपदार्थोनी साथे संयोग नहि थशे; त्यारे तो ईश्वर ज्यारे एक पदार्थने जाणशे, त्यारे बीजो पदार्थ विद्यमान छतां पण तेने जाणी शकशे नहि; तेथी तो अमारी जेम ते ईश्वरने सर्वज्ञता कदापि प्राप्त थशे नहि, कारण के सर्व पदार्थोनी साथे युगपत् सन्निकर्ष तो थइ शकतो नथी; जो एम कहो के सर्वपदार्थोने अनुक्रमें जाणवाथी सर्वज्ञ छे, तो तो दीर्घकालें सर्वपदार्थोने जाणवाथी ईश्वरनी जेम अमने पण सर्वज्ञ केहेवा जोइयें. वली एक बीजी वात ए छे के, अतीत, अनागत पदार्थ जे छे ते विनष्ट, अनुत्पन्न होवाथी मननी साथे तेनो सन्निकर्ष थइ शकतो नथी; अने वर्तमान पदार्थनो संयोग थाय छे, तथा अतीत अनागत पदार्थ तो ते अवसरे असत् छे, तेथी म-

ईश्वरनुं ज्ञान केवीरीतें अतीत अनागत अर्थनुं ग्राहक होइ शके? अने तमे तो ईश्वरनुं ज्ञान सर्वार्थग्राहक मानो छो, तेथी पूर्वापरविरोध सहज थइ गयो. तेवीज रीतें योगियोने पण सर्वार्थग्राहक ज्ञाननो दुर्धर विरोध जाणी लेवो.

११ कार्यद्रव्य प्रथम उत्पन्न थवाथी तेनुं रूप पाछलथी उत्पन्न थाय छे, आश्रय विना गुण केवीरीतें उत्पन्न थइशके? एम केहेवा अनंतर कहेछे के कार्यद्रव्यनो विनाश थया पछी तेना रूपनो नाश थाय छे. आ पूर्वापर विरोध छे, कारण के ज्यारे कार्यद्रव्यनो नाश थयो त्यारे आश्रय विना रूप केवीरीतें रही शक्युं?

नैयायिक तेमज वैशेषिक जगत्ना कर्त्ता ईश्वरने माने छे. आ पण तेउनुं एक महामूढतानुं चिह्न छे; कारण के ईश्वर, जगत्ना कर्त्ता कोइपण प्रमाणथी सिद्ध थइ शकता नथी. आ हकीकतनुं बीजा परिछेदमां बहुज विस्तारथी वर्णन करेलुं छे, तो पण भव्य जीवने बोध थवा वास्ते थोडो विस्तार अहियां पण करियें छियें.

केटलाएक कहेछे के, साधुउपर उपकारवास्ते तेमज दुष्टोनो संहार करवावास्ते ईश्वर युगयुगमां अवतार धारण करेछे; तेमज सुगतादि केटलाएक एम कहेछे के, मोक्ष प्राप्त कर्या पछी पोताना तीर्थने क्लेशमां देखीने भगवान् फरी अवतार धारण करेछे. यथा ॥ ज्ञानिनो धर्मतीर्थस्य, कर्त्तारः परमं पदं ॥ गत्वा गछंतिभूयोपि, भवं तीर्थनिकारतइति ॥ १ ॥ जे फरी संसारमां अवतार लहेछे, ते परमार्थथी मोक्षरूप थयाज नथी, कारण के तेनां सर्व कर्म क्षय थयां नथी. जो मोहादि कर्म क्षय थयां, होय तो ते पोताना मतनो तिरस्कार देखीने शावास्ते पीडा पामे? तेमज अवतार धारण करे? जो साधुउना उपकार अर्थे तेमज दुष्टोना संहार वास्ते अवतार लहेछे, एम होय तो तो ते असमर्थ थया, कारण के अवतार लीधा विना ते काम करी शकता नथी, जो करी शकता होत तो, गर्भावासमां शा वास्ते पडे? ते उपरथी साबीत थायछे के तेनां सर्व कर्म क्षय थयां नथी, जो क्षय थयां होत तो कदापि अवतार लेत नहि ॥यदुक्तं॥ दग्धे बीजे यथात्यंतं, प्रादुर्भवति नांकुरः ॥ कर्मबीजे तथा दग्धे, न रोहति भवांकुरः ॥ १ ॥ उक्तं च श्रीसिद्धसेनदिवाकरपादैरपि ॥ भवाभिगामुकानां,

प्रबलमोहविजृंभितं ॥ श्लोक ॥ दग्धेंधनः पुनरुपैति नवं प्रमथ्य, निर्वाणमप्यनवधारितभीरनिष्टं ॥ मुक्तः स्वयं कृततनुश्च परार्थशूर, स्त्वच्छासन प्रतिहतेष्विह मोहराज्यं ॥ १ ॥ इत्यलं विस्तरेण ॥

पूर्वपक्षः–सुगतादि, ईश्वर भले न होय, परंतु सृष्टिना कर्त्ता तो महादेव ईश्वर छे, ते केम मानता नथी ?

उत्तरपक्षः–जगत्कर्त्ता ईश्वरनी सिद्धिमां प्रमाणनो अभाव छे, ते कारणथी मानता नथी.

पूर्वपक्षः–जगत्कर्त्तानी सिद्धिमां प्रमाण छे. पृथिव्यादि कोइ बुद्धिमाननां करेलां छे. घटादि जेम कार्यरूप होवाथी; आ हेतु असिद्ध नथी. पृथिव्यादि सावयव होवाथी कार्यत्वनी प्रसिद्धि होवाथी; तेमज जुओ. पृथिवी, पर्वत, वृक्षादि सर्व सावयव होवाथी घटवत् कार्यरूप छे, वली आ हेतु विरुद्ध पण नथी, निश्चयपूर्वक करेला घटादिविषे कार्यत्वहेतु देखवाथी, वली जेनो कर्त्ता नथी तेनाथी व्यावृत्त होवाथी अनेकांतिक पण नथी, तेमज प्रत्यक्ष आगमपूर्वक अबाधित विषय होवाथी कालात्ययापदिष्ट पण नथी, आ निर्दोष हेतुथी जगत्कर्त्ता ईश्वर सिद्ध थाय छे.

उत्तरपक्षः– प्रथम पृथिव्यादि बुद्धिमाननां बनावेलां छे, आ सिद्ध करवा वास्ते कार्यत्वहेतु जे तमे कहोछो, ते हेतु शुं सावयवत्व छे ? के प्राग्वत् स्वकारणसत्ता समवाय छे ? के "कृतं" एवा प्रत्ययनो विषयत्व छे ? के विकारित्व छे ? जो एम कहो के सावयवत्वस्वरूप छे, तो आ सावयवपणुं शुं अवयवोविषे वर्त्तमानत्व छे ? के अवयवोथी आरभ्यमाणत्व छे ? के प्रदेशत्व छे ? के सावयव एवी बुद्धिविषयत्व छे ?

प्रथम पक्षविषे अवयव सामान्य होवाथी आ हेतु अनेकांतिक छे. तथा अवयवोविषे वर्त्तमान पण निरवयव तेमज अकार्य कहे छे, तथा बीजा पक्षमां हेतु साध्य समान छे. जेवी रीतें पृथिवी आदिने कार्यत्व साध्य छे, तेवीजरीतें परमाणु आदिने अवयव आरभ्यत्व छे. त्रीजा पक्षमां आकाशनी साथे हेतु अनेकांतिक छे, कारण के आकाश प्रदेशवालुं छे, परंतु कार्य नथी. चोथा पक्षमां आकाशनी साथे हेतु व्यभि-

क् पदार्थ नथी. ए प्रेत्यभाव, परलोकनो सद्भाव, ते पण जीव अजीव विना बीजुं कांइ पण छे नहि, १० फल, जे सुख दुःखनुं भोगववुं, तेनोपण जीवना गुणमां अंतर्भाव छे, तेथी पृथक् पदार्थ मानवुं वास्तविक नथी. ११ दुःख, आ पण फलथी जुदुं नथी. १२ जन्म मरणप्रबंध उच्छेदरूपें सर्व दुःखनुं दूर करवुं, ते मोक्षनुं लक्षण छे, ते अपवर्ग तो अमे नवतत्त्वमां मानेल छे.

३ आ शुं छे? एवा अनिश्चयरूप प्रत्ययने संशय कहे छे, ते पण निर्णय ज्ञानवत् आत्मानोज गुण छे.

४ जेनाथी प्रयुक्त थया थकां प्रवर्त्ते छे, तेनुं नाम प्रयोजन छे, ते पण इच्छाविशेष होवाथी आत्मानो गुण छे.

५ अविप्रतिपत्ति विषयमां प्राप्त जे अर्थ ते दृष्टांत छे, ते पण जीव अजीव पदार्थथी पृथक् नथी, तेथी न्यारो पदार्थ नथी, कारण के अवयव ग्रहण करवामां तेनुं पण ग्रहण थइ जशे.

६ सिद्धांत चार प्रकारेछे. १ सर्वतंत्राविरुद्धः सर्व शास्त्रोमां अविरुद्ध, जेम के स्पर्शनादि इंद्रियछे, अने स्पर्शादि इंद्रियार्थछे, तथा प्रमाणथी प्रमेयनुं ग्रहण थायछे. २ समानतंत्रसिद्धः परतंत्रासिद्धः प्रतितंत्रासिद्धांतः जेमके सांख्य मतवालानो असत् आत्मलाभ प्राप्त थतो नथी, अने सत्नो सर्वथा विनाश नथी. ३ अधिकरणसिद्धांतः, जेनी सिद्धि थतां बीजापण अर्थ अनुषंगथी सिद्ध थइ जाय ते. ४ "अपरीक्षितार्थाभ्युपगमत्वात्तद्विशेषपरीक्षणमभ्युपगमसिद्धांतः" जेमके कोइयें कह्युं के, शब्द शुं वस्तुछे? कोइक कहेछे, शब्द द्रव्यछे. ते शब्द नित्यछे? के अनित्यछे? इत्यादि विचार आ चारे प्रकारना सिद्धांत ज्ञानविशेषथी अतिरिक्त नथी, अने ज्ञानविशेष, आत्मानो गुणछे, गुणिने ग्रहण करवाथी ग्रहण करेलछे तेथी पृथक् पदार्थ नथी.

७ अवयवाः; प्रतिज्ञा, हेतु, उदाहरण, उपनय, निगमन, आ पांचे अवयवने जो शब्दमात्र मानियें तो तो पुद्गलरूप होवाथी तेनो अजीवतत्वमां समावेश थायछे, अने जो ज्ञानरूप मानियें तो जीवतत्वमां तेनो समावेश थायछे. तेथी तेमने पृथक् पदार्थ केहेवा ठीक नथी.

जो ज्ञानविशेषने पृथक् पदार्थ मानियें तो तो पदार्थ अनेक थइ जशे, कारण के ज्ञानविशेष अनेक प्रकारना छे.

८ संशयथी उपरांत भवितव्यता प्रत्ययरूप सत् अर्थ पर्यालोचनात्मक तेने तर्क कहेछे. जेमके आ स्थाणु अथवा पुरुष जरूर हशे. आ पण ज्ञानविशेषजछे; ज्ञानविशेष ज्ञाताथी अभिन्नछे, तेथी पृथक् पदार्थ कल्पवो वास्तविक नथी.

९ संशय, तेमज तर्कथी उत्तरकालभावि निश्चयात्मक एवुं जे ज्ञान, तेनुं नाम निर्णय छे. आ पण ज्ञानविशेषछे अने निश्चयरूप होवाथी, प्रत्यक्षादि प्रमाणना अंतर्भाव थवाथी पृथक् पदार्थ कल्पवो वास्तविक नथी.

१०–११–१२ वाद, जल्प, वितंडा, प्रमाण तर्क साधन उपालंभ सिद्धांत अविरुद्ध पंच अवयवसंयुक्त पक्ष, प्रतिपक्षनुं जे ग्रहण करवुं तेनुं नाम वादछे. ते वादतत्व शिष्य अने आचार्यनो ज्ञानवास्ते थायछे. तथा तेज वाद बीजाने जीतवावास्ते, तेनीसाथे छल, जाति निग्रहस्थानथी साधन उपालंभ ते जल्पछे. तथा ते वादज प्रतिपक्षस्थापनारूपेंज वितंडा छे. आ वाद, जल्प, वितंडा ए त्रणेनो भेदज थइ शकतो नथी; कारण के तत्वनुं चिंतवन करवामां तत्वना निर्णयार्थें वाद करवो जोइयें, परंतु छल, जाति आदिथी तत्वनो निश्चय थइ शकतो नथी; कारण के छलादि बीजाने ठगवावास्ते करवामां आवेछे. तेनाथी तत्वनिर्णयनी प्राप्ति थइ शक्ती नथी. जो तेउनो भेदपण मानशो, तोपण तेउ पदार्थ थइ शकता नथी. कारण के जे परमार्थथी वस्तु छे, तेज पदार्थछे. वाद तो पुरुषनी इच्छाने आधीन छे, नियतरूप नथी, ते कारणथी पदार्थ नथी. वली कुकडां, कुतरां, मेढां एउना वादमांपण पक्ष, प्रतिपक्ष ग्रहण करियें तो तेउनेपण तत्वज्ञाननी प्राप्ति थवी जोइयें; परंतु ते तो तमे मानता नथी, तेथी वाद, जल्प, वितंडा, पदार्थ नथी.

१३ हेत्वाभास १ असिद्ध, २ अनेकांतिक, ३ विरुद्ध. आ त्रण प्रकारेंछे. हेतु तो नथी, परंतु हेतुनी जेम भासन थायछे, तेथी हेत्वाभास कहेछे. ज्यारे सम्यक् हेतुउनीज तत्व व्यवस्थिति नथी, त्यारे हेत्वाभासोनुं तो केहेवुंज शुं? कारणके जे नियत स्वरूपथी रहे ते वस्तुछे, अने

हेतु तो कोइ साध्य वस्तुमां हेतु छे, अने बीजी साध्य वस्तुमां अहेतुछे, ते कारणथी नियत स्वरूपवालो नथी.

१४–१५–१६ छल, जाति, निग्रहस्थान. आ त्रणे पदार्थ नथी. कारण के आ त्रणे वास्तवमां कपटरूपछे. जेओए तेमने तत्वरूपें कथन करेल छे, तेओना ज्ञान, वैराग्यमाटे शुं कहेवुं? आ संसारमां जे चोरी, ठगाइ, हाथफेरी प्रमुख शिखवे, तेओनेपण तत्वज्ञानना उपदेशक मानवा सरखुंछे, ए प्रमाणे नैयायिक मतना सोल पदार्थनुं खंडन समजवुं. विशेष जाणवा इछनारें न्यायकुमुदचंद्र अवलोकन करवो. आ खंडन सूत्रकृतांग सिद्धांतथी लखेल छे. जुओ बारमुं अध्ययन. इति नैयायिकदर्शनखंडन.

हवे वैशेषिकमतखंडन लखियें छियें. वैशेषिकनां कहेलां तत्व पण तत्व नथी. तेओए १ द्रव्य, २ गुण, ३ कर्म, ४ सामान्य, ५ विशेष, ६ समवाय, एम छ तत्व मान्यां छे. तेमां द्रव्य नव छे, १ पृथिवी, २ अप्, ३ तेज, ४ वायु, ५ आकाश, ६ काल, ७ दिक्, ८ आत्मा, ए मन. प्रथमनां चारे द्रव्योने भिन्न भिन्न द्रव्य मान्यां छे ते वास्तविक नथी; कारण के परमाणु जे छे ते प्रयोग विश्रसाथी पृथिवी आदिना रूप पणें परिणमे पण छे, तो पण पोताना द्रव्यपणांने तजता नथी, अने अति प्रसंग होवाथी अवस्थाभेदें द्रव्यना भेद मानवा ते योग्य नथी. वली आकाश तथा कालने तो अमे पण द्रव्य मानियें छियें, अने दिशा तो आकाशनुं अवयव भूत छे. तेथी पृथक् द्रव्य नथी. आत्मा शरीरमात्रव्यापी उपयोग लक्षण तेने अमे द्रव्य मानियें छियें. द्रव्यमन पुद्गलद्रव्य अंतर्भावि छे, अने भावमन जीवनो गुण होवाथी, आत्मा अंतर्भावी छे. वैशेषिक कहे छे के जेम पृथिवीत्वना योगथी पृथिवी छे, इत्यादि. आ पण तेओनुं केहेवुं स्वप्रक्रियामात्र छे कारण के पृथिवीथी अन्य बीजुं कोई पृथिवीपणुं नथी, जेना योगथी पृथ्वी थाय. परंतु सर्व जे कांइ छे ते सामान्य विशेषात्मक छे, नरसिंहाकारवत् उभयस्वभाव छे.

नान्वयः सहि भेदत्वा,न्नाभेदोन्वयवृत्तितः ॥ मृद्भेदद्वयसंसर्ग, वृत्ति जात्यंतरं घटः ॥ १ ॥ भावार्थः– घटमां मृत्तिकानो अन्वय नथी, पृथु बुध्न उदराकारादि हेतुथी भेद छे, तेमज अन्वयवर्त्ति होवाथी घटनो मृत्तिकाथी एकांत भेद पण नथी, अर्थात् घट मृत्तिका रूपज छे. अन्वय

व्यतिरेक बंनेना मलवाथी घट जात्यंतर रूप छे, अर्थात् मृत्तिकाथी कथं चित् भेदाभेदरूप छे. यथा ॥ न नरः सिंहरूपत्वा, न्न सिंहोनररूपतः ॥ शब्दविज्ञानकार्याणां, भेदोजात्यंतरं हि सः ॥ १ ॥ भावार्थः—सिंहरूप होवाथी नर नथी, अने नररूप होवाथी सिंहपण नथी, तो शुं छे? १ शब्द, २ विज्ञान, ३ कार्य, तेउंना भेद होवाथी नरसिंह, त्रीजी जातिछे.

२ रूप, रस, गंध, स्पर्श, तेउंनी रूपि द्रव्यमां प्रवृत्ति छे, अने विशेष गुण छे, तथा १ संख्या, २ परिमाण, ३ पृथक्त्व, ४ संयोग, ५ विभाग, ६ परत्व, ७ अपरत्व, आ सामान्य गुण छे, तेउंनी सर्वद्रव्यमां प्रवृत्ति छे. तथा १ बुद्धि, २ सुख, ३ दुःख, ४ इच्छा, ५ द्वेष, ६ प्रयत्न, ७ धर्म, ८ अधर्म, ए संस्कार, आ आत्माना गुण छे. तथा गुरुत्व पृथ्वी तथा जलमां छे, द्रव्यत्व पृथ्वी, जल, तेमज अग्निमां छे, स्नेह जलमांज छे, वेगनाम संस्कार ते मूर्त्त द्रव्योमांज छे, अने शब्द आकाशनो गुण छे. तेमां संख्यादि सामान्य गुण रूपादि पेठे द्रव्यस्वभाव होवाथी परउपाधिथी गुणज नथी. वली गुण जो द्रव्यथी पृथक् थइ जाय तो द्रव्यना स्वरूपनो नाश थइ जशे. " गुणपर्यायवत् द्रव्यं " आ केहेवाथी गुण द्रव्यथी भिन्न नथी. द्रव्यग्रहण करवामां गुणनुं ग्रहण थइ जाय छे, तेज युक्त छे परंतु गुणने पृथक् पदार्थ मानवो, युक्त नथी. तथा शब्द आकाशनो गुण नथी, कारण के ते तो पौद्गलिक छे, अने आकाश तो अमूर्त्त छे. बाकी जे वैशेषिकें कहेल छे ते प्रक्रियामात्र छे, साधन दूषणोनुं अंग नथी.

३ कर्म पण गुणनी पेठे पृथक् पदार्थ मानवो अयुक्त छे.

४ सामान्य बे प्रकारें छे. एक पर, बीजुं अपर. तेमां पर सामान्य महासत्ता नाम छे. द्रव्यादि त्रण पदार्थोमां व्यापि छे, अने अपर ते द्रव्यत्व, गुणत्व, कर्मत्वादि छे. तेमां महासत्ताने पृथक् पदार्थ मानवुं अयुक्त छे; कारण के सत्तामां जे सत् प्रत्यय छे, ते शुं कोई बीजी सत्ताना योगथी छे? के स्वरूपथी छे? जो कहो के बीजी सत्ताना योगथी छे तो ते सत्तामां सत्प्रत्यय वली बीजी सत्ताना योगथी होवो जोइयें. एम करतां अनवस्था दूषण आवे छे. वली जो कहो के स्वरूपथी, सत् छे तो तो द्रव्यादि पण स्वरूपथी सत् छे. त्यारे हवे बकराना, गलाना स्तनोनी पेठे निष्फल सत्तानी कल्पना करवानुं शुं प्रयोजन छे. वली द्रव्यादि स-

त्ताना योगथीज सत् केहेवाय छे? के सत्तासंबंध विनाज सत्स्वरूप छे? जो कहो के स्वतःज सत्स्वरूप छे, तो सत्तानी कल्पना करवी व्यर्थ छे. जो कहो के सत्ताना योगथी सत् छे तो तो शशविषाणपण सत्ताना योगथी सत् होवां जोइयें. यथा ॥ स्वतोऽर्थाः संतु सत्ताव, त्सत्तया किं सदात्मना ॥ असदात्मसु नैषा स्या, त्सर्वथातिप्रसंगतः ॥ १ ॥ इत्यादि. आ दूषणो तुल्य योगक्षेम होवाथी अपर सामान्यमांपण जोडी देवां. वळी अमे पण वस्तुउं सामान्य विशेषरूप होवाथी तेउंने कथंचित् सामान्यरूप मानियेंजछियें. ते वास्ते द्रव्यग्रहण करवामां सामान्यनुं ग्रहण थइगयुं, तेहेतुथी सामान्य, द्रव्यथी पृथक् पदार्थ नथी.

५ विशेष अत्यंत व्यावृत्ति बुद्धिनो हेतु होवाथी वैशेषिकोए मानेल छे. हवे जुउं. ते विशेषमां जे विशेषबुद्धि छे, ते अपर विशेषोथी छे? के स्वतःज स्वरूपथी छे? अपर विशेषहेतु तो लागतो नथी, अनवस्था, तेमज विशेषमां विशेषनो अंगीकार नथी. जो कहो के स्वतःज विशेषबुद्धिनो हेतु छे, तो पछी विशेषोने द्रव्यथी अतिरिक्त पदार्थ कल्पवा व्यर्थ छे. अने द्रव्यथी अव्यतिरिक्त विशेषोने, सर्व वस्तुउं सामान्य विशेषात्मक होवाथी, अमे पण मानियें छियें.

६ समवाय, अयुतसिद्ध आधार आधेयभूतोना जे इह प्रत्ययनो हेतु छे, ते समवाय केहेवाय छे. वळी समवाय नित्य, तेमज एक छे, एम वैशेषिक माने छे. ते समवाय नित्य होवाथी, समवायी पण नित्य होवां जोईयें. जो समवायी अनित्य छे, तो समवाय पण अनित्य होवो जोइये? कारण के समवायनो आधार समवायी छे. तथा समवाय एक होवाथी समवायी पण एकज होवो जोइयें अथवा समवायी अनेक होवाथी समवाय पण अनेक होवा जोइयें. वळी समवाय जे पदार्थोनो समवायी संबंध करे छे, ते समवाय ते पदार्थोनी साथे पोतानो संबंध बीजा समवायना योगथी करे छे? के पोतेज पोतानो संबंध करे छे? जो कहो के बीजा समवायथी करे छे, तो तो अनवस्था दूषण छे, अने समवायपण बीजो छे नहि. जो कहो के पोतानो संबंध करे छे, तो तो गुण क्रियादि पण द्रव्यथी स्वरूपें तथा अविष्वंग भावसंबंधथी संबंधी छे. तो हवे समवाय कल्पवो पण व्यर्थ छे.

एवीरीतें वैशेषिक मतमां पण सम्यक् पदार्थोनुं कथन आप्तोक्त नथी. तथा नैयायिक, वैशेषिक मतमां जे मोक्ष माने छे तेपण प्रेक्षावानोने मानवा योग्य नथी. तेउं तो ज्यारे आत्मा ज्ञानथी रहित थाय, अर्थात् जडरूप थइजाय, त्यारे आत्मानो मोक्ष मानेछे. एवा मोक्षने कयो बुद्धिमान् उपादेय माने? कारण के एवो कोण बुद्धिमान् होय के सर्वसुख तेमज ज्ञानथी रहित थइ पाषाणतुल्य पोतानो आत्मा करवा चाहे? तेकारणथी कोइयें वैशेषिकनुं उपहास्य पण करेल छे. यथा ॥ श्लोक ॥ वरं वृंदावने रम्ये, क्रोष्टुत्वमभिवांछति ॥ न तु वैशेषिकीं मुक्तिं, गौतमोगंतुमिछति ॥ १ ॥ स्वर्गनां सुख उपाधिसहितछे, अवधिवालां छे, तेमज परिमित आनंदरूप छे, अने मोक्ष तो निरुपाधिक, निरवधिक, अपरिमित आनंद ज्ञानसुखस्वरूप, विचक्षण पुरुष कहेछे. जो मोक्ष होवुं पाषाण तुल्य छे, तो एवो मोक्ष प्राप्त करवानुं कांइ प्रयोजन नथी. तेनाथी तो संसारज सारो छे के जे संसारमां दुःखमिश्रित सुख भोगववामां आवेछे. जरा विचार तो करो के थोडा सुखने भोगववुं ते सारूं छे? के सर्वसुखनो उच्छेद सारो छे? इत्यादि विशेष चर्चा, स्याद्वादमंजरीनी टीकाथी जाणवी. ते कारणथी नैयायिक, वैशेषिक बंने मत उपादेय नथी.

हवे सांख्यमतनुं खंडन लखियें छियें. सांख्यमत वास्तविक नथी. जुउं. परस्परविरोधी एवां सत्व, रज, तमोगुणोनुं प्रकृति रूपोनुं गुणीविना एकत्र अवस्थान अर्थात् रेहेवुं ते युक्त नथी. जेम कृष्ण, श्वेतादि गुण, गुणिविना एकत्र रही शकता नथी तथा महत् आदि विकार होवामां, प्रकृतिमां विषमता उत्पन्न करनार कोइपण कारण नथी; कारण के प्रकृति विना बीजी कोइ वस्तु सांख्य मानता नथी. आत्माने अकर्त्ता, अकिंचित्कर मानेछे. जो स्वभावथी वैषम्य मानशो, तो निर्हेतुकतानी आपत्ति आवशे, कारण के कार्य कदी होय, अने कदी न होय, ते हेतु विना थइ शकतां नथी. तेमज खरशृंगादि जे नित्य असत् छे, अने आकाशादि जे नित्य सत्छे ते हेतुथी नथी. यथा ॥ नित्यसत्त्वमसत्त्वं वा, हेतोरन्यानपेक्षणात् ॥ अपेक्षातोहिभावानां, कदाचित्त्वसंभवः ॥ १ ॥

वली स्वभाव प्रकृतिथी भिन्न छे? के अभिन्न छे? भिन्न तो नथी,

कारण के प्रकृति विना सांख्योए बीजी कांइवस्तु मानेली नथी. जो कहो के अभिन्न छे तो तो प्रकृति छे, स्वभाव नथी.

वली महत् तेमज अहंकार ज्ञानथी भिन्न अमे देखता नथी. जुओ, बुद्धि अध्यवसायमात्र छे, अने अहंकार हुं सुखी, हुं दुःखी, एवा स्वरूपवालो छे. आ बंनेमां चिद्रूप होवाथी आत्मानुं गुणपणुं छे, परंतु जडरूप प्रकृतिनो विकार नथी.

वली तन्मात्राथी भूतोनी जे उत्पत्ति मानेछे, जेम के १ गंधतन्मात्राथी पृथ्वी, २ रसतन्मात्राथी जल, ३ रूपतन्मात्राथी अग्नि, ४ स्पर्शतन्मात्राथी वायु, ५ शब्द तन्मात्राथी आकाश, आ तेओनुं मानवुं युक्त नथी. जो बाह्यभूतनी अपेक्षाथी कहेता होतो अयुक्तछे. आ बाह्य पांच भूतो निरंतर विद्यमान होवाथी तेनी उत्पत्ति नथी. "न कदाचिदनीदृशं जगत् इतिवचनात्" अर्थात् आ जगत् प्रवाहथी अनादि कालथी एवुंज चाल्युं आवे छे.

जो एम कहोके दरेक शरीरनी अपेक्षाए अमे मानियें छियें तेओमां, त्वचा, हाड, कठणलक्षणा पृथिवीछे, श्लेष्म, रुधिर, द्रव लक्षण जल छे, पक्ति (जठर) लक्षण अग्नि छे, पानापान (श्वासोश्वास) लक्षण वायु छे, सुषिर (पोलाण) लक्षण आकाश छे. आ पण केहेवुं ठीक नथी; कारण के तेमां पण केटलाएक शरीरोनी उत्पत्ति पितानुं शुक्र अने माताना रुधिरथी थायछे, त्यां तन्मात्राओनो गंधपण नथी, अने अदृष्ट वस्तुओने कारण कल्पवामां अतिप्रसंग दूषण छे. वली इंडां, उद्भिज्ज, अंकुरादिनी उत्पत्ति पण बीजी वस्तुओथी थती देखवामां आवेछे. ते कारणथी महत्, अहंकार आदिनी उत्पत्ति सांख्योए जे पोतानी प्रक्रियाथी मानी छे, ते युक्तिरहित मानी छे. केवल पोताना मतना रागथीज मानेली छे, वली आत्माने अकर्त्ता माने छे, तेथी तो कृतनाश, अकृत अभ्यागमनुं दूषण आवेछे, तेमज बंध मोक्षनो अभाव थायछे, अने निर्गुण होवाथी आत्मज्ञानशून्य थइ जायछे. पूर्वोक्त सर्व युक्तिहीन होवाथी बालप्रलापमात्र छे.

हवे सांखमतना मोक्षनो विचार करियें. "प्रकृति पुरुषांतरपरिज्ञानान् मुक्तिः" अर्थात् प्रकृति पुरुषथी अन्य छे एवुं ज्यारे ज्ञान थाय छे, त्यारे मुक्ति थायछे. यथा ॥ शुद्धचैतन्यरूपोयं, पुरुषः पुरुषार्थतः ॥ प्रकृत्यंतरमज्ञात्वा, मोहात्संसारमाश्रितः ॥ १ ॥ भावार्थ— पुरुष परमार्थथी शुद्ध

चैतन्यरूप छे. पोते पोताने प्रकृतिथी एकमेक समजेछे. आ मोहथी संसारने आश्रित थइ रहेल छे. ते हेतुथी प्रकृति सुखादिस्वभावथी ज्यांसुधि विवेकपूर्वक ग्रहण करशे नहि, त्यांसुधि मुक्ति नथी; तेमज केवलज्ञाननो उदय थवाथीज मुक्ति छे, ए पण असत् छे. कारण के आत्मा एकांत नित्यछे, अने सुखादि, उत्पाद, व्यय स्वभाववालां छे; त्यारे तो विरुद्ध धर्म संसर्गथी आत्माथी प्रकृतिनो भेद प्रतीतज छे, तो हवे मुक्ति केम नहि?

हवे ते तो संसारी विचार करतो नथी, तेवास्ते मुक्ति नथी, जो एम कहेशो तो तो तमारा केहेवाथी कदापि मुक्ति थशे नहि. एवो विवेक अध्यवसाय संसारिने कदापि थइ शकतो नथी, तेज बतावियें छियें.

ज्यां सुधी संसारी छे. त्यां सुधी विवेक परिभावनाथी संसारीपणुं दूर थतुं नथी. तेवास्ते विवेक अध्यवसायना अभावथी कदापि संसारथी छुटवानुं नथी.

तथा आ सृष्टि पेहेलां तो केवल आत्मा छे, एम तमे मानो छो, तो पछी आत्माने संसार क्यांथी लपटायो? जो कहो के निर्मल आत्माने संसार लपटाय छे, तो तो मोक्ष थया पछी पण संसार लपटाशे; हवे विचारो के मोक्ष शुं थयो? केवल विटंबना थइ.

पूर्वपक्षः—सृष्टि पेहेलां आत्माने दिदृक्षा थइ, ते दिदृक्षाना जोरथी प्रधाननी साथे पोतानुं एकरूप देखायुं; तेथी संसारी थयो. ज्यारे प्रकृतिनुं दुष्टपणुं ध्यानमां आव्युं, त्यारे प्रकृतिथी वैराग्य थयो. पछी प्रकृति विषे दिदृक्षा न रही, त्यारे संसारपण न रह्यो.

उत्तरपक्षः—आ तमारुं केहेवुं स्वकृतांतविरुद्ध होवाथी अयुक्त छे. जुओ. दिदृक्षा, देखवानी अभिलाषानुं नाम छे. ते अभिलाषा पूर्वें देखेला पदार्थोमां तेना स्मरणथी थाय छे. प्रकृति तो पूर्वें कदापि तेणे देखी नथी, तो केवीरीतें तेनेविषे स्मरण अभिलाषा होय? जो एम कहो के अनादि वासनाना बलथी प्रकृतिमांज स्मरण अभिलाषा छे, तोपण असत् छे, कारण के वासनापण प्रकृतिनो विकार होवाथी प्रकृति पेहेलां न होती. जो एम कहो के वासना आत्माना स्वभावरूप छे. तोतो आत्मस्वरूपनी जेम वासनानो कदापि अभाव थशे नहि, अने मोक्षपण क-

दापि थशे नहि, ए प्रमाणे सांख्य मतपण बालकना खेलसमान थयो. इति सांख्यमतखंडन.

हवे मीमांसक मतनुं खंडन लखतां, तेना मतनुं स्वरूप तो पूर्वे बतावेल छे, अने वेदांतियोना ब्रह्म ( अद्वैत ) नुं खंडन ईश्वरवादमां बीजा परिच्छेदमां विस्तारपूर्वक करेलुं छे, तेथी आ स्थलें वर्णन करेलुं नथी. इति मीमांसकमत.

हवे जैमिनीय मतनुं खंडन लखियेंछियें, जैमिनीय कहे छे के " हिंसागार्ध्यात् " जे हिंसा इंद्रियोना रसवास्ते, अथवा कुव्यसन निमित्तें करियें तेज हिंसा अधर्मनो हेतु छे. प्रमादना उदयथी कसाइ, माछिउनी जेम. अने वेदोमां जे हिंसा कही छे ते हिंसा नथी, परंतु धर्मनो हेतु छे, देवता, अतिथि, पितृउनी प्रीति संपादक होवाथी, तथाविध पूजा उपचारनी पेठे. वली आ प्रीतिनुं संपादन करवुं असिद्ध नथी. कारण के कारीरी प्रमुख यज्ञोना स्वसाध्य विषे वृष्टि आदि फलोनुं जे अव्यभिचारिपणुं छे, ते यज्ञ करवाथी जे देवता तृप्त थाय छे, ते वृष्टि आदिनो हेतु छे. तेवीजरीतें " त्रिपुरार्णववर्णित छगल " अर्थात् बकराना मांसनो होम करवाथी परराज्यनुं जे वश थवुं छे, तेपण तेमांसनी आहुतियोथी तृप्त थयेला देवताउनोज प्रभाव छे, अने अतिथि प्रति पण " मधु संपर्कसंस्कारादिसमास्वादजा " प्रत्यक्षज देखाय छे. अने पितृउने माटे जे श्राद्ध करवामां आवे छे, ते श्राद्धथी पितृउ तृप्त थतां, स्वसंताननी वृद्धि प्रत्यक्षज देखाय छे. वली ते बाबतमां आगम पण प्रमाण आपेछे. आगममां देवनी प्रीतिवास्ते, अश्वमेध, नरमेध, गोमेध, आदि यज्ञ करवा कहेल छे, अने अतिथिविषय " महोक्षं वा महाजं वा, श्रोत्रियाय प्रकल्पयेदिति " एवुं कहेलुं छे. वली पितृउनी प्रीति वास्ते आ प्रमाणें लखेलुं छे.

द्वौ मासौ मत्स्यमांसेन, त्रीन् मासान् हारिणेन तु ॥ औरभ्रेणाथ चतुरः, शाकुनेनेह पंच तु ॥ १ ॥ षण्मासश्छागमांसेन, पार्षतेनेह सप्त वै ॥ अष्टावेणस्य मांसेन, रौरवेण नवैव तु ॥ २ ॥ दशमासांस्तु तृप्यंति, वराहमहिषामिषैः ॥ शशकूर्मयोर्मांसेन, मासानेकादशैव तु ॥ ३ ॥ संवत्सरं तु गव्येन, पयसा पायसेन तु ॥ वार्ध्रीणसस्य मांसेन, तृप्तिर्द्वादशवार्षिकी ॥ ४ ॥ आ श्लोक स्मृतिना छे. अर्थः–जो

पितृउने मत्स्यनुं मांस आपे तो, पितृउ बे माससुधी तृप्त रहेछे. जो हरिणनुं मांस आपे तो, त्रणमाससुधी तृप्त रहेछे, जो मेंढानुं मांस तेउने आपे तो, चारमास सुधी तेउ तृप्त रहेछे, जो जंगली कुकडानुं मांस तेउने आपे तो, पांचमास सुधी तेउ तृप्त रहेछे, जो बकरानुं मांस तेउने आपे तो, छमास सुधी तेउ तृप्त रहेछे, पृषत्बिंदुयुक्त जे हरिण होय, ते पार्षत कहेवायछे, तेनुं मांस जो पितृउने देवामां आवे तो, पितृउ सातमास सुधी तृप्त रहेछे, जो एणमृगनुं मांस देवामां आवेतो, आठमास-सुधी पितृउ तृप्त रहेछे, जो मोटा काला मृगनुं मांस देवामां आवे तो, नवमाससुधी पितृउ तृप्त रहेछे, जो सूअर, अने महिषनुं मांस देवामां आवेतो, दशमास सुधी पितृउ तृप्त रहेछे, जो ससला अने काचबा बंनेनुं मांस देवामां आवे तो, अग्यार मास सुधी पितृउ तृप्त रहेछे, जो गायनुं दुध अथवा खीर देवामां आवे तो, बार माससुधी पितरो तृप्त रहेछे, अने बहुज बूढा थयला लांबा कानवाला धोला बकरानुं मांस आपवामां आवे तो, बार वर्षसुधी पितरो तृप्त रहेछे. आ प्रमाणे मीमांसको माने छे.

हवे तेनुं खंडन लखियें छियें. हे मीमांसक? वेदोमां जे हिंसा कहिछे, ते धर्मना हेतुरूप कदापि थइ शकेछे? तमारा केहेवामां प्रत्यक्ष स्ववचन विरोध छे. जुउ. जो धर्मनो हेतु छे, तो हिंसा केवी रीतें छे? जो हिंसा छे, तो धर्मनो हेतु ते केवी रीतें थइ शकेछे? यथा ॥ श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यतां ॥ आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ॥ १ ॥ इत्यादि. जो धर्म कहेलो छे, तो हिंसा केवी रीतें धर्म थइ शकेछे? कारण के मातापण छे, अने ते वंध्यापण छे, एम कदी थइ शकतुं नथी.

पूर्वपक्षः–हिंसा कारणछे, अने धर्म तेनुं कार्य छे.

उत्तरपक्षः–आ तमारूं केहेवुं असत् छे. कारण के जे जेनी साथे अन्वय व्यतिरेकवालुं होय छे, ते तेनुं कार्य थायछे. जेम माटीना पिंड प्रमुखनुं घटादि कार्यछे, तेम धर्म कांइ हिंसाज कस्वाथी थतो नथी, कारण के तप, दान, स्वाध्याय प्रमुखपण धर्मनां कारण छे.

पूर्वपक्षः–अमे सामान्य हिंसाने मानता नथी, परंतु विशिष्ट हिंसा-नेज धर्म कहियेंछियें. विशिष्ट हिंसा तेज छे, जे वेदोमां करवी कही छे.

उत्तरपक्षः–जो वेदनी हिंसा धर्मनी हेतु छे, तो शुं जे जीव यज्ञादिमां

मारवामां आवेछे, ते मरता नथी? ते कारणथी धर्म छे? अथवा शुं मरण समये तेउने आर्त्तध्याननो अन्नाव छे? ते कारणथी धर्म छे? अथवा जे जीव यज्ञादिमां मारवामां आवेछे. ते मरीने स्वर्ग प्राप्त करेछे? ते कारणथी धर्मछे? प्रथम पक्ष तो वास्तविक नथी, कारण के प्राणनो त्याग करतां तो ते जीवने प्रत्यक्ष देखियें छियें. बीजो पक्ष पण असत् छे, कारण के बीजाना मननुं ध्यान दुर्लक्ष्य छे, ते कारणथी आर्त्तध्याननो अन्नाव कहेवो, तेपण परमार्थशून्य वचनमात्र छे; आर्त्तध्याननो अन्नाव तो शुं थवानो हतो परंतु अरे दुःखी छियें ? छे कोइ करुणासागर के अमने छोडावे? एम पोतानी नाषामां कहेतां कहेतां पोतानी नाषाथी विरस अरराट करतां, दीनमुखवालां, तेमज चक्षु फाडी चारे दिशाए जोतां, इत्यादि चिह्न देखवाथी, ते बिचाराउनुं आर्त्तध्यान स्पष्ट उपलब्ध थाय छे.

पूर्वपक्षः– जेम लोढानो गोलो पाणीमां डुबी जाय छे, तेनां जो पातलां पतरां करवामां आवे तो ते जेम पाणीमां नहि डुबतां तरे छे, तेमज जेम विष मृत्यु पमाडनार छे, तो पण मंत्रोथी संस्कार करतां थकां गुणकारि थाय छे, तथा जेम अग्नि दाहकस्वन्नाववालो छे, तो पण सत्यशीलादिना प्रन्नावथी दाहक थतो नथी, तेवीज रीतें वेदमंत्रादिथी संस्कार पामेली हिंसा दोषनुं कारण नथी . तेमज वेदोक्त हिंसा निंदनीय कदापि नथी; कारण के ते हिंसा करनारा याज्ञिक ब्राह्मणो जगत् मां पूजनीय देखाय छे.

उतरपक्षः– पूर्वोक्त तमारुं सर्व कथन असत् छे, कारण के जेटलां दृष्टांत तमे कह्यां ते सर्व वैषम्य छे; तेथी सिद्धि कांइपण थई शकती नथी. लोढानो गोलो पतरांरूप थई जल उपर जे तरे छे ते परिणामांतर थवाथी तरे छे, इत्यादि; परंतु वेदमंत्रोथी संस्कार करीने ज्यारे पशुउने मारवामां आवे छे, त्यारे तेउमां परिणामांतर शुं थाय छे ? शुं ते परिणामांतरथी, ते पशुउने मारतां दुःख थतुं नथी ? दुःखथी तो तेउ प्रगट अरराट शब्द करे छे. तो हवे लोहपत्रनुं दृष्टांत केवी रीतें समीचीन थइ शके छे ?

पूर्वपक्षः– यज्ञमां जे पशु मारवामां आवे छे, ते सर्व देवता थई जाय छे, आ यज्ञ करवामां परोपकार छे.

करी, तो तो एक मुखथी युगपत् अनुग्रह, निग्रह वाक्यना उच्चारणमांज व्यभिचारनो प्रसंग आवशे.

वली मुख देहनो नवमो भाग छे, ज्यारे देवताउनां मुखज दाहात्मक छे, त्यारे एकेक देवतानुं शरीर दाहात्मक होवाथी त्रणे भुवन भस्मीभूत थइजवां जोइयें ? आटली चर्चाथी सर्युं.

वली कारीरी यज्ञादिमां वृष्ट्यादि फलनो जे अव्यभिचार छे, ते फलमां आहुतिथी संतुष्ट थयेला देवतानो अनुग्रह जे तमे कहोछो ते पण अनेकांतिक छे, कोइस्थलें व्यभिचार पण देखवामां आवे छे. ज्यां व्यभिचार नथी, त्यां पण आहुतिनुं भोजन करवाथी अनुग्रह नथी, परंतु ते देवताविशेष, अतिशय ज्ञानी छे, पोताने उद्देशीने करेला पूजा उपचारने देखीने, पोताना स्थानमांज स्थित थया थका, पूजा करनारउपर प्रसन्न थइने, तेनुं कार्य पोतानी इछाथी करी आपे छे. अनुपयोगथी नहि जाणता, अथवा जाणता थका पण, पूजकना अभाग्यथी कार्य नथी पण करता ? कारण के द्रव्य, क्षेत्र, काल भावआदिनी सहायताथी कार्यनुं थवुं नजरे पडेछे; अने ते जे पूजा उपचार छे, ते निःकेवल पशुउनाज मारवाथी थई शके छे एम नथी, परंतु बीजी रीतें पण थइ शकेछे, तो पछी जेनुं फल एक पापरूपज छे एवी सौनिक ( कसाइ ) वृत्ति करवाथी शुं लाभ छे ?

वली जे छगल अर्थात् बकरानुं मांस होमवाथी परराज्य वश करनारी सिद्धादि देवीने संतुष्ट करवानुं जे अनुमान छे, तेमां शुं आश्चर्य छे? केटलाएक क्षुद्र देवताउ तेवीज रीतें संतुष्ट थाय छे, त्यां पण ते दुष्ट देवता पोतानी पूजा देखीने राजी थाय छे, परंतु मलिन मांस खावाथी राजी थता नथी. जो कदी होम करेली वस्तुने खाता होय तो निंबपत्र कडवांतेल, आरनाल ( बाकला ) धूमांश आदि होम करेलां द्रव्य पण तेउनुं भोजन थई जशे. वाह ! शुं तमारा देवता सुंदर भोजन करे छे ?

वली अतिथिनी परोणागत सुंदर संस्कार करेला पक्वान्न आदिथी पण थई शके छे, तो पछी तेउने वास्ते महोक्ष, महाअजादिनी कल्पना करवी, ते निःकेवल तमारी निर्विवेकता बतावी आपे छे.

वली श्राद्धादि करवाथी पितरोनी जे प्रीति मानो छो, ते पण अने-

कांतिक छे, कारण के केटलाएक श्राद्ध करता नथी तो पण तेउंनी संतान वृद्धि देखवामां आवे छे. ढुंढनाटोलानी जेवी वृद्धि देखाय छे. तेथी श्राद्ध आदि जे करवुं छे, ते मुग्ध लोकोने विप्रतारण ( ठगवा ) मात्रज फल थाय छे. जे पितरो लोकांतर पामेला छे, ते पोताना शुभ अशुभ कर्मोने अनुसारे देव, नारकादि गतियोमां सुख दुःख भोगवी रह्या छे, तो पछी तेउं पुत्र प्रमुखें आपेला पिंडोने केवी रीतें भोगववानी इछा करी शके छे ? " तथाच युष्मद्यूथिनः पठन्ति ॥ मृतानामपि जंतूनां, श्राद्धं चेत्तृप्तिकारणं ॥ तंनिर्वाणप्रदीपस्य, स्नेहः संवर्द्धयेछिखामिति ॥

तथा श्राद्ध करवाथी ते पितरोने पुण्य केवीरीतें पहोंचे छे ? कारण के पुण्यतो बीजाए करेलुं छे, वली पुण्य पोते जड रूप छे, तथा पगरहित छे, तेथी पितरोने पहोंची शकतुं नथी. जो कहो के उद्देश तो पितरोनो छे, परंतु पुण्य, श्राद्धकरनारा पुत्रादिने थाय छे, ते पण केहेवुं वास्तविक नथी. पुत्रादिने पुण्य थतुं नथी, तेनुं कारण ए छे के पुत्रादिना मनमां वासना एवी नथी के जे कार्य अमे करियें छियें तेनुं फल अमने मले, तो पछी पुण्यनी भावना विना पुण्य फल मलतुं नथी. ते कारणथी पितरो के पुत्रादि कोइने श्राद्ध करवानुं फल मलतुं नथी, परंतु अधरथीज त्रिशंकुना दृष्टांतनी पेठे विलीन थई जाय छे.

वली पापानुबंधि जे पुण्य छे, 'ते तत्त्वथी पापरूपज छे' जो कहो के ब्राह्मण जे कांइ खाय छे, ते पितरोने गमे छे, ते वात सत्य छे एवी प्रतीति तो तमनेज थती हशे, अमारी नजरमां तो ब्राह्मणोनुं मोटुं पेट थयेलुं आवे छे, परंतु तेउंना पेटमां प्रवेश करीने, पितरो खाता होय एम कदापि देखता नथी. भोजन अवसरे ब्राह्मणोना उदरमां प्रवेश करता पितरोनुं कांइपण चिह्न अमारी दृष्टिए पडतुं नथी. केवल ब्राह्मणोज तृप्त थता देखियें छियें.

वली तमे कह्युं हतुं के अमारी पासे आगम प्रमाण छे, तो पुछिये छियें के, ते तमारुं आगम पौरुषेय छे ? के अपौरुषेय छे ? जो कहो के पौरुषेय छे, तो शुं ते सर्वज्ञनुं करेलुं छे ? के असर्वज्ञनुं करेलुं छे ? जो प्रथम पक्ष मानशो तो तमारा मतने व्याहति थशे, कारण के तमारो आ सिद्धांत छे. " अतींद्रियाणामर्थानां, साक्षाद्दृष्टा न विद्यते ॥ नित्ये-

न्योवेदवाक्येन्यो, यथार्थत्वविनिश्चयः ॥ १ ॥ सारांश के अतींद्रिय पदार्थोनो कोइ साक्षात् दृष्टा नथी. बीजो पक्ष मानशो तो दूषणवाला (असर्वज्ञ) कर्त्तानां 'शास्त्रो उपर विश्वास थतो नथी. जो कहो के अपौरुषेय छे, तो संनवज थइ शकतो नथी. स्वरूप निराकरणथी घोडाना श्रृंगरूप पुरुष क्रियानुगत तेनुं रूप छे, सारांश के पुरुषक्रिया विना ते केवी रीतें थइ शके छे? ते कारणथी जे साक्षर वचन छे, ते पौरुषेयज छे, कुमार संनवादि वचननी जेम. वेद पण वचनात्मकज छे " तथा चाहुः ॥ ताल्वादिजन्मा ननु वर्णवर्गो, वर्णात्मकोवेद इति स्फुटं च ॥ पुंसश्च ताल्वादिरतः कथं स्या, दपौरुषेयोयमिति प्रतीतिः ॥ १ ॥ इति " श्रुतिने अपौरुषेय अंगीकार करी, तो पण तदर्थव्याख्याने पौरुषेयज अंगीकार करी छे. अन्यथा " अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः " तेनो अर्थ " स्वमांसं नक्षयेत् इति " एम नियामकना अनावथी केम न थई जाय? ते कारणथी शास्त्रने पौरुषेयज मानवां ते श्रेय छे. तमारा हठथी कदी वेद अपौरुषेय मानियें, तो तेथी वेदनी प्रमाणता थशे नहीं, कारण के प्रमाणता आप्त पुरुषने आधीन छे. ज्यारे वेद प्रमाण न थया, त्यारे ते वेदनुं कथन, तथावेदानुसारिणी स्मृतियो पण प्रमाणनूत थयां नहीं, तेथी हिंसामय यज्ञ तथा श्राद्धादिविधि पण प्रमाणथी विरुद्ध थया.

पूर्वपक्षः– " न हिंस्यात् सर्वनूतानि " इत्यादिथी जे हिंसानो निषेध करेलो छे, ते औत्सर्गिकमार्ग छे, अर्थात् सामान्य विधि छे, अने वेदविहिता जे हिंसा छे ते अपवाद मार्ग छे. अर्थात् विशेष विधि छे. ते कारणथी, तथा अपवाद उत्सर्गथी बलवान् होवाथी वेदविहिता हिंसा दोषनुं कारण नथी " उत्सर्गापवादयोरपवादविधिर्बलीयानिति न्यायात् " तमारा जैनमतमां पण हिंसाना एकांत निषेध नथी. केटलांएक कारणोमां पृथ्वीकायादि जीवोनी हिंसा करवानी आज्ञा छे. वली ज्यारे साधु रोग पीडित थाय छे, तेमज असमर्थ अने ग्लान थाय छे, त्यारे आधाकर्मादि आहार ग्रहण करवानी पण आज्ञा छे, तेवीज रीतें अमारा मतमां याज्ञिकी हिंसा देवता, अतिथिनी प्रीतिवास्ते पुष्ट आलंबनरूप होवाथी अपवादरूप छे, ते कारणथी तेमां दोष नथी.

उत्तरपक्षः– अन्यकार्यवास्ते उत्सर्गवाक्य, अने अन्यकार्यवास्ते अप-

वादवाक्य, केहेवां, ते उत्सर्ग, अपवाद कदी पण थइ शकतां नथी. परंतु जे अर्थवास्ते शास्त्रमां उत्सर्ग कहेल होय. तेज अर्थवास्ते अपवाद केहेवो जोइये; त्यारेंज उत्सर्ग अपवाद थइशके छे. ते बंने उन्नत निम्नादि ( उंचां नीचां ) व्यवहारवत् परस्पर सापेक्ष होवाथी एक अर्थनां साधक थइ शके छे. जेम के जैनोए संयम पालवा अर्थे नवकोटि विशुद्ध आहार ग्रहण करवो, ते उत्सर्गमार्ग छे. तेवीज रीतें द्रव्य, क्षेत्र, काल, भावथी आपत्तिमां पडतां गत्यंतरना अभावथी, पंचकादि यत्नापूर्वक अनेषणीय आहारादिने ग्रहणकरवा ते अपवादमार्ग छे, तेपण संयम पालवाने वास्तेज छे. एमपण न केहेवुं के जेसाधुने मरणज एक शरण छे, तेने गत्यंतर अभावनी असिद्धि छे. ॥ उक्तं चार्षिभिः ॥ सवछ संजमं सं जमाउ, अप्पाणमेवरखिज्जा ॥ मुच्चइ अइ वायाउ, पुणो विसोहीनया विरइ ॥१॥ इत्यागमात् ॥ भावार्थः—सर्वरीतें संयम पालवो, जो संयममां दूषण लागवाथी प्राणनी रक्षा थती होय तो संयममां दूषण पण लगावीने रक्षण करवुं, प्राण रेहेवाथी प्रायश्चित्तद्वारा ते पापथी मुक्त थइ शुद्ध थवाशे, अने अविरतिपणुं पण रहेशे नहि. वली आयुर्वेदमां पण कह्युं छे के, जे वस्तु कोइ रोगमां कोइ अवस्थामां अपथ्य छे, तेज वस्तु तेज रोगमां बीजी अवस्थामां देश, काल जोइ आपे तो पथ्य छे. देशादि अपेक्षाए ज्वरवालाने दहीं पण खावा देवामां आवे छे. तथा च वैद्याः ॥ कालाविरोधि निर्दिष्टं, ज्वरादौ लंघनं हितं ॥ ऋतेऽनिलश्रमक्रोध , शोककामकृतज्वरात् ॥ १ ॥ जेम प्रथम अपथ्यनो परिहार करवो, अने बीजी अवस्थामां तेनेज भोगवाववां, आ बंने प्रसंगें रोगनुं निवारण करवानुं प्रयोजन छे. तेथी एम सिद्ध थाय छे के एकज वस्तुविषयक उत्सर्ग अपवाद छे.

तमारो उत्सर्ग एक अर्थवास्ते छे, अने, अदवाद बीजा अर्थ वास्ते छे. जुउ. " न हिंस्यात् सर्वभूतानि " आ जे उत्सर्ग छे, ते दुर्गतिना निषेध वास्ते छे, अने जे तमारी अपवाद, हिंसा छे, ते देवता, अतिथि, पितृउनी प्रीतिसंपादन अर्थे छे. ते कारणथी परस्पर निरपेक्ष होवाथी, उत्सर्ग, अपवाद विधि थइ शकता नथी. हवे विचारो के तमारो अपवाद, उत्सर्गविधिथी केवीरीतें बलवान् थइ शके छे ?

एम पण न कहेवुं के वैदिक हिंसानो जे विधि छे, ते स्वर्गहेतु हो-

वाथी, दुर्गतिना निषेधवास्तेज छे. वैदिक हिंसा स्वर्गनो हेतु नथी. ते उपर सारी रीतें लखी आव्या छियें. वैदिक हिंसा विना पण स्वर्गप्राप्ति थइ शके छे. गत्यंतरना अन्नावमांज अपवाद थइ शके छे. यज्ञ करवाथी स्वर्गनो निषेध थाय छे, एम अमेज मात्र कहेता नथी, परंतु व्यासजी पण कहे छे. यदाह व्यासमहर्षिः ॥ पूजया विपुलं राज्य, मग्निकार्येण संपदः ॥ तपः पापविशुद्ध्यर्थं, ज्ञानं ध्यानं च मुक्तिदं ॥ १ ॥ अहिंयां अग्निकार्य शब्दवाच्यना यागादि विधि उपायांतरथी जे संपत् साध्य छे, तेनोज हेतु कहेतां थकां, आचार्य ते यागने सुगतिनो हेतुज कदर्थन करी गया छे, तथा तेज व्यासजी न्नाव अग्निहोत्र " ज्ञान पाली " इत्यादि श्लोकोथी स्थापन करी गया छे. इति मीमांसकमतखंडन. ॥ ५ ॥

हवे चार्वाकमतनुं खंडन लखियें छियें. चार्वाक कहे छे के आत्माज नथी. तेथी मतावलंबी पुरुषो शा वास्ते वचन कलह करे छे ? ज्यारे आत्मानोज अन्नाव छे, त्यारे जैन, बौद्ध, सांख्य, नैयायिक, वैशेषिक, तेमज जैमिनीय, आ जे छ दर्शनो छे, तेउ शा वास्ते निःकेवल लोकोने भ्रममां नाखीने न्नोगविलासथी छोडावे छे ? वास्तवमां आत्मा एवी कोइ वस्तुज नथी, ते कारणथी अमारो मत सुंदर छे. जो आत्मा होय तो तेनी सिद्धि बतावो?

उत्तरपक्षः– प्रतिप्राणी स्वसंवेदन प्रमाण चैतन्यनी अन्यथा अनुपपत्तिथी सिद्ध छे. जुउ. आ जे चैतन्य छे, ते न्नूतोनो धर्म नथी, जो न्नूतोनो धर्म होय, तो तो पृथिवीनी कठिनतानी पेठे सर्व कालें, सर्व स्थलें उपलब्ध थवो जोइयें, ते सर्वदा उपलब्ध थतो नथी, कारण के लोष्टादिमां, तेमज मृत अवस्थामां चैतन्य उपलब्ध थतुं नथी.

पूर्वपक्षः– लोष्टादिमां, तेमज मृत अवस्थामां पण चैतन्य छे, केवल शक्ति रूपें छे, ते कारणथी उपलब्ध थतुं नथी.

उत्तरपक्षः–बे विकल्प न उल्लंघन करवाथी आ तमारुं कहेवुं अयुक्त छे. जुउ. ते शक्ति चैतन्यथी विलक्षण छे ? के चैतन्यज छे ? जो कहो के विलक्षण छे, तो तो शक्तिरूपें चैतन्य छे एम कहो नहि. कारण के पट विद्यमान छतां, पटरूपें घट रहेतोज नथी " आह च ॥ प्रज्ञाकरगुप्तोपि ॥ रूपांतरेण यदित, त्तदेवास्तीति मारटीः ॥ चैतन्यादन्यरूपस्य, न्नावे तद्विद्यते कथम् ॥ १ ॥ जो बीजो पक्ष मानशो तो तो चैतन्यज ते श-

क्ति छे. पछी ते शक्ति उपलब्ध केम थती नथी ? जो कहो के आवृत थवाथी उपलब्ध थती नथी, तो ते पण ठीक नथी, कारण के आवृति शब्दनो अर्थ आवरण छे. ते आवरण शुं विवक्षित परिणामनो अभाव छे ? के परिणामांतर छे ? के भूतोथी अतिरिक्त बीजी वस्तु छे ? तेमां, विवक्षित परिणामनो अभाव तो नथी. कारण के एकांत तुच्छ होवाथी ते विवक्षित परिणाम अभावने आवरण शक्ति नथी, अन्यथा तेनुं अतुच्छरूप होवाथी, ते पण भावरूप थइ जाय. ज्यारे भावरूप थाय, त्यारे पृथिवी आदिमांथी अन्यतम थाय, कारण के "पृथिव्यादीनि भूतानि तत्त्वमिति वचनात्" अने पृथिवी आदि जे भूत छे ते चैतन्यनां व्यंजक छे, परंतु आवरक नथी, तेथी, केवीरीतें आवरणपणुं सिद्ध थाय ?

जो कहो के परिणामांतर छे, तो तेपण अयुक्त छे, कारण के परिणामांतर पण भूतस्वभाव होवाथी भूतोनी पेठे चैतन्यव्यंजकज थइ शके छे, आवरक थइ शकतुं नथी.

जो कहो के भूतोथी अतिरिक्त वस्तु छे, तो ते कहेवुं बहुज असंगत छे. कारण के भूतोथी अतिरिक्त ( न्यारी ) वस्तु मानवाथी "चत्वार्येव पृथ्व्यादिभूतानि" तत्त्वसंख्याने व्याघात थइ जशे.

वली जुओ के आ जे चैतन्य छे ते एक एक भूतनो धर्म छे ? के सर्व भूतसमुदायनो धर्म छे ? एक एक भूतनो धर्म तो लागतो नथी, कारण के एक एक भूतमां देखातो नथी, तेमज एक एक परमाणुमां संवेदन उपलब्ध थतुं नथी. जो दरेक परमाणुमां होय तो पुरुष, सहस्र चैतन्य वृंदनी पेठे परस्परभिन्नस्वभाव थाय, परंतु एकरूप चैतन्य नज थाय, अने देखवामां तो एकरूप आवे छे. "अहं पश्यामि" अर्थात् हुं देखुं-छुं. हुं करूंछुं, एवो सकल शरीर अधिष्ठाता एक उपलब्ध थाय छे.

जो समुदायनो धर्म मानो तो पण प्रत्येकमां अभाव होवाथी असत् छे. कारण के जे प्रत्येक अवस्थामां असत् छे, ते समुदायमां थइ शकतुं नथी. जेम रेती समूहमांथी तेल.

जो कहो के मद्यांगोमां मदशक्ति नथी. समुदायमां थइ जायछे, तेम चैतन्यपण थइ जाय तो, शुं दोष छे ? आ पण अयुक्त छे. कारण के प्रत्येक मद्य अंगमां मदशक्ति अनुयायी माधुर्यादि गुण देखाय छे; जुओ.

माधुर्यादि इक्षुरसमां धातकी फूलोथी थोडी विकलता उत्पादक शक्ति देखियें छियें, तेवी रीतें चैतन्य, सामान्य प्रकारथी भूतोमां उपलब्ध थतुं नथी ; तो केवीरीतें भूतसमुदायथी चैतन्य थइ शकेछे? प्रत्येकमां असत् छे ते समुदायमां थइ जाय तो, सर्व समुदायथी सर्व कांइ बनी-जवां जोइयें. ए अति प्रसंग थशे.

वली जो तमे चैतन्यने धर्म मानेल छे, तो धर्मने अनुरूप धर्मीपण अवश्य मानवो जोइशे. जो अनुरूप नहि मानशो तो तो जल अने कठिनता आ बंनेने धर्म, धर्मि मानवा जोशे. एमपण न कहेशो के भूतज धर्मि छे, कारण के भूत, चैतन्यथी विलक्षण छे. जुओ. चैतन्य बोध-स्वरूप, तेमज अमूर्त्त छे; अने भूत तेनाथी विलक्षण छे; तो केवीरीतें तेओनो परस्पर धर्म, धर्मिभाव थइ शकेछे? वली आ चैतन्य भूतोनुं कार्य-पण नथी, कारण के अत्यंत विलक्षण होवाथी कार्यकारणभाव कदापि थइ शकतो नथी. उक्तं च ॥ काठिन्याबोधरूपाणि, भूतान्यध्यक्षसिद्धितः॥ चेतना च न तद्रूपा, सा कथं तत्फलं भवेत् ॥ १ ॥

वली जो चैतन्य भूतकार्य होय, तो तो सर्वजगत् प्राणिमय होवुं जोइयें. जो कहो के परिणतिविशेष सद्भावना अभावथी सकल जगत् प्राणिमय थइ जतुं नथी, तो ते परिणतिविशेष सद्भाव सर्वत्र शा वस्ते थतो नथी? ते परिणति पण भूतमात्र निमित्तज छे, तो केवी रीतें तेनुं कोइ स्थलें होवुं न होवुं सिद्ध थइ शकेछे? वली ते परिणतिविशेष केवा स्वरूपवालो छे? जो कहो के कठिनादिरूप छे, कारण के घुणादि जंतु काष्टादिमां उत्पन्न थता देखियें छियें, ते कारणथी ज्यां कठिनत्वादि विशेष छे, ते प्राणिमय छे, बीजा नहि. आ पण व्यभिचार देखवाथी असत् छे. जुओ. अशिष्टपण कठिनत्वादि विशेष छतां कोइ स्थलें होयछे, अने कोइ स्थलें होता नथी, अने कोइस्थलें कठिनत्वादि विशेष विना-पण संस्वेदज घन आकाशमां संमूर्छिम उत्पन्न थायछे.

वली केटलाएक जीव समानयौनिकपण विचित्रवर्ण संस्थानवाला देखाय छे. जुओ. गोबरआदि एकयोनिवालां पण केटलांएक कालां शरी-रवालां तो केटलांएक पीलां शरीरवालां होयछे, बीजां विचित्रवर्णवालां होयछे. संस्थानपण तेओनां परस्पर भिन्न छे. जो भूतमात्रनिमित्त चैतन्य

होय तो तो एकयोनिवालां सर्व एकवर्ण, संस्थानवालां होवां जोइयें. परंतु तेम तो थतां नथी. ते कारणथी आत्माज तेवा तेवा कर्मना वशथी तेवा उत्पन्न थायछे. एम निश्चयें मानवुं जोइयें.

जो कहो के आत्मा होय तो गमनागमन करतां केम न उपलब्ध थवो जोइयें? कारणके केवल देह विद्यमानज संवेदन उपलब्ध थायछे, अने देहनो अभाव थतां भस्म अवस्थामां देखातो नथी, ते कारणथी आत्मा नथी, परंतु संवेदनमात्रज एक छे, ते संवेदन देहनुं कार्य छे, देहमांज आश्रित छे. भींतना चित्रनी जेम. चित्र भींत विना रही शकतुं नथी, तेमज बीजी भींतपर संक्रमण पण थइ शकतुं नथी, अने भींतनी साथेज तेनो विनाश थायछे. संवेदननुं पण तेवीज रीतें जाणी लेवुं. आ कथनपण असत् छे. कारणके आत्मा स्वरूपथी अमूर्त्त छे; अने आंतर शरीर अति सूक्ष्म छे, तेकारणथी दृष्टिगोचर नथी. तदुक्तं ॥ अंतराभावदेहोपि, सूक्ष्मत्वान्नोपलभ्यते ॥ निष्क्रामन् प्रविशन् वात्मा, नाभावोऽनीक्षणादपि॥ ॥ १ ॥ ते कारणथी आंतःशरीरयुक्त पण आत्मा, जतां आवतां देखातो नथी, परंतु लिंगथी उपलब्ध थायछे. जुओ. तत्काल उत्पन्न थयेला कृमि जीवने पण पोताना शरीरविषे ममत्व थायछे. घातकने जाणीने दोडी जायछे, जेने जेनेविषे ममत्व छे, ते पूर्व ममत्व अभ्यास पूर्वक छे. तेवुंज देखायछे. केम के ज्यां सुधी कोइ वस्तुना गुण दोष जाणता नथी, त्यां सुधी ते वस्तुमां कोइने पण ममत्व थतुं नथी. ते कारणथी जन्मनी आदिमां जें शरीरपर ममत्व छे, ते शरीर परिशीलन अभ्यासपूर्वक संस्कार निबंधन छे. ते सबबथी आत्मानुं जन्मांतरथी आववुं सिद्ध थायछे. उक्तं च ॥ शरीरग्रहरूपस्य, चेतसः संभवो यदा ॥ जन्मादौ देहिनां दृष्टः, किन्न जन्मांतरा गतिः ॥ १ ॥

हवे आगति प्रत्यक्षथी देखाती नथी, तो केवीरीतें तेनो अनुमानथी बोध थाय? आ तमारा केहेवाथी कांइ दूषण आवतुं नथी. कारण के अनुमेय अर्थविषे प्रत्यक्षनी प्रवृत्ति थइ शकती नथी. परस्पर विषयने परिहार करीने प्रत्यक्ष, अनुमाननुं प्रवर्त्तवुं बुद्धिमान लोको मानेछे. हवे तमारूं दूषण केवीरीतें लागेछे? आह च ॥ अनुमेयेस्ति नाध्यक्ष, मिति कैवात्रदुष्टता ॥ अध्यक्षस्यानुमानस्य, विषयो विषयो नहि ॥ १ ॥

वली जे चित्रनुं दृष्टांत तमे आप्युं छे, ते पण विषम होवाथी अयुक्त छे. जुओ. चित्र तो अचेतन, तथा गमनस्वभावरहित छे. आत्मा तो चैतन्य छे, तथा कर्मवशथी गमनागमन करे छे, तो केवीरीतें दृष्टांत तेमज दार्ष्टांतिकनी साम्यता थई ? जेम देवदत्त कोइ विवक्षित गाममां केटलाएक दिवस रहीने, पछी बीजे गाम जई रहे छे, तेम आत्मा पण विवक्षित भवमां देहनो त्याग करी भवांतरमां देह रचीने रहे छे.

वली तमे कह्युं के संवेदन देहनुं कार्य छे ते पण वास्तविक नथी. कारण के चक्षुरादि इंद्रियद्वारा उत्पन्न थवाथी चाक्षुषादि संवेदन कथंचित् देहथी पण उत्पन्न थाय छे, परंतु जे मानस ज्ञान छे, ते केवी रीतें देहनुं कार्य थई शकेछे ? तथा ते मानसज्ञान देहथी उत्पद्यमान थतुं होय तो, इंद्रिय रूपथी उत्पन्न थाय छे ? के अनिंद्रिय रूपथी उत्पन्न थाय छे ? के केश नखादि लक्षणथी उत्पन्न थाय छे ? प्रथम पक्ष तो ठीक नथी. जो इंद्रियरूपथी उत्पन्न थतुं होय, तो तो इंद्रिय बुद्धिवत् वर्त्तमामान अर्थनुंज ग्राहक होवुं जोइयें. इंद्रियज्ञान वर्त्तमान अर्थनेज ग्रहण करी शके छे, ते सामर्थ्यथी उत्पन्न थतुं मानस ज्ञान पण इंद्रिय ज्ञानवत् वर्त्तमान अर्थनेज ग्रहण करी शकशे.

हवे ज्यारे चक्षु रूप विषय व्यापार करे छे, त्यारेज रूपविज्ञान उत्पन्न थाय छे, बीजे वखते थतुं नथी. हवे ते रूपविज्ञान वर्त्तमान अर्थ विषय छे, कारण के वर्त्तमान अर्थ विषयज चक्षुनो व्यापार थाय छे. अने रूपविषयव्यावृत्तिना अभावमां मनोज्ञान छे, ते कारणथी ते नियत कालविषयक नथी. तेवीज रीतें बीजी इंद्रियोमां पण जाणी लेवुं. हवे केवीरीतें मनोज्ञानने वर्त्तमान अर्थग्रहण प्रसक्ति होय ? उक्तं च ॥ अक्षव्यापारमाश्रित्य, भवदक्षजमिष्यते ॥ तद्व्यापारोन तत्रेति, कथमक्षभवं भवेत् ॥ १ ॥

जो कहो के अनिंद्रिय रूपथी छे, तो पण ते अचेतन होवाथी अयुक्त छे. वली केश नखादि तो मनोज्ञानथी स्फुरित चिद्रूप उपलब्धज थतो नथी, तो केवीरीतें तेओनाथी मनोज्ञान होय ? आह च ॥ चेतयंतो न दृश्यंते, केशश्मश्रुनखादयः ॥ ततस्तेभ्यो मनोज्ञानं, भवतीत्यति साहसं॥१॥

जो केशनखादिथी प्रतिबद्ध मनोज्ञान होय तो तो तेओनो छेद थतां

जे बाष्प थाय छे, ते उष्ण स्पर्शवाली वस्तुथी थाय छे. शीतजलथी सेचनकरेला शीतकालमां मनुष्य शरीरनी बाष्पनी जेम. वली उकरडामां कूडा कचवरमांथी धूआ ( बाष्प ) निकले छे, त्यां पण अमे पृथ्वीकायना जीव मानियेंछियें आ हेतुउथी जल सजीव सिद्ध थाय छे.

प्रश्नः– तेजस्कायमां जीव केवीरीतें सिद्ध थाय छे ?

उत्तरपक्षः– जेम रात्रिमां खद्योत ( आगीआ कीडा ) नुं शरीर जीवशक्तिथी बनेलुं प्रकाशवान् छे, तेम अंगारादिपण प्रकाशमान होवाथी सचेतन छे. तथा जेम ज्वरनी उष्मा जीवना प्रयोग विना अर्थात् अस्तित्व विना होती नथी, तेम अग्निमां पण जीवविना गरमी थती नथी. जुउ के मृतकशरीरमां ज्वर कदापि होतो नथी. एवा अन्वयव्यतिरेकथी अग्नि सचेतन जाणवो. वली प्रयोग आ छे, आत्माना संयोगथी प्रगट थयो छे अंगाराप्रमुखने प्रकाश परिणाम, शरीरस्थ होवाथी खद्योत शरीर परिणामवत्. तथा आत्मा संयोगपूर्वक शरीरस्थ होवाथी ज्वर उष्मवत् अंगाराप्रमुखमां उष्णता छे. एमपण न कहेवुं के सूर्यनी उष्मा साथे अनेकांतिक हेतु छे. सूर्यमां जे उष्मा छे ते पण आत्मसंयोग पूर्वकज अमे मानियेंछियें. तथा अग्नि सचेतन छे, कारण के यथायोग्य आहार करवाथी वृद्धि आदि विकार मालम पडवाथी पुरुषना शरीरनी जेम. इत्यादि लक्षणोथी अग्नि सचेतन छे.

प्रश्नः– वायुकाय ( पवन ) मां जीवसत्ता केवी रीतें सिद्ध करो छो ?

उत्तरपक्षः– जेम देवताउनां शरीर शक्ति प्रभावथी, तेमज मनुष्योनां शरीर अंजनादि विद्यामंत्रना प्रभावथी, अदृश्य थइजवाथी नेत्रथी देखातां नथी, तोपण विद्यमान चेतनावालां छे, तेम वायुकाय सूक्ष्म परिणाम होवाथी, परमाणुनी जेम, नेत्रथी देखातां नथी तोपण विद्यमान चेतनावालां छे. तेमज अग्निथी दग्ध पाषाणखंडगत अग्निवत्; प्रयोग आ छे. बीजाउनी प्रेरणाविना, नियमपूर्वक तिर्यक् गति होवाथी वायु चेतनावान् छे. गवाश्वादिवत् तिर्यक् गतिना नियमथी; परमाणुनी साथे व्यभिचार नथी. वली शस्त्रथी अनुपहत होवाथी वायु सचेतन छे.

वनस्पतिकायमां तो प्रत्यक्ष प्रमाणथी जीव सिद्धज छे. ते कारणथी अहिंयां तेनो विस्तार कर्यो नथी. सर्वज्ञना कथन करेलां आगमपण पृ-

थिवी जल, अग्नि, पवन, वनस्पतिमां जीवसत्ता कहे छे. तेम छतां कदापि कोइ द्वींद्रिय, त्रींद्रिय, चतुरिंद्रिय, तेमज पंचेंद्रियमां पण जीव नहि माने तो तेउनी अमान्यताथी अमने कांइ हानि नथी. आ संक्षेपथी जीवस्वरूप वर्णन कर्युं, विस्तारनी अभिलाषावालाए जैनसिद्धांत जोवा.

हवे बीजुं अजीवतत्व कहियेंछियें. अजीवनां लक्षणो जीवनां लक्षणोथी विपरीत छे. जे ज्ञानथी रहित होय, रूप, रस, गंध, स्पर्शवाला होय, नर, अमरादिगतिमां न गमन करनार होय, ज्ञानावरणीयादि कर्मना कर्त्ता न होय, तेमज ते कर्मफलना भोक्ता न होय, अने जडस्वरूप होय, ते अजीव छे. ते अजीवना पांच प्रकार छे. १ धर्मास्तिकाय, २ अधर्मास्तिकाय, ३ आकाशास्तिकाय, ४ पुद्गलास्तिकाय, ५ काल.

१ धर्मास्तिकायनुं स्वरूप आ प्रमाणे छे. जेम मत्स्यना संचारनुं अपेक्षाकारण पाणी छे, तेम जीव तथा पुद्गलने गतिपणे परिणमतां जे अपेक्षाकारण होय ते धर्मास्तिकाय छे. यद्यपि जीव तथा पुद्गल स्वशक्तिथी चाले छे, परं तु तेउने गतिसहायक गुणप्रदाता धर्मास्तिकाय पदार्थ छे. ते लोकव्यापी छे, नित्य छे, अवस्थित छे, अरूपीछे असंख्यप्रदेशी छे. ज्यां सुधी आ धर्मास्तिकाय द्रव्य छे, त्यांसुधी लोकनी मर्यादा छे. जो धर्मास्तिकाय द्रव्य न मानियें, तो लोक अलोकनी मर्यादा रहे नही. ज्यां सुधी धर्मास्तिकाय द्रव्य वर्त्तेछे, त्यांसुधी जीव, पुद्गल गति करेछे. तेनुं संपूर्ण स्वरूप जैनमतना ग्रंथो अध्ययन कर्या शीवाय जाणी शकाय नहि.

२बीजुं अधर्मास्तिकाय द्रव्य छे. तेनुं स्वरूप धर्मास्तिकाय सदृश जाणवुं, परंतु तफावत ए छे के, आ द्रव्य जीव, पुद्गलने स्थिति सहायक छे जेम पंथीजन रस्तामां चालतां थाकी जायछे, त्यारे विश्राम लेवा सारू वृक्षादिनी छायामां बेसेछे, ते प्रसंगें स्थिति तो पोतेज करेछे, परंतु आश्रय विना स्थिति थइ शकती नथी, तेम जीव पुद्गल गतिकरतां करतां स्थिति करवा प्रसंगे स्थिति तो पोतेज करेछे, परंतु अपेक्षाकारणरूप वृक्षनी छाया जेम अधर्मास्तिकाय द्रव्य छे.

३ त्रीजुं आकाशास्तिकाय द्रव्य छे. तेनुं स्वरूप पण धर्मास्तिकाय सदृश छे. परंतु विशेष आ प्रमाणे छे. आ द्रव्य लोकालोकव्यापीछे अवकाशदानलक्षण छे. जीव, पुद्गलने रहेवामां अवकाश आपेछे. आ

त्रणेद्रव्य एक बीजामां मली गयेलांछे. ज्यांसुधी आकाशास्तिकाय, धर्मास्तिकाय अने अधर्मास्तिकाय छे, त्यांसुधी लोक छे, अने ज्यां केवल आकाशास्तिकाय छे, अने बीजुं कांइ नथी, ते अलोक छे.

चोथुं पुद्गलास्तिकाय द्रव्य छे. परमाणुउंनुं नाम पण पुद्गल छे, तेमज परमाणुउंना समूहनां घट, पटादि कार्य छे, तेउंने पण पुद्गलज कहेछे. एक परमाणुमां, एकवर्ण, एकरस, एकगंध, बे स्पर्श छे, कार्य तेनुं लिंग छे. वर्णथी वर्णांतर, रसथी रसांतर, गंधथी गंधांतर, अने स्पर्शथी स्पर्शांतर थइ जायछे. परमाणु द्रव्यरूपें अनादि अनंत छे, पर्यायरूपें सादि सांत छे. परमाणुउंनां जे कार्य छे, तेउंमां कोइकतो प्रवाहथी अनादि अनंत छे, अने कोइ सादि सांत छे. जे जडरूप देखाय छे, ते सर्व परमाणुउंनां कार्य छे. सुकेली वनस्पति, तेमज अग्निप्रमुख शस्त्रोथी परिणामांतर प्राप्त थयेलां पृथिवी आदि सर्व पुद्गल छे. समुच्चय पुद्गल द्रव्यमां, पांच वर्ण, पांच रस, बे गंध, आठ स्पर्श, पांच संस्थान, छे. कालो, लीलो, रातो, पीलो, धोलो, आ पांच वर्ण छे. तीखो, कडवो, कषायेलो, खाटो, मीठो, आ पांच रस छे. सुगंध, दुर्गंध, आ बे गंध छे. खरखरो, सुवालो, हलवो, नारे, टाढो, उनो, चीकणो अने लूखो आ आठ स्पर्श छे. तेना विशेषवर्णादि थाय छे, ते सर्व एक बीजाना मेलापथी थाय छे, पुद्गलोमां अनंत शक्तिउं छे, अनंत स्वनाव छे. १ द्रव्य, २ क्षेत्र, ३ काल, ४ नाव, इत्यादि ते ते निमित्तोना मलवाथी विचित्र परिणाम तेना थाय छे.

५ पांचमुं कालद्रव्य छे. ते प्रसिद्धछे. आ पांचे द्रव्य अजीव छे. इति.

हवे पांच निमित्तनुं स्वरूप लखियेंछियें. १ काल, २ स्वनाव, ३ नियति, ४ पूर्वकृत, ५ पुरुषकार, तेउंनुं स्वरूप श्रीसिद्धसेन दिवाकर आचार्यकृत सम्मतितर्क ग्रंथमां विस्तारथी बतावेल छे. ते पांचमांथी जो एकने माने तो ते मिथ्याज्ञान, अने मिथ्या दृष्ट छे. जो पांचेना समवायने माने तो सम्यक् ज्ञान तथा सम्यक् दृष्ट छे. आ पांचे निमित्तमांहेना १ काल, २ स्वनाव, ३ नियति, आ त्रण निमित्तोनुं स्वरूप क्रियावादिना मतमां लखी आव्या छियें, ४ पूर्वकृत (कर्म) नुं स्वरूप आगल कर्म स्वरूपनो विस्तार करवामां आवशे त्यां करवामां आवशे. ५ पुरुषकार, ते जीवोनो उद्यम छे, आ पांचे निमित्तोथी जगत् प्रवृत्ति निवृत्ति थइ

रहीछे. आ पांच निमित्तोथीज जीव नरकादि गतियोमां जायछे; तेमज सुख दुःखनां फल भोगवे छे. आ पांच निमित्त विना फल प्रदाता ईश्वरादि कोइ पण नथी, जो कोइ वादि आ पांच निमित्तोना समवायने ईश्वर माने, तो तो अमे पण ईश्वर कर्त्ता मानी लेशुं, कारण के जैनमतनी तत्त्वगीतामां लखेलुं छे के, द्रव्यमां जे अनादिद्रव्यत्व शक्ति छे, तेज सर्वपदार्थोने उत्पन्न करेछे, तेमज लय करेछे, ते शक्ति चैतन्य अचैतन्यादि अनंत स्वभाववाली छे तेने ईश्वर कर्त्ता मानवाथी जैनमतने कांइ हानि थती नथी.

३ हवे पुण्यतत्वनुं स्वरूप लखियें छियें. "येन शुभप्रकृत्या आत्मकं कर्म जीवान् सुखं ददाति तत् पुण्यं" इत्यादि जेणे करी अर्थात् जे शुभ प्रकृतिथी पोते करेलां कर्म जीवोने सुख आपे छे ते पुण्य. पुण्य उपार्जन करवानां नव कारण छे, "उक्तं च स्थानांगे" अन्नपुण्णे पाणपुण्णे लेणपुण्णे सयणपुण्णे मणपुण्णे वयपुण्णे कायपुण्णे नमोक्कारपुण्णे इति सूत्रं ॥ व्याख्या १ पात्रने अन्ननुं दान आपवाथी जे तीर्थंकरनामादि पुण्य प्रकृतिनो बंध थाय ते अन्नपुण्य छे, तेवीजरीतें २ पीवाने जल आपवुं, ३ वस्त्र आपवां, ४ रहेवाने स्थानक आपवां ५ सुवा, बेसवाने आसन आपवां, ६ गुणीजनने देखी मनमां संतोष, खुशी मानवी, ७ गुणिजनोनी वचनथी प्रशंसा करवी कायाथी पर्युपासना अर्थात् सेवा करवी ए गुणि जनोने नमस्कार करवो आ पुण्य उपार्जन करवानी बाबतो कही, ते कांइ जैनमतवालाउने देवावास्ते कही, एटलुंज नहि परंतु कोइपण मतवालो अथवा कोइपण दान देवायोग्य प्राणी होय, तेने अनुकंपाथी जे कोइ दान आपे ते अवश्य पुण्य उपार्जन करे परंतु तफावत एटलो छे, के पात्रने जे दान आपवामां आवशे, ते पुण्य तेमज मोक्ष बंनेनो हेतु थशे, अने अनुकंपाथी जे बीजाने दान देवामां आवशे, ते केवल पुण्य उपार्जन करवानोज हेतु थशे. जैनमतना कोइ शास्त्रमां पुण्य करवानो निषेध नथी कारण के जैनमतना ऋषभदेवादि चोवीश तीर्थंकरो थयेला छे; तेउए दीक्षा लेतां पहेलां एकक्रोड आठ लाख सोनैया दिन दिन प्रति एकवर्षसुधी दान आपेल छे. ते कारणथी जैनमतमां प्रथम दान-

धर्म छे. जैनमतना शास्त्रमां बीजी केटलीएक रीतथी पुण्य उपार्जन थायछे एम लखेलुं छे.

४ हवे पुण्यनां फल बेंतालीश प्रकारें भोगववामां आवेछे ते बेंतालीश प्रकार लखियेंछियें. १ जेना उदयथी जीव शाता भोगवे छे ते शाता वेदनीय, २ जेना उदयथी जीव क्षत्रियादि उंचा कुलमां उत्पन्न थाय छे ते उच्चगोत्र, ३ जेना उदयथी जीव मनुष्यगतिमां उत्पन्न थाय छे ते मनुष्यगति, ४ जेना उदयथी जीव देवगतिमां उत्पन्न थाय छे ते देवगति, ५ वक्रगतिए परभवमां जतां, बलदने नाथ घालीने सिधो चलाववानी जेम, जे उपजवाने स्थानकें जीवने पहोंचाडे तेने आनुपूर्वी कहे छे. मनुष्य गतिमां जीवने लाववाने उदयमां आवे ते मनुष्यानुपूर्वी, ६ देवानुपूर्वी, ७ जेना उदयथी जीव पंचेंद्रियपणुं पामे छे ते पंचेंद्रियजाति, हवे पांच जातनां शरीर कहियेंछियें. ८ जेना उदयथी जीव औदारिक वर्गणानां पुद्गलो ग्रहण करीने औदारिक शरीरनी रचना करे छे, अर्थात् औदारिक शरीरपणे परिणमावे छे, ते औदारिक शरीर, तेवीजरीतें ९ वैक्रियशरीर. १० आहारक शरीर, ११ तैजसशरीर, १२ कार्मणशरीर, एम पांच शरीरनी प्रकृतिउनो अर्थ समजवो. तथा अंगोपांग त्रण छे. तेमां अंग, शिरप्रमुख, उपांग, आंगली प्रमुख, बाकीनां अंगोपांग छे. जेम के १ शिर, २ छाति, ३ पेट, ४ पीठ, ५-६ बंने हाथ ७-८ बंने साथल, आ आठ अंग छे, आंगली प्रमुख उपांग छे, नखादि अंगोपांग छे. जेना उदयथी जीवने प्रथमना त्रण शरीरना अंगोपांगनी उत्पत्ति थाय, तेनां नाम, १३ औदारिक अंगोपांग, १४ वैक्रिय अंगोपांग, १५ आहारक अंगोपांग, १६ जेना उदयथी जीव प्रथमनुं संहनन जेनुं नाम वज्रऋषभ नाराच छे, ते प्राप्त करे छे, तेनुं स्वरूप आ प्रमाणे छे. वज्रनाम कीलिका ( खीली ) छे, तथा ऋषभ एटले परिवेष्टन पट्ट अर्थात् उपर लपेटवाना हाडरूप पाटो, तथा नाराच, ते मर्कटबंध, आ त्रणे रूपथी जे उपलक्षित छे तेने वज्रऋषभ नाराच संहनन कहे छे, हाडना संचय सामर्थ्यनुं नाम संहनन छे. आ संहनन औदारिक शरीरवालाउमांज होय छे. १७ जेना उदयथी जीवने प्रथमना समचतुरस्र संस्थाननी प्राप्ति थाय, तेनुं स्वरूप आ प्रमाणे. सम अर्थात् तुल्य, जेनुं शरीर चारे बाजुएथी तुल्य, लक्षणयुक्त, प्रमाण

सहित, सुंदर आकार, पोताना आंगल प्रमाणे एकसो आठ आंगल प्रमाणशरीर थाय ते; हवे वर्ण, रस, गंध, अने स्पर्श, कहियें बियें. १८ कृष्णादिवर्ण, १९ तिक्तादिरस, २० सुरभ्यादिगंध, २१ मृदु आदि स्पर्श, जेना उदयथी शुभ होय, २२ जेना उदयथी मध्यम वजनदार शरीरनी प्राप्ति थाय, अर्थात् लोहनी जेम अत्यंत भारे नहि, अने आकडाना कपासनी जेम अति हलकुं पण नहि, परंतु मध्यमपरिणामी होय, तेने अगुरु लघु नामकर्म कहीयें. २३ जेना उदयथी बीजाने हणीशके, तथा शरीरनी आकृति एवी होय के जेने देखीने बीजाउने अभिभव अर्थात् असामर्थ्यता थाय ते पराघातनामकर्म कहीयें, २४ जेना उदयथी उछ्वासनलब्धि, अर्थात् श्वासोछ्वास लेवानी शक्ति जीवने थाय छे, ते उछ्वासनामकर्म, २५ जेना उदयथी जीवनुं शरीर प्रकाशवालुं तथा सूर्यना बिंबनी जेम बीजाने ताप उत्पन्न करवाना हेतुरूप तेजयुक्त शरीरनी प्राप्ति थाय छे, ते आतपनामकर्म, २६ जेना उदयथी चंद्रबिंबनी जेम शीतलताने उत्पन्न करवाना हेतुरूप तेजयुक्त शरीरनी प्राप्ति थाय, ते उद्योतनाम कर्म; २७ जेना उदयथी जीवने विहायस्नाम आकाश, तेमां जे गति, ते विहायोगति, ते गति राजहंससदृश होय, ते सुविहायोगति नामकर्म, २८ जेना उदयथी जीवने शरीरनां अंगोपांग आदिने नियतस्थानमां स्थापन करनार सूत्रधार ( कारीगर ) समान, अर्थात् नसो, जाल, मस्तकनी खोपरी, हाड, चक्षु, कान, केश, नखादि शरीरना सर्व अवयवो योग्यस्थानें रचनार नामकर्मनी प्राप्ति थाय ते निर्माणनामकर्म, २९ जेना उदयथी जीवने त्रसपणानी प्राप्ति थाय, ते त्रसनामकर्म, उष्णप्रमुखथी तप्त थतां विवक्षित स्थान तजी छाया प्रमुखमां गति करे, तेमज द्वींद्रियादि पर्यायनां फल भोगवे, ते त्रस. ३० जेना उदयथी जीव बादर ( स्थूल ) शरीरवाला थाय, ते बादर नामकर्म, ३१ जेना उदयथी जीव पूर्वें कहेली छ पर्याप्ति पूर्ण करे छे, ते पर्याप्त नामकर्म, ३२ जेना उदयथी एक एक जीवने एक एक शरीर प्राप्त थाय छे, ते प्रत्येक नामकर्म, ३३ जेना उदयथी जीवने हाडप्रमुख अवयवो स्थिर, निश्चल होय छे, ते स्थिरनामकर्म, ३४ जेना उदयथी जीवने मस्तकप्रमुख अवयवो शुभ होय छे. ते शुभनामकर्म, ३५ जेना उदयथी सौभाग्यवान्

अर्थात् सर्वलोकने प्रिय जीव थाय, ते सुभगनामकर्म, ३६ जेना उदयथी जीवनो स्वर कोयलनी सदृश मीठाशवालो थाय ते सुस्वरनामकर्म, ३७ जेना उदयथी जीवनुं वचन उपादेय अर्थात् सर्वलोकने माननीय थाय, ते आदेयनामकर्म, ३८ जेना उदयथी विशिष्ट कीर्त्ति तथा यश जगत्मां जीवनी विस्तार पामे ते यशःकीर्त्तिनामकर्म, ३९ जेना उदयथी जीवनी चोसठ इंद्रो पूजा करे, तेमज त्रिभुवनमां पूज्यपणुं जेनाथी जीवने प्राप्त थाय, तेमज धर्म तीर्थनी प्रवर्त्तना जेनाथी थाय, ते तीर्थंकर नामकर्म, ४० तिर्यंचोनुं आयु, ४१ मनुष्यआयु, ४२ देव आयु, आ त्रण आयुनी प्रकृति आयुकर्मनी छे. जेना उदयथी जीव ते ते गतिमां जइ ते ते भवमां स्थिति करे छे, आ बेतालीश प्रकारथी पुण्यफल जीवने भोगववामां आवे छे.

४ हवे पापतत्वनुं स्वरूप लखियें छियें. येनाशुभप्रकृत्या आत्मकं कर्म जीवान् दुःखं ददाति तत् पापं" जे अशुभप्रकृतिथी पोते करेलां कर्म जीवोने दुःख आपे ते पाप, तेमज आत्माना आनंदरसने पीये (भस्म करे) ते पाप. तथा पुण्यथी विपरीत, ते पाप, आ पाप नरकादिफल प्रवर्त्तक होवाथी अशुभ छे, पुण्यनी जेम तेनो आत्मानी साथेज संबंध छे, कर्मपुद्गलरूप छे. अगर जो के बंधतत्त्व अंतर्भूतज पुण्यपापा छे, तो पण तेउनुं स्वरूप पृथक् पृथक् नानाविध, परमतभेदनिरासार्थ कहेवामां आवेलुं छे. परमतभेद आ प्रमाणे छे. केटलाएक मतवाला कहेछे के केवल एक पुण्यज छे, परंतु पाप नथी, कोइमतवादी कहेछे के एक पापज छे, पुण्य नथी. वली कोइ मतवादी एम पण कहेछे के मेचकमणि जेम पुण्य पाप बंने परस्पर अनुविद्ध स्वरूपछे, तेथी मिश्र सुखदुःखफलना हेतु छे; ते कारणथी साधारण पुण्यपाप एकवस्तुज छे, वली केटलाएक कहेछे के मूलथी कर्मज नथी. जगत्मां सर्व विचित्रता स्वभावथीज सिद्ध छे. पूर्वोक्त सर्वमतो मिथ्या छे. कारण के सुख दुःख बंने पृथक् पृथक् अनुभववामां आवेछे. ते कारणथी तेउना कारणभूत पुण्य पाप पण स्वतंत्रज अंगीकार करवा योग्य छे, परंतु एकलुं पुण्य, के एकलुं पाप, के एकलुं पुण्यपाप मिश्र मानवुं ठीक नथी.

कर्मअभाववादी नास्तिक तेमजवेदांती कहे छे के पुण्यपाप, आका-

शनां फुलसमान असत् छे, सत् नथी तो हवे पुण्यपापनां फल भोगववानां स्थान स्वर्ग, नरक केम मानी शकाय ?

उत्तरपक्षः– पुण्यपापनो अभाव मानशो तो सुख दुःख निर्हेतुक उत्पन्न मानवां पडशे, तेम मानवामां प्रत्यक्ष विरोध आवे छे. जुओ. मनुष्यपणुं सदृश छे, परंतु कोइ स्वामीछे, कोइ सेवकछे; कोइ लाखोनां उदर पोषण करेछे, कोइ पोतानुं पण उदर पोषण करी शकतो नथी; कोइ देवतानी पेठे निरंतर सुख भोगविलास करे छे, कोइ नारकीनी पेठे निरंतर दुःख भोगवी रह्या छे. ते कारणथी अनुभूयमान सुख दुःखना निबंधनभूत पुण्य पाप अवश्य मानवां जोइयें. ज्यारे पुण्य पाप मान्यां, त्यारे तेओना अत्यंत उत्कृष्ट फल भोगववानां स्थान स्वर्ग, नरक पण मानवां जोइशे. जो तेम नहि मानशो तो अर्द्धजरतीय न्यायनो प्रसंग आवशे, अर्धुं शरीर वृद्ध, अर्धुं जुवान. ते बाबतमां प्रयोग अर्थात् अनुमानपण छे. सुख दुःख कारणपूर्वक छे, अंकुर जेम कार्य होवाथी, तेवास्ते जे सुख दुःखनां कारण छे, ते मानवां जोइयें, जेम अंकुरनां बीज.

पूर्वपक्षः–नीलादि जे मूर्त्त पदार्थ छे, ते स्वप्रतिभासि अमूर्त्त ज्ञाननां जेम कारण छे, तेम अन्न, फूलमाला, चंदन, स्त्रीप्रमुख मूर्त्त दृश्यमानज सुख अमूर्त्तनां कारण छे, सर्प, विष, कंडू (खस) आदि दुःखनां कारण छे. तो हवे शावास्ते अदृश्य पुण्यपापनी कल्पना करोछो ?

उत्तरपक्षः–आ तमारूं कहेवुं अयुक्त छे, कारण के ते कथनमां व्यभिचार छे. जुओ. बे पुरुषोनी पासे तुल्य साधन छे, तोपण फलमां अत्यंत तफावत देखवामां आवेछे. तुल्य अन्नादि भोगववामांपण कोइने आह्लाद (हर्ष) तथा शरीरपुष्टि थायछे, अने बीजाने रोगोत्पत्ति थायछे. आ फलभेद अवश्य सकारणछे; नहितो नित्य सत् नित्य असत् थवुं जोइयें, कारण के जे वस्तु (कार्य) कदी थाय, कदी न थाय, ते कारणविना कदापि तेम थतां नथी, अथवा कारणानुमानथी कार्य, पुण्य पाप जाणी शकायछे, त्यां कारणानुमान आ छे, दानादि शुभ क्रियानां, तेमज हिंसादि अशुभ क्रियानां फलभूत कार्य, कृष्यादि क्रियावत् कारण होवाथी छे. जे आ क्रियाओनां फलभूत कार्य छे, ते पुण्य पाप जाणवां. जेम खेती करवानी क्रियानां फल, कमोद, जुवार, घउं प्रमुख छे.

पूर्वपक्षः—जेम कृष्यादि क्रियानां दृष्ट फल कमोद प्रमुखछे, तेम दाना-दि, तेमज पशुहिंसादि क्रियानां दृष्टफल श्लाघा, मांसभक्षण, निर्दयता आदिछे, तो हवे शावास्ते अदृष्ट पुण्यपापनां फल कल्पवां जोइयें? कारणके जनसमुदाय विशेषें करी दृष्ट फलमांज प्रवृत्त थायछे, खेती, वेपार प्रमुख हिंसादि क्रियामां बहु लोको प्रवर्त्ते छे, अने अदृष्ट दान फलादि क्रियामां थोडा लोक प्रवर्त्तेछे. ते कारणथी कृषि हिंसादि अशुभ क्रियाउनां अदृष्ट फल पापरूप अमे मानता नथी.

उत्तरपक्षः—जो आ तमारूं कथन वास्तविक होय, तो तो परभवमां फलना अभावथी मरण अनंतरज सर्व जीव प्रयत्नविना मोक्ष प्राप्त करशे. तथा संसार प्रायः शून्य थइ जशे, संसारमां कोइपण दुःखी होशे नहि, मात्र दानादि शुभ क्रियाना करनारा, तेमज तेनां फल भोगवनारा रहेशे; परंतु तेम नथी, संसारमां दुःखी बहुज देखवामां आवेछे, अने सुखी थोडाज देखायछे, ते कारणथी साबीत थायछे के कृषि, वाणिज्य, हिंसादि क्रिया निबंधन अदृष्ट पापरूप फल दुःखी जीवोने छे, अने दानादि अदृष्ट पुण्यफल सुखी जीवोने छे.

प्रश्नः—जे सुखीछे ते हिंसादि क्रियाथी, अने जे दुःखीछे ते दानादि क्रियाथी एम केम न बने?

उत्तरः—एम बनतुं नथी, कारणके हिंसादि अशुभ क्रिया करनारा बहु छे, अनेदानादि शुभ क्रिया करनारा थोडाछे, आ कारण अनुमानछे. हवे कार्य अनुमान कहियें छियें. जीवोमां आत्मत्व समान छतां नर पशु आदि देहोमां कारणनी विचित्रताथी कार्य विचित्र देखायछे, जेमके घटनां दंड, चक्र, चीवरादि सामग्री संयुक्त कुंभकार; हवे एम पण कहेवाय के, देखाय छे जे माता, पिता ते आ देहनां कारण छे, परंतु पुण्य पाप नथी, कारण के मातापिता एकज छे छतापि पुत्रोना देहोमां विचित्रता देखायछे, आ विचित्रता, अदृष्ट (शुभाशुभ कर्म) विना थइ शकती नथी. ते कारणथी जे शुभ देह छे, ते पुण्यनुं कार्य छे, अने अशुभ देहछे ते पापनुं कार्यछे, आ कार्यानुमान सिद्धछे. सर्वज्ञ वचन प्रमाणथी पुण्यपापनीसत्ता पण सिद्धछे. विशेष जाणवानी इच्छावालाए विशेषावश्यकनी टीका जोवी.

पाप, प्राणातिपात आदि अढार पापस्थानकोथी बंधायछे, अने ते

ब्याशी प्रकारथी जोगववामां आवेछे. ते ब्याशी प्रकार आ प्रमाणे छे. पांच ज्ञानावरण, पांच अंतराय, नव दर्शनावरण, छवीश मोहनीय प्रकृति, चोत्रीश नामकर्मप्रकृति, एक अशाता वेदनी, एक नरकायु. एक नीचगोत्र, सर्व मली ब्याशी प्रकार थया तेउंनुं विस्तारथी स्वरूप लखियेंछियें.

ज्ञानावरण कर्मनी पांच प्रकृति छे. ज्ञानना पांच प्रकार छे १ मतिज्ञान, २ श्रुतज्ञान, आ बंने अनिलाप प्लावितार्थ (वाणीतर्क) ग्रहण रूप ज्ञान छे. ३ अवधिज्ञान, इंद्रियोनी अपेक्षाविना आत्माने रूपी विषयक साक्षात् अर्थग्रहण करनारुं ज्ञान, ४ मनः पर्यवज्ञान, मनमां चिंतित अर्थने साक्षात् ग्रहण करनारुं ज्ञान, ५ केवलज्ञान, लोकालोकना सकल पदार्थस्वरूपनासन करनारुं ज्ञान. आ पांचे ज्ञाननां जे आवरण ते ज्ञानावरण छे, १ मतिज्ञानावरण, २ श्रुतज्ञानावरण, ३ अवधिज्ञानावरण, ४ मनः पर्यवज्ञानावरण, ५ केवलज्ञान आवरण. १ जेना उदयथी जीव मतिहीन, निःप्रतिज्ञा होय ते मतिज्ञानावरण, २ जेना उदयथी जीवने कांइपण जणतां न आवडे ते श्रुतज्ञानावरण, ३ जेना उदयथी अवधिज्ञान न थाय, ते अवधिज्ञानावरण, ४ जेना उदयथी मनः पर्यवज्ञान न थाय ते मनःपर्यवज्ञानावरण, ५ जेना उदयथी केवल ज्ञान न थाय ते केवलज्ञानावरण.

हवे अंतराय कर्मनी पांच प्रकृति कहियें छियें. १ जेना उदयथी, आपवानी वस्तु पण छे, गुणवान् पात्र पण छे, दाननुं फल पण आपनार जाणे छे, परंतु दान आपी शकतो नथी, ते दानांतराय, २ जेना उदयथी, देवा योग्य वस्तु पण छे, दातारपण बहुज प्रसिद्ध छे, मागनारपण मागवामां अत्यंत कुशल छे छतांपि मागनारने कांइ पण न मले, ते लाभांतराय, ३ जेना उदयथी, एकवार जोगववायोग्य वस्तु आहारादि विद्यमान पण छे, परंतु जीवथी जोगवी न शकाय, ते जोगांतराय, ४ जेना उदयथी, वारंवार जोगववा योग्य वस्तु शयन, अंगनादि विद्यमान पण छे, परंतु जीवथी जोगवी न शकाय, ते उपजोगांतराय, ५ जेना उदयथी युवान, रोगरहित, पुष्टांग, तथा बलवान् छतां पण पोतानी शक्ति फोरवी शकाय नहि, ते वीर्यांतराय.

हवे दर्शनावरण कर्मनी नव प्रकृति कहियें छीयें. सामान्य अवबो-

तेउमां गम्य अगम्यनो विचार छे, तेवीजरीतें उंचनीचपणाना विन्नागनो विचार छे. आ व्यवहार ब्राह्मण तथा जैनियोये चलाव्यो नथी, परंतु ते जीवोना नलां, बुरां कर्मोना उदयथी चालेलो छे. आ प्रमाणे परस्पर जातियोमां खान पान नहिं करवानो व्यवहार मिसर देशमां पण हतो, तेथी सिद्ध थाय छे के उंच नीच गोत्रना प्रन्नावथीज उंच नीच जाति, कुल थाय छे.

तथा आयुकर्मनी नरक आयुनी प्रकृति पापमां गणायछे. नरकशब्दनी व्युत्पत्ति आ प्रमाणे छे. "नरान् प्रकृष्टपापफलन्नोगाय गुरुपापकारिणः प्राणिनोनरानित्युपलक्षणत्वात् कायंति शब्दयंतीति नरकास्तेष्वायुस्तद्भवप्रायोग्यसकलकर्मप्रकृतिविपाकानुन्नवकारणं प्राणधारणं यत्तन्नरकायुष्कं तद्विपाकवेद्यकर्मप्रकृतिरपि नरकायुष्कमिति ॥"

तथा वेदनीकर्मनी अशाता वेदनी पापप्रकृतिमां गणायछे. अशातानाम दुःखनुं छे, जेना उदयथी जीव दुःख न्नोगवे छे ते अशातावेदनी छे. आ प्रमाणे.

ज्ञानावरण पांच, अंतराय पांच, दर्शनावरण नव, मोहनी छवीश, नामकर्मनी चोत्रीश, नीच गोत्र एक, नरकायु एक, अशातावेदनी एक, सर्व मली व्याशीन्नेदें पापफल न्नोगववामां आवेछे. इति.

हवे आश्रवतत्त्वनुं स्वरूप लखियें छियें. "आश्रवन्ति, आगछन्ति कर्माणि जीवेषु येन सआश्रवः" जेनाथी जीवोने कर्मनी प्राप्ति थाय ते आश्रव १ असत् देव, २ असत् गुरु, ३ असत् धर्म, तेउविषे सत् देव, सत् गुरु अने सत् धर्म एवी जे रुचि ते मिथ्यात्व, तथा हिंसादिथी न निवर्त्तवुं, ते अविरति, तथा मद्यप्रमुख ते प्रमाद, तथा क्रोधादि ते कषाय, अने मन, वचन, कायानो व्यापार ते योग, आ मिथ्यात्व, अविरति, प्रमाद, कषाय, योग, पांचे पुनर्बंधक जीवना ज्ञानावरणीय आदि कर्मना बंधना हेतु छे, तेउने जैनमतमां आश्रव कहेछे. ते मिथ्यात्वादि शुन्नाशुन्न कर्मबंधना हेतु होवाथी तेज आश्रव छे. आ तात्पर्य छे.

प्रश्नः-प्रथम, बंधोनो अन्नाव छतां, आश्रवनी उत्पत्ति केम होय? जो कहो के आश्रवथी पहेलां बंध छे, तो तो ते बंध पण आश्रवहेतु

विना थइ शकतो नथी. कारण के जे जेनो हेतु छे, ते तेनो अभाव छतां थइ शकतो नथी, जो होय तो, अतिप्रसंग दूषण आवशे.

उत्तरः—आ कहेवुं असत् छे, कारणके आश्रवने पूर्वबंधनी अपेक्षाए कार्यपणुं छे,अने उत्तरबंध अपेक्षाए कारणपणुं छे, तेवीजरीतें बंधने पण पूर्वउत्तर आश्रवनी अपेक्षाए कार्यत्व, कारणत्व जाणवुं, बीजांकुरनी जेम. बंध, आश्रव बंनेने परस्पर कार्यकारणभावनो संबंध छे; तेथी अहींयां इतरेतर दूषण नथी. प्रवाह अपेक्षाए बंने अनादि छे.

आश्रव पुण्यपापनो बंधहेतु होवाथी बे प्रकारें छे. आ बंने प्रकारना मिथ्यात्वादि उत्तर भेदोना उत्कर्ष, अपकर्ष अर्थात् अधिक, न्यूनपणाथी अनेक प्रकार छे. आ शुभाशुभ मन,वचन, कायाना व्यापार रूप आश्रवनी सिद्धि पोताना आत्मामां स्वसंवेदनादि प्रत्यक्षथी छे, अने बीजाउमां वचन अने कायाना व्यापारनी प्रत्यक्षथी सिद्धि छे, बाकीनाउनी तेना कार्यथी उत्पन्न थता अनुमानथी जाणवी, तेमज आप्तप्रणीत आगमथी पण जाणवी.

आश्रवना उत्तरभेद बेंतालिश छे. पांच इंद्रिय. चार कषाय, पांच अव्रत, पचीशक्रिया, त्रणयोग.

जीवरूप तलावमां, कर्मरूप पाणी जेनाथी आवे, ते आश्रव. ते गरनालां प्रथम तो पांच इंद्रिय छे. तेनुं स्वरूप कहिये छियें १ स्पर्शियें स्वविषय स्पर्शलक्षण, जेनाथी, ते स्पर्शनेंद्रिय, २ "रस्यते आस्वाद्यते रसोऽनयेति" आस्वादिये, रस लहियें जेनाथी, ते रसना ( जिव्हा ) इंद्रिय, ३ सूंघीए गंध जेनाथी, ते घ्राणेंद्रिय, ४ चक्षु ते नेत्रेंद्रिय, ५ सांभलीये शब्द जेनाथी, ते श्रोत्रेंद्रिय. मूलभेदनी अपेक्षाथी आ पांच इंद्रिय, आश्रवनां पांच कारण छे.

"क्रुध्यति कुप्यति" सचेतन, अचेतन वस्तुउ उपर जेणें करी प्राणी सनिमित्त, निर्निमित्त कोप करे ते क्रोध मोहनीयकर्म छे, तेनो उदय ते पण क्रोध छे. तथा मान ते मृदुतानो अभाव, तेना बे प्रकार छे. प्राप्त थयेली वस्तुउवडे जे अहंकार थाय ते मद, अने अप्राप्त छतां अहंकारी वृत्ति ते मान. ते मदना आठ प्रकार छे. १ जातिमद, २ कुलमद, ३ बलमद, ४ रूपमद, ५ ज्ञानमद, ६ लाभमद, ७ तपमद, ८ ऐश्वर्यमद,

१ पोतानी माताना पक्षनो अहंकार करे, जेम के मारी माता मोटा घरवालानी दीकरी छे, इत्यादि. एवीरीतें पोताने उंचा मानी श्लाघा करे अने बीजाउंनी ते बाबतमां निंदा करे ते जातिमद. २ पोताना पिताना पक्षनुं अभिमान करे, जेमके मारा पितानुं कुल उंचुं छे, अने बीजाउंनी ते बाबतमां निंदा करे, ते कुलमद. ३ पोताना बलनुं अभिमान करे, अने बीजाना बलनी निंदा करे ते बलमद. ४ पोताना रूपनुं अभिमान करे, अने बीजाना रूपनी निंदा करे ते रूपमद. ५ पोताने महाज्ञानी माने, अने बीजाने तुछमति माने ते ज्ञानमद, ६ तप करीने अभिमानथी पोताना मनमां माने के मारा समान कोइ तपस्वी नथी ते तपमद. ७ पोते पोताने मोटो नशीबदार माने, अने बीजाने हीनपुण्यवाला समजे ते लाभमद. ८ पोतानी ठकुराइनुं अभिमान करे. अने बीजाने घास फुस समान गणे ते ऐश्वर्यमद. ते प्रमाणे मानना पण समजवा. तथा "मयति गछति" जायछे जे जे विकारोथी बीजाने ठगवावास्ते जीव ते माया कहेवाय छे. तथा जेनाथी परधन प्राप्त करवामां जीवने गृद्धिपणुं होय, ते लोभ कहेवाय छे ते चारे कषाय कहेवाय छे.

हवे पांच अव्रतनुं स्वरूप कहिये छियें. पांच इंद्रिय, त्रण बल, मनबल, वचन बल, कायबल, तथा श्वासोछ्वास अने आयु, आ दश प्राण छे. ते दश प्राणना योगथी जीवने पण प्राण कहिये. ते प्राणोनो जे वध अर्थात् नाश ते प्रथम प्राणवध याने जीवहिंसा जाणवी. २ मृषावाद अर्थात् जुठुं बोलवुं. ३ अदत्तादान अर्थात् बीजानी वस्तु चोरी लेवी. ४ मैथुन (अब्रह्मसेवन) स्त्री पुरुषनुं जोडुं ते मिथुन, ते बंनेना मेलापथी जे कर्म थाय ते मैथुन. ५ परिग्रह सर्व बाजुएथी ग्रहण याने एकत्र करीयें, चार गतिनां निबंधन कर्म जेनाथी ते परिग्रह. आ पांच अव्रतना चार चार भांगा छे तेनुं स्वरूप लखिये छियें.

प्रथम हिंसाना चार भांगानुं स्वरूप, १ ड्रव्यें हिंसा, परंतु भावें नहि, २ ड्रव्यें हिंसा नहि, परंतु भावें छे, ३ ड्रव्यें हिंसा अने भावें पण हिंसा, ४ ड्रव्यें हिंसा नहि, अने भावें पण नहि. प्रथमना भंगनुं स्वरूप एवुं छे के साधुने समाचारी, प्रतिलेखना करतां, मार्गमां विहार करतां, नदी प्रमुख उतरतां, नावमांबेसी नदी ओलंगता, नदीमां साध्वी आदिने

तणाता, काढतां, वरसाद वरसते थंडील जतां, ग्लान साधुओनी वरसादमां लघुशंकाने परठवता, गुरुनां शरीरने वातप्रमुख व्याधिने प्रसंगें तथा थाक लागवाथी मुठी चंपीकरतां जे हिंसा थाय छे ते द्रव्यहिंसा छे. तथा श्रावकोने पण जिनमंदिर बनावतां, जिनपूजा करतां साधर्मिवात्सल्य करतां, तीर्थयात्रा करतां, रथयात्रा करतां, अठाइमहोत्सव करतां, प्रतिष्ठा तेमज अंजन शलाका करतां, भगवान् तेमज गुरूनी सन्मुख सामैयुं करी जतां, इत्यादि कर्तव्य करतां जे हिंसा थाय छे ते सर्वे द्रव्यहिंसा छे, परंतु भावहिंसा नथी. तेनुं फल अल्प पाप अने बहु निर्जरा छे, एम श्रीभगवतीसूत्रमां कहेलुं छे. आ हिंसा थाय छे ते प्रसंगे साधुआदिना परिणाम बहुज सुंदर छे, माठा अध्यवसाय नथी, अने उपयोगयुक्त वर्त्तन छे तेथी द्रव्यहिंसा छे.

प्रश्नः—यज्ञादिमां गौ, अश्वप्रमुख जीव मारवामां आवेछे, तेपण द्रव्य हिंसा केम नहि ? तेनो उत्तर मीमांसक मतखंडनमां लखेलो छे.

बीजा भंगनुं स्वरूप एवुं छे के जे पुरुष उपरथी तो शांतरूप देखाय छे, परंतु तेना अंतःकरणना अध्यवसाय महामलीन, हिंसामय छे, जेम के तेनी चाहना एवी थाय के, मारा शत्रुनुं मरण थाय, तेना कुटुंबमां मरकी चाले, तेना घरमां आग लागे, ते नदीमां डुबी जाय, तेना पुत्र स्त्रीनो नाश थाय, तथा बीजा अनेक प्रकारें जीवहिंसा करवानां कामनो संकल्प विकल्प करे, तेवा विचारोमां प्रवर्त्तवाथी, हिंसा तो करतो नथी, तेथी द्रव्यें हिंसा नथी, परंतुतेना अध्यवसाय हिंसामय होवाथी ते भावें हिंसा छे, अने तेथी ते जीव हिंसक छे. तेनुं फल अनंताकाल सुधी संसारमां परिभ्रमण करवुं तेज छे.

त्रीजा भंगमां इंद्रियोना विषयोमां तेमज कषायमां अत्यंत गृद्ध थइ जीवहिंसा करवी, जेमके कसाइ थवुं, शिकार करवा, विश्वासघातप्रमुख करी जीव जाय तेवां काम करवां, तथा पंदर कर्मादान प्रमुख अनाचरणीय जीव हिंसानां काम करवां, अने तेथी लाभ थतां मनमां आनंद मानवो. आ द्रव्यें हिंसा तथा भावें पण हिंसा छे,तेनुं फल, संसार परिभ्रमण तथा दुर्गति छे.

चोथा ज्ञंगमां द्रव्यें पण हिंसा नहि, अने ज्ञावें पण हिंसा नहि. आ ज्ञंगशून्य छे. आ ज्ञंगवालो जीव संसारमां कोइ पण न होय.

मृषावादना पण चार ज्ञंग छे. तेनुं स्वरूप कहियें छियें. १ साधु रस्तामां चाल्या जायछे, तेनी आगल थइ जंगलनी गायो तथा मृग प्रमुखनुं टोलुं चाल्युं जायछे. टोलानी शोध करतो कोइ शिकारी बंदुक प्रमुख शस्त्र लइ चाल्यो आवे छे, ते शिकारी ते जीवोनो शिकार करवा वास्ते साधुने पुछे छे के तमे अमुक जीवोने जता देख्या छे? साधु ते शिकारीना सवालनो जवाब नहि देतां मौन रहे छे. शिकारी जवाब मेलववासारू साधुपर हुमलो करे छे. तथा मारेछे, तेवे प्रसंगे साधु कहे छे के में तो टोलाने जतां देखेल नथी. यद्यपि साधुनुं आ बोलवुं द्रव्यें जूठुं छे, परंतु ज्ञावें जूठुं नथी, कारण के जे इंद्रियोना ज्ञोगने वास्ते तेमज लोज्ञादि कषायथी जूठुं बोले छे तेज ज्ञावें जूठुं छे, परंतु साधुनुं जूठुं बोलवुं तो निरपराधी प्राणीउंनी दयावास्तेज थयेलुं छे, तेथी वास्तवमां ते मृषावाद नथी.

बीजा ज्ञंगमां कोइ मनुष्य मुखथी तो कांइ बोलतो नथी, परंतु बीजाने ठगवावास्ते मनमां अनेक विकल्प करेछे. आ द्रव्यथी मृषावाद नथी परंतु ज्ञावें मृषावाद छे. त्रीजाज्ञंगमां मुखथी असत्यवचनो बोले छे, अने अंतःकरणमां छलकपट करवाना मलीन अध्यवसाय पण छे. आ द्रव्यें तथा ज्ञावें मृषावाद छे. चोथो ज्ञंग पूर्ववत् शून्य छे.

हवे चोरीना चार ज्ञंगनुं स्वरूप कहियें छियें. प्रथम ज्ञंगमां—एक स्त्री शीलवंती छे, तेनो शील ज्ञंग करवा कोइ दुष्ट परिणामवालो राजा ते स्त्रीने पकडी पोताना कबजामां राखेछे, ते हकीकत कोइ धर्मि पुरुषना जाणवामां आवतां, ते स्त्रीना शीलनुं रक्षण करवावास्ते, ते स्त्रीने, ते पुरुष, ते राजाना कबजामांथी राज्य बहार लइ जाय तो व्यवहारथी तो ते राजानी ते पुरुषें आज्ञाज्ञंगरूप चोरी करी छे, परंतु वास्तवमां ते चोरी नथी. वली कोइपुरुष पोताना घरमां द्रव्य राखी, घरनां द्वार बंध करी परदेश गयेल छे, गाममां चोरनो उपद्रव थवाथी, ते परदेश गयेला सख्सनुं द्रव्य चोराइ जशे, एम तेना कोइ हितचिंतकने लागवाथी, रात्रिने समये ते परदेश गयेलाना घरनां द्वार खोली तेनु सघलुं द्रव्य,

ते पोताने घेर पाछो आवेथी तेने आपवानी बुद्धिपूर्वक लइ, पोताना घरमां राखेछे, आ दृष्टांतमां बीजानुं द्रव्य, तेनी रजा शिवाय, तेना कबजामांथी लइ लेवाथी द्रव्यें चोरी थायछे, परंतु बदयानतनो अभाव होवाथी भावेंचोरी थती नथी तेवीरीतें बीजी बाबतमां पण समजवुं.

बीजाभंगमां कोइ पुरुष चोरी तो करतो नथी, परंतु चोरी करवाना अध्यवसाय तेना मनमां थया करेछे, ते द्रव्यथी चोरी नहि, परंतु भावें चोरी छे. वळी वीतराग सर्वज्ञ परमात्मानी आज्ञाना भंग करनाराओने पण भावचोर कहेलाछे. त्रीजा भंगमां, कोइ पुरुष चोरी करेछे, तेमज तेनो अध्यवसाय पण चोरी करवानो छे ते द्रव्यें तथा भावें चोरी छे. चोथो भंग पूर्ववत् शून्य छे.

हवे मैथुनना चारभंग कहियें छियें. जे साधु जलमां डुबती साध्वीने देखीने, तेने काढवाने वास्ते पकडे, तेमज कोइ गृहस्थ उंचेथी पडीजती कोइ स्त्रीने तेना रक्षणार्थे पकडे, तेमज कोइगांडी थइ गयेली नुकशान करती स्त्रीने पकडे, तेवा प्रसंगोमां पकडवुं ते द्रव्यें मैथुन छे. परंतु भावें नथी. बीजा भंगमां—कोइ पुरुष, स्त्रीने भोगवतो नथी, परंतु तेना मनमां स्त्रीसेवन करवानी अभिलाषा बहुज रह्या करेछे, ते द्रव्यें मैथुन नहि, परंतु भावें मैथुन छे. त्रीजा भंगमां—स्त्रीसाथे मैथुन अभिलाषापूर्वक करवुं ते द्रव्यें तथा भावें मैथुन छे. चोथो भंग पूर्ववत् शून्य छे.

हवे परिग्रहना चार भंग कहियें छियें. कायोत्सर्गमां स्थित रहेला कोइ मुनिना गलामां कोइ सख्स हारादि आभूषण पहेरावी दे, ते जोइने बीजा अजाण्या पुरुषो, मुनिने परिग्रहवाला धारे, परंतु मुनिने ते पदार्थपरपरिग्रहबुद्धि नथी तेवा प्रसंगमां द्रव्यें परिग्रह कहेवाय, परंतु मुनि भावें परिग्रही नथी. बीजा भंगमां—कोइपुरुष पासे एक कोडी पण नथी परंतु धन मेलववानी बहुज अभिलाषा रह्या करे, ते भावें परिग्रही छे. द्रव्यें नहि. त्रीजा भंगमां—धनपण पासे होय, अने धन मेलववानी अभिलाषा पण रह्या करे, ते द्रव्यें तथा भावें परिग्रही छे. चोथो भंग पूर्ववत् शून्य छे. सर्वभंगमां बीजो तथा त्रीजो भंग निश्चयथी अविरतिरूप छे.

हवे पचीश क्रियानुं स्वरूप लखियें छियें १ शरीरथी जे क्रिया थया

करे, ते कायिकी क्रिया. २ कसाइ प्रमुख शस्त्रथी परजीवोने उपघात करी पोताना आत्माने नरकगतिमां जवाना अधिकारी करे ते अधिकरण क्रिया. ३ जीव तथा अजीव उपर द्वेषनी चिंतवना करवी ते प्राद्वेषिकी क्रिया. ४ पोताने तथा परने जे परिताप उपजाववो ते पारितापनिकी क्रिया. ५ एकेंद्रिय प्रमुख जीवोने हणवा तथा हणाववानी जे क्रिया ते प्राणातिपातिकी क्रिया. ६ पृथ्वीकायादि जीवना उपघात कराववा तथा करवा सारू कर्षण प्रमुख करवुं, कराववुं ते आरंभिकी क्रिया. ७ धनधान्यादि नवविध परिग्रह मेलवतां, तथा तेना रक्षणसारू मूर्छाना परिणाम बनेला राखवा सारू जे क्रिया करवी पडे ते पारिग्रहिकी क्रिया. ८ बीजाने ठगवा सारू कपट युक्त जे क्रिया करवी पडे ते मायाप्रत्ययिकी क्रिया. ए जिनवचन असद्दहतां विपरीत प्ररूपणा प्रमुख करवाथकी जे क्रिया लागे ते मिथ्यादर्शनप्रत्ययिकी क्रिया १० संयमने विघातकारक कषायोना उदयथी पच्चखाण कीधा विना जे सर्ववस्तुनी क्रिया लागे ते अप्रत्याख्यानिकी क्रिया. ११ कौतुकेंकरी अश्वादि जोवां तेमज रागादि कलुषित चित्तथी जीव, अजीवने जोवा ते दृष्टिकी क्रिया. १२ राग, द्वेष, मोह संयुक्त चित्तथी स्त्री आदिना शरीरने स्पर्श करवो ते स्पृष्टिकी क्रिया. १३ जीव तथा अजीवसंबंधी जे राग द्वेष थाय, जेम के बीजाने घेर हस्ती, घोडा, वस्त्र प्रमुख देखी द्वेष धरे, जे ए वस्तुउ तेनी पासे क्यांथी? एम चिंतवता कर्म बंध करे ते प्रातित्यकी क्रिया. १४ पोताना अश्वप्रमुखने जोवावास्ते आवेला स्त्री पुरूषोने प्रशंसा करता जोइने हर्ष धारण करे, तेमज स्त्री प्रमुखने भोजन करवा आवतां जे क्रिया लागे ते, अथवा दुध, दहीं, घी, तेल प्रमुखनां भाजन उघाडां रहेतां तेमां त्रस जीव आवी पडे, ते सामंतोपनिपातिकी क्रिया. १५ परउपदेशित पापमां लांबा वखतसुधी प्रवर्तवुं, तथा पापना भावथी अनुमोदना करवी ते नैसृष्टिकी क्रिया, १६ कोइ पुरुष अत्यंत अभिमानथी उइकेराइने क्रोधित चित्त थयो थको, जे काम नोकरपासे कराववा जेवुं होय ते पोताना हाथथी करे ते स्वहस्तिकी क्रिया. १७ अर्हंत भगवंतनी आज्ञानुं उल्लंघन करीने पोतानी बुद्धिथी जीवाजीवादि सूक्ष्म पदार्थोनी प्ररूपणा करवासारू जे क्रिया करे ते आज्ञापनिकी क्रिया. १८ बीजाना अछतां खोटां आचरणो

प्रगट करवां, तेमनी पूजानो नाश करवो, तेम करवाथी जे उत्पन्न थाय ते वैदारणिकी क्रिया. १ए जे उपयोगथी विपरीत ते अनाभोग, तेनाथी उपलक्षित जे क्रिया ते अनाभोगक्रिया. देख्या विना तेमज पूजन, प्रमार्जन कर्याविना भींत तेमज भूमि प्रमुखउपर शरीरादिनो निक्षेप करवो ते अनाभोगक्रिया. २० पोतानी तेमज परनी अपेक्षा तेनुं नाम अवकांक्षा छे, तेनाथी जे विपरीत ते अनवकांक्षा, तेज कारण छे जेनुं ते अनवकांक्षा प्रत्ययिकी क्रिया, तात्पर्य एमछे के, जिनोक्त कर्त्तव्य विधियोमां जे पोताने तेमज परने जे क्रिया हितकारी होय तेमां प्रमादने वश थइ जे आदर न करवो ते अनवकांक्षा प्रत्ययिकी क्रिया २१ चालवा, दोडवा प्रमुख कायाना व्यापार, तथा हिंसाकारी, कठोर जूठ बोलवाना वचनना व्यापार, अने परद्रोह, ईर्ष्या, अभिमानादि मनोव्यापार, ए त्रणेनुं जे करवुं ते प्रयोग क्रिया. २२ जेनाथी विषयग्रहण करियें ते समुदान इन्द्रिय तेनी जे क्रिया, देश तेमज सर्व उपघातरूप व्यापार ते समुदान क्रिया. कोइ एवुं मोटुं पाप करियें के जेथी आठे कर्मनुं समुदायपणे ग्रहण थाय ते समुदान क्रिया. २३ माया तेमज लोभथी जे क्रिया थाय ते प्रेम प्रत्ययिकी क्रिया. २४ क्रोध तेमज मानथी जे क्रिया थाय, ते द्वेषप्रत्ययिकी क्रिया. २५ चालवाथी जे क्रिया लागे ते इर्यापथिकी क्रिया. आ क्रिया वीतरागने लागे छे तेमज अप्रमत्त मुनियोने पण लागे छे.

हवे आ पचीश क्रियानुं व्याख्यान करियें छियें. १ कायिकी क्रिया बे प्रकानी छे, एक अनुपरता कायिकी क्रिया अने बीजी अनुपयुक्त कायिकी क्रिया, तेमां अत्यंत दुष्ट एवा मिथ्यादृष्टि जीवोनो, मन वचननी अपेक्षारहित परजीवने पीडा कारक कायानो उद्यम ते प्रथम भेद तथा प्रमत्त संयतनो उपयोग विना अनेक कर्तव्य रूप कायानो व्यापार ते बीजो भेद. २ आधिकरणिकी क्रियाना बे प्रकार छे. एक संयोजना, बीजी निवर्त्तना. तेमां विष, गरल, फांसी, धनुष, यंत्र, तलवार, प्रमुख शस्त्रोने, जीवोने मारवावास्ते संयोजन अर्थात् एकत्र करवां, जेम धनुषने तीरनो मेलाप करवो इत्यादि, ते प्रथम भेद, तथा तलवार, तोमर, शक्ति, तोप, बंधुक इत्यादिने नवां सरस बनाववां, ते बीजो भेद. ३ जे निमित्तथी क्रोध उत्पन्न थाय ते निमित्त जीव तथा अजीव बे छे. तेमां जीव ते प्राणी,

अने अजीवमां खुंटो, कांटो, पथ्थर प्रमुख, तेउना उपर द्वेष करे ते प्रदोष क्रिया. ४ पोताना हाथथी, तेमज बीजाना हाथें जीवोने मार मारवो पीटवो ते परितापना, तेना बे ज्ञेद छे. पुत्रकलत्रादिना वियोगथी डुःखी थइने पोताने हाथें गती तेमज शिर कुटवुं ते प्रथम ज्ञेद. तथा पुत्र, शिष्यादिने मार मारवो ते बीजो ज्ञेद. ५ प्राणातिपातिकी क्रिया बे प्रकारे छे. एक तो पोताने हाथे पोतानो घात करवो जेम के कुवामां पडी मरवुं, पर्वतउपरथी गरीपडवुं, अग्निमां झंपापात करवो, झेर खावुं प्रमुख स्वात्मघातिकी क्रिया ते महापापरूप क्रिया छे ते प्रथम ज्ञेद. तथा कषायने आधीन थइ बीजा जीवोनो नाश करवो ते बीजो ज्ञेद. ६ जीव अजीवनो आरंज करवो जेथी पृथ्वी कायादि छकायना जीवोनो उपघात थाय, एवां लक्षणो जे क्रियामां होय ते आरंज्रिकी क्रिया. ७ जीव अजीवनो परिग्रह करवो, तेनामां अत्यंत मूर्छा राखी प्रवर्त्तवुं ते परिग्रहिकी क्रिया ८ माया (कपट) गुप्तरीतें स्वार्थवृत्ति साधवी ते मायाप्रत्ययिकी क्रिया. ए विपरीत वस्तुनुं श्रद्धान तेज छे निमित्त जेनुं, ते मिथ्यात्त्वदर्शनप्रत्ययिकी क्रिया १० जीवने हणवाना, तेमज मद्यमांसादि पिवा खावानो जेमां त्याग नहि, एवा जे असंयति जीवनी क्रिया ते अप्रत्याख्यानिकी क्रिया. ११ घोडाप्रमुख जीव तथा रथप्रमुख अजीवोने जोवा वास्ते जवुं ते दृष्टिकी क्रिया. १२ जीव, अजीव, स्त्री, पुतली आदिने रागथी स्पर्श करवो ते स्पृष्टिकी क्रिया. १३ जीवनी तेमज अजीवनी अपेक्षाथी जे कर्मबंध थाय ते प्रातीत्यकी क्रिया. १४ जीव ते पुत्र, स्त्री, ज्ञाइप्रमुख, अने अजीव ते, घर, आज्ञूषण प्रमुख तेउने जोवासारू लोको आवे, तेउनी प्रशंसाथी ते वस्तुउनो स्वामी हर्षित थाय ते सामंतोपनिपातिकी क्रिया. १५ जीव मनुष्यादि, अजीव पथ्थरादि तेउने फेंकवा ते नैस्पृष्टिकी क्रिया १६ पोताना हाथथी जीव तेमज अजीवनी प्रतिमाने ताडन प्रमुख करे ते स्वहस्तिकी क्रिया. १७ जीव, अजीवनी मिथ्या प्ररूपणा करवी, तेमज जीव, अजीवने मंत्रथी बोलाववां ते आज्ञापनिकी क्रिया १८ जीव, अजीवने विदारवा, ते वैदारणिकी क्रिया. १ए उपयोग विना वस्तु लेवी, तेमज ज्रूमि प्रमुख उपर मुकवी ते अनाज्ञोग क्रिया. २० इह लोक विरुद्ध तेमज परलोकविरुद्ध चोरी, परस्त्रीगमनादि डुराचण सेववां,

मनमां करवुं नहि ते अनवकांक्षा प्रत्यय क्रिया. २२ अष्टविध कर्मपरमाणुउंनुं जे ग्रहण करवुं ते समुदान क्रिया. २३ रागजनक वीणादिना शब्दादिनो भोग करवो ते प्रेमप्रत्ययिकी क्रिया. २४ पोताउपर तेमज परउपर द्वेष करवो ते द्वेषप्रत्ययिकी क्रिया. २५ मात्र योगोथी जे क्रिया लागे ते केवली तेमज अप्रमत्त मुनिनी इर्या पथिकी क्रिया. आ पचीश क्रियानुं बहुज संक्षेपथी स्वरूप कहेलुं छे. विस्तारथी जाणवानी अभिलाषावालाए शब्दांभोनिधि गंधहस्तिमहाभाष्य जोवां. आ पचीश क्रियाउंमां केटलीएक जोतां एकसरखी लागे, परंतु ते एक सरखी नथी. दरेकनुं स्वरूप तदन पृथक् पृथक् छे.

हवे त्रण योगनुं स्वरूप लखियें छियें. १ मननो व्यापार ते मनोयोग. २ वचननो व्यापार ते वचनयोग. ३ कायानो व्यापार ते काययोग. एप्रमाणे सर्व मली आश्रवना बेंतालीश भेद थया. तेनाथी जीवने शुभाशुभ कर्मनी आमदानी थायछे. इति.

हवे संवरतत्वनुं स्वरूप लखियें छियें. पूर्वोक्त आश्रवथी जीवने आवतां कर्मने रोकनार अर्थात् आश्रवनुं रूंधन करनार ते संवर छे. ते संवरना सत्तावन भेद छे. पांच समिति, त्रण गुप्ति, दश यतिधर्म, बार भावना, बावीश परिसह, पांच चारित्र, सर्व मली सत्तावन थया. तेमांथी पांच समिति, त्रण गुप्ति, दशविध यतिधर्म, अने बार भावनानुं स्वरूप तो गुरूतत्व वर्णनमां लखि आव्या छिये. तेथी त्यांथी जाणवुं.

हवे बावीश परीसहनुं स्वरूप लखियें छियें १ क्षुधा परिसह. क्षुधा एटले भूख. भूखनी वेदना सर्ववेदनाथी अधिक छे. ज्यारे भूख लागे, त्यारे पोतानी प्रतिज्ञाथी भंग थाय नहि. तेमज आर्त्तध्यान पण करे नहि. सम्यक् परिणामें क्षुधा सहन करे, २ तेमज पिपासा जे तृषा तेपण सम्यक् परिणामें सहन करे. ३ शीतपरीसह. ज्यारे अत्यंत शीत पडे, त्यारे पण अकल्पनिक वस्त्रोनी वांछा न करे. जेवां जीर्णप्राय वस्त्र होय तेनाथी टाढ सहन करे, अग्नि तापे नहीं, सम्यक् प्रकारें शीतसहन करे, ४ उष्णपरीसह–सूर्यना सख्त तडकामां पण चालतां थकां उपानह प्रमुखनी वांछा करे नहि, तेमज सख्त गरमी, उकलाट छतां पवनपंखानी इछा करे नहीं, परंतु सम्यकू प्रकारें आताप सहन करे. ५ दंश मशकपरीसह. डांस तथा

ठान् कहे के तमे आ वातमां आ प्रमाणे जूल खाउंबो. ते प्रमाणे बराबर पोताना जाणवामां आवतां बतां, पोतें कहेला असत्यवादमां कदाग्रह ग्रहण करे, जात्यादि अजिमानथी वारंवार कहेवा बतां न माने, विरुद्ध स्वकपोलकल्पित कुयुक्तियो बनावीने, पोताना कथन करेला मतने सिद्ध करे, वादमां हार पामे तोपण मत मुके नहि. एवा कदाग्रहवाला जीव, अतिपापी, तेमज बहुलसंसारी थाय बे. एवुं मिथ्यात्व प्रायः जे जैनी जैनमतने विपरीत कथन करे बे तेनामां थइ जाय बे. तेवा कदाग्रही गोष्ठामहिल प्रमुख थाय बे. जाष्यकार श्री अजयदेवसूरि नवांगीवृत्तिकारक, नवतत्त्वप्रकरणना जाष्यमां कहेबे के "गोठा माहिलमाइणं, जं अजिनिविसितु तयं" आदिशब्दथी बोटिक शिवजूतिने पण आजिनिवेशिक मिथ्यात्ववाला जाणवा.

४ संशयमिथ्यात्व. ते जिनोक्त तत्वमां शंका करवी, जेम के जीव असंख्य प्रदेशी बे ? के नथी ? इत्यादि. एवीरीतें सर्व पदार्थमां शंका करवी, तेनाथी जे उत्पन्न थाय ते सांशयिक मिथ्यात्व. "तदाह जाष्यकृत् ॥ सांशयिकं मिथ्यात्वं तदशेषया शंकासंदेहोजिनोक्ततत्वेष्विति" ॥ संशय मिथ्यात्व होवानां कारणो श्रीजिनजद्रगणि क्षमाश्रमण ध्यानशतकमां लखे बे के. प्रथम तो जैनमत स्याद्वादरूप अनंतनयात्मक बे, ते कारणथी समजवोज कठिन बे, तेमज सप्तजंगीनुं सकलादेशी, विकलादेशी स्वरूप, अष्टपक्ष, सातसें नयस्वरूप, चार निक्षेप, द्रव्य, क्षेत्र, काल, जाव, तथा १ उत्सर्ग, २ अपवाद, ३ उत्सर्गापवाद, ४ अपवादोत्सर्ग, ५ उत्सर्गोत्सर्ग, ६ अपवादापवाद, तथा विधिवाद, चारित्रानुवाद, इत्यादि अनंतनय अपेक्षाए जैनमतनां शास्त्र कथन करेलां बे, ज्यां सुधी जे अपेक्षाथी जे शास्त्रस्वरूप कथन करेलुं बे ते अपेक्षाथी ते स्वरूपने न समजे, त्यां सुधी जैनमतनी यथार्थ समज पामवी अतिकठिन बे, तेवी समजण पामवावास्ते बहुज निर्मलबुद्धि जोइये. ते प्रायःथोडा जीवोने बे, तेमज शास्त्रना अर्थ बतावनारा संपूर्ण विद्वान् गुरु जोइए, ते देखाता नथी. इत्यादि निमित्तोथी संशयमिथ्यात्व थाय बे.

५ अनाजोगमिथ्यात्व. जे जीवोने उपयोग नथी के धर्म, अधर्म शुं वस्तु बे ? एवा जे विकलेंद्रियादि जीव, तेउने अनाजोगमिथ्यात्व होय बे.

ए प्रमाणे मिथ्यात्वना पांच न्नेद बे, तेउंना पण बीजा अनेक न्नेद थाय बे, परंतु ते सर्वे आ पांचनी अंतर्न्नूत समजवा. ते आ प्रकारे बे.

१ प्ररूपणामिथ्यात्व. जिनवाणीरूप जे सूत्र, निर्युक्ति, न्नाष्य, चूर्णी, टीका, तेनाथी विपरीत प्ररूपणा करवी ते.

२ प्रवर्त्तनामिथ्यात्व. जे काम मिथ्यादृष्टि जीवो धर्म जाणीने करे बे, तेउंनी देखादेखीए, तेउंना करवा मुजब करे ते.

३ परिणाममिथ्यात्व. मनना परिणाम विपरीत रहे, मनमां कदाग्रह होय ते टले नहि, तेमज शुद्ध शास्त्रार्थ माने नहि ते.

४ प्रदेशमिथ्यात्व. मिथ्यात्वना प्रदेश जे सत्तामां बे, तेनुं नाम प्रदेशमिथ्यात्व, आ चार न्नेदोना पण अनेक न्नेद बे, तेमांथी केटला एक लखियेंबियें

१ धर्म जे वीतराग, सर्वज्ञें प्ररूपेलो बे, तेने अधर्म माने. २ जे हिंसा प्रवृत्ति प्रमुख आश्रवमय अशुद्ध अधर्म बे, तेने धर्ममाने, ३ जे सत्यमार्ग बे तेने मिथ्यात्व ( असत्य ) मार्ग माने. ४ जे विषयियोनो मार्ग बे तेने सत्यमार्ग माने. ५ जे साधु सत्तावीश गुणें विराजमान बे तेने असाधु कहे, ६ जे आरंन्न परिग्रह, कषायमां रक्त, तेमज जेना उपदेशथी लोकोने सांसारिक विषयोमां मस्तपणुं, कुवासना, कुबुद्धि इत्यादि उत्पन्न थाय, एवा पत्नरनी नावसमान अन्यलिंगी कुलिंगी, तेमने साधु कहे. ७ बकायना जीवोमां अजीवपणुं माने. ८ सुवर्ण, काष्ठ प्रमुख अजीवने जीव माने. ए मूर्त्तपदार्थोने अमूर्त्त माने. १० अमूर्त्त पदार्थोने मूर्त्त माने. आ दशन्नेदमिथ्यात्वना बे.

वली ब न्नेद मिथ्यात्वना बे ते कहियें बियें. १ लौकिकदेव, २ लौकिक गुरु, ३ लौकिक पर्व, ४ लोकोत्तर देव, ५ लोकोत्तर गुरु, ६ लोकोत्तर पर्व.

१ लौकिक देवगत मिथ्यात्व. जे देव रागद्वेषथी न्नरेला बे, एक उपर कृपावान् थाय बे, बीजानो विनाश करे बे, स्त्रीना न्नोगविलासमां मग्न बे, जेणें अनेक प्रकारनां शस्त्र धारण करेलां बे, पोतानी ऐश्वर्यताना जे अन्निमानी बे, जेना हाथमां जपमाला बे, सावद्यन्नोग न्नोगवे बे, पंचेंद्रियवध चाहाय बे, एवा देवने परमेश्वर मानवा, परमेश्वरना अंश अवतार मानवा, तेउंनुं पूजन करवुं. इत्यादि. ते लौकिक देवगत मि-

थ्यात्व छे. तेना अनेक भेद छे, तेनुं स्वरूप मिथ्यात्वसित्तेरी प्रमुख ग्रंथथी जाणवुं.

२ लौकिक गुरुगत मिथ्यात्व. जे अढार पापस्थाकोनुं सेवन करे, नव प्रकारना परिग्रह राखे, गृहस्थाश्रम पाले, स्त्री, पुत्रपरिवारवाला होय, कुलिंगीहोय, मनःकल्पित नवा नवा वेष बनावी स्वकपोलकल्पित मत चलावे, आडंबर राखे, बाह्य परिग्रह तो कदाच त्यागेल होय, तो पण अभ्यंतर ग्रंथिउंमां मग्न होय, तजे नहि, गुरुनाम धरावी मंडल परिवारे विचरे, जेनी अनादिनी भूल मटेली न होय, जेने शुद्धसाध्यनी पिछान न होय तेवाउंने गुरु माने, तेउंनुं बहु मान करे, तेउंने मोक्षप्रदाता जाणी दान दे, तेउंने परम पात्र जाणे, एवाज जीवना परिणाम ते लौकिक गुरुगत मिथ्यात्व छे.

३ लौकिक पर्वगत मिथ्यात्व. १ आजापडवो, २ प्रेतबीज, ३ गुरुत्रीज, ४ गणेशचोथ, ५ नागपांचम, ६ झीलणांछठ, ७ शीली सातम, ८ बुध अष्टमी, ए नोली नवमी, १० विजयदशमी, ११ व्रत एकादशी, १२ वत्स बारश, १३ धनतेरश, १४ अनंतचौदश, १५ अमावास्या, १६ सोमवती अमावास्या, १७ रक्षाबंध, नालीएरी पुनम, १८ होली, १ए आदित्यवारादि, २० सोमप्रदोष, २१ उत्तरायण, २२ अन्य संक्राति, २३ ग्रहण, २४ नवरात्रि, २५ श्राद्ध, २६ पीपलेपाणी सेचन, २७ अश्व, गर्दभपूजन, २८ गोत्राटी, २ए अन्नकूट, ३० दसुरा, ३१ स्मशानपूजन, ३२ कबरमेला, इत्यादि अनेक लौकिक पर्वगत मिथ्यात्व छे.

४ लोकोत्तर देवगत मिथ्यात्व. ते देव श्री अरिहंत, धर्मना आकर, विश्वोपकार सागर, मोक्षमार्गदातार, परमपूज्य, सकलदोषरहित, एवा शुद्ध, निरंजन देवनी स्थापना रूप जे प्रतिमा, तेनी पासे, आ लोकना अनेकप्रकारना पौद्गलिक सुखभोग मेलववानी वांछा करे, जेम के हे भगवन्! जो आ मारुं काम थशे तो, तमारी मोटी पूजा, आंगी रचावीश, छत्र चडावीश, दीपमाल, रोशनी करावीश, इत्यादि, तेमज परभवमां मने आपनी भक्ति पूजाथी इंद्र, चक्रवर्त्तिपणुं, तथा देव, नरपतिनी पदवी प्राप्त थाय इत्यादि, तथा मारा तथा पुत्र स्त्री प्रमुखना रोग प्रमुखनो नाश थाय इत्यादि पौद्गलिक सुखवास्ते, तेमज दुःखना

निवारणवास्ते जावपूर्वक वीतराग देवने मानवा, ते लोकोत्तर देवगत मिथ्यात्व छे. दृष्टांत. जे पुरुष चिंतामणी रत्ननो दातार होय, तेनी पासे काचना कटकानी मांगणी करवी ते जेम हास्यास्पद तेमज अज्ञानता छे, ते समान आ इछा छे, तेथी अयोग्य छे, जेने कर्मप्रकृति स्वरूपनुं ज्ञान तेमज अनुजव न होय तेज एवी मागणी करे छे.

५ लोकोत्तर गुरुगत मिथ्यात्व पोते निर्गुणी छतां साधुनो वेष राखे, जीववाणीने उछापी, पोताने मनःकल्पित उपदेश आपे सूत्रना साचा अर्थने त्रोडे, एवा उत्सूत्रना प्ररूपक तेउने गुरु जाणी, तेउनुं बहुमान जक्ति पूजा करवी ते तथा जे साधु गुणवान् होय, तपस्वी होय, चारित्रपात्र होय, आचारवंत, तेमज यथोक्तक्रियावंत होय, तेमनी आ लोकना सुखवास्ते, तेमज परलोकना पौजलिक सुखवास्ते, सेवा करे बहु मान करे, मनमां एम पण जाणे के जो तेमनी बहु सारी रीतें सेवा करीश तो तेमनी मेहेरबानीथी, धन ऋद्धि स्त्रीपुत्रादि परिवार मने प्राप्त थशे, एवा परिणाम ते लोकोत्तर गुरुगत मिथ्यात्व.

६ लोकोत्तर पर्वगत मिथ्यात्व. जिनेश्वर जगवानना पांच कल्याणकनी तिथियोने दिनें, तथा बीजा पर्वने दिने, धन, स्त्री, पुत्रादिवास्ते तप, जपादि धर्मकरणी करवी ते लोकोत्तर पर्वगत मिथ्यात्व छे. इत्यादि मिथ्यात्वना अनेक जेद छे, परंतु ते सर्वे पूर्वोक्त अजिग्रहादि मिथ्यात्वमां अंतर्जूत छे.

हवे बार प्रकारनी अविरतिनुं स्वरूप कहियें छियें. पांच इंद्रिय, अने छठुं मन, तेमज छ काय, मली बार प्रकार छे, तेमनुं स्वरूप एवुं छे के, पांचे इंद्रियोने पोत पोताना विषयोमां प्रवर्त्ताववी, ते पांच तथा कोइ पण पापमय वस्तुथी मननो निरोध न करवो ते, तथा छ जीवनिकायनी हिंसामां प्रवृत्ति करवी, ते सर्व मली बार अविरति छे.

हवे कषाय बंधना पचीश जेदनुं स्वरूप कहियें छियें. अनंतानुबंधी क्रोध, मान, माया, लोज, तथा अप्रत्याख्यानी क्रोध, मान, माया, लोज, तथा प्रत्याख्यानी क्रोध, मान, माया, लोज, तथा संज्वलन क्रोध, मान, माया, लोज, मली सोल, तथा नव नोकषाय, १ हास्य, २ रति, ३ अरति, ४ जय, ५ शोक, ६ जुगुप्सा, ७ स्त्रीवेद, ८ पुरुषवेद, ९ नपुंसकवेद

मली पचीश कषाय, संसार स्थितिनां मूल कारणो बे, तेमनुं विस्तारथी कथन आगल करेलुं बे.

हवे योगनामें बंध हेतुनुं स्वरूप लखियें बियें. ते मन, वचन, काय, एम योगना त्रण प्रकार बे. आ त्रणना उत्तर भेद पंदर बे. मनोयोगना चार भेद, वचनयोगना चार भेद तथा काययोगना सात भेद सर्व मली पंदर भेद बे.

मननाम अंतःकरणनुं बे, तेना चार प्रकार बे. १ सत्य मनोयोग, २ असत्य मनोयोग, ३ मिश्र मनोयोग, ४ व्यवहार मनोयोग, मन शुं वस्तु बे ? कायाना व्यापारथी पुजल ग्रहण करीने, ते पुजलोने चिंतन धर्मरूपें काढवां ते द्रव्यमन बे; अने ते पुजलोना संयोगथी जे ज्ञान उत्पन्न थाय तेनुं नाम भावमन बे. ते ज्ञानथी व्यवहार सिद्ध थाय बे, अने ते व्यवहारथी मन पण सत्यादि व्यपदेशने प्राप्त थाय बे. वली उपचारें द्रव्यमन पण ज्ञायक बे. वली मन शब्दथी मनोयोग, तेनो इंद्रियावरण कर्मना क्षयोपशमथी उत्पन्न थयुं जे मनोज्ञान, तेनाथी परिणत आत्माने बलाधान करवावाली मनोवर्गणाना संबंधथी उत्पन्न थयुं जे वीर्य विशेष, ते अहींया मन जाणवुं. तेवीज रीतें वचनयोग, ते वचननी वर्गणा अर्थात् परमाणुउनो समूह, ते वचन वर्गणाथी उत्पन्न थयुं जे सामर्थ्यविशेष, आत्मानी परिणति, ते वचनयोग जाणवां. ते मनोयोग तथा वचनयोगना मली आठ प्रकार बे.

प्रथम मनमां जे सत्य व्यवहारनुं चिंतवन करवुं, ते सत्यमन, जेमके जीवादि पदार्थ द्रव्यरूपें नित्य, पर्यायरूपें अनित्य, एम अनेकांतपणें चिंतववुं, ते सत्यमनोयोग. तेनाथी विपरीतपणे जीवादि पदार्थोनुं स्वरूप वचन निरपेक्षपणे चिंतववुं, तेमज धर्म नथी, पुण्यपाप नथी स्वर्ग नरक नथी इत्यादि चिंतवन करवुं ते असत्य मनोयोग. तेवीजरीतें सत्यचिंतवन वचनरूपें बोलवुं ते सत्यवचनयोग, अने असत्यचिंतवन वचनरूपें बोलवुं ते असत्यवचनयोग. तथा कांइक असत्य, जेम के आ गाममां आजे दश जन्म्या, तथा दश मुआ, तेमां कांइक साचुं अने कांइक जुठुं चिंतवन करवुं तथा गोवर्गने देखीने चिंतववुं के आ सर्व गायो बे, पढी तेमां बलद पण होय ते मिश्रमनोयोग, अने ते प्रमाणे

बोलवुं ते मिश्र वचन योग. तथा आमंत्रणा, याचना, जेम के हरिचंद्र अहियां आवे, दामोदर आ वस्तु आपे, इत्यादि जे चिंतववुं, तेथी जिनवचन विरोधाय नहि, तेथीअसत्यपण नहि, अने आराधक पण नहि, तेथी सत्यपण नहि. जेथी ए प्रमाणे चिंतवन करवुं ते व्यवहार मनोयोग अर्थात् असत्य मृषा मनोयोग, अने तेज प्रमाणें बोलवुं. ते व्यवहार वचनयोग. ए प्रमाणे मनोयोग तथा वचनयोगना आठ भेद थया.

हवे सत्यवचनना दशप्रकार छे तेनुं स्वरूप कहिएछिए. १ जनपद सत्य, जे देशमां जे वस्तुने जे नामथी बोलता होय, ते देशमां ते नाम सत्य छे, जेम के कोकणदेशमां पाणीने पिछ कहेछे, कोइ देशमां मोटा पुरुषने बेटो कहे छे, वली बेटाने काको कहे छे, पिताने भाइ कहेछे, सासुने आइ कहेछे, इत्यादि. ते जनपद सत्य छे. २ सम्मत सत्य, जेम के पंकथी (कादवथी) मेरूक, शेवाल, कमलादि उत्पन्न थाय छे, तोपण पंकज शब्दें कमलज विद्वान् पुरुषोए सम्मत करेल छे, परंतु मेडक, शेवाल तेउ मानता नथी. ३ स्थापना सत्य, जे प्रतिमा जेनी होय, तेने तेना नामथी बोलवी ते स्थापना सत्य, जेम के महावीर, पार्श्वनाथजी आदि अर्हंतनी प्रतिमा होय, ते प्रतिमाने, महावीर, पार्श्वनाथजी कहे तो ते सत्य छे, परंतु तेने पछर कहेनार मृषावादी छे; जेम के शाहीथी कागल उपर अक्षरोनी स्थापना करवाथी. तेउने ऋग्, यजु, साम, अथर्व वेद कहेवाय छे, तेमज आचारांगादि अंग कहेवाय छे, तथा काष्ठना आकारविशेषने कमाड कहेवाय छे, इंट, चुना, पछरना आकार विशेषने स्थंभ कहेवाय छे; पुस्तकमां त्रिकोणादि चित्र काढ्यां होय, तेने आर्यावर्त्त, भरतखंड, हिंदुस्थान, अमेरिका इत्यादि कहेवाय छे, तथा श्याहीथी कागलपर आकृति करवाथी ककार, खकार कहेवाय छे. ए प्रमाणे बोलवुं ते सत्य छे. ए प्रमाणेनी स्थापनाउ जोवाथी मनुष्यनी कार्य सिद्धि अवश्य थाय छे, ते सर्वेने अनुभव थयेल छे. ए प्रमाणे सिद्धि थती न होय तो मनुष्यो स्थापना शावास्ते करे? ते कारणथी महावीर तथा पार्श्वनाथजीनी प्रतिमाने श्रीमहावीर तथा श्रीपार्श्वनाथजी कहेवा ते स्थापना सत्य छे, तेमां विशेष ए छे के, जे देव शुद्ध छे, तेनी स्थापना पण शुद्ध छे, अने जे देव शुद्ध नथी, तेनी स्थापना पण शुद्ध नथी;

परंतु ते स्थापनाने, ते देव कहेवा ते वात सत्य छे. ४ नाम सत्य, कोइ पुरुषें पोताना पुत्रनुं नाम कुलवर्द्धन राखेलुं छे, अने जे दिवसथी ते पुत्रनो जन्म थयेल छे, ते दिवसथी तेना कुलनो नाश थतो जाय छे, तो पण ते पुत्रने कुलवर्द्धन नामथी बोलावे तो ते सत्य छे. ५ रूप सत्य. कदापि गुणोथी भ्रष्ट होय तो पण साधुना वेषवालाने साधु कहे तो ते सत्य छे. ६ प्रतीत अर्थात् अपेक्षा सत्य. जेम के मध्यमानी अपेक्षाए अनामिका आंगलीने नानी कहेवी ते. ७ व्यवहार सत्य. जेम के पर्वत बले छे, रस्तो चाले छे, इत्यादि. ८ भावसत्य. जेम के तोतामां पांच रंग छे, तोपण तोताने लीला रंगवालो कहेवो इत्यादि. ए योगसत्य. जेम के दंडना योगथी दंडी कहेवो, इत्यादि. १० उपमा सत्य. जेम के मुख, चंद्र समान छे, इत्यादि. दशप्रकारनां सत्य छे.

हवे दशप्रकारनां जूठ कहियेंछियें. १ क्रोधमिश्रित अर्थात् क्रोधने वश थइ वचन बोलवां ते असत्य, २ मानना उदयथी बोलवां, ३ मायाना उदयथी बोलवां, ४ लोभना उदयथी बोलवां, ५ रागना बंधनथी बोलवां, ६ द्वेषना उदयथी बोलवां, ७ हास्यने वश थइ बोलवां, ८ भयने वश थइ बोलवां, ए विकथा करवी, १० जे बोलवाथी जीवनी हिंसा थाय. आ दश प्रकारनां असत्य वचन छे.

हवे दश प्रकारनां मिश्रवचन कहियेंछियें, १ उत्पन्न मिश्रित. जेम के खबर विना कहेवुं के आजे आ गाममां दशबालक जन्म्या छे, इत्यादि. २ विगतमिश्रित, जेम के खबर विना कहेवुं के आजे आ गाममां दशमाणस मुआं छे, इत्यादि. ३ उत्पन्न विगत मिश्रित. जेम के खबर विना कहेवुं के आजे आ गाममां दश जन्म्या छे, अने दशज मुआ छे, ४ जीवमिश्रित. ते जीव अजीवना राशिने कहेवुं के आ जीव छे. ५ अजीव मिश्रित. ते अन्नना राशिने कहेवुं के आ अजीव छे. ६ जीवाजीवमिश्रित ते जीव अजीव बंने माटे मिश्रभाषा बोलवी ते. ७ अनंतमिश्रित. ते मूल आदि अवयवोमां केटलीएक जगाए अनंत जीव छे, अने कोइजगाए प्रत्येक जीव छे, तेउने प्रत्येक वनस्पतिकाय कहेवुं ते, ८ प्रत्येक मिश्रित. ते प्रत्येकजीवोने अनंतकाय कहेवां ते. ए अद्धामिश्रित. ते बे घडी तडको थया छतां कहे के दिवस उग्यो छे. १० अद्धा-

मिश्रित. एक घडीरात्रि गइ होय तथापि कहेके दिवसनो उदय छे. आ दश प्रकारनां मिश्रवचनो छे.

हवे व्यवहार वचनना बार भेद कहियेंछियें. १ आमंत्रण करवुं के हे भगवन्! २ आज्ञापना, ते आ काम करो, आ वस्तु लावो, ३ याचना–आ वस्तु आपशो, ४ पृछना–आ गाम जवानो रस्तो कयो छे? ५ प्रज्ञापना–धर्मस्वरूप आ प्रमाणे छे. ६ प्रत्याख्यानी–आ काम अमने करवुं कल्पे नहि. ७ इछानुलोम–यथा सुखं. ८ अनभिगृहीत–ते वातनी मने खबर नहि. ए अभिगृहीत–मने ते वातनी खबर छे. १० संशय–तेनुं स्वरूप एम केम होय? ११ स्पष्ट प्रगट अर्थ कहेवा. १२ अस्पष्ट अप्रगट अर्थ कहेवा.

हवे काययोगना सातभेदनुं स्वरूप कहियेछियें–काययोग अर्थात् आत्माना निवासभूत पुफ्गल फ्र्व्य घटित, जेम वृफ्ध तथा फुर्बलने अवष्टंभ भूत लाकडी छे, तेम विषम काममां जेना योगथी जीवना वीर्यनुं परिणाम सामर्थ्य; जेम अग्निना संयोगथी घडानी रक्तता थाय छे, तेवीजरीतें आत्माने कायाना करण संबंधथी वीर्यपरिणाम छे. आ काययोगना सात भेद. १ औदारिक काययोग, २ औदारिक मिश्र काययोग, ३ वैक्रिय काययोग, ४ वैक्रिय मिश्र काययोग, ५ आहारक काययोग, ६ आहारक मिश्र काययोग, ७ कार्मण काययोग. प्रथमना बे काययोग, मनुष्य अने तिर्यंचमां होय छे. त्रीजो चोथो काययोग स्वर्गवासी देवताउमां होय छे. पांचमो, छठो काययोग चौदपूर्वधर साधुउमां होय छे. सातमो काययोग, जीव ज्यारे काल करी परभव गमन करे छे, त्यारे रस्तामां तेनी साथे होय छे; तेमज समुद्घात अवस्थामां केवलीने होय छे; आहार पाचन करवामां समर्थ एवुं तैजस शरीर, कार्मण योगनी अंतर्भूत होवाथी तेनुं पृथक् ग्रहण करवामां आव्युं नथी. ए प्रमाणे सात भेद काययोगना बताव्या. सर्व मली बंधतत्वना उत्तरभेद सत्तावन थया.

हवे मोक्ष तत्वनुं स्वरूप कहियेंछियें. प्रथम मोक्षनी व्याख्या कहियेंछियें. "जीवस्य कृत्स्नकर्मक्षयेण यत्स्वरूपावस्थानं तन्मोक्ष उच्यते" ॥ भावार्थः–जीवनां ज्ञानावरणादि सर्वकर्मनो क्षय थवाथी तेनुं जे स्वरूप अवस्थान ते मोक्ष छे. ते मोक्ष, जीवनो धर्म छे. अने धर्म, धर्मी क-

थंचित् अभेद होवाथी, धर्मी जे सिद्ध, तेनी जे प्ररूपणा ते पण मोक्ष-प्ररूपणा छे; कारण के मोक्ष जे छे ते जीवपर्याय छे, ते जीवपर्याय कथंचित् सिद्ध जीवथी अभिन्न छे; जीवना पर्याय सर्वथा जीवथी भिन्न थइ शकता नथी. यदुक्तं ॥ द्रव्यं पर्यायवियुतं, पर्यायाद्रव्यवर्जिताः ॥ क कदा केन किंरूपा, दृष्टा मानेन केन वेति ॥ १ ॥ भावार्थ—द्रव्य पर्यायोथी रहित, अने पर्यायो द्रव्यथी रहित एम कोइ जगाए, कोइ अवसरें, कोइ प्रमाणे, कोइरूपें कोइपुरुषें देखेल छे ?

हवे सिद्धोनुं स्वरूप नवप्रकारें, सूत्रकार तेमज भाष्यकार कहे छे. १ सत्पदप्ररूपणा, २ द्रव्यप्रमाण, ३ क्षेत्र, ४ स्पर्शना, ५ काल, ६ अंतर, ७ भाग, ८ भाव, ९ अल्पबहुत्व आ नव द्वार छे. १ सत्पदप्ररूपणा द्वार. मोक्षपद सत्पद छे, विद्यमान पद छे, छतुं पद छे, शा कारणथी ? एक पद छे तेथी, कारण के जगत्मां जेटला एकपदवाची घटपटादि पदार्थ छे, ते सर्व अवश्य छता छे, अने जे जे बे बे पदवाची पदार्थ छे, ते ते पदार्थ छता पण छे, अने अछता पण छे. जेम अश्वशृंग, वंध्यापुत्र, आकाशकुसुम. आ बे पदनां नाम छे ते अछतां छे, तेमज गोशृंग, राजपुत्र, केतकी कुसुम, आ बे पदनां नाम छतां छे. ते न्यायें मोक्षपद एकपदवाची होवाथी विद्यमान पद छे. ते मोक्षपद याने सिद्धपद गति आदि चौद पदोमां जोडवां. जेम के १ गति पांच छे, १ नरकगति, २ तिर्यग्गति, ३ मनुष्यगति, ४ देवगति, ५ सिद्धगति, तेमां सिद्धगति शिवाय बाकीनी चारगतिमां सिद्ध नथी. यद्यपि १ कर्म सिद्ध, २ शिल्पसिद्ध, ३ विद्यासिद्ध, ४ मंत्रसिद्ध, ५ योगसिद्ध, ६ आगमसिद्ध, ७ अर्थसिद्ध, ८ यात्रासिद्ध, ९ अभिप्रायसिद्ध, १० तपःसिद्ध, ११ कर्मक्षयसिद्ध. एम अनेक प्रकारना सिद्ध, आवश्यक निर्युक्तिकारें कथन करेल छे, तो पण अहींयांतो जे कर्मक्षयथी सिद्ध थया छे तेनोज अधिकार छे. तेउनेज मोक्ष पर्याय छे, बीजाउने नहि. २ इंद्रियो पांच छे, एकेंद्रिय, द्वींद्रिय, त्रींद्रिय, चतुरिंद्रिय, पंचेंद्रिय, आ पांचे प्रकारमां सिद्ध नथी; कारण के शरीरनो सर्वथा नाश थाय छे त्यारे सिद्ध थवाय छे, ज्यां शरीर छे, त्यां इंद्रियो छे, सिद्धने शरीर नथी तेथी ते अतींद्रिय छे. ३ छकाय. १ पृथ्वीकाय, २ अप्काय, ३ तेउकाय, ४ वाउकाय, ५ वनस्पतिकाय, ६ त्रस-

काय, आ छए कायमां सिद्धपणुं नथी, कारण के सिद्ध कायरहित छे अ-र्थात् अशरीरी छे. ४ योग. त्रणप्रकारें योग छे, मन, वचन, काययोग; तेमां केवल काययोग एकेंद्रिय जीवने छे, अने द्वींद्रियादिथी असंज्ञी पंचेंद्रिय पर्यंत जीवने, काययोग तथा वचनयोग छे, अने संज्ञी पंचेंद्रिय पर्याप्त जीवने त्रणे योग छे, आ त्रणे योगमां सिद्धपणुं नथी, अने सि-द्ध तो मन वचन, काययोगनो अन्नाव थाय छे त्यारे थवाय छे तेथी सि-द्ध अयोगी छे. ५ वेद. त्रणप्रकारें छे, स्त्री, पुरुष, नपुंसक, आ त्रणे वेद-मां सिद्धपणांनो अन्नाव छे, त्रणे वेदनो क्षय करवामां आवे त्यारे सि-द्धपणुं प्राप्त थाय छे, तेथी सिद्ध अवेदी छे. ६ कषाय. चार प्रकारें छे. क्रोध, मान, माया, लोन्न. आ चारेनो अन्नाव थाय त्यारे सिद्धपणुं प्राप्त थाय छे तेथी सिद्ध अकषायी छे. ७ ज्ञान. ते मतिज्ञान, श्रुतज्ञान, अव-धिज्ञान, मनःपर्यवज्ञान, केवलज्ञान, आ पांच प्रकारें ज्ञान छे, अने म-तिअज्ञान, श्रुतअज्ञान, विन्नंगज्ञान, आ त्रण अज्ञान छे, तेमां प्रथमना चार ज्ञानमां अने त्रण अज्ञानमां सिद्धपणुं नथी, एक केवल ज्ञानमां सिद्धपणुं छे, ते केवलज्ञान अहियां सिद्धपणानुं जाणवुं, परंतु सयोगी अवस्थानुं नहि. ८ चारित्र. सामायिक, छेदोपस्थापनीय, परिहार विशु-द्धि, सूक्ष्म संपराय, यथाख्यात, आ पांच चारित्र, तेमज तेना प्रतिपक्षी देशसंयम तथा असंयम; ते पांचे चारित्रमां तेमज बंने विपक्षमां सि-द्धपणुं नथी, कारण के ते सर्वे शरीर विद्यमान होय छे, त्यारे होय छे, अने सिद्ध तो शरीररहित छे. ए दर्शन, चक्षु, अचक्षु, अवधि अने के-वल, आ चार दर्शनोमां प्रथमना त्रणमां सिद्धपणुं नथी, परंतु केवल द-र्शनमां केवलज्ञाननी पेठे सिद्धपणुं छे. १० लेश्या. कृष्ण, नील कापोत, तेजु, पद्म, शुक्ल, आ छए लेश्यामां सिद्धपणुं नथी, कारण के लेश्या न्न-वस्थजीवनो पर्याय छे, अने सिद्ध अलेशी छे. ११ न्नव्य, अन्नव्य, आ बंने अवस्थामां सिद्धपणुं नथी, कारण के जेने सिद्धपदनी प्राप्ति थशे ते न्नव्यजीव कहेवाय छे, अने सिद्धोने नवी पदवी तो कांइ प्राप्त करवानी नथी, तेथी न्नव्यपणुं सिद्धमां नथी. वली जेने सिद्ध थवानी योग्यता को-इपणकालमां न होय ते अन्नव्य कहेवाय छे, सिद्धना जीव एवा नथी, कारण के अतीतकालमां तेउमां एवी योग्यता हती, तेथी सिद्ध अन्नव्य

जे कोटवालादि, तेउनाथी विडंबना पामतां, पोतानां व्यसनजनित कर्मोने विरूप जाणी, पोताना कुलनी सुंदरसुख संपत्तिनी अभिलाषा पण करे छे, तो पण कोटवालोथी छुटीने पूर्वोक्तसुखनो श्वासोच्छ्वासपण जेम लइ शकतो नथी, तेम आ जीव पण अविरतिपणाने बुरा कर्मनुं फल जाणे छे, अने विरतिना सुंदरसुखनी अभिलाषा पण करे छे, परंतु कोटवाल समान बीजा कषायना बंधनथी छुटवानेज हिंमत पण करी शकतो नथी, अने अविरति सम्यक्दृष्टि गुणस्थानकनो अनुभव करे छे.

हवे चोथा गुणस्थानकनी स्थिति कहियेछियें. आ गुणस्थानकनी उत्कृष्टी स्थिति तेत्रीश सागरोपमथी कांइक अधिक छे. ते सर्वार्थ सिद्धादि विमानवासिउंनी स्थिति तथा मनुष्यायु अधिकनी, अपेक्षाए छे. वली आ सम्यक्त्व जीवने अर्धपुद्गल परावर्त्तन संसार बाकी रहे छे, त्यारे प्राप्त थाय छे, ते पहेलां थतुं नथी.

हवे सम्यक् दृष्टिनां लक्षण कहियेछियें. १ दुःखी जीवोनां दुःख दूर करवानी जे चिंता, तेनुं नाम अनुकंपा छे. २ कोइ कारणथी क्रोध उत्पन्न पण थइ जाय, तो पण तीव्र अनुशय अर्थात् वैरभावनो अभाव जेनाथी रहे छे तेनुं नाम प्रशम छे. ३ शिवमंदिर चडवावास्ते सोपान समान, सम्यग् ज्ञानादि साधनोमां उत्साह लक्षण अर्थात् मोक्षाभिलाष तेनुं नाम संवेग छे. ४ अत्यंत कुत्सिततर अर्थात् अत्यंत कनिष्ठ एवा संसार रूप बंदीखानामांथी निकलवा वास्ते परम वैराग्यरूप दरवाननी सेवना करवी तेनुं नाम निर्वेद छे. ५ श्री सर्वज्ञप्रणीत समस्तभावोनुं यथार्थ चिंतवन तेनुं नाम आस्तिक्यता छे. आ पांच लक्षण जे जीवमां होय ते भव्यजीव सम्यक् दर्शनथी अलंकृत होय छे.

हवे सम्यक्दृष्टि गुणस्थानवर्त्ति जीवोनुं गतिस्वरूप कहियेछियें. तेमां प्रथम, जीवना परिणाम विशेषरूप जे करण, तेना त्रण प्रकार छे. १ यथाप्रवृत्तिकरण, २ अपूर्वकरण, ३ अनिवृत्तिकरण, पर्वतमांथी निकलती नदीना जलथी आलोड्यमान पथ्थरनी जेम घोलना घंचना न्यायें, जीव आयुकर्म शिवाय बाकीनां साते कर्मनी स्थिति किंचित् उणी एक कोटाकोटी सागरोपम प्रमाण जे अध्यवसाय विशेषथी करी, ग्रंथिदेश सुधी आवे छे, ते यथाप्रवृत्तिकरण कहेवाय छे, तथा २ जे पूर्वें अप्राप्त एवा अ-

ध्यवसाय विशेषथी जे ग्रंथिने, घननिविड रागद्वेष परिणति रूप कहे छे ते ग्रंथिने भेदवानो जे आरंभ, ते अपूर्वकरण कहेवाय छे. तथा ३ जे अध्यवसायविशेषथी ग्रंथिभेद करीने अनिवृत्त थकां परमआनंद जनक सम्यक्त्व प्राप्त करे छे तेनुं नाम अनिवृत्तिकरण छे. आ त्रणे करणनुं स्वरूप श्रीजिनभद्रगणिक्षमाश्रमणआचार्य आवश्यकना शुद्धांभोनिधि गंधहस्ती महाभाष्यमां त्रण पंथीजनना दृष्टांतथी आ प्रमाणे व्याख्यान करे छे. त्रण पंथीजनो एक नगर जवा सारु निकलतां जंगलना उज्जड रस्तापर चाल्या जता हता. चालतां चालतां विकाल वेला थइ गइ अर्थात् सूर्यअस्त थयो. पंथीजनो मनमां बहुज डरवा लाग्या. तेटलामां तत्काल बे चोर तेउनी नजीक आवी पहोंच्या. चोरोने देखी त्रण मांहेनो एक पंथी जन डरीजवाथी दोडी पाछो भागी गयो. एकने बंने चोरोए पकडी लीधो, अने त्रीजो पंथीजन बंने चोरो साथे लडतां लडतां तेउने मारी कुटीने मुद्दाम नगरें पहोंची गयो. आ दृष्टांतने दार्ष्टांत ( सिद्धांत ) रूप आ प्रमाणे घटाववुं. उजड जंगल ते मनुष्यभव छे, कर्मोनी स्थिति ते लांबो रस्तो छे, भयनुं स्थानक ते गांठ छे, रागद्वेष ते बंने चोर छे, नगर ते मोक्षस्थान छे. जे पुरुष चोरथी डरी पाछो भागी गयो, तेनी संसारमां परिभ्रमण करवानी स्थिति अधिक छे, जे पुरुषने चोरोए पकडी लीधो, तेमज चोरथी लुंटायो ते पण दुःखी तेमज परिभ्रमण करनार छे, अने जे पुरुष चोरोने मारी कुटी नगर पहोंचीगयो ते सम्यक्दृष्टि मोक्षनगर पहोंचनार तथा सुख प्राप्त करनार छे.

हवे कीडीउना दृष्टांतथी त्रण करणनुं स्वरूप कहियेछियें. जेम कीडीउनो समूह बिलमांथी निकली एक खुंटानी आसपास फर्या करे छे, तेमांथी केटलीएक कीडिउ खुंटा उपर चडे छे, अने केटलीएक खुंटा उपर पहोंचतां पांख आववाथी उडी चाली जाय छे, तेवी रीतें आ त्रण करणनी बाबतमां पण जाणी लेवुं. ज्यारे जीवो यथाप्रवृत्ति करण करीने ग्रंथि देशने प्राप्त थाय छे, अने अपूर्वकरण करी ग्रंथिनो भेद करे छे, त्यारे ग्रंथिभेदकर्या पछी कोइक जीव मिथ्यात्व पुद्गलनी राशिने वेहेंचीने १ मिथ्यात्वमोह, २ मिश्रमोह, ३ सम्यक्त्वमोह, रूप त्रण पुंज करे छे; अने ज्यारे अनिवृत्तिकरण करी विशुद्धमान थतां, उदय आवेला मि-

थ्यात्वनो क्षय करे, अने नहि उदय आवेला मिथ्यात्वने उपशमावे, त्यारे क्षयोपशमिक सम्यक्त्वनी तेउने प्राप्ति थाय छे. ज्यारे जीवोने क्षायोपशमिक सम्यग्दर्शन उत्पन्न थाय छे, त्यारे मनुष्यगति अने देवगतिनी प्राप्ति थाय छे. तथा अपूर्वकरण करीने, जेउए त्रण पुंज कर्या छे, एवा जीवो चोथा गुणस्थानकथीज क्षपकपणानो जो आरंभ करेछे, तो अनंतानुबंधी चार कषाय तथा मिथ्यात्व मोह, अने सम्यक्त्व मोह, रूप त्रण पुंज ए सातेनो क्षय करतां तेउने क्षायिक सम्यक्त्व प्राप्त थाय छे. हवे ते क्षायिक सम्यग्दृष्टि जीव जो ते वखते अबद्धायु होय तो तेज भवमां मोक्ष प्राप्त करे छे, अने जो आयुनो बंध कर्या पछी क्षायिक सम्यक्त्ववान् थया होय तो त्रीजा भवमां मोक्ष पामे छे, अने जो असंख्यात वर्ष जीवनारा मनुष्य, वा तिर्यंचनुं आयु बांध्या पछी क्षायिक सम्यक्त्व प्राप्त थयुं होय तो चोथे भवे मोक्ष प्राप्त करे छे.

हवे अविरति गुणस्थानवर्त्ती जीवनां कृत्य लखियें छियें. व्रतनियम तो तेउने कांइपण होतुं नथी, परंतु देवश्रीवीतराग, भगवान्, परत्मानी तथा पूर्वोक्त लक्षणवाला गुरुमहाराजनी तथा चतुर्विध श्रीसंघनी पूजा, भक्ति, नमस्कार, वात्सल्यादि कृत्यो करे छे, तथा प्राभाविक श्रावक होवाथी शासननी उन्नति तथा शासननी प्रभावना करे छे. चतुर्थ गुणस्थानकवालो जीव, १ तीर्थंकर नामकर्म, २ मनुष्यायु, ३ देवायु, आ त्रण, प्रकृति त्रीजा गुणस्थानवालाथी अधिक बांधे छे, तेथी सत्तोतेर प्रकृतिनो बंध करे छे, तथा मिश्र मोहनो व्यवछेद थवाथी,अने चार आनुपूर्वी, तथा सम्यक्त्व मोहनो उदय थवाथी, एकसो चार कर्मप्रकृतिने वेदेछे. क्षायिक सम्यक्त्ववालाने १३० कर्मप्रकृतिनी सत्ता होय छे.अने उपशम सम्यक्त्ववालाने चोथा गुणस्थानकथी ते अग्यारमा गुणस्थानकपर्यंत १४० कर्मप्रकृतिनी सत्ता छे, अने क्षायिक सम्यक्त्ववालाने जे जे गुणस्थानकमां जेटली जेटली कर्मप्रकृतिनी सत्ता छे ते यथानुक्रम लखवामां आवशे.

हवे पांचमा देशविरति गुणस्थानकनुं स्वरूप लखीयें छीयें. सम्यक् तत्त्वाववोधथी उत्पन्न थयो जे वैराग्य, ते वैराग्यथी जीवने सर्व विरतिपणानी वांछा थायछे, परंतु सर्व विरतिघातक प्रत्याख्यान नामना कषायना उदयथी तेनामां सर्वविरतिपणुं अंगीकार करवानुं सामर्थ्य होतुं

नथी, परंतु जघन्य, मध्यम उत्कृष्टरूप देशविरति ते थइ शकेछे. जघन्य देशविरतिपणामां आकुट्टि स्थूलहिंसा प्रमुखनो त्याग, मद्यमांसादि परिहार, तेमज पंचपरमेष्ठि नमस्कार स्मरणादि छे. यदाह ॥ आउट्टि थूल हिंसाइ, मज्जमंसाइ चायउ ॥ जहन्नो सावउ होइ, जो नमुक्कार धारउ ॥ १ ॥ तथा मध्यम देशविरति अक्षुद्रादि न्यायसंपन्न वैभवादि धर्मयोग्यताना गुणोसहित, तथा गृहस्थ उचित षट्कर्मधर्ममां तत्पर, द्वादश व्रतना पालक, सदाचारवान्, एवा होय ते मध्यम श्रावक जाणवा. तथा उत्कृष्ट देशविरति सचित्तआहारना त्यागी होय, प्रतिदिन एकासणुं करे, ब्रह्मचारी होय, महाव्रत अंगीकार करवानी इछावाला होय, अने गृहस्थनो धंधो त्यागेलो होय ते उत्तम श्रावक जाणवा. आ त्रण प्रकारनी विरतिमांथी एकपण प्रकारनी विरति होय ते श्रावक कहेवाय छे. देशविरति गुणस्थानकनी उत्कृष्टी स्थिति देशउणी कोटिपूर्वेनी छे.

हवे देशविरतिपणामां ध्याननो संभव कहीयें छियें. आ गुणस्थानकवाला जीवोमां १ अनिष्टयोगार्त्त, २ इष्टयोगार्त्त, ३ रोगचिंतार्त्त, ४ अग्रशौचार्त्त, आ चार पादरूप आर्त्तध्यान, तथा १ हिंसानंदरौद्र, २ मृषानंदरौद्र, ३ चौर्यानंदरौद्र, ४ संरक्षणानंदरौद्र, आ चार पादरूप रौद्रध्यान, मंद होय छे. जेम जेम देशविरतिपणुं विशेष थतुं जायछे. तेम तेम आर्त्त रौद्रध्यान मंद मंदतर थतुं जाय छे. वळी जेम जेम देशविरतिपणुं अधिक थतुं जाय छे, तेम तेम धर्मध्यान अधिक अधिक थतुं जाय छे, परंतु मध्यमरूपेंज रहेछे; उत्कृष्ट धर्मध्यान देशविरतिपणामां होतुं नथी. जो उत्कृष्ट धर्मध्यान थइ जाय तो, सर्व विरतिपणुं थइ जाय.

प्रश्नः—पांचमा गुनस्थानमां धर्मध्यान केवी तरेहनुं होय?

उत्तरः— गृहस्थधर्म उचित षट्कर्म, एकादश प्रतिमा, तथा श्रावक व्रतपालनरूप होय. षट्कर्म आ प्रमाणे छे. १ तीर्थंकर भगवंत वीतराग सर्वज्ञनी प्रतिमाद्वारा पूजा करवी, २ गुरुनी सेवा करवी, ३ स्वाध्याय, ४ संयम (इंद्रियदमन) ५ तप, ६ दान. यदाह ॥ देवपूजा, गुरूपास्तिः, स्वाध्यायः संयमस्तपः ॥ दानं चेति गृहस्थानां, षट्कर्माणि दिने दिने ॥ १ ॥ तथा प्रतिमा ते अभिग्रहविशेषने कहेवामां आवे छे ॥ गाथा ॥ दंसण वयसामाइय, पोसहपडिमा अबंभ सचित्ते ॥ आरंभपेस उदिठ, व-

जाए समणजूए य ॥१॥ प्रतिमानुं विस्तारथी स्वरूप जोवुं होय तो श्रीपंचाशक नामा शास्त्रमां प्रतिमा पंचाशक जोवुं तथा श्रावकनां व्रत बार छे. तेनुं विस्तारथी कथन हवे पछी करवामां आवशे. आषट्कर्म एकादश प्रतिमा अने बार व्रत पालवामां मध्यम, धर्मध्यान होय छे. देशविरति गुणस्थानस्थ जीव, अप्रत्याख्यान चार कषाय, मनुष्यगति, मनुष्यायु, मनुष्यापूर्वी, आद्यसंहनन, औदारिक शरीर, औदारिक अंगोपांग, सर्व मली दशकर्मप्रकृतिनो बंधव्यवछेद करवाथी, सडसठ कर्म प्रकृतिनो बंध करे छे. तथा अप्रत्याख्यान चार, मनुष्यानुपूर्वी, तिर्यंचानुपूर्वी, नरकत्रिक, देवत्रिक, वैक्रियद्धिक, डुर्नग, अनादेय, अयशःकीर्त्ति, आ सत्तर कर्म प्रकृतिनो उदयव्यवछेद थवाथी सत्याशी कर्म प्रकृतिनुं फल जोगवे छे, अने एकसो आडत्रीश प्रकृतिनी सत्ता छे.

पांचमा गुणस्थान उपरनां जे जे गुणस्थानको छे तेमांथी तेरमुं गुणस्थानक बाद करीने बाकीनां सर्व गुणस्थानकोनी पृथक् पृथक् अंतर्मुहूर्त्तमात्र स्थिति छे, अने छठुं तथा सातमुं गुणस्थानक हिंडोला समान होवाथी तेनुं उत्कृष्ट कालमान देश उणुं पूर्व कोटि वर्ष छे.

हवे छठा प्रमत्त संयत गुणस्थानकनुं स्वरूप लखियेछियें. सर्व विरति साधु छठा प्रमत्त गुणस्थानकवाला होय छे, ते साधु केवा होय छे? अहिंसादि पांचमहाव्रतना धारक होय छे. ते साधु प्रमत्त शा कारणथी थाय छे? प्रमादसेवन करवाथी प्रमत्त थाय छे. ते प्रमाद पांच प्रकारे छे. ॥ गाथा ॥ मज्जं विषय कसाय, निद्दा विगहीय पंचवी जणिया ॥ ए ए पंच पमाया, जीवं पाडंति संसारे ॥ १ ॥ जावार्थः— मद्य, विषय, कषाय, निद्रा, तेमज विकथा, आ पांच प्रमाद छे. ते जीवने संसारमां नाखे छे. जे साधु आ पांच प्रमादसंयुक्त होय, तथा जो तेने संज्वलन चोथा कषायनो उदय होय, तो महाव्रतधारक साधु पण अंतर्मुहूर्त सुधी अवश्य सप्रमाद होवाथी प्रमत्त थाय छे. जो अंतर्मुहूर्त्तथी उपरांत प्रमाद सहित वर्ते तो ते प्रमत्त गुणस्थानकथी पण नीचे पडी जाय छे, जो अंतर्मुहूर्तमां प्रमाद रहित थाय तो फरी अप्रमत्त गुणस्थानमां आरोहण करे छे.

हवे प्रमत्त संयत गुणस्थानमां ध्याननो संजव कहियेछियें. आ गुण-

स्थानमां मुख्य तो आर्त्तध्यान छे, उपलक्षणथी रौद्रध्याननो पण संभव छे, कारण के हास्यादि छ नोकषायनुं प्रवर्त्तवुं छे. तथा आज्ञा आदि आलंबनयुक्त धर्मध्याननी गौणता छे. धर्मध्यानना चार पाद छे. १ आज्ञा, २ अपाय, ३ विपाक, ४ संस्थान, यथा ॥ आज्ञापायविपाकानां, संस्थानस्य विचिंतनात् ॥ इत्थं वा ध्येयभेदेन, धर्मध्यानं चतुर्विधं ॥ १ ॥ सर्वज्ञ अर्हंत भगवंतें जे कांइ कथन करेल छे, ते सर्व सत्य छे, मारी समजमां जे जे वस्तुस्वरूप यथार्थ आवतुं नथी, तेनुं मुख्य कारण मारी बुद्धिनी मंदता छे, वली दुषम कालना प्रभावथी तेमज संशय परास्त करनारा गुरुना अभावथी इत्यादि अनेक कारणोथी जिनेश्वर भगवानें कथन करेला तत्वनी सूक्ष्मता मारी समजमां आवती नथी, परंतु अर्हंत भगवंतनुं कथन निःस्वार्थि, एकांत हितकारक, तथा मृषा बोलवाना निमित्त विनानुं इत्यादि जे चिंतवन करवुं ते आज्ञाविचयनामा प्रथम भेद छे. २ राग द्वेष कषायादि जे आश्रव छे, तेनाथी इहलोक परलोकमां अपाय ( कष्ट ) उत्पन्न थाय छे, ते महाअनर्थना हेतु छे, एवुं जे चिंतवन करवुं ते अपायविचयनामा बीजो भेद छे. ३ क्षणे क्षणे कर्मफलोदय जे विचित्ररूप उत्पन्न थाय छे, तेनाथी सुखदुःखादि भोगवतां, हर्ष, शोक नहि करतां, पूर्वकृत कर्मनो विपाक छे इत्यादि जे चिंतववुं ते विपाक विचयनामा त्रीजो भेद छे. ४ आ लोक अनादि अनंत छे. सर्व पदार्थ उत्पाद, व्यय, ध्रुवरूप छे, तथा पुरुषाकार लोकनुं संस्थान छे, एवुं जे चिंतवन करवुं ते संस्थानविचय नामा चोथो भेद छे. इत्यादि आलंबनयुक्त धर्म ध्याननी गौणता प्रमत्त गुणस्थानमां छे, परंतु सप्रमाद होवाथी मुख्यता नथी.

हवे जो कोइ प्रमत्त गुणस्थानमां निरालंबन धर्मध्यान कहेता होय तो तेनो निषेध करेलो छे, जिनभास्कर (जिनसूर्य) एम कहीगया छे के ज्यां सुधी साधु प्रमादसंयुक्त होय, त्यांसुधी तेने निरालंबन धर्मध्यान होतुं नथी. कारण के प्रमत्तगुणस्थानमां मध्यम धर्मध्याननी पण गौणता कही छे, मुख्यता कही नथी, ते कारणथी प्रमत्त गुणस्थानमां निरालंबन धर्मध्याननो संभव नथी.

हवे जेउ आ अर्थ ( कथन ) नो स्वीकार न करे तेने कहिये छियें.

के जे साधु सप्रमादी थइने आवश्यक, सामायिकादि षडावश्यक साधक अनुष्ठाननो परिहार करीने, निश्चल, निरालंबन धर्मध्याननो आश्रय करे, ते साधु मिथ्यात्व मोहित जावथी मूढ थयो थको, श्रीसर्वज्ञ प्रणीत जैनागम ( सिद्धांत ) जाणतो नथी. ते व्यवहारनो त्याग करी दूर बेठो छे, अने निश्चयने प्राप्त करी शक्यो नथी; अने जे जैन सिद्धांतना ज्ञाता छे, तेउं तो व्यवहारपूर्वक निश्चयने साधे छे. यदाह ॥ जइ जिणमयं पवज्जह, तामा विवहारनिछए मुयह ॥ विवहार नउं छे ए, तिछुछेउं जउं जणिउं ॥ १ ॥ अर्थः– जो जैनमतने अंगीकार करता हो, तेमज जैनमतना साधु थता हो तो व्यवहार, निश्चयनो त्याग करो नहि, जो व्यवहारनो उछेद करशो तो तीर्थनो उछेद थइ जशे, आ कथन उपर दृष्टांत कहीये छियें. कोइ पुरुष पोताना घरमां निरंतर बाजरानी रोटली खाय छे, एकाद दिवस कोइ गृहस्थें तेने निमंत्रण करी अपूर्व मिष्टान्न आहारनुं जोजन कराव्युं. आ मिष्टान्न आहारथी स्वादनो लोलुपी थइने ते पोताना घरनी बाजरानी रोटली निःस्वाद जाणी खातो नथी, अने अंतःकरणमां दुःप्राप्य मिष्टान्ननी अजिलाषा करी रह्यो छे, मिष्टान्न मलतुं नथी, अने बाजरानी रोटली अरुचिकर थवाथी खातो नथी, तेथी उजयभ्रष्ट थइ अंते दुःखी थाय छे, तेवीज रीतें आ जीव पण कदाग्रहरूप जूत वलगी जवाथी प्रमत्त गुणस्थानसाध्य स्थूलमात्र पुण्य पुष्टिनां कारण, षडावश्यकादि कष्टक्रिया करतो नथी, अने कदाचित् प्रमत्त गुणस्थानमां जेनो लाज छे, एवुं निर्विकल्प मनोजनित, समाधिरूप निरालंबन, ध्यानांश अमृत आहारतुल्य प्राप्त थाय छे, तेनाथी उत्पन्न थयो जे परमानंद सुखस्वाद, ते चित्तमां रेहेवाथी प्रमत्त गुणस्थानगत षडावश्यकादि कष्टक्रियाकर्म बाजरानी रोटली समान जाणी, तेनुं सम्यक् रीतें आराधन करतो नथी, अने मिष्टान्न तुल्य निरालंबन ध्यानांश तो प्रथम संहननना अजावथी प्राप्त करी शकतो नथी, तेथी आवश्यकादि क्रिया नहि करवाथी उजयभ्रष्ट थाय छे. आ पंचम कालमां महामुनि, रुषिउंए निरालंबन ध्याननो मनोरथज करेलो छे ॥ तथा च पूर्वमहर्षयः ॥ चेतोवृत्तिनिरोधनेन करणग्रामं विधायोद्वशं । तत् संहृत्य गतागतं च मरुतो धैर्यं समा-

श्रित्य च ॥ पर्यंकेन मया शिवाय विधिवत्, स्थित्वैक जूजृद्दरी मध्य. स्थेन कदाचिदर्पितहशा, स्थातव्यमंतर्मुखं ॥ १ ॥ चित्ते निश्चलतांगते प्रशमिते, रागादि निद्रामदे । विद्राणेऽक्षकदंबके विघटिते, ध्वांतभ्रमारंभके ॥ आनंदे प्रविजृंभिते पुरपते, ज्ञाने समुन्मीलिते । मां रक्ष्यंति कदा वनस्थमभितो दुष्टाशयाः श्वापदाः ॥ २ ॥ तथा श्रीसूरप्रभाचार्याः चित्तावदातैर्भवदागमानां, वा भेष जैरागरुजं निवर्त्त्य ॥ मया कदा प्रौढसमाधिलक्ष्मी, इत्यादि ॥ तथा श्रीहेमचंद्रसूरयः ॥ वनपद्मासनासीनं, क्रोडस्थितमृगार्भकं ॥ कदा घ्रास्यंति वक्रो मां, चरंतो मृगयूथपाः ॥ १॥ शत्रौ मित्रे तृणे स्त्रैणे, हेम्नेऽश्मनि मणौ मृदि ॥ मोक्षे भवे भविष्यामि, निर्विशेषमतिः कदा ॥ २ ॥ भावार्थः– चित्तवृत्तिनो निरोध करीने, इंद्रियसमूह अने तेना विषयोने दूर करीने, पवन अर्थात् श्वासोछ्वासनी गत्यागतिनुं रोधन करीने, धैर्यतानुं अवलंबन करीने, पद्मासन बेसीने, कल्याण करवा निमित्ते, विधियुक्त, कोइ, पर्वतनी कंदरा ( गुफा ) मां बेसीने, एकवस्तु उपर स्थिर दृष्टि करी मुजने अंतर्मुख रहेवुं योग्य छे. ॥ १ ॥ चित्त निश्चल थतां, राग, द्वेष, कषाय, निद्रा अने मद शांत थतां इंद्रियसमूहकृत विकार दूर थतां, भ्रमारंभक अंधकार प्रलय थतां, ज्ञानो प्रकाश थतां, अने आनंद प्रगट वृद्धिमान् थतां, आत्म अवस्थामां स्थित एवा मारा जीवने वनमां रहेतां, दुष्टाशयवाला सिंह क्यारे रक्षा करशे ? ॥ २ ॥ वली श्रीसूरप्रभाचार्य पण कहे छे, हे भगवन् ! तमारा आगम रूप भेषजथी, राग रूप रोगनिवर्त्तवाथी, निर्मल चित्तयुक्त थये, क्यारे एवो दिवस आवशे के जे दिवसे हुं समाधिरूप लक्ष्मीनुं दर्शन करीश ? इत्यादि. तथा श्री हेमचंद्र सूरि कहे छे के, वनमां पद्मासनथी बेठां थकां, मारा खोलामां मृगनुं बच्चुं आवी बेसे, अने हरणनो स्वामि कालियार मारा मुखने सूंघे, ते समये हुं मारी समाधिमां निश्चल रहुं ॥ १ ॥ तथा शत्रुमां, मित्रमां, तृणमां, स्त्रियोमां सुवर्णमां तेमज पाषाणमां, मणिमां तेमज माटिमां, अने मोक्षमां तेमज संसारमां एकसरखी मतिवालो क्यारे हुं थइश ? ॥ २ ॥ तेवीजरीतें मंत्री वस्तुपाल, तथा परमतमां भर्तृहरिए पण मनोरथ करेला छे, अने मनोरथ जे लोक करे छे ते दुःप्राप्य वस्तुनोज करे छे. जे वस्तु कष्टविना

सुखे मलती होय तेनो मनोरथ कोइ पण करतुं नथी. जे निरंतर मिष्टान्न खाय छे, अने मोटुं राज्य भोगवे छे, ते कदापि मिष्टान्न भोजन तथा राज्य भोगववानो मनोरथ करता नथी. ते कारणथी प्रमत्त गुणस्थानस्थ विवेकि पुरुषोए, परमसंवेग भावथी अप्रमत्त गुणस्थानकनो स्पर्श कर्यो होय ते पण सर्व प्रकारें परम शुद्ध परमात्मतत्व संवित्तिनो मनोरथ करवो, परंतु षट्कर्म, षडावश्यकादि व्यवहार क्रियानो परिहार न करवो, अने जे मूढ ( अज्ञानी ) योग ग्रहथी ग्रस्त छे, तेमज सदाचार व्यवहारथी पराङ्मुख छे, तेनो योगपण कांइ कामनो नथी, तेमज तेनो आ लोक पण नथी, अने परलोक पण नथी, अर्थात् ते जीवो जडात्मा होवाथी उभयभ्रष्ट थाय छे ॥ यतः॥ ये तु योगग्रहग्रस्ताः, सदाचार पराङ्मुखाः ॥ एष तेषां च योगोऽपि, न लोकोपि जडात्मनां ॥ १ ॥ इत्यादि. ते कारणथी साधुयें दिवसे तेमज रात्रिमां जे जे दूषणो तेमने लाग्यां होय, तेनो उछेद करवा वास्ते अवश्य षडावश्यकादि क्रिया करवी जोइयें. ज्यां सुधी उपरनां गुणस्थानकोथी साध्य जे निरालंबन ध्यान छे, ते प्राप्त न थाय, त्यां सुधी करवी जोइयें.

प्रमत्त गुणस्थानस्थ जीव, चार प्रत्याख्याननो बंध व्यवछेद होवाथी त्रेसठ प्रकृतिनो बंध करे छे, तथा तिर्यग्गति, तिर्यगानुपूर्वी, नीचगोत्र, उद्योत तथा प्रत्याख्यान चार आ आठप्रकृतिनो उदय व्यवछेद थवाथी अने आहारक शरीर तेमज आहारक अंगोपांगनो उदय होवाथी एकाशी प्रकृति वेदे छे, अने एकसो आडत्रीश प्रकृतिनी सत्ता छे.

हवे सातमा अप्रमत्तगुणस्थानकनुं स्वरूप लखिये छियें. पांच महाव्रतधारी साधु पांच प्रमादना अभावें, अप्रमत्तगुणस्थानस्थ होयछे. तेने संज्वलन चार कषायनो, तेमज नोकषायनो पण उदय मंद होयछे, तात्पर्य के, संज्वलन कषाय तेमज नोकषायनो जेवो जेवो मंद उदय होय तेवो तेवो साधु अप्रमत्त होय. यदाह ॥ यथा यथा न रोचंते, विषयाः सुलभा अपि ॥ तथा तथा समायाति, संवित्तौ तत्वमुत्तमं ॥ १ ॥ यथा यथा समायाति, संवित्तौ तत्वमुत्तमं ॥ तथा तथा न रोचंते, विषयाः सुलभा अपि ॥ २ ॥ अर्थः—जेम जेम सुखें प्राप्त थता विषयो रुचता नथी, तेम तेम उत्तमतत्त्व संवित्तिनो लाभ थतो जाय छे, तथा जेम जेम उत्त-

मतत्त्व संवित्तिनो लाभ थतो जाय छे, तेम तेम सुखें प्राप्त थता विषयो रुचता नथी. वळी अप्रमत्तगुणस्थानकवाळा जीव जेम जेम मोहनीयकर्मनो उपशम करवामां तेमज क्षय करवामां निपुण थता जाय छे तेम तेम सद्ध्याननो आरंभ करे छे.

दूर कर्योछे सर्वप्रमाद जेणें एवा जे जीव, तथा पंचमहाव्रतधारक साधु, अष्टादश सहस्र शीलांग लक्षण संयुक्त, सदागमअभ्यासी ज्ञानवान् एकाग्रध्यानवान् ( ज्ञान ध्यान रूप धन होवाथी ) मौनी मौनवान् (कारण के मौनवान्ज ध्यानरूप धनवान् होइ शके छे) एवा पवित्रमुनि पूर्वोक्त सम्यक्त्वमोह, मिश्रमोह, मिथ्यात्वमोह अने अनंतानुबंधी चार, आ सात प्रकृति विना एकवीश प्रकृतिरूप मोहनीय कर्मने उपशम करवामां तेमज क्षय करवामां ज्यारे सन्मुख थायछे, त्यारे सालंबन ध्यान तजीने निरालंबन ध्यानमां प्रवेश करवानो आरंभ करेछे. आ निरालंबन ध्यानमां प्रवेश करनारा योगी त्रण प्रकारना छे. १ यथा प्रारंभकाः, २ तन्निष्ठाः, ३ निष्पन्नयोगाः ॥ यदाह ॥ सम्यग् नैसर्गिकीं वा, विरतिपरिणतिं, प्राप्य सांसर्गिकीं वा ॥ क्वाप्येकांते निविष्टाः, कपिचपलचलन्मानसस्तंभनाय, शश्वन्नासाग्रपाली, घनघटितदृशो, धीरवीरासनस्था । ये निष्पापाः समाधे, र्विदधति विधिनाऽरंभमारंभकास्ते ॥ १ ॥ कुर्वाणोमरुतासनेंद्रियमनः क्षुत्तर्षनिद्राजयं।योंतं जल्पति रूपणाभिरसकृत्,तत्त्वं सम्भ्यस्यति॥ सत्वानामुपरि प्रमोदकरुणा मैत्रीर्भृशं मन्यते। ध्यानाधिष्ठितचेष्टयाऽभ्युदयते, तस्येह तन्निष्ठता ॥ २ ॥ उपरतबहिरंतर्जल्पकल्लोलमाले, लसदविकलविद्या पद्मिनीपूर्णमध्ये ॥ सततममृतमंतर्मानसे यस्य हंसः, पिबति निरुपलेपः सोत्र निष्पन्नयोगी ॥ ३ ॥

हवे अप्रमत्तगुणस्थानमां ध्याननो संभव कहीये छियें, सर्वज्ञनुं कथन करेलुं धर्मध्यान मैत्रीप्रमुख अनेक भेदरूप छे ॥ यदाह ॥ मैत्र्यादिभिश्चतुर्भेदं, यद्वाज्ञादि चतुर्विधं ॥ रूपस्थादि चतुर्द्धा वा, धर्मध्यानं प्रकीर्त्तितम् ॥ १ ॥ मैत्रीप्रमोद कारुण्य, माध्यस्थानि नियोजयेत् ॥ धर्मध्यानमुपस्कर्तुं, तद्धि तस्य रसायनं ॥ २ ॥ आज्ञापायविपाकानां, संस्थानस्य विचिंतनात्॥ इत्थं वा ध्येयभेदेन, धर्मध्यानं प्रकीर्त्तितं ॥ ३ ॥ धर्मध्यान मैत्रीभावप्रमुख चार भेद छे. तथा आज्ञाविचयप्रमुख चार भेदें छे, अने

तिर्मंदमंदं । प्राणायामोललाट, स्थलनिहितमना, दत्तनासाग्रदृष्टिः ॥ नाऽत्युन्मीलन्निमील, न्नयनमतितरां, बद्धपर्यंकबंधो । ध्याने प्रध्याय शुक्लं, सकलविदभव, यः सपायाज्जिनोवः ॥ १ ॥ वली केवा छे ते योगींद्र? मन, चित्त, अंतःकरणना विकल्परूप व्यापारने बंध कर्यो छे, जेणें कारण के विकल्पज दृढकर्म बंधननो हेतु छे. यदाह ॥ शुभावाह्यशुभावापि, विकल्पा यस्य चेतसि ॥ सस्वं बध्नात्ययः स्वर्ण, बंधना तेन कर्मणा ॥१॥ वरं निद्रा, वरंमूर्छा, वरं विकलताऽपि वा ॥ नत्वार्त्तरौद्रदुर्लेश्या, विकल्पाकुलितं मनः ॥ २ ॥ वली ते योगी केवा छे? संसारनो उच्छेद करवा वास्ते उद्यम छे जेनो एवा छे, कारण के भवने उच्छेद करवानी अभिलाषावाला ध्यानवाननेज योगनी सिद्धि थाय छे. यदाह ॥ उत्साहान्निश्चयाद्धैर्या, त्संतोषात्तत्त्वदर्शनात् ॥ मुनेर्जनपदत्यागा, त्षड्भिर्योगः प्रसिद्ध्येदिति ॥ १ ॥ तथा योगींद्रमुनि पवनने उर्ध्व प्रचारात्ति दशमद्वार गोचर प्राप्त करे छे. शुं करीने प्राप्त करे छे? अपानद्वार मार्गथी गुदाने रस्ते पोतानी इच्छाथी निकलता पवनने संकोचीने, मूलबंध युक्ति पूर्वक करे छे. ते मूलबंध आ छे ॥ पार्ष्णिभागेन संपीड्य, योनिमाकुंचयेद्गुदं ॥ अपानमूर्द्ध्वमाकृष्य, मूलबंधोनिगद्यते ॥ १ ॥ आ आकुंचन कर्मज प्राणायामनुं मूल छे. ॥ यदुक्तं ॥ ध्यानदंडस्तुतौ ॥ संकोच्यापानरंध्रं हुतवह सदृशं, तंतुवत्सूक्ष्मरूपं । धृत्वा हृत्पद्मकोशे, तदनु च गलके तालुनि प्राणशक्तिं ॥ नीत्वा शून्यां, पुनरपि खगतिं, दीप्यमानं समंतात्, लोकालोकावलोकां, कलयति सकलां यस्य तुष्टो जिनेशः ॥ १ ॥

हवे पूरक प्राणायामनुं स्वरूप कहियेंछियें. योगी पूरक ध्यानना योगथी अतिप्रयत्नपूर्वक सर्व देहगतनाडीसमूहने पवनथी पूरे छे. शुं करीने? बार आंगल सुधी पवननुं आकर्षण करीने, अर्थात् बहारथी सर्व बाजुएथी बार आंगलप्रमाणे पवनने खेंचीने पूरेछे. तात्पर्य ए छे के आकाश तत्व वहेतां थकां नासिकानी अंदरज पवन होयछे, अग्नितत्व वहेतां थकां चार आंगल प्रमाण बहार पवन उर्ध्वगति स्फुरे छे, वायु तत्व वहेतां छ आंगल प्रमाण बहार पवन तिर्यग् स्फुरे छे, पृथ्वीतत्व वहेतां थकां आठ आंगल प्रमाण बहार पवन मध्यम भागमां रहे छे, अने जल तत्व वहेतां थकां बार आंगल प्रमाण पवन नीचे वहे छे. एवी

रीते बार आंगल पर्यंत वारुण मंडल प्रचार अमृतमय पवन आकर्षणथी तेनुं नाम पूरकध्यानकर्म कहेवाय छे.

हवे रेचक प्राणायाम कहियें छियें. पूरक ध्याननी अनंतर साधक योगी, योगसामर्थ्यथी तेमज प्राणायाम अभ्यासबलथी रेचकनामा पवन, नाभिकमल उदरथी हलवे हलवे बहार काढे छे, तेनुं नाम रेचक ध्यान छे. यदाह ॥ वज्रासनः स्थिरवपुः स्थिरधीः सचित्त, मारोप्य रेचक समीरणजन्मचक्रे ॥ स्वांतेन रेचयति नाडिगतं समीरं, तत्कर्म रेचक मिति प्रतिपत्तिमेति ॥ १ ॥

हवे कुंभक ध्यान कहियें छियें. योगी कुंभकनामा पवन, नाभिपंकज कुंभक ध्यान अर्थात् कुंभककर्मप्रयोगथी कुंभवत् अर्थात् घडारूपें अतिशयेंकरी स्थिर करे छे. ॥ यदाह ॥ चेतसि श्रयति कुंभकचक्रं, नाडिकासु निबिडीकृतवातः ॥ कुंभवच्चरति यज्जलमध्ये, तद्वदंति किल कुंभककर्म ॥ १ ॥ इति लेशमात्र प्राणायामस्वरूपं.

हवे पवन जीतवाथी मन वश थाय छे, तेनुं स्वरूप कहियेंछियें. ज्यां मन छे, त्यां पवन छे, अने ज्यां पवन छे, त्यां मन छे. यदाह ॥ दुग्धांबुवत् संमिलितौ सदैव, तुल्यक्रियौ मानसमारुतौ हि ॥ यावन्मनस्तत्र मरुत्प्रवृत्ति, र्यावन्मरुत्तत्र मनःप्रवृत्तिः ॥ १ ॥ तत्रैकनाशादपरस्य नाश, एकप्रवृत्तेरपरप्रवृत्तिः ॥ विध्वस्तघोरेंद्रियवर्गशुद्धि, स्तद्ध्वंसनान्मोक्षपदस्य सिद्धिः ॥ २ ॥ आ प्रमाणे पूरक, रेचक, कुंभक पवनोनां अनुक्रमें आकुंचन, निर्गमन साधीने, वायुनो संग्रह, तेमज चित्तनुं एकाग्रपणुं चिंतन करीने समाधिविषे निश्चलपणुं धारण करे छे, कारण के पवन जीतवाथीज मन निश्चल थाय छे. यदाह ॥ प्रचलति यदि, क्षोणी चक्रं, चलंत्यचला अपि । प्रलयपवन, प्रेंखालोला, श्चलंति पयोधयः ॥ पवन जयिनः, स्वावष्टंभ, प्रकाशितशक्तयः । स्थिरपरिणते, रात्मध्याना, च्चलंति न योगिनः ॥ १ ॥

हवे भावनीज प्रधानतानुं स्वरूप कहीयें छियें. क्षपक श्रेणि आरोह करतां प्राणायामनो क्रम अर्थात् प्रौढ पवननो अभ्यासक्रम जे कहेलो छे, ते प्रागल्भ्यता अर्थात् रूढिपूर्वक जे प्रसिद्ध छे, तेम बतावेलो छे परंतु प्राणायाम करे तोज क्षपकश्रेणिए चडी शके एवो कांइ नियम नथी,

कारण के क्षपकनो भावज क्षपक श्रेणिनुं कारण छे, परंतु प्राणायामादि जे आडंबर छे ते कारण नथी. यथा चर्पटिनापि ॥ नासाकंदं नाडीवृंदं, वायोश्चारः प्रत्याहारः ॥ प्राणायामो बीजग्रामो, ध्यानाभ्यासो मंत्रन्यासः ॥ १ ॥ हृत्पद्मस्थं भ्रूमध्यस्थं, नासाग्रस्थं श्वासांतःस्थं ॥ तेजः शुद्धं ध्यानं बुद्धः, ॐकाराख्यं सूर्यप्रभाख्यं ॥ २ ॥ ब्रह्माकाशं शून्याभासं, मिथ्याजल्पं चिंताकल्पं ॥ कायाक्रांतं चित्तभ्रान्तं, त्यक्त्वा सर्वं, मिथ्या गर्वं ॥ ३ ॥ गुर्वादिष्टं चिंतितमिष्टं, देहातीतं भावोपेतं ॥ त्यक्त्वा द्वंद्वं, नित्यानंदं, शुद्धं तत्वं जानीहि त्वं ॥ ४ ॥ अन्यच्च ॥ ओंकाराऽभ्यसनं विचित्रकरणैः, प्राणस्य वायोर्जया । त्तेजश्चिंतनमात्मकायकमले, शून्यांतरालंबनं ॥ त्यक्त्वा सर्वमिदं कलेवरगतं, चिंतामनोविभ्रमं । तत्त्वं पश्यत जल्पकल्पनकला, ऽतीतं स्वभावस्थितं ॥ १ ॥ आ सर्व रूढिपूर्वक क्षपक श्रेणिना आडंबर छे, परंतु तत्वथी तो मरुदेवादिवत् भावज प्रधान छे.

हवे शुक्ल ध्यानना प्रथम पायानुं नाम कहीयें छियें. मन, वचन, कायाना योगने वशकरनार मुनिने शुक्लध्याननो प्रथम पाद थाय छे, ते पाद केवो छे ? वितर्कसहित जे वर्ते ते सवितर्क, विचारसहित जे वर्ते ते सविचार, पृथक्त्वसहित जे वर्ते ते सपृथक्त्व. आ त्रणविशेषणयुक्त होवाथी शुक्लध्यानना प्रथम पायानुं नाम सपृथक्त्व, सवितर्क, सप्रविचार छे.

हवे आ त्रणे विशेषणोनुं स्वरूप कहीयें छीयें. पूर्वोक्त प्रथम शुक्लध्यान त्रयात्मक क्रमोक्रमें गृहीत विशेष त्रण रूपें छे. तेमां श्रुतचिंतारूप वितर्क छे, तथा शब्द अर्थ योगांतरमां जे संक्रमण करवुं ते विचार छे, अने द्रव्य, गुण, पर्यायादिथी जे अन्यपणुं छे ते पृथक्त्व छे.

हवे आ त्रणे विशेषणना प्रगट अर्थ कहियेंछियें, जे ध्यानमां अंतरंगध्वनिरूप वितर्क, विचार रूप होय ते सवितर्क ध्यान छे, कारण के स्वकीय निर्मल परमात्मतत्व अनुभवमय अंतरंग भावगत आगमना अवलंबनथी आ सवितर्कध्यान थाय छे. जे ध्यानमां पूर्वोक्त वितर्क विचारणरूप अर्थथी अर्थांतरमां संक्रमण होय, शब्दथी शब्दांतरमां संक्रमण होय, तथा योगथी योगांतरमां संक्रमण होय ते सविचार संक्रमण कहेवाय छे. तथा जे ध्यानमां पूर्वोक्त वितर्क सविचार अर्थ व्यंजन योगां-

तर संक्रमणरूप पण शुद्धात्मानी पेठे द्रव्यथी द्रव्यांतरमां जाय छे, अथवा गुणोथी गुणांतरमां जाय छे, अथवा पर्यायोथी पर्यायांतरमां जायछे, तेमां सहभावी ते गुण छे, जेम के सुवर्णमां स्निग्धता, पीतता छे, इत्यादि, अने क्रमभावी ते पर्याय छे, जेमके सुवर्णमां मुद्रा, कुंडलादि. ते द्रव्यगुण पर्यायांतरोमां जे ध्यानमां अन्यत्व पृथक्त्व छे ते सपृथक्त्व छे.

हवे शुक्ल ध्यानथी जे शुद्धि थाय छे ते कहियें छियें. समाधिवान् योगी पूर्वोक्तत्रयात्मक पृथक्त्व वितर्क सप्रविचार शुक्ल ध्यानने ध्यातां थकां परम प्रकृष्ट विशुद्धिने प्राप्त थाय छे, ते शुद्धि केवी छे? मुक्ति रूप लक्ष्मीना मुखने देखाडनारी छे.

हवे तेनुं कांइक विशेष स्वरूप कहियें छियें. यद्यपि आ शुक्लध्याननो पायो प्रतिपाती ( पतनशील ) उत्पन्न थाय छे, तो पण अति विशुद्ध होवाथी अर्थात् अत्यंत निर्मल होवाथी उपरना गुणस्थानमां आरोह करवानी चाहना रह्या करे छे, अर्थात् उपरना गुणस्थानमां दोडेछे.

अपूर्वकरण गुणस्थानस्थ जीव निद्राद्धिक, देवद्धिक, पंचेंद्रियजाति, प्रशस्त विहायोगति, त्रसनवक, वैक्रिय, आहारक, तैजस, कार्मण, वैक्रिय उपांग, आहारक उपांग, आद्यसंस्थान, निर्माणनाम, तीर्थंकरनाम, वर्णचतुष्क, अगुरुलघु, उपघात, उच्छ्वास. आ बत्रीश कर्मप्रकृतिनो बंधव्यवछेद थवाथी, छवीश कर्म प्रकृतिनो बंध करेछे. तथा छेल्ली त्रण संहनन, अने सम्यक्त्व मोह, आ चारनो उदयव्यवछेद थवाथी बोंतेर कर्म प्रकृति वेदे छे. अने १३८ कर्म प्रकृतिनी सत्ता छे. इति क्षपक श्रेणि आठमा गुणस्थाननुं स्वरूप.

हवे क्षपक, अनिवृत्तिनामा नवमा गुणस्थानकपर आरोह करेछे त्यारे जे जे कर्म प्रकृतिनो ज्यां ज्यां क्षय थाय छे, ते कहियेंछियें. क्षपकमुनि नवमा गुणस्थानकना नवभाग करे छे. प्रथम भागमां सोल कर्म प्रकृतिनो क्षय करे छे, ते आ प्रमाणे छे, १ नरकगति, २ नरकानुपूर्वी, ३ तिर्यग्गति, ४ तिर्यंचानुपूर्वी, ५ साधारणनाम, ६ उद्योतनाम, ७ सूक्ष्म, ८ द्वींद्रियजाति, ९ त्रींद्रियजाति, १० चतुरिंद्रिय जाति, ११ एकेंद्रियजाति, १२ आतपनाम, १५ स्त्यानर्द्धित्रिक, १६ स्थावरनाम. तथा बीजा भागमां अप्रत्याख्यान कषायनी तथा प्रत्याख्यान क-

षायनी चोकडी क्षय करे छे. त्रीजा भागमां नपुंसक वेदनो अने चोथा भागमां स्त्रीवेदनो क्षय करे छे, पांचमा भागमां हास्य, रति, अरति, भय, शोक, जुगुप्सा छ नोकषायनो क्षय करे छे, बाद ध्याननी अति निर्मलताथी छठा भागमां पुरुषवेदनो, सातमा भागमां संज्वलन क्रोधनो, आठमा भागमां संज्वलन माननो, अने नवमा भागमां संज्वलन मायानो क्षय करे छे, तथा आ गुणस्थानमां वर्त्तता मुनि हास्य, अरति, भय, जुगुप्सा, आ चारनो व्यवछेद होवाथी, बावीश प्रकृतिनो बंध करे छे, अने हास्यषट्कनो उदयव्यवछेद थवाथी छासठ प्रकृतिने वेदेछे. तथा नवमा अंशमां मायापर्यंत प्रकृतियोनो क्षय करवाथी, पांत्रीश प्रकृति व्यवछेद थवाथी एकसो त्रण प्रकृतिनी सत्ता छे.

हवे क्षपकना दशमा गुणस्थानकनुं स्वरूप लखीयें छियें. पूर्वोक्त नवमा गुणस्थानक अनंतर क्षपकमुनि सूक्ष्म संपराय नामा दशमागुणस्थानपर आरोह करे छे. शुं करीने? क्षणमात्रमां संज्वलनना स्थूल लोभनो क्षय करतां थकां आरोह करे छे. सूक्ष्म संपराय गुणस्थानस्थ जीव, पुरुषवेद तथा संज्वलन चतुष्कनो बंधव्यवछेद थवाथी सत्तर प्रकृतिनो बंध करे छे, अने त्रण वेद तथा त्रण कषायनो उदयव्यवछेद थवाथी साठ प्रकृति वेदे छे, मायानी सत्ता व्यवछेद थवाथी एकसो बे प्रकृतिनी सत्ता छे.

हवे क्षपकमुनिने अगीआरमुं गुणस्थानक प्राप्त थतुं नथी, परंतु दशमा गुणस्थानकथी सूक्ष्म लोभना अंशोना सूक्ष्म खंड करतां करतां क्षपक, बारमा क्षीणमोहवीतराग गुणस्थानमां जाय छे. अहींयां क्षपक श्रेणि समाप्त करे छे. तेनो अनुक्रम आ प्रमाणे छे. प्रथम अनंतानुबंधी चार कषायनो क्षय करे छे, पछी मिथ्यात्व मोहनीयनो, पछी मिश्रमोहनीयनो, पछी सम्यक्त्व मोहनीयनो, पछी अप्रत्याख्यान चार कषायनो, पछी प्रत्याख्यान चार कषायनो, पछी नपुंसक वेदनो, पछी हास्यषट्कनो, पछी पुरुषवेदनो, पछी संज्वलन क्रोधनो, पछी संज्वलन माननो, पछी संज्वलन मायानो अने छेवटे संज्वलन लोभनो क्षय करे छे.

हवे बारमा गुणस्थानमां शुक्लध्याननो बीजो पायो प्राप्त थाय छे तेनुं स्वरूप कहियें छियें. क्षपकमुनि क्षीणमोही थवाथी बारमा गुणस्थान

मार्गमां परिणतिमान् थइने प्रथम शुक्लध्याननी रीतिमुजब बीजा शुक्लध्याननो आश्रय करे छे. केवी रीतें ? वीतराग थइजवाथी "वीतराग" अर्थात् विशेषेण इतो (गतो), रागोयस्मात् सवीतरागः, वली ते क्षपक मुनि केवा छे ? महायति, यथाख्यातचारित्री, शुद्धतर भावसंयुक्त एवा क्षपक शुक्लध्यानना बीजा पायानो आश्रय करे छे.

हवे तेज शुक्लध्यानना विशेषण नामसहित कहियें छियें. ते क्षीण मोहगुणस्थानवर्त्ती क्षपकमुनि, बीजा शुक्लध्यानने एकयोगथी ध्याय छे, यदाह ॥ एकं त्रियोगभाजा, माद्यं स्यादपरमेकयोगवतां ॥ तनुयोगिनां तृतीयं, नियोगानां चतुर्थं हि ॥ १ ॥ केवुं ध्यान छे ? "अपृथक्त्वं पृथक्त्ववर्जितं, अविचारं विचाररहितं, सवितर्कगुणान्वितं वितर्कभाव गुणसंयुक्तं" एवां बीजो शुक्लध्यानने ध्यायछे.

हवे अपृथक्त्वनुं स्वरूप कहियें छियें. तत्त्वज्ञाता एकत्व अर्थात् अपृथक्त्व ज्ञानने धारण करे छे, ते एकत्वपणुं शुं छे ? जे केवल निजात्मद्रव्य अर्थात् विशुद्ध परमात्मद्रव्य छे तेज अथवा तेज परमात्मा द्रव्यनो केवल एक पर्याय, अथवा केवल एकगुण ए प्रकारें एक द्रव्य, एक गुण, एक पर्याय, निश्चल अर्थात् चलनरहित ज्यां ध्यान करवामां आवे ते एकत्व छे.

हवे अविचारनुं स्वरूप कहीयें छीयें. जे सद्ध्यानकोविदोए शास्त्र आम्नायथी शुक्लध्याननुं रहस्य जाण्युं छे, तेउए अविचार विशेषणसंयुक्त बीजा शुक्लध्याननुं स्वरूप आ प्रमाणे कह्युं छे. पूर्वोक्तस्वरूपोमां व्यंजन अर्थयोगोमां अर्थात् शब्दार्थ योगरूपोमां परावर्त्तविवर्जित शब्दथी शब्दांतर इत्यादि क्रमथी रहित एवुं चिंतन श्रुत अनुसारेंज करवामां आवे ते अविचार छे. आ कालमां सद्ध्यानकोविद अर्थात् शुक्लध्यानना जेउ ज्ञाता छे, तेउ पूर्वमुनिप्रणीत शास्त्र आम्नाय विशेषथी छे; परंतु आ कालमां शुक्लध्यानना कोइ अनुभवी नथी. यदाहुः ॥ श्रीहेमचंद्रसूरिपादाः ॥ अनविछित्त्याम्नायः, समागतोऽस्येति कीर्त्यतेऽस्माभिः ॥ दुष्करमप्याधुनिकैः, शुक्लध्यानं यथाशास्त्रं ॥ १ ॥

हवे सवितर्कनुं स्वरूप कहियेंछियें. सवितर्कगुणसंयुक्त बीजुं शुक्ल-

ध्यान भावश्रुतना आलंबनथी थाय छे, सूक्ष्म अंतर्जल्प भावगत अवलंबनमात्र चिंतवनथी थाय छे.

हवे शुक्लध्यानजनित समरसीभावनुं स्वरूप कहियें छियें. बीजा शुक्लध्यानमां वर्त्तता ध्यानी समरसीभाव धारण करे छे. समरसीभाव एटले तदेकशरणता. कारण के आत्माने अपृथक्त्वरूपें परमात्मामां लीन करीए त्यारेज समरसीभाव धारण थाय छे. समरसीभाव केम करे? आत्माना अनुभवथी करे.

हवे क्षीणमोहगुणस्थानकने अंते शुं करे छे? ते कहियें छियें. पूर्वोक्त ध्यानथी तेमज बीजा शुक्लध्यानना योगथी कर्मइंधनोनुं दहन करीने योगींद्रमुनि अंतना प्रथमसमये अर्थात् बारमा गुणस्थानकना बीजा चरमसमयमां निद्रा अने प्रचला आ बे प्रकृतिनो क्षय करे छे.

हवे अंतसमये जे करे छे ते कहियेंछियें. क्षीणमोह गुणस्थानकें अंतसमयमां १ चक्षुदर्शन, २ अचक्षुदर्शन, ३ अवधिदर्शन, ४ केवलदर्शन, आ चार दर्शनावरणीय, तथा पांचप्रकारनां ज्ञानावरणीय, अने पांचप्रकारना अंतराय, ए चौद प्रकृतिनो क्षय करीने क्षीणमोहांश थइने केवल स्वरूप थाय छे. तथा क्षीणमोहगुणस्थानस्थ जीव, दर्शनचतुष्क, ज्ञानांतरायदशक, उच्चगोत्र, यशनाम, ए सोल प्रकृतिनो बंधव्यवछेद थवाथी एक शातावेदनीयनो बंध करे छे. तथा १ संज्वलनलोभ, २ ऋषभनाराच संहनन, बे प्रकृतिनो उदयव्यवछेद थवाथी सत्तावन प्रकृति वेदे छे. तथा संज्वलन लोभनी सत्ता दूर थवाथी एकसो एक प्रकृतिनी सत्ता छे.

हवे क्षीणमोहांत प्रकृतियोनी संख्या कहियें छीयें. चोथा गुणस्थानकथी क्षय थती थती त्रेसठ प्रकृति क्षीणमोहमां संपूर्ण थाय छे. एक प्रकृति चोथा गुणस्थानकमां, एक पांचमामां, आठ सातमामां, छत्रीश नवमामां, सत्तर बारमामां, एम सर्व मली त्रेसठ थइ. बाकीनी पंचाशी प्रकृति जीर्ण वस्त्रनी जेवी तेरमा सयोगी केवली गुणस्थानकमां रहे छे,

हवें सयोगीकेवलीने जे भाव तथा सम्यक्त्व, अने चारित्र थाय छे ते कहियेंछियें. ते केवली भगवंत आत्माने आ गुणस्थानकमां क्षायिक शुद्धभाव प्रगट थाय छे, परम उत्कृष्ट क्षायिक सम्यक्त्व थाय छे, अने

यथाख्यातनामा क्षायिक चारित्र थाय छे, मतलब के उपशम अने क्षयोपशम आ बे भाव रहेता नथी.

हवे ते केवली आत्माना केवलनी विभूति कहियेंछियें. ते केवलज्ञान रूप सूर्यना प्रकाशथी चराचर जगत् केवलज्ञानी आत्माने हस्तामलकवत् प्रत्यक्ष भासन थाय छे. आ स्थले केवलज्ञानने सूर्यनी उपमामात्र व्यवहारथीज कही छे. निश्चय स्वरूपें तो केवलज्ञान अने सूर्यमां अपार अंतर छे.

हवे जे आत्माउ तीर्थंकरनामकर्म उपार्जन करे छे तेनुं विशेष स्वरूप कहियेंछियें. अर्हत्भक्तिप्रमुख वीशपुण्यस्थानकोनुं जे आत्माउ विशेष आराधन करे छे, तेउ तीर्थंकरनाम कर्म उपार्जन करे छे. ते वीशस्थानक आ छे. गाथा ॥ अरिहंत सिद्ध पवयण, गुरु थेर बहुस्सुए तवस्सीसु ॥ वछलयाइएसु, अभिक्खणंणो वउग्गेय ॥ १ ॥ दंसण विणए आवस्सए सीलव्वए निरइयारे ॥ खणलवच्चियाए, वेयावच्चे समाहीयं ॥ २ ॥ अपुव्व नाणग्गहणं, सुयभत्ती पवयण पभावणया ॥ एएहिं कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो ॥ ३ ॥ आ गाथाउनो अर्थ आगल लखशुं. आ गुणस्थानकमां, तीर्थंकर नामकर्मना उदयथी ते केवली त्रिभुवनपति जिनेंद्र थाय छे. जिन अर्थात् सामान्य केवली, तेउना जे इंद्र ते जिनेंद्र कहेवाय छे.

हवे तीर्थंकरना महिमानुं वर्णन करियें छियें. ते भगवान् तीर्थंकर, प्रथम परिच्छेदमां वर्णन कर्या मुजब चोत्रीश अतिशययुक्त होय छे. सर्व देवताउ तथा मनुष्यो जेमने नमस्कार करेछे, एवा सर्वोत्तम, सकलशासनमां प्रधान एवुं तीर्थप्रवर्त्तन करे छे, अने उत्कृष्टथी देशोनपूर्वकोटि सुधी विद्यमान रहे छे.

हवे ते तीर्थंकरनामकर्म केवीरीतें वेदवामां आवे छे तेनुं स्वरूप कहियेंछियें. पृथ्वीमंडलमां विहार करतां भव्यजीवोने प्रतिबोधी, तेउने सर्वविरति तेमज देशविरति करवाथी तीर्थंकरनाम कर्म वेदवामां आवे छे. जो तीर्थंकरनामकर्मनो उदय न होयतो भगवान् कृतकृत्य थवाथी तेमने उपदेश करवानुं शुं प्रयोजन छे ? ते कारणथी जे वादी भगवानने निःशरीरी, नैरुपाधिक, मुखरहित, सर्वव्यापी माने छे, ते भगवान् देहादिना अभावथी धर्मना उपदेशक थइ शकता नथी. जो उपाधिरहित,

सर्वव्यापी परमेश्वर पण उपदेशक थइ शकता होय तो तेवा परमेश्वर आ कालमां अमारा जेवाने केम उपदेश करता नथी ? कारण के ते वादीना कथनमुजब पूर्वकालमां अग्नि आदि ऋषियोने तेमणे प्रेर्या हता, तथा ब्रह्मादिद्वारा चार वेदादिनो उपदेश तेमणे कर्यो हतो, तथा मूसा इसाद्वारा जगत्ना जीवोने उपदेश कर्यो, तो हाल केम उपदेश नथी करता ? परोपकारीने उपदेश करवामां शुं विलंब छे ? जो कहो के आ कालमां सर्वजीव उपदेश देवा योग्य नथी, तेथी उपदेश आपता नथी. तो पूर्वकालमां पण सर्वजीवोए परमेश्वरनो उपदेश मानेलो नथी. जुओ. प्रथम तो कालासुर प्रमुख अनेक जीवोए उपदेश मानेलो नथी. बीजो अजाजीले पण मानेलो नथी, तेमज यहूदाए तेमज केटलाएक इसराइलियोए पण मानेलो नथी; ते कारणथी पूर्वकालमां पण परमेश्वरने उपदेश देवो योग्य न होतो. जो कहो के, परमेश्वरें ते वखते उपदेश केम आप्यो, अने हाल केम आपता नथी, ते बाबतमां तेनी वात ते जाणे, तो पछी तमे एम केम कहोछो के परमेश्वरने मुख नथी ? ते कारणथी तेज सत्य छे के तीर्थंकरनाम कर्मने वेदवा वास्ते भगवान् उपदेश आपे छे, अने जे वखते उपदेश आपेछे ते वखते देहधारी होय छे आटली चर्चा बस.

केवलज्ञानवान् पृथ्वीमंडलमां उत्कृष्ट आठ वर्ष न्यून एक कोटि पूर्व प्रमाण विचरे छे. देवताए रचेला कंचन कमलोपर पग राखी चाले छे आठ प्रातिहार्यसंयुक्त अनेक सुरासुरकोटिसंसेवित विहार करे छे. आ स्थिति सामान्यप्रकारथी केवलज्ञानवान्नी कही छे. जिनेंद्र तो मध्यस्थितिवाला होय छे.

हवे केवली समुद्घातकरण कहियेंछियें. केवलज्ञानवान् ज्यारे वेदनी कर्मनी स्थितिथी आयुकर्मनी स्थिति अल्प जाणे छे, त्यारे बंने स्थितिओने तुल्य करवावास्ते, केवली समुद्घात करे छे. ते समुद्घातनुं स्वरूप आ प्रमाणे छे. प्रथम समुद्घातशब्दनो अर्थ कहियें छियें. यथास्वभावस्थित आत्मप्रदेशोने वेदनादि सात कारणोथी समंतात् उद्घातनं अर्थात् स्वभावथी अन्यभावपणे परिणमन करवुं तेनुं नाम समुद्घात छे. समुद्घातना सात प्रकार छे १ वेदना स०, २ कषाय स०, ३ मरण स०,

रूप छे. १ नामनिक्षेप, २ स्थापनानिक्षेप, ३ द्रव्यनिक्षेप, ४ भावनिक्षेप आ चारे निक्षेपनुं विस्तारपूर्वक स्वरूप जोवुं होय तो विशेषावश्यक अवलोकन करवुं. प्रथम निक्षेप, नाम अर्हंत अर्थात् "नमो अरिहंताणं" एम कहेवुं. आ पदनो जप करवाथी अनेक जीव संसारसमुद्र तरी गयेल छे. बीजो स्थापनानिक्षेप, ते अरिहंतनी प्रतिमा, समस्त दोष चिह्नोथी रहित सहज सुभग, समचतुरस्र संस्थानवाली, पद्मासन, कायोत्सर्ग मुद्रारूप, शांतरसमय जिनबिंब देखीने, तेनी सेवा, पूजा, भक्ति करवाथी अनंत जीवोए मोक्ष प्राप्त करेल छे,

प्रश्नः—अरिहंतनी प्रतिमा पूजवी तथा तेने नमस्कार करवो, एम स्थापना निक्षेपने मानी, प्रतिमाने मुक्तिदायक समजवी, आ निःकेवल मूर्खतानुं चिह्न छे, कारण के प्रतिमा जडरूप होवाथी शुं आपी शके छे?

उत्तरः—हे भव्य? आप कोइ पण शास्त्रने परमेश्वरनां वचनरूप मानोछो के नहि? जो शास्त्रने परमेश्वरनां वचनरूप मानता हो, तेमज ते शास्त्रने सत्यस्वरूपें संसारसमुद्रथी पार उतारनार मानता हो तो, तेवीज रीतें परमेश्वरनी प्रतिमाने मानवामां शा वास्ते लज्जा धारण करोछो? जेवुं शास्त्र जडरूप छे, अर्थात् तेमां स्याही अने कागल शिवाय बाकी कांइ पण नथी, तेवी परमेश्वरनी प्रतिमा पण छे, जो एम कहो के कागलो उपर स्याहीथी अक्षर संस्थान पडेलां वांचवाथी परमेश्वरना कथननो बोध थाय छे, तो तेवीज रीतें परमेश्वरनी मूर्त्ति देखवाथी पण परमेश्वरना स्वरूपनो बोध थाय छे.

प्रश्नः—प्रतिमा देखवाथी अरिहंत स्वरूप तो स्मरण थाय छे, परंतु प्रतिमानी भक्ति करवाथी शुं लाभ छे?

उत्तरः—शास्त्र श्रवण करवाथी परमेश्वरना वचननो बोध थयो तो पण भक्तजनो जेम शास्त्रने उच्चस्थानमां राखे छे, कोइ शिरपर लइ फरे छे, कोइ गलामां लटकावी राखे छे, केटलाएक सिंहासन उपर, केटलाएक सुंदर बाजोठ उपर शास्त्रोने सुंदर सुंदर रुमालोमां लपेटी राखे छे, अने शास्त्रोनी पूजा, भक्ति, बहुमान, नमस्कार प्रमुख करे छे. जेम शास्त्रनां वचनो विनय, बहुमानपूर्वक श्रवण करवाथी तेथी थता अनेक लाभनो भक्तजनो अनुभव करे छे, तेवीजरीतें जिन प्रतिमानी विनय, बहुमानपू-

वेक भक्ति करवाथी तेनी शांतमुद्रा सेवकजनने परमशांतरस प्रमुख अनेक लाभ उत्पन्न करावे छे.

प्रश्नः—जेम पत्थरनी गायथी दूधनी गरज सरती नथी, तेम प्रतिमाथी पण कांइ गरज सरती नथी, तो हवे प्रतिमाने शावास्ते मानवी जोइयें ?

उत्तरः—जेम कोइ पुरुष मुखथी गाय, गाय, एम सत्यरूपें उच्चारकरतां छतां पण तेनुं उदर दूधथी भरातुं नथी, तेम परमेश्वरनुं नाम लेवाथी, तेमज तेनो जाप करवाथी पण कांइ लाभ थतो नथी. ते कारणथी परमेश्वरनुं नाम पण न लेवुं जोइयें ?

प्रश्नः—परमेश्वरनुं नाम लेवाथी तो अमारुं अंतःकरण शुद्ध थाय छे.

उत्तरः—तेवीजरीतें परमेश्वरनी प्रतिमा देखवाथी पण परमेश्वरना स्वरूपनो बोध थाय छे. तेथी अंतःकरणनी शुद्धि अहिंआ पण सरखीज छे.

प्रश्नः—परमेश्वरनुं नाम लेवाथी पुण्य छे तो पछी प्रतिमा शावास्ते पूजवी ?

उत्तरः—जेवी स्थापना ( प्रतिमा ) देखवाथी आत्मानी शुद्ध परिणति थाय छे, तेवी नामथी थती नथी. कारण के जेम कोइ सुंदर यौवनवंती स्त्रीनुं नाम लेवाथी राग तो उत्पन्न थाय छे, परंतु जो ते सुंदर यौवनवती स्त्रीनी मूर्त्ति प्रगट सर्वाकारवाली सन्मुख देखीए तो अधिकतर विषयराग उत्पन्न थाय छे, तेटलाज कारणसर श्री दशवैकालिक सूत्रमां लखेलुं छे के " चित्तभित्ती न निज्झाए नारी वासुलंकियं " अर्थात् स्त्रीना चित्रामणवाली भींत देखवाथी पण विकार उत्पन्न थाय छे. आ वात तो प्रगट ( प्रसिद्ध ) छे के रागीनी मूर्त्ति देखवाथी राग उत्पन्न थाय छे, तथा कोकशास्त्रोक्त स्त्री, पुरुषनां विषय सेवनना चोराशी आसन देखवाथी तत्काल विकार उत्पन्न थाय छे, तेवीज रीतें निर्विकार स्थापना रूप शांतमुद्रा, श्री वीतराग परमात्मानी देखवाथी जेवो निर्विकार शांतिभाव उत्पन्न थाय छे, तेवो नाम लेवाथी थतो नथी.

प्रश्नः—जेम कोइ स्त्रीना भर्त्तारनुं नाम देवदत्त छे, ते देवदत्त मरीगयो, बाद ते स्त्रीए पोताना पति देवदत्तनी मूर्त्ति बनावी; ते मूर्त्तिथी जेम ते स्त्रीनुं सुहाग, संतानोत्पत्ति तथा कामइच्छा पूर्ण थतां नथी, तेवीज रीतें भगवाननी मूर्त्तिथी पण कांइ लाभ थतो नथी.

उत्तरः—देवदत्तनी स्त्री देवदत्तना मरण पछी आसन बिछावीने देवद-

त्तना नामनी माला फेरवे, तेथी जेम ते स्त्रीनुं सुहाग रहेतुं नथी, तथा पतिनुं नाम लेवाथी जेम संतानोत्पत्ति थती नथी, तथा कामेछा तृप्त थती नथी, तेवीज रीतें जो कहेवामां आवशे तो तो जगवाननुं नाम लेवाथी पण कांइ सिद्धि थशे नहि. आ दृष्टांतथी तो जगवाननुं नाम पण न लेवुं जोइए?

प्रश्नः—प्रतिमा तो कारीगर बनावे छे, ते कारीगरने पण पूजवा जोइये?

उत्तरः—वेदादि शास्त्र लिखारी (लहीआ) लखे छे, तेउने पण पूजवा जोइए. तेमज साधुनां मात पिताने साधुथी अधिक पूजवां जोइए.

प्रश्नः—आ कालमां कोइपण बुद्धिमान् स्थापना मानता नथी.

उत्तरः—बुद्धिमान् तो सर्व माने छे, परंतु मूर्ख मानता नथी.

प्रश्नः—कया बुद्धिमान् स्थापना माने छे? बतावो तेउनां नाम?

उत्तरः—प्रथम तो सांसारिक विद्यावाला सर्व बुद्धिमान्, जूगोल, खगोल, द्विप, अर्थात् युरोपखंड आदिमां इग्लंड प्रमुखनां चित्र सर्व, स्थापनारूप माने छे, तेमज बनावे छे; तथा ककार आदि जे अक्षरो छे ते सर्व पुरुषना (ईश्वरना) शब्दनी स्थापना करे छे. वली जैनिउना मतमां एकसो आठ मणका, मालामां राखवामां आवे छे, परंतु न्यूनाधिक राखवामां आवता नथी तेनो हेतु ए छे के जैन, बारगुण अरिहंत पदना माने छे, आठगुण सिद्ध पदना माने छे, छत्रीश गुण आचार्यपना माने छे, पचीश गुण उपाध्याय पदना माने छे, अने सत्तावीश गुण साधु पदना माने छे, सर्व मली एकसो आठ गुण थाय छे; ते वास्ते जैनीउना मतमां मालामां जे मणका छे, ते एकेक मणका एकेक गुणनी स्थापना छे, तेथी आ माला पण स्थापना छे; तेवीज रीतें बीजा मतोमां पण माला, तसबीर छे, ते सर्व कोइने कोइ वस्तुनी स्थापना छे, नहि तो एकसो आठ अथवा एकसो एकनो नियम नहि जोइए. वली पादरी लोकोपण पोताना छापेला पुस्तकोमां इसामसीह (जीससक्राइस्ट) नी मूर्त्ति तेज वखतनी छपावे छे, के जे वखते मसीहने शूली उपर देवाने लइ जता हता. ते मूर्त्तिने देखवाथी इसामसीहनी सर्व अवस्था ख्यालमां आवी जाय छे. बस! स्थापनानुं प्रयोजन तो एज छे के ते देखवाथी असल वस्तुनुं स्वरूप याद आवी जाय छे. आश्चर्य तो एज छे

के वर्तमानमां केटलाएक तुच्छबुद्धिवाला पोताना बनावेला पुस्तकमां यज्ञशाला तथा यज्ञोपकरणनी स्थापना पोताना हाथथी करीने पोताना शिष्योने जणावे छे के यज्ञोपकरण आ आकृतिनां जोइए, छतां फरी कहे छे के अमे स्थापनाने मानता नथी. हवे विचार करवो जोइए के ते उंना करतां अधिक मंदमति कोइ जगत्मां छे? पोते स्थापना करे छे, छतांपि फरी कहे छे के अमे स्थापनाने मानता नथी. ते कारणथी जे पुरुष पोताना शास्त्रना कर्त्ताने देहधारी मानशे, ते अवश्य तेनी मूर्त्तिने पण मानशे, अने जेउ पोताना शास्त्रना उपदेष्टाने देहरहित माने छे, तेउ अल्पबुद्धिमंत होवाथी प्रमाण अनभिज्ञ छे, कारण के जेने देह नथी, ते शास्त्रना उपदेष्टा कदापि होइ शकता नथी, कारण के देह रहित होवुं, अने शास्त्रना उपदेश देवावाला थवुं, ए वातमां कोइ पण प्रमाण नथी. वली निराकार, सर्वव्यापी परमेश्वरनुं ध्यानपण कोइ करी शकतुं नथी, दृष्टांत, जेम आकाशनुं ध्यान. ते कारणथी अढार दूषणोथी रहित जे परमेश्वर छे, तेनी मूर्त्ति अवश्य मानवी तथा पूजवी जोइए, एवा देव तो अर्हंतज छे, ते कारणथी अर्हंतनी प्रतिमा मानवी जोइए, परंतु कोइ दुर्बुद्धिमान्ना कुहेतुउथी तजवी न जोइए. इति स्थापना.

हवे त्रीजा द्रव्यनिक्षेपनुं स्वरूप एवुं छे के, जे जीवें तीर्थंकर नाम कर्मनो निकाचित बंध करेलो छे, ते जीवमां भावि गुणोनो आरोप, अर्थात् भविष्यमां तीर्थंकर भगवान् आ प्रमाणे थशे, एवो वर्त्तमानमां तेनामां आरोप करीने वंदन, पूजन करवाथी अनेक भव्यजीवोए मोक्ष प्राप्त करेल छे.

चोथो भावनिक्षेप. वर्त्तमानकालमां सीमंधर प्रमुख तीर्थंकर केवलज्ञानसंयुक्त, समवसरणमां बिराजमान, भव्यजीवोना प्रतिबोधक, चतुर्विधसंघना स्थापक, एवा भाव अर्हंत, जेना चरणकमलनी सेवा करीने अनेक जीव मोक्ष प्राप्त करेछे, आ भावनिक्षेप छे. आ चारे निक्षेपें संयुक्त, एवा जे अरिहंत, देवाधिदेव, महागोप, महामाहण, महानिर्यामक, महासार्थवाह, महावैद्य, महापरोपकारी, करुणासमुद्र, इत्यादि अनेक उपमा लायक, भव्यजीवोनो अज्ञान अंधकार दूर करवाने सूर्य समान, जेमनां वचन प्रमाणथी अविरोधि, एवा मुनिमनमोहन, योगी-

श्वर, चिदानंदघनरूप, अरिहंतने हुं देव अर्थात् परमेश्वर मानुंछुं, तेनी सेवा करुं, तेनी आज्ञा शिरपर धारण करुं, एम जे मानवुं ते प्रथम व्यवहार शुद्ध देवतत्व छे.

बीजा निश्चय शुद्ध देवतत्त्वनुं स्वरूप कहीयें छीयें. जे शुद्ध आत्मस्वरूपनो अनुनव करवो, ते शुद्धआत्मस्वरूपज निश्चय देवतत्त्व छे. केवुं छे ते आत्मस्वरूप? पांचवर्ण, बे गंध, पांच रस, आठ स्पर्श, शब्द, क्रिया, तेउथी रहित, तथा योगथी रहित, अतींद्रिय, अविनाशी, अनुपाधि, अबंधी, अक्लेशी, अमूर्त्ति, शुद्ध चैतन्य, ज्ञान, दर्शन, चारित्रादि अनंतगुणोनुं नाजन, सच्चिदानंद स्वरूपी एवो मारो आत्मा छे, तेज निश्चय देव छे.

हवे बीजा गुरुतत्त्वनुं स्वरूप कहीयें छीयें. तेना पण बे नेद छे. १ शुद्ध व्यवहार गुरु, २ शुद्धनिश्चय गुरु. तेमां शुद्ध व्यवहारगुरुनुं स्वरूप तो गुरुतत्व निरूपण परिछेदमां लखी आव्या छीए, त्यांथी जाणी लेवुं. एवा साधुने गुरु करी माने. एवा गुरुनी आज्ञा मुजब प्रवर्त्ते. एवा मुनिने पात्र बुद्धिथी शुद्ध अन्नादि आपे. इति व्यवहारशुद्धगुरुतत्त्वस्वरूप.

निश्चय गुरुतत्त्व तो शुद्धात्मविज्ञानपूर्वक छे. हेयोपादेय उपयोगयुक्त जे परिहार प्रवृत्तिज्ञान ते निश्चय गुरुतत्त्व छे.

त्रीजा धर्मतत्वनुं स्वरूप कहीयें छीयें. धर्मतत्त्वना पण बे नेद छे. १ व्यवहारधर्मतत्त्व, निश्चयधर्मतत्त्व. तेमां व्यवहाररूपधर्म दया मुख्य छे. अने सत्यादि व्रत सर्वे दयानी रक्षावास्ते छे; ते कारणथी दयानुं स्वरूप लखीए छीए. दयाना आठ नेद छे. १ इव्यदया, २ नावदया, ३ स्वदया, ४ परदया, ५ स्वरूप दया, ६ अनुबंध दया, ७ व्यवहार दया, ७ निश्चय दया.

१ इव्यदयानुं स्वरूप एवुं छे के सर्वकाम यत्नापूर्वक करवां. जैनमत वालाउनो आ कुलधर्म छे. सर्व जैनसमुदाय प्राणी गलीने पीए छे, अन्न शोधीने खाय छे, जे कोइ जैनी छल कपट करे छे, असत्य बोले छे, विश्वासघात करे छे, ते पापी जीव छे, अने ते जैनमतने कलंकित करेछे. ते सर्वदोष, ते जीवनाज छे, जैनमतनो तेमां कांइपण दोष नथी. जैनमत तो एवो पवित्र छे के जेमां कांइपण अनुचित उपदेश नथी. आ

वात सर्वसुज्ञ जनोने विदित छे. ते कारणथी जे जे काम करवां ते सर्व यत्नापूर्वक जीवरक्षार्थी करवां ते द्रव्यदया समजवी.

२ बीजी भावदया. बीजा जीवोने गुणप्राप्ति वास्ते, तथा दुर्गतिमां पडतां जीवोना रक्षणवास्ते, अंतःकरणमां अनुकंपा बुद्धिसंयुक्त तेउने हितोपदेश करवो ते भावदया छे.

त्रीजी स्वदया. पोताना आत्मानी. अनादि कालथी मिथ्यात्व अशुद्ध उपयोग, अशुद्धश्रद्धानपूर्वक अशुद्धप्रवृत्ति, तथा कषायादि भाव शस्त्रोथी समये समये, आत्माना ज्ञानादिगुणोरूप भावप्राणोना घातरूप, हिंसा थया करे छे, एवी जिनेश्वर भगवान्नी वाणी श्रवण करवाथी पूर्वोक्त भावशस्त्रोनो त्याग करीने, स्वसत्तामां प्रवृत्ति करीने, शुद्धोपयोग धारण करीने, विषय, कषायथी दूर रहीने, अने शुभ अशुभ कर्मफलना उदयमां अव्यापक रहीने अर्थात् सुखदुःखमां हर्षविषाद न करतां, प्रतिक्षण अशुभ कर्मने निदान दूर करवानी जे चिंता तेनुं नाम स्वदया छे. आ स्वदयानी रुचिवाला जीव पोतानी परिणति शुद्ध करवा वास्ते जिनपूजा, तीर्थयात्रा, रथयात्रा प्रमुख शुभप्रवृत्ति करे, बहुमान पूर्वक जिनगुणामृतनुं पान करे, असत् प्रवृत्तिथी चित्तने हठावी तत्त्वावलंबी करे, पुद्गलावलंबीपणुं हठावे, आ शुभ आश्रवमां यद्यपि देखवामां केटलाएक जीवोनी हिंसा मालम पडे छे, तोपण आत्मानी अशुद्ध परिणति दूर थवाथी आत्मा गुणग्राही थाय छे, ज्यारे गुणग्राही थाय छे, त्यारे ज्ञानवान् थाय छे, ते कारणथी सर्वसाधक जीवोने आ स्वदया परम साधन छे. आ स्वदया वास्ते साधुपण नवकल्पी विहार करे छे, उपदेश आपे छे, चर्चा करेछे, तथा पूजन, प्रतिलेखन करे छे. यद्यपि नदी नालां उतरतां तथा अन्य कार्यपरत्वें योगोनी चपलताथी आश्रव थाय छे, तोपण चेतनस्वरूप अनुयायी रहेछे, जिनाज्ञा पाले छे, कषाय स्थानमंद करे छे, स्वछंदता दूर करे छे, अने धर्म प्रवृत्तिनी वृद्धि करे छे. आ स्वदया वास्ते साधुपण शुभाश्रव पोताना कल्पप्रमाणे आचरण करे छे, परंतु आ आश्रव साधक दशामां बाधक नथी.

४ चोथी परदया, अर्थात् छ कायना जीवोनी रक्षा करवी. ज्यां स्वदया छे त्यां परदया निश्चयपूर्वक छे, अने ज्यां परदया छे, त्यां

स्वदयानी नजना छे, अर्थात् होय पण खरी अने न होय पण खरी.

५ पांचमी स्वरूपदया. इह लोक, परलोकना विषयसुखवास्ते तथा लोकोनी देखादेखीथी जे जीवनी रक्षा करवी ते स्वरूपदया छे. आ दयाथी विषयसुख तो प्राप्त थायछे, परंतु देडकाना चूर्णनी जेम संसारनी वृद्धि थाय छे. स्वरूपदया देखवामां दया छे, परंतु नावें हिंसाज छे.

६ छठी अनुबंधदया. श्रावक मोटा आडंबरथी मुनिने वांदवा वास्ते जाय, तथा उपकार बुद्धिथी बीजा जीवोने सन्मार्गमां लाववावास्ते ताडना तर्जना करे, कोइने शिक्षा पण आपे. ए प्रमाणे करतां, देखवामां तो हिंसा छे, परंतु अंते स्वपरने लाजनुं कारण होवाथी दया छे. वली साधु, आचार्य पोतानां शिष्य शिष्याउने तेउनी नूल याद करावे छे, योग्य प्रसंगें शिक्षा करे छे, कोइने अनुचित करतां निवारे छे, कोइने एकवार कहे छे, कोइने वारंवार कहे छे, तथा शिक्षा करे छे, कोइ उपर क्रोधपण करे छे, शासनना प्रत्यनीकने पोतानी लब्धिथी दंडपण आपे छे, इत्यादि कामोमां यद्यपि हिंसा देखाय छे, तो पण फल दयानां छे.

७ सातमी व्यवहारदया. जे विधिमार्ग अनुयायी जीवदया पाले, सर्व क्रियाकलाप उपयोगपूर्वक करे ते व्यवहारदया छे.

८ आठमी निश्चयदया. शुद्ध साध्य उपयोगमां एकत्वनाव, अनेद उपयोग, साध्यनावमां एकताज्ञान, ते निश्चयदया. आ दयाथी उपरना गुणस्थानकोमां जीव आरोह करे छे, तेथी आ दया उत्कृष्ट छे; इत्यादि अनेक प्रकारथी दयाना स्वरूपविज्ञानपूर्वक, सूत्र, निर्युक्ति, नाष्य, चूर्णी, वृत्ति पंचांगी सम्मत, प्रत्यक्षादि प्रमाणपूर्वक, नैगमादि नय, नामादि निक्षेप, सप्तनंगी, ज्ञाननय, क्रियानय, निश्चय व्यवहार नय, तथा द्रव्यार्थिक पर्यायार्थिक नय, इत्यादि उनय नावमां यथावसरें अर्पित, अनर्पित नयनिपुणताथी, मुख्य गौण नावें उनयनयसम्मत, शुद्धस्याद्वादशैलीविज्ञानपूर्वक, श्रीसिद्धांतोक्त दान, शील, तप, नावनारूप शुनप्रवृत्ति तेनुं नाम शुद्धव्यवहार धर्म कहियें.

बीजो निश्चय धर्म. ते पोताना आत्मस्वरूपने जाणवुं तथा वस्तुना स्वनावने जाणवो, जेम के मारो आत्मा शुद्ध चैतन्य रूप, असंख्यात प्रदेशी, अमूर्त्त, स्वदेहमात्रव्यापी, सर्व पुद्गलोथी निन्न, अखंड, अलिप्त,

ज्ञान, दर्शन, चारित्र, सुख, वीर्य, अव्याबाध, सत्चिदानंदादि अनंत गुणमय, अविनाशी, अनुपाधि, अविकारी छे. तेनाथी विलक्षण जे परपुद्गलादि ते मारा नथी. ते पुद्गलना पांच विकार छे, १ शब्द, २ रूप, ३ रस, ४ गंध, ५ स्पर्श. आ पांचना उत्तर भेद अनेक छे. आलोकाकाशमां उद्योत, अंधकार, शब्द, सर्वरूपी वस्तुनी छाया, रत्ननी कान्ति, शीत, धूप, नानाप्रकारना रंग, रूप, संस्थान, नानाप्रकारना सुगंध, दुर्गंध, नानाप्रकारना रस, सर्वसंसारी जीवोना देह, भाषा, मनना विकल्प, दशप्राण, छ पर्याप्ति, हास्य, रति, अरति, भय, शोक, जुगुप्सा, खुशी, उदासि, कदाग्रह, हठ, लडाइ, क्रोधादि चार कषाय, शाता, अशाता, उंच, नीच, निद्रा, विकथा, सर्वपुण्य प्रकृति, सर्वपापप्रकृति, रीझ, मोज, खीज, खेद, छ लेश्या, लाभालाभ, यश, अपयश, मूर्खता, त्रणप्रकारना वेद, कामचेष्टा, गति, जाति, कुल, इत्यादि आठे कर्मनां विपाक फल. आ सर्व बाबतो जीवने अनुभवसिद्ध छे, अने सूक्ष्मपुद्गल इंद्रिय अगोचर छे, ते परमाणु आदि अनेक तरेहना छे. पूर्वोक्त पुद्गलना संयोगथी जीव चारे गतिमां भटके छे. आ पुद्गल मारी जाति नथी, आ पुद्गलनो मारी साथे कांइ वास्तव संबंध नथी, आ पुद्गल सर्व त्यागवा योग्य छे, जे आ पुद्गलनो संसर्ग छे तेज संसार छे, आ पुद्गलनी संगतथी ज्ञान, दर्शन, चारित्रादि गुण बगडी जाय छे, जे आ पुद्गल द्रव्यनी रचना छे ते मारा आत्मानो स्वभाव नथी, धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, काल, आ चारे द्रव्य ज्ञेयरूप छे, परंतु हुं ते सर्वथी अन्य छुं, तेउ मारा नहि, हुं तेउनो नहि, हुं तेउनो साथी पण नहि, हुं मारा स्वरूपनोज स्वामी छुं, मारो स्वभाव सम्यग्दर्शन, ज्ञान, चारित्ररूप छे, वर्णरहित, गंधरहित, रसरहित, स्पर्शरहित, चैतन्यगुण, अनंत, अव्याबाध, अनंत दान, लाभ, भोग, उपभोग, वीर्यादि अनंतगुणस्वरूप छे, तेउनी श्रद्धा, भासन, रमणतारूप चिदानंदघन मारो स्वभाव छे. एवो जे मारो पूर्णानंद स्वभाव, ते प्रगट करवावास्ते सर्व शुद्ध व्यवहारनय निमित्तमात्र छे, परंतु मुख्य तो मारा स्वभावमां जे रमणता करवी तेज शुद्ध साधन छे, तेज धर्म छे. इति निश्चयधर्मस्वरूप.

आ त्रणे तत्त्वनी जे निश्चल परिणतिरूप श्रद्धा ते सम्यक्त्व कहेवाय छे. जे जीवने ए प्रमाणे बोध न होय ते जीव जो कदी पक्षपात रहित, एम मनमां धारे के " तं सव्वं निस्संकं, जं जीणेहिं पवेइयं इत्यादि " जे जिनेश्वर जगवानें अर्थ कह्या छे ते सर्व निःशंकित सत्य छे, तो तेनी एवी तत्त्वार्थश्रद्धा पण सम्यग्दर्शन कहेवाय छे. तेनाथी विपरीत ते मिथ्यात्व कहेवाय छे. आ मिथ्यात्वनुं स्वरूप नवतत्वस्वरूपमां लखी आव्या छीए त्यांथी जाणवुं. मिथ्यात्वनो त्याग तेज सम्यक्त्व कहेवाय छे. इति व्यवहारसम्यक्त्वस्वरूप.

हवे निश्चय सम्यक्त्वनुं स्वरूप लखीए छीए. पूर्वे निश्चय देव, गुरु अने धर्मनुं जे स्वरूप कह्युं छे, तेज निश्चय सम्यक्त्व छे. जे जीव चार अनंतानुबंधी कषाय, सम्यक्त्व मोह, मिश्रमोह, मिथ्यात्वमोह, आ सात प्रकृतिनो उपशम, क्षयोपशम, तथा क्षय करे तेने निश्चय सम्यक्त्व थाय छे. निश्चय सम्यक्त्व परोक्षज्ञाननो विषय नथी, केवली जाणी शके छे, के आ जीवने निश्चय सम्यक्त्व छे. आ सम्यक्त्व प्रगट थतां जीवने नरक, तिर्यंच, आ बंने गतिना आयुनो बंध थतो नथी.

हवे सम्यक्त्वनी करणी लखीये छीयें. सम्यक्त्वी जीव नित्य योगवाइ मलतां, तथा शरीरमां व्याधिनो अजाव छते, जिनप्रतिमानां दर्शन कर्या पछी जोजन करे, जो जिनप्रतिमानो योग न मले तो पूर्व दिशि सन्मुख बेसी वर्त्तमान तीर्थंकरोनुं चैत्यवंदन करे. जो रोगादि विघ्नथी दर्शन न थाय तो जेउने आगार छे, तेउना नियमनो जंग थतो नथी. जिनेश्वर जगवान्ना मंदिरमां दश मोटी आशातना अवश्य वर्जे. तेउनां नाम. १ तंबोल, फल प्रमुख खावानी वस्तु जगवान्ना मंदिरमां खाय नहि, २ पाणी, दुध, छाश, अर्क प्रमुख पीये नहि, ३ जोजन करे नहि, ४ मंदिरनी अंदर उपानह प्रमुख लावे नहि, ५ स्त्री आदि संग मैथुन सेवे नहि, ६ शयन करे नहि, ७ थुंके नहि, ८ लघुशंका करे नहि, ए जंगल ( दिशा ) जाय नहि, १० मंदिरमां जुगार, चोपट, चित्तरंज प्रमुख खेले नहि. आ दश आशातना टाले, तथा उत्कृष्टी चोराशी आशातना वर्जे. वली एक मासमां आटला फुलहार चढावुं, एकमासमां आटलुं घी आपुं, एकवर्षमां आ-

टला अंगलूहणां आपुं, वर्षमां आटलुं केशर, चंदन, बरास, कपुरप्रमुख भगवान्नी पूजामां वापरुं, धूप, अगरबत्ति उखेवुं, अक्षत, नैवेद्य, फल पूजा आ प्रमाणे करुं, धनने अनुसारें वर्षमां आटली अष्टप्रकारी, सत्तर प्रकारी पूजा रचावुं, वर्षमां आटला रुपैया साधारणद्रव्यमां खरचुं, वर्षमां आटलुं द्रव्य पूजावास्ते खरचुं, दिनदिन प्रति एक नवकारवाली अर्थात् माला पंचपरमेष्टि मंत्रनी, मोक्षनिमित्त जपुं, दिनप्रति रोगना अभाव छते नमस्कार सहित बे घडी दिन चडे त्यांसुधी चार आहारनुं प्रत्याख्यान करुं, रात्रिमां दुविहार प्रत्याख्यान करुं, रोगादिकारणे न थइ शके तो आगार, वर्षप्रति आटला साधर्मी बंधुउने जमाडुं, ए प्रमाणे सम्यक्त्व पालुं; तथा सम्यक्त्वना पांच अतिचार छे ते टालुं. ते पांच अतिचारनुं स्वरूप कहिये छियें:

१ प्रथम शंका अतिचार. जिनवचनमां शंका न करवी, कारण के जिनवचन बहुज गंभीर छे; ते सर्वना यथार्थ अर्थ समजावनारा आ कालमां कोइ गुरु नथी, वली शास्त्रो जे छे ते अनंतनयात्मक छे. तेउमां गणतरी तथा संज्ञा विचित्र तरेहनी छे. कोइ स्थलें कोडीशब्द क्रोडनो वाचक छे, तो कोई स्थलें रूढी वस्तुवाचक छे, कारण के श्रीभद्रगणि क्षमाश्रमण सर्वसंघना सम्मत आचार्य, संघयणनामा पुस्तकमां तथा विशेषणवती ग्रंथमां लखेछे के, कोइक आचार्य कोडी शब्दने क्रोडनो वाचक मानता नथी, परंतु संज्ञांतर मानेछे, वर्तमान कालमां वीशने पण कोडी कहेछे, तथा सोरठ देशमां पांच आनाने पण कोडी कहेछे. जेवो आ कोडी शब्दमां मतांतर छे, तेवी रीतें शत, सहस्र शब्दोपण कोइ संज्ञाना वाचक होय तो कांइ दोष नथी. वली शत्रुंजय तीर्थमां ज्यां मुनिउ मोक्ष गयेला छे, त्यां पण पांच कोडी आदिशब्दोनी कोइ संज्ञा छे, तेवीजरीतें छप्पन कुलकोडी जादव कहेवायछे, त्यांपण यादवोना छप्पन कुलोनी कोडी कोइ संज्ञाविशेष छे, एजप्रमाणे शास्त्रोमां सर्वस्थलें चक्रवर्त्तिनी सेना, तथा कोणिक चेटक राजाउनी सेनामां जे कोडी तथा शत सहस्र शब्दो छे, ते संज्ञाविशेषवाचक संभव थायछे, ते कारणथी सर्व शब्दोना सर्वस्थलें एकसरखा अर्थ मानवा युक्त नथी. आ कथनमां पूज्यश्री जिनभद्रगणिक्षमाश्रमण पुरा साक्षी आपनारछे

सूरि कुमारपाल राजाने बहार लाव्या. राजायें पुछ्युं के महाराज! तमासो बहुज आश्चर्यकारी छे. सूरिजीए कह्युं के हे राजन्! इंद्रजालनी विद्या जेउने आवडती होय, ते एम करी शके छे. इंद्रजाल विद्यानां सत्तावीश पीठ छे, तेमांथी सत्तर पीठ शंसारमां प्रचलित छे, परंतु सत्तावीशे पीठ हुं जाणुं छुं, हाल बीजो कोइपण भारतवर्षमां जाणतो नथी, अने जे गुरुउए अमने ते विद्या आपी हती, तेमणें एवी आज्ञा पण करेली छे के, भविष्यमां आ विद्या तमारे कोइने पण देवी नहि, कारण के आ विद्याथी मोटो अनर्थ उत्पन्न थशे, सारांश के आ कालमां जीव तुछ बुद्धिवाला होवाथी तेउने आ विद्या जरशे नहि, वली तेज कारणथी अमारा आचार्योंए योनिप्राभृत शास्त्र विछेद करी दीधेलां छे, ते योनि प्राभृतने अनुसारें आ इंद्रजाल रची शकाय छे. आ योनिप्राभृतनुं कथन व्यवहार भाष्यचूर्णीमां करेलुं छे, ज्यां लख्युं छे के आ योनिप्राभृतमां तंत्रविद्या छे, जेनाथी सर्प, घोडा, हाथी विगेरे जीवतां जानवर, वस्तुउना मेलापथी बनी शके छे, तथा सुवर्ण, मणि, रत्न प्रमुखपण बनी शके छे. आ मशालामांज एवी मिलनशक्ति छे के मरजीमां आवे ते बनावी ल्यो? ते कारणथी वर्त्तमानमां नवीन वस्तुने देखीने कोइए जैनधर्मथी चलायमान न थवुं जोइए. तत्त्वार्थना महाभाष्यमां सामंतभद्र आचार्य पण लखे छे के इंद्रजालीआ तीर्थंकरनी समान बाह्यऋद्धि सर्व बनावी शके छे, ते कारणथी कोइ बाबतमां चमत्कार देखी जिनवचनमां शंका न करवी.

वली केटलाएक जैनमतवालाउने आ पण आश्चर्य छे के, ज्यारे आर्यावर्त्तमां बे प्रहरदिन होय छे, त्यारे अमेरिकामां अर्धरात्रि होय छे, अने ज्यारे अमेरिकामां बे प्रहर दिवस थाय छे, त्यारे आर्यावर्त्तमां अर्धरात्रि थाय छे, ते बाबतना चोकस समाचार तारनी मददथी तेमज घडीआलना साधनथी मेलवी शकाय छे. आ वातनो यथार्थ उत्तर हुं आपी शकुं तेम नथी. मारी श्रद्धा एवी पण नथी के पूर्व आचार्योंनी शाहादत शिवाय समाधान करुं, कारण के मात्र मारी कल्पनाथी कांइ जैनमत सत्य थइ शकतो नथी, जैनमत तो पोताना स्वरूपथीज सत्य बनशे, जो मारी कल्पनाज जैनमतनी सत्यतानुं कारण होय तो, कोइ

पूर्वाचार्यनी अपेक्षाज रहेशे नहि, वली जेना मनमां जे अर्थ सारो लागशे ते अर्थ बनावी लेशे. जेम वर्त्तमानमां कोइ पाखंडी मस्कराए ऋग् आदि वेदो उपर स्वकपोल कल्पित टीका बनावेली छे, ते अमे वांची पण छे तेउए वेदमंत्रादि उपर जे ज्ञाष्य बनाव्युं छे, ते मंत्रोना अर्थमां एवुं लखेलुं छे के "अग्निबोट" अर्थात् वरालयंत्रथी चालनारां वहाण, तथा रेलगाडी चालवानो विधि, तथा पृथ्वी गोल छे, ते सूर्यनी चारे बाजुए फरे छे, अने सूर्य स्थिर छे, इत्यादि अंग्रेजोए पोतानी बुद्धिना बलथी जे नवीन शोधनी विद्या बहार पाडी छे, ते सर्व विद्याउनुं वेदोमां कथन छे. पोताना शिष्योने वेदनुं महत्त्व बतावववा वास्ते स्वकपोलकल्पित अर्थ बनावी लीधा छे; अने पूर्वे महीधरादि पंडितोए वेदो उपर जे दीपिका तथा ज्ञाष्यो रचेलां छे तेउनी निंदा तेमज मूर्खता प्रगट करेली छे. जेमके तेउ मूर्ख हता, तेउने वेदना अर्थ आवडता न होता.

प्रश्नः—पूर्वना अर्थ छोडीने नवीन अर्थनी रचना करवानुं शुं कारण छे?

उत्तरः—प्रथम तो वेदो उपरनां प्राचीन ज्ञाष्य, तेमज दीपिका मानवाथी वेदोनी सत्यता, ईश्वरोक्तता तेमज प्राचीनता सिद्ध थती न होती. ते कारणथी ईशावास्य उपनिषद् वर्जीने, सर्व उपनिषदो, सर्व ब्राह्मण ज्ञाग, सर्व स्मृति, पुराणादि शास्त्र, ज्ञाष्य, दीपिकादि मानवां तजी दीधां, तेमणे एवो विचार कर्यो के पूर्वोक्त सर्व ग्रंथो मानवाथी अमारो मत बीजा मतवाला खंडित करी देशे, कारण के पूर्वोक्त सर्व ग्रंथो युक्ति प्रमाणथी विकल छे, वली प्राचीनोए जे अर्थ करेला छे, तेमां केटलाएक अर्थ एवा छे के जे श्रवण करवाथी श्रोताजनोने लज्जा उत्पन्न थाय छे, कारण के महीधरकृत दीपिका जे वेदनी टीका छे, तेमां मंत्रादिना जे अर्थ लखेला छे, तेमां लख्युं छे के यज्ञपत्नी घोडानुं लिंग पकडीने पोतानी योनिमां प्रक्षेप करे, इत्यादि अर्थ छे. तेनुं वर्णन आगल उपर लखीश. ते अर्थोने छोडवावास्ते, अने वेदोनुं खंडन न थाय ते वास्ते स्वकपोल कल्पित ज्ञाष्य बनावी अंग्रेजादि पाश्चिमात्यनी रीतिमुजंब तथा इंजिल मतानुसार अर्थ बनाव्या छे, परंतु वेदादिवेत्ता बुद्धिमान् पुरुषो तो कोइ ते मानता नथी, अने जेउ माने छे तेउ कांइ

वेदादि जाणता नथी, कारण के ज्यारे पूर्वना ऋषि मुनि, पंडित अ-सत्यवादी तेमज तेउना बनावेला अर्थ असत्य छे, त्यारे वर्त्तमानना ब-नावेलाउना अर्थ केवीरीतें सत्य करी शकशे? जे मूलमांज असत्य छे ते नवीन रचनाथी कदापि सत्य थवाना नथी. ते कारणथी पोतानी बु-द्धिनो विचार सत्य मानवो, अने वेदोने माननारा प्राचीन संप्रदाय वालाना अर्थ जूठा मानवा, तेनाथी अधिक अविवेक तथा अन्याय शि-रोमणि पणुं बीजुं कयुं छे? वली ज्यारे प्राचीनोना बनावेला अर्थ जूठा करशो, त्यारे तेउना बनावेला वेदो पण जूठाइ ठरशे, ते कारणथी जेउ मतधारी छे, तेउए कां तो पोताना प्राचीनोना कथन करेला अर्थ मा-नवा जोइए, अथवा तो ते मतने तेमज तेमतनां शास्त्रने तजी देवां जोइए; अने तेज कारणथी मारी एवी श्रद्धा छे के जैनमतमां जे प्रा-माणिक तेमज पंचांगी कारक आचार्य लखी गया छे तेउने अनुसारज मारे कथन करवुं जोइए, स्वकपोलकल्पित कदापि नहि. जे स्वकपोल कल्पित करशे तेमज मानशे, ते कदापि जैनमतवालो बनी शकशे नहि, अने तेनी कल्पना पण सर्वथा सत्य ठरशे नहि, कारण के पूर्वाचार्य ज्यारे जूठा छे, त्यारे नवीन कल्पनावाला केवीरीतें साचा ठरशे? ते सर्वे कारणथी पूर्वना प्रश्ननो उत्तर पंचांगी प्रमाणथी हुं आपी शकतो नथी, कारण के १ शास्त्रो बहुज विछेद गया छे, तथा २ आर्यरक्षितसू-रिना समयमां चारे अनुयोग तोडीने पृथक् पृथक् अनुयोग रचवामां आव्या छे, तथा ३ स्कंधिल आचार्यना समयमां बार वर्ष सुधी दुकाल पड्यो हतो ते वखतमां शास्त्रो बहुज विस्मृत थवा लाग्यां, जेथी सर्वे साधुउए दक्षि-ण मथुरामां समाज करी, जे प्रसंगे जे जे आचार्य तथा साधुउने जे जे शास्त्रनां जे जे स्थल, स्मृतिमां रह्यां हतां ते ते स्थल एकत्र करी लखवामां आव्यां, बाद ४ देवर्द्धिगणि क्षमा श्रमण प्रभृति आचार्योए पानाउपर एक क्रोड ग्रंथो लख्या, बाकीना तजी दीधा, ५ प्रभावकचारित्रमां लख्युं छे के, सर्वे शास्त्रो उपर टीका लखी हती, जे सर्वे विछेद गइ, तथा ६ ब्राह्मणो अने बौद्धोए तो ग्रंथोनो बहुज नाश कर्यो, तथा ७ मुसलमानो ए पोताना समयमां सर्वेमतनां शास्त्रो माटीमां मेलवी दीधां, अनेक स-लगावी दीधां, शेष रह्यां ते भंडारोमां गुप्त रहेवाथी गलीगयां, अने व-

र्त्तमानमां जे भंडारोमां पडेलां छे, ते सर्व अमे वांचेलां नथी, आटला आटला उपद्रवो जैनशास्त्रो उपर वीतवाथी अमे सर्व शंकाउनुं केवी रीतें समाधान करी शकीए? ते कारणथी जैनमतमां शंका न करवी. अमे सर्व मतनां शास्त्रो अवलोकन करेलां छे, परंतु जैनमतसमान अति उत्तम मत बीजो कोइपण मारा देखवामां आव्यो नथी, तेथी आ मतमां दृढ रहेवुं जोइए. १ शंका अतिचार ते कहेवाय छे, जेम के जिनवचनोमां शंका करवी अर्थात् जिनेश्वर भगवानें कथन करेला भाव सत्य हशे के नहि? आ प्रथम अतिचार छे.

२ बीजो आकांक्षा अतिचार. अन्यमतवालाउनां अज्ञानकष्ट देखी, तेमज कोइ पाखंडीना विद्यामंत्रना चमत्कार देखी, तेमज पूर्वजन्मना अज्ञानकष्टथी फल पामेला अन्यमतवालाउने सुखी तेमज धनवान् देखी मनमां विचारे के अन्यमतवालाउना धर्म तथा ज्ञान सारां छे, जेना प्रभावथी, तेउ धनवान्, सुखी, तथा पुत्रादि परिवारवाला थाय छे, ते कारणथी हुं पण तेउनोज धर्म अंगीकार करुं, जेथी हुं पण धनवान् तेमज पुत्र परिवारवालो थाउं. आकांक्षा अतिचार तेज जीवोने लागेछे, जे जीवोने जैनधर्मनो बहुज सारी रीतें बोध होतो नथी. कारण के जैनधर्मवाला पण सर्व दरिद्री तथा पुत्रादि परिवारथी रहित नथी, तेमज अन्यमतवाला पण सर्वे धनवान् तेमज परिवारवाला नथी, सारांश के सर्व पोतपोतानां पूर्वनां तथा जन्मांतरनां करेलां पुण्य पापनां फल भोगवे छे. जुउ के केटलाएक, मनुष्यजन्ममां साते कुव्यसननो सेवनारां छतां धनवान्, अने केटलाएक कसाइ, खाटकी इत्यादि नीचधंधानां करनारां पण धनवान् तेमज पुत्रादि परिवारवालां तेमज सुखी छे, अने केटलाएक आ अवस्थाथी विपरीत छे, ते कारणथी मात्र तेज सत्य छे के दरेकजीव पोताना पूर्वना तेमज जन्मांतरना सुकृत दुष्कृतनुं फल भोगवे छे, मात्र आ जन्मनां कृत्योनुंज फल भोगवता नथी. सर्व मतोमां राजाउ थइ गया छे, तेमज रंक पण बहुज छे, ते कारणथी बीजा मतनी आकांक्षा न करवी. जो करी ए तो बीजो अतिचार.

३ त्रीजो वितिगिछा नामे अतिचार छे. जे जीव पोतानां पूर्वजन्मनां करेलां पापोना उदयथी दुःख भोगवे छे, त्यारे एवो विचार करे

के हुं जे धर्म करुं छुं, तेनुं फल मने शुं मलशे? अर्थात् धर्मनुं फल मने मलशे के नहि? वली जेउ धर्म करता नथी, तेउ सुखी छे, अने हुं धर्म करुं छुं, छतांपि दुःखी छुं, ते कारणथी कोण जाणे धर्मनुं फल हशे के नहि? तथा साधुनां मलिन शरीर तथा मलिन वस्त्र देखीने मनमां दुगंछा करे के आ साधु सारा नथी, कारण के तेमनुं शरीर गंदुं छे तथा तेमनां वस्त्र पण गंदां छे. तेउ संसारथी केवी रीतें तरी शकशे, जो तेउ उष्णजलथी स्नान करे तो तेथी कयुं महाव्रत तेउनुं जंग थाय छे?

उत्तरः—जो धर्मनुं फल न होय तो, संसारनी विचित्रता कदापि न होय, ते कारणथी धर्मनुं फल अवश्यमेव छे. वली साधु जे मलिन वस्त्र राखे छे, तेनुं कारण ए छे के सुंदरवस्त्र राखवाथी मन शृंगार रसने चहाय छे. वली स्त्रियो पण सुंदर वस्त्रवालाउने देखीने तेउनी साथे जोग जोगववानी इछा करे छे. ते कारणथी शियल पालवानी इछा राखनारा साधुए शृंगार करवो वास्तविक नथी. वली स्नान, कामनुं प्रथम अंग छे, तेथी साधुउने उचित नथी, अने कोइ कारण प्रसंगें साधु हाथ, पगादि धोवे तो ते कांइ दूषण नथी, वली साधुउने पोतानां शरीर उपर ममत्व पण नथी, अने शुचिमात्र स्नान तो साधु करे छे. परंतु शरीरना सुखवास्ते. तथा शरीरने चमकाववा वास्ते स्नान करता नथी, कारण के जैनिउनी एवी श्रद्धाज नथी के स्नान करवाथी पाप दूर थइ जाय छे. जलस्नानथी शरीरनो मेल दूर थाय छे, शरीरनो ताप मटी जाय छे, अने आलस दूर थाय छे, परंतु पाप तो दूर थतुं नथी, जो जल स्नानथी पाप दूर थतुं होय तो, अनायासें सर्व जीवनी मुक्ति थइ जाय, कारण के एवुं कोइ नथी जे जल स्नान करतुं नथी. वली साधुने मेला समजवा, ते पण मोटी मूर्खता छे, कारण के शरीरें मेल होवाथी आत्मा मलिन थतो नथी आत्मातो मात्र पापकरवाथीज मलिन थाय छे. वली जगत् व्यवहारमां मेलापणुं स्त्री साथे संजोग करवाथी, तेमज कोइ मलिन वस्तुनो स्पर्श करवाथी मानवामां आवे छे, अने साधु तो ते सर्व वस्तुना त्यागी छे, तेथी मेला कहेवाय नहि, बलके साधुउने धन्यवाद देवो जोइए, केमके ताप पडे छे, लू वाय छे, पसीनो वहे छे, छतांपि साधु उघाडा पगे तेमज खुल्ले मस्तके विहार करे छे, रात्रियें मात्र छाजेला मकानमां सुवेछे,

पंखा करता नथी, कोमल शय्या तेमज पलंग पर सुता नथी, रात्रिए जलपण पीता नथी, दिवसेंपण उष्ण जल पीये छे, आ प्रमाणे तेउनुं ज्ञारे तप छे. तेउथी उलटा जेउ साधु बनी बेठा छे, अने गरमी लागे त्यारे पाडानी पेठे सरोवरमां जइ पडे छे, एवा सुखशीलिआ शुं तरी जशे? जेउने कोइ वातनो नियम नथी. वली हाथी, घोडा, रेल प्रमुखनी स्वारि करवी, सर्व प्रकारनां फलज्ञक्षण करवां, धन राखवां, मकान बांधवां, खेती करवी, कराववी, गाय, ज्ञेंस, हाथी, घोडा प्रमुख जानवर तथा रथादि अने शस्त्रादि सरंजाम राखवा, छल, बलथी लोको पासेथी धन लेवां, स्त्रीउ साथे विषयसेवन करवां, सुंदर खानपान करवां, मांसज्ञक्षण करवां, मदिरापान करवां, ज्ञांगना रगडा, चरसनी चलमो उडाववी, हाथपग तथा शरीरने वेश्यानी जेम चमकाववां, चित्तमां मोटा अज्ञिमान राखवां, दंड पीलवा, कुस्ती करवी, इत्यादि अनेक साधुउने अनुचित कामो करवां, छतां श्री श्री स्वामिजी महाराज बनीठणी बेसवुं, अमे महंत छइए, अमे गादिपति छइए, अमे ज्ञट्टारक छइए, अमे श्रीपूज्य छइए, अमे जगत्नो उद्धार करीए छइए, अमे महान् अद्वैतब्रह्मवेत्ता छइए, अमे शुद्ध ईश्वरनी उपासना बतावीए छइए, अमे मूर्त्तिपूजन पाखंडनो नाश करीए छइए.

हवे ज्ञव्य जीवोए विचार करवो जोइए के, पूर्वोक्त कुगुरुउ शुं जल स्नान करवाथी संसार समुद्रथी तरी जशे? अने जेउ, जीवहिंसा, असत्य, चोरी, मिथुन तेमज परिग्रह, आ पांचेना त्यागी, शरीरना ममत्वरहित, प्रतिबंधरहित, कामक्रोधना त्यागी, महातपस्वी, मधुकर वृत्तिथी ज्ञिक्षा लेनारा, इत्यादि अनेक गुणोथी सुशोज्ञित, शुं जल स्नान नहि करवाथी पातकी थइजशे? कदापि थशे नहि. ते कारणथी साधुउने देखी जुगुप्सा न करवी, जो करे तो त्रीजो अतिचार.

चोथो मिथ्यादृष्टिनी प्रशंसारूप अतिचार छे. जिनप्रणीत आज्ञाथी जे बहार छे ते मिथ्यादृष्टि छे, कारण के सर्वज्ञनां कथन करेलां वचनो ते मानता नथी, अने असर्वज्ञनां कथन करेलां वचनो सत्य माने छे, वली असर्वज्ञप्रणीत शास्त्रोमां जे अयोग्य वातो कहेली छे, तेउने छुपाववा वास्ते स्वकपोलकल्पित ज्ञाष्य, टीका, अर्थ बनावी मूर्ख लोकोने बहेकावी

गप्पां मारता फरे छे, वली जेउने धर्मनियम कांइ पण नथी, अने अनाथ पशुउने मारि जाणे छे, तथा धूर्त्तपणाथी साचो डोल धारण करी मूर्खोने मिथ्यात्व जालमां फसावे छे,एवा मिथ्यादृष्टि छे; तेउनी प्रशंसा करवी, तथा जिनाज्ञा बहार एवा अज्ञान कष्ट करनाराउने कहेवुं के, अहो ! केवा महान् तपस्वी छे ! महापुरुष छे ! महापंडित छे ! तेउनी बराबरी करी शके तेवा कोण छे ? तेउए धर्मनी वृद्धि वास्तेज अवतार धारण करेल छे. वली मिथ्यादृष्टि कोइ व्रत यज्ञादि करे तो तेनी बहुज प्रशंसा करे, तमे बहुज सारां काम करो छो, तमारो अवतार सफल छे, इत्यादि प्रशंसा करे, ते चोथो अतिचार छे.

५ पांचमो मिथ्यादृष्टिनो परिचय करवो ते अतिचार छे. मिथ्यादृष्टिनी साथे बहुज मेलाप राखे,खान पान करे, वास करे, इत्यादि अनेक प्रकारथी सहवास करवाथी मिथ्यादृष्टिनी वासना लागीजवाथी धर्मथी भ्रष्ट थवाय छे, ते कारणथी मिथ्यादृष्टिनो बहुपरिचय करवो ते वास्तविक नथी. जो करे तो पांचमो अतिचार.

ज्यारे गृहस्थने सम्यक्त्व आपवामां आवे छे, त्यारे तेने गुरु छ आगार बतावे छे. जो छ कारणोमां तमने कांइ अनुचित काम करवुं पडे तो आ छ आगार राखी शकाय जेथी तमारुं सम्यक्त्व कलंकित थशे नहि, ते छ आगार नीचे मुजब छे.

१ प्रथम "रायाभिउगेणं" नगरना स्वामि जे राजा, ते कोइ अनुचित काम जोरावरीथी करावे तो सम्यक्त्वमां दूषण लागे नहि.

२ बीजा "गणाभिउगेणं" गण अर्थात् ज्ञाति तथा पंचायत, ते कहे के आ काम तमे अवश्य करो, नहि तो तमने ज्ञाति तथा पंचायत मोहोटो दंड करशे. तेवे प्रसंगे जो ते काम करवुं पडे तो सम्यक्त्वमां दूषण नहि.

३ त्रीजो "बलाभिउगेणं" बलवंत चोर, म्लेछादि तेउने वश पडतां, जोरावरीथी तेउ अनुचित काम करावे तो सम्यक्त्वमां अतिचाररूप दूषण नहि.

४ चोथो देवाभिउगेणं" कोइ दुष्ट देवता क्षेत्रपालादि, व्यंतर शरीरमां प्रवेश करी अनुचित काम करावे तो भंग नहि, तथा कोइ देवता

मरणांत दुःख आपे, जेथी मनमां धैर्य न रहे, अने मरणांत कष्ट जाणी कांइ विरुद्ध काम करवुं पडे तो सम्यक्त्वमां अतिचार जंग नहि.

५ "गुरुनिग्गहेणं" गुरु ते मातपितादि तेमना आग्रहथी कांइ अनुचित काम करवुं पडे; तथा गुरु ते धर्माचार्यादि तथा जिनमंदिर, तेउने अर्थात् गुरुने कोइ दुष्ट संकट देतो होय, तथा जिनमंदिर तोडतो होय. जिनप्रतिमानुं खंडन करतो होय, तो गुरुनिग्रह छे, तेउनी रक्षा वास्ते कांइ अनुचित काम करवुं पडे तो सम्यक्त्वमां दूषण नहि.

६ छठो "वित्तिकंतारेणं" वृत्ति जे दुकालादि आपत्ति आवी पडे, त्यारे आजीविकावास्ते कोइ मिथ्यादृष्टिने अनुसारें चालवुं पडे, तथा आजीविकावास्ते कोइ विरुद्ध आचरण करवुं पडेतो दूषण नहि. आ छ वस्तुना आगारोने छ छिंडी कहेछे. तथा चार आगार बीजा छे तेपण कहियें छियें.

१ अन्नछणाजोगेणं" कोइ कार्य अजाणपणे, उपयोग आप्या विना, कांइनुं कांइ थइ जाय, ज्यारे याद आवे, त्यारे फरी ते कार्य न करवुं ते प्रथम आगार.

२ "सहस्सागारेणं" कोइ काम अकस्मात् थइ जाय; पोताना मनमां जाणेछे के आ काम मारे करवानुं नथी, योगोनी चपलताथी तथा निरंतरना बहु अज्यासथी जाणतां छतां पण विरुद्ध कार्य थइ जाय तो सम्यक्त्वमां जंग नहि, आ बीजो आगार.

३ "महत्तरागारेणं" कोइ मोटो लाज थाय छे, परंतु सम्यक्त्वमां दूषण लागेछे, तथा कोइ मोटा ज्ञानीनी आज्ञाथी कमवेशी करवुं पडे तो, आ त्रीजो आगार छे.

४ "सवसमाहि वत्तिआ गारेणं" सर्व समाधि व्यत्ययथी अर्थात् मोटा सन्निपातादि रोगोने प्रसंगें बावरा थइ जवाथी, तथा अतिवृद्धावस्थामां स्मृतिजंग थवाथी, तथा रोगादि संकट समये मनमां आर्त्तध्यान थइ जवाने प्रसंगें, तथा सर्पादि डंख मारवाथी असमाधि थवाना समयमां, आ आगार छे. तेथी सम्यक्त्व तथा व्रतजंग थतां नथी. तेवे प्रसंगें, कोइ मूर्खना कहेवाथी आर्त्तध्यानमां प्राण त्यागवा ते योग्य नथी. केटलाएक जैनमतना अनजिज्ञोनुं एम पण कहेवुं छे के, गमे तेम थइ जाय तोपण, जे नियम लीधेलुं छे, ते कदापि तोडवुं नहि, आ कहेवुं स-

वैथा वास्तविक नथी, कारण के जो पहेलेथी आगार राख्या छे, तो पछी व्रतभंग केवीरीतें थायछे ? अने जेउ आर्त्तध्यानमां मरी जायछे, तथा आगार राखता नथी, तेउ जैनमार्गनी शैलीना अजाण छे. ते कारणथी छ छिंडी अने चार आगार सर्व बारे व्रतमां जाणवा. वली साधुना सर्व प्रत्याख्यानमां अनशन पर्यंत आज चार आगार जाणवा. इतिश्री तपगच्छियगणिश्रीमणिविजय, तच्छिष्य मुनिश्रीबुद्धिविजयतच्छिष्य मुन्यात्मारामानंदविजयविरचिते जैनतत्वादर्शे ( गुर्जर भाषांतरे ) सम्यग्दर्शननिर्णयनामा सप्तमपरिच्छेदः संपूर्णः ॥ ७ ॥

॥ अथाष्टमपरिच्छेद प्रारंभः ॥

आ परिच्छेदमां चारित्रनुं स्वरूप लखियें छियें, चारित्र धर्मना बे भेद छे. एक सर्वचारित्र. बीजुं देशचारित्र. तेमां सर्व चारित्र तो साधुमां होयछे. तेनुं स्वरूप आ परिच्छेदमां लखिये छियें. देशचारित्रना बार भेद छे. देशचारित्र गृहस्थधर्म छे. बार व्रतरूप छे. तेनुं किंचित् स्वरूप लखतां प्रथम स्थूलप्राणातिपातविरमण व्रतनुं स्वरूप लखियें छियें.

१ स्थूलप्राणातिपातविरमणव्रतना बे भेद छे. एक द्रव्य प्राणातिपात व्रत, बीजुं भाव प्राणातिपात व्रत. द्रव्यप्राणातिपात विरमणव्रतनुं स्वरूप एवुं छे के, परजीवने पोताना आत्मासमान जाणीने तेउना दश द्रव्यप्राणनी रक्षा करवी. आ व्यवहार दयारूप छे. बीजुं भाव प्राणातिपातव्रत. ते पोतानो आत्मा कर्मवश पड्यो थको दुःख पामेछे; वली भावप्राण जे ज्ञान, दर्शन, चारित्रादि, तेउना, मिथ्यात्व, कषायादि अशुद्ध प्रवर्त्तनथी प्रतिक्षण घात थया करेछे, ते कर्मशत्रुउथी भावप्राणनो घात थतो अटकाववा वास्ते, तथा आत्माने कर्मशत्रुथी छोडाववास्ते उपाय करवा ते उपाय आ प्रमाणे. आत्मरमणता करे. परभाव रमणता त्यागे. शुद्धउपयोगमां प्रवर्त्ते. कर्मना उदयमां अव्यापक रहे. एक स्वभाव मग्नता करे. आ उपभोग समस्त कर्मशत्रुउनो उच्छेद करवाने अमोघ शस्त्रो छे. अर्थात् सकल परभाव इष्टता दूर करी, स्वरूप सन्मुखरूप उपयोगमां प्रवर्त्ताववुं, तेनुं नाम भावप्राणातिपात विरमणव्रत कहियें. तेनुंजनाम भाव.

हवे स्थूल नाम मोटा दृष्टिगोचर, हाले, चाले तेवा जे त्रसजीव, तेउने संकल्पथी न हणुं. अहींआं हिंसाना चार प्रकार बतावीए छीए.

आकुट्टी. ते निषेध वस्तुने उत्साहथी करवी. जेमके संपूर्णफलना जडथां करवां, ते श्रावकने निषेध छे, तेथी जेणे जेटली जातनां फल खावामां राख्यां होय, तेउमांथी कोइपण फलनुं जडथुं न करवुं, छतां मनमां उत्साहपूर्वक जडथां करे तो आकुट्टी हिंसा लागे. २ दर्प्पहिंसा. ते चित्तना उछरंगथी, उन्मत्तपणाथी, गर्वधारण करीने, दोडे तेमज गाडी, घोडा प्रमुख दोडावे तो दर्प्पहिंसा लागे. ३ कल्पहिंसा. ते शरीरना कामजोगवास्ते तीव्र अजिलाषापूर्वक, कामनो जोस चडाववावास्ते त्रस जीवनी हिंसा करी, गोली, माजम प्रमुख बनावी खाय तो कल्पहिंसा लागे. ४ प्रमादहिंसा. ते घरनां कामकाज, जेम के रांधवुं, दलवुं, जरडवुं प्रमुख अनेक काम करतां त्रसजीवनी हिंसा थइ जाय तो प्रमाद हिंसा लागे. आ चारे हिंसामांहेनी प्रथमनी हिंसा, तथा बीजी हिंसा तो बिलकुल न करवी जोइए. ते कारणथी संकल्पथी आकुट्टी तथा दर्प्पथी त्रसजीव हणवानो त्याग करे. वली जेम आ कीडी जाय छे, तेने हुं मारुं? एवा संकल्पथी हणवुं, हणाववुं, ते आकुट्टी संकल्प कहेवाय छे, एवा संकल्पथी निरपराधी जीवोने, कारण विना हणुं नहि. हणावुं नहि, एवो नियम करे, अने सांसारिक आरंज, रांधवा प्रमुखनां काम करतां, तथा पुत्रादिना शरीरमां कीडा प्रमुख पडतां, व्याधिने प्रसंगे औषधोपचार करतां यत्नापूर्वक प्रवर्त्ते. वली घोडा, बलद प्रमुखने चाबक प्रमुख मारवा पडे तेनो आगार राखे. तथा पेटमां कृमि, गंडोला, पगमां नारां अर्थात् वाला, हरस, जू प्रमुख अनेक जीव शरीरमां उपजे, तथा स्वजन, मित्रादिना शरीरमां उपजे, तेना उपचार करवानी जयणा राखे. कारण के साधुने तो त्रस तथा स्थावर, सूक्ष्म तथा बादर, सर्वजीवोनी हिंसा नवकोटी विशुद्ध अप्रमत्त योगोथी सर्व हिंसानो त्याग छे, तेथी साधुने वीश विश्वा दया छे, अने गृहस्थथी तो सवा विश्वा दया पली शके छे. तेनुं स्वरूप लखीए छीए.

॥ गाथा ॥ जीवासुहुमा थूला, संकप्पा आरंजा जवे डुविहा ॥ सवराह निरवराहा, साविक्खा एव निरविक्खा ॥ १ ॥ अर्थः—जगत्मां जीव बे प्रकारना छे. १ स्थावर, २ त्रस. तेमां स्थावरना बे जेद छे, १ सूक्ष्म, २ बादर. तेमां सूक्ष्मजीवोनी हिंसा तो थतीज नथी, कारण के अति-

सूक्ष्म जीवोना शरीरने बाह्य शस्त्रना घा लागता नथी; परंतु अहींआ तो सूक्ष्मशब्द, स्थावर जीवो जे पृथ्वी, पाणी, अग्नि, पवन, वनस्पतिरूप पांच बादर स्थावर, तेउ सूक्ष्म वाचक छे, अने स्थूल जीव ते द्वींद्रिय, त्रींद्रिय, चतुरिंद्रिय पंचेंद्रिय जाणवा. आ बंने भेदमां सर्वजीव आवी गया. ते सर्व जीवोनी त्रिकरण शुद्धिथी साधु रक्षा करे छे, ते कारणथी साधुने वीश विश्वा ( वसा ) दया छे. श्रावकथी तो पांच स्थावरनी दया पलती नथी, सचित्त आहारादि करवाथी अवश्य हिंसा थाय छे, ते कारणथी दश विश्वा दया दूर थइ. बाकी दश विश्वा रही. सारांश के त्रसजीवनी दया रही. त्रसजीवनी हिंसाना पण बे भेद छे. एक संकल्पथी हणवा, बीजा आरंभथी हणवा. तेमां संकल्पथी हणवानो त्याग छे, परंतु आरंभनी हिंसानो श्रावकने त्याग नथी, आरंभ हिंसामां यत्ना राखवानी छे, कारण के आरंभ हिंसा श्रावकने थाय छे, ते कारणथी दश विश्वामांथी पांच विश्वा बाद थइ, अर्थात् संकल्पथी त्रसजीवनी हिंसानो त्याग छे. वली तेना पण बे भेद छे. एक सापराधी, बीजा निरपराधी. तेमां निरपराधी जीवोने न हणवा, अने सापराधी जीवोने हणवानी जयणा छे. कारण के सापराधी जीवनी दया श्रावकथी सदा सर्वथा पलती नथी. जेम के घरमां चोर आवी चोरी करी धन, माल लइ जता होय, तेउने मार्या, कुट्या विना तेउ धन, माल छोडता न होय, तथा पोतानी स्त्रीनी साथे कोइ अन्यपुरुष दुराचार सेवतो देखवामां आवे, तेवे प्रसंगे मारवो पडे, तथा कोइ श्रावक राजा होय, अथवा तो राजाना हुकमथी युद्ध करवा जवुं पडे, तेवे प्रसंगे श्रावक, प्रथम शस्त्र चलावे नहि, परंतु ज्यारे शत्रु शस्त्र चलावी मारवा आवे ते समये शत्रुने मारवा पडे. तथा सिंहादि जानवर खावा आवे, ते वखते तेउने मारवा पडे. त्यारे संकल्पथी पण हिंसानो त्याग नथी. ते कारणथी पांच विश्वामांथी अरधी बाद थइ, बाकी अढी विश्वा दया रही. अर्थात् मात्र निरपराधी त्रसजीव दृष्टिगोचर आवे तेउने न मारुं. एवो नियम रह्यो. तेनापण बे भेद छे, एक सापेक्ष, बीजो निरपेक्ष. तेमां पण सापेक्ष निरपराधी त्रसजीवनी दया श्रावकथी पलती नथी, कारण के श्रावक ज्यारे घोडा गाडी, बलद गाडी, घोडा, घोडी प्रमुखनी

३ स्वदारा मंत्रभेद अतिचार. पोतानी स्त्रीए कांइ छानी वात कहेली होय, ते वात पति लोकोमां प्रकट करे. उपलक्षणथी भाइ प्रमुखनी कहेली वात प्रगट करवी. तात्पर्य ए छे के मर्मवाली वात प्रगटथवाथी स्त्री आदि कुवामां पडी डुबी मरे छे.

४ मृषा उपदेश अतिचार. बीजाउने असत्य कामो करवानो उपदेश आपवो. वली विषयसेववानां चोराशी आसन शिखववां, तथा बीजाउ जेथी दुःखमां आवी पडे तेवो उपदेश करवो. वली वीर्यपुष्टिनां औषधादि बतावववां, जेथी विषय, कषाय अत्यंत वृद्धि पामे, अने जेथी बहुज विषयसेवन करवामां आवे तेवो उपदेश करवो ते.

५ कूट लेखकरण अतिचार. जूठा दस्तावेज बनाववा, जूठी सही करवी, जूठी महोर छाप करवी, अक्षरो भुंसी नाखी, नवा अक्षरो दाखल करवा, इत्यादि बीजाने नुकशान थाय तथा दुःख थाय एवा हेतुथी कूटलेख करवा ते आ पांच आतिचार. तथा पूर्वोक्त पांचप्रकारनां असत्य नरकादि गतिनां कारण जाणी, श्रावक अवश्य वर्जे. इति मृषावादविरमणव्रत.

३ त्रीजा स्थूल अदत्तादानविरमण व्रतनुं स्वरूप लखियें छियें. मोटी चोरी करवी, जेमके धाड चोरी करवी, रस्तानी लुट करवी. गणेशीउ मारी भीत फोडी खातर पाडवुं, जबरदस्तिथी बीजानी वस्तु लेवी, छल कपटथी ठगीने बीजानी वस्तु लेवी, विश्वासघात करी बीजानी वस्तु उलवी जवी, अपराधसहित मिलकतनो खोटो उपयोग करवो, मिलकतनी अदलाबदली करवी, इत्यादि अदत्तादान अर्थात् चोरीनुं स्वरूप छे. चोरी करवाथी परलोकमां नरकादि माठी गति प्राप्त थाय छे, अने आ लोकमां पण प्रगट थवाथी राज्यदंड, अपयश, तथा अप्रतीति थाय छे. ते कारणथी श्रावक अदत्तादाननो त्याग करे. अदत्तादान व्रतना बे भेदछे, ते कहियें छियें.

द्रव्य अदत्तादान विरमण व्रत. पूर्वोक्त प्रकारें बीजाउनी पडेली के विसरेली वस्तु लेवी नहि ते द्रव्य अदत्तादान विरमणव्रत छे.

२ भाव अदत्तादान विरमणव्रत. पर जे पुद्गल द्रव्य, तेनी रचना, वर्ण, गंध, रस, स्पर्शादिरूप, त्रेवीश विषय, तथा आठकर्मनी वर्गणा,

आ सर्वे पराइ वस्तु बे, ते वस्तु तत्वज्ञानमां जीवने अग्राह्य बे, बतां तेमनी जे उदय जावथी वांबा करवी ते जाव चोरी समजवी. जिनागम श्रवण करी तेमनो त्याग करवो, तथा पुज्ञलानंदि पणानो अजाव करवो, तेज जाव अदत्तादान विरमण व्रत बे. जे जे कर्मप्रकृतिनो बंध नाश पामेल होय, ते जाव अदत्त विरमण व्रत कहेवाय. सामान्य प्रकारें अदत्तना चार जेद बे.

१ कोइनी वस्तु तेनी परवानगी विना लेवी ते स्वामि अदत्त. २ सचित्त वस्तु अर्थात् जीववाळी वस्तु, फूल, फल, बीज, गुबा, पत्र, कंद मूलादि, बकरा, गाय, सुअरादि, तेउनो नाश करवो, बेदवां, जेदवां, कापवां इत्यादि ते जीव अदत्त, हेतु ए बे के फुलादि जीवोए पोताना शरीरने बेदवा, जेदवानी आज्ञा आपी नथी, के अमारुं बेदन, जेदन करो, ते कारणथी ते जीव अदत्त बे. ३ जे वस्तु तीर्थंकर, अर्हंत जगवंतें निषेध करेली बे, तेउनुं जे ग्रहण करवुं, जेमके साधुने अशुद्ध आहार करवानो निषेध बे, अने श्रावकने अजक्ष्य वस्तुग्रहण करवानो निषेध बे, बतां तेउ आज्ञाविरुद्ध ग्रहण करे तो ते तीर्थंकर अदत्त. ४ कोइ साधु शास्त्रोक्त रीति मुजब निर्दोष आहार शुद्ध ग्रहण करी लावे, पबी ते आहारादिने गुरुनी आज्ञा विना उपजोगमां लहे तो ते गुरु अदत्त.

पूर्वोक्त चारे अदत्त संपूर्ण तो जैनना यतिज त्यागी शके, गृहस्थथी तो मात्र स्वामि अदत्तज त्यागी शकाय बे, ते कारणथी तेनीज आ स्थले मुख्यता बे. सारांश के पराइ वस्तु पूर्वोक्त रीतें लेवी नहि, जो लहे तो चोर कहेवाय, राज्यदंड पामे, अपयश, अपकीर्त्ति, अप्रतीति थाय, ते कारणथी पारकी वस्तु ग्रहण करवी नहि. जे वस्तु यत् किंचित् मूल वाळी बे, अर्थात् जे लेवाथी तेना मालेकने एवुं नुकसान थतुं नथी के कोइ समजु माणसना विचारमां ते जारे पडतुं थाय, सारांश के जे लेवाथी चोर नाम पडतुं नथी, तेवी वस्तु लेवानी जयणा राखे. वळी कोइनी पडीगयेली वस्तु हाथमां आवे, पबी जाणवामां आवे के ते वस्तु अमुक सख्सनी बे, तो ते वस्तु तेने आपे, जो ते वस्तुना मालेकनो पत्तो न मळे, अने पोतानुं मन दृढ रहे तो ते वस्तु पोते राखे नहि; कदाचित् बहु मूल्यवान् वस्तु होय, अने मन दृढ रहे तो ते वस्तु

लइ पोताना स्वाधीनमां केटलाएक दिवस राखे, जो तेना मालेकनो पत्तो मळे तो तेनी खात्री करी तेने सोंपी दे, अने संपूर्ण रीतें शोध करतां छतां तेनो मालेक मालम न पडे तो धर्म खातामां ते धननो उपयोग करे. पोतानो स्वन्नाव अत्यंत लोन्नी होय तो पण ते वस्तुनी अर्ध किंमत तो धर्मना काममांज वापरे. पोतानी जमीनमां खोदतां धनादि निकळे तो ते राखवावो आगार छे. परंतु तेमां पण अर्ध हिस्सो, अथवा चोथो हिस्सो धर्ममां वापरे तो ते उत्तम छे. वळी बीजानी जगा किंमत आपी लीधी होय, ते खोदतां जो धनादि निकळे, अने पोताना मनमां संतोष होय तो ते जगा वेचनारने निकळेली वस्तु सोंपी दे, परंतु पोतानो स्वन्नाव लोन्नी होय अने वेचनारने आपवानी मरजी न होय, तो पण अर्धन्नाग धर्ममां वापरे, अने अर्धन्नाग पोते राखे. वळी कोइ सख्स पोतानी पाछळ धन मुकी मरी गयो होय, अने तेनो कोइ वारस न होय, एवी बीना श्रावकना जाणवामां आवे तो उत्तम माणसोने पंचमां राखी तेउने ते बीना जाहेर करे, अने पंचना फरमान मुजब करे; ते प्रमाणे करतां कदापि देशकाळनी विषमताथी राज्यसंबंधी क्लेश उठवानो संन्नव लागे, तथा कोइ लोन्नी राजा फरमान करे के तमारा घरमां आवीरीतनुं बीजुं धन छे इत्यादि विटंबना थवानो न्नयलागे तो मौनपणे ते धन धर्मकार्योमां वापरे.

घरनी चोरीनुं स्वरूप आ प्रमाणे. घरनी सर्व वस्तुउनां मालेक मात पिता छे, तेउनी आज्ञा विना धनवस्त्रादि लेवानी जयणा राखे, तेमज जे उनी साथे प्रेम होय, तथा जेउ संबंधी होय, अने जेउना घरमां जवा आववानो तेमज खावा पीवानो व्यवहार होय, तेउने पुछ्याविना कांइ वस्तु खावामां अथवा न्नोगववामां आवे तो तेनो आगार राखे, परंतु जो ते वस्तुनो उपन्नोग करतां मालेकनुं मन दुःखाय तो ते वस्तु ग्रहण करे नहि. ए प्रमाणे त्रीजुं अदत्त व्रत पाळे. आ शुद्ध व्यवहार अदत्तादानविरमण व्रत छे.

निश्चयथी अदत्तव्रत तो जेटलो अबंध परिणाम थयेल छे, अर्थात् गुणस्थानकनी वृद्धि थवाथी बंधव्यवछेद थयो होय छे, तेज निश्चय अ-

दत्त विरमण व्रत कहेवाय छे. आ व्रतना पांच अतिचार छे. ते वर्जे, तेनुं स्वरूप कहियें छियें.

१ स्तेनाहृत अतिचार. चोरनी चोरेली वस्तु स्तेनाहृत कहेवाय छे. ते वस्तु लहे नहि, अर्थात् चोरनी वस्तु जाणीने लहे नहि, कारण के जे चोरीनी वस्तु जाणीने लहे छे, ते लेनार पण चोर छे, जैन मतना शास्त्रोमां चोरना सात प्रकार छे. यथा ॥ चौरश्चौरापकोमंत्री, भेदज्ञः काणकक्रयी ॥ अन्नदः स्थानदश्चैव, चौरः सप्तविधः स्मृतः ॥ १ ॥ आ प्रथम अतिचार.

२ प्रयोग अतिचार. ते चोरी करनाराउने प्रेरणा करवी. जेमके अरे! तमे धंधाविनाना छानामाना आजकाल केम बेसी रह्या छो? जो तमारी पासे खरची न होय तो हुं मदद करुं. तमे लइ आवशो ते वस्तु हुं वेची आपीश. तमे चोरी करवा जाउ. इत्यादि वचनोथी चोरोने प्रेरणा करवी. आ बीजो अतिचार.

३ तत् प्रतिरूपक व्यवहार अतिचार. ते सारी वस्तुमां खराब वस्तु मेलवी वेचवी. जेमके केशरमां कसुंबादि मेलववां, घीमां छासादि, हिंगमां गुंदरादि मेलववां खोटी कस्तूरी खरी दाखल वेचवी, अफीणमां भेल संभेल करी वेचवुं, जूनावस्त्रने रंगावी नवाना भावथी वेचवां, रूमां पाणी नाखी वेचवुं, दुधमां पाणी भेलवी वेचवुं. इत्यादि काम करवां. आ त्रीजो अतिचार.

४ राज्य विरुद्ध गमन अतिचार. ते पोताना शेहेरना अथवा देशना राजाए फरमान कर्युं होय के अमुक गाम जवुं आववुं नहि, तेमज ते गामना लोको साथे व्यापार करवो नहि, छतां राजानी आज्ञानुं उल्लंघन करीने वैरी राजाना देश गाममां जवुं आववुं तथा व्यापार करवो. आ चोथो अतिचार.

५ खोटां तोलां मापां राखवां ते अतिचार. उछां तोलां, मापथी देवुं, अने अधिक तोलां,मापथी लेवुं. आ पांचमो अतिचार. इतितृतीयव्रतस्वरूप.

चोथुं व्रत. मैथुनसेवननो त्याग, ते मैथुन त्यागव्रत कहेवाय छे. मैथुनना बे भेद छे. १ द्रव्य मैथुन त्याग, २ भाव मैथुन त्याग. द्रव्य मैथुन तो परस्त्री तथा परपुरुष साथे संगम करवो ते तेमां पुरुष स्त्रीनो

त्याग करे, अने स्त्री पुरुषनो त्याग करे, अर्थात् अरस परस रतिक्रीडा काम सेवननो त्याग करे, ते द्रव्यब्रह्मचारी तथा व्यवहारब्रह्मचारी कहेवाय छे.

नाव मैथुननुं स्वरूप एवुं छे के चेतनरूप पुरुषें, परपरिणतिरूप विषय विलास, अने तृष्णा, ममतारूप कुवासना, एवी निश्चय परस्त्रीने मली तेनी साथे लालन, पालन, कामविलास करवो ते. तेनुं जिनवाणीना उपदेशथी, तथा गुरुनी हितशिक्षाथी ज्ञान थयुं, त्यारे जातिहीन जाणीने, तेमज नविष्यमां तेनुं सेवन महाडुःखदायक परिणामवालुं थवानुं छे एम जाणीने, तथा पूर्वकालमां तेना सेवनथी अनंत जन्म मरणनां डुःख अनुनव्यां छे एम विचारीने ते विजातीय स्त्रीनो त्याग करवो ते ठीक छे, अने मारी परमनक्त, स्वजातीय, उत्तम, सुकुलवती स्त्री, समतारूप सुंदरी, तेनो संग करवो वास्तविक छे. वली विनाव परिणतिरूप परस्त्रीए मारी सर्वविनूति हरण करी छे, तेथी सद्गुरुनी सहायताथी हवे ते डुष्ट परिणतिरूप स्त्रीना संगनो थोडो निग्रह करुं, त्यागवानो नाव आदरुं, जेथी शुद्धस्वनाव घटरूप घरमां प्रवेश करुं, तथा मारा स्वरूपना तेजनी वृद्धि थाय एम प्रवर्तुं; एवी समजण लावीने परपरिणति मग्नतानो त्याग करे, तेमज कर्मना उदयमां व्यापक न थाय, अने शुद्ध चेतनाना संगी थाय, ते नाव मैथुनत्यागी कहेवाय छे.

द्रव्य मैथुनना त्यागी तो छए दर्शनमां मली शके छे, परंतु नावमैथुनना त्यागी तो श्रीजिनवाणी श्रवण करवाथी, ज्यारे नेदज्ञान घटमां प्रगट थाय छे, त्यारे नवपरिणतिथी सहज उदासीनरूप नाव थाय छे; तेवा मैथुनना त्यागी जैनमतमांज होय छे.

स्थूल परस्त्रीगमनविरमणव्रत. ते परस्त्रीनो त्याग करवो, परपुरुषनी विवाहिता स्त्री, तथा परनी राखेली स्त्री, तेनी साथे अनाचार न सेववो, एवुं जे प्रत्याख्यान, ते परदारगमन विरमण व्रत छे; अने पोतानी स्त्रीमां संतोष करवो एवुं जे व्रत, ते स्वदारासंतोष व्रत छे.

देवांगना तथा तिर्यंचणी, तेउनी साथे कायाथी मैथुन सेवन करवानो निषेध आ व्रतमां छे. वली वर्त्तमान स्त्रीनो त्याग करीने, बीजी स्त्री साथे विवाह न करे; तथा दिवसें पोतानी स्त्री साथे पण मैथुन सेवन न करे, कारण के दिनसंनोगथी जे संतान उत्पत्ति थाय छे, ते

निर्बल थाय छे. जो काम अभिलाषा अधिक होय तो दिवसनी पण मर्यादा करे. तेवीजरीतें स्त्रीपण पर पुरुषनो त्याग करे. ए प्रमाणे चोथुं व्रत पाले. आ व्रतना पांच अतिचार छे. ते वर्जे, ते लखियें छियें.

१ अपरिगृहीतागमन अतिचार. परण्या विनानी (कुंमारी) तथा विधवा स्त्री अपरिगृहीता कहेवाय छे, कारण के तेउनो कोइ भर्त्तार नथी. कोइ अल्पमति, विषयाभिलाषी मनमां एम विचारे के में तो परस्त्रीनो त्याग करेलो छे, अने अपरिगृहीता तो कोइनी स्त्री नथी, तेथी तेनी साथे विषयसेवन करवाथी मारुं व्रतभंग नहि थाय, एवो विचार करीने कुमारी तथा विधवा स्त्रीनी साथे भोग विलास करे, तथा स्त्री पण व्रतधारण करीने कुंवारा तथा रांडेला पुरुषनी साथे व्यभिचार सेवन करे तो आ अतिचार लागे. आ प्रथम अतिचार.

२ इत्वर परिगृहीतागमन अतिचार. इत्वर अर्थात् अल्पकाल कोइपुरुषें थोडी मुदत माटे कोइ वेश्याने पोतानी करी राखेली होय तेवे प्रसंगें ते पुरुष अज्ञानना उदयथी एवो विचार करे के मारे तो परस्त्रीनो त्याग छे, अने वेश्यानो संबंध तो मारे अल्पकाल माटे छे, तेथी वेश्यानी साथे सेवन करवाथी मारा व्रतनो भंग थशे नहि, एवा अज्ञानतायुक्त विचारथी विषयसेवन करे तो बीजो अतिचार लागे. वली स्त्री पण पोतानी शोक्यना वाराने दिवसे पोताना भर्त्तारनी साथे विषय सेवन करे ते एवा वीचारथी के मेंतो मारापति साथे विषय सेवन करेल छे, तेथी मारा व्रतनो भंग थशे नहि, तेवे प्रसंगे स्त्रीने पण अतिचार लागे. पूर्वोक्त बंने रीतिमां श्रावक यथार्थ रीतें जाण्या पछी फरीथी ते प्रमाणे करे तो व्रतभंग थाय, परंतु अतिचार नहि.

३ अनंगक्रीडा अतिचार. अनंगनाम काम. ते काम कंदर्प्प जाग्रत करवो. आलिंगन चुंबन प्रमुख करवां. नेत्रोना हाव भाव कटाक्ष, ठठ्ठा मस्करी प्रमुख, परस्त्री साथे करवां. मनमां एवो निचार वरवो के में तो परस्त्री साथे परस्पर एक शय्या उपर विषयसेवननो त्याग करेलो छे, परंतु अनंगक्रीडानो त्याग करेलो नथी. एवो विचार करनार मूढमति जाणतो नथी के पूर्वोक्त कामक्रीडाथी व्रत कदापि रहीशके नहि, कारण के तेवी मनोवृत्तिथी महापाप तो ते जीवें उपार्जन करी लीधुं. निश्चय नयना

मतथी तेनो व्रतजंग पण थइ गयो. वली पोतानी स्त्रीसाथे चोराशी आसनोथी विषयसेवन करे, तथा पंदर तिथिना विचारे स्त्रीनी साथे अंगमर्दनादि पूर्वक काम प्रदीप्त करे, अत्यंत कामाजिलाषी तथा पोतानी स्त्रीनो योग न प्राप्त थाय तो हस्तकर्म करे. स्त्रीपण अत्यंत कामव्याप्त थइ गुह्यस्थानमां वस्तु संचारादि हस्तकर्म करे. तेवा प्रसंगे आ आतिचार लागे. ते कारणथी श्रावकें अनेक उपायथी काम इछा मंद करवी जोइयें, कारण के विषयवृत्ति मंद थवाथी, अने वीर्यनुं रक्षण करवाथी, बुद्धि, आरोग्यता, आयु, बल प्रमुख वृद्धि पामेछे, अने कामसेवन अधिक करवाथी तेउनी मंदता थतां मन मलिन थायछे, पापवृद्धि पामेछे, क्षय, भ्रम, मूर्छा, क्लम, स्वेदादि अनेक रोग उत्पन्न थायछे. ते कारणथी मात्र जेथी वेदविकार शांत थाय, तेटलुंज मैथुन सेवन करवुं, एवी अजिलाषा जोइए. वली ज्यारे काम उत्पन्न थाय, त्यारे स्त्रीनी कामसेवननी जगाने जाजरु समान गणे. एवो विचार मनमां लावे के स्त्रीनुं शरीर मलमूत्रथी जरेलुं छे, विषयसेवननुं स्थान अत्यंत मलिन, डुर्गंधमय छे, मुखमां पण डुर्गंधमय लाल छे, नाकपण डुर्गंधयुक्त श्लेष्मवालुं छे, कानमां मेल छे. पेटमां विष्टा मूत्र जरेल छे, नसोमां खानपाननो डुर्गंधमय रस रुधिर, हाड, चाम, चरबी, वात पित्त, कफ जरेल छे, स्त्रीनुं शरीर अत्यंत अशुचिनुं पुतलुं छे, ज्यांथी वास निकलशे त्यां महाडुर्गंधमय वास निकलशे, वली ते शरीर अनित्य, अशाश्वत, सडन, पडन, विध्वंसन जाववालुं छे, ए प्रमाणे स्त्रीना शरीरनो स्वजाव छतां दिलगिरि छे के चतुर पुरुषो पण कामाधीन थइ विषयसेवनमां मग्न रहेछे, तेथी पूर्वोक्त सत्य समजथी विचार करी कामने शांत करे. आ त्रीजो अतिचार.

४ परविवाहकरण अतिचार. पोताना पुत्र, पुत्री विना, यशवास्ते तथा पुण्यवास्ते, बीजाउना विवाह करे, करावे. आ चोथो अतिचार.

५ तीव्रानुराग अतिचार. पुरुष, स्त्रीउपर, तेमज स्त्री, पुरुष उपर काम सेवन अजिलाषाथी अत्यंत राग, स्नेह राखे. परस्त्रीने देखी मनमां तेनीसाथे मैथुन सेवननी बहुज चाहना राखे. रात दिन कामकाज करतां सुतां, बेसतां, उठतां, जतां, आवतां, स्त्रीमांज चित्तवृत्ति राखे; तेमज कामवृद्धिमाटे, अफीण, माजम, जांग, हरताल, पारा, जांबु प्रमुख

खाय, अने तेप्रमाणे खाइ कामवृद्धि करी, स्त्रीसाथे अत्यंत प्रीति करे. स्त्रीपण कामवृद्धिमाटे अनेक औषधोपचार करे, हावभाव, विषय, लालसा करे. आ पांचमो अतिचार. पांचे अतिचारनुं स्वरूप श्रावक जाणी तेने तजवानी अभिलाषा करे. पांचे अतिचारनुं विशेष स्वरूप धर्मरत्न प्रकरणनी टीकाथी जाणवुं. इति चतुर्थव्रतं.

५ पांचमा स्थूलपरिग्रहपरिमाण व्रतनुं स्वरूप लखियें छियें. परिग्रहना बे भेदछे. एक बाह्यपरिग्रह अधिकरणरूप, ते द्रव्य परिग्रह, नवप्रकारनो छे. बीजो भाव परिग्रह, ते चौद अभ्यंतर ग्रंथिरूप, परभाव ग्रहणरूप, समस्त प्रदेश सहित, सकषायीपणे बंध, ते भाव परिग्रह छे. वली शास्त्रमां मुख्य वृत्तिथी, मूर्छाने भाव परिग्रह, कहेली छे. तेमां चौद प्रकारना अभ्यंतर परिग्रह आ प्रमाणे छे. १ हास्य, २ रति, ३ अरति, ४ भय, ५ शोक, ६ जुगुप्सा, ७ क्रोध, ८ मान, ९ माया, १० लोभ, ११ स्त्रीवेद, १२ पुरुषवेद, १३ नपुंसकवेद, १४ मिथ्यात्व. आ चौद अभ्यंतर ग्रंथि छे. आ संसारमां जीवने केवल अविरतिना बलथी इछा, आकाशसमान अनंती छे. कदापि तेनुं माप थइ शकतुं नथी. अविरतिना उदयथी इछा, अने इछाबलथी कर्मबंधनमां पडतां थकां चारे गतिमां आ जीव भ्रमण करेछे. भवितव्यताना योगें पुण्यना उदयथी मनुष्यभवादि सकल सामग्रीनो योग प्राप्त करीने सद्गुरुना सत्संगथी श्रीजिनेश्वर भगवाननी वाणी श्रवण करवामां आवी; अनुक्रमें चेतना, जाग्रतदशानो अनुभव करवा लागी; मनमां विचार थयो के अहो! हुं समस्त परभावथी अन्य छुं! अबंधी, अछेद्य, अभेद्य, अदाह्य धर्मी छुं! परंतु इछाने अधीन बनवाथी समस्त छेदन, भेदन, परिभ्रमणादि दुःखोने भोगवनार परधर्मी बनी रह्यो छुं! ते वास्ते समस्त परभावनुं मूल जे इछा छे, ते दूर करुं. बाद समस्त परभाव त्यागरूप चारित्र आदरे. साधुवृत्ति अंगीकार करे; अने जे जीव इछानुं प्रबल होवाथी एकदम सर्व परिग्रह त्यागवाने समर्थ न होय, अने दोषथी करतो होय, तो गृहस्थधर्मे, इछा परिमाणरूप व्रत आदरे. ते इछा परिमाण व्रत नवप्रकारे छे. तेनुं स्वरूप.

१ प्रथम धनइछा परिमाणव्रत. धनना चार प्रकार छे. १ गणिम धन नालीएर प्रमुख, जे गणत्रीथी वेचवामां आवे ते. २ धरिम धन, गोल-

प्रमुख, जे तोलीने वेचवामां आवे ते. ३ परिछेद्य धन, सोनुं, रूपुं, जवाहिरप्रमुख, जे परीक्षाथी वेचवामां आवे ते. ४ मेय धन, डुधप्रमुख, जे मापीने वेचवामां आवे ते. आ चारे प्रकारना धननुं परिमाण करे, ते धन परिमाण व्रत.

२ धान्य परिमाण व्रत. धान्यना चोवीश प्रकार छे. १ कमोद, २ घउं, ३ जुवार, ४ बाजरी, ५ जव, ६ मग, ७ मठ, ८ अडद, ९ चुंट, १० बोडा, ११ मटर, १२ तुअर, १३ किसारी, १४ कोद्रवा, १५ कंगणी, १६ चणा, १७ वाल, १८ मेथी, १९ कलथी, २० मसूर, २१ तल, २२ मंडवा, २३ कुरी, २४ बंटी. आ धान्य खावा वास्ते तेमज व्यवहार वास्ते उपयोगी छे; अने १ धाणा (धनीया), २ चींडी, ३ सोवा. ४ अजवायन, ५ जीरुं, आ पांच धान्यनी जाति छे, परंतु औषधादिमां काममां आवे छे. तथा १ शामक, २ मणकी, ३ चुरट, ४ चेकरीआ, आ चार मारवाड देशमां प्रसिद्ध छे. बीजां पण केटलांएक धान्य वाव्याविना उगे छे, जे लोको डुकालना वखतमां खाय छे. आ सर्व जातिनां धान्यनुं परिमाण करे.

३ क्षेत्रपरिग्रह व्रत. वाववाना खेतर, तथा बाग, बगीचादि जाणवां क्षेत्रना त्रण भेद छे १ वर्षादना पाणीथी ववाय एवां क्षेत्र, २ कुवाना पाणीथी ववाय एवां क्षेत्र, ३ बंने प्रकारना पाणीथी ववाय एवां क्षेत्र. ए प्रमाणे क्षेत्र परिमाण करे.

४ वास्तुक परिमाण व्रत. घर, हाट, हवेली प्रमुख. तेना पण त्रण भेद छे १ जमीन तल माल विनाना. २ एकमाल, बे माल, त्रणमाल, यावत् सातमाल सुधी, ३ भोयरां. तेनुं परिमाण करे.

५ रूप्य परिग्रह परिमाणव्रत. सिक्का विनानुं काचुं रुपुं, तेना तोलनुं परिमाण करे.

६ सुवर्णपरिग्रहपरिमाण व्रत. सिक्का विनानुं सोनुं, तेना तोलनुं परिमाण करे.

७ कुपदपरिग्रहपरिमाण व्रत. त्रांबुं, पीतल, जसत, कांसुं, सीसुं, लोढुं प्रमुख धातुनां वासणोना तोलनुं परिमाण करे.

८ डुपदपरिग्रहपरिमाण व्रत. दास, दासी, पगारदार मुनीम प्रमुख राखवां, तेनी संख्यानुं परिमाण करे.

ए चौपदपरिग्रहपरिमाण व्रत. गाय, भेंस, घोडा, हाथी, बलद, बकरी प्रमुख जानवरो राखवानी संख्यानुं परिमाण करे.

हवे पोतानी इच्छा परिमाणथी परिग्रह केवीरीतें राखे, ते कहीए छीए. रुपुं तथा सोनुं, घडेलुं तेमज नहि घडेलुं आटला वजन राखुं, तथा रुपैया, सोनामहोर, जवाहीर, आटलां राखुं, ते प्रमाणे परिमाण करे, ते उपरांत पुण्योदयथी धनवृद्धि थाय तो, वधेलुं धन, धर्मकार्योमां वापरे. वली वर्षप्रति आटली भातनां वस्त्र पहेरुं, तथा एकवरसमां आटलुं अन्न घर खरच वास्ते राखुं, तथा आटलुं व्यापार वास्ते राखुं, इत्यादि बाबतोनुं स्वरूप विस्तारथी, सातमा व्रतना स्वरूपमां कथन करवामां आवशे. क्षेत्र परिमाणमां, खेतरो, वाडी, बगीचा, सर्व मली आटलां सांती वा विघा जमीन राखुं, तथा घर, चोकबंध, खडकीबंध, दुकान, तबेला, वखारो, तथा परदेश संबंधी दुकानोनी जयणा तथा भाडे राखवाना मकानोनी जयणा, तथा भाडे राखेलां मकानो समराववानी जयणा राखे; तथा कुटुंब संबंधी घर बनाववाना उपदेशनी जयणा; वली पोताना संबंधी तेमज गुमास्ता परदेश गया होय, अने पाछल तेउनां घर प्रमुखसमराववां पडे तो जयणा, आजीविकावास्ते कोइनी चाकरी करवी पडे, तेवे प्रसंगे शेठना घरप्रमुख समराववानी जयणा. कुपद परिमाणमां त्रांबा, पितल, कांसा विगेरे धातुनां वासणो तथा धातु बुटी अमुक मण राखवानी जयणा; द्विपद परिमाणमां दास, दासी वेचाता लेवानो प्रतिबंध, परंतु पगारवाला नोकरो गणत्रीथी राखवा जोइए, वली अमुक गुमास्ता राखवानी जयणा, चौपद परिमाण, गाय, भेंस, बकरी प्रमुख राखवानुं परिमाण संख्याथी करे. आ व्रतना पांच अतिचार छे तेनुं स्वरूप लखीए छीए.

१ धन परिमाण अतिक्रम अतिचार. ज्यारे इच्छा परिमाणथी अधिक धन थइ जाय, त्यारे तीव्र लोभना उदयथी मनमां एवो संकल्प करे के, मारो पुत्र मोटो थयो छे, तेने धननी जरुर छे, वलि ते कमाइ शके तेवो थयो छे, तेथी मारे तेने धन आपवुं जोइए, एवो कुविकल्प करी पुत्रना नामथी अमुक रूपीआनी रकम जुदी राखे, ए प्रमाणे जुदी जुदी रीते धननां खातां राखे. धान्य पोताना परिमाणथी अधिक राखवानी

महाफल छे. हवे जुओ तेओनी अज्ञानता ? केवो स्ववचनविरोध छे? जे करवामां पाप नथी, ते त्यागवामां धर्मफल कदापि होइ शके ?

हवे निरुक्तिबलथी पण मांस त्यागवा योग्य छे, ते बाबतमां मनुजी कहे छे के ॥ श्लोक ॥ मांसभक्षयिताऽमुत्र, यस्य मांसमिहाद्म्यहं ॥ एतन्मामांसस्य मांसत्वे, निरुक्तं मनुरब्रवीत् ॥ १ ॥ अर्थः—जेनुं मांस हुं खाउछुं, ते जीव, परभवमां मने भक्षण करशे, आ निरुक्तिथी मनुजी कहेछे के, मांसभक्षण करनारने महापाप लागे छे. जे प्राणीओ मांस खावामां लंपट छे, तेओ जे जे जलचर मत्स्यादिजीवो, स्थलचरमृगादि जीवो, अने खेचर, तेतरादि जीवोने देखतांज, तेओने मारीने खावानी तेओनी मति थाय छे. साक्षात् डाकणनी जेवी खावानी वृत्ति थाय छे. मांस खानारा उत्तम पदार्थोनो परिहार करी नीच पदार्थोने ग्रहण करवामां उद्यत थायछे. साक्षात् कागडानी जेम अमृत छोडी विष्टामां चांच देछे; तेनुंज नाम निर्विवेकता छे. ॥ श्लोक ॥ ये भक्षयन्ति पिशितं, दिव्यभोज्येषु सत्स्वपि॥ सुधारसं परित्यज्य, भुंजते ते हलाहलं ॥ १ ॥ अर्थः—सर्व धातुओने पुष्टि आपनार, तथा इंद्रिओने आल्हादकारक, दिव्य भोजन समान, दुध, खीर, दही प्रमुख, तथा मोदक, सुतरफेणी, घारी, खाजां, मोहनथाल, मेसुब, सक्करपारा, घेवर प्रमुख मिष्टान्न, तथा इक्षुरस, द्राक्ष, नारंगी, सफरजन, संतरा प्रमुख उत्तमफल तथा बदाम, पस्ता, एलची, जायफल, जावंत्री प्रमुख मुखवासी उत्तम वस्तु तजीने मूढमति, विस्रगंधि, सूगवाला, तथा वमन थाय तेवा बीभत्स मांसनुं भक्षण करे छे. तेओ जीवितव्यनी वृद्धिवास्ते अमृतरसने तजीने जीवितव्यनो नाश करनार हलाहल, विषनुं भक्षण करे छे. बालक पण पथ्थरने छोडी, सुवर्णने ग्रहण करे छे, परंतु मांसाहारी पुरुष तो मांसथी अधिक पुष्टि आपनार दिव्य भोजननो त्याग करी मांसने ग्रहण करे छे, तेथी तेओ बालक करतां पण अज्ञानीछे.

मांस खावाथी मनुष्यनी निर्दयी प्रकृति थइ जाय छे तेथी तेओ धर्मने योग्य रही शकता नथी. धर्मनुं मूल दया छे, आ सिद्धांत सर्व उत्तम पुरुषो तथा संतजनो अंगीकार करे छे, तेथी मांसाहारी, मांस खावाथी दयायुक्त रहीशकताज नथी, अने तेज कारणथी तेओने कसाइ समान कह्या छे, तेथी मांसाहारीने धर्म नथी.

प्रश्नः–मांसाहारी पोते पोताने अधर्मी केम बनावे छे ?

उत्तरः–मांसना स्वादमां लुब्ध थवाथी, तेओ दया के धर्म कांइ पण जाणता नथी. कदाचित् जाणवामां आवे तो पण मांसलुब्ध थइ जवाथी मांसने तजवाने समर्थ रहेता नथी. ते कारणथी मनमां विचारे छे के आपणी समान बीजाओ थइ जाय तो कोइ निंदा करे नहि, तेथी पोते बीजाने मांसभक्षण नहि करवानो उपदेश करी शकता नथी.

केटलाएक मूढमति पोते तो मांस खाता नथी, परंतु देवता, अतिथि अने पितरोने माटे मांसनो उपयोग करे छे. तेओना शास्त्रकार कहेछे के ॥ यथा ॥ क्रीत्वा स्वयं वा उत्पाद्य, परोपहृतमेव वा ॥ देवान् पितॄन् समभ्यर्च्य, खादन् मांसं न दूष्यति ॥ १ ॥ अर्थः–आ श्लोक मृगपक्षिओना विषयमां छे. कसाइनी दुकान विना, पारधी तेमज शिकारी, अने जानवरोने मारनाराओ पासेथी मूल आपीने मांस लेवुं अने ते देवता, अतिथि तेमज पितरोने आपवुं जोइए; कारण के कसाइनी दुकानना मांसथी देवता, पितरोनी पूजा थइ शकती नथी, तेथी पोते मांस उत्पन्न करीने पितृआदिने आपे तो तेओ प्रसन्न थायछे. पोते मांस आ प्रमाणे उत्पन्न करे. ब्राह्मण, मागीने मांस लावे, क्षत्रिय शिकार करीने मांस लावे अथवा कोइए मांसनी भेट करी होय, तो ते मांसथी देवता पितरोनी पूजा करीने, पछी पोते मांस खाय तो दोष नथी. आ कथन, महामूढ तथा मिथ्यादृष्टिओनुंज छे; कारण के दयाधर्मी, आस्तिकमतवालाओने तो मांस दृष्टिथीपण जोवुं योग्य नथी, तो पछी देवता, अतिथिनुं पूजन मांसथी करवुं, आ विचार स्वप्नमांपण तेओने केम आवे ? वली देवताओने मांस चढाववुं, ते बुद्धिमाननुं काम नथी, कारण के देवताओ तो महापुण्यवान् छे, केवल आहार करता नथी, तो आवो दुगंछा उत्पन्न करे तेवो आहार देवता केम ग्रहण करे ? तेथी जेओ देवताओने मांसाहारी कहे छे, तेओ महाअज्ञानी छे. वली पितरो, पोतपोताना पुण्य पापने अनुसारें, सारी अथवा माठी गतिने प्राप्त थयेला छे, तेओ ते गतिमां पोताना कर्मनां फल भोगवे छे, अने पुत्रना करेला कर्मनां फल तेओने कांइपण लागतां नथी, तो हवे मांस आपवाना पापनुं तो शुंज कहेवुं ? पुत्रादिना सुकृतनां फलपण तेओने पहोंचतां नथी; कारण के आंबाने सेचन करवा-

थी केल फलीभूत थती नथी. तथा अतिथिनी भक्ति वास्ते मांसनुं अर्पण नरकपातनो हेतु होवाथी, महा अधर्मनुं कारण छे. आ बाबतमां कोइ एवो सवाल करे के, जे वात श्रुति, स्मृतिमां छे, ते मानवी जोइए.

उत्तरः– आ कथन वास्तविक नथी. जे वात श्रुति, स्मृतिमां अप्रामाणिक होय, ते बुद्धिमान् कदापि मानेज नहि, कारण के श्रुतिमां अमे एम सांभलीए छीए के "वचांसि भूयांसि यथा पापघ्नोगोस्पर्शः द्रुमाणां च पूजागादीनां च पूजागादीनां च वधः स्वर्ग्यः ब्राह्मण भोजनं पितृप्रीणनं मायावीन्यधिदैवतानि वह्नौ हुतं देवप्रीतिप्रदं" आवुं कथन जे श्रुतियोमां छे, तेने युक्तिकुशल पुरुष कदापि मानशे नहि; तेथी मांसथी देवतानी पूजा करवी ते महा अज्ञानता छे. वली केटलाएक कहे छे के, जेम मंत्रथी संस्कृत, अग्नि दाह करतो नथी, तेमज मंत्रथी संस्कार पामेलुं मांस दोषकारक रहेतुं नथी. आ कथन मनुजीनुं छे ॥ यथा ॥ असंस्कृतान् पशून् मंत्रै, र्नाद्याद्विप्रः कथंचन ॥ मंत्रैश्च संस्कृतानद्या, च्छाश्वतं विधिमास्थितः ॥ १ ॥ अर्थः– मंत्रथी असंस्कृत पशुउंनुं मांस ब्राह्मण न खाय, अने मंत्रथी संस्कृत पशुनुं मांस खाय तो, शाश्वता नित्य वैदिक विधिमां रहेलोछे एम जाणवो.

आ बाबतमां समाधान ए छे के, मंत्रथी जे मांस पवित्र करवामां आव्युं होय, ते पण धर्मी पुरुष कदापि भक्षण न करे. कारण के मंत्र जेम अग्निनी दाहकशक्तिने रोके, तेम नरकादिप्रापण शक्ति जे मांसनी छे, तेने दूर करवाने मंत्रमां शक्ति नथी. जो तेवी शक्ति मंत्रमां होय तो, दरेक पाप करीने, पछी ते पापना नाशकरनार मंत्रनुं स्मरण करवा मात्रथीज ते पाप नाश थई जाय, जो ए प्रमाणे होय तो वेदोमां पापनो निषेध करेलो छे, ते कथन सर्व निरर्थक समजवुं; कारण के सर्वपाप मंत्रस्मरणथीज नाश थाय छे, पछी निषेध करवानी शी जरुर हती ? ते कारणथी आ पण अज्ञानीउंनुंज कथन छे.

वली केटलाएक कहे छे के जेम अल्प मद्यपानथी निस्सो चडतो नथी, तेम थोडुं मांस खावाथी पाप लागतुं नथी.

उत्तरः– थोडुं पण मांस बुद्धिमान् खाय नहि. जेम थोडुं पण विष दुःखदायक थाय छे, तेम थोडुं पण मांस दोषरूप थाय छे.

हवे मांस खावामां जे अनुत्तर दूषण छे ते कहीए छीए. तत्काल मांसमां समूर्छिम जीव उत्पन्न थाय छे, तेमज अनंत निगोदरूप जीव, तेनुं संतान वारंवार उत्पन्न थया करे छे, ते कारणथी महादूषण छे. ॥ यदाहुः ॥ आमासु अपक्वासु, अविपच्चमाणासु मंसपेसीसु ॥ सयय चि य उववाऊ, ज्रणिउं निगोय जीवाणं ॥ १ ॥ अर्थः— काची, तेमज अपक्व जे मांसनी पेशी रांधवामां आवे छे, ते रंधाया छतां पण तेमां निरंतर निगोदना जीव उत्पन्न थाय छे. ते कारणथी मांसज्रक्षण, नरक गमन करनार जीवोने पुरी खरची छे, तेथी उत्तम जीवे कदापि मांस ज्रक्षण करवुं नहि.

हवे मांसज्रक्षण करवानो उपदेश जेउए करेलो छे, तेउनां नाम लखीए छीए. १ मांस खावाना लालचुउं. २ मर्यादारहितो, ३ नास्तिको, ४ अल्पबुद्धिमानो, ५ असत्य शास्त्र बनावनाराउं, ६ पशुना वैरीउं. मांसाहारी समान कोइपण निर्दय नथी. मांस आहारथी अधिक, नरक अग्निमाटे इंधन नथी. गंदकी खाइने सूअरो जे पोतानां शरीर पुष्ट करे- छे ते सारां छे, परंतु जीवने मारीने मांस खानारा सारा नथी.

प्रश्नः— सर्वजीवोनुं मांस खावुं, एम सर्व कुशास्त्रोमां लखेलुं छे, परंतु मनुष्यनुं मांस खावुं, एम कोइपण शास्त्रमां लख्युं नथी, तेनुं शुं कारणछे ?

उत्तरः—पोताना शरीरना मांसनी रक्षावास्ते कोइपण कुशास्त्रिए मनुष्यनुं मांस खावुं लख्युं नथी; कारण के तेउ जाणता हता के, मनुष्यनुं मांस खावुं, एम शास्त्रमां लखशुं तो, मनुष्य कदी अमने पण मारीने खाइ जशे. तेथी लखेलुं नथी.

जेउ पुरुषना मांसमां तेमज पशुना मांसमां तफावत मानता नथी, तेउ समान कोइ धर्मी नथी; अने ते बाबतमां जेउ तफावत माने छे, अने मांस खाय छे, तेउ समान कोइ पापी नथी. वली मांसनी उत्पत्ति रुधिरथी थाय छे, तथा विष्टाना रसथी तेनी वृद्धि थाय छे, वली लोही जेमां ज्ररेलुं रहे छे, अने कृमि जेमां उत्पन्न थाय छे, एवा मांसने बुद्धिमान् केम खाइ शके? आश्चर्य तो एज छे के ब्राह्मण लोको धर्म तो शुचिमूल कहे छे. अने सात धातुथी जे मांस हाड बने छे, ते मांस हाडने मुखमां दांतथी चावे छे. हवे तेवाउने कुतरा समान गणवा के शु-

चिधर्मवाला गणवा ? तेथी जे दुष्टोनी एवी समज छे के, अन्न तथा मांस, आ बंने एक सरखां छे, तेउनी बुद्धिमां, जीवित तथा मृत्यु आपनारां अमृत तेमज विष सरखांज छे.

वली जे जडबुद्धिमानोनुं एवुं मानवुं छे के, उदननी जेम, मांस प्राणीनुं अंग होवाथी खावा योग्य छे. आ तेउनी मान्यता वास्तविक नथी, कारण के जो तेम होय तो गायनुं मूत्र, तथा माता, पिता, स्त्री, पुत्री, ए सर्वेनुं मूत्र तेमज विष्टा, केम खाता पीता नथी, कारण के ते पण प्राणीना अंगथी उत्पन्न थयेल छे. वली पोतानी स्त्रीनी जेम, पोतानी माता, बेहेन दीकरीनी साथे केम गमन करता नथी ? स्त्रीत्व तेमज प्राणी अंगत्व सर्व स्थलें बराबर छे. वली जेम गायनुं दुध पीउ छो, अने मातानुं पय पान करो छो, तेम गायनुं रुधिर तेमज मातानुं रुधिर केम पिता नथी ? कारण के प्राणी अंग हेतु सर्वस्थलें तुल्य छे. ते हेतुथी जेउ अन्न तथा मांसने एक सरखां माने छे, तेउ महापापीउना सरदारछे.

वली शंखने पवित्र माने छे, परंतु पशुना हाडने कोइ पवित्र मानता नथी, ते कारणथी अन्न तेमज मांस, प्राणी अंग छे, तो पण अन्न जक्ष्य छे, अने मांस अजक्ष्य छे. एक पंचेंद्रिय जीवनो वध करीने मांस खावाथी जेम खानारने नरकगति प्राप्त थाय छे, तेम तेवी माठी गति अन्नखानारनी थती नथी; कारण के अन्न, मांस थई शकतुं नथी. मांसनी तसीरोथी अन्ननी तसीरो ओर तरेहनी छे. मांस महाविकार करे छे, अन्न तेम करतुं नथी. इत्यादि विलक्षण स्वजाव छे, तेथी मांस खानारनी नरकगति जाणीने संत पुरुषो अन्नना जोजनथी तृप्ति माने छे, अने उत्तम पद प्राप्त करे छे. आ सर्व मांसनां दूषणो श्रीमद् हेमचंद्रसूरिकृत योगशास्त्रने अनुसारें लखेलां छे. वली वर्त्तमानमां बुद्धिमान् पाश्चिमात्य लोकोए मांस खावाथी चोवीश दुर्गुण प्रगट थाय छे, एम बतावेलुं छे, अने मदिराथी तो एटली खराबी थाय छे के जेनी गणत्री पण थई शकती नथी. ते कारणथी मदिरा तेमज मांस आ बंने अजक्ष्यनो श्रावक त्याग करे. आ सातमुं अजक्ष्य कह्युं.

८ आठमुं अजक्ष्य माखण छे. जैनमतना शास्त्रानुसार छाशथी बहार काढेला माखणने ज्यारे अंतर्मुहूर्त्त अर्थात् बे घडी काल व्यतीत

थाय छे, त्यारे ते माखणमां सूक्ष्म जीवो तेज वर्णना उत्पन्न थइ जाय छे, ते कारणथी माखण त्यागवा योग्य छे. जैनलोकोए छाशथी माखण बहार काढीने, तत्काल अग्निसंयोगथी, बनावीने, गलीने, पछी खावुं जोइए; कारण के ए रीतिथी शास्त्रोक्त जीव तेमां उत्पन्न थता नथी तेनी हिंसा थती नथी, वली माखी, कंसारी, मछरादि जीवोना अवयव प्रमुख पण, घी गलवाथी निकली जाय छे; वली माखण कामनी पण वृद्धि करे छे, तेथी मनमां खोटा विकल्प उत्पन्न थाय छे; तेथी श्रावकें माखण न खावुं जोईए. वली एक जीवनो नाश करवाथी ज्यारे पाप थाय छे, त्यारे पूर्वोक्त रीतिथी माखण तो जीवोनुंज पिंड थई जाय छे. तेथी माखण खावाथी पापनी गणतरी केम थइ शके ?

प्रश्नः– माखणमां बे घडी पछी कोईपण जीव उत्पन्न थयेल अमे देखता नथी, तो केवीरीतें तमारुं कहेवुं सत्य मानी शकीए ?

उत्तरः– जेउं जैनमतना शास्त्रोने सत्य मानशे, तेउं तो शास्त्रकारना कथनने सत्यज मानशे, अने जेउं जैनना शास्त्रोने सत्य मानता नथी तेउं कदापि आ कथन सत्यमानो अथवा न मानो, परंतु अमे तो आ वातमां आगम प्रमाण विना बीजुं प्रमाण दई शकता नथी. तात्पर्य ए छे के वस्तु बे प्रकारें सिद्ध थाय छे; एक हेतुगम्य, बीजी आगमगम्य माखणद्विदलादिमां जे जीव उत्पन्न थाय छे, ते हेतुगम्य नथी, परंतु आगमगम्य छे. ते कारणथी जे आगम सर्वज्ञ जिन अर्हंत वीतरागें कथन करेल छे, ते सत्य होवाथी मानवुं जोईए. जो कोइ पुरुष, कोइपण शास्त्रने सत्य नहि मानतां, आंखथी देखेली वस्तुनेज मानशे, तो तेनाथी स्वर्ग नरकादि, जे अदृष्ट छे, ते पण मानी शकाशे नहि. वली परमेश्वर सातमा अथवा चौदमा असमान उपर छे, तथा जीव, पुण्य, पाप करवाथी स्वर्ग, नरकमां जाय छे, आ पण नहिज मानी शकाशे. इत्यादि अनेक बाबतो तेनाथी मानी शकाशे नहि. जो बीजी बाबतो, इंद्रियोने अगम्य, मानशे तो, आगम प्रमाण पण मानवुं पडशे, कारण के सर्व वस्तु अमारी दृष्टिमां आवि शकती नथी.

ए नवमुं अत्नदय मधु अर्थात् मध अनेक जीवोनो घात थवाथी उत्पन्न थाय छे. आ परलोकविरुद्ध दोष छे; अने मुखनी लालना जे-

वुं दुगंछा उत्पादक छे, आ इहलोकविरुद्ध दोष छे. ते कारणथी धर्मी श्रावकें मध न खावुं जोइए.

हवे मधखानारनुं पापीपणुं बतावीए छीए. ॥ श्लोक ॥ भक्षयन् माक्षिकं क्षुद्रं, जंतुलक्षक्षयोद्भवं ॥ स्तोकजंतुनिहंतृभ्यः, सौनिकेभ्योऽतिरिच्यते ॥ १ ॥ अर्थः—अर्थात् नाना, हाडरहित लाखो जीवोनो ज्यारे नाश थायछे, त्यारे मध उत्पन्न थाय छे, ज्यारे मध भक्षण करवामां आवे छे, त्यारे थोडा पशु मारनारा कसाइथी पण अधिक पाप खानारने लागेछे, कारण के भक्षण करनारा पण घातक छे, आ वात उपर सारी रीतें बतावेली छे. वली लोक व्यवहारमां पण एवुं भोजन निंदनीय छे, अने मध तो महा जूठ एठुं छे. कारण के एकेक फुलनो मकरंद ( रस ) पीइने मांखीओ ते रसने वमन करे छे. तेज मध छे. ते कारणथी धर्मीपुरुषें जूठ न खावुं जोइए. आ वात लोकव्यवहारमां प्रसिद्ध छे.

वली कोइ कहे के मध तो त्रिदोषने दूर करनार छे, ते कारणथी औषधमां भक्षण करवाथी शुं दोष छे ?

उत्तरः—अप्यौषधकृते जग्धं, मधु श्वभ्रनिबंधनं ॥ भक्षितः प्राणनाशाय कालकूटकणोपिहि ॥१॥ अर्थः—रसनी लंपटताथी मध खाय तेनी वात तो दूर रही, परंतु औषधवास्ते पण जे मध खाय, अने तेथी कदापि रोगनो नाशपण थाय तोपण,तेथी नरकगतिनुं कारण प्रगट थाय छे, कारण के प्रमादना उदयथी, जीववानो अर्था छतां पण जे कोइ कालकूट विषनो एक कण पण खाशे तो, अवश्य तेना प्राण नाश पामशे.

प्रश्नः—मध तो खजूर, द्राक्षादि रसनी जेम मीठुं छे, सर्व इंद्रियोने सुखकारि छे, तो तेने त्यागवाने शा वास्ते उपदेश करोछो ?

उत्तरः—मधमां मीठाश छे, ए वात सत्य छे, पण ते व्यवहारथी छे. परमार्थथी तो नरकनी वेदनानो हेतु होवाथी मध अत्यंत कडवुं छे.

हवे मधने पवित्र मानी जे मंदबुद्धिमानो देवस्नानमां उपयोगी माने छे, तेओनुं उपहास्य शास्त्रकार करे छे ॥ श्लोक ॥ मक्षिकामुखनिष्ठ्यूतं, जंतुघातोद्भवं मधु ॥ अहो पवित्रं मन्वाना, देवस्नाने प्रयुंजते ॥ १ ॥ अर्थः—मांखीओना मुखनी जूठ तथा जीव घातमां हजारो बच्चां तेमज इंडां मारवाथी जे उत्पन्न थायछे, ते बच्चां तेमज इंडां भ्याय छे, त्यारे तेना

शरीरनुं पाणी ( लोही ) पण मधमां मली जाय छे, हवे जुउ के मध केवुं अपवित्र छे? अहो शब्द श्लोकमां उपहास्य माटे छे. कारण के जेवा ते देवता छे, तेवी पवित्र वस्तु पण तेमने चडाववामां आवे छे. आ उपहास्य छे. ॥ यथा ॥ करजाणां विवाहे तु, रासजास्तत्रगायकाः ॥ परस्परं प्रशंसन्ति, अहोरूपमहोध्वनिः ॥ आश्लोकमां अहो शब्द उपहास्य माटे छे. इति नवमुं अजक्ष्य.

१० पाणीनो बनावेलो बरफ अजक्ष्य छे. बरफ असंख्य अप्काय जीवोनुं पिंड छे. ते खावाथी चेतना मंद थायछे, तत्काल शरदी थायछे. कांइपण बलवृद्धि थती नथी. वीतराग अर्हंतजगवन्तें निषेध करेल छे, ते कारणथी अजक्ष्य छे.

११ अफीणप्रमुख विषवस्तुउं अजक्ष्य छे. कारण के ऊेरी वस्तुउं खावाथी उदरमां कृमि, गंडोलादि जे जीव होय छे, ते मरीजायछे. विष खावाथी चेतना मुंऊाय छे. वली जो खावानी टेव पडी जायछे तो, पछी छोडवुं मुश्केल थायछे. वखतसर न मले तो क्रोध उत्पन्न थाय छे. शरीर शिथिल थइ जायछे. वली जे व्यसनी थायछे, तेनाथी व्रत, नियम प्रायः अंगीकार थइ शकतां नथी. व्यसनिनो स्वजाव वारंवार अदलबदल थायछे. ज्यारे अमल खायछे, त्यारे एकरंग थायछे; ज्यारे अमल उतरी जायछे, त्यारे बीजो रंग थायछे. वली स्वतंत्रता तजी, पराधीन पणु अंगीकार करवुं पडेछे. अमलनो स्वाद पण बुरो छे. वली विषखानारा ज्यां लघुनीत, वडीनीत करेछे, त्यां त्रस, स्थावर जीवोनी हिंसा थायछे. सोमल, वछनाग, हरताल प्रमुख सर्वे विषमां दाखल थायछे. तेउनो त्याग करवो श्रावकने उचित छे.

१२ करा, जे आकाशमांथी वरसादमां पडेछे. आ पण अजक्ष्य छे.

१३ सर्वजातनी काची माटी अजक्ष्य छे. काची, सचित्त माटी, नाना प्रकारनी असंख्य जीवात्मक छे. माटी खावाथी पेटमां बहु जीव उत्पन्न थायछे. पांडु रोग, आमरोग, वात, पित्त, पथरीप्रमुखरोग उत्पन्न थाय छे. माटी बहु खावाथी शरीरनो पीलो रंग थायछे. वली केटलीएक जातनी माटीमां देडकाप्रमुखजीवोनी योनि छे. ते कारणोथी अजक्ष्य छे.

१४ रात्रिजोजन अजक्ष्य छे. रात्रिजोजनमां प्रत्यक्षथी आलोकमां दूषणो छे, अने परलोकमां ते दुःखनुं हेतु छे; रात्रिए चारे आहार अज-

क्य छे. रात्रिमां जे जे रंगना पदार्थोंनो आहार करवामां आवे छे, ते ते रंगना जीवो, जेनुं नाम तमस्काय छे, ते ते पदार्थोंमां उत्पन्न थायछे. वली आश्रितजीवपण बहुज होयछे. तथा रात्रिमां उचित अनुचित वस्तुउनो भेल, संभेल थइ जायछे. वली रात्रिभोजनमां प्रसंग दोष बहुज लागेछे. जेम के, ज्यारे रात्रिए खावानुं बनशे, त्यारे रात्रिभोजन वास्ते, निरंतर रसोइपण करवी पडशे; रसोइ करतां, त्रस, स्थावर जीवोनो संहार थइ जशे; तेथी श्रावकना कुलाचारनो नाश थशे. वली सूक्ष्मत्रस जीव नजरमां पण आवता नथी, कदापि देखाय तो निध्वंस परिणाम थवाथी यत्ना पण रही शकती नथी. ज्यारे अग्नि बलेछे, त्यारे पासेनी भीतपर जे आश्रित जीवो रहेला होय, ते तापथी आकुल व्याकुल थइने, अग्निमां पडे छे. वली सर्पादि झेरी जानवर कदापि होय, तो तेना मुखथी जो भोजनमां लाल पडेतो, पोतानो तेमज खानारा सर्वेनो विनाश थायछे. वली पतंगिआ, गरोली, छपकली, मकडी, मछर, करोलीआ प्रमुख जीवो जे रात्रिए आसपास होयछे, ते अग्निना प्रकाशथी भोजनमां आवी पडे तो, भारे रोगोत्पत्ति थायछे. यदुक्तं योगशास्त्रे ॥ मेधां पिपीलिका हंति, यूका कुर्याज्जलोदरं ॥ कुरुते मक्षिका वान्तिं, कुष्टरोगं च कोलिका ॥ १ ॥ कंटकोदारुखंडं च, वितनोति गलव्यथां ॥ व्यंजनांतर्निपतित, स्तालु विध्यति वृश्चिकः ॥ विलग्नश्च गले वालः, स्वरभंगाय जायते ॥ इत्यादयोदृष्टदोषाः, सर्वेषां निशि भोजने ॥२॥ अर्थः—अन्नादिमांकीडी खावामां आवे तो बुद्धिनाश या मंद थायछे, जु खावामां आवी जाय तो जलोदर थायछे, माखी वमन करावे छे, अने मकडी कुष्टरोग उत्पन्न करेछे. कांटा अथवा लाकडानाकटका खावामां आवी जाय तो, गलामां व्याधि उत्पन्न करेछे, अने रांधवानुं भाजन उघाडतां जो विंछी पडी जायतो तालवुं विंधी नाखेछे, इत्यादि दृष्टदोष रात्रिभोजन करवामां सर्वे लोकोने देखवामां आवेछे. वली जेम रसोइ करतां षट्काय जीवोनी हिंसा रात्रिए करवी पडेछे, तेवीज रीतें रांधेलां भाजनो धोवाथी जलगत जीवोनो पण विनाश थायछे. वली जल पडवाथी भूमिपर कुंथु, कीडी प्रमुखनो पण नाश थायछे. ते कारणथी जीवरक्षाने इछनार प्राणी रात्रिभोजन करे नहि.

प्रश्नः—ज्यां अन्नपण रांधवुं न पडे, तेमज भाजन पण धोवां न पडे एवा

बनावी राखेला लाडवा प्रमुख तथा तैयार खजुर, द्राक्षादि जे भक्ष्य छे. ते खावामां शुं दोषछे ?

उत्तरः—यथा ॥ नाप्रेक्ष्य सूक्ष्मजंतूनि, निश्यद्यात् प्राशुकान्यपि ॥ अप्युक्तं केवलज्ञानै, निंदितं यन्निशाशनं ॥ १ ॥ अर्थः—मोदक तथा फलादि अगर जो प्राशुक अर्थात् अचेतन पण छे, तो पण रात्रिए न खावा जोइए, कारण के कुंथवादि सूक्ष्मजंतुओ रात्रिए नजरे पडता नथी; वळी केवलज्ञानी, जेने निरंतर सर्वकांइ देखाय छे, तेओ पण रात्रिए भोजन करता नथी. सूक्ष्मजंतुओनी रक्षा वास्ते, तेमज अशुद्ध व्यवहार दूर करवावास्ते, केवलज्ञानी रात्रिए आहार करता नथी. अगर जो दीवा प्रमुखना प्रकाशथी कीडीप्रमुख दृष्टिए पडेछे, तो पण मूलगुणनी विराधना टालवा वास्ते रात्रि भोजन अनाचरणीय छे.

हवे लौकिक मतवादीओनी सम्मतिपूर्वक रात्रिभोजननो निषेध करीए छीए. यथा ॥ धर्मविन्नैव भुंजीत, कदाचन दिनात्यये ॥ बाह्या अपि निशाभोज्यं, यदभोज्यं प्रचक्षते ॥ १ ॥ श्रुतधर्मनो ज्ञाता कदापि रात्रिभोजन करे नहि, कारण के जिनशासनथी बहारना मतवालाओ पण रात्रिभोजनने अभक्ष्य कहेछे. तेओना शास्त्रोमां कहेलुं छे के ॥ यथा ॥ त्रयीतेजोमयोभानु, रिति वेदविदोविदुः ॥ तत्करैः पूतमखिलं, शुभं कर्म समाचरेत् ॥ १ ॥ अर्थः—ऋग्, यजुः, साम लक्षण त्रणे वेद, तेओनुं जे तेज ते सूर्य छे. "आदित्यः त्रयीतनुः" एवुं सूर्यनुं नाम छे. ए प्रमाणे वेदोने जाणनारा जाणे छे; ते सूर्यना विद्यमान अर्थात् किरणोथी पवित्र थतां सर्व शुभकामो अंगीकार करे; ज्यारे सूर्य न होय त्यारे शुभ कर्मो करे नहि. ते शुभकर्मोनां नाम तेओए आ प्रमाणे लखेलां छे. ॥ यथा ॥ नैवाहुतिर्न च स्नानं, न श्राद्धं देवतार्चनं ॥ दानं वा विहितं रात्रौ, भोजनं च विशेषतः ॥२॥ अर्थः—आहुति अर्थात् अग्निमां घीप्रक्षेप करवुं; स्नान अर्थात् शरीरना अंगोने धोवां, श्राद्ध पितृकर्म, देवपूजा, दानदेवुं, अने भोजन तो विशेषें करी नज करवुं; आटला कामो रात्रिए नज करवां.

वळी परमतमां बीजा बे श्लोक छे ॥ यथा ॥ देवैस्तु भुक्तं पूर्वाह्णे, मध्याह्ने ऋषिभिस्तथा ॥ अपराह्णे तु पितृभिः, सायाह्ने दैत्यदानवैः ॥ १ ॥ संध्यायां यक्षरक्षोभिः, सदा भुक्तं कुलोद्वह ॥ सर्ववेलां व्यतिक्रम्य,

खी छे; परंतु एटलो अपवाद के, देवपूजा, देवदर्शनादि प्रसंगें, तेमज धर्म करणी करतां हस्तमां धूपादि लेवां पडे, तथा मस्तके तिलक करवुं पडे, तथा भगवानने अर्चन करवा वखते चंदनादि विलेपन करवुं पडे, तेनुं श्रावकने नियम नथी.

११ अगीआरमुं ब्रह्मचर्यनियम. दिवसे तेमज रात्रिए आटली वखत स्वस्त्री साथे मैथुनसेवन करुं ते उपरांत मैथुनसेवननो त्याग छे. वली हास्य, विनोद, आलिंगन, चुंबनादि करवाना भांगा राखे.

१२ बारमुं दिशिनुं नियम. अमुक दिशिमां आज मारे अमुक कोस उपरांत जवुं नहि; तेमां आदेश, उपदेश, माणस मोकलवुं तथा पत्र व्यवहार, विगेरे सर्वेनो समावेश थाय छे; जेवी रीतें पाली शके तेवुं नियम करे.

१३ तेरमुं स्नाननियम. आजे तेलादिमर्दनपूर्वक अथवा मर्दन विना आटली वखत स्नान करुं, तेनुं प्रमाण करे, तेमां देवपूजा वास्ते नियमथी अधिक स्नान करवुं पडे तो, व्रतभंग नहि.

१४ चौदमुं भात पाणीनुं नियम. चार आहारमांथी स्वादिमनुं नियम तो श्रावकें तंबोल नियममां करी लीधुं छे, तेथी बाकीना त्रण आहारनुं नियम करवानुं छे; तेमां प्रथम अशन, ते रोटली, भात, कचोरी, शीरा प्रमुखना वजननुं परिमाण करे, ते उपरांत त्यागे. पोताना घरमां बहु परिवार होय, तेउने वास्ते अशनादि कराववां पडे तेनी जयणा राखे. वली बीजाने घेर न्याति आदि जमतां होय तेवे प्रसंगे जमवा जवुं पडे, त्यां अधिक रसोइ बनावेली होय, तेनुं दूषण नियमधारीने नथी; कारण के नियमधारियें तो पोताना भोजनार्थे वापरवानुं परिमाण करेलुं छे, परंतु ज्ञाति वास्ते मर्यादा करेली नथी. नियममां अशनना तोलनुं परिमाण करे बीजुं पाणी पीवाना तोलनुं परिमाण करे. त्रीजुं स्वादिम, ते मिष्टान्न पदार्थ खावाना तोलनुं परिमाण करे. आ चौद नियम छे. अधिक भाववाला श्रावक सचित्तादि परिमाणमां द्रव्यनुं परिमाण जुदा जुदा नामथी राखे, तो बहुज निर्जरा थाय. इति चौदनियमस्वरूप.

हवे पंदर कर्मादाननुं स्वरूप लखीए छीये. नीचेना पंदर व्यापार श्रावकें वर्जवा; कारण के ते करवामां बहुज पापछे, कदापि पोतानी आजीविका न चालती होय तो करवाना व्यापारनुं परिमाणकरें. ते पंदर कर्मादानना नाम.

१ प्रथम इंगालकर्म. कोयला बनाववा, इंट बनाववी, जठीमां अनेक प्रकारनां ठाम बनाववां, ते सर्वे वेचवां; लुहारनां काम, सोनारनांकाम, बंगडीकारनां काम, कलालनां काम, जठीआरानां काम, हलवाइनांकाम, धातुगालक प्रमुख जे जे कामो अग्निथी थाय, तेसर्व इंगाल कर्म छे; आ कामोमां पाप बहुज लागे छे, अने लाज बहु मलतो नथी; तेथी श्रावक आवां काम करे नहि.

२ बीजुं वनकर्म. छेद्यां, अणछेद्यां वन वेचवां, वाडी, बगीचानां फूल, फल, कंदमूल, घास, काष्ठ, वांसादि, तेमज तमाम लीली वनस्पति करवी, तथा वेचवी, आ सर्व वनकर्म छे.

३ त्रीजुं साडी कर्म. गाडी, रथ, दमणीआं, शीगराम, वहाण, आगबोट, हल, दंताल, चरखा, घाणी, चक्की,धुंसरा प्रमुख बनाववां तथा वेचवां आ सर्व शकटकर्म छे.

४ चोथुं जाडी कर्म. गाडां प्रमुख बलद उंट खच्चर गधेडा घोडा पाडा जेंस प्रमुखथी वहेवरावी, बीजानां जाडां करी,आजीविका चलाववी ते जाडी कर्म.

५ पांचमुं फोडी कर्म. आजीविकावास्ते, कुवा, वाव, तलाव प्रमुख खोदवा, खोदाववां, हल चलाववां,पत्थर फोडवा, खाण खोदाववी इत्यादि स्फोटिक कर्म छे. आ पांचे कर्ममां बहुज जीवोनी हिंसा थायछे, तेथी पांचे कुकर्म कहेवाय छे. हवे पांच कुवाणिज्यनुं स्वरूप लखीये छीये.

१ प्रथम दंतकुवाणिज्य. हाथीना दांत, घुवडना नख, जीज, कलेजां, पक्षीउनां रोम, गायनां चमर, हरणनां सींग, गेंडांना सींग, रेशमना कृमि इत्यादि जे त्रस जीवोनां अंगोपांग वेचवां, ते सर्व दंतकुवाणिज्य छे. ज्यारे ते वस्तुउ लेवा वास्ते आगरमां जवुं पडे, त्यारे जिल्लादि लोक तत्काल हाथी गेंडा प्रमुख जीवोनी हिंसामां प्रवृत्त थाय छे. महाअनर्थरूप पापनां काम आचरे छे. त्यां जवाथी आपणा परिणाम पण मलिन थइ जायछे. कदाचित् तीव्रलोजग्रस्त थवाथी, जिल्लादि व्याधोने कहेवुं पडे के, अमारे मोटा जारे दांत प्रमुख जोइये छीये, त्यारे ते लोको तत्काल हाथी प्रमुखने मारी आपणने जोइती वस्तु लावी आपशे. तेथी श्रावकने वस्तुनी जरुर होय तेवे प्रसंगे आगरमां नहि जतां, ते बाबतना व्यापारी पा-

सेथी ते वस्तु ले. एक चमर लेवा जतां एक गाय मरे. ते कारणथी विचारीने व्यापार करे.

२ बीजुं लाख कुवाणिज्य. लाख, धावडी, गली, साजीखार, मणसील, हरताल प्रमुख सर्व लाख कुवाणिज्य छे. लाख, त्रस जीवोना समूहथीज बने छे, पछी ज्यारे रंग काढे छे, अने तेने अन्नथी सडावे छे, त्यारे तेमां त्रसजीवनी उत्पत्ति थाय छे. महादुर्गंधि रुधिर सरखो वर्ण देखाय छे. धावडीमां त्रसजीव उपजे छे, कुंथवा पण बहुज थायछे, मदिरानुं अंगछे. वली गली ज्यारे सडावे छे, त्यारे तेमां त्रसजीवनी उत्पत्ति थाय छे. गलीना कुंडमांपण त्रसजीव बहुज उत्पन्न थाय छे; गलीवालां वस्त्रो पहेरवामां जू लीखादि त्रसजीव उत्पन्न थाय छे. हरताल, मणसीलने पीसती वखत यत्न न रखायतो मांखी प्रमुख अनेक जीव मरी जाय छे.

३ त्रीजुं रसकुवाणिज्य. मदिरा, मांस इत्यादि वस्तुउना व्यापार महापापरूप छे. वली दुध, दहीं, घी, तेल, गोल, खांड प्रमुख जे नरम वस्तुउछे, तेउनो जे व्यापार ते रसकुवाणिज्य छे. आ व्यापारमां अनेक जीवोनो घात थाय छे.

४ चोथुं केशवाणिज्य. द्विपद जे मनुष्य दास, दासी प्रमुख, खरीद करी वेचवां, तथा चौपद ते गाय, घोडा, बलद भेंस प्रमुख खरीद करी वेचवां; तथा पक्षीउमां तित्तर, मोर, पोपट, मेंना, प्रमुख, वेचवां. आ वाणिज्यमां बहुज पाप छे.

५ पांचमुं विषवाणिज्य. सोमल, वछनाग, अफीण, मणसील, हरताल, चरस, गांजो प्रमुख; तथा शस्त्र, ते धनुष्, तलवार, कटारी, छरी, बरछी, फरसी, कुहाडी, कोदाली, बंदुक, बख्तर, ढाल, गोली, तोप प्रमुख जे संग्राममां उपयोगमां आवेछे, तथा हल, मुशल, उखल, दंताली, कवंत, दातरडी, हवाइ पटाका, शतघ्नी प्रमुख, आ सर्व हिंसानां अधिकरण छे; तेउनो जे व्यापार ते विषवाणिज्य छे. हवे पांच सामान्य कर्म बतावीये छिये.

१ प्रथम यंत्रपीलन कर्म. तल, एरंडी, इक्षु आदि पीली, पीलावी, वेचवां, आ सर्व जीवहिंसाना निमित्तरूप कर्म छे.

२ बीजुं निर्लांछन कर्म. बलद, घोडानी खांसी करवी; घोडा, बलद, उंट प्रमुखने दाग देवां; कोटवालपणुं, जेलखानाना जेलरनुं काम, मेहेसु-

ल इजारानां काम, चोरीना माल लेवानां काम, इत्यादि निर्दयपणानां सर्वकाम निर्लांछन कर्ममां समाय छे.

३ त्रीजुं दावाग्निदान कर्म. केटलाएक मिथ्यादृष्टि अज्ञानी जीव धर्म मानीने वनमां आग लगावी देछे; तेउ मनमां एम धारे छे के, नवुं घास उत्पन्न थशे, त्यारे गाय प्रमुख चरशे, जिल्लादि लोक सुखेथी रहेशे, अन्न निपजशे, इत्यादि विचार लावी वनदवनुं काम करे, परंतु आग लगाडवाथी लाखो जीवोनो नाश थइ जायछे, तेनो विचार तेउने आवे नहि. ते कारणथी आग न लगाववी जोइए.

४ चोथुं शोषणकर्म. वाव, तलाव, सरोवर, कुवा प्रमुखनुं पाणी पोताना खेतरादिमां एवी रीतें लाववुं के, तमाम पाणी बहार निकलतां लाखो जीव पाछल, जलरहित थइ तरफडी मरी जाय, आ शोषण कर्म छे. ते कारणथी सर्व पाणीशोषण न करवुं.

५ पांचमुं असतीपोषण. कर्म कुतूहलने वास्ते कुतरा, बिलाडा प्रमुख हिंसक जीवोनुं पोषण करवुं. वली दुष्ट जार्या तथा दुराचारी पुत्रादिनुं मोहथी पोषण करवुं, तेउने सारां, नरसां नहि जाणतां, मनमां आवे तेवी रीतें, तेउने राजी राखवानो यत्न करवो, तथा वेचवावास्ते दुराचारी दास, दासीनुं पोषण करवुं, इत्यादि असतीपोषणकर्म कहेवाय छे. वली माछी, कसाइ, वाघरी, चमार, प्रमुख बहु हिंसक जीवोनी साथे व्यापार करवो, तेउने द्रव्यादिनी मदद आपवी, आ पण दुष्टजीवोनुं पोषण छे. कदापि अनुकंपायुक्त बुद्धिथी श्वानादि पशुउ पोषण करवामां आवे तो ते बाबतमां निषेध नथी. वली पोताना मोहोल्लामां कदाचित् तेवा जीवोनी खबर लेवी पडे, तेमज पोताना कुटुंबीउनुं पोषण करवुं पडे तेमां पूर्वोक्त दोष नथी; कारण के ते लोकनीति, राज्यनीतिनुं फरमान छे. आ पांच सामान्य कर्म. इति पंदर कर्मादान स्वरूप.

हवे आ जोगोपजोग व्रतना पांच अतिचारनुं स्वरूप लखीए छीए.

१ प्रथम सचित्त आहार अतिचार. मूल जांगे तो श्रावक सर्व सचित्तनो त्याग करे, जो तेम न थइ शके तो, तेनुं परिमाण करे. तेमां सर्व सचित्तना त्यागी, तथा सचित्तना परिमाणवाला, जो अनाजोगादिकथी सचित्त आहार करे, जेम के जल, उष्ण करतां त्रण उकाला ( उजरा )

आवी जाय त्यारे शुद्ध प्राशुक थायछे, परंतु एक उकाला अथवा बे उकालानुं पाणी तो मिश्र उदक कहेवाय छे, ते पाणीने अचित्त जाणी पीये, तथा सचित्त वस्तुने अचित्त थवामां विलंब होय, छतांपि तेने अचित्त जाणी खाय तो प्रथम अतिचार लागे.

२ बीजुं सचित्त प्रतिबद्धाहार अतिचार. जेने सचित्त वस्तुनो नियम छे, ते तत्काल खेरनी गांठथी गुंदर उखेडीने खाय, तेमां गुंदर तो अचित्त छे, परंतु सचित्तनी साथे मलेलो हतो, तेथी दोष लागे छे. वली पाकी केरी चूसे, तथा बोर, रायणना समूहने खाय, अने मनमां एम जाणे के हुं तो अचित्त खाउछुं, सचित्त गोठली, ठलीआने फेंकी दइश, तेमां शुं दोष छे? एवा विचारथी खाय तो, बीजो अतिचार लागे.

३ त्रीजो अपक्वाहार अतिचार. चाल्या वगरनो लोट, तथा जेने अग्नि संस्कार न करवामां आव्यो होय, एवो काचो लोट फाके; कारण के श्री सिद्धांतमां कह्युं छे के, आटो दल्या पछी, चाल्या विना केटलाएक दिवस मिश्र रहेछे. श्रावण, भादरवा मासमां अणचाल्यो आटो पीस्या पछी, पांच दिवस मिश्र रहेछे, आसो, कारतक मासमां चार दिवस मिश्र रहे छे, मागशर, पोष मासमां त्रण दिवस मिश्र रहे छे, माघ, फागण मासमां पांच पहोर मिश्र रहेछे, चैत्र, वैशाख मासमां चार पहोर मिश्र रहेछे, अने जेठ असाड मासमां त्रण पहोर मिश्र रहेछे, पछी अचित्त थइ जायछे, तेथी मिश्र खायतो, त्रीजो अतिचार लागे.

४ चोथा डुपक्वाहार अतिचार, कांइक काचा तथा कांइक पाका, एवा सर्व जातिना उंला, उंबी, पोंक, जुवार, बाजरा, घउं प्रमुखना लीला पोंक बीजथी भरेला, ते अग्निसंस्कार करतां जेना केटलाएक दाणा अचित्त थाय, तथा केटलाएक दाणा सचित्त रहे, तेने अचित्त जाणी खाय तो, चोथो अतिचार लागे.

५ पांचमो तुछौषधि भक्षण अतिचार. तुछ अर्थात् असार जे खावाथी तृप्ति न थाय, परंतु खावामां पाप बहुज लागतुं होय, जेमके चणानां फूलखाय, बोरना ठलियामांथी गरभ काढी खाय, वाल, चणा, मग, चोलानी फली खाय, आ वस्तुउ खावामां प्रसंगदूषणो बहुज लागेछे, कारण

के केटलीएक वनस्पति अति कोमल अवस्थामां अनंतकायपण होयछे, ते खावाथी अनंतकायनो व्रतभंग थायछे. आ पांचमो अतिचार.

हवे आठमा अनर्थदंड विरमणव्रतनुं स्वरूप कहियें छियें. पोताना प्रयोजनवास्ते करवुं ते अर्थदंड कहेवाय छे. धन, धान्य क्षेत्रादि नवविध परिग्रहमां हानि वृद्धि थाय, त्यारे करे, कारण के धनवृद्धिने निमित्ते संसारी जीवने बहुपापनां कारणो सेववां पडेछे, तेवे प्रसंगे साचुं, जुठुं बोल्याविना रही शकातुं नथी. पापनां उपकरणां पण मेलववां पडेछे, ज्यारे कांइ मनसुबो करवो पडे, त्यारे विकल्परूप आर्त्तध्यान करवुं पडेछे, कारण के धनादि परिग्रह अजीविका अर्थे जरूरना छे, तेवास्ते धननी वृद्धि निमित्ते जे जे पाप करवामां आवेछे ते ते सर्व अर्थदंडछे. वली ज्यारे धननी हानि थायछे, त्यारे धननी हानि दूर करवा वास्ते अनेक विकल्प रूप पाप करवां पडेछे, तेपण अर्थदंडछे; कारण के धन, व्यवहार संसार सुखनुं मुख्य कारण छे, ते व्यवहार वास्ते जे जे पाप करवां पडे ते सर्व अर्थदंड छे. वली पोताना स्वजन कुटुंब परिवारादि वास्ते अवश्य जे जे पाप सेववां पडे, ते ते सर्व अर्थदंड छे; अने चोथुं, पांच प्रकारनी इंद्रियोना भोगवास्ते जे पाप करवां पडे ते पण अर्थदंड छे. पूर्वोक्त चार प्रयोजनविना जे पाप करवामां आवे ते अनर्थदंड जाणवां. तेना चार भेद छे. १ अपध्यान अनर्थदंड, २ पापोपदेश अनर्थदंड, ३ हिंसाप्रदान अनर्थदंड, ४ प्रमादाचरित अनर्थदंड. तेमां प्रथम जे अपध्यान अनर्थदंड छे, तेना वली बे भेदछे. १ आर्त्तध्यान; २ रौद्रध्यान; तेमां आर्त्तध्यानना चार भेद छे, ते पृथक् पृथक् कहियें छियें.

१ प्रथम इष्टवियोग आर्त्तध्यान. पोताने प्राप्त थयेला नवविध परिग्रहनो रखे वियोग थाय, एवुं चिंतवन निरंतर मनमां लाव्या करे, अने कदाचित् तेनो वियोग थाय तो मनमां घणोज खेद धारण करे, अने निरंतर तेने वास्ते विलोपात कर्या करे, तेमज पोताना वहालां माता, पिता, पुत्र, पुत्री, भार्या भाइ, बेहेन, मित्रादि परदेश गयां होय, अथवा तो मृत्यु पाम्यां होय ते प्रसंगे अत्यंत चिंता करे, खाय पीये नहि, वियोगना दुःखथी आत्मघात करवानो विचार करे, निरंतर क्रोधातुर रहे, इत्यादि प्रसंगे, जे चिंतवन थाय ते आर्त्तध्यान छे.

बीजुं अनिष्ट संयोगार्त्तध्यान, इंद्रियसुखने विघ्नकारक अनिष्ट शब्दादिनो संयोग रखे मने थाय एवी मनमां चिंता करे, वळी घरमां स्त्री खराब मळी होय, पुत्र कपूत थयो होय, जाइ विश्वासघाती, बे दीलवाळो होय, पिता क्रोधी होय, माता डुराचरणी होय, मित्र कृतघ्न मळ्यो होय, एवा प्रसंगोमां निरंतर तेउनो उपाय करवानी चिंता थाय. वळी स्त्री मनमां एवो विचार करे के, मारी शोक्य बहुज खराब छे, मारा पतिने रोज जुलावो खवरावे छे, रखे मने कोइ दिन पतिवियोग करावे? तेथी ते रांडनो कांइ उपाय करवो जोइए. वळी सेवक मनमां एवो विचार करे के, मारा शेठनी पासे मारो अमुक डुश्मन अवश्य चाडीखाशे, अने मारादरज्जाने नरम करी नाखशे, अथवा तो शेठने जूठुं, साचुं कही मने नोकरीथी रद बातल करावशे, तो पछी हुं शुं करीश, तेथी ते डुश्मननो कांइक उपाय करवो जोइए. तेवे प्रसंगें; तेउनां निग्रह वास्ते, यंत्र, मंत्र, कारण, वशीकरण प्रमुख करे. तेउ उपर जूठां कलंक मूके, बलिदान देवावास्ते त्रसजीवने मारे. आ सर्व पोताना शत्रुना निग्रह वास्ते करे. वळी मूठ मारी तथा वीर नाखी मारवा चाहे, परंतु मूर्ख मनमां विचारे नहि, के जो तुं दीलमां साचो छो, तो तने शुं फिकर छे? वळी ज्यां सुधी सामानुं पुण्य बलवान् छे, त्यांसुधी तुं मंत्र, यंत्रथी तेनुं कांइ पण बुरुं करवाने शक्तिमान् नथी. वळी पोताना मनमां एवो कुविकल्प करे के मारा डुश्मनना कुळमां अमुक सख्स जबरदस्त उत्पन्न थयेल छे, रखे मने भविष्यमां हेरान करे? कोइ रीतें तेनी राज्य दरबारमां आबरु जाय, अथवा दंड थाय तो ठीक छे. वळी जो तेनुं छिद्र मळी जाय तो सरकारने अरज करी तेने देश निकाल करावुं. आ प्रमाणे मूर्ख, मूढ जीव संकल्प कर्या करे छे. वळी गाममां चोरनो उपद्रव बहुज थयो छे, तेथी ते डुष्टोने पकडी सख्तशिक्षा थाय, अथवा तो फांसीए देवाय तो सारुं. वळी अमुक सख्स बहुज फाटी गयो छे, मारी उपर ईर्ष्या करे छे, तेथी ते हरामजादानो कांइक बंदोबस्त करवो जोइए; जेथी फरी ईर्ष्या निंदा न करे. आ प्रमाणे निरंतर असत्य विकल्पो करे तो अनर्थदंड लागे छे. कारण के आपणा बुरा चिंतवनथी बीजानुं कांइ बगडतुं नथी. जे कांइ सारुं नरसुं थाय छे, ते पुण्य, पापने

आधीन छे; तेम छतां मूढात्मा बिल्ली जेम फोकट मनोरथ करे छे. आ सर्व विना प्रयोजननां पाप छे, तेथी अनर्थदंड लागे छे.

३ त्रीजुं रोगनिदानार्त्तध्यान. मारा शरीरमां कोइ कोइ वखत रोग थाय छे, ते न थाय तो सारुं. एवो विचार लावी, लोकोने पुछे के अमुक रोगनो शुं उपाय हशे ? कोइ कहे के अमुक अमुक जो खावामां आवे तो रोग थतो नथी. ते सांभळी ते वस्तुओ अभक्ष्य होय तो पण खाइ जाय. वळी ज्यारे शरीरमां रोग होय, त्यारे बहुज हाय हाय करे, आरंभ करे, जोशीने पूछे के मारो आ रोग क्यारे जशे ? वैद्यने वारंवार पूछे के गमे तेवी दवानो उपयोग करो, अने मारो रोग टाळो. वळी मनमां विचारे के रखे मारा उपर कोइए जादु कर्युं होय ! छेवटे रोग दूर करवा वास्ते, कुलविरुद्ध, धर्मविरुद्ध आचरण करे. रोग दूर करवा वास्ते औषध, जडी, बूटी, मंत्र, तंत्र शीखे; मनमां विचारे के कोइ वखत काम आवशे. आ त्रीजो भेद छे.

४ चोथुं अग्रशौच आर्त्तध्यान. भविष्य काळनी चिंता करे. जेम के आवता वर्षमां मोटां लग्न करीश, दुकान मांडीश, घर बंधावीश, जे देखी बीजाओ बहुज आश्चर्य पामशे. वळी फलाणा खेतरनो, वाडी अथवा बगीचो करवो छे, जेथी बीजाओना बाग नकामा थई जशे, दुश्मनोनी छाति ते देखीने बळशे; वळी अमुक वस्तुओनो में वेपार कर्यो छे, ते वस्तुओनो भाव चडी जाय तो मने बहुज सारो लाभ मळे, इत्यादि अनेक तरेहनी भविष्य काळनी चिंता करे. आ कुविकल्पो शेखचल्ली सरखा छे. इति आर्त्तध्यान स्वरूपसंक्षेप.

हवे रौद्रध्याननुं स्वरूप कहियें छियें. प्रथम हिंसानंद रौद्रध्यान. त्रस, स्थावर जीवोनी हिंसा करीने मनमां बहुज आनंद माने. बहु पाप युक्त कामो करी घर, दुकान, बाग, वाडी प्रमुख बनावे. जे देखी लोको प्रशंसा करे त्यारे मनमां बहुज हर्ष पामे. वळी मनमां विचारे के मारा जेवो अकलबाज कोण छे ? आवी हिकमत कोण लडावि शके ? रसोइ बनाववा प्रसंगे भक्ष्याभक्ष्यनो लेश मात्र विचार नहि करतां इंद्रियोनी रसगृद्धि वास्ते, माल मसाला बहुज नाखी बहुज आनंदपूर्वक खाय; वळी जमणवार प्रसंगे तीव्र मानना उदयथी पोतानी वाहवाह कहेव-

राववा वास्ते अनेक आरंभनां काम करे जेथी असंख्य जीवोनी हिंसा थइ जाय, छतांपि मनमां आनंद माने. पोताना, सगाना, मित्रना के कुटुंबीओना डुश्मनोनुं भुंडुं करवा, तेओने नुकशान करवा मनमां संकल्प कर्या करे. वली मनमां विचार करे के अमुक रीतें डुश्मनो पायमाल थाय तेओनुं सत्यानाश जाय, तेओनां घर बार नाश पामे तो सारुं, जेथी मारा अंतःकरणमां शांति थाय. वली राजाओनी लडाइनी वातो सांभली तथा डुश्मन राजाओना योद्धाओ नाश पामता जाणी मनमां बहुज प्रमोद माने. वली कोइ शिकारीए व्याघ्रादि पशुओनो शिकार कर्यो होय ते सांभली मनमां खुशी थाय. वली एवा शिकारी तथा योद्धाओनी बहुज प्रशंसा करे, जेथी तेओ विशेष हिंसानां काम करवा सारु उश्केराय. पोते डुश्मनने मारी अत्यंत राजी थाय, मूछ मरडे, अनेक तरेहथी पोतानी जयपताका फरके एवां हिंसानां काम करी आनंद माने. सारांश के बीजा जीवोनुं जेमां माठुं थाय तेवां तमाम कामोमां पोते आनंद माने, आ रौद्रध्याननो प्रथम पायो नरकगतिनो हेतु छे. प्राणीमात्रनुं सारुं नरसुं थवुं ते दरेकना कर्माधीन छे, छतांपि मूढ आत्मा अनंताकाल सुधी संसारमां परिभ्रमण करवासारु महाअनर्थकारक डुर्ध्यान ध्यातां लेशमात्र विचार करतो नथी.

२ बीजुं मृषानंद रौद्रध्यान. जुठुं बोली, छल कपट करी, मनमां बहुज खुशी थाय; वली मनमां विचारे के में एवी युक्तिसर वात बनावीने करी छे के कोइनी ताकात नथी के मारा प्रपंचने समजी शके. मतकबाजीपणुं एक जुदी शक्ति छे; आज काल मारी साथे प्रपंच बाजीमां कोइ फावी शके एम समजवुं नहि. वली बोलवुं, ते पण करामात छे. एवा घुंचना प्रसंगें, जो हुं न होत तो, शुं परिणाम आवत, तेनी अत्यारे शी वात? वली अनेक तरेहनां दगाबाजी, विश्वासघातनां कामो करी मनमां पोतानी चतुराइ माटे बहुज खुशी थाय; वली बीजाओ पोताने बहुज युक्तिसर बोलनार, तथा पोते नहि फसतां, बीजाओने जालमां नाखवाने शक्तिमान् छे एम, माने छे, तथा एवां कामो करतां मारी वाहवाह बोलाय छे एम मानी बहुज आनंद पामे. वली राज्यदरबारमां तथा बीजाओ पासे डुश्मनोनी चुगली, निंदा प्रमुख करी मनमां हर्ष पामे. इत्यादि मृषानंद रौद्र छे.

३ त्रीजुं चौर्यानंद रौद्रध्यान. अनेक तरेहनां छल कपट, दगाबाजी, विश्वास घात करी, जद्रक जीवोनी बहु मूल्यवाली वस्तु थोडी किंमत आपी लइ ले अने मनमां खुशी थाय. वली चोरी, धाडचोरी, रस्तानी लुट, जबराइथी कढाववुं इत्यादि कामो करी परधन मेलवी बहुज खुशी थाय; तेवा चोर लूटाराउनी पासेथी मिलकत लेवामां, तेउने मदद करवामां बहुज हिंमतथी प्रवर्त्ते अने लाज मेलवी आनंद माने पोते वेपारी होय अने माल खरीद करवा घराक आव्यो होय, तेवे प्रसंगे विश्वास बेसाडी, नमुनो कांइक बतावी, माल कांइक तरेहनो आपे, अने पोते सोदो करवामां करामातवालो पोताने माने. जरवामां, तोलवामां उंबुं आपवानी धानत राखे. चोपडामां, ठरावती वखते जाव जे बोल्या होय तेनाथी जास्ति लखे. रू प्रमुख माल वेचवामां मालमां जेल संजेल करी लेनारने बेतरी, मनमां खुशी थाय. नोकरीनो धंधो करतो उघराणीलावी खाइ जाय, अने खुशी थाय; वली शेठने छल कपट करी बेतरे, अने राजी करे, पछी मनमां विचारे के में केवी युक्ति लडावी, पैसा खाइ गयो, अने शेठने खुशी कर्या वली दगाबाजीथी पैसा मेलवी मनमां एवुं अजिमान लावे के, मारा जेवी कमावानी शक्ति कोनामां छे? चोरी करी मनमां एवो खुशी थाय के, मारी चतुराइ तथा शक्तिने कोण समजी शके तेवुं छे. जूठा दस्तावेज बनावी, लोको उपर न्यायनी अदालतोमां खोटा दावा करी, फतेह मेलवी, धन अन्यायथी उपार्जन करी, पोताने ऋद्धि, सिद्धि वालो देखी मनमां बहुज आनंद पामे. न्यायना अधिकारीउने में छेतर्या, तेथी मारा जेवो कोण चालाक छे, इत्यादि चौर्यानंद रौद्रध्यान अनेक तरेहथी मूढात्मा ध्यावे.

४ चोथुं संरक्षणानंद रौद्रध्यान. नवविध परिग्रह, धन, धान्यादि बहुज वधारी मनमां खुशी थाय, लोजनो थोज नथी एवो विचार निरंतर आलसुउ करे छे, शक्तिहीन करे छे, परंतु पोते मनमां विचारे के, परिग्रह एज जगत्मां सार छे, पैसा विनाना मनुष्य पशु समान छे, तेथी परिग्रहनी इछाने लेशमात्र नहि उछी करतां द्रव्य एकठुं करवानीज चिंता राख्या करे. वली मनमां विचारे के द्रव्य मेलववुं तेमां तो ताकात छे, परंतु मेलवेलुं साचवी राखवुं, तेमां तो बहुज ताकात जोइए छीये. में करामात अजमावी न होत तो आ पैसा जलवावा मुश्केल हता. वली म-

न, द्रोह, अभिमान, ईर्ष्या, व्यासंग, संभ्रमचित्त सहित सामायिक करे.

३ वचन दुःप्रणिधान अतिचार. सामायिकमां सावद्य वचन बोले, सूत्राक्षर हीनाधिक पढे. स्पष्ट उच्चार न करे.

४ अनवस्था दोष रूप अतिचार. सामायिक वखतसर न करे, जो करे तो पण बे मर्यादाथी, आदरविना, उतावलथी करे.

५ स्मृतिविहीन अतिचार. सामायिक करी छे के नहि? सामायिक पारी छे के नहि? लीधी छे तो क्यारे लीधी छे? इत्यादि भूल करे इति नवम सामायिक व्रतस्वरूप.

हवे दशमा दिशावकाशिक व्रतनुं स्वरूप लखीए छीए. छठा व्रतमां जे दिशाउनुं परिमाण करेलुं होय, ते जावजीव सुधीनुं होय छे, तेमां बहु क्षेत्र मर्यादा छुटी राखी होय छे, तेटलानी हररोज जरूर पडती नथी, ते कारणथी दिन दिन प्रत्ये न्यूनन्यून करे, जेमके आजरोज पांच कोश, वा दशकोश, वा पचीश कोश, वा बे माइल, वा नगरना दरवाजासुधि, वा अमुक बाग बगीचा सुधि मारे गमन करवानी छुट छे, उपरांत प्रतिबंध छे, एवुं जे नियम ते दिशावकाशिक व्रत कहेवाय छे. अर्थात् आ व्रत छठाव्रतनुं संक्षेपव्रत छे. उपलक्षणथी पांच अणुव्रतादिनो संक्षेप थोडा कालनो तेपण आ व्रतमां समाय छे. आ व्रत चार मास, एक मास, वीश दिवस, पांच दिवस, अहोरात्र, एक दिवस, एक रात्रि, वा एक मुहूर्त्तमात्र कालसुधी पण लइ शकाय छे. नियम एवी रीतें करे के अमुक नगरादिमां शरीरथी जाइश, ते उपरांत शरीरें जवानो निषेध छे. आ व्रतवाला श्रावकने देश, परदेशना व्यापार होय तो करेला क्षेत्रपरिमाण उपरांत कायाथी ते जइ शके नहि, परंतु दूरदेशना कागल प्रमुख आवे ते वांचवानो, तेमज माणस मोकलवानो आगार छे. एवुं नियम ते राखी शके. परदेशनी वात सांभलवानो आगार राखे, परंतु जेउने परदेशनो व्यापार न होय, ते कागल, चीठी प्रमुखपण वांचे नहि, तेमज आदमी पण मोकले नाह. वली चित्तवृत्ति स्थिर होय, अने संकल्प विकल्प न थता होय तो परदेशनी वात पण श्रवण करे नहि. जो तेम रही शकातुं न होय तो आगार राखे, परंतु जाणीने पोताना व्रतने दोष लगावे नहि. आ दिशावकाशिक व्रत निरंतर सवारमां चौद नियमनी यादगिरीमां उ-

पयोगपूर्वक राखे, अने रात्रिए जुदुं राखे, आ व्रत जेवी रीतें गुरुमुखथी धारे तेवी रीतें पाले. आ व्रतना पांच अतिचार वर्जवा, ते कहीए ढीए.

१ आणवण प्रयोग अतिचार. नियम करेला क्षेत्रथी बहारना क्षेत्रमां कोइ वस्तु होय, अने तेनी जरूर पडे, त्यारे विचारे के मारे तो नियम करेला क्षेत्रथी बहार जवानो निषेध छे, तेथी कोइ त्यां जतुं होय तेने कहे के अमुक वस्तु मारे वास्ते लेता आवजो. पछी विचारे के मारुं व्रत भंग थयुं नहि. अने वस्तु आवी गइ. आ प्रथम अतिचार.

२ पेसवण प्रयोग अतिचार. बीजा आदमीनी साथे पोताना नियम उपरांतना क्षेत्र बहार कोइ वस्तु मोकलवी ते.

३ सद्दाणुवाय अतिचार. नियमनी भूमिकाबहार कोइ आदमी जतो होय, तेनी पासे कांइ काम करावबुं होय, त्यारे तेने खोंखारो प्रमुख करी बोलावे, पछी कहे के अमुक वस्तु लेता आवजो. आ त्रीजो अतिचार छे.

४ रूपानुपाती अतिचार. पोताना नियम उपरांतना क्षेत्रें कोइ आदमी जतो होय, तेनी साथे कांइ काम होय, त्यारे हवेली अथवा दुकानना उपरना मजला उपर चडी, पोते तेनी दृष्टिए पडे तेम करे, पछी जनार आदमी पोतानी पासे आवे, एटले पोताना मतलबनी सर्व वात तेनी साथे करे तो आ अतिचार लागे.

५ पुद्गलाक्षेप अतिचार. पोताना नियम उपरांतनी भूमिकाए कोइ आदमी जतो होय, अने तेनी साथे कांइ काम होय, त्यारे तेना उपर कांकरो फेंके, जेथी ते पोतानी पासे आवे त्यारे, तेनी साथे सर्व मतलबनी वातचित करे तो आ अतिचार लागे. इतिदशमं.

हवे अगीआरमा पौषधोपवास व्रततुं स्वरूप लखीए ढीए. पौषध व्रतना चार भेद छे, तेमां प्रथम आहार पोषध छे, तेना पण बे भेद छे, एक देशथी, बीजो सर्वथी. देशथी तो त्रिविहार उपवास करीने वा आचाम्ल (आयंबिल) करीने, वा त्रिविहार एकासणुं करीने पोषध करे, तेनो विधि लखीए ढीए.

पोषध लीधा पहेलां पोताने घेर कही राखे के, हुं आजे पोषध उच्चरवानो छुं, तेमां आचाम्ल अथवा एकासणुं करवानो छुं, तेथी भोजनने अवसरे आहार करवा आवीश, अथवा तमे ते अवसरे पोषध शालामां

आहार लइ आवजो, एम यथायोग्य कथन करी पोषध करवा आवे, पोषध व्रत उचरे; बाद देववंदन कर्या पछी कटासणुं, चरवलो तथा मुहपत्ति, आ त्रण उपकरण साथे लइ पोताने घेर जवुं होय तो, चादर ओढी. साधुनी जेम, उपयोगसंयुक्त मार्गमां यत्नापूर्वक चाली, भोजन स्थानकें जइ, प्रथम इरिया वहिया पडिक्कमे, गमनागमननी आलोचना करे, पछी कटासणा उपर बेसी, आहार करवानुं भाजन पडिलेही (प्रतिलेखी) बाद पोताने लेवा योग्य आहार लहे, साधुनी जेम रस गृद्धिरहित आहार करे, आहारने सारो अथवा बुरो कहे नहि, मुखथी बोल्या विना आहार करे, आहारनुं जूठ पडे नहि, आहार कर्या पछी उष्ण जलथी आहारनुं वासण धोइने पी जाय, वासण शुद्ध करी, सुकवी, उपयोगसंयुक्त पोषधशालामां आवे, मार्गमां जतां आवतां कोइनी साथे वात करे नहि, पोषधशालामां पूर्वना स्थानपर आवी बेसे, इरिया वही पडिक्कमि, चैत्यवंदन करी, धर्मक्रियामां प्रवर्त्ते. जो पोतानो संबंधी अथवा सेवक पोषधशालामां आहार लइ आव्यो होय तो, पूर्वोक्त रीतिए आहार करी वासण पाछां आपी दे, पछी धर्म क्रियामां प्रवर्त्ते. आ देशथी पोषध कहेवाय छे; अने जो चारे आहारनां पच्चखाण करी पोषध करे तो सर्वथी कहेवाय छे. आ प्रथम भेद छे.

२ शरीरसत्कार पोषध. तेमां सर्वथा शरीरसत्कार पोषध ते शरीरनो सर्वथा सत्कार. स्नान, धोवन, धावन, तैलमर्दन, वस्त्राभरणादि शृंगार प्रमुख कांइ पण शुश्रूषा करे नहि, साधुनी जेम अपरिकमिति शरीर राखे; अने जो पोषधमां हाथ, पग प्रमुखनी शुश्रुषा करवी एवो आगार राखे तो, ते देश शरीर सत्कार पोषध कहेवाय छे.

३ अब्रह्मचर्य पोषध. त्रिकरण शुद्धिए ब्रह्मचर्य व्रत पालवुं ते सर्वथा ब्रह्मचर्य पोषध छे; अने मन, वचन, दृष्टि प्रमुखनो आगार राखवो, अथवा परिमाण राखवुं, ते देशथी ब्रह्मचर्य पोषध कहेवाय छे.

४ सर्वथा सावद्यव्यापारनो त्याग, ते सर्वथी अव्यापार पोषध छे, अने एकादि व्यापारनो आगार राखवो ते देशथी अव्यापार पोषध छे,

ए प्रमाणे चारे प्रकारना पोषधना बे बे भेद छे. पूर्वकालमां ज्यारे आगम व्यवहारी गुरु विचरता हता, अने श्रावक पण शुद्ध उपयोग

वाला हता, त्यारे जे जे प्रतिज्ञाउं लेता हता, ते ते सर्व अखंडित, तेवी-ज रीतें पालता हता, भूलता नहि, तेम न्यूनाधिक पण करता नहि; अने गुरु पण अतिशय ज्ञानना प्रभावथी योग्यता जाणीने देश वा सर्व पोषधनो आदेश आपता हता; तथा श्रावक पण कदाचित् स्मृतिभंग थता हता, तो पण तत्काल प्रायश्चित्त लइ लेता हता. आ कालमां तो एवा उपयोगवाला जीवज नथी. दुषम कालना प्रभावथी जड बुद्धि जीव बहुज छे. ते कारणथी पूर्वाचार्योए उपकारने अर्थे आहार पोषध तो बंने करवाने राख्यां, अने बाकीना त्रणे पोषध जितव्यवहार ग्रंथने अनुसारें निषेध करी दीधा छे. आ प्रवृत्ति वर्त्तमान संघमां प्रचलित छे. पोषध तो श्रावकें अवश्य करवा जोइए; कारण के कर्मरूप भावरोग वास्ते ते परम औषधि छे. तेथी ज्यारे पर्वनो दिवस आवे, त्यारे अवश्य पोषध करवो जोइए. तेना पांच अतिचार वर्जवा, ते कहीए छीए.

१ अप्पडिलेहिय दुप्पडिलेहिय सिज्जा संथारक अतिचार. जे स्थानमां पोषध संस्थारक ( संथारो ) कर्यो होय, ते भूमिका तथा संथारानी पडिलेहणा न करे, अर्थात् संथारानी जगा सारी रीतें निघा करीने नेत्रथी जोवे नहि, कदापि जोवे तो पण प्रमादने वश थइ कांइक देखी, कांइक न देखी एम करे-

२ अप्पमज्जिय दुप्पमज्जिय सिज्जा संथारक अतिचार. संथाराने रजोहरणादिथी पूंजे नहि, कदापि पूंजे तो पण यथार्थ न पूंजे, गडबड करी दे, जीवरक्षा साचवे नहि.

३ अप्पडिलेहिय, दुप्पडिलेहिय उच्चार पासवण भूमि अतिचार. लघुशंका, वडीशंका परठववानी भूमिका नेत्रथी अवलोकन न करे; अवलोकन करे तोपण जेम तेम करी काम चलावे, जीवयत्ना विना करे, परिठवे.

४ अप्पमज्जिय, दुप्पमज्जिय उच्चार पासवण भूमि अतिचार. ज्यां मूत्र, विष्ठा करे, त्यां भूमिकाने प्रथम पूंज्याविना मल, मूत्र करे; कदाच पूंजे तोपण यद्वा तद्वा करे, परंतु यत्नापूर्वक न पूंजे.

५ पोसह विहि विवरीए अतिचार. पोषधमां क्षुधा लागे, त्यारे पारणानी चिंता करे, जेम के प्रभातें अमुक वस्तुउं करावीने आहार करीश वली अमुक काम करवा सारु अमुक स्थानकें जवुं पडशे. अमुकनी पासे

उघराणी बे, ते तगादो कर्या विना आपशे नहि; वली शरीर थाकी गयुं बे तेथी प्रजातमां तेल मर्दन करावीश, गरम पाणीथी स्नान करीश, अमुक पोशाक पहेरीश, स्त्रीनी साथे नोगविलास करीश, इत्यादि सावद्य चिंतवन करे. संध्याए पोषध मंडल शोधन करे नहि, आखी रात सुइ रहे, वा विकथा करे. पोषधनां अढार दूषणो वर्जे नहि.

ते अढार दूषणो आ प्रमाणे. पोसहमां व्रती विनाना श्रावकनुं लावेलुं पाणी पीये, २ पोषध वास्ते सरस आहार करे, ३ पोषधने आगले दिवसे अनेक तरेहनी रसवती मेलवी आहार करे, ४ पोषध निमित्तें, अथवा पोषधने आगले दिवसे विजूषा करे, ५ पोषधवास्ते वस्त्र धोवरावे, ६ पोषधवास्ते आजरण घडावी पहेरे, स्त्रीपण नथ, कंकणादि सोहागनां चिन्ह शिवाय नवां घरेणां घडावी पहेरे, ७ पोषध वास्ते वस्त्र रंगावी पहेरे, ८ पोषधमां शरीरनो मेल उतारे, ए पोषधमां काल विना निद्रा लहे, १० पोषधमां स्त्री कथा करे, स्त्रीने सारी, बुरी कहे, ११ पोषधमां जक्तकथा करे, आहारने सारो, नरसो कहे, १२ पोषधमां राज्यकथा करे, युद्धनी वार्त्ता करे, १३ पोषधमां देशकथा करे, देशने सारो, नरसो कहे, १४ लघु शंका जूमि पूंज्या विना करे. १५ बीजानी निंदा करे, १६ स्त्री, माता, पिता, पुत्र, जाइ, बहेन साथे वार्त्तालाप करे, १७ चोरनी कथा करे, १८ स्त्रीनां अंगोपांग स्तन, जंघादि निहाले. आ अढार दूषणो वर्जे तो शुद्ध पोषध जाणवो. इति एकादश व्रतस्वरूपं.

हवे बारमा अतिथि संविजाग व्रतनुं स्वरूप लखीए बियें. जेणें लौकिक वर्षोत्सवादि तिथियोनो त्याग करेलो होय ते अतिथि कहेवाय बे, जेम परोणो (मेमान) तिथि विना आवे बे, अर्थात् अमुक तिथियेंज आवे एवो जेम नियम नथी, तेम जे साधु होय बे ते अणचिंतव्याज आवे बे; तेथी ते अतिथि जाणवा. एवा मधुकर वृत्तिवालाथी जो विजाग करे. अर्थात् शुद्ध व्यवहारन्यायोपार्जित धनथी, वस्तुउ लावी, पोताना उदर पूरणार्थें जे रसोइ करी बे, तेमांथी उत्तम कुलाचारपूर्वक पूर्व कर्म पश्चात्कर्मादिदोषरहित, शुद्ध निर्दोष आहार, जक्तिपूर्वक साधुने वहोरावे (आपे) ते अतिथि संविजाग व्रत कहेवाय बे. प्रथम दान देनारमां जो पांच गुण होय तो ते दातार शुद्ध होय बे, ते पांच गुण लखिये बिये.

१ जैनमार्गी दातारने, शुद्ध पात्रनो योग प्राप्त थवाथी, अर्थात् पोताना घरमां मुनिराजनां दर्शन मात्र थवाथी अंतरंगमां बहुज आनंद पामे, जेम पोतानो अत्यंत प्यारो, हितकारी मित्र बहु वखतथी दूर देशांतर गयो होय, जेनी कोइ वखत विस्मृति थइ न होय, अने जेने मलवाने निरंतर अंतःकरणमां आतुरता रहेती होय; एवा परम वल्लभ मित्रने अकस्मात् मलवाथी जेम आनंदनां आंसु आवी जाय; तेवीज रीतें मुनिराजने पोताने घेर पधारेला जोइ आनंदनां आंसु लावे, मनमां विचारे के आज मारुं परम भाग्य के, आवा मुनिराज मारे घेर पधार्या. वली हुं केवो छुं? अनादिकालथी भूल भ्रमित, द्रव्य संबल रहित, दारिद्र अंधभावपीडित, ज्ञानलोचनरहित, अपार संसार चक्रमां भटकनार एवा मने, अत्यंत अकथनीय दुःखसंयुक्त देखीने, मारा उपर परम दयादृष्टिपूर्वक, प्रथम ज्ञानांजन शलाकाथी मारां ज्ञानरूपनेत्र उघाडी दीधां, वली त्रण तत्व सेवारूप व्यापार मने शिखव्यो, तथा रत्नत्रयीरूप पुंजी ( राशि ) मने आपी मारुं अनादि कालनुं दारिद्र्य दूर कर्युं, मने उत्तमपुरुषोनी गणतरीमां लावी मुक्यो, एवा गुरु मुनिराज निःस्वार्थे परोपकारी मारा घर आंगणामां पधार्या एवा प्रशस्त राग भावना उल्लासथी आनंदनां आंसु लावे, एवी पुष्ट भावना भावे आ दातारनो प्रथम गुण छे.

२ जेम संसारमां जीवने अत्यंत इष्ट वस्तुना संयोगथी रोमावलि विकस्वर थाय छे, तेम मुनिराजने देखी, अति भक्तिना प्रभावथी रोमावलि विकस्वर थाय, अने अंतःकरणमां हर्ष समाय नहि. आ बीजो गुण छे.

३ मुनिराजने देखी बहुमान एवी रीतें करे, जेम कोइ गृहस्थने घेर, राजा पधार्या होय, अने ते राजानुं बहुमान, जेम ते गृहस्थ करे, एवा विचारथी के आजे मारा भाग्यनो उदय थयो के राज्यना स्वामि, राजाधिराज मारे घेर पधार्या, माटे उत्तम प्रकारनां नजराणां आ वखते करवां ते मने उचित छे, कारण के राजानुं पधारवुं वारंवार थतुं नथी, एम निश्चय करी जेम उत्तम वस्तुउं भेट करे, तेवी रीतें श्रावक पण मुनिराजनुं बहुमान करे; मनमां विचारे के आवा निःस्पृहीयोमां शिरोमणी, जगद्बंधु, जगत् हितकारी, जगत् वत्सल, निष्कामी, आत्मानंदी, करुणासा-

गर, संसारजलधि उद्धरण, परोपकार करणीमां चतुर, क्रोधादि कषाय निवारक, तरण तारण, एवा मुनिराज मारे घेर पधार्या, तेथी आजे मारुं अहो भाग्य छे! एवुं जाणी संभ्रमसंयुक्त सन्मुख जाय, त्रिकरणशुद्ध परिणामथी विनति करे के हे स्वामि! दीन दयाल पधारो! मारुं गृहांगण पवित्र करो! एम अति सन्मानपूर्वक घरमां पधरावे; मनमां विचारे के आजे मारो पुण्योदय थयो, जे साधु आहार पाणीनो अनुग्रह करे छे. कारण के साधुने आहार लेवामां बहुज विधि छे, साधु शुद्ध भात पाणी जाणे तोज लहे, ते कारणथी रखे माराथी कांइ दोष लागी जाय, एवो विचार करी, त्रिकरण शुद्ध, बहुमानपूर्वक, उपयोगसंयुक्त, विधिपूर्वक आहार लावे, लावीने मधुरस्वरथी विनति करे के हे स्वामि! आ शुद्ध आहार छे, तेथी सेवक उपर परम कृपादृष्टि करी पात्र पसारी मारो निस्तार करो; एम विनति करतां थकां आहार वहोरावे. मुनिपण ते आहारने योग्य जाणीने लइ ले. श्रावकपण दान देवा योग्य जे जे वस्तुउ होय, ते सर्वेनी निमंत्रणा करे, ए प्रमाणे विधिपूर्वक दान दइ हाथ जोडी, पृथ्वी उपर मस्तक लगावी, नमस्कार करे; पछी मिष्टवचनोथी विनति करे के हे कृपानिधान! सेवक उपर मोटी कृपा करी, आजे मारुं घर पवित्र थयुं. पूरा पुण्योदयविना मुनिराजनो योग क्यांथी मले? वली हे स्वामि! कृपा करी अशन, पान, खादिम, स्वादिम, औषध, वस्त्र, पात्र, शय्या, संस्तारकादिनुं प्रयोजन होय तो अवश्य सेवक उपर अनुग्रह करी पधारशो, आप तो मुनिराज गुणवान् बेपरवाह छो, आपने कोइ वस्तुनी कमी नथी, कोइनी साथे प्रतिबंध नथी, आप पवननी जेम अप्रतिबद्ध छो, तोपण मारा उपर जरुर फरी उपकार करशो, एम कहेतां कहेतां पोताना आंगणानी सीमा सुधी पहोंचाडे. आ त्रीजो गुण छे.

४ मुनिराजने वलावी, वंदना करी, घेर आवी, भोजन करवा बेसे, परंतु मनमां आनंदना उभरा आव्या करे, विचारे के आजे मारुं अहो सद्भाग्य थयुं! आज कोइ उत्तम वात थशे; कारण के आजे निःस्पृही, सहज उदासी, स्वसुखविलासी मुनिराजने विनति करी आहार प्रतिलाभ्यो, अने आहार वहोरावता वचमां कांइ विघ्न आव्युं नहि. आजे कृ-

तकृत्य थयो; वळी आवा मुनिराजनो योग क्यारे मळे ? एवी अनुमोदना वारंवार करे, आ चोथो गुण छे.

५ जेम कोइ मंद भाग्यवान् व्यापार करतां थोडुं थोडुं कमाय, तेने कोइ दिवस कोइ सोदामां लाख रुपैयानी प्राप्ति थइ जाय, त्यारे जेवो ते आनंदित थाय, अने फरी तेज व्यापारनी जेवी चाहना राखे, तेनाथी पण अधिक, श्रावक साधुने दान देवानी चाहना राखे. आ पांचमो गुण छे. आ पांच गुण युक्त दान आपे तो अतिथिसंविभाग व्रत होय. आ व्रतना पांच अतिचार वर्जवा, ते लखीए छीए.

१ सचित्त निक्षेप अतिचार. सचित्त पृथ्वी, जल, कुंभ, चूला, इंधनादि उपर साधुने न देवानी बुद्धिथी आहार राखे; मनमां एवो विचार करे के साधु तो आहार लेशे नहि, परंतु निमंत्रणा करवाथी मारुं अतिथिसंविभाग व्रत बन्युं रहेशे. आ प्रथम अतिचार.

२ सचित्त पीहण अतिचार. आहारने सचित्त वस्तुथी ढांके, सूरण, कंद, पत्र, पुष्पादिथी न देवानी बुद्धिथी ढांकी राखे तो बीजो अतिचार.

३ कालातिक्रम अतिचार. साधुने भिक्षानो काल वित्या पछी, अथवा भिक्षा काल पहेलां, अथवा साधु आहार करी रह्या होय ते पछी, आहारनी निमंत्रणा करवा जाय तो त्रीजो अतिचार.

४ परव्यपदेश अतिचार. साधु ज्यारे याचना करे, त्यारे क्रोध करे; पोतानी पासे वस्तु होय छतां, मागतां आपे नहि; वळी आपे तो पण एवा विचारथी के आवा गरीब लोको साधुने आपे छे तो, तेउनाथी शुं हुं गरीब छुं ते न आपुं? आवी भावनाथी आपे तो चोथो अतिचार.

५ गोल, खांड प्रमुख पोतानी वस्तु होय, ते न आपवानी बुद्धिए पारकी कहे, अने पारकी वस्तु होय ते आपवानी बुद्धिए पोतानी कहे तो आ पांचमो अतिचार. इति श्री अतिथिसंविभागव्रतं संपूर्णं.

सम्यक्त्वपूर्वक बारव्रतरूप, गृहस्थ धर्मनुं स्वरूप धर्मरत्न प्रकरण, तथा योगशास्त्रादि ग्रंथानुसार संक्षेपमात्र लखेल छे; विशेष जाणवानी अभिलाषावालाए धर्मरत्नशास्त्र वृत्ति, तथा योगशास्त्र जोवां.

इति श्रीतपोगच्छीयगणिश्रीमणिविजयतच्छिष्यश्रीमुनिबुद्धिविजयतच्छिष्य

मुन्यात्मारामानंदविजयविरचित जैनतत्त्वादर्शे ( नाषांतरे ) श्रावकनिरूपण नामा अष्टमपरिच्छेदः संपूर्णः ॥

॥ अथ नवमपरिच्छेदप्रारंनः ॥

श्रावकोनां छ कृत्यो छे. १ दिनकृत्य, २ रात्रिकृत्य, ३ पर्वकृत्य, ४ चातुर्मासिक कृत्य, ५ संवत्सरकृत्य, ६ जन्मकृत्य, तेमांथी प्रथम दिनकृत्यविधि, आ परिच्छेदमां श्राद्धविधिग्रंथ तथा श्रावककौमुदी शास्त्रानुसार लखियें छियें.

प्रथम तो श्रावकें निद्रा अल्प लेवी जोइए. ज्यारे एक प्रहर रात्रि शेष रहे, त्यारे निद्रा तजी उठवुं जोइए. कोइने बहु निद्रा आवती होय तो पण जघन्यथी चौदमा ब्राह्ममुहूर्त्तमां अवश्य उठवुं जोइए. सवारमां वहेलां उठवाथी इहलोक परलोकनां अनेक कार्य सिद्ध थाय छे, ते अवसरें बुद्धिपण निर्मल, सुंदर होय छे. पूर्वापर विचार बहुज सारी रीतें थइ शके छे. ग्रंथकार एम पण लखे छे के निरंतर जेने सूतां सूतां सूर्योदय थइ जाय, तेनुं आयुष्य अल्प थाय छे; तेथी ब्राह्ममुहूर्त्तमां अवश्य उठवुं जोइए. ज्यारे निद्रानो त्याग करी उठे, त्यारे मनमां विचारे के हुं श्रावकछुं, पोताना घरमां सुतो हतो के बीजाना घरमां सुतो हतो ? नीचे सुतो हतो के उपरमाले सुतो हतो ? दिवसना सुतो हतो के रात्रिना सुतो हतो ? इत्यादि विचार करतां निद्रानो वेग न मटे तो नासिका तेमज मुखनो श्वासोच्छ्वास रोके, तेम करवाथी निद्रा तत्काल दूर थइ जाय छे, पछी द्वार सारी रीतें तपासी जरुर होय तो लघुशंकादि करे. रात्रिमां जागतां कोइने कांइ कहेवुं पडे तो, मंदस्वरथी कहे, ऊंचे स्वरें शब्दोच्चार करे नहि. ऊंचा स्वरथी बोलवाथी रात्रिमां छपकली प्रमुख हिंसक जीव जागी जाय तो माखी प्रमुख अनेक जीवोनी ते हिंसा करे छे. कसाइ जागी जाय तो, गाय, बकरी, घेटा प्रमुखने मारवाने चाल्यो जाय छे, माछी जाल लइ पोतानुं काम शरु करवा जाय छे, वाघरी, आहेडी, मदिरापानी, खुनी, परस्त्रीलंपट, तस्कर, लूटारा, धोबी, घांची, कुंनार प्रमुख अनेक हिंसा करनारा जीवो जागवाथी अनेक तरेहनां पापकर्ममां प्रवृत्त थइ जाय छे. आ सर्व

पापनुं निमित्त कारण रात्रिए उंचा स्वरथी वात करनारने थाय, तेथी उं-चा स्वरथी रात्रिमां नहि बोलवुं जोइये.

सवारमां निद्रानो छेद थाय त्यारे तत्त्वज्ञाता श्रावकें तत्त्वविचार करवो जोइये. तत्त्व पांच छे. १ पृथ्वी, २ जल, ३ अग्नि, ४ वायु, ५ आकाश, निद्राना छेद समये जो पृथ्वीतत्त्व तथा जलतत्त्व वहेतां होय तो शुभ छे अने जो अग्नि, वायु के आकाशतत्त्व वहेतां होय तो दुःखदायक छे. शुक्लपक्ष प्रतिपद् दिने जो वामनासिकानो स्वर चालतो होय तो पंदर दिवस सुधी आनंद आरोग्य रहे; अने कृष्णपक्षनी एकमने दिवसे जो दक्षिण नासिकानो स्वर वहेतो होय तो पंदर दिवस सुधी सुख आनंद रहे; तेनाथी विपर्यय होयतो विपर्यय फल थाय.

शुक्ल पक्षना प्रथमना त्रण दिवस वामनासिकानो स्वर उठतां वहेतो होय तो शुभ छें. ते पछीना त्रण दिवस दक्षिणस्वर चालतो होय तो शुभ छे, वली ते पछीना त्रण दिवस वाम स्वर चालतो होय तो शुभ छे, एम अनुक्रमें पंदर दिवस सुधी समजवुं. तथा कृष्णपक्षनी एकमना दिवसथी त्रण दिवस सुधी दक्षिणस्वर वहेतो होय तो शुभ छे, ते पछीना त्रण दिवस वामस्वर वहेतो होय तो शुभ छे. वली ते पछीना त्रण दिवस दक्षिण स्वर वहेतो होय तो शुभ छे, एम पंदर दिवस सुधी जाणवुं. तथा चंद्रस्वरमां सूर्य उगतो होय, अने सूर्यस्वरमां सूर्य अस्त थतो होय तो शुभ छे. तथा सूर्यनाडीमां सूर्य उदय होय, अने चंद्रनाडीमां अस्त थाय तो पण शुभ छे. कोइ शास्त्रना मत प्रमाणे रवि, मंगल, गुरु, शनि, आ चार वारमां दक्षिणस्वरमां सूर्यनाडी दिवस उगतां चाले तो शुभ छे, अने सोम, बुध तथा शुक्र आ त्रण वारमां सूतां, उठतां चंद्रस्वर वामस्वर चाले तो शुभ छे, तेनाथी विपर्यय चाले तो अशुभ छे.

वली कोइक शास्त्रकारना मत प्रमाणे संक्रांतिना क्रमथी सूर्य चंद्रनाडी वहे तो शुभ छे, जेम के मेष संक्रांतिने दिवस सूर्यस्वर चाले, तथा वृषसंक्रांतिने दिने चंद्रनाडी चाले तो शुभ जाणवी इत्यादि. तथा कोइक मतमां चंद्रमां राशि पलटे ते अनुक्रमें अढी घडी सुधी एक नाडी वहे छे इत्यादि; परंतु जैनमतना आचार्य श्रीहेमचंद्रादिनो तो प्रथम लख्या प्रमाणे मत छे. छत्रीश गुरु अक्षरो उच्चार करतां जेटलो

काल लागे छे, तेटलो काल वायुनो एक नाडीमांथी बीजी नाडीमां संचार करतां लागे छे.

हवे पांचतत्त्व संबंधी बोधस्वरूप कहियें छियें. नासिकानो पवन जो उंचो जाय तो अग्नितत्त्व, जो नीचो जाय तो जलतत्त्व, जो तिर्छो जाय तो वायुतत्त्व, जो नासिकाथी निकली सिधो तिर्छो जाय तो पृथ्वी तत्त्व, जो नासिकाना बंने पुटनी अंदर वहे, बहार निकले नहि तो आकाश तत्त्व; ए प्रमाणे जाणवुं.

प्रथम पवनतत्त्व वहेछे, पछी अग्नितत्त्व वहे छे, पछी जलतत्त्व वहेछे, पछी पृथ्वीतत्त्व वहेछे, पछी आकाश तत्त्व वहेछे. निरंतर आ प्रमाणे अनुक्रम छे. बंने नाडीउमां पांचे तत्त्व वहे छे; तेमां पृथ्वीतत्त्व पंचाश पल प्रमाण वहे छे, जलतत्त्व चालीश पल प्रमाण वहे छे, अग्नितत्त्व त्रीश पल प्रमाण वहेछे. वायुतत्त्व वीश पल प्रमाण वहेछे, आकाशतत्त्व दश पल प्रमाण वहेछे.

पृथ्वी अने जलतत्त्वमां शांतिकार्य करवां; अग्नि, वायु तथा आकाशतत्त्वमां दीप्तिमान् अने स्थिर कार्य करवां; ए प्रमाणे करे तो शुभ फलोन्नति थाय छे, जीववानो प्रश्न, जयप्रश्न, लाभप्रश्न, धनार्जन प्रश्न, मेघवर्षण प्रश्न, पुत्र होवानो प्रश्न, जवा आववना प्रश्न, आ प्रश्नो जो पृथ्वी अने जलतत्त्वमां करे तो शुभ थाय; अने अग्नि, वायु वहेतां करे तो शुभ थाय नहि; वली जो पृथ्वीतत्त्वमां प्रश्न करे तो कार्यनी सिद्धि स्थिरपणे थाय, अने जलतत्त्वमां कार्य शीघ्रताथी थाय.

प्रथमनी जिनपूजा करतां, धन कमावा जतां, पाणिग्रहण करतां किल्लो लेतां, नदी उतरतां, गयेलानुं आगमन पुछतां, जीवननो प्रश्न करतां, घर क्षेत्रादि खरीदतां, करीआणां लेतां, वेचतां, वर्षनुं प्रश्न करतां, नोकरी करतां, खेती करतां, शत्रुने जीततां, विद्यारंभ करतां, राज्याभिषेक करतां, इत्यादि शुभ कार्यो करतां चंद्रनाडी वहे तो कल्याणकारी छे.

प्रश्नसमये कार्यना आरंभमां पूर्ण वामनाडी प्रवेश करती होय, त्यारे निश्चयपूर्वक कार्यसिद्धि जाणवी, तेमां संदेह नथी. वली अमुक सख्स केदमांथी क्यारे छुटशे ? अमुक रोगी साजो क्यारे थशे ! अमुक स्थानभ्रष्ट थयेलो क्यारे पद प्राप्त करशे ? आ प्रश्नोमां, तथा युद्ध करवाना प्र-

उत्सव करीने चडावे. स्नात्रमहोत्सव, अष्टोत्तरी पूजा, रात्रि जागरण करे. निरंतर चोमासा आदिमां केटलीएक वार जिनमंदिर, धर्मशाला प्रमार्जन करे, करावे, देरासर समरावे, पौषधशाला लिंपे, लींपावे. प्रतिवर्षे जिनमंदिरमां अंगलुहणां आपे, दीवानेवास्ते रु आपे, तेल आपे, घी आपे, केशर, सुखड आपे, पौषधशालामां कटासणा, मुहपत्ति, चरवला, धोतीआं, कांबल, दोरा, उन प्रमुख आपे. वर्षमां श्रावकोने बेसवावास्ते केटलीएक पाट, बाजोठ प्रमुख आपे. जो निर्धन होय तो पण वर्षमां एक दिवस सुतरना दोरा, वा आंटी प्रमुख आपी संघपूजा करे. केटलाएक साधर्मी बंधुउने शक्ति अनुसार जोजन करावी साधर्मिवात्सल्य प्रमुख करे. निरंतर केटलोएक काउसग्ग करे. स्वाध्याय करे. निरंतर जघन्यथी नवकारसीनुं प्रत्याख्यान करे. रात्रिए चरित्र प्रत्याख्यान करे. बंने वखत प्रतिक्रमण करे. आ करणी प्रथम करवा पछी बार व्रत अंगीकार करे. तेमां पण सातमा व्रतमां सचित्त, अचित्त अने मिश्रवस्तुनुं स्वरूप सारी रीतें जाणवुं जोइए.

जेम प्रायः सर्वधान्य, अनाज, तेमज धाणा, जीरुं, अजमो, वरीआली, सुआ, राइ, खसखस प्रमुख सर्वकण, सर्वपत्र, सर्वे लीलांफल, तथा मीठुं खारो, लालरंगनुं सिंधालूण, संचल, माटी, खडी, हिरमची, लीलां दातण प्रमुख, सर्वव्यवहारथी सचित्त (सजीव) छे; तथा पाणीमां पलालेला चणा, घउं प्रमुख अनाज, तथा चणा, मग, अडद, तूअर प्रमुखनी दाल जेमां आखा दाणा रहीगया होय, ते सर्वे मिश्र छे; तथा प्रथम मीठुं लगाडीने अग्निनी बाष्प प्रमुख आप्या विना, तथा तपावेली रेतीमां नाख्याविना चणा, घउं, जुआर प्रमुख जूंजे ते, तथा खारो प्रमुख आप्याविना मसलेला तल, उंला, उंबी, पोंक, थोडी शेकेली फली तथा चिजडा प्रमुखफल, मरचां, राइ हींग प्रमुखथी वघारे; तथा जेनी अंदर बीज सचित्त होय एवां पाकेलां सर्वफल, मिश्रछे. तथा तलवट, तिलकूट जे दिन करवामां आवे ते दिन मिश्रछे. जो तलमां अनाज प्रमुख नाखी कूटे तो एक मुहूर्त्त पछी अचित्त थायछे. वली दक्षिण मालवादि देशोमां बहु गोल प्रमुख नाखवाथी तेज रोज अचित्त थइ जायछे. वृक्षनो तत्काल उखडेलो गुंदर, लाख, छाल, तरतनुं फोडेलुं नालीयेर, लींबु, दाडम,

संतरां, केरी, निंब तथा शेरडीनो तत्कालनो काढेलो रस, तथा तत्काल काढेलुं तलनुं तेल, तत्काल नांगेलां बीज, नालीयेर, सोपारी, सिंगोडां-प्रमुख, तथा बीजरहित करेलां पाकां फल खडबूजादि, तथा अत्यंत मर्दन करीने कणकाढेला जीरादि, आ सर्व अंतर्मुहूर्त सुधी मिश्र छे, पछी प्राशुकनो व्यवहार छे. तथा बीजांपण प्रबल अग्निना योगविना प्राशुक करेला अंतर्मुहूर्त सुधी मिश्रछे, पछी प्राशुकनो व्यवहार छे. वली अप्राशुक पाणी, काचां फल, काचां अनाज अगर जो बहुज मर्दन कर्यां होय तोपण लवण अग्नि प्रमुख प्रबल शस्त्र विना, प्राशुक थतां नथी; कारण के श्री पंचमांग नगवतीसूत्रना उगणीशमा शतकना त्रीजा उद्देशमां लख्युं छे के. वज्रमय शिला, वज्रमय लोटो, अने आमला प्रमाण पृथ्वीकाय लइने एकवीश वार वाटवामां आवे तोपण केटलाएक पृथ्वीकायना जीवोनो लोटाने स्पर्श पण थतो नथी, एवी ते जीवोनी सूक्ष्म कायाछे.

वली सो योजन उपरांतथी आवेलां हरडां, खारेक, द्राक्ष, लालद्राक्ष, खजुरादि मेवा, तीखां, पीपर, जायफल, बदाम, अखोड, नेउजा, जरगोजा, पस्तां, चारोली, चीनी, उज्वल सिंधालूण, साजी, नठीमां पकावेलुं लूण, बनावटी खार, कुंनारें करेली माटी एलायची, लवींग, जावंत्री, सूकी मोथ, कोकणदेश प्रमुखनां केलां उनां करेलां सिंगोडां, सोपारी, आ सर्वनो प्राशुक व्यवहार छे. साधु पण कारण प्रसंगें ग्रहण करे छे. आ वात कल्पनाष्यमां पण लखेली छे. "जोयण सयं तु गंतु अणाहारे नंड संकंति" इत्यादि. तेमां हरडे, पीपर प्रमुख आचरणीय छे ते कारणथी लेवाय छे, अने खजूर, द्राक्ष प्रमुख अनाचरणीय छे. वली उत्पल कमल, पद्मकमल, तडकामां राखवाथी एक पहोरनी अंदरज अचित्त थइ जाय छे; अने मोगरानां फुल, जुइनां फुल तडकामां बहुवखत पड्यां रहे तो पण अचित्त थतां नथी, परंतु मोगरानां फुल पाणीमां नाखेलां एक पहोरनी अंदरज अचित्त थइ जाय छे, अने उत्पल कमल तथा पद्मकमल बंने पाणीमां राखवाथी बहु वखत सुधी अचित्त थतां नथी. "शीतयोनिकत्वात्." तथा पांदडाना, फूलोना, तेमज जे फलोमां गोठली बंधाइ न होय तेना, तथा वथुआ प्रमुख लीली वनस्प-

तिना, आ सर्वेना डीटीआं ( वृंत ) करमाइ जाय त्यारे ते जीवरहित थयां जाणवां. आ कथन श्रीकल्पन्नाष्यवृत्तिमां वे.

श्री पंचमांगना ठठा शतकना पांचमा उद्देशामां सचित्त अचित्त वस्तुनुं स्वरूप आ प्रमाणे लखेलुं वे, शाल, व्रीहि, घउं, जव, जवजव, आ पांच धान्यनी जाति कोठारमां, मोटा पालामां वा माला याने कोठार विशेषमां मुख ढांकीने राखे तथा लींपे, चारे बाजुथी लींपे, अने उपर मजबुत ढांकणुं राखी सील मारवाजेवुं बंध करे तो केटलाककाल सुधी तेमां जीव योनि रहे ? आ प्रमाणे प्रश्नपुछवाथी जगवान् कहेवे के हे गौतम ! जघन्य तो अंतर्मुहूर्त्त रहे, अने उत्कृष्ट तो त्रण वर्ष रहे, पठी अचित्त थइ जाय. तथा वटाणा, मसूर, तल, मग, अडद, वाल, कलथी, चोला, तुअर, चणा इत्यादि धान्य सर्व उपर प्रमाणे जाणवुं, परंतु एटलुं विशेषके, ते उत्कृष्टथी पांच वर्ष उपरांत अचित्त थइ जाय वे. तथा अलसी, कसुंबानी करड, कोडुं, कंगणी, बंटी, राल, कोडुसक, सण, सरसव, मूलीनां बीज इत्यादि धान्यपण उपर प्रमाणे जाणवां, परंतु उत्कृष्टथी सात वर्ष उपरांत अचित्त थइ जाय वे. तथा कपासनां डोडवां उत्कृष्टथी त्रण वर्ष उपरांत अचित्त थइ जाय वे. आपण कल्पन्नाष्यनी वृत्तिमां वे. तथा चाल्या विनानो आटो ( लोट ) श्रावण, जादरवा महिनामां पांच दिवस सुधी मिश्र रहेवे. पठी अचित्त थाय वे; आसो, कारतक मासमां चारदिनसुधी मिश्र रहेवे, पठी अचित थाय वे; मागसर पोस मासमां त्रणदिन सुधी मिश्र रहे वे, पठी अचित्त थाय वे; माहा, फागणमासमां पांच पहोर मिश्र रहे वे, तथा चैत्र, वैशाख मासमां चार पहोर मिश्र रहे वे, तथा ज्येष्ठ, आषाढ मासमां त्रणपहोर मिश्र रहे वे, उपरांत अचित्त थइ जाय वे. जो तत्काल चाली ले तो अंतर्मुहूर्तसुधी मिश्र रहे, पठी अचित्त थाय वे.

प्रश्नः– पीसेलो आटो केटला दिवसनो अचित्त जोगीने तथा श्रावकने खावो योग्य वे ?

उत्तरः– सिद्धांतमां आटानी मर्यादानो नियम अमारा वाचवामां आव्यो नथी, परंतु बुद्धिमान् नवुं जुनुं अनाज, सरस नीरस क्षेत्र, वर्षा, शीत, उष्णादि ऋतु, तेमां पण ते आटानो पंदर दिवस के मासादि का-

लमां, वर्ण, गंध, रस, स्पर्शादि बगडेल देखे, तेमज तेमां सुरसली प्रमुख जीव पडेला देखे तो ते न खाय; जो खायतो जीवहिंसा थाय अने रोगोत्पत्तिनुं कारण थाय.

मिठाइनी मर्यादा अने वीदलनो निषेध, उपर सातमा व्रतमां लखी आव्या छीए, त्यांथी जाणवुं. दहींमां सोल पहोर उपरांत जीव उत्पन्न थाय छे, वली विवेकी जीवोयें रींगणां, टींबरु, जांबु, बिलां, पीलु, करमदां, पाकां गुंदां, पंचु, महुडां, मोर, वालोल, मोटां बोर, चणीआंबोर काचां कोठ फल, खस खस, तल इत्यादि न खावां जोइए. तेमां त्रसजीव थाय छे. तथा जे फल लालरंग देखवामां बूरां लागे, पाकीगयेलां तथा गोल, एवा कंकोडां, फणस प्रमुखपण बूरी भावनाना हेतु होवाथी न खावां जोइए. वली जे फल जे देशमां खावां विरुद्ध लागे, जेमके कडवुं तुंबडुं, कूष्मांड अर्थात् कोहोलुं हलवुं ( कडु ) ते पण न खावां जोइए. वली अभक्ष्य, अनंतकाय, कंदमूल, पछी ते परघरनां अचित्त करेलां, रांधेलां होय तोपण न खावां जोइए; कारण के एक तो निःशूकता अने बीजा रसलंपटता तथा वृद्ध्यादि दोषनो प्रसंग थाय छे. ते कारणथी न खावां जोइए. तथा उकालेलां सेलरां, रांधेलां आर्द्रादि-कंद, सूरण, रींगणाप्रमुख अगर जो के अचित्त छे तोपण श्रावक प्रसंगदूषण त्यागवा वास्ते न खाय. वली मूला तो पंचाग खावा योग्य नथी. निषिद्धत्वात्. तथा शूंठ अने हलदर, नाम तेमज स्वाद भेद थवाथी अभक्ष्य नथी. तथा उकालेलुं पाणी त्रण उभरा आवे त्यारे अचित्त थइ जाय छे. आ कथन पिंडनिर्युक्तिमां छे. चोखाना धोणनुं पाणी ज्यारे नितरीने निर्मल थइजाय, त्यारे अचित्त थाय छे. वली उष्ण जलनी मर्यादा प्रवचनसारोद्धारादि ग्रंथोमां आ प्रमाणे लखी छे. त्रण वखत उभरा आवेलुं उष्णजल उनालाना चारे मासमां पांच पहोर अचित्त रहेछे. आ चूलेथी उतार्या पछीनी मर्यादा छे. तथा वर्षाऋतुना चारे मासमां त्रण पहोर अचित्त, अने शियालाना चारे मासमां चार पहोर अचित्त रहे छे, पछी सचित्त थइ जाय छे. जो ग्लान, बाल, वृद्धादि साधु वास्ते मर्यादा उपरांत राखवुं होय तो क्षारादि वस्तुनो प्रक्षेप करीने राखवुं, तेम करवाथी सचित्त थतुं नथी. आ कथन प्रवचन सारोद्धारना

१३६ मा द्वारमां छे. तथा कांगडु मग, मठ अने हरडादिनां बीज ( गोठली ) अगरजो के अचित्त छे, तोपण योनि राखवा वास्ते, तथा निःशूकतादि परिहार वास्ते दांतथी तोडवा न जोइए. इत्यादि सचित्त वस्तुनुं स्वरूप जाणीने सातमुं व्रत अंगीकर करवुं जोइए.

श्रावकें प्रथम तो निरवद्य ( दोष रहित ) आहार करवो जोइए, तेम न करी शके तो सर्व सचित्त वस्तु खावानो त्याग करवो जोइए; तेम पण न करी शके तो बावीश अभक्ष्य अने बत्रीश अनंतकाय तो अवश्य त्यागवा जोइए. वली चौद नियम धारवा जोइए. सूइ उठीने यथाशक्ति नियम ग्रहण करवुं, पछी यथाशक्ति प्रत्याख्यान करवुं. नमस्कार सहित पोरसी प्रमुख प्रत्याख्यान, जो सूर्य उदय पहेलां उचरवामां आवे तो शुद्ध छे, अन्यथा शुद्ध नथी. शेष प्रत्याख्यान सूर्योदय पछी पण थइ शके छे. नवकारशी जो सूर्योदय पहेलां उचरवामां आवी होय तो तेनी पछीना पोरसी तेमज साढ पोरसी प्रमुख प्रत्याख्यानो थइ शके छे. जे नमस्कारसहित सूर्योदयनी पहेलां उच्चारण न करीए तो कोइपण काल प्रत्याख्यान करवुं शुद्ध नथी; अने जो प्रथम नमस्कारादि प्रत्याख्यान मुष्टि सहितादि करे तो सर्वकाल प्रत्याख्यान करवामां अवे ते शुद्धज थाय छे.

रात्रिए चौविहार करे अने दिवसें एकासणुं करे, पछी ग्रंथिसहित प्रत्याख्यान करे तो तेने दरेकमासमां उगणत्रीश उपवासनुं फल मले छे. दररोज बे वखत भोजन, उपर कहेली रीति प्रमाणे करे तो तेने अठावीश उपवासनुं फल मले छे; कारण के भोजन करतां बे घडी काल लागे छे, बाकीनो काल तपमां व्यतीत थाय छे. आ कथन पद्मचरित्रमां छे. प्रत्याख्यान उपयोगपूर्वक पुरुं थइजाय तो पारे.

हवे चारप्रकारना आहारना विभाग कहीयें छीयें. अनाज, पक्वान्न, रोटला प्रमुख, जेनाथी क्षुधानो नाशथइ शके, ते प्रथम अशन नामनो आहार छे. छाशनुं पाणी तथा उष्णजल प्रमुख आ बीजो पाननामा आहार छे. फल, फूल, शेलडीरस, सुखडीप्रमुख, आ त्रीजो खादिमनामा आहार छे; अने सूंठ, हरडे, पिपलीमूल, तीखां, जीरुं, अजमो, जायफल, जावंत्री, अशेलीउं, खेरवडी, जेठीमध, तज, तमालपत्र, एलायची, कोठ,

विडंग, बिडलवण, अजमोद, कुलिजण, पीपर, चीणकबाब, कचूर, मुस्ता, कंटासेलीउं, कपूर, संचल, हरडां, बहेडां, कुंठजउं, बबुल, धव, खदिर, पान, सोपारी, हिंग, हिंगुलाष्टक, त्रेवीसउं, पंचकुल, पुष्करमूल, जवासा मूल, बावची, तुलसी, आ सर्व खादिम नामा चोथा आहारमां छे. प्रवचन सारोद्धारादि ग्रंथो तेमज भाष्यमां आ विचार बतावेल छे. कल्पवृत्तिमां तेने खादिम कहे छे. कोइ अजमाने पण खादिम कहे छे. आ मतांतर छे. आ सर्वस्वादिमनामा आहार छे. वली एलायची तथा कपुरप्रमुखथी वासित करेलुं जल दुविहार प्रत्याख्यानमां पीवुं कल्पे छे. तथा वेशण, वरीआली, सोय, कोठवडी, आमलागांठ, आंबानी गोठली, लींबुनां पान प्रमुख खादिम होवाथी दुविहार प्रत्याख्यानमां लेवां कल्पतां नथी. त्रिविहार प्रत्याख्यानमां मात्र जल पीवुं कल्पे छे. तेमां पण फुकारेलुं पाणी, तथा साकर, कपुर, एलची, कथ्था, खेर, चूर्णक, सेलक, पाडलादिवासित जल, जो नितारीने तेमज गलीने वापरे तो कल्पे, अन्यथा नहीं.

शास्त्रोमां मध, गोल, साकर, खांडप्रमुख स्वादिममां गणेला छे, अने द्राक्ष, शर्करादि जल, तक्र प्रमुखने पानमां गणेलां छे, तो पण ते दुविहार प्रत्याख्यानमां कल्पता नथी. उक्तं च ॥ नागपुरीयगछना करेला प्रत्याख्यानभाष्यमां कह्युं छे के ॥ दखा पाणाईयं, पाणं तह साइमं गुडाईयं ॥ पढियं सुयंमि तहविहु, तित्तीजणगंति नायरिअं ॥ १ ॥ स्त्रीनी साथे भोग करवाथी चौविहारनो भंग थतो नथी; परंतु बालकना तथा स्त्रीना होठ मुखमां लइ चुंबन करवामां आवे तो भंग थाय. वली दुविहार प्रत्याख्यानमां तेम पण करे तो भंग थतो नथी. प्रत्याख्यान मात्र आहारनुंज कराय छे, परंतु रोम आहारनुं करवामां आवतुं नथी, तेथी लेपादि करवाथी प्रत्याख्यानमां भंग थतो नथी.

वली नीचेनी वस्तुउं कोइपण प्रकारना आहारमां गणाती नथी तेनां नाम. पंचांग लींबडो, गोमूत्र, गली, कडुं, करीआतुं, अतिविष, कडानी छाल, चीड, चंदन, राख, हरिद्रा, रोहणी, उपलोट, वज, त्रिफला, बावलनी छाल, धमासो, नहि, आसंध, रींगणी, एलियो, गुगल, हरडां दल, कपासनी जड, जाल, बैरी, कंथेर, करीर, तेनी जड, पुंआड, बोह-

थोरी, आठी मजीठ, बोल, बीउकाष्ट, कुंआर, चित्रक, कुंदरु प्रमुख जे जे वस्तुउं खावामां अनिष्ट लागे ते सर्व अणाहारिक छे. आ अणाहारी वस्तु रोगादि कष्टमां चोविहार प्रत्याख्यानमां पण खावामां आवे तो जंग थतो नथी. आ प्रमाणे आहारना जेद जाणीने प्रत्याख्यान करे.

पछी दिशाए जवुं, दांतण करवुं, उल उतारवी, कोगला करवा, आ सर्व देशस्नान करी पवित्र थवुं जोइए. आ कथन अनुवादरूप छे; कारण के पूर्वोक्त सर्वकामो सवारमां उठी प्रायः सर्व गृहस्थ करे छे; तेमां शास्त्रोपदेशनी अपेक्षा नथी, कारण के व्यवहारथी स्वतः सिद्ध छे, परंतु तेनो विधि शास्त्रमां कहेलो छे. प्रथम मलोत्सर्ग (दिशाए जवा) नो विधि आ प्रमाणे छे. ॥ यडुक्तं विवेकविलासग्रंथे ॥ मूत्रोत्सर्गं, मलोत्सर्गं मैथुनं स्नानजोजनं ॥ संध्यादिकर्म पूजा च, कुर्याज्जापं च मौनवान् ॥ १ ॥ अर्थः–मुतरवुं, दिशाए जवुं, मैथुन करवुं, स्नान, जोजन, संध्यादि कर्म, पूजा, जाप, आ सर्व मौनपणें करवां; तथा बंने संध्या वस्त्र पेहेरीने करे दिवसे उत्तर सन्मुख मुख राखी लघुशंका करे. वली सर्व नक्षत्रोनुं तेज सूर्यथी अवराइ जाय, अने सूर्यनुं मंडल अर्धबहार आवे त्यांसुधी सवारनी संध्या करे; तथा सूर्य अर्ध अस्त थाय, पछी बे त्रण नक्षत्रो ज्यां सूधी नजरे न पडे, त्यांसुधी सायंकाल कहेवाय छे. वली राखना ढगला उपर, छाणना ढगला उपर, गायोने बेसवाना स्थानमां, सर्पनी बंबी उपर, ज्यां बहुलोक पुरीषोत्सर्ग करता होय त्यां, उत्तम वृक्षनी नीचे, रस्ता उपरना वृक्षनी हेठल, रस्तामां सूर्य सन्मुख, पाणीनी जगामां, स्मशानमां, नदीना कांठा उपर, जे जगाने स्त्रीउं पूजती होय ते जगाउपर, इत्यादि स्थानोमां मलोत्सर्ग न करे. परंतु ज्यां बेसवाथी कोइ गाल दीए नहि, मारे कुटे नही, पकडी लइ जाय नहि तेवा स्थानमां तेमज ज्यां बेसवाथी पडी जवाय नही, ज्यां जमीनमां पोलाण होय नही, मछर डांसादि त्रसजीव तथा बीजप्रमुख होय नही, एवा उचित स्थानमां मलोत्सर्ग करे. वली गामनी तथा कोइना घरनी समीप मलोत्सर्ग न करे. जे तरफथी पवन आवतो होय, तथा गामनी पूर्व दिशि तरफ पूंठ करीने मलोत्सर्ग न करे. तथा मूत्रनो वेग रोकवो नही. मूत्रनो वेग रोकवाथी नेत्रमां हानि थाय छे, अने दिशानो

वेग रोकवाथी मृत्यु थइ जाय छे. वली वमन रोकवाथी कुष्ट रोग थइ जाय छे. कदापि आ त्रणे वात नही थाय तो रोग तो अवश्य थशे. श्लेष्म करवामां आवे त्यारे तेना उपर धूड नाखी देवी; कारण के श्री प्रज्ञापना उपांगना प्रथम पदमां लख्युं छे के चौदस्थानमां संमूर्छिम जीव उत्पन्न थाय छे. ते चौदस्थानननां नाम १ पुरीष ( विष्टा ) मां, २ मूत्रमां, ३ मुखना थुंकमां, ४ नाकना मेलमां, ५ वमनमां, ६ पित्तमां, ७ वीर्यमां, ८ वीर्य रुधिरना संगममां, ९ राध ( परु ) मां, १० वीर्यना पुद्गल अलग निकली पडे तेमां, ११ जीवरहित कलेवरमां, १२ स्त्री पुरुषना संयोगमां, १३ नगरनी मोरीमां, १४ सर्व अशुचिस्थानमां, जेमके कानना मेलमां, आंखना चीपडामां, बगलना मेलमां; इत्यादि. आ सर्वे चौद बोल मनुष्यना संसर्गवाला ग्रहण करवा अने ज्यारे शरीरथी अलग मेल थाय छे, त्यारे जीव उत्पन्न थाय छे.

वली दांतण पण निरवद्य स्थानमां करे. दातण अचित्त जाणेला वृक्षनुं कोमल करे; दांतोने दृढ करवा वास्ते तर्जनी आंगलीथी दांतोनी बीड घसे; जे दांतनो मेल पडे, तेना उपर धूड नाखी दे. दातण पण केवीरीतें करे ? दातण सीधुं, गांठ विनानुं, जेनो कुचो सारो थाय तेवुं, आगल जतां पातलुं, नानी आंगली समान जाडुं, सारीभूमिमां उत्पन्न थयेलुं, एवुं लइ तेने कनिष्ठा अने अनामिका आंगली वचे पकडी, प्रथम जमणी दाढा घसे, पछी डाबी दाढा घसे; स्वस्थ थइ उपयोगथी दांतने अने पेढाने पीडा न थाय तेम घसे. उत्तर तथा पूर्वसन्मुख निश्चलासनथी बेसी मौनयुक्त दातण करे. दुर्गंधी, सुकी, पोली, खाटी, खारी वस्तु दांतने न घसे वली व्यतीपात, रविवार, संक्रातिदिन, ग्रहण लागवाने दिन, नवमी, अष्टमी, पडवो, चौदश, पूर्णमासी, अमावास्या, आ दिनोमां दातण न करे. जो दातण न मले तो मुख शुद्धिने वास्ते बार कोगला करे, अने उलतो हमेशां उतारे. दातणनी फाडथी जीभनो मेल हलवे हलवे सघलो उतारीने शुद्ध स्थानमां दातण धोइने पोताना मुखसन्मुख नाखे. वली खांसीवालां, श्वासवालां, तपवालां, अजीर्णवालां, शोकवालां, तृषावालां, मुख पाकेलां, मस्तक, कान, नेत्र, हृदयना रोगवाला, दातण न करे.

मस्तकना केशने निरंतर समारे, जेथी माथामां जू न पडे. पछी तिलक करे. तिलक करती वखते आरीसामां पोतानुं मुख न देखे तेमज मस्तक न देखे तो पांच दिवसनी अंदर पोतानुं मरण जाणवुं. जेणें उपवास पोरसी प्रमुख प्रत्याख्यान कर्युं होय ते दांत धोया विना शुद्ध छे, कारण के तपनुं फल बहुज उत्तम छे. लौकिक शास्त्रोमां पण उपवासादि करे तो दातण विनाज देवपूजा करे एवो पाठ छे, ते कारणथी उपवासादिमां दातण करवानो लौकिकशास्त्रोमां निषेध छे. यदुक्तं विष्णुभक्तिचंद्रोदय ग्रंथे ॥ प्रतिपद्दर्शषष्ठीषु, मध्यांते नवमीतिथौ ॥ संक्रांतिदिवसे प्राप्ते, न कुर्यात् दंतधावनं ॥ १ ॥ उपवासे तथा श्राद्धे, न कुर्यात् दंतधावनं ॥ दंतानां काष्ठसंयोगो, हंति सप्त कुलानि वै ॥ २ ॥ इत्यादि.

ज्यारे स्नान करे त्यारे पनक कुंथुआदि जीवोथी रहित भूमिमां स्नान करे. भूमि उंची, नीची तथा पोली न होय त्यां स्नान करे. उष्ण प्राशुक जलथी स्नान करे, जो उष्ण जल न मले, तो वस्त्रथी गली प्रमाण संयुक्त शीतल जलथी स्नान करे. व्यवहारशास्त्रोमां लख्युं छे के, नग्न थइने, रोगछतां, परदेशथी आवीने, भोजन कर्या पछी, आभूषण पेहेरीने, कोइने विदाय करीने, मांगलिक कार्य कर्या पछी स्नान न करे; तथा अजाण्या पाणीमां, दुष्प्रवेशजलमां, मेलाजलमां, वृक्षोथी आछादित थयेला, शेवालथी आछादित जलमां स्नान न करे. वली शीतजलथी स्नान करी उष्णभोजन न करवुं जोइए. अने उष्ण जलथी स्नान करी शीत भोजन न करवुं जोइयें. तेलमर्दन निरंतर करवुं जोइए. स्नान कर्या पछी जेनी कांति फीकी देखाय, तथा जेना दांत परस्पर घसाय, अने जेना शरीरमां मडदा जेवी गंध आवे, तेनुं मरण त्रणदिवसअंदर समजवुं; तथा स्नान कर्यापछी जेना हृदयमां तथा बंने पगोमां तत्काल पाणी शोषाइ जाय, तो तेनुं छ दिवसमां मरण समजवुं. मैथुनसेवीने तथा वमनकर्या पछी थोडीवार पछी स्नान करवुं. मृतकनी चितानो धुमाडो लाग्यो होय तथा मस्तक मुंडाव्युं होय तो गलेला शुद्ध जलथी स्नान करवुं. तेलमर्दनकरी स्नान कर्या पछी उज्वल वस्त्र, आभरण, पहेरवां. प्रयाणकरवाना दिवसे, संग्राममां जतां, विद्यामंत्र साधतां, रातना, सांजे, पर्वदिवसे, नवमेदिवसे, स्नान न करे तथा मस्तक पण न मुंडावे, तथा

पक्षमां एकवार दाढीमस्तकना केश तथा नख दूर करावे, पोताने हाथे तथा दांते नख न उतारे. स्नान करवाथी शरीर पवित्र चैतन्य सुखकर, भावशुद्धिनो हेतु थाय छे ॥ उक्तं च द्वितीये अष्टकप्रकरणे ॥ जलेन देहदेशस्य, क्षणं यत् शुद्धिकारणं ॥ प्रायोन्यानुपरोधेन, द्रव्यस्नानं तदुच्यते ॥ १ ॥ अर्थः– जलथी शरीरनी त्वचामात्रनीज क्षणमात्र शुद्धि छे परंतु दीर्घकाल नही. शुद्धि जे थाय छे ते पण प्रायः छे. एकांत नथी, कारण के अतिसारादि रोगवालाने क्षण मात्र पण शुद्धि थती नथी. धोवा योग्य मेलथी बीजा नासिकादि अंतर्गत मेल जे छे ते स्नानथी दूर थता नथी, अथवा पाणीविना बीजा जीवोनी हिंसा न करवाथी जे स्नान छे ते बाह्य स्नान छे. जे पुरुष स्नान करी भगवाननी तेमज साधुनी पूजा करे, तेनुं स्नान पण सारुं छे, कारण के ते स्नान भावशुद्धिनुं निमित्त छे. स्नान करवामां अप्कायना जीवोनी विराधना छे, तो पण सम्यक् दर्शननी शुद्धि रूप गुण छे. ॥ यदुक्तं ॥ पूजाए कायवहो, पडिकुठो सोउ किंतु जिण पूआ ॥ सम्मत्त शुद्धि हेउ, त्ति भावणीयाउ निरवज्जा ॥१॥ अर्थः–कोइ कहे छे के पूजा करवाथी जीववध थायछे अने जीववध तो शास्त्रमां निषेध करेल छे, ते कारणथी पूजा न करवी जोइए, तेनो उत्तर एवो छे के, जिनराजनी पूजा, सम्यक्त्वनी निर्मलता करनारी छे, ते कारणथी जिनपूजा निरवद्य छे. ए प्रमाणे देवपूजा वास्ते गृहस्थने स्नान करवा कह्युं छे, तथा शरीरना चैतन्य सुखवास्ते पण स्नान छे, परंतु स्नान करवाथी पुण्य थाय छे एम मानवुं ते मिथ्या छे, कारण के जे कोइ तीर्थमां जइ जाणीने स्नान करे छे तेने पण शरीर शुद्धि शिवाय बीजुं कांइ पण फल थतुं नथी. आ वात अन्यदर्शनना शास्त्रोमां पण कथन करेली छे. उक्तं च ॥ स्कंदपुराणे काशीखंडे षष्ठाध्याये ॥ श्लोक ॥ मृदो भारसहस्रेण, जलकुंभशतेन च ॥ न शुध्यंते दुराचारा; स्नानतीर्थशतैरपि ॥१॥ जायन्ते च म्रियंते च, जलेष्वेव जलौकसः ॥ न च गछन्ति ते स्वर्ग, मविशुद्धमनोमलाः ॥ २ ॥ चित्तं समाधिभिः शुद्धं, वदनं सत्य भाषणैः ॥ ब्रह्मचर्यादिभिः कायः, शुद्धोगंगां विनाप्यसौ ॥ ३ ॥ चित्तं रागादिभिः क्लिष्ट, मलीकवचनैर्मुखं ॥ जीवहिंसादिभिः कायो, गंगा तस्य पराङ्मुखी ॥ ३ ॥ परदारा परद्रव्य, परद्रोहपराङ्मुखः ॥ गंगाप्या-

लाधरने पाणीनो स्पर्श थयापछी जिनबिंब उपर ते पाणी पडे छे. तेमां दोष नथी. आ वृद्धोनी आचरणा छे. तेवीजरीतें चोवीशी गट्टा आदिमां पण जाणी लेवुं. ग्रंथोमां पण एवीज रीति देखवामां आवे छे ॥ भाष्यकारनुं वचन अहींयां लखीयें छीयें. जिनराजनी ऋद्धि देखावावास्ते कोइ भक्तजन एक प्रतिमा बनावे छे, साथे प्रगटपणे अष्टमहाप्रातिहार्य देवागम सुशोभित रचावे छे. २ दर्शन, ज्ञान, चारित्रनी आराधनावास्ते कोइ त्रण तीर्थी प्रतिमा बनावे छे. ३ कोइ भक्तजन पंच परमेष्टिना आराधन निमित्तें उद्यापन ( उजमणा ) मां पंचतीर्थी प्रतिमा भरावे छे. ४ चोवीश तीर्थंकरोनां कल्याणक, तप उजमणां वास्ते भरतक्षेत्रमां जे ऋषभादि चोवीशे तीर्थंकरो थया छे, तेउंना बहुमान वास्ते कोइ चोवीशी बनावे छे. कोइ भक्तिथी मनुष्यलोकमां उत्कृष्ट एककालमां एकसो सित्तेर तीर्थंकर विहरमानना एकसो सित्तेर प्रतिमा बनावे छे; ते कारणथी त्रण तीर्थी, पांचतीर्थी, चोवीशी आदिनुं बनाववुं युक्तियुक्त छे. आ पूर्वोक्त सर्व अंगपूजा छे.

हवे अग्र पूजानुं वर्णन करीये छीये. रूपाना अथवा सोनाना वा धोला अक्षत, सरसव प्रमुखथी अष्टमंगलादि आलेखन करे, जेम श्रेणिकराजा दररोज एकसो आठ सोनाना जवथी त्रिकाल भगवाननी प्रतिमा सन्मुख साथीउं करता हता तेम करे; अथवा ज्ञान, दर्शन, चारित्रनी आराधनावास्ते अनुक्रमें पाटला उपर अक्षतना त्रण पुंज करे तथा साथीआ करे. तथा अशन ते एक रोटली भातप्रमुख, २ शेलडी रसप्रमुख ते पान, ३ पक्वान्नादि ते खादिम, ४ तंबोलादि ते स्वादिम. आ चारे प्रकारनां नैवेद्य भगवान् सन्मुख ढोवे. तथा उत्तम प्रकारना लीलां फल तथा सुकां फल. दाडिम, सफरजन, संतरां, नालीअर, बदाम प्रमुख प्रभु आगल ढोवे. वली गोशीर्ष चंदनादिथी तथा पुष्पप्रकरथी विलेपन पूजनकरी आरति प्रमुख दीपक पूजा करे. आ सर्व अग्रपूजा छे. ॥ यद्भाष्यं ॥ गाथा ॥ गंधव नट्ट वाइय, लवण जलारत्तिआइ दीवाइ ॥ जं किच्चं सवंपिउं, अरई अग्गपूआए ॥ १ ॥ नैवेद्य पूजातो दररोज करवी ते सुखदायक छे, तेनुं फलपण मोटुं छे. कोरुं अनाज तथा रांधेलुं अनाज पण चढावे. लौकिक शास्त्रमां पण कह्युं छे के ॥ धूपोदहति पापानि,

दीपोमृत्युविनाशकः ॥ नैवेद्यं विपुलं राज्यं, सिद्धिदात्री प्रदक्षिणा ॥ १ ॥ नैवेद्य चढाववुं, आरति करवी इत्यादि आगममां पण लखेल छे. "कीरइ बलि" एवो पाठ आवश्यकनिर्युक्तिमां छे. तथा निशीथचूर्णीमां पण बलि चढाववी एम लखेल छे. वली कल्पभाष्यमां पण लखेलुं छे के, जे नैवेद्य जिनप्रतिमा आगल चढाववावास्ते कर्युं होय, ते साधुने न कल्पे. तथा प्रतिष्ठाप्राभृतथी रचेली, श्रीपादलिप्त आचार्यकृत प्रतिष्ठापद्धतिमां लख्युं छे के, आरति उतारवी, मंगल दीवो कर्यापछी चार स्त्री मली नैवेद्य, गीतगानविधिथी करे. ॥ तथा च महानिशीथे तृतीये अध्ययने ॥ अरिहंताणं भगवंताणं गंधमल्लपईव समज्जणोवलेवण विचित्त बलिवत्थ धूवइएहिं पूआ सक्कारेहिं पइदिण मच्चणंपि कुवाणा त्तित्थुपणं करेमोत्ति ॥ इति अग्रपूजा.

हवे भावपूजानुं स्वरूप लखीये छीये. द्रव्यपूजानो व्यापार निषेधवा वास्ते त्रीजी निस्सीहि त्रणवार करे. श्रीजिनेश्वर भगवाननी दक्षिण बाजुयें पुरुष, अने डाबी बाजुयें स्त्री रहे. आशातना टालवावास्ते मंदिरमां जघन्यथी भूमिनो संभव होतां नव हाथ प्रमाण, अने घरदेरासरमां जघन्यथी एक हाथ प्रमाण, अने उत्कृष्टथी साठ हाथ प्रमाण अवग्रह छे. तेनी बहार बेसीने चैत्यवंदन विशिष्ट काव्योथी करे. श्रीनिशीथमां, वसुदेवहिंडमां, तथा अन्यशास्त्रोमां, श्रावकोयें पण कायोत्सर्ग, स्तुति आदि करी चैत्यवंदन करेल छे, एवा पाठ छे. भाष्यमां चैत्यवंदन त्रण तरेहथी करवुं कहेलछे. एक जघन्य चैत्यवंदन, ते बे हाथ जोडी, मस्तकनमावी, प्रणाम करवा, यथा "नमो अरिहंताणं" इति, अथवा श्लोकादि बोली नमस्कार करवो, अथवा एक शक्रस्तव बोले तो जघन्य चैत्यवंदन थाय. बीजुं मध्यम चैत्यवंदन, ते चैत्यस्तव दंडकयुगल 'अरिहंत चेइआण' इत्यादि कायोत्सर्ग कर्या पछी एकस्तुति कहेवी ते. त्रीजुं उत्कृष्ट चैत्यवंदन, ते पंचदंड, १ शक्रस्तव, २ चैत्यस्तव, ३ नामस्तव, ४ श्रुतस्तव, ५ सिद्धस्तव, प्रणिधान, जयवीयराय इत्यादि. वली कोइ आचार्यनो एवो मत छे के एकशक्रस्तव करवाथी जघन्य चैत्यवंदन थायछे, बे त्रणशक्रस्तव करवाथी मध्यम चैत्यवंदन थायछे, अने चार अथवा पांच शक्रस्तव करवाथी उत्कृष्ट चैत्यवंदन थायछे. तेनोविधि चैत्यवंदन भाष्यथीजाणवो.

चैत्यवंदन निरंतर सातवखत करवुं, एम महानिशीथमां साधु वास्ते कहेलछे. श्रावकनेपण उत्कृष्ठथी सातवखत चैत्यवंदन करवा कह्युंछे. १प्रतिक्रमणमां, २ मंदिरमां, ३ आहार करतां पेहेलां, ४ दिवस चरित्र करतां, ५ देवसी प्रतिक्रमणमां, ६ सूती वखत, ७ सूइ उठतां वखत. आ प्रमाणे सातवखत चैत्यवंदन साधुवास्ते कहेल छे. श्रावक जो आठ पहोरमां प्रतिक्रमण करतो होय तो ते निश्चयें सातवार चैत्यवंदन करे; बे प्रतिक्रमणमां बे चैत्यवंदन करे, त्रीजुं सुतीवखत, चोथुं उठतीवखत, अने त्रणकाल पूजाकर्या पछी त्रणवार. एम सात वार श्रावक चैत्यवंदन करे. जे श्रावक एकवार प्रतिक्रमण करे, ते छवार चैत्यवंदन करे, जे प्रतिक्रमण न करे ते पांचवार चैत्यवंदन करे; जे सूतां उठतां पण चैत्यवंदन न करे ते त्रण वार करे. जो नगरमां बहु जिनमंदिरो होय तो सातथी अधिक पण चैत्यवंदन करे. वली जो त्रणकाल जिनपूजा न करी शके तो त्रिकाल देववंदन करे. कारण के श्रीमहानिशीथमां लख्युं छे के जेने गुरु प्रथम जैनमतनी श्रद्धा करावे, तेने प्रथम आ प्रमाणे नियम आपे. सवारमां जिनप्रतिमाना दर्शन कर्या विना पाणीपण पीवुं नही. मध्याह्ने ज्यांसुधी जिनप्रतिमा अने साधुनी वंदना न करे, त्यांसुधी भोजन करवुं नही. संध्या समय चैत्यवंदन कर्याविना शय्या उपर पग मुकवो नहि.

वली गीत नृत्य जे अग्रपूजामां वर्णवेलां छे, ते भाव पूजामां पण आवी शकेछे. गीत, नृत्य मुख्यवृत्तियें तो श्रावक पोतेज करे, जेम निशीथ चूर्णीमां उदायिन राजानी राणी प्रभावतीनुं व्याख्यान छे तेम. वली पूजा करवाना अवसरमां श्रीअरिहंतनी त्रण अवस्थानी कल्पना करे, तेमां स्नान करती वखत छद्मस्थ अवस्थानी कल्पना करे; आठ प्रातिहार्यनी शोभा करतां के केवली अवस्थानी कल्पना करे; पर्यंकासन, कायोत्सर्गासन देखी सिद्ध अवस्थानी कल्पना करे. छद्मस्थ अवस्था पण त्रण तरेहथी कल्पे, एकजन्म अवस्था, बीजी राज्य अवस्था, त्रीजी साधुपणानी अवस्था. स्नाननी वखत जन्म अवस्था कल्पे; माला, आभरण पहेरावती वखत राज्य अवस्था कल्पे, दाढी, मुछ, मस्तकना वालो न होवाथी साधु अवस्था विचारे. तेमां साधु, केवली तथा मोक्ष अवस्थाने वंदना करे.

वली पूजा पंचप्रकार, अष्टप्रकार, अने धनवान् होय तो सर्वप्रकारथी

पूजा करे. तेमां पुष्प, अक्षत, गंध, दीप, धूप, आ पंचप्रकारें पूजा जाणवी, अने जल, चंदन, पुष्प, धूप, दीप, अक्षत, नैवेद्य, फल, आ अष्टप्रकारें पूजा जाणवी. ते अष्टविध कर्मने मथनारी छे. वली स्नात्र, विलेपन, वस्त्र, आभूषणादि, फल, दीप, गीत, नाटक, आरति आदि करे, ते सर्वोपचार पूजा छे ॥ इति बृहद्भाष्ये ॥

वली पूजाना त्रण भेद छे. १ पोते कायाथी पूजानी सामग्री लावे, २ वचनोथी बीजा पासे मगावे, ३ मनथी सुंदर पुष्प, फल, प्रमुखथी पूजा करे. एम काया, वचन अने मन, त्रणे योगथी, करे, करावे, अनुमोदे. आ त्रण प्रकारें पूजा समजवी.

वली एक फल, बीजी नैवेद्य, त्रीजी थुइ, चोथी प्रतिपत्ति ते वीतरागनी आज्ञापालन रूप, आ चार प्रकारें पूजा, यथाशक्तियें करे. ललितविस्तरादिग्रंथोमां "पुषामिषस्तोत्र प्रतिपत्ति" अर्थात् फूल, नैवेद्य, स्तोत्र अने आज्ञा आराधनीय, आ उत्तरोत्तर प्रधान छे ॥ इत्यागमोक्तं पूजाभेदचतुष्टयं ॥

वली पूजाना बे प्रकार छे, १ द्रव्यपूजा, २ भावपूजा. पुष्पादिथी जिनराजनी पूजा करवी, ते द्रव्यपूजा छे, अने जिनेश्वरनी आज्ञा पालवी ते भावपूजाछे. वली पुष्पारोहणं, गंधारोहणं इत्यादि सत्तर भेदथी, तथा स्नात्र विलेपनादि एकवीश भेदथी पूजा छे; परंतु अंगपूजा, अग्रपूजा, अने भावपूजा, आ त्रणे पूजा, सर्वपूजाउनी अंतर्भावीछे. तेमां पूजाना सत्तर भेद लखीये छीये.

१ स्नात्र करवुं २ विलेपन करवुं, ३ चक्षुजोडा वा वस्त्रयुगल, ४ वास सुगंध, ५ पुष्पारोहण, ६ पुष्पनी माला, ७ पंचरंगी फूल चढाववां, ८ भीमसेनी बरासनुं चूर्ण छांटवुं, ९ आभरण पहेराववां, १० पुष्पना ग्रह बनाववां, ११ फूलना पगर, वरसाद करवो, १२ पुष्पनी आंगी रचन, १३ अष्टमंगल, अक्षत, १४ धूप पूजन, १५ गीत, १६ नृत्य, १७ वाजित्र, इति.

हवे पूजाना एकवीश भेद लखीये छीये. तेनुं वर्णन करतां पहेलां पूजा करनारें शुं शुं नियमो जालववा जोइये तेनुं स्वरूप लखीये छीये. १ पूजा करनार पूर्वदिशि तरफ मुख करी स्नान करे २ पश्चिम दिशातरफ

मुख करी दातण करे, ३ उत्तर दिशासन्मुख उन्ना रही श्वेत वस्त्र पहेरे, ४ पूर्वोत्तर मुख राखी पूजा करे, ५ घरमां प्रवेश करतां डाबीबाजुये शल्य रहित ज्ञूमिमां देरासर करावे, ६ ज्ञूमिथी उंचुं दोढ हाथ राखी देरासर करावे. जो देरासर नीची ज्ञूमिकामां करावे तो तेनो वंश दिवसें दिवसें नीची स्थितिमां उतरतो जशे. ७ दक्षिण दिशि तथा विदिशि सन्मुख मुख न करे. ८ घरदेरासरमां पश्चिम सन्मुख मुख करी पूजा करे तो, चोथी पेढीमां संताननो उछेद थाय. ९ दक्षिण दिशितरफ मुख करी पूजा करे तो संतानहीन थाय. १० अग्निकोणें करे तो धनहानि थाय. ११ वायुखुणे करे तो संतान न थाय. १२ नैरुत्य खुणे कुलक्षय थाय. १३ ईशान खुणे करे तो, एकस्थलें रेहेवानुं न बने. १४ बंने पग, बंने जानु, बंने हाथ, बंने स्कंध, मस्तक आ नव अंगमां अनुक्रमें पूजा करे, १५ चंदन शिवाय पूजा करे नहीं. १६ कंठमां, हृदयमां, नाज्ञिमां तिलक करे. १७ नवे अंगमां नवतिलकथी निरंतर पूजा करे. १८ सवारमां प्रथम वासपूजा करे. १९ मध्याह्ने पुष्पथी पूजा करे. २० संध्याये दीपथी पूजा करे. २१ जे फूल हाथमांथी धरती उपर पडे, जे पगने लागी जाय, जे मस्तकथी उपर चाल्युं जाय, जे मेलां वस्त्रमां राखवामां आवेल होय, जे नाज्ञिथी नीचे राखवामां आवेल होय, जेने दुष्ट जननो स्पर्श थयो होय, जे बहुस्थलें ज्ञांगी गयुं होय, जे जीवोथी खवायुं होय, एवां फल ज्ञक्तजनोयें जिनपूजामां उपयोगमां लेवां नहि. २२ एक फूलना बे कटका करी पूजन करवुं नही. २३ कलीने छेदवी नहीं, चंपक उत्पलादि फुलोने ज्ञांगवामां बहु दोषछे. २४ गंध, धूप, अक्षत, पुष्पमाला, दीपक, नैवेद्य, जल, उत्तम फल, इत्यादिथी जिनराजनी पूजा निरंतर करे. २५ शांतिकार्यमां श्वेत वस्त्र पेहेरी पूजा करे २६ द्रव्यलाज्ञने वास्ते पीलांवस्त्र पेहेरी पूजा करे. २७ शत्रु जीतवा वास्ते कालां वस्त्र पेहेरी पूजाकरे. मांगलिक कार्यवास्ते लालवस्त्र पेहेरी पूजाकरे. २९ मुक्तिवास्ते पांच वर्णनां वस्त्र पेहेरी पूजा करे. ३० शांतिकार्यवास्ते पंचामृतनो होम, दीवा, घी, गोल, लवणनो अग्निमां प्रक्षेप करवो ते पुष्टि हेतु जाणवो. ३१ फाटेलां, दांडीआं करेलां, छिद्रवालां, कापेलां, जेनो रातो वर्ण ज्ञयानक होय, एवां वस्त्र पेहेरी, दान, पूजा, तप, होम अने सामायिक प्रमुख करे तो ते निष्फल थाय.

२१ पद्मासन बेसी, नासाग्रलोचन स्थापन करी मौनता धारण करी वस्त्रथी मुखकोश बांधी, जिनराजनी पूजा करे.

हवे पूर्वोक्त एकवीश प्रकारी पूजानां नाम लखीये छीये. १ स्नात्र पूजा, २ विलेपनपूजा, ३ आभरण पूजा, ४ पुष्पपूजा, ५ वासपूजा. ६ धूप, ७ दीप, ७ फल, ए अक्षत, १० नागरवेलनां पान, ११ सोपारी, १२ नैवेद्य, १३ जल, १४ वस्त्र, १५ चामर, १६ छत्र, १७ वाजित्र, १७ गीत, १ए नाटक, २० स्तुति, २१ भंडारवृद्धि. जे वस्तुठ बहुज सुंदर होय, ते जिनराजनी पूजामां वापरवी जोइये. आ पूजाना प्रकार श्री उमास्वातिवाचककृत पूजाप्रकरणमां प्रसिद्ध छे.

विवेकविलासमां लख्युंछे के श्रावक ईशानखुणामां पण देवघर बनावे. वली पगउपर पगधारणकरी, विषमासने बेसी. उथडकआसने बेसि, वामपग उंचा राखी, वामहस्तथी जिनराजनी पूजा न करे. शुष्क पुष्पोथी पूजा न करे. जे पुष्प धरतीपर पडीगयुं होय, जेनी पांखडी सडीगइ होय, नीच लोकोनो जेने स्पर्श थयो होय, जे देखवामां अशुभ होय, जे विकस्वर न थयां होय, जे कीडाथी खवायेलां होय. जे रातनां वासी होय, जे मकडीनां जालांवालां होय, जे अमनोज्ञ होय, जे दुर्गंधवालां होय, सुगंधरहित होय. खाटी गंधवालां होय, मलमूत्रनी जगामां उत्पन्न थयेलां होय, अपवित्र थयेलां होय, एवां पुष्पोथी जिनराजनी पूजा न करवी. विस्तारसहित पूजा करवाना अवसरमां, तथा निरंतर अने विशेषें करी पर्वदिवसोमां सात अथवा पांच कुसुमांजलि चढावे. पछी भगवाननी पूजा करे. कुसुमांजलि करतां आ विधि करे.

प्रभातसमये प्रथम निर्माल्य उतारे, पछी प्रक्षालकरे, संक्षेपथी पूजा करे, आरति मंगल दीवो करे. पछी स्नात्रादि पूजासहित बीजी वार पूजानो आरंभ करे. देवनी पासे पंचामृतसंयुक्त कलश स्थापन करे. पछी "मुक्तालंकार विका,र सारसौम्यत्वकांतिकमनीयं ॥ सहजनिजरूपनिर्जित, जगत्त्रयं पातु जिनबिंबं" ॥ १ ॥ आ गाथा कही अलंकार उतारे, पछी "अवणिय कुसुमाहरणं, पयइ पइठिय मनोहरछायं ॥ जाणरूव मज्जणपीढं, संठियं वो सिवं दिसउ ॥ २ ॥ आ गाथा कही जमणे अंगें कलशथी प्रक्षालन करी, चंदन करी, चंदन चर्ची, धूप उखेवे. पछी क-

लश श्रेणिबंध स्थापन करे, उपर सुंदर वस्त्र ढांके, पछी सुंदर केशर, चंदन, धूपथी हाथ पवित्र करे, मस्तकमां श्रावक तिलक करे, हस्तउपर चंदननुं कंकण करे, हाथ धूपवासित करे. पछी स्नात्र करनारा श्रावक श्रेणिबंध उन्ना रही आ प्रमाणे कुसुमांजलिनो पाठ उचरे. "सयवंत कुंद मालइ, बहुविह कुसुमाइ पंचवन्नाइं ॥ जिणनाह न्हवण काले, दिंतिसुरा कुसुमांजलि हवा ॥ १ ॥ एम उचरी जिनराजना अंग उपर पुष्प चढावे. वली " गंधायढिय महुयर, मणहर जंकार सद्द संगीअ ॥ जिणचलणो वरिमुक्का, हरउ तुह्म कुसुमांजलि डुरियं ॥ आ गाथा कही जिनराजना चरणकमल उपर एक श्रावक कुसुमांजलि चढावे सर्वकुसुमांजलिना पाठमां तिलक करवां, चंदन, पुष्पपत्रादि धूपवासित करी एकत्र चढाववां. ए प्रमाणे सर्वकुसुमांजलि करी रह्या पछी, जे जिनेश्वर न्नगवाननी स्थापना करी होय, तेमना जन्मान्निषेक कलशनो अत्यंत मधुरस्वरथी पाठ कहे. पछी घी, शेलडीरस, डुध, दहीं, सुगंधजल इत्यादिथी करी राखेला पंचामृतथी जिनराजने स्नात्र करे. स्नात्र करतां धूप उखेवे, जिनराजनुं शरीर पुष्परहित न करे. यदाहुर्वादिवेताल श्रीशांतिसूरयआचार्याः ॥ ज्यांसुधी स्नात्रसमाप्ति न थाय, त्यां सुधी न्नगवाननुं मस्तक शून्य न राखवुं. निरंतर जलधारा अने उत्तमपुष्पोनी वृष्टि जिनराज पर करे, अने स्नात्र करती वखते चामर, संगीत, तूर्यादि आडंबर स्वशक्ति अनुसार करे.

स्नात्र कर्यापछी सर्वश्रावकें निर्मल जलधारा देवी. धारा देती वखत आ प्रमाणे पाठ उच्चारे. ॥ अन्निषेक तोयधारा, धारेव ध्यानमंडलाग्रस्य ॥ नवन्नवनन्निचिन्नागान्, न्नूयोऽपि न्निनत्तु न्नागवती ॥ १ ॥ पछी जिनराजनुं अंग लूही, विलेपन चंदनथी करे, पुष्पादि चढावे, धूप उखेवे, उत्तम नैवेद्य तथा फल चडावे. पछी ज्ञानादि त्रणे सहित त्रण लोकना स्वामि पासे त्रण पुंज स्नात्रकार करे. प्रथम वडिल श्रावक त्रण पुंज करे, पछी नानो श्रावक तथा श्राविका अनुक्रमें करे. श्री जिनजन्ममहोत्सवमां पण स्नात्र करती वखते प्रथम अच्युत इंद्र, पोताना देवतासंयुक्त स्नात्र करे छे, पछी अनुक्रमें बीजा इंद्र स्नात्र करे छे. स्नात्रजल पोताना मस्तक उपर श्रावक प्रक्षेप करे तो दोष नथी. ॥ यडुक्तं

श्रीहेमचंद्राचार्यैः श्रीवीरचरिते ॥ अभिषेकजलं तत्तु, सुरासुरनरोरगाः ॥ ववंदिरे मुहुर्मुहुः, सर्वांगं परिचिक्षिपुः ॥ १ ॥ श्रीपद्मचरित्रना उंगणत्रीशमा उद्देशमां कह्युं के, राजा दशरथें पोतानी राणीउने स्नात्रजल मोकल्युं छे. वली बृहत्शांतिस्तोत्रमां " शांतिपानीयं मस्तके दातव्यमित्युक्तं " वली सांजलीये डीये के, जरासंधें ज्यारे जरा विद्या छोडी, त्यारें तेनाथी पीडा पामती सेनाने देखी श्रीनेमिनाथ जगवानना कहेवाथी श्रीकृष्णें धरणेंद्रदेवनुं आराधन कर्युं. धरणेंद्रे पातालमां रहेली श्रीपार्श्वनाथजीनी प्रतिमाने शंखेश्वरपुरमां लावीने, तेनुं स्नात्रजल छांटी सेना सचेत करी. वली श्रीजिनदेशना अनंतर राजाप्रमुख जे चावलोनी वली उछाले छे, तेमांथी अरधा चोखा तो धरती उपर नही पडतां देवताउ लइ लहे छे. अरधा उछालनारा लइ लहे छे, बाकीना सर्व लोक लूटी लहे छे. ते चोखानो एक पण दाणो जो मस्तकमां राखे तो, सर्वरोग उपशांत थइ जाय छे. वली छ महिना सुधी नवा रोग थता नथी. आ कथन आवश्यकसूत्रमां छे. पछी सद्गुरुनी प्रतिष्ठित, अतिसुंदर हीरागल प्रमुख वस्त्रनी मोटी ध्वजा, अतिउत्साहपूर्वक त्रण प्रदक्षिणा दइ विधिथी चढावे. सर्वसंघ यथाशक्ति नैवेद्य प्रमुख चढावे.

हवे आरति मंगलदीवो श्री अरिहंतनी सन्मुख करवो तेनो विचार लखीये डीये. मंगलदीवानी पासे अग्निनुं पात्र स्थापन करवुं, तेमां लवणजल अनुक्रमें नाखवुं. प्रथम " उवणेउमंगलं वो, जिणाण मुह लालि जाल संचलिआ ॥ तित्थपवत्तण समए, तियसविव मुक्का कुसुमवुठी ॥ आ गाथा कही कुसुमवृष्टि करे. वली " उअह पडिजग्गपसरं, पयाहिणं मुणिवई करेऊणं ॥ पडईस लोणत्तल, ज्जिअं च लोणं हुं अवहंमि ॥ इत्यादि पाठथी विधिपूर्वक जिनराजने त्रणवार पुष्पसहित लवण जल उतारे. पछी अनुक्रमें पूजा करी आरति धूप प्रक्षेपसहित बंने बाजुए अत्यंत, कलशथी पाणीनी धारा देतां श्रावक पुष्पोने विखेरे. पछी " मरगय मणि घडिय विसा, ल थालमाणिक्क मंडिअ पईवं ॥ नवणयर करुखित्तं, जमउ जाणारत्तिअं तुह्म " इत्यादि पाठपूर्वक प्रधानथालमां आरति राखी उत्सवसहित त्रणवार उतारे. आ कथन, त्रेशठ शलाका पुरुष चरित्रादिमां छे. मंगलदीपक पण आरतिनी जेम पूजे- पूजती वखत आ

पाठ कहे ॥ गाथा ॥ नामिज्जंतो सुरा, सुरिहिंतुहनाह मंगल पईवो ॥ कणयाय लस्स नजइ, नाणुव पयाहिणं दिंतो ॥ १ ॥ ए प्रमाणे मंगलदीवो उतारी देदीप्यमान जिनराजना चरण.कमलपासे राखे. आरति बुझावी देवामां दोष नथी. आरति अने मंगलदीवो मुख्य वृत्तिए, घी, साकर, कर्पूरादिथी करे. तेम करवाथी विशेष फल छे. " मुक्तालंकार " इत्यादि जे गाथाउ कही ते श्रीहरिजद्र सूरिजीनी करेली मालम पडे छे; कारण के श्रीहरिजद्रसूरिकृत समरादित्य चरित्रनामा ग्रंथनी आदिमां " उवणेउ मंगलेवो " एवो पाठ छे ॥ इति नमस्कारस्य दर्शनात् ॥ वली आ गाथा तपगछमां प्रसिद्ध छे. ते कारणथी सर्व गाथा अहीं लखी नथी.

स्नात्रादिमां समाचारी विशेषथी विविधप्रकारनो विधि देखवाथी व्यामोह न करवो; कारण के सर्व आचार्योनी अर्हद्भक्तिरूप फलनी सिद्धिवास्ते प्रवृत्ति होवाथी ते दोषरूप नथी. गणधरादि समाचारीउमां पण बहुज नेद होयछे. तेथी जे जे, धर्मथी विरुद्ध न होय, अने अर्हतजक्तिने पोषक होय, ते ते सर्वकार्य कोइने पण असम्मत नथी. एवी रीतें सर्व धर्मकार्यमां जाणी लेवुं. वली लवण आरति प्रमुखनुं उतारवुं, संप्रदायथी सर्वगछोमां तेमज परदर्शनोमां पण करतां देखीयें छीयें. तथा श्रीजिनप्रजसूरिकृत पूजाविधिशास्त्रमां तो लख्युं छे के ॥ गाथा ॥ लवणाई उत्तारण, पालित्तय सूरिमाइ पुवपुरिसेहिं ॥ संहारेण अणुन्नयंपि, संपयं सिठी एकारि ज्ञाइ ॥ १ ॥ अर्थः—लवणादि उतारवा श्रीपादलिप्त सूरिप्रमुख पूर्वपुरुषोयें एकवार करवानी आज्ञा आपीछे. वर्त्तमानमां अमे ते अनुसार करावीये छीये. स्नात्रमां सर्वप्रकारें विस्तारसहित पूजा प्रनावनादि करवाथी परलोकमां उत्कृष्ट मोक्षप्राप्तिरूप फल थायछे. जेम चोसठ इंद्रोयें जिनजन्मस्नात्रमहोत्सव कर्या छे, ते प्रमाणे श्रावक अतिउत्साहथी करे. तेम करवाथी आ लोकमां पुण्य अने निर्जरा अने परलोकमां मोक्षफल प्राप्त थायछे. आ कथन राजप्रश्नीय उपांगमां करेलछे.

हवे प्रतिमा पण अनेक प्रकारनी छे. तेनी पूजानो विधि सम्यक्त्व प्रकरणमां आ प्रमाणे लख्यो छे. ॥ गाथा ॥ गुरु कारिआइ केइ, अन्नेसय कारिआइ तं बिंति ॥ विहि कारिआइ अन्ने, पडिमाये पूअण विहाणं ॥१॥

व्याख्याः– गुरु अर्थात् माता, पिता, दादा, पर दादा, प्रमुख तेउंनी करावेली प्रतिमा पूजवी जोइये, एम कोइ कहेछे. वली कोइ कहेछे के, पोतानी करावेली, प्रतिष्ठित करेली प्रतिमा पूजवी जोइये, तथा कोइ कहे छे के विधिथी करावेली, प्रतिष्ठा थयेली प्रतिमा पूजवी जोइये. आ सर्वेमां यथार्थ पक्ष तो आ छे– ममत्वरहित सर्वप्रतिमाने विशेषरहित पूजवी जोइये, कारण के सर्वस्थलें तीर्थंकरनो आकार देखवाथी तीर्थंकर बुद्धि उत्पन्न थायछे, जो एम न मानीयें तो जिनबिंबनी अवज्ञाथी, ते जीवने निश्चयें दुरंतसंसारमां भ्रमणरूप दंड प्राप्त थशे.

वली एवो पण कुविकल्प न करवो के जे अविधिथि जिनमंदिर, जिनप्रतिमा बनेलां होय, तेने पूजवाथी, अने तेवा अविधिमार्गनी अनुमोदनाथी भगवंतनी आज्ञाभंगरूप दूषण लागेछे. तथाहि कल्पभाष्ये ॥ गाथा ॥ निस्सकड मनिस्सकडे, चेईये सव्वहिं थुईतिन्नि ॥ वेलंच चेइआणिय, नाउंइ क्किकिया वावि ॥ १ ॥ व्याख्याः-निश्राकृत तेने कहीये, जे गछना प्रतिबंधथी बनेल होय, जेम के आ अमारा गछनुं मंदिर छे, वीजुं अनिश्राकृत, जेना उपर कोइ गछनो प्रतिबंध नथी; आ सर्व जिनमंदिरोमां त्रण थुइ कहेवी. जो सर्वजिनमंमिरोमां त्रण त्रण थुइ (स्तुति) कहेतां बहु काल लागी जाय, अने जिनमंदिर बहु होय, तो एकेक जिनमंदिरमां एकेक थुइ कहेवी; परंतु सर्वजिनमंदिरमां विशेषरहित भक्ति करवी.

वली जिनमंदिरमां करोलीआनां जालां लागीगयां होय, तेने दूर करवावास्ते, जेने जिनमंदिरनी सुप्रत करी होय, तेने साधु जोरथी उपदेश करे, एवी रीतें के, तमे जिनमंदिरनी नोकरी खाउंछो, छतां सार संभाल केम करता नथी? वली जेनी कोइ सारसंभाल न करे, तेने असंविग्न देवकुलिका कहेछे. ते मंदिरोमां जे करोलीआनां जालां होय ते दूर करवावास्ते, सेवकोने प्रेरणा करे, के तमे जिनमंदिरने मांखीनी पांखनी जेम चमक दमकवालां राखो, जो सेवक लोक न माने तो निर्भछना करे, पछी साधु पोते जयणाथी ते जालां दूर करे; कारण के जिनमंदिर, ज्ञानभंडारप्रमुखनी साधु उपेक्षा न करे एवो पाठ छे. पूर्वोक्त चैत्यगमन पूजा तथा स्नात्रादिविधि जे वर्णन कर्यो, ते सर्व धनवान् श्रावकनी अपेक्षा-

खधोवा, ११ केशसमारवा, १२ नख समारवा, १३ लोही नाखवुं, १४ सुखडी प्रमुख खावुं, १५ गुंमडा प्रमुखनी त्वचा नाखवी, १६ औषधखातां पित्त नाखवुं. १७ वमन करवुं, १८ दांत उखडेलो नाखवो, १९ हाथ पग मसलाववा, २० घोडाप्रमुख बांधवा, २१ दांतनो मेल नाखवो, २२ आंखनो मेल नाखवो, २३ नखनो मेल नाखवो, २४ गालनो मेल नाखवो, २५ नाकनो मेल नाखवो, २६ माथानो मेल नाखवो, २७ शरीरनो मेल नाखवो, २८ काननो मेल नाखवो, २९ भूतादि खिल्ली लेवावास्ते मंत्रसाधवा, वा राजाप्रमुखनुं काम होय, तेनो विचार करवो, ३० मंदिरमां विवाह प्रमुखनी पंचात करवी, ३१ व्यापारनां लेखां करवां, ३२ राज्यनुं काम वेहेंची आपवुं, अथवा भाइप्रमुखने धननो हिस्सो वेहेंची आपवो, ३३ घरनो भंडार मंदिरमां राखवो, ३४ पगउपर पगराखी खराब आसन करी बेसवुं, ३५ मंदिरनी भीतउपर छाणां थापवां, छाणनो ढगलो करवो, ३६ वस्त्र सुकववां, ३७ दाल दलवी, ३८ पापड वडी सुकववी, ३९ वडां बनाववां, उपलक्षणथी केर, चीभडां, शाकप्रमुख सुकववा नाखवां; ४० राजा प्रमुखना लेणदारना भयथी नासी मूलगभारामां संताइ जवुं, ४१ पुत्रकलत्रादिना मरणथी मंदिरमां रोवुं, ४२ राज्यकथा, देशकथा, स्त्रीकथा, भक्तकथा आ चार विकथा करवी, ४३ धनुषादि शस्त्र घडवां, ४४ गाय, बलदप्रमुख राखवा, ४५ टाढ उडाडवा अग्नि तापवो, ४६ धान्यादि रांधवां, ४७ रूपैआ परखवा, ४८ विधिथी निस्सीहि न करवी, ४९ छत्र, ५० पगरखां, ५१ शस्त्र, ५२ चामर, मंदिर बहार न मुकवां, ५३ मन एकाग्र न करवुं, ५४ तेलादिनुं मर्द्दन करवुं, ५५ शरीरना भोगनां सचित्त पुष्पादिनो त्याग न करवो, ५६ हार, मुद्रा, कुंडलादि बहार मुकी, आववुं. तेम करवाथी आशातना लागे, कारण के लोकोमां एम कहेवाय के अर्हंतना भक्त सर्व कंगाल, भिखारी छे, जेथी जिन मतनी लघुता थाय. ५७ भगवानने देखतांज हाथ न जोडवा, ५८ एकसाडी उत्तरासंग न करे, ५९ मुगट मस्तकपर राखे, ६० माथाउपर मोलीयुं लपेटे, ६१ फूलना शहरा राखे, ६२ नालीअरनां छोतरां नाखे, ६३ गेडी खेले, ६४ पिताप्रमुखने जुहार करे, ६५ भांड चेष्टा करे, ६६ तिरस्कार वास्ते हुंकारा, टुंकारा करे, ६७ लेणावास्ते घरेणुं घाले, ६८ लडाइ करे, ६९ माथाना वाल सुकवे, ७० पलोंठी मारी बेसे, ७१ लाकडीनी पावडी

पगमां राखे, ७२ पग लांबा करे, ७३ सुखनेवास्ते हाथताली ( पुडपुडी ) आपे, ७४ शरीरना अवयवो धोइ कीचड करावे, ७५ पगने लागेली धूल उडाडे ७६ जुं नाखे, ७७ भोजन जमे, ७८ मैथुनक्रीडा करे, ७९ गुह्य चिह्न उघाडुं राखी बेसे, ८० वैद्यकनुं काम करे, ८१ क्रयविक्रयरूप वाणिज्य करे, ८२ शय्या बनावी सुवे, ८३ पाणी पीवाने वास्ते माटलुं राखे, मंदिरनी परनालनुं पाणीले, ८४ स्नान करवानी जगा बनावे. आ उत्कृष्ठ चोराशी आशातना जिनमंदिरमां वर्जे.

हवे गुरुनी तेत्रीश आशातना लखीये छीये. १ गुरुनी आगल चालवुं ते आशातना छे, परंतु रस्तो बतावबा वास्ते चाले तो आशातना नथी. २ गुरुनी बराबर चालवुं, गुरुथी पाछल अडकीने चालवुं, आ चालवानी जेम त्रण आशातना कही, तेम बेसवानी त्रण आशातना, तेमज उभा रहेवानी त्रण आशातना जाणवी, एम नव आशातना थइ, १० भोजन करतां गुरुनी पेहेलां शिष्यें चलु करवुं, ११ गमनागमन गुरुना पेहेलां आलोववुं, १२ रात्रिमां गुरु पुछे के कोण जागे छे? एम सवाल सांभलतां छतां, अने जागतां छतां उत्तर न आपवो, १३ जो कोइने कांइ कहेवुं होयतो गुरुनी पहेलां शिष्यें कही देवुं, १४ बीजा साधुउनी पासे अशनादि आलोवे, पछी गुरुपासे आलोवे १५ तेवीज रीतें अशनादि प्रथम बीजा साधुने बतावे, पछी गुरुने बतावे, १६ अन्नादिवास्ते प्रथम बीजा साधुउने निमंत्रणा करे, पछी गुरुने निमंत्रणा करे, १७ गुरुने पुछ्याविना बीजाउने स्निग्ध, मधुरादि आहार आपी दे, १८ स्वेछाथी, गुरुने यत्किंचित् आहार आपी, पोते स्निग्धादि आहार खाय, १९ गुरु बोलावे तो बोले नहि, गुरुने बहुज कठोर वचन कहे, २१ ज्यारे गुरु बोलावे, त्यारे आसन उपर बेठांज उत्तर आपे, २२ गुरु बोलावे त्यारे बोले के शुं कहो छो? २३ गुरुने टुंकारा करे, २४ गुरु प्रेरणा करे, त्यारे गुरुनी प्रेरणाने उत्तर आपी हणे, जेम के गुरु कहे के हे शिष्य! तमे अमुक ग्लाननी वैय्यावच्च केम न करी, त्यारे शिष्य कहे तमे केम करता नथी? २५ गुरु कथा करे त्यारे मनमां प्रसन्न न थाय, परंतु विमन राखे २६ सूत्रादि कहेतां गुरुने कहे के, तमने अर्थ याद नथी? तेनो अर्थ आ प्रमाणे थतो नथी? २७ गुरु कथा करे, ते कथानी वचमां भंगपाडे, अने

कहे के हुं कथा करीश. २८ परखदाने विखेरे, कहे के हवे भिक्षानो अवसर थयो छे, इत्यादि, २९ परखदा उठ्याविना गुरुनी कहेली कथाने, पोतानी चतुराइ देखाडवा वास्ते विशेष करी कहे, ३० गुरुनी शय्या संथाराने पगथी संघट्टो करे, ३१ गुरुनी शय्याउपर बेसवाप्रमुख करे, ३२ गुरुथी उंचे आसने बेसे, ३३ गुरुनी बराबर आसन करे. आ तेत्रीश गुरुनी आशातना शिष्य वर्जे.

आ गुरुनी आशातना त्रण प्रकारनी छे. पगादिथी संघट्टो करे ते जघन्य आशातना. श्लेष्म, थुंकादि गुरुने लवमात्र लगावे, ते मध्यम आशातना. गुरुनो आदेश न करे, जो करे तो पण उलटो करे, कठोरवचन बोले, गुरुनुं कह्युं न सांभले, ते उत्कृष्ट आशातना छे.

स्थापनाचार्यनी आशातना पण त्रण प्रकारनी छे, अहीं तहीं हलावे चलावे, पगनो स्पर्श करे ते जघन्य आशातना; भूमि उपर नाखे, वा अवज्ञाथी धारण करे ते मध्यम आशातना; स्थापनाचार्यने खोवे तथा त्रोडे ते उत्कृष्ठ आशातना छे; तेवीजरीतें ज्ञानोपकरण, दर्शनोपकरण, तथा चारित्रोपकरण, रजोहरणादि, मुखवस्त्रिका, दंडक, दंडिका प्रमुखनी पण आशातना टाले.

श्रावकें सर्वधर्मोपकरण चरवला, मुहपत्ति प्रमुख विधिपूर्वक स्वस्थानमां स्थापना प्रमुख करवी जोइए, अन्यथा धर्मनी अवज्ञा प्रमुख दूषणो लागे. शास्त्रमां लख्युं छे के जे उत्सूत्र भाखे, तथा अर्हंत अने गुरुनी अवज्ञा प्रमुख महाआशातना करे ते सावद्याचार्य, मरीचि, जमालि, कुलवालुकादिनी पेठे अनंत जन्म मरणनी वृद्धि करे. यतः ॥ उस्सुत्त भासगाणं, बोही नासो अणंत संसारो ॥ पाणच्च एवि धीरा, उस्सुत्तं तान भासंति ॥ १ ॥ तिछयर पवयण सुयं, आयरियं गणहरं महिढ्ढियं ॥ आसायं तो बहुसो, अणंत संसारिउ होई ॥ २ ॥

तेवीजरीतें देवद्रव्य, ज्ञानद्रव्य, साधारण द्रव्य तथा गुरु द्रव्य, वस्त्र, पात्रादि, तेनो विनाश थतो देखी, बचाव नहि करतां उपेक्षा करवी, ते पण महा आशातना छे. यदूचे ॥ गाथा ॥ चेइअ दव विणासे, इसिधाए पवयणस्स उड्डाहे ॥ संजइ चउत्थ भंगे, मूलग्गी बोहि लाभस्स ॥ १ ॥ तथा श्रावक दिनकृत्य, दर्शनशुद्धि आदि शास्त्रोमां लख्युं

छे के ॥ गाथा ॥ चेइअ दवं साहा, रणं च जो डुहइ मोहि अमईउ ॥ धम्मंच सोनयाणाइ, अहवा बद्धाउउ न रए ॥ १ ॥ अर्थः–चैत्यद्रव्य तथा साधारणद्रव्यनो जे मोहितमति नाश करे, ते कां तो धर्म जाणतो नथी, अथ वा तो तेणें नरकनुं आयुष्य बांधेलुं छे, तेज कारणथी एवुं अयोग्य काम करे छे; वली चैत्यद्रव्यनो नाश, जक्षण तथा उपेक्षण कोइ करतो होय, तेने जो साधु न हठावे, तो ते साधु पण अनंत संसारी थइ जाय.

प्रश्नः– मन, वचन, कायाथी जेणें सावद्यनो त्याग करेल छे, एवा यतिने चैत्यद्रव्यनी रक्षा करवानो शुं अधिकार छे ?

उत्तरः– जो राजा, वजीर के शेठ प्रमुखनी याचना करी तेउनी पासेथी घर, डुकान, गामादि लइ विधिथी नवी पेदाश उत्पन्न करे तो तारुं विवक्षित दूषण लागशे; परंतु यथा जद्रकादिथी जे कोइए प्रथम आपेल होय, तेनो नाश थतो देखी रक्षण करे तो कांइ दूषण लागतुं नथी, बलके जिनाज्ञानी आराधना होवाथी धर्मनी पुष्टि थाय छे.

नवां जिनमंदिर बनाववाथी, जे पूर्वे बनेलां छे, तेना प्रतिपंथि अर्थात् शत्रुने जो साधु हठावे, तो ते साधुने प्रायश्चित्त नथी, तथा ते साधुनी, प्रतिज्ञा पण जंग थती नथी. आगम पण एमज कथन करे छे. ते कारणथी जिनद्रव्य जे खाय तथा उपेक्षा करे, ते श्रावक आगलना जन्ममां बुद्धिहीन थाय, अने पापकर्मथी लेपायमान थाय छे. यथा ॥ आयणं जो जंजइ, पडिवन्नं धणं न देइ देवस्स ॥ नस्संतं समुविखइ, सोविहु परिजमइ संसारे ॥ १ ॥ अर्थः– जे पुरुष मंदिरनी आमदानी जांगे, अने जे मोढेथी बोल्याछतां, जिनद्रव्य न आपे, ते पण संसारमां परिजमण करे. तथा ॥ जिणवयण वुह्धिकरं, पजावगं नाण दंसण गुणाणं ॥ जखंतो जीणदवं, अणंत संसारीउ होई ॥ १ ॥ अर्थः– जे जिनमतनी वृद्धि करे, चैत्यपूजा, चैत्य समारवां, महापूजा, सत्कारादि करी, ज्ञान दर्शननी प्रजावना करे, परंतु जिनद्रव्यनो नाश करे, तो ते अनंतसंसारी थाय, अने जो जिनद्रव्यनी रक्षा करे तो अल्पसंसारी थाय, देवद्रव्यनी वृद्धि करे तो तीर्थंकर नाम कर्म बांधे; परंतु पंदर कर्मादान, असत्य व्यापार दूर करी सद्व्यवहारथी जिनद्रव्यनी वृद्धि करे. ॥

यतः ॥ जिणवर आणा रहियं, वद्धारंतावि केवि जिणदव्वं ॥ बुडुंति नवसमुद्दे, मूढा मोहेण अन्नाणी ॥ १ ॥

कोइ कहे छे के श्रावक विना बीजाउने तेउंना अधिक किंमतना दागीना राखीने कालांतरे व्याजनी वृद्धि करे, ते उचित छे. एम कहेवुं पण ठीक छे; कारण के सम्यक्त्वपचीशी आदि ग्रंथोमां संकाशनी कथामां तेमज लखेल छे. चैत्यद्रव्य नक्षण करवाथी बहुज कष्ट पामवुं पडे छे. सागर श्रेष्ठिवत् ॥ आ कथा श्राद्धविधि ग्रंथथी जाणवी. ज्ञानद्रव्य पण देवद्रव्यनी जेम अकल्पनीय छे, अर्थात् तेनो पण नाश न करवो, नक्षण न करवुं, अने बगडतां तेनी सार संनाल करवी; तेवीज रीतें साधारण द्रव्य पण संघनी अनुज्ञाथीज कल्पे छे. अनुज्ञाविना काममां लेवुं न कल्पे. संघें पण साते क्षेत्रमांज साधारण द्रव्य वापरवुं जोइए. बीजा मागनाराउने पण तेमांथी आपवुं न जोइए. तेवीज रीतें ज्ञान संबंधी कागल, पत्रादि, साधुनुं आपेलुं श्रावकें पोताना कार्यमां नहि वापरवुं जोइये. पोतानी पोथीमां पण नही राखवुं जोइए. स्थापनाचार्य अने जपमालादि लइ लेवानो व्यवहार तो देखाय छे; तथा गुरुनी आज्ञा विना साधु साध्वीए लिखिया पासे लखाववुं. तेमज वस्त्र सूत्रादिनुं लेवुं पण कल्पतुं नथी. इत्यादि विचारी लेवुं. ते कारणथी थोडा पण ज्ञान तेमज साधारण द्रव्यनो नोग न करवो जोइए.

देवने नामें बोले, ते द्रव्य तत्काल आपवुं जोइए, कारण के देवद्रव्य जेटलुं शीघ्र आपे, तेटलुं उत्तम छे. कदापि विलंब करे तो पछी कोण जाणे धनहानि, वा मरण थाय? तेवे प्रसंगे देवद्रव्यनुं रुण रही जाय. वली संसारी गृहस्थोनुं देवुं पण श्रावकें शीघ्र आपवुं जोइए, तो पछी देवद्रव्य वास्ते शुंज कहेवुं? जे वखत माला पेहेरावी, वा जो कांइ देवद्रव्यना नंडारमां आपवानुं कर्युं, तेज वखतथी ते देवद्रव्य थइ चुक्युं. ते द्रव्यथी जे लान मेलवाय ते पण देवद्रव्य समजवुं. ते द्रव्य श्रावकें नोगववुं न जोइए, तेज कारणथी शीघ्र आपी देवुं जोइए. जो मास आदि पछी आपवानो करार करे तो करार उपर माग्या विना जरुर आपी देवुं. जो करार वित्याबाद आपे तो देवद्रव्य खावानो दोष लागे. देवद्रव्यनी उघराणी पण श्रावक पोतानी उघराणीनी पेठे यत्नथी

करे. जो देवद्रव्य लेवामां ढील करे, अने कदाचित् देवादारनी दुर्भिक्ष आदि कारणथी दरिद्रादि अवस्था आवी जाय तो फरी मलवुं मुश्केल थइ जाय, वली देनार पण उत्साहपूर्वक कपटरहित थइ शीघ्र आपी दे; नही तो देवद्रव्य भक्षण करवानो दोष छे.

वली देव, ज्ञान तथा साधारण संबंधी दुकान, खेतर, वाडी, घर, पथ्थर, इंट, चुनो, काष्ठ, वांस, माटी, खडी, चंदन, केशर, बरास, फूल, चंगेरी, धूपपात्र, कलश, वासकुंपी, छत्र, सिंहासन, चामर, चंदरवा, झालर, भेरी, चंदनी, तंबु, कनात, पडदा, कांबल, बाजोठ, तखता, पाटला, पाटी, घडा, बेठा, ओरसीआ, काजल, जल, दीवा, चैत्यशाला, परनालनुं पाणी इत्यादि सर्व देव विगेरेनुं पोताना काममां न वापरवुं जोइये. तुटी जाय, फाटीजाय, वा मलिन थायतो महादोष लागेछे. देवनी पासे बलता दीवाना प्रकाशमां कोइ सांसारिक काम करे तो ते मरीने तिर्यंच थाय; ते कारणथी देवना दिवामां खतपत्रादि वांचवां न जोइये. रुपीआपण न परखवा. घरनां काम तो करवांज नहि. वली देवना केशर चंदननुं तिलकपण न करवुं. देवना जलथी हाथ पण न धोवा. स्नात्रजलपण थोडुंज वापरवुं जोइये. देवना झालर, मृदंग, भेरीप्रमुख जे जे सामान, गुरु तथा संघना कार्यमां वापरे, तो ते बाबतनो नकराणो आपी वापरे. कदाचित् कोइ उपकरण तुटी जायतो पोताना पैसा खरची नवुं बनावी आपे. देवना दीप फानस प्रमुखमां जुदाज राखे; अने जो साधारण द्रव्यनी झालर प्रमुख वस्तुओ बनावे तो सर्व धर्मकार्यमां वापरी शकाय. तेमां दोष नथी. जेवा भावथी करे, तेवुं प्रमाण छे.

देवनां तथा ज्ञान खातानां घर प्रमुख पण श्रावकें निःशुकतादि दोष होवाथी भाडे राखवां न जोइये. साधारण द्रव्यना घरप्रमुख संघनी अनुमतिथी लोकव्यवहारें भाडुं आपी वापरे तो दोष नथी; परंतु भाडुं करारने दिवसे पोतानीमेले आपी देवुं जोइये. भाडे राखेलुं मकान समरावामां पोतानुं धन वापरे तो हिसाबमां मजरे ले. तेमां दोष नथी; कोइ साधर्मी दुःखी होय, निर्धन थइ गयो होय, अने ते संघनी आज्ञाथी भाडुं आप्याविना रहे तोपण दोष नथी. वली तीर्थादिमां अथवा देरासरमां बहु वखत रेहेवुं पडे, तेमां सुवे, तो त्यांपण व्यवहार मुजब अधिक भाडुं

आपे, उंबुं जाडुं आपे तो दोष लागे. जाडुं आप्याविना देव ज्ञान तथा साधारण संबंधी कलश, पाटला प्रमुख उपकरणो उजमणामां, पुस्तक पूजामां, नंदी प्रमुखमां मांडवासारु न लेवां जोइये; कारण के उजमणां पोताना नामथी करवामां आवेछे, अने तेमां देव, ज्ञान, वा साधारण खातानी वस्तुउं नकरा शिवाय वपराय तो दोष लागेछे.

घर देरासरमां चडाववामां आवेला अक्षत, सोपारी, बदाम, प्रमुख वेचवाथी जे धन उपजे, तेनां पुष्प प्रमुख लइ घरदेरासरमां न चडावे, मोटामंदिरमां पण न चडावे. जे पूजारी होय तेने सर्व हकीकत कहे; अने मंदिरनुं द्रव्य छे, पण मारुं नथी एम स्पष्ट कहे. पूजारी न होय तो संघसमक्ष कही दे. एम न कहे तो महादोष छे. घरदेरासरनुं नैवेद्यादि मालीने आपे, परंतु तेथी मालीनी नोकरी हिसाबमां न ले. प्रथमथीज जोइती पुष्पादि वस्तु आपवी एवा करारथी काम ले तो दोष नथी. मुख्यवृत्तियें तो नोकरीवास्ते चडेलुं आपवाथी जुडुं आपवुं जोइये.

घरदेरासरमां चडेला अक्षत प्रमुख मोटा मंदिरमां मोकलावी आपे, अन्यथा घरदेरासरना द्रव्यथी घरदेरासरनी पूजा गणाशे, परंतु पोताना द्रव्यनी थशे नहि. तेम करवाथी अनादर, अवज्ञादि दोष छे, तेथी तेम करवुं युक्त नथी. स्वद्रव्यथीज पूजा करवी उचित छे. देरानां नैवेद्य, अक्षतादि पोताना द्रव्यनी जेम साचववां जोइये, बराबर किंमते वेची, देव द्रव्य वधारवुं जोइये. परंतु जेम तेम वेची आपी देवां न जोइये. जो तेम करे तो देवद्रव्य नाश करवानो दोष लागेछे.

सर्व रीतें रक्षण करतां छतां चोर, अग्नि आदिना उपद्रवथी देवद्रव्यनाश पामे तो चिंताकारकने दोष नथी.

देव, गुरु, यात्रा, तीर्थपूजा, संघपूजा, साधर्मिवात्सल्य, स्नात्रप्रभावना, ज्ञान लखाववा प्रमुख कारणोवास्ते बीजाउ पासेथी धन ले, त्यारे चार पांच पुरुषोने साक्षी राखी ले; पछी खरचवाना प्रसंगमां पण गुरुसंघ प्रमुख प्रगट कही दे, के आ धन में अमुक सख्सनुं आपेलुं खरचेलुं छे. मारुं नथी.

तीर्थादिमां, तेमज पूजा स्नात्रमां, ध्वजा चडाववा प्रमुख आवश्यक कर्त्तव्यमां खरच बीजाने शिर नहि नाखतां, पोतेज यथाशक्ति करे. जो कोइयें धन खरचवाने आप्युं होय तो तेनुं नाम प्रगट बोली काम करे.

जो घणाये मली साधर्मिवात्सल्य, संघपूजादि कार्यमां धन वापरवा आप्युं होय तो जेनो जेनो जेटलो जेटलो हिस्सो होय ते ते सर्व प्रगटपणे कही दे, नहिं तो पुण्यफलनी चोरी लागे.

वली मरणांत समये माता, पिता प्रमुखें जे धर्ममां खरचवा कह्युं होय, तथा पुत्रादि जे खरच करवुं कबुल करे. ते बहु श्रावकोपासे कही देवुं जोइए. जेम के हुं तमारा नामथी अमुक दिवसनी अंदर अमुक धन खरचीश, तमे तेनी अनुमोदना करो. पछी ते धन सर्व समक्ष, पोताना नामथी नही, परंतु माता पिता प्रमुखना नामथी ते मुदतनी अंदर खरची देवुं जोइए. धर्मनां खरच मुख्यवृत्तिए तो साधारण द्रव्यथीज करवां जोइए; कारण के ज्यां ज्यां काम पडे, त्यां त्यां उपयोगमां आवे. सात क्षेत्रोमां जे क्षेत्र सीदातुं होय, तेमां धन खरची, तेने टेको आपे. कोइ श्रावक निर्धन थइ गयो होय तो, तेने तेज धनथी सहाय आपे॥लोकेप्युक्तं॥ दरिद्रं भर राजेंद्र, मा समृद्धं कदाचन॥ व्याधितस्यौषधं पथ्यं, नीरोगस्य किमौषधं ॥ १ ॥ तेज कारणथी, परभावना, संघ पेहेरामणी तथा लाणीप्रमुखमां, जे निर्धन साधर्मी होय, तेने विशेष वस्तु आपवी जोइये; अन्यथा धर्म अवज्ञादि दोष लागे. वली धनवान्थी निर्धनने अधिक देवुं ते पण युक्तछे. जो शक्ति न होय तो बंनेने बराबर आपे.

पोतानो खरच धर्मद्रव्यथी न करवो जोइये. यात्रादि निमित्त जे धन काढवामां आवे, ते सर्व देवादि निमित्त थयुं. जो ते द्रव्य पोताना भोजनमां अथवा गाडी प्रमुख भाडामां वापरे तो अवश्य तेने देवद्रव्य खावानो दोष लागे. कदाचित् अज्ञानताथी, चूकथी, बे समजथी, इत्यादि कारणथी कोइ श्रावक देवादि द्रव्यनो उपभोग करी ले, तेना प्रायश्चित्तमां, जेटलुं द्रव्य तेणें उपभोगमां लीधुं होय तेटलुं द्रव्य देव, साधारण संबंधी जुडुं काढे मरणसमये शक्तिना अभावथी धर्मस्थानमां थोडुं खरचे, परंतु देवुं कोइनुं राखे नहि. देवप्रमुखनुं द्रव्य तो विशेषें करी राखे नहि. ए प्रमाणे श्रीजिनराजनी पूजा, भक्ति, द्रव्य रक्षणादि दृढ भावथी करवां जोइये. इति.

हवे गुरुवंदनविधि लखीये छीये. ज्ञानादि पांच आचार संयुक्त होय,

तथा जे शुद्ध प्ररूपक होय, ते गुरु छे. पांच आचारनुं स्वरूप जोवुं होय तो, श्रीरत्नशेखरसूरिकृत आचारप्रदीप ग्रंथ जोइ लेवो.

पूर्वोक्त गुरु, आचार्य प्रमुख सन्मुख, जे प्रत्याख्यान पूर्वें पोते पोतानी मेले कर्युं हतुं, ते विशेष रीतें विधिपूर्वक गुरुमुखथी उचरावे; कारण के प्रत्याख्यान त्रणतरेहथी करवामां आवेछे. १ आत्मसाक्षिक, २ देवसाक्षिक, ३ गुरुसाक्षिक, तेनो विधि आ छे–

गुरु, मंदिरमां देववंदनार्थे, स्नात्रादि देखवावास्ते, धर्मोपदेश देवावास्ते, जिनमंदिरमां आव्या होय, तथा वस्तिमां होय, त्यां मंदिरनी जेम त्रण निस्सिहि, पांच अभिगमनादि, यथायोग्य विधिपूर्वक जइ गुरु धर्मोपदेश आपे ते पहेलां अथवा पछी यथाविधियें पचवीश आवश्यक, शुद्ध द्वादशावर्त्त वंदन करे; गुरुवंदननुं फल बहुज मोटुं छे. कृष्णवासुदेववत्. भाष्यमां वंदनाना त्रण प्रकारछे. एक तो मस्तक नमाववुं ते फेटावंदना, बीजी संपूर्ण बे खमासणां प्रमुख कहेवां ते स्तोभवंदना, त्रीजी द्वादशावर्त्त करवाथी, द्वादशावर्त्तवंदना थाय छे. प्रथमनी वंदना सर्व संघने करवी; बीजीवंदना सर्व स्वदर्शनी साधुउने करवी; अने त्रीजी वंदना पदवीधर आचार्य प्रमुखने करवी.

जेणें सवारनुं पडिकमणुं न कर्युं होय, तेणें विधिपूर्वक वंदना करवी; कारण के भाष्यमां लख्युं छे के, सवारनो वंदनाविधि आ प्रमाणे करे. प्रथम १ भाष्योक्तविधियें इर्यापथ प्रतिक्रमे, पछी २ कुस्थानननो कायोत्सर्ग करे, सो उच्छ्वास प्रमाण करे, जो स्वप्नमां स्त्रीसाथे संगम कर्यो होय तो अशुचिनी सर्व जगा धोइ, पछी एक सो आठ श्वासोच्छ्वास प्रमाण कायोत्सर्ग करे. पछी ३ चैत्यवंदन करे. पछी ४ क्षमाश्रमणपूर्वक मुहपत्ति प्रतिलेखे, पछी ५ बे वंदणां दे, पछी ६ देवसि आदिक आलोवे, पछी ७ वांदणां दे, पछी; ८ अब्भुठिउमि कहे, पछी ९ बे वांदणां दे, पछी १० प्रत्याख्यान करे, पछी ११ भगवान अहं इत्यादि चार क्षमाश्रमण दे, पछी १२ स्वाध्याय संदिसाहु कहे, पछी क्षमाश्रमणपूर्वक सझाय करुं एम कहे, पछी स्वाध्याय करे.

हवे संध्यावंदनविधि लखीयें छीयें. १ इर्यापथ पडिकमे, पछी २ चैत्यवंदन करे, पछी ३ क्षमाश्रमणपूर्वक मुखवस्त्रिकानुं प्रतिलेखन करे, प-

गुरुद्रोह न करे, थापणमोसो न करे, आ सर्व महापापनां काम छे. वली कुडी साक्षी, रोष, विश्वासघात, कृतघ्नता, आ चार कर्म चंडालपणां छे, तेथी ते त्यागे. असत्य बोलवुं ते सर्व पापथी मोटुं पाप छे, तेथी असत्य सर्वथा न बोले. न्यायथी धन उपार्जन करे, अने अन्यायी लोको जे सुखी देखाय छे. ते अन्यायथी सुखी नथी, परंतु तेउना पूर्वजन्मना पुण्यना फलथी सुखीछे; कारण के कर्मफल चार प्रकारनां छे. यदाहुर्धर्मघोष सूरिपादाः ॥ एक पुण्यानुबंधिपुण्यछे, बीजुं पापानुबंधि पुण्यछे, त्रीजुं पुण्यानुबंधि पापछे, चोथुं पापानुबंधि पाप छे. आ चारे प्रकारने कांइक विस्तारथी बतावीए छीये.

१ जेणे जिनधर्मनी बिलकुल विराधना करी नथी, परंतु संपूर्ण आराधना करी, जेउ संसारमां भवांतरमां महासुखी, धनाढ्य उत्पन्न थाय, तेउ पुण्यानुबंधि पुण्यवाला समजवा. भरत, बाहुबलिवत्

२ जे पुरुषो नीरोगादि गुणयुक्त होय, अने धनाढ्यपण होय, परंतु कोणिक राजानी पेठे पाप आचरणमां तत्पर होय, ते पापानुबंधि पुण्यवाला समजवा. आ पुण्य पूर्वभवमां अज्ञान कष्ट करवाथी थाय छे.

३ जे पुरुषो पापना उदयथी दरिद्री तथा दुःखी होय, परंतु श्रीजिनधर्ममां बहुज अनुरक्त होय, धर्म करवामां तत्पर होय, तेउ पुण्यानुबंधी पापवाला समजवा, द्रुमक महर्षिवत्. पूर्वभवमां लेशमात्र दयादि सुकृत करवाथी थाय छे.

४ जेउ पापी, चंडाल कर्मना करनारा, अधर्मी निर्दय, पाप करी पश्चात्ताप नही करनारा एवा पुरुषो दुःखी छे, तो पण पाप करवामां निरंतर तत्पर छे. तेउ पापानुबंधी पापवाला छे, कालिकसुरीआ कसाइवत्.

बाह्य जे नव प्रकारनी परिग्रहरूप ऋद्धि छे, अने अंतरंग जे आत्मानी अनंतगुणरूप ऋद्धि छे, ते पुण्यानुबंधी पुण्यथीज मलेछे; तेथी कदापि कोइ जीव पापानुबंधी पुण्यना प्रभावथी आ लोकमां सुखी देखाय तो पण भविष्यना जन्मोमां महादुःख तथा आपदा पामवाना.

वली जे मेहेसूलनी चोरी छे, ते स्वामिद्रोह छे, आ चोरी आ लोक तेमज परलोकमां अनर्थनी दायक छे; वली जेमां बीजाने पीडा थाय, एवो व्यवहार न करे ॥ यतः ॥ शाठ्येन मित्रं कपटेन धर्मं, परोपतापेन

समृद्धिनावं ॥ सुखेन विद्यां परुषेण नारीं, वांछंति ये व्यक्तमपंडितास्ते ॥ १ ॥ तथा जेवी रीतें लोकोने रागनाव थाय, तेवो यत्न करे. यतः ॥ वंशस्थवृत्तं ॥ जितेंद्रियत्वं विनयस्य कारणं, गुणप्रकर्षोविनयादवाप्यते ॥ गुणप्रकर्षेण जनोनुरज्यते, जनानुरागप्रनवाहि संपदः ॥ १ ॥ वली धननी हानि तथा लान्न, संग्रहादि गुह्य राखे, बीजा पासे प्रकाश न करे. यतः ॥ स्वकीयं दारमाहारं, सुकृतं द्रविणं गुणं ॥ दुष्कर्म मर्म मंत्रं च, परेषां न प्रकाशयेत् ॥ १ ॥ वली असत्यपण न बोले, जो राजा, गुरु आदि पुछे तो सत्य कही दे. सत्य बोलवुं तेज पुरुषनो उत्तम धर्म छे.

वली यथार्थ कही मित्रनुं मन हरण करे, बांधव जनोने सन्मान आपी वश करे, स्त्रीने प्रेमथी वश करे, चाकरोने दान आपी वश करे, अने दाक्षिण्यताथी वीजा लोकोनां मन हरण करे. वली कोइ जगाये पोताना कार्यनी सिद्धिवास्ते बलवान् पुरुषोने पण आगल करे. वली ज्यां प्रीति होय, त्यां लेणदेणनो व्यापार न करे. आ कथन सोमनीतिमां पण छे.

साक्षीविना मित्रना घरमांपण धनादि राखवां न जोइये, कारण के लोन्न महाबुरो छे. वली जो सोंपनार सख्स गुजरी जाय तो ते धन तेना पुत्रादिने पाछुं आपी देवुं जोइये. जो धन सोंपनारनो कोइ संबंधी न होय तो ते धन सर्व लोकोनी समक्ष धर्मस्थानमां लगावे. वली श्रावक, देवगुरु, चैत्य, जिनमंदिरना साचा अथवा जूठा पण सोगंद न खाय. वली वीजाउंना साक्षीपण न थाय. यतः ॥ कर्पासिक ऋषि कहे छे ॥ अनीश्वरस्य द्वे नार्ये, पथि क्षेत्रं द्विधा कृषिः ॥ प्रातिनाव्यं च साक्ष्यं च, पंचानर्थाः स्वयंकृताः ॥ १ ॥

वली श्रावक मुख्य वृत्तियें तो जे गाममां रहे, त्यांज व्यापार करे, कारण के तेम करवाथी कुटुंबनो अवियोग, घरनां कार्य, तथा धर्मकार्यादि सर्व बनी रहे छे. कदापि पोताना गाममां निर्वाह न थाय तो, पासेना देशांतरमां व्यापार करे, ज्यांथी जरूरी काम प्रसंगे पोताने घेर जलदीथी आवी शकाय. एवा कोण पामर छे के, पोताना देशमां निर्वाह थतो होय छतां परदेशमां जाय ॥ यतः॥ जीवंतोपि मृताः पंच, श्रूयंते किल नारते ॥ दरिद्रोव्याधितो मूर्खः, प्रवासी नित्यसेवकः ॥ १ ॥ जो निर्वाह न थतो होय तो, पोते न जाय, तेमज पुत्रादिने परदेश न मोकले, परंतु सुपरी

क्षित गुमास्ताने परदेश मोकले, जो पोतानेज परदेश जवुं पडे तो, शुज मुहूर्त्त, सारां शुकन, निमित्त देखीने तथा देव गुरुने वंदना करीने, मंगलपूर्वक, जाग्यवान् पुरुषोना सथवारामां, निद्रादि प्रमाद तजी, केटलाएक पोताना ज्ञातिबंधुउने साथे लइ जाय, कारण के जाग्यवान्ना सथवाराथी विघ्न नाश पामे ले. वली लेणदेण, गुप्त धन, सर्व, पिता जाइ, के पुत्रादिने बतावी जाय, पोताना संबंधीउने सारी शिखामण आपी जाय, बहुमानपूर्वक सेवकोने बोलावी जाय. जीववानी इछा होय तो, देवगुरुनुं अपमान करी, कोइनी निर्त्संछना करी, स्त्री आदिने ताडना, तर्जना करी, अने बालकने रोवरावी न जाय. कदापि कोइ पर्वमहोत्सवादिना दिवसो निकट होय तो उत्सव करीने जाय. यतः ॥ उत्सवमशनं सर्वं, प्रगुणं चोपेक्ष्य मंगलमशेषं ॥ असमापिते च सूतक, युगेंगनर्त्तौ च नो यायात् ॥ १ ॥ वली दूध पीइने, मैथुनसेवन करीने, स्नानकरीने पोतानी स्त्रीने मारीने, वमन करीने, थुंकीने, रुदन करीने, कठण शब्द सुणीने, गालो सुणीने, परदेश न जाय; वली शिर मुंडावीने, आंसु पाडीने, अने माठां शुकन थतां पण ग्रामांतर न जाय.

वली कार्यने वास्ते जो चाले तो जे स्वर वेहेतो होय, ते बाजुनो पग प्रथम उपाडी मुके, जेथी कार्यसिद्धि थाय. वली रोगी, वृद्ध, ब्राह्मण, आंधलो माणस, गाय, पूजनीय, राजा, गर्जवती स्त्री, जार उपाडनार, तेउने कांइ आपीने ग्रामांतर जाय. वली धान्य पाकुं अथवा काचुं तथा पूजा योग्य मंत्रमंडल तेने लजे नहि. वली स्नाननुं जल, रुधिर, मडदुं, थुंक, श्लेष्म, विष्टा, मूत्र, बलतो अग्नि, साप, मनुष्य, शस्त्र, आ वस्तुने उलंघे नहि. वली नदीने कांठे, गायना गोकुलमां, वडना झाडनी नीचे, जलाशयमां, अने कुवाना कांठा उपर विष्टा न करे. वली रात्रियें वृक्षनीचे न रहे. उत्सव तथा सूतक पुरां थये परदेश जाय, साथ विना परदेश न जाय, दासनी साथे न जाय, मध्याह्ने तथा अर्धरात्रियें मुसाफरी न करे. वली क्रूर प्रकृतिवाला मनुष्य, कोटवाल, चाडीआ, दरजी, धोबीप्रमुख, अने नीचमित्रनी साथे गोष्ठि न करे. तेउनी साथे अकाले चाले नहि. वली पाडा, गधेडा अने गायनी असवारी करे नहि. वली हाथीथी हजार हाथ, गाडाथी पांच हाथ, अने घोडा तथा शिंगडावाला जनावरोथी द-

श हाथ दूर रहे. वली खरची विना मुसाफरी करे नहि. बहु निद्रा लहे नहि. रस्तामां कोइनो विश्वास राखे नहि. एकलो कोइना घरमां जाय नहि. जुनां वहाण उपर चडे नहि. एकलो नदीमां प्रवेश करे नहि. मुश्केलीवाली जगामां साधनो विना जाय नहि. अगाध पाणीमां प्रवेश करे नहि. जेउ बहु क्रोधी होय, बहु सुखशीलिया होय, तथा बहु कंजुस होय, तेवाउनी साथे मुसाफरी करे नहि. तथा बांधवाना, मारवाना, जूगार खेलवाना, पीडाना, खजानाना, अने अंतेउरना स्थानमां गमन करे नहि. तथा बूरा स्थानमां, स्मशानमां, शून्यस्थानमां, चोकमां सूकाघासमां, कूडाकचवरमां; उंचीनींची जगामां, उकरडामां, वृक्षाग्रमां पर्वताग्रमां, नदीना कांठामां, कूवाना कांठापर, आ स्थानोमां दीर्घकाल बेसे नहि. वली जे जे कामो जे जे वखते करवां होय ते ते वखते करे, परंतु गफलत करे नहि, तेम तजे नहि.

पुरुषें सुशोभित वस्त्र पहेरवानो आडंबर तजवो न जोइए. परदेशमां गमन करतां तो विशेषें करी न तजवो जोइए; कारण के आडंबरथी अनेक कार्यो सिद्ध थाय छे. वली जे कार्यो करवां ते पंचपरमेष्ठि स्मरण पूर्वक, तथा गौतमादि गणधरोनां नामग्रहणपूर्वक करे; तेमज देव गुरुनी भक्तिवास्ते धननी कल्पना करे. कारण के ज्यारे धन कमावानो प्रारंभ थाय, त्यारे नफामांथी अमुक हिस्सो सातक्षेत्रोमां अवश्य लगावीश, एवी भावना अवश्य करवी जोइए.

ज्यारे लाभ प्राप्तथाय, त्यारे भावना अनुसारे मनोरथ सफल करे, कारण के व्यापारनुं फल धनप्राप्ति छे अने धनप्राप्तिनुं फल, धर्म कार्योमां धननो व्यय छे. तेम न थाय तो व्यापार करवो ते नरक तिर्यंच गति पामवानुं कारण थाय छे. जो धर्मकार्यमां धन खरचाय तो ते धर्मधन कहेवाय छे, अने जो पापकार्यमां खरचाय तो पापधन कहेवाय छे. ऋद्धिना त्रण प्रकार छे. १ धर्मऋद्धि, २ भोगऋद्धि, ३ पापऋद्धि. जो धर्मकार्यमां धन वपराय तो धर्म ऋद्धि, शरीरना भोगमां वपराय तो भोगऋद्धि; अने धर्म, भोगथी रहित ते पापऋद्धि जाणवी. ते कारणथी निरंतर स्वधननो दानादि धर्मकार्यमां व्यय थवो जोइए. जो थोडुं धन होय तो थोडुं धन धर्मकार्यमां वापरवुं; कारण के इछानुसारिणी

शक्ति कोइकनेज होय छे. धनउपार्जन करवानो उपाय निरंतर करवो जोइए, परंतु अत्यंत लोभ न करवो जोइये. धर्म अर्थ अने काम यथावसरे सेवन करवा जोइये, परंतु अत्यंत कामासक्त न थवुं जोइए. धन पण न्यायपूर्वक उपार्जन करवुं जोइए. न्यायोपार्जित धन सत्पात्रादिमां वापरवाना चार भंग छे, ते लखीए छीए.

न्यायोपार्जित धन सत्पात्रादिमां वापरवाना चार भंग छे ते लखियें छियें. १न्यायोपार्जित सत्पात्र विनियोगरूप प्रथम भंग. पुण्यानुबंधिपुण्यबंधनो हेतु होवाथी, वैमानिकदेवतापणुं, भोगभूमियुक्त मनुष्यपणुं, सम्यक्त्वादिनी प्राप्ति, निकटमोक्ष फल, इत्यादि, छे. धन सार्थवाह, तथा शालिभद्रादिवत्.

२ न्यायोपार्जित असत्पात्रविनियोगरूप बीजो भंग. पापानुबंधी पुण्यनो हेतु होवाथी भोगमात्र फल पण छे. तो पण परिणामें विरस फल छे. जेम लक्षभोज्य करनार ब्राह्मण अनेकभवोमां किंचित् सुख भोगवीने सेचनक नामें सर्वांग सुलक्षणो भद्रहस्ती थयो.

३ अन्यायोपार्जित सत्पात्रपरिपोषरूप त्रीजो भंग. तेनुं सारा क्षेत्रमां सामो वावी देवावत् फल छे. ए सुखानुबंधीहोवाथी राज्यना कारभारीउना अत्यंत आरंभ उपार्जित धन समान छे. एवुं धन पण धर्मकार्यमां वापरवामां आवे तो सारुं छे. आबु पर्वत उपर जिनमंदिर बंधावनार विमलचंद्र तथा वस्तुपाल, तेजपाल मंत्रीनी जेम लाभकारक छे. जो तेवुं धन पण धर्मकार्यमां न वापरवामां आवे तो दुर्गति तेमज अपकीर्त्ति, तेनुं फल छे. मम्मण शेठनी जेम.

४ अन्यायोपार्जितकुपात्रपोषरूप चोथो भंग. आ भंग सर्व प्रकारें त्यागवा योग्य छे. कारण के अन्यायोपार्जित धन अने तेनो कुपात्रमां उपयोग करवो, ते एवुं छे के, गायने मारी तेना मांसथी कागडानुं पोषण करवुं. ते कारणथी गृहस्थें न्यायथी धन उपार्जन करवुं जोइए.

श्राद्धदिनकृत्यसूत्रमां लख्युं छे के व्यवहारशुद्धि, तेज धर्मनुं मूल छे. जेनो व्यापार शुद्ध छे, तेनुं धन पण शुद्ध छे; जेनुं धन शुद्ध छे, तेनो आहार शुद्ध छे; जेनो आहार शुद्ध छे, तेनो देह शुद्ध छे; जेनो देह शुद्ध छे, ते धर्मने योग्य छे. एवो पुरुष जे जे कृत्य करे, ते सर्व सफल थाय. जे

व्यवहार शुद्ध न करे, ते धर्मनी निंदा करावथी स्वपरने डुर्लजबोधी करे; ते कारणथी व्यवहारशुद्धि अवश्य करवी जोइए.

वली देशादि विरुद्धनो त्याग करे. देश, काल, राजविरुद्धादि परिहरे. आ कथन हितोपदेश मालानुसार करेल छे. जे पुरुष देश, काल, राज्य तेमज धर्मविरुद्ध तजे, ते सम्यग् धर्मनी प्राप्ति करे छे.

देशविरुद्ध आ प्रमाणे. मारवाड देशमां खेती करवी अने सोरठ देशमां मदिरा बनाववी, इत्यादि देशविरुद्ध समजवुं. वली जे जे देशमां जे जे कार्य शिष्टजनो अनाचरणीय माने ते ते कार्य ते देशमां करवां ते देशविरुद्ध छे. जाति कुलादि अपेक्षाए जे अनुचित होय ते पण देश विरुद्ध छे. ब्राह्मण जातियें सुरापान करवुं ते जातिकुलविरुद्ध छे, अने एक देशवालानी सन्मुख बीजा देशवालानी निंदा करवी ते देशविरुद्ध छे.

कालविरुद्ध आ प्रमाणे. शीतकालमां हिमालय समीप गमन करवुं, उष्णकालमां आफ्रिका देशमां मुसाफरी करवी. वर्षाऋतुमां मरुदेशमां गमन करवुं, डुकालमां अनाजसहित जंगलमां मुसाफरी करवी, राजाउना परस्पर विरोधना वखतमां तथा धाड पाडुउ रस्तो रोकी बेठा होय ते वखते मुसाफरी करवी, सांजनी वखते धनसहित प्रयाण करवुं, इत्यादि स्थानकोमां, अति सामर्थ्य, सहाय तथा दृढबल विना गमन करे तो प्राणनाश तथा धननाशनो संजव छे. फागण मासपछी तलादिनो व्यापार, तल पीलाववा, तलादि जक्षण करवा, तथा वर्षाऋतुमां शाक पत्रादि जाजी प्रमुख खावां तथा बहु जीवाकुल जूमिमां हल फेरववां, इत्यादि महादोषनां कारण छे.

राजविरुद्ध आ प्रमाणे. राजाना अवर्णवाद बोलवा, जेने राजा मान्य करता होय, तेउने न मानवा, राजाना वैरीउनी साथे मेलाप करवो, राजाना शत्रुउना स्थानमां लोजथी जवुं, राजाना शत्रुउनी साथे व्यापार करवो, राजाना काममां पोतानी इछापूर्वक विधिनिषेध करवा.

लोकविरुद्ध आ प्रमाणे. नगर निवासीउनी साथे प्रतिकूलपणे वर्तवुं, स्वामिद्रोह करवो, लोकोनी निंदा करवी, गुणवान् तेमज धनवाननी निंदा करवी, पोतानी बडाइ गावी, सरलनी हांसि करवी, गुणवान उपर मत्सर करवो, कृतघ्नपणुं करवुं, बहुलोकोना विरोधी साथे सं-

गत करवी, लोको जेने मान्य करे तेनी अवज्ञा करवी, उत्तम आचार वालाउं कष्टमां पडे त्यारे राजी थवुं, पोतानी शक्ति उतां साधर्मिनां कष्टनिवारण न करवां, देशादि उचित आचरणनुं उल्लंघन करवुं, थोडुं धन उतां महाधनवाननो वेष धारण करवो, धनवान उतां मेलां वस्त्र पहेरवां, इत्यादि लोकविरुद्ध छे. आ सर्व इह लोकना अपयशनां कारण छे. यदुवाच वाचकमुख्यः ॥ लोकः खल्वाधारः, सर्वेषां धर्मचारिणां यस्मात् ॥ तस्माल्लोकविरुद्धं, धर्मविरुद्धं च संत्याज्यं ॥ १ ॥ अर्थः– श्री उमास्वातिवाचक पूर्वधर आचार्य कहे छे के, सर्वे धर्म करनाराउंने लोक ( जनसमुदाय ) आधार भूत छे, ते कारणथी लोकविरुद्ध तथा धर्मविरुद्ध बंने निरंतर त्यागवा योग्य छे. तेम करवाथी धर्मनो सुखें निर्वाह थाय छे. लोकविरुद्ध त्याग करवाथी सर्वलोकोने ते वल्लभ थाय छे, अने लोकप्रिय थवुं तेज सम्यक्त्व तरुनुं बीज छे.

हवे धर्मविरुद्ध लखीए छीए; मिथ्यात्वनी करणी करवी, गाय प्रमुख सर्व प्राणीउंने निर्दयताथी ताडना करवी तेमज ते जीवोनी हिंसा करवी, तेउंने दृढ बंधनथी बांधवां, मांकड, जू प्रमुख क्षुद्रजंतुउंने निराधार फेंकवां तथा मारवां, तडकामां नांखवां, अप्कायना जीवोनी अत्यंत विराधना करवी, पाणी गलवा माटे मजबुत गलणां न राखवां, पाणी गल्या पछी संखारो फेंकी देवो, अनाज, इंधन, शाक, पत्र, तांबूल, फलादि शोध्याविना खावां. सोपारी, खारेक, उली, फली, प्रमुख संपूर्ण, भांग्या विना मुखमां नाखवां, जीवाकुल भूमिउपर स्नान करवुं, मलमूत्र करवां, उपयोग विना गमनागमन करवुं, जीवयुक्त धान्यादि दलवां, भरडवां, रांधवां, इत्यादि हिंसायुक्त काम करवां; धर्मनां कार्यो अनादरथी करवां, देव, गुरु अने साधर्मिउंनी निंदा करवी तथा द्वेष करवो. जिनमंदिरनुं द्रव्य खावुं, देवगुरु, धर्मना निंदकनी संगत करवी, धर्मिजीवोनी मश्करी करवी, अत्यंत कषाययुक्त काम करवां, पंदर कर्मादाननां आचरण तथा व्यापार तीव्र मलिन अध्यवसायपूर्वक करवा, पापयुक्त नोकरी करवी, इत्यादि अनेक धर्मविरुद्ध कार्यो छे. आ पांचे प्रकारनां विरुद्ध श्रावकें त्यागवां जोइए.

हवे उचित आचरण कहीये छीये. पिता प्रमुख नव जनोनी साथे उ-

चित आचरण अर्थात् स्नेहवृद्धि, कीर्त्यादिहेतु कार्य करवां, ते हितोपदेशमाला ग्रंथानुसार लखीये छीये. नवजनोनी साथे उचित आचरण करवां तेउनां नाम. १ पिता, २ माता, ३ बंधु, ४ स्त्री, ५ पुत्र, ६ स्वजन, ७ गुरु, ८ नगरवासी लोक, ९ परतीर्थिको अर्थात् बीजा मतवालाउ.

१ पितानी साथे उचित आचरण आ प्रमाणे. ते मन, वचन, कायाथी त्रण प्रकारें थायछे. तेमां कायाथी पिताना शरीरनी शुश्रूषा करवी, किंकरनी जेम विनय, वैयावच्च करवी, पिताना मुखमांथी निकलतां पेहेलां तेना अंतःकरणनो व्यापार समजी तेनी अभिलाषा पूर्ण करवी, पितानुं वचन उपाडी लेवुं, प्रसंगें पितानां चरणप्रक्षालन करवां, पितानी चंपी करवी, वृद्धपिताने उठतां, बेसतां आश्वासना करवी, देशकाल उचित, स्वशक्ति अनुसार भोजन, शय्या, वस्त्रादि विनयपूर्वक पितानी आज्ञानुसार आपवां, पितानी चाकरी पोते करवी, नोकरो पासे प्रसंग शिवाय कराववी नही; पितानुं वचन पालवा वास्ते श्रीरामचंद्रजी राज्याभिषेकनो त्याग करी वनवास गया, ए दृष्टांत ध्यानमां राखवुं. वली पितानुं वचन सुण्युं अणसुण्युं न करवुं, मस्तक धूणाववुं नहि, कालक्षेप करवो नहि, पितानी आज्ञानुसार वर्त्तवुं, सर्व कार्यो यत्नपूर्वक पोताना मनमां करवानो उत्साह थयो होय ते पितानी पासे प्रगट करवो. पिताने जे कार्य करवुं वास्तविक लागे ते करवुं, पिता, माता, गुरु अने बहुश्रुत आराध्यां थकां, सर्वकार्यनुं रहस्य प्रकाश करे छे. पिता कदाचित् कठिन वचन बोले तो पण क्रोध न करवो, पितानां जे जे धर्मकार्य करवाना मनोरथ थाय ते ते पुरा करवा.

२ हवे मातानी साथे उचित आचरणनुं स्वरूप कहीये छीये. पितानी जेम मातानी सर्वप्रकारें भक्ति करे, परंतु माताना मनोरथ पिताथी अधिक पूरा करे. देवपूजा, गुरुसेवा, धर्मश्रवण करवुं, देशविरति अंगीकार करवी, आवश्यक करवां, सात क्षेत्रमां धन वावरवुं, तीर्थयात्रा करवी, अनाथदीननो उद्धार करवो इत्यादि सर्व माताना मनोरथ विशेषरीतें पूर्ण करवा. ए प्रमाणे पूर्ण करे तोज उचित आचरण कर्यां समजवां. उत्तम सुपुत्रने ते प्रमाणे करवानी फरज छे, कारण के मातापितानो उपकार अतुल्य छे, ते उपकारनो बदलो नथी. कदाच मातापिताने सुपुत्र श्री अ-

रिहंतना धर्ममां जोडे तोज मातपिताना उपकारनो बदलो वली शके छे, तेम करवाथीज मातापिताना उपकारनुं रुण वली शके छे, ते शिवाय बीजा कोइ उपायथी मातापिताना उपकारनुं रुण वली शकतुं नथी. आ कथन श्रीस्थानांग सूत्रमां छे.

हवे माता संबंधी उचित आचरणमां जे विशेष छे ते लखीये छीये. माताना चित्तने अनुसरवुं ते उत्तम पुत्रनी फरज छे. स्त्री जातिनो स्वन्नावज प्रायः एवो होय छे, पोतानी धारणा मुजब न थाय तो जलदीथी चित्त खेदयुक्त थइ जाय, ते कारणथी जे काममां खेद या पीडा थाय ते काम न करवुं. पिताथी माता विशेष पूज्य छे. मनुस्वामी कहे छे के॥ उपाध्यायाद्दशाचार्यः, आचार्येज्यः शतंपिता ॥ सहस्रं तु पितुर्माता, गौरवेणातिरिच्यते ॥ १ ॥ वली बीजाउपण कहे छे के, ज्यां सुधि दुध पीये त्यां सुधी आ, मारी माता एम पशुपण जाणे छे, न्नोजन न खाइ शके त्यांसुधि आ मारी माता एम अधम पुरुष जाणे छे, ज्यांसुधी घरनुं काम करे त्यांसुधी आ मारी माता एम मध्यम पुरुष माने छे अने ज्यां सुधी जीवे त्यांसुधी तीर्थरूप उत्तम पुरुष पोतानी माने माने छे.

३ सहोदर अर्थात् बंधु साथे उचित आचरण आ प्रमाणे. मोटान्नाइने पिता समान गणे, अने मोटो न्नाइ नानान्नाइने सर्वकार्यमां साथे जोडे. जो उरमान मातानो दीकरो ( न्नाइ ) होय तो जेम श्रीरामचंद्र अने लक्ष्मणनो परस्पर प्रेम हतो तेवो परस्पर प्रेम राखवो जोइये. वली वडील बंधुनी स्त्रीउनी साथे तथा तेमना पुत्र, पुत्रीउनी साथे पण उचित आचरण यथायोग्य करे, परंतु पृथग्न्नाव न करे. न्नाइनी व्यापारमां सलाह लहे. छानी वात न राखे. धननो व्यवहारपण न्नाइथी गुप्त न राखे. बंधुने निरंतर शिखामण आपे, जेथी धूर्त्त, प्रपंचीना छल कपटमां ते न फसाय. बंधुने माठी सोबत लागी होय, वा ते अविनीत थयो होय तो सज्जन पुरुषोनी सोबतमां लालच आपी उतारे, पोते नम्रताथी शिखामण आपे, पोताना मित्रोद्वारा शिखामण अपावे, काका, मामा, इत्यादि सगासंबंधी द्वारा तेने शिक्षा अपावे, अन्योक्तिथी वचन कहे, परंतु पोते तर्जना करे, कारण के ताडना तर्जनाथी बंधुमां अविनीतपणुं तथा अमर्यादा वधती जाय छे. सामुं बोलनारो थइ जाय छे; तेथी हृदयमां प्रेम

सहित बहारथी ज्यारे भाइने देखे त्यारे तेना अंतःकरणमां पण ते बहु राजी थाय एवो देखाव बतावे. ज्यारे भाइ विनयमार्गमां आवी जाय त्यारे निष्कपटपणे मीठां वचनोथी तेनी साथे निरंतर वर्त्ते. कदाचित् भाइ अविनीतपणुं न तजे तो, चित्तमां विचारे के, तेनी प्रकृतिज एवी छे, एम मनमां समाधान करी उदासीनपणे वर्ते. वली भाइनी स्त्री तथा तेना पुत्रोनी साथे समदृष्टि सर्व कार्यमां राखे. ओरमान भाइनी साथे विशेषरीतें प्रेमपूर्वक प्रवर्त्ते; कारण के तेनी साथे लेशमात्र अंतर राखवाथी अप्रतीति थइ जाय छे, अने लोकमां पण निंदा थाय छे. तेवीजरीतें माता, पिता अने बंधुसमान बीजा जे जे पुरुषो छे, तेओनी साथे उचित आचरणो विचारी लेवां. यतः ॥ जनकश्चोपकर्त्ताच, यस्तु विद्यां प्रयच्छति ॥ अन्नदः प्राणदश्चैव, पंचैते पितरः स्मृताः ॥ १ ॥ राजपत्नी गुरोः पत्नी, पत्नीमाता तथैव च ॥ स्वमाता चोपमाता च, पंचैतामातरःस्मृताः ॥ २ ॥ सहोदरः सहाध्यायी, मित्रं वा रोगपालकः ॥ मार्गे वाक्य सखायश्च, पंचैते भ्रातरः स्मृताः ॥ ३ ॥ वली पोताना भाइओने धर्मकार्यमां पण प्रवर्तावे; तेवीज रीतें मित्रनी साथे पण उचित आचरण करे.

४ हवे स्त्रीनी साथे उचित आचरण कहीए छीए. विवाहित स्त्रीनी साथे स्नेहसंयुक्त वचन व्यापार राखे, स्त्रीने सर्वकार्यमां अभिमुख करे, वल्लभ अने स्नेहयुक्त वाणीविलास निश्चयपूर्वक प्रेमनुं जीवन छे. स्नानप्रसंगें वा परिश्रमने प्रसंगें पगचंपी प्रमुख कार्यमां स्त्रीने प्रवर्तावे. उत्तरोत्तर कार्यमां पतिनो स्नेह पत्नीना अंतरंगमां प्रवर्त्ते छे, त्यारे पत्नी कदापि दुराचरण करवानी अभिलाषा करती नथी. देश, काल, समृद्धिपूर्वक स्त्रीने उचित वस्त्राभरणथी अलंकृत करे; कारण के अलंकारसंयुक्त स्त्री, लक्ष्मीनी वृद्धि करे छे. रात्रिए स्त्रीने बहारगमन करवा अनुज्ञा आपे नहि. वली कुशील, पाखंडी, भगत योगी इत्यादि नीचपुरुषोनी संगतमां प्रवर्तवा दे नहि. गृहकार्यमां स्त्रीने निरंतर जोडी राखे. राजमार्गे उभां रहेतां तथा वेश्याना पाडामां जतां निवारे. प्रतिक्रमण, सामायिक, देवदर्शनादि धर्मकृत्यो करवावास्ते, जिनमंदिर वा उपाश्रये जवामां, माता, बेहेन प्रमुख सुशील स्त्रीओनी संगतिमां जवानी अनुज्ञा आपे, घरनां काम, दान, सगासंबंधीनां सन्मान, रसोइनां

पात्र त्रण तरेहनां कथन करेलछे. १ उत्तम पात्र साधु, २ मध्यम पात्र श्रावक, ३ अविरति सम्यग्द्दष्टि जघन्यपात्र, १ अनादर, २ कालविलंब, ३ विमुख, ४ असत्यबोलवुं, ५ दान दइ पश्चात्ताप, आ पांच सत् दाननां कलंक छे. १ आनंदनां आंसु आववां, २ रोमांचित थवुं, ३ बहुमान देवुं, ४ मिष्टभाषण, ५ दानदीधा पछी अनुमोदना, आ पांच सुपात्र दाननां भूषण छे. सुपात्रदाननुं परिग्रहपरिमाण करवानुं फल रत्नसार कुमारनी जेम थाय छे. आ कथा श्राद्धविधिग्रंथथी जाणवी. ते कारणथी एवा साधुनो संयोग मलवाथी सुपात्रदान दिन प्रतिदिन विवेकवान् अवश्य करे.

भोजन अवसरें साधर्मी बंधु कोइ आव्या होय तो पोतानी साथे यथा शक्ति भोजन करावे; कारण के तेउपण पात्र छे. आंधला लुला प्रमुख मागनाराउने पण यथायोग्य आपे, कोइ मागनारने निराश जवा दे नहि. धर्मनी निंदा न करावे, कठण अंतःकरण न करे. भोजनने अवसरें दयावंतें बारणाबंध न करवां जोइये, तेमांपण धनवानें तो अवश्य द्धार खुल्लां राखवां जोइये. ॥ आगमेऽप्युक्तं ॥ नेव दारं पिहावेइ, भुंजमाणो सुसावउ ॥ अणुकंपा जिणंदेहिं, सढ्ढाणं न निवारिया ॥ १ ॥ दिठूण पाणिनिवहं, भीमे भवसायरंमि डुखत्तं ॥ अविसेस अणुकंपं, डुहावि सामठउ कुणइ ॥२॥ अर्थः— भोजनावसरें दरवाजा बंध करे नहिं. जिनेश्वर भगवानें श्रावकने अनुकंपादान करवानी मना करी नथी. जीवोना समूहने भयानक संसारमां डुःखपीडित देखीने तेउना उपर विशेषरहित द्रव्य तेमज भावथी अनुकंपा करे. द्रव्यथी यथायोग्य अन्नादि आपे, भावथी तेउने सन्मार्गमां प्रवर्त्तावे. श्री पंचमांग प्रमुखमां ज्यां श्रावकोनुं वर्णन करेल छे, त्यां आ प्रमाणे पाठ छे " अवगुंठि अडुवारा " आ विशेषण ध्यानमां राखी भिक्षुकादिने आपवावास्ते निरंतर द्धार उघाडां राखे. संवत्सरीदान आपी तीर्थंकर महाराजाउयें पण दीन प्राणीउनो उद्धार करेल छे. कदापि डुकाल पडे तो श्रावकोयें तो विशेषरीतें दीननो उद्धार करवो. पूर्वें विक्रमसंवत् १३१५ मां भद्रेसर गामनिवासी श्रीमाल ज्ञातिशाह जगडु श्रावकें ११२ एकसो बार दानशाला बंधावी दान आपेल

छे. वली संवत् १४२ए मां सोनी सिंहा श्रावकें २४००० हजार मण अन्न दीन जीवोने डुकालमां आपेल छे.

माता, पिता, नाइ, बेहेन, पुत्र, स्त्री, सेवक, ग्लान, बांधेलां गाय प्रमुख जानवरो, आ सर्वेनी नोजन अवसरें सार संनाल लेवी जोइये. मातपिताने नोजन करावि, पंच परमेष्टि स्मरण करी, प्रत्याख्यान पारी, सर्वेनियम स्मरण करी, साम्यताथी नोजन करे. साम्यता अर्थात् जे अन्नपाणी परस्पर विरुद्ध न होय, उलटा परिणमे तेवा न होय, पोताना स्वनावने माफक होय तेवुं नोजन साम्य कहेवाय छे. जे पुरुष जीवित पर्यंत साम्यताथी नोजन करे, ते कदी विष खाइ जाय तो, विष पण तेने अमृत थइ जाय. असाम्य नोजन करनारने अमृत पण विष थइ जाय छे, परंतु अपवाद ए छे के साम्यताथी पण पथ्यज खावुं जोइये, अपथ्य नही. खावामां अत्यंत गृद्धिपणुं न जोइये. कंठनाडिथी ज्यारे नोजन नीचे उतरी जाय छे, त्यारे सर्व नोजन बराबर थइ जायछे; ते कारणथी एक क्षणमात्रना स्वादने वास्ते अतिलोलता न करवी जोइये. वली अनक्ष्य, अनंतकाय, बहु सावद्यवस्तु अर्थात् बहु पापवाली वस्तु खाय नहि. जे मिताहार करे छे ते बलवान् थाय छे, अने जे बहु खाय छे ते अनुक्रमें बलहीन थाय छे. अधिक खावाथी अजीर्ण, वमन, विरेचनादि मरणांत कष्टपण थइ जाय छे. यथा ॥ हितमितविपक्वनोजी, वामशयी नित्यचंक्रमणशीलः ॥ उज्झित मूत्रपुरीषः, स्त्रीषु जितात्मा जयति रोगान् ॥ अर्थः—नुख लागे त्यारे हितकारी एवुं थोडुं अन्न जमे, डाबी बाजु नीचे राखी सुवे, निरंतर चालवानो अन्यास राखे, ज्यारे बाधा थाय त्यारे तरत दिशामात्रा करे, अने स्त्री साथे नोग न करे ते पुरुष रोगो उपर जय मेलवे छे.

हवे नोजनविधि, व्यवहार शास्त्रानुसार लखिये छीये, अति प्रनातमां, अति संध्यामां तथा रात्रियें नोजन न करवुं जोइये. सडेलुं अने वासी अन्न न खावुं जोइये. चालतां खावुं नहि, जमणा पग उपर हाथ राखी खावुं नहि, हाथ उपर राखी खावुं नहि, खुल्ला आकाशमां खावुं नहि, तडकामां बेसी खावुं नहि, अंधारामां बेसी खावुं नहि, वृक्षनी नीचे बेसी खावुं नहि, तर्जनी आंगली उंची राखी कदापि खावुं नहि, मुख,

हाथ, पग तेमज वस्त्र धोयाविना खावुं नहि, नग्न थइ मेलां वस्त्र पेहेरी, थाल पकड्याविना खावुं नहि, मात्र एक धोतियुं पेहेरी खावा बेसवुं नहि, नीलुं वस्त्र पेहेरी खावा बेसवुं नहि, नीलुं वस्त्र माथे लपेटी खावुं नहि, ज्यारे अपवित्र होइयें त्यारे खावुं नहि, अतिगृद्ध, रसलंपट थइ खावुं नहि, उपानसहित, व्यग्रचित्ते, निःकेवल भूमिपर बेसी, पाटउपर बेसी खावुं नहि, विदिशि तथा दक्षिणदिशि तरफ मुख राखी खावा बेसवुं नहि, पातला आसनपर बेसी खावुं नहि, आसन उपर पग राखी भोजन करवुं नहि, चंडालना देखतां, धर्मथी पतित होय तेना देखतां, फूटेलां, तथा मलिन पात्रमां खावुं नहि; जे शाक प्रमुख वस्तु विष्टाथी उत्पन्न थयेल होय ते खावी नहि, बालहत्याप्रमुख जेणे करेल होय तथा रजस्वला होय तेवी स्त्रीए स्पर्श करेली वस्तु खावी नहि. जे वस्तु गाय, श्वान, पंखीये सुंघी होय, जे वस्तु अजाणी होय, जे वस्तु फरीथी उष्ण करी होय, ते वस्तु खावी नहि, बचबचाट शब्द करतां खावुं नहि. मुख फाटतां बुरुं लागे एम मुख करी खावुं नहि. भोजन अवसरें बीजाउने बोलावी प्रीति उत्पन्न थाय तेम भोजन करवुं. देवगुरुनुं नाम स्मरण करी, समासन उपर बेसी पोतानी माता, बेहेन, भाभु, भाणेज वा स्त्री प्रमुखें जे भोजन तैयार करेल होय ते पवित्रपणे पीरसातां मौनपणे दक्षिण स्वर चालतां जमवुं. जे जे वस्तु खावी ते नासिकायें सुंघीने खावी, तेम करतां दृष्टिदोष नाश पामे छे. अति खारुं, अतिखाटुं, अति उष्ण, अतिशीतल, अतिमीठुं तथा अतिशाक खावुं नहि. मुखमां स्वाद लागवा मात्र खावुं. अतिउष्ण खावाथी रसनाश पामे छे, अति खाटुं खावाथी इंद्रियोनी शक्ति कम थइ जाय छे, अतिखारुं खावाथी नेत्र बगडी जायछे, अतिस्निग्ध खावाथी प्राणशक्ति मंद थइ जाय छे, अति तीखुं तथा कडवुं खावाथी कफ दूर थइ जाय छे, कषायलुं अने मीठुं खावाथी पित्त नाश पामे छे, स्निग्ध घृतादि खावाथी वायु दूर थइ जाय छे, बाकी शेष रोग ते न खावाथी दूर थइ जाय छे.

जे पुरुष शाक बहु खाय, घीथी रोटली खाय, दुधने चोखा खाय, बहु पाणी न पीये, अजीर्ण होय त्यारे खाय नहि, ते पुरुष रोगपर जीत मेलवे छे. भोजन करती वखत प्रथम मीठुं अने स्निग्ध भोजन करे, व-

चमां तीक्ष्ण भोजन करे, अने पाछल कडवुं भोजन करे. उक्तं च ॥ सुस्निग्धमधुरैः पूर्वं, मश्नीयादन्वितं रसैः ॥ द्रव्याम्ललवणैर्मध्ये, पर्यंते कटुतिक्तकैः ॥

जो प्रथम नरम वस्तु खाय, मध्यमां कटु वस्तु खाय अंतमां फरी नरम वस्तु खाय तो बलवंत तथा नीरोगी थाय छे. भोजननी पेहेलां पाणी पीये तो अग्निमंद थइ जाय छे, भोजननी वचमां पीये तो रसायन समान गुणकारी थाय छे, अने भोजननी अंते विषसमान थाय छे. भोजननी अनंतर सर्व रसथी लिंपेला हाथथी एक अंजली रोज पीये, पशुनी जेम पाणी पीये नहि, पाणी पीधा पछी बाकी रहेलुं फेंकी दे, अंजलीथी पाणी पीये नहि, पाणी थोडुं पीवुं पथ्य छे. पाणीथी भीजेला हाथ गलाउपर, कपोलउपर तथा नेत्र उपर लगाडे नहि. भोजन कर्या पछी अंगमर्द्दन, दिशागमन, बोज उठाववानुं काम, बेसी रेहेवुं तथा स्नान, एटलां काम करे नहि; भोजन कर्या पछी केटलो एक वखत बेसी रेहेवामां आवे तो पेट मोटुं थइ जाय छे. मुख खुल्लुं राखी चता सुवे तो बल वधे छे, डावे पडखे सुवे तो आयु वधे छे, भोजन करी दोडे तो मरण थवानो संभव छे; भोजन कर्या पछी डावे पडखे बे घडीसुधी सुवे, परंतु निद्रा लहे नहि, अथवा सुवे नहि तो सो डगलां चाले. बीजे स्थलेपण कह्युं छे के देवने, साधुने, नगरना स्वामि राजाने अने स्वजनोने ज्यारे कष्ट आवे त्यारे तथा चंद्र, सूर्यना ग्रहण वखते विवेकवान् पुरुष, शक्ति होय तो भोजन न करे; तेवीज रीतें " अजीर्णप्रभवारोगाः " तेथी अजीर्णमां पण भोजन करे नहि.

ज्वरनी आदिमां लांघण श्रेष्ठ छे, परंतु वायुज्वर, श्रमज्वर, क्रोधज्वर, शोकज्वर, कामज्वर, घावज्वर, एटला ज्वरने वर्जिने बाकीना ज्वरमां तथा नेत्ररोगमां लांघण करे.

देवगुरु वंदनना अयोगमां, तथा तीर्थ अने गुरुने नमस्कार करवा जती वखत, विशेषधर्मनुं तथा पुण्यनुं काम आरंभतां अने अष्टमी, चतुर्दशी आदि विशेष पर्वने दिवसे भोजन न करवुं जोइये. तपश्चर्या आ लोक अने परलोकमां बहुज हितकारी छे, तथा गुणकारी छे. भोजन कर्या पछी नवकार मंत्र गणी उठे. चैत्यवंदन करी, देवगुरुने यथायोग्यवं-

दन करे. जोजन कर्या पछी गंठीसहित दिवस चरिम प्रत्याख्यान विधिथी करे; पछी गीतार्थ साधु, गीतार्थ श्रावक तथा सिद्धपुत्रादि समीप स्वाध्याय (पठन पाठन) यथायोग्य करे. योगशास्त्रमां लख्युं छे के जे गुरुमुखथी जणेल होय, ते बीजाउने जणावे, स्वाध्याय कर्या पछी संध्यासमये जिनपूजा करे, पछी प्रतिक्रमण करे, पछी स्वाध्याय करे, पछी वैयावच्च अर्थात् मुनिनी पगचंपी करे, पछी घेर आवी सर्व परिवारने मेलवी धर्मनुं स्वरूपकथन करे. उत्सर्गमार्गें तो श्रावकें एक वखतज जोजन करवुं जोइये ॥ यदजाणि ॥ उस्सग्गेणं तु सङ्घोय, सचित्ताहारं वज्जाउ ॥ इक्कासणगजोइश्र, बंजयारितहेवय ॥ १ ॥ जो एक वखत जोजन करवाने समर्थ न होय, तो दिवसनो आठमो जाग अर्थात् चार घडी दिवस बाकी रहे त्यारे जोजन करी ले, बे घडी दिवस बाकी रहेतां पहेलां तो जोजन करी लेवुं जोइये. पछी यथाशक्ति चार आहार, त्रण आहार, वे आहार त्यागरूप दिवस चरिम, सूर्यउगतां सुधी करे. मुख्यवृत्तियें तो दिवस छतां प्रत्याख्यान करवुं जोइये, परंतु अपवादें रात्रियें पणकरे.

इति श्रीतपगछीयगणिश्रीमणिविजयतछिष्यमुनिश्रीबुद्धिविजयतछिष्यमुन्यात्मारामानंदविजयविरचितेजैनतत्वादर्शगुर्जरजाषांतरे श्राद्धशास्त्रानुसारेण श्रावकदिनकृत्यप्रकाशकनामा नवमपरिछेदः संपूर्णः ॥

---

॥ अथ दशमपरिछेदप्रारंजः ॥

आ परिछेदमां श्रावकोनां १ रात्रिकृत्य, २ पर्वकृत्य, ३ चातुर्मासिककृत्य, ४ संवत्सरीकृत्य, ५ जन्मकृत्य, आ पांच कृत्यनुं स्वरूप अनुक्रमें लखवामां आवशे; प्रथम रात्रिकृत्य लखीये छीये.

साधुनी पासे तथा पौषधशाला प्रमुखमां यत्नापूर्वक प्रमार्जना करीने सामायक लही श्रावक प्रतिक्रमण करे; पछी साधुउनी वैयावच्च (पगचंपी) करे. उत्सर्ग मार्गनी अपेक्षायें साधुने श्रावकपासे विश्रामण आदि न कराववुं जोइयें, परंतु श्रावक तेम करवानो जाव करे तो महाफल थाय छे; पछी श्राद्धविधि, श्राद्धदिनकृत्य, उपदेशमाला अने कर्मग्रंथ प्रमुख शास्त्रोनो स्वाध्याय करे, पछी सामायक पारी घेर जाय.

घेर आवी सम्यक्त्वमूल बार व्रतमां सर्व शक्तिथी यत्न करणादिरूप

तथा अर्हत्चैत्य अने साधर्मी वर्जित वासस्थानमां निरंतर अनिवासरूप, तथा पूजा प्रत्याख्यानादि अभिग्रहरूप, साते क्षेत्रमां यथाशक्ति व्यय करवारूप, सर्व परिवारने यथायोग्य धर्मोपदेश कथन करे. श्रावक जो पोताना परिवारने धर्मनुं स्वरूप यथायोग्य न कहे तो ते परिवार धर्मथी विमुख रहे, अने तेउने धर्मनी प्राप्ति न थाय, तेथी इह लोक परलोकनां अनेक तरेहनां ते पापकर्म करे, ते सर्व पाप मुख्य श्रावकने लागे. लौकिक व्यवहारशास्त्रमां पण कह्युं छे के चोरने चोरी करतां जाणतां छतां तेने न निवारे अने खानपानादि आपे तो ते सहायक पण मददगार चोर गणाय छे. धर्ममांपण तेमज जाणवुं. ते कारणथी श्रावकें द्रव्य तथा भावथी पोताना कुटुंबने निरंतर लाभ आपवो जोइये. तेमां द्रव्यथी पुत्र, स्त्री प्रमुखने यथायोग्य अन्न वस्त्रादि आपवां जोइये, अने भावथी तेउने धर्मनो उपदेश करवो जोइये; तेमज बीजां जे दुःखी कुटुंबी होय तेउनां दुःख निवारवानी चिंता करवी जोइये. पाप लागवानी बाबतमां अन्यशास्त्रमां पण कह्युं छे. यतः ॥ राज्ञि राष्ट्रकृतं पापं, राज्ञः पापं पुरोहिते ॥ भर्त्तरि स्त्रीकृतं पापं, शिष्यपापं गुरावपि ॥ १ ॥ धर्मदेशना आप्या पछी, रात्रिनो प्रथम पहोर व्यतीत थया बाद, शरीरने सुखजनक शय्यामां विधिपूर्वक अल्प निद्रा करे. बाहुल्यतायें गृहस्थ, मैथुन अभिलाषा वर्जे. जावजीवसुधी ब्रह्मचर्य व्रत पालवा समर्थ न होय तो, पर्वतिथियें तो अवश्य ब्रह्मचर्य व्रत पालवुं जोइयें.

जे शय्यामां मांकड प्रमुख पड्या होय, जे पलंग टुंको होय, भांगेलो होय, मेली शय्या होय, जे पलंग बलेला लाकडानो बनावेलो होय, तेनो त्याग करे. पलंगमां चार जातसुधीनुं काष्ठ वपराय तो शुभ, अने वधारेनुं वपराय तो अशुभ, एम नीतिशास्त्रमां कह्युं छे. पूजनीय वस्तु उपर सुवे नहि, पाणीथी भीजायेला पग छतां सुवे नहि, उत्तरदिशि तथा पश्चिम दिशि तरफ मस्तक राखी सुवे नहि, वांसनी जेम सुवे नहि, पगराखवानी तरफ सुवे नहि, हाथीना दांतनी जेम सुवे नहि, देवमंदिरना मूल गभारामां, सर्पनी बंबी उपर, वृक्षनी नीचे, तथा स्मशानमां सुवे नहि. कोइनी साथे लडाइ थइ होय तो शांति करी सुवे. सुवानी वखत पाणी पासे राखे. द्वार बंध करी, इष्टदेवने नमस्कार करी सर्व आहारनो त्याग

करी,ओढवानां वस्त्र समारी शरीर साफ करी,डाबी बाजु नीचे राखी शयन करे.

दिवसे सुवे नहि, परंतु क्रोध, शोक तथा मद्य शमाववावास्ते, तथा स्त्रीकर्म अने बीजी मेहेनतनो थाक लाग्यो होय तो ते मटाडवावास्ते, तेमज रस्तानो परिश्रम दूर करवावास्ते सुवे; वळी अतिसार, श्वास, हेडकी प्रमुख रोग दूर करवावास्ते सुवे; तथा बालक, वृद्ध अने बलक्षीण होय तेपण सुवे. वळी अजीर्णना व्याधिवाला, वायाना व्याधिवाला, खांसीवाला. अने जेउने रात्रियें निद्रा न आवती होय वा अल्प आवती होय तेउंपण सुवे. तृषा, शूल अने गड गुमडानी वेदनाथी विह्वल होय तेपण दिवसे सुवे. जेठ अने असाड मासमां दिवसेंपण सुवुं ते सारुं छे. बीजा महिनामां जो सुवे तो कफ अने पित्तकर्ता थाय छे. बहु वखत निद्रा लेवी तेपण सारुं नथी. रात्रें ज्यारे सुवे त्यारे दिशावकाशिक व्रत उच्चरी सुवे, चार शरण ग्रहे, जीवराशि साथे खमावे, अढार पापस्थानक वोसिरावे, दुष्कृतनी निंदा गर्हणा करे, सुकृतनुं अनुमोदन करे, अने नवकार सहित आ गाथा त्रण वार उच्चरे. ॥ जइ मे हुज्ज पमाउ, इमस्स देहस्स इमाइ रयणीये ॥ आहारमुवहि देहं, सव्वं तिविहेण वोसरियं ॥ १ ॥ अर्थ सुगम छे. सागारी अनशन करे. सुती वखते पांच नवकार स्मरण करे. स्त्रीनी शय्याथी अलग शय्यामां सुवे, शय्यामां साथे सुवाथी विकार अधिक जागे छे तथा जे वासना सुती वखते होय, ते जागतां सुधी दूर थती नथी. वळी अधिक विकारथी दिवानापणुं थइ जाय छे; तथा मरण अवसरें गफलत थइ जाय तो पण सेचतन अवस्थामां जे वासना विद्यमान हती तेज वासना रहे छे ॥ इत्याप्तोपदेशः ॥ ते कारणथी सर्वथा उपशांतमोह थइने, तथा धर्म वैराग्यादि भावनाथी वासित थइने निद्रा करे तो माठां स्वप्न न आवे. जे रीतियें सुंदर धर्ममयस्वप्न आवे ते रीतियें सुवे, जेथी कदाच निद्रामां आयुनी समाप्ति थइ जाय तो पण ते उत्तम गतिमां जाय.

सुता पछी रात्रिमां जो जागी जवाय, अने तेवे प्रसंगे अनादि कालना अभ्यासना रसथी कदाचित् काम पीडा करे, तो स्त्रीना शरीरना अशुचिपणानो विचार करे; अने श्रीजंबुस्वामि तथा श्रीस्थूलभद्रादि महर्षियोना तथा सुदर्शनप्रमुख महाश्रावकोनां दुष्कर शीयल पालवानी

दृढतानो विचार करे, वली स्त्रीना शरीरनी अपवित्रता जुगुप्सनीयादि सर्व श्रीहेमचंद्रसूरिकृतयोगशास्त्रमां तथा श्रीमुनिसुंदरसूरिकृत अध्यात्मकल्पद्रुममां जेम बतावेल छे, तेम विचारे, तेनुं लेशमात्र स्वरूप लखीये छीये.

चामडी, हाड, मज्जा, आंतरडां, चरबी, नस, रुधिर, मांस, विष्ठा, मूत्र, खेल, खंखारादि अशुचि पुद्गलनुं पिंड स्त्रीनुं शरीरछे, आ पिंडमां तुं शुं रमणीय वस्तु देखे छे? जे लोक विष्ठाने दूरथी देखी थूथूकार करे छे, तेज मूढलोक विष्टा अने मूत्रथी भरेला एवा स्त्रीना शरीरनी अभिलाषा करे छे! बहु छिद्रोवाली विष्टानी कोथली जेना छिद्रोमांथी कृमीजाल निकले छे, तथा कृमीजालथी भरेली, एवी स्त्री छे. चपलता, माया, असत्यता, ठगाइ इत्यादिथी संस्कारित थयेल छे, तेथी जे पुरुष मोहथी तेनो संग करे, भोगविलास करे, तेने नरकगति छे. विष्टानी कोथलीरूप स्त्रीनां अगीआरे द्वारथी अशुचि वहे छे. जे द्वारने सुंघो, ते द्वारमांथी सडेला कुतराना कलेवर समान दुर्गंध आवे छे. हवे विचारमात्र एज आवे छे के कामी पुरुषो आवा स्त्रीना शरीरमां रागांध केम थाय छे? इत्यादि स्त्रीना शरीरनी अशुचिता विचारे. धन्य छे मुनि जंबुकुमारने!! जेणे नवपरिणीत आठ पद्मिनी स्त्री तथा नवाणुक्रोड सोनैया एक क्षणमात्रमां तजी दीधां! तेनुं माहात्म्य विचारे; अने श्री थूलिभद्र तथा सुदर्शन शेठना शियलनुं माहात्म्य विचारे. वली कषाय जीतवाना उपाय चिंतवे, तथा भवस्थितिनो विचार करे, अने धर्ममनोरथ भावनानी चिंतवना करे.

कषाय जीतवानो उपाय आ प्रमाणे. क्रोधने क्षमाथी जीते, मानने नम्रताथी जीते, मायाने सरलताथी जीते, लोभने संतोषथी जीते, रागने वैराग्यथी जीते, द्वेषने मित्रताथी जीते, मोहने विवेकथी जीते, कामने, स्त्रीना शरीरनी अशुचित्व भावनाथी जीते, मत्सरने मननी मोटाइथी जीते, विषयने संयमथी जीते, योगने गुप्तिथी जीते, आलसने उद्यमथी जीते, अविरतिपणाने विरतिपणाथी जीते; आ प्रमाणे सर्व सुखेथी जीती शकाय छे. पूर्वे महान् पुरुषोयें आ रीतियेंज कषायने जीतेल छे.

भवस्थिति महादुःखरूप छे. चारे गतिमां जीव नाना प्रकारें दुःख पामी रह्या छे. नरकगतिना साते नरकोमां अत्यंत क्षेत्र वेदना छे. चार न-

रकमां परस्पर शस्त्रोथी उदीरेली वेदना छे, अने त्रण नरकमां परमाधामी कृत वेदना छे. आंख बंध करी उघाडीयें तेटलो काल पण नरकवासी जीवोने सुख नथी. मात्र दुःखज पूर्व जन्मना करेला पापथी उदय पामेल छे. रात अने दिवस एक सरखां दुःखमां जाय छे. नरकगतिमां जीव जेटलुं दुःख जोगवे छे, तेनाथी अनंतगणुं दुःख निगोदमां ते जोगवे छे. तिर्यंच गतिमां अंकुश, परोणा, लाकडीना प्रहार, शृंगमोडन, गलमोडन, तोडन, छेदन, जेदन, दहन, अंकन, परवशत्वादि अनेक दुःख, जीव पामे छे. मनुष्यगतिमां गर्जमां रेहेवानुं दुःख, जन्म जरा मरणनुं दुःख, रोग व्याधि दरिद्रता प्रमुखनुं नाना प्रकारनुं दुःख, माता, पिता, स्त्री, पुत्रना मरणादिथी थतुं दुःख इत्यादि अनेक तरेहनुं दुःख जीव पामे छे. देवगतिमां च्यवननुं दुःख, दासपणानुं दुःख, पराजव, ईर्ष्यादि अनेक दुःख छे, इत्यादि जवस्थिति विचारे.

धर्ममनोरथजावना आ प्रमाणे करे. श्रावकना घरमां ज्ञान, दर्शन, व्रतसहित दास थइ जाउं तो पण सारुं छे, परंतु मिथ्यादृष्टिमां चक्रवर्ती राजा पण थवानी वांछा न करे. वली क्यारे हुं संवेगी वैराग्यवंत गीतार्थ गुरुना चरणारविंदमां स्वजनादि संगरहित प्रव्रज्या ग्रहण करीश? तथा क्यारे हुं तिर्यंचना तथा पिशाचना जयथी निःप्रकंप थइ स्मशानादि जूमिमां विधिपूर्वक कायोत्सर्ग करीश? वली क्यारे हुं तपथी कृश शरीर वालो थइ उत्तम पुरुषोनो मार्ग वहन करीश? इत्यादि जावनाथी कामकटकने जीते॥ इति श्राद्धविधिग्रंथानुसाररात्रिकृत्यं॥

हवे श्रावकनां पर्वकृत्य लखीए छीए. अष्टमी, चतुर्दशी आदि पर्वना दिवसोए धर्मनी पुष्टि जे करे तेनुं नाम पौषध छे. जला व्रतवाला श्रावकें पर्वने दिवसें अवश्य पौषध करवो जोइए. जो पर्वने दिवसे शरीरमां शाता न होय, अने पौषध न करी शके तो बे वार प्रतिक्रमण करे; तेमज बहुवार सामायिक तथा दिशावकाशिक व्रत अंगीकार करे. पर्वदिवसोमां ब्रह्मचर्य व्रत पाले. आरंज वर्जे. विशेष तप करे. चैत्यपरिपाटी करे. सर्व साधुउने नमस्कार करे. सुपात्रदान, देवपूजा, गुरुजक्ति, इत्यादि सर्व, बीजा दिवसो करतां विशेष रीतें करे. धर्म करणी निरंतर करवी ते सारुं छे, जो निरंतर न करी शकाय तो पर्वने दिवसें तो अव-

श्य करवी जोइये. पर्वना दिवसो आ छे—अष्टमी, चतुर्दशी, पूर्णमासी, अमावास्या, आ एक मासमां छ पर्व, अने पखवाडीआमां त्रण पर्व, तथा बीज, पांचम, अष्टमी, एकादशी, चतुर्दशी आ पांच तिथि, तीर्थंकरोये वर्णवेली छे. बीजने दिवसे बे प्रकारना धर्मनुं आराधन करे, पंचमीने दिवसे ज्ञाननुं आराधन करे, अष्टमीने दिवसे आठ कर्मनो नाश करवा तपश्चर्या प्रमुख करे, एकादशीने दिवसे अगीआर अंगनुं आराधन करे, चतुर्दशीने दिवसे चौद पूर्वनुं आराधन करे, आ पांच तथा पूर्वोक्त पूर्णमासी अने अमावास्या, एम छ पर्व थयां. वर्षमां छ अट्ठाइ पर्व छे. चातुर्मासिक पर्वोमां सर्वथा आरंभनो त्याग जो न करी शके, तो स्वल्पतर आरंभ करे. पर्वने दिवसे सर्व सचित्त आहार वर्जे, श्रावकें निरंतर सचित्त आहार वर्जवो जोइयें, जो तेम न करी शके तो पर्वने दिवसें तो अवश्य वर्जवो जोइयें. पर्वना दिवसोमां स्नान, शिरमुंडन, केशगुंथन, वस्त्रधोवन, वस्त्र रंगवां, गाडां हलादि चलाववां, धान्यना छोड बांधवा, कोश अरहट्ट (रेंट) चलाववा, दलवुं, भरडवुं, पत्र, पुष्प, फल, तोडवां, सचित्त खडी, लीली वनस्पति विगेरे मर्दन करवी, लींपवुं, माटी खोदवी, घर बंधाववां इत्यादि सर्व आरंभनां काम यथाशक्ति त्यागवां जोइयें; तथा सर्व सचित्त आहारनो जो त्याग न करी शके, तो केटलीएक वस्तुउं नाम लइ खावानी छुट राखे, विशेषनो त्याग करे. छये अट्ठाइमां जिनराजनी पूजा करवी, तप करवुं, ब्रह्मचर्य पालवुं. छये अट्ठाइमां चैत्र तथा आसो महिनानी एम बे अट्ठाइ शाश्वती छे. आ दिवसोमां वैमानिक देवता उंपण नंदीश्वरादिमां यात्रा उत्सव करे छे. बाकीनी त्रण अट्ठाइ त्रण चोमासानी तथा चोथी पर्यूषण पर्वनी, सर्व मली छ अट्ठाइ छे.

प्रभात समये प्रत्याख्याननी वेलायें जे तिथि होय, ते जैनमतमां मानवी प्रमाण छे. सूर्योदयनां अनुसारें लोकमां पण दिवसनो व्यवहार होवाथी तेम मानवुं प्रमाण छे. तथा च निशीथभाष्ये ॥ चउमासीअ वरीसे, पक्खिय पंचट्ठमीसु नायवा ॥ ताउ तिहिउ जासिं, उदेइ सूरो न अन्नाउ ॥ १ ॥ पूआ पच्चखाणं, पडिक्कमणं तहय नियमगहणं च ॥ जीये उदेइ सूरो, तीये तिहिये उकायव्वं ॥ २ ॥ उदयम्मि जातिहिसा, पमाणमिअरीकीरमाणीये ॥ आणा भंगण वत्था, मिछत्त विराहणं पावे ॥ ३ ॥ अर्थः—

करे, पूजामां, माला चडाववा प्रमुख कार्योमां देवद्रव्यनी वृद्धि थाय तेवी योजना करे. केशर, चंदन, बरास प्रमुख अनेक वस्तु यथाशक्ति मुजब प्रति वर्ष आपे.

सुंदर आंगी, पत्रजंगी, सर्वांग आजरण, पुष्पगृह, कदलीगृह, प्रमुखनी रचना करे, विविध यंत्रादिकनी रचना करे, गीत, नृत्यादि महोत्सव करे, महापूजा रात्रि जागरण करे.

श्रुतज्ञान पुस्तक प्रमुखनी पुजा कर्पुरादिथी निरंतर सुगम बे, अने प्रशस्त वस्त्रादिथी विशेष पुजा तो प्रतिमास शुक्ल पंचमीनारोज श्रावके करवी योग्यबे. जो शक्ति न होय तो पण वर्षमां एकवार तो अवश्य पूजा करे. तेनुं विस्तारथी स्वरूप ज्ञानजक्ति द्वारमां लखवामां आवशे.

पंचपरमेष्ठि नमस्कार, आवश्यक सूत्र, उपदेशमाला, उत्तराध्ययनादि ज्ञान दर्शननो तप करी जघन्यथी एकवार उद्यापन ( उजमणु ) करे; जेथी लक्ष्मीनी सफलता थाय; ज्यारे जप तपनुं उद्यापन करे, त्यारे चैत्यउपर कलशारोहण करे, फल चढावे, अक्षत पात्रना मस्तक उपर अक्षत चडावे. जेम जोजन उपर तांबुल अपाय बे तेम, आ बाबतमां पण जाणवुं. उजमणानी विधि शास्त्रांतरथी जाणी लेवी.

तीर्थोनी प्रजावनावास्ते वाजते गाजते प्रौढ आडंबरथी गुरुनो प्रवेशमहोत्सव करावे. आ कथन व्यवहार जाष्यमां बे. तेम करवाथी जिनमतनी प्रजावना थायबे. श्रीसंघनुं पण यथाशक्ति बहुमान, पूजा, जक्ति करे. नालियेर प्रमुखनी प्रजावना करे, तांबुल प्रदानरूप जक्ति करे, तेम करवाथी शासननी उन्नति थायबे, अने शासननी उन्नतिथी तीर्थंकरगोत्र उपार्जन थायबे. आ कथन ज्ञातासूत्रमां बे.

गुरुनो योग प्राप्त थये बते, जघन्यथी वर्षमां एकवार आलोचना ले, पोताना करेला सर्व पाप गुरुनी सन्मुख प्रगट करे, गुरु जे प्रायश्चित्त आपे ते अंगीकार करे, फरी तेवुं पाप न करे, तेनुं नाम आलोचना ग्रहण करवीबे, एम श्राद्ध जीतकल्पादिमां विधि लखीबे. पक्ष पबी, चार मास पबी, एक वर्ष पबी, उत्कृष्ट बार वर्ष पबी, निश्चयें आलोचना करे. पोताना शल्य काढवावास्ते, क्षेत्रथी सातसो योजन अने कालथी बारवर्ष सुधी गीतार्थ गुरुनी अन्वेषणा करे, ते गीतार्थ गुरु केवा होय? मन,

वचन, काया जेनां स्थिर होय, चारित्रवंत होय, आलोचना ग्रहणमां कुशल होय, प्रायश्चित्तना जाणकार होय, विषाद रहित होय, एवा गीतार्थ गुरु होय, ते आलोचना प्रायश्चित्त आपवा योग्य छे.

गीतार्थ कोने कहीये? १ जे निशीथादि छेद शास्त्रोना मूलपाठ, निर्युक्ति, भाष्य, चूर्णी आदिना जाणकार होय, ज्ञानादि पंचाचार युक्त होय, २ आधारवंत, आलोचित पापना धारणावाला होय, ३ आगमादि पांच व्यवहारना जाणवावाला होय, तेमां पण आ कालमां तो जीतव्यवहार मुख्य छे, तेना जाणकार होय, ४ प्रायश्चित्त आलोचकनी लज्जा दूर करावनारा होय, ५ आलोचकनी शुद्धि करनारा होय, ६ आलोचकना पापकर्म बीजाउंनी पासे न कहे, ७ आलोचक जेम निर्वाह करी शके, तेम प्रायश्चित्त आपे, ८ जे प्रायश्चित्त न करे तेने इहलोक परलोकना भय बतावे. आ आठ गुण युक्त गीतार्थ गुरु होय छे.

साधु तथा श्रावके १ प्रथम तो पोताना गछमां गछना आचार्य पासे, २ तेना अभावे, उपाध्यायनी पासे, ३ तेना अभावे, प्रवर्त्तकनी पासे, ४ तेना अभावे स्थिविरनी पासे, ५ तेना अभावे गणावछेदकनी पासे, स्वगछमां आ पांचेना अभावे संभोगी एक समाचारीवाला गछांतरमां पूर्वोक्त आचार्य प्रमुख पांचेनी पासे अनुक्रमे आलोचे, तेउंनो पण अभाव छते, असंभोगी संवेगी गछमां पूर्वोक्तक्रमे आलोचे, तेउंनो पण अभाव छते गीतार्थ पार्श्वस्थ ( पासछ ) नी पासे आलोचे, तेने अभावे गीतार्थ सारुपीनी पासे आलोचे, तेने अभावे पश्चात्कृतनी पासे आलोचे; जे शुक्ल वस्त्रधारी, शिरमुंडित, अबद्धकछ, रजोहरण रहित, ब्रह्मचारी, स्त्री रहित भिक्षावृत्ति होय ते सारूपी कहेवाय छे; जे शिखासहित अर्थात् चोटली सहित तथा स्त्री सहित होय ते सिद्धपुत्र कहेवाय छे. जे चारित्र छोडी गृहस्थवेष धारण करे छे, ते पश्चात्कृत कहेवाय छे. आलोचनाने अवसरे पासछादिने पण गुरुनी जेम वंदना करे; कारण के विनय मूल धर्म छे, ते कारणथी वंदना करे. जो ते पासछादि पोते पोताने गुणहीन जाणी वंदना न करावे, तो तेने आसन उपर बेसाडी प्रणाम मात्र करी आलोचना ले; तथा पश्चात्कृतने इत्वरसामायिक आरोपण लिंग आपी, पछी तेनी पासे यथाविधि पूर्वक आलोचना ले. पार्श्वस्थादिने अभावे रा-

ज गृहादि गुणशील चैत्यादिमां ज्यां श्री अरिहंत, गणधरादिए बहुवार लोकोने प्रायश्चित्त आपेलां होय, ते क्षेत्रमां रहेनारा देवताउये ते देखेल होय, तेथी ते देवताउनुं अठम प्रमुख तपथी आराधन करी, तेनी पासे आलोचे, कदाचित ते देवता चवी गया होय, अने तेने स्थानके बीजा देवता उत्पन्न थया होय, तो ते देवता महाविदेहना अरिहंतने पुछीने प्रायश्चित्त आपे, तेने पण अजावे, पूर्वोत्तर दिशि सन्मुख मुख करी अर्हंत सिद्धोनी समक्ष आलोवे, परंतु शल्य न राखे. आलोचना करनारा पुरुष, मायारहित बालकनी जेम सरल थइ आलोवे. जे कोइ, कोइपण कारणथी आलोचना न करे, ते आराधक नथी.

आलोचना करनार दस दोष वर्जी आलोचना करे. दस दोषना नाम. १ गुरुने वैयावच्च प्रमुखथी प्रथम खुशी करी पछी आलोचना ले, जेथी गुरु अल्प पायश्चित्त आपे, २ आ गुरु अल्प दंड आपे छे, तेथी तेवा गुरुपासे तेवा अनुमानथी आलोवे, ३ जे अपराध बीजाये दीठा होय तेज मात्र आलोवे, परंतु बीजाये न देखेला होय ते न आलोववा ते, ४ बादर दोषने आलोववा, अने सूक्ष्म दोषने न आलोववा ते, ५ सूक्ष्म दोषने आलोववा, परंतु बादर दोषने न आलोववा ते, ६ अव्यक्त स्वरथी आलोववुं, ७ गुरु समजे नहि तेवी रीते रोलो करीने आलोववुं ते, ८ आलोचना कर्या पछी बहुजनोने सुणाववुं ते, ९ अव्यक्त अगीतार्थनी पासे आलोववुं १० जे अपराध गुरुने कह्यो होय, तेज पोताना अपराधने आलोचवो. आ दश दोष छे.

आलोचना करवाथी, जेम बोजो उपाडनार जार दूर करवाथी हलको थाय छे, तेम पापथी आलोचन करनार हलवो थाय छे. पापरूप शल्य दूर थायछे, प्रमोद उत्पन्न थायछे. पोताना दोषोनी निवृत्ति आत्मसाक्षीये देखी बीजां पण आलोचना करे. सरलता प्राप्त थवाथी शुद्धता थाय छे. डुष्कर काम करनार कहेवाय छे. दोषनुं सेवन करवुं ते डुष्कर नथी, परंतु दोषनो प्रकाश करवो ते डुष्कर छे. श्री तीर्थंकर जगवंतनी आज्ञाना आराधक थायछे. आलोचना करवाथी बालहत्या, स्त्री हत्या, यतिहत्यादि पाप, देवादि द्रव्य जक्षण पाप, राजपत्नी गमनादि महापाप पण सम्यक् रीतिये गुरुदत्त प्रायश्चित्त करवाथी दूर थइ जायछे. जो एम न होय तो

दृढप्रहारी प्रमुख तेज नवमां मोक्ष केम प्राप्त करत ? ते कारणथी दर वर्षे चोमासामां तो अवश्य आलोयणा ले.

हवे जन्मकृत्य अढार द्वारोथी लखीये छीये. १ प्रथम उचित द्वार. उचित अर्थात् योग्य वास करवानुं प्रथम स्थान करे; ज्यां रहेवाथी धर्म, अर्थ, काम ए त्रणेनी सिद्धि थाय. बीजे स्थले वसवाथी बंने नव बगडी जायछे. भिल्लपल्लीमां, चोरोना गाममां, पर्वतनी तलेटीमां, हिंसक लोकोमां दुष्ट लोकोमां, धर्मीलोकोनी निंदा करनाराउंमां, इत्यादि स्थानमां वास न करे. ज्यां जिनचैत्य होय, मुनिनुं आवागमन होय, श्रावक वसता होय, बुद्धिमान् लोको स्वभावेज शीलवान् होय, प्रजा धर्मशील होय, अने ज्यां बहु जल, इंधन, धान्यादि होय त्यां वास करे. जेम अजमेरनीपासे हर्षपुर नगर हतुं, एवा नगरमां रहेवाथी, धनवंत, गुणवंत अने धर्मवंतनी संगतिथी विनय, विचार, आचार, उदारता, गंभीरता, धैर्यता, प्रतिष्ठा आदि गुणोनी प्राप्ति थायछे. धर्मकृत्यमां कुशलता थायछे; ते कारणथी कनिष्ठ गामोमां धनप्राप्ति होय तोपण वास न करे. यतः ॥ यदिवांछसि मूर्खत्वं, ग्रामे वस दिनत्रयं ॥ अपूर्वस्यागमो नास्ति, पूर्वाधीतं च नश्यति ॥ १ ॥

उचितस्थान पण स्वचक्र, परचक्र, परस्पर विरोध, दुर्भिक्ष, मारी, प्रजाविरोध, अन्नादि वस्तुक्षय, इत्यादि कारणो प्रसंगे तत्काल तजी देवुं जोइये; नहि तो त्रिवर्गनी हानि थइ जायछे. जेम पूर्वे मुसलमानना भयथी लोको दिल्लीनो त्याग करी गुजरात प्रमुख देशोमां जवाथी सुखी अने धनवान थया; तथा जेम क्षितिप्रतिष्ठित शेहेर उज्जड थवाथी चंपा नगरी वसी, अने चंपा उज्जड थवाथी पाटलीपुत्र अर्थात् पटना वस्युं, तेम श्रावक पण पूर्वोक्त हानि जाणे तो नगर छोडीने बीजी जगाये जइ वास करे.

रहेवानुं घर पण सारा लोकोनी पडोशमां करे, परंतु वेश्या तिर्यंच, भिक्षाचर, श्रमण, बौद्ध, तापस, ब्राह्मण, कोटवाल, माछी, जुगारी, चोर, नट, भाट, कुकर्मी प्रमुखना पडोसमां घर वा दुकान न करे. जो देरानी पासे रहे तो हानि थाय. चोकमां, धूताराना वासमां अने प्रधानना पडोसमां रहे तो धन अने पुत्रनी हानि थाय. मूर्ख, अधर्मी, पाखंडी, पतित,

चोर, रोगी, क्रोधी, चंडाल, मदोन्मत्त, गुरुतल्पग, वैरी, स्वामिवंचन, लोभी, रुषि—स्त्री अने बालहत्याना करनारा एटला लोको आपणुं हित करनारा होय, तोपण तेना पडोसमां वास न करवो; कारण के तेउनी संगतथी गुणहानि प्रमुख अनेक उपद्रव थायछे.

ज्यां हाडनुं शल्य न होय, राख न होय, ज्यां डाभ उगतो होय, सुंदर वर्ण, गंधवाली माटी होय, मीठुं जल होय, खोदतां धन निकले, ते जगा शुभ समजवी. वली जे भूमि शीतकालमां उष्ण स्पर्शवाली अने उष्णकालमां शीत स्पर्शवाली होय, ते जगा बहुज शुभ जाणवी. एक हाथमात्र भूमि प्रथम खोदी, पछी तेज माटीथी तेज खाडो पुरवो, जो माटी वधे तो श्रेष्ठ भूमि जाणवी, जो माटी उंछी थाय तो कनिष्ठ भूमि जाणवी; तथा सो पगलां भरतां जेटलो काल लागे तेटला कालमां जे भूमिमां पाणी न सूकाय, ते उत्तम भूमि जाणवी. जो तेटला वखतमां एक आंगल भर पाणी शोषाइ जाय तो ते मध्यम भूमि जाणवी, जो एक आंगल उपरांत पाणी शोषाय तो अधम भूमि जाणवी; तथा पक्षांतरमां जे भूमिना खातरमां फूल नाखतां जो फूल सूकाय नहि तो ते उत्तम भूमि जाणवी, जो अर्ध सूकाय तो मध्यम भूमि जाणवी. जो सर्व सूकाइ जाय तो अधम भूमि जाणवी. जे भूमिमां शाल वावतां त्रण दिवसे उगे ते उत्तम, पांच दिवस पछी उगे ते मध्यम, अने सात दिवस पछी उगे ते हीन भूमि जाणवी.

सर्पनी वंबी उपर घर बनाववामां आवे तो रोग थाय, पोली भूमिउपर घर बनाववामां आवे तो निर्धन थाय, शल्य युक्त भूमिउपर बनाववामां आवे तो मरण थाय. मनुष्यनुं हाड तथा केशनुं शल्य होय तो मनुष्योनी हानि थाय, खरनुं शल्य होय तो राजाप्रमुखनो भय थाय, श्वाननुं हाड होय तो बालकनुं मरण थाय, बालकनुं हाड होय तो गृहस्वामि परदेशमां नाश पामे, गायनुं शल्य होय तो गौरुप धननी हानि थाय, मनुष्यना केश, कपाल अने भस्म होय तो मरण थाय.

प्रथम प्रहर अने छेला प्रहर शिवायना बाकीना प्रहरमां वृक्षनी अने ध्वजानी छाया घर उपर पडे तो दुःखदायक समजवी. अरिहंतना मंदिरनी पाछलना भागमां न रेहेवुं; ब्रह्मा अने कृष्णना मंदिरनी साथे न

रहेवुं, चंडिका अने सूर्यना मंदिरनी सन्मुख न रहेवुं, महादेवनी तो कोइ पण बाजुये रहेवुं नहि. कृष्णनी डाबी बाजुये अने ब्रह्मानी जमणी बाजुये न रहेवुं. स्नाननुं पाणी, ध्वजानी छाया अने विलेपन वर्जे. जिनमंदिरना शिखरनी छाया अने अरिहंतनी दृष्टि पडे त्यां वास न करवो. नगर तथा गामनी इशान खुणमां घर न बनावे; बनावे तो उंची जातिवालो दुःख पामे.

घर बनावे तो वेचनारने पूरी किंमत आपे. पाडोशीने दुःख न आपे, घर लेती वखत कोइने दुःख न आपे, काष्ठ, पाषाण, इंट प्रमुख वस्तु निर्दोष, दृढ, मजबुत अने नवीन होय ते वाजबी मूल आपीने ले, वेचाती वस्तुउनुं योग्य मूल आपे, परंतु पोते इंट, चुनो पकाववानुं न करे. जिनप्रासादनी इंट प्रमुख न ग्रहण करे. शास्त्रमां कह्युं छे के, देरासर, कुवा, वाव, स्मशान, मठ अने राजाना मंदिर, तेउना काष्ट, पछर, इंट प्रमुख सर्व गृहस्थना घरमां वपराय तो विरोधकारी छे, अने धर्मना स्थानमां वपराय तो सुखदायक छे.

पाषाणमय घरमां काष्ठनो स्थंज अने काष्ठमय घरमां पाषाणनो स्थंज न बनावे, मंदिरमां पण न बनावे. हलका काष्ठ, कोल्हानाकाष्ठ, अर्हटनाकाष्ठ, चरखानाकाष्ठ, कांटावाला वृक्षनाकाष्ठ, पंच उंबरनाकाष्ठ, आ सर्व काष्ठ घरमां न वापरे. बीजोरा, केला, दाडम, जंबीर, आंबली अने धत्तुराना काष्ठ पण वर्जे. आ वृक्षोनां मूल पडो कोशमांथी घरमां प्रवेश करे, वा तेउनी छाया घरमां पडे तो कुलनो नाश करे. पूर्व दिशितरफ घर उंचुं होय तो धननो नाश थाय, दक्षिणदिशिये उंचुं होयतो धननी वृद्धि थाय, पश्चिमदिशिये उचुं होय तो धनादिनी वृद्धि थाय, अने उत्तरदिशि तरफ उंचुं होय तो उज्जड थाय. जे घर गोल होय, बहु खुणावालुं होय, अथवा एक, बे वा त्रण खुणावालुं होय, अने दक्षिण वामी तरफ लांबु होय, एवा घरमां वास न करवो. जे घरनां द्वार स्वयमेव उघडे वा बंध थाय ते घर सुखकारी नहि.

घरना द्वार उपर कलशादि चित्र होय तो शुज छे, अने नाटारंज, महाजारत तथा रामायणना युद्ध, राजाउना युद्ध, ऋषिउना चरित्र, देवचरित्र, आ चित्रो घरमां शुज नथी; तथा फल वृक्ष, पुष्प वेल, सरस्व-

ती, नव निधान, यज्ञस्तंज्ञ, लक्ष्मी देवि, कलश, वर्द्धमान, चौद स्वप्नाव-
लि, आ चित्रो शुज्ञ छे.

खजूर, दाडम, केलां, कोहलां, बीजोरां, जे घरमां उगे ते घरनो नाश थाय छे. वडवृक्ष उगे तो लक्ष्मीनो नाश करे, कांटा वाला वृक्ष उगे तो शत्रुनो ज्ञय करे, मोटा फलवाला वृक्ष उगे तो संताननो नाश करे, आ वृक्षना काष्ठ पण वर्जे. कोइ शास्त्र एम पण कहे छे के, घरनी पूर्वे वडवृक्ष होय तो सारुं छे, दक्षिण बाजुये उंबर वृक्ष शुज्ञ छे, पश्चिम पासे पीपल वृक्ष अने उत्तर पासे प्लीक्षण वृक्ष सारा छे.

घरमां पूर्वदिशिये लक्ष्मीनुं घर करे, अग्नि खुणमां रसोइ करे, दक्षिण दिशिये शयननी जगा करे, नैरुत खुणमां शस्त्रशाला करे, पश्चिमदिशिये ज्ञोजन क्रिया करे, वायु खुणमां अन्न संग्रह करे, उत्तर बाजुये पाणीआरुं करे, इशान खुणमां देव गृह करे, दक्षिण पासे अग्नि, पाणी, गाय, वायु, अने दीवानी ज्ञूमिका बनावे, वामी बाजुये ज्ञोजन धान्य द्रव्य, वाहन, अने देवतानी ज्ञूमि बनावे; आ पूर्वादि दिशा घरना दरवाजानी अपेक्षाये जाणवी, छींकवत्, सूर्य अपेक्षाये नहि.

घर बनावनार सुथार, कडीआ, मजूरने करारथी अधिक मजूरी आपे, तेमां शोज्ञा समजवी. गृहस्थने योग्य घर बनावे, परंतु व्यर्थ मोटुं घर न बनावे, कारण के तेम करवाथी व्यर्थ धन खरचाय छे. घरना द्वारो मर्यादा पूर्वक राखे. बहु द्वार बनावे नहि. अधिक द्वारथी, दुष्ट जनोना प्रवेशनो ज्ञय तथा स्त्री अने धननो तेथी नाश थायछे. दरवाजाना बारणां मजबुत बनावे, सांकल, आगलीआथी सुरक्षित करे. कमाड पण सुखे खुले तेवा बनावे. ज्ञींतमां जुंगल राखवाथी पंचेंद्रिय जीवनी विराधना थायछे. कमाड वासे त्यारे यत्नाथी वासे; तेवीज रीते यत्नाथी उघाडे. परनाल, खाल विगेरे उचित बनावे. आ प्रमाणे देश, काल, स्ववैज्ञव उचित, स्वजाति उचित, घर बनावी, विधि सहित, स्नात्रपूजा, साधर्मीवात्सल्य, संघपूजा करी, शुज्ञ मुहूर्ते, शुज्ञ शुकने, प्रवेश करे तो सुखी थाय, त्रिवर्गनी सिद्धिना हेतु थाय. इति प्रथम द्वार. २ बीजुं विद्याद्वार कहीये छीये. विद्या ते लखवुं, ज्ञणवुं, वाणिज्यादि कलानुं ग्रहण करवुं, अर्थात् अध्ययन करवुं. जे विद्याज्यास करता नथी, ते मूर्ख रहेछे, अने पगले

पगले पराजव पामे छे. विद्यावान् परदेशमां पण माननीय थाय छे, ते कारणथी सर्व प्रकारनी कला शिखवी जोइये. कोण जाणे क्षेत्र, कालना विशेषथी कइ कलाथी आजीविका करवी पडशे? जेउं सर्व कला शिख्या होय, तेउंये पण पूर्वोक्त सात प्रकारनी आजीविकामांथी जे कलाथी सुखे निर्वाह थाय, ते कलाथी आजीविका करवी. जो सर्व कला शिखवाने समर्थ न होइये, तो जे कलाथी, पोतानो निर्वाह सुखे थाय, अने परलोकमां सारी गति थाय ते कला शिखवी. पुरुषे बे वात निरंतर ध्यानमां राखवी, एक, जेथी सुखे निर्वाह थाय ते, तथा बीजी जेथी मरण पछी सद्गति थाय ते, आ बंने अवश्य शिखवी. ३ हवे विवाहद्वार लखीये छीये. विवाह पण त्रिवर्ग शुद्धिनो हेतु होवाथी उचित करवो जोइये. अन्य गोत्रवाला साथे विवाह करवो जोइये. समान कूल, सदाचार, शील, रूप, वय, विद्या, धन, वेष, जाषा, प्रतिष्ठादि गुणोमां जे पोतानी समान होय, तेनी साथे विवाह करे, अन्यथा कुटुंबक्लेश, अवहेलना प्रमुख अनेक विटंबना उत्पन्न थाय छे. श्रीमतीवत्. सामुद्रिक शास्त्रोक्त शरीरना लक्षण अने जन्मपत्रिका देखी, वरकन्यानी परीक्षा करी विवाह करे. ॥ यडुक्तं ॥ कुलंच शीलंच सनाथताच, विद्याचवित्तंच वपुर्वयश्च ॥ वरेगुणाः सप्तविलोकनीया, स्ततः परंजाग्यवशाहि कन्या ॥१॥ जो वर मूर्ख होय, निर्धन होय, दूर रेहेनार होय, सूरमो होय, वैराग्यवंत मोक्षाजिलाषी होय, वयमां कन्याथी त्रण गणो अधिक होय, तेवाने कन्या न देवी; वली अति धनवान्, अति नरम, अति क्रोधी, विकलांगी अने रोगी, तेवाने पण कन्या न देवी; तेमज कुल, जातिमां अतिहीन होय, मातपिताविनानो होय, स्त्री, पुत्र सहित जेने होय, तेने पण कन्या न देवी. वली जेने बहु जनोनी साथे वेर होय, दररोज कमाय तोज खावानुं साधन थाय तेम होय, आलसु होय, तेवाने पण कन्या न देवी. तथा जे एक गोत्री होय, व्यसनी होय, दरिद्र होय तेने पण कन्या न देवी. जे स्त्री, कपट रहितपणे जर्तारनी साथे वर्ते, देवरनी साथे पण कपट रहितपणे वर्ते, सासुनी जक्ति करे, सगा संबंधीनुं वात्सल्य करे, जाइउंमां स्नेहवाली होय, कमलनी जेम विकसित वदनवाली होय, ते कुलवधू सुलक्षणी जाणवी.

अग्नि देवनी साक्षीये पाणी ग्रहण करवुं ते विवाह कहेवाय छे. जगतमां विवाहना आर्यलोकमां आठ प्रकार छे. १ ब्राह्म, २ दैव, ३ आर्ष, ४ प्राजापत्य, ५ गांधर्व, ६ आसुर, ७ राक्षस, अने ८ पिशाच. जे वीवाहमां कन्यानो पिता पानेतर उंढाडी तथा अलंकार आपी पोतानी कन्या परणावे, ते ब्राह्मविवाह छे; जे विहाहमां यज्ञ करनार ब्राह्मणने कन्यानो पिता धर्मनी क्रिया करतां पोतानी कन्या आपे ते देवविवाह छे. जे विवाहमां कन्यानो पिता वरनी पासेथी गायनुं जोडुं लइ वरने कन्या परणावे ते आर्ष विवाह छे. आ छेला बे विवाह लौकिक वेदसम्मत छे. जैन वेदमां आ विवाह नथी, कारण के आ बे विवाहना मंत्रो जैनवेदमां नथी; तेम प्रचलित व्यवहारमां पण नथी. जे विवाहमां कन्यानो पिता सन्मान पूर्वक पोतानी कन्याने योग्य वरने आपे, ते प्राजापत्य विवाह छे. आ चारे प्रकारना विवाह लौकिक नीतिमुजब उत्तम प्रकारना छे. जे स्त्रीपुरुष मातापितानी आज्ञाविना परस्पर रागथी पोतानी मेले विवाह करे, ते गांधर्व विवाह छे. जे विवाहमां कन्यानो पिता वरनी पासेथी अवेज लइ कन्याने परणावे, ते आसुर विवाह छे. जे पुरुष कन्याने जोरावरीथी ग्रहण करे, ते राक्षस विवाह छे. जे पुरुष सुतेली, मदोन्मत्त, बावरी कन्याने ग्रहण करी लइ जाय ते पिशाच विवाह छे. पाछलना चारे विवाह अधम विवाह छे. जे विवाहमां वरवहुनी परस्पर बहुज प्रीति थाय, ते विवाह उत्तम प्रकारना विवाहमां गणाय छे. सारी स्त्रीनो लाभ तेज वीवाहनुं फल छे. सारो पुत्र उत्पन्न थाय तेज स्त्री मलवानुं फल छे. जेम थवाथी चित्तवृत्ति अनुपहत रहे, शुद्धाचार रहे, देवगुरु, अतिथी, बांधव प्रमुखनो सत्कार थाय.

विवाहमां धननो व्यय, पोताना कुल वैभवनी मर्यादा मुजब तथा शक्ति मुजब अने लोकमां वास्तविक लागे तेम करे, विशेष खर्च करवानी चाल करे नहि. अधिक खर्च तो धर्मना कार्योमां करवो वास्तविक छे. विवाहमां पण स्नात्र महोत्सव, महापूजा आदर सहित करे, नैवेद्यादि ढोवे, चतुर्विध संघनो सत्कार करे. विवाहना कार्यो संसार फलना आपनारां छे, तेथी तेवा प्रसंगे धर्मकार्योमां व्यय थाय ते सफल छे.

४ हवे मित्रद्धार कहीये छीये. उत्तम प्रकृतिवाला, साधर्मी, गुणवान् धै-

त माससुधी सचित्त आहार वर्जे. आठमी प्रतिमा. आठ माससुधी पोते आरंभ न करे. नवमीप्रतिमा. नवमाससुधी बीजा पासे पण आरंभ करावे नहि. दसमी प्रतिमा. दस मास सुधी क्षुरमुंडित रहे, अथवा अल्प चोटली राखे. घरमां कांइ धन होय, अने घर मांहेना कोइ पुछे त्यारे कहे के हुं जाणुं छुं, अने जो न होय तो कहे जाणतो नथी, बाकी घरनुं सर्व काम वर्जे, पोताने निमित्ते घरमां जे आहार कर्यो होय ते पण न खाय. अगीआरमी प्रतिमा. अगीआर माससुधी घरनो संग त्यागे, लोच करे, अथवा क्षुरमुंडित रहे, रजोहरण, पात्राप्रमुख लइ, मुनिनो वेष धारण करी स्वकुलमां भिक्षा लहे. मुखथी एम कहे. "प्रतिमा प्रतिपन्नाय श्रमणोपासकाय भिक्षां देहि" आ प्रमाणे वचन बोले, परंतु धर्मलाभ शब्द न कहे. सर्व रीतिये साधुनी जेम प्रवर्त्ते.

१७ आराधना द्वार. अंतकाल समये श्रावक दश प्रकारनी आराधना के जेनुं स्वरूप आगल कथन करवामां आवे छे ते, तथा संलेषणादि विधिपूर्वक करे. श्रावक ज्यारे सर्व धर्मकृत्यो करवाने अशक्त थाय, अने पोतानुं मरण पासे जाणे, त्यारे द्रव अने भावथी संलेषणा करे. द्रव्य संलेषणा ते अनुक्रमें आहारनो त्याग करे, अने भाव संलेषणा ते, क्रोधादि चारे कषायनो त्याग करे. पोतानुं मरण निकट छे एम आ लक्षणोथी जाणे. १ बुरा स्वप्न आवता होय, २ प्रकृति, स्वभावमां फेरफार थयो होय, ३ दुर्निमित्त मलतां होय, ४ मोठा ग्रहनो योग थयो होय ५ आत्म आचरण विकृति पाम्या होय, वा कोइ देवतानी सहायथी जाणवामां आवे. जे द्रव्यथी तथा भावथी संलेषणा न करे, अने अनशन करी दे, तो तेवा जीवने प्रायः दुर्ध्यान थवाथी कुगति थाय छे, ते कारणथी संलेषणा अवश्य करे. पछी धर्मना उद्योत वास्ते संयम अंगीकार करे. एक दिवस पण दिक्षा ग्रहण करी संयम पालवामां आवे तो स्वर्ग प्राप्त थाय छे. जेम नल राजाना भाइ कुबेरना पुत्र सिंहकेशरीए मात्र पांच दिवसनी दिक्षाथी केवलज्ञान प्राप्त कर्युं अने मोक्ष गया; तथा हरिवाहन राजाए पोतानुं आयुष्य मात्र नव प्रहर बाकी जाणी दिक्षा लीधी अने सर्वार्थसिद्ध विमाने गया. श्रावक दिक्षा अवसरे तेमज संथारा समये प्रभावना वास्ते यथाशक्ति धन खरचे. जेम थिरापद्रीय संघपति आ-

जूए ते अवसरे साते क्षेत्रमां सातक्रोड धन वापर्युं. वळी संयमनो योग न थाय तो शत्रुंजयादि तीर्थोंए सुस्थानमां जइ, संलेषणा करी, निर्दोष स्थंडिलमां विधि पूर्वक चार आहार त्यागरूप आणंद, कामदेव श्रावकोनी जेम अनशन करे. पछी सर्व अतिचारना परिहार चार शरणादिरूप आराधना करे.

आराधना दश प्रकारे थाय छे. १ सर्व अतिचार आलेवे, २ व्रत उचरे, ३ सर्व जीवो साथे खमावे, ४ पोताना आत्माने अढार पापस्थानकोथी व्युत्सर्जन करे, ५ चार शरण ग्रहण करे, ६ गमना गमन दुष्कृतोनी गर्हणा करे, ७ जे कोइए जीनमंदिरादि सुकृतो कर्यां होय, तेउनी अनुमोदना करे, ८ शुभ भावना भावे, ९ अनशन करे, अर्थात् चार आहार वा त्रण आहारनो त्याग करे, १० पंच नमस्कारनुं स्मरण करे. आ प्रमाणे आराधना करवाथी जो ते भवमां मुक्ति प्राप्त न थाय, तो पण सुदेव अथवा सुमनुष्यना आठ भव करी अवश्य ते आत्मा मोक्षरूप थाय.

आ प्रमाणे गृहस्थधर्म करवाथी निरंतर गृहस्थ लोको आ लोक परलोकमां सुख प्राप्त करे छे, अने परंपराए मोक्ष प्राप्त करे छे. इति श्री श्राद्धविधि अनुसार श्रावकस्य जन्म कृत्यादि स्वरूपं संपूर्णम् ॥

इति श्री तपगछीय मुनि श्री मणिविजयगणि तच्छिष्यमुनि श्री बुद्धिविजय तच्छिष्य मुनि श्री मुक्तिविजयगणि तस्य लघु गुरुभ्रातृ मुनि आत्माराम आनंदविजय विरचिते जैनतत्त्वादर्शे गृहस्थधर्मनिरुपण नामः दशमः परिछेदः ॥ १० ॥

॥ अथ एकादश परिछेद प्रारंभः ॥

आ परिछेदमां श्री रिषभदेव भगवानथी, श्री महावीर स्वामि पर्यंत जैनमतादि शास्त्रानुसार इतिहासरूप पूर्व वृत्तांत लखीए छीए, जेथी आ ग्रंथना वांचनाराउने जैननो सेहेज इतिहास जाणवामां आवशे. वर्त्तमान समयमां केटलाएक भव्य जीवोनी एवी जीज्ञासा छे के जैनमत क्यारथी प्रचलित थयेल छे? वळी केटलाएकने एवी भ्रांति छे के, जैनमत बौद्धमतनी शाखा छे, केटलाएक कहे छे के बौद्धमत जैनमतनी शाखा छे, कारण के तेउनुं मानवुं एवुं छे के आ बंने मतो कोइ का-

लमां एक हता, परंतु आचार्योमां मतभेद थवाथी एक मतना बे विभाग, जैन अने बौद्ध थया छे. वली केटलाएक कहे छे के संवत् ५०० नी लगभग जैनमत उत्पन्न थयेल छे, अने कोइक कहे छे के विष्णु भगवाने दैत्योने धर्मभ्रष्ट करवावास्ते अर्हतनो अवतार धारण करेलो छे, वली कोइक कहे छे के मछंदरनाथना शिष्योए जैनमत चलाव्यो छे; इत्यादि अनेक दंतकथाउ चाले छे, ते सर्व जैनमत न जाणवानुं कारण छे. जेम चमार लोको कहे छे के बानु अने चामु बे बेहेनो हती, तेमां बानुनी उलाद सर्व अग्रवालादि वाणीआ थया, अने चामुनी उलाद अमे चमार छीए, ते कारणथी वाणीआ अने चमार एक वंशना छे, हवे विचारवुं जोइए के चमारोनुं आ बोलवुं शुं वास्तविक छे? अने बुद्धिवान लोको शुं ते बोलवुं सत्य मानशे? तेवीज रीते जे कोइ स्वमतिकल्पनाथी वा दंतकथा श्रवण करवाथी जैनमतनी उत्पत्ति मानशे, ते पण जैनीउने हसवा लायक थशे. सारांश ए छे के प्रथम तो कोइ पण मतवाला जैनमतना मूलतत्वोने जाणता नथी. जुउ के शंकरदिग्विजय ग्रंथमां श्रीशंकरस्वामिए जैनमतनुं जे खंडन लखेल छे ते वांचतां अमने हसवुं आवे छे. ज्यारे शंकरस्वामिए जैनमतनुं स्वरूपज जाण्युं नथी, त्यारे तेनुं करेलुं जैनमतनुं खंडन, ते पुरुषनी छायाने पुरुष जाणीने लाकडीथी मारवा सरखुं छे. ज्यारे शंकरस्वामिनेज जैनमतनी माहिती नहोती,तो वर्त्तमान कालना सामान्य विद्धानोनी माहिती माटे शुं कहेवुं? ते कारणथी सर्वे जीज्ञासुउने बहुज नम्रता पूर्वक विनंति करीए छीए के जैनमतनो सारी रीते अभ्यास करी, जैनमतनुं खंडन मंडन करवुं, नहीं तो शंकरस्वामि अने रामानुज आचार्योनी जेम तमे पण हसवा योग्य थइ पडशो.

सज्जनोने जाणवा वास्ते प्रथम आ जगतनुं कांइक स्वरूप लखीए छीए. आ जगतने जैनी द्रव्यार्थिक नयना मतथी शाश्वत अर्थात् प्रवाह रूपे निरंतर एवुंज माने छे. आ जगतमां छ प्रकारे काल वर्ते छे, तेनेज जैनीउ छ आरा कहे छे. एक अवसर्पिणी काल, अर्थात् सर्व सारी वस्तुउनो अनुक्रमे नाश करतो करतो जे काल व्यतीत थाय, तेना छ विभागो छे, अने बीजो उत्सर्पिणी काल अर्थात् सर्व सारी वस्तुउने

अनुक्रमे वृद्धिमान् करतो करतो जे काल व्यतीत थाय, तेना पण ढ वि-भाग ढे. दश कोटाकोटी सागरोपम प्रमाण एक अवसर्प्पिणी काल, अने तेटलाज सागरोपम प्रमाण एक उत्सर्प्पिणी काल ढे. एक साग-रोपम असंख्याता वर्षोनो थाय ढे. तेनुं स्वरूप जैन शास्त्रथी जाणवुं. एक अवसर्प्पिणी अने एक उत्सर्प्पिणी मली एक कालचक्र थाय ढे, अ-र्थात् वीश कोटाकोटी सागरोपम प्रमाण एक कालचक्र ढे. एवा का-लचक्र अनंता भूत कालमां व्यतीत थया, अने भविष्यमां पण व्यतीत थशे. अवसर्प्पिणी काल पुरो थतां उत्सर्प्पिणी काल प्रारंभ थाय ढे, अने उत्सर्प्पिणी काल पुरो थतां अवसर्प्पिणी कालनो प्रारंभ थाय ढे. एवीज रीते अनादि अनंत काल सुधी आ प्रमाणेज व्यवस्था रहेशे. हवे ढ आरानुं स्वरूप लखीए ढीए.

अवसर्पिणीनो प्रथम आरो सुषमसुषम चार कोटाकोटी सागरो-पम प्रमाण ढे. ते कालमां भरत क्षेत्रनी भूमि बहुज सुंदर, रमणीय, म-र्दलना तल समान सम हती. ते कालना मनुष्य भद्रक, सरल स्वभावी, अल्प रागद्वेषी तथा अल्प मोह, काम, क्रोधादि युक्त हता, सुंदर रू-पवान्, निरोगी हता. दश जातिना कल्पवृक्षोथी पोतानां खावा, पीवा, पेहेरवा, सुवा विगेरे सर्व व्यवहारना कार्यो करी लेता हता. एक पुत्र अने एक पुत्री; बेनुं युगल जन्मतुं हतुं. ज्यारे बंने यौवनवंत थता हता, त्यारे बंने भाइ बेहेन, स्त्रीभरतारनो संबंध करता हता. तेउने वली ते-वीज रीतें युगल प्रसवता हता. तेउ पण पूर्वोक्त व्यवहार करता हता. जैनमतना माप मुजब त्रण गाउ (कोस) प्रमाण तेउना शरीरनी उं-चाइ हती. त्रण पल्योपम प्रमाण आयुष्य हतां. बसो ढपन पृष्ठकरंडना हाड हतां. धर्मनो अभाव हतो. जीवहिंसा, असत्यता, चोरी प्रमुख पाप पण विशेष नहोतां. वृक्षोमांज रहेता हता. युगल समुहो पण गणत-रीमां थोडा हता. बाकी चतुष्पद पंचेंद्रिय, पक्षी प्रमुख सर्व जातिना जीव हता. तेउ पण सर्वे भद्रक हता. क्षुद्रक नहोता. शालि प्रमुख सर्व अनाज अने इक्षु प्रमुख सर्वे वस्तुउ सर्वे जंगलोमां स्वयमेव उत्पन्न थती हती. तेउ कांइ मनुष्योना खानपानादिमां उपयोगमां आवती नहोती. मनुष्यो तो मात्र कल्पवृक्षोना फलफूलोनोज आहार करता हता. वस्त्रने

बदले वृक्षोनी डाल तथा पांदडां पेहेरता, ओढता हता. इत्यादि सर्व बाबतनुं प्रथम आरानुं स्वरूप जंबुद्वीपप्रज्ञप्ति प्रमुख शास्त्रोथी जाणवुं.

बीजो आरो सुषम त्रण कोटाकोटी सागरोपम, तेमां बे गाउ (कोश) नुं देहमान, बे पल्योपमनुं आयुष्य, एकसो अठावीश पृष्ठकरंरूकनां हाड हतां. शेष व्यवहार प्रथम आरा जेम हतो.

त्रीजो आरो सुषमदुषम; बे कोटाकोटी सागरोपम प्रमाण, एक गाउ देहमान, एक पल्योपम आयुष्य, चोसठ पृष्ठकरंडक हाड हतां. शेष व्यवहार प्रथम आरा प्रमाणे हतो. आ सर्व आरामां सर्व वस्तुओ अनुक्रमे घटती छेवटे आगलना आरा तुल्य रहे छे, परंतु एक साथे सर्व वस्तु एकदम घटती नथी.

ए प्रमाणे त्रीजा आराने छेडे एक वंशमां सात कुलकर उत्पन्न थया. जेओए ते कालना मनुष्यो वास्ते कांइक मर्यादा बांधी होय तेओ कुलकर कहेवाय छे. तेज सात कुलकरोने लौकिकमां सप्त मनु कहे छे. बीजा वंशोना कुलकर गणीयें तो श्री ऋषभदेवजी शिवाय चौद कुलकर थाय छे, अने श्रीऋषभदेवजी पंदरमां कुलकर गणाय छे.

पूर्वोक्त सात कुलकरोना नाम. १ विमल वाहन, २ चक्षुष्मान्, ३ यशस्वान्, ४ अभिचंद्र, ५ प्रश्रेणि, ६ मरुदेव, ७ नाभि. आ सातेनी भार्याना नाम अनुक्रमे आ प्रमाणे. १ चंद्रयशा. २ चंद्रकान्ता, ३ सुरुपा, ४ प्रतिरूपा, ५ चक्षुःकान्ता, ६ श्रीकान्ता, ७ मरुदेवी. आ सर्व कुलकर गंगा अने सिंधु नदीना मध्य खंडमां थया छे.

आ कुलकर थवानुं कारण एवुं छे के, त्रीजो आरो उत्तरतां, दश जातिना कल्प वृक्षो कालना दोषथी अल्प थइ गया, तेथी युगलीयाओए पोतपोताना वृक्षोपर ममत्व कर्यो.

ज्यारे बीजा युगलीआओए राखेला वृक्षोथी फल लेवा लाग्या, त्यारे ममत्ववाला युगलो तेओनी साथे क्लेश करवा लाग्या. युगलीआ पुरुषोने एवो विचार थयो के अमारा क्लेशनो निवेडो लावे तेवो कोइ पुरुष थाय तो सारुं; तेवामां ते युगलीआओ मध्येथी एक युगलने वनना एक श्वेतहाथीए प्रेमथी पोताना स्कंध उपर चडाव्यो. ज्यारे ते युगल पुरुष एकलो हाथी उपर चढी फरवा लाग्यो, त्यारे बीजा युगलो विचार करवा

लाग्या के, आ युगल अमारामां मोटोछे; कारण के ते हाथी उपर चडी फरे छे, अने अमे तो पगे चालीये छीये, तेथी तेने न्यायाधीश बनाववामां आवे तो सारुं, अर्थात् ते जे कहे ते अमारे मानवुं. पछी तेउए तेने न्यायाधीश बनाव्यो. जे कारणथी हाथीए युगलने पोतानी उपर चडाव्यो ते कारण, तथा तेउना पूर्व जवोनी कथा आवश्यकसूत्र तथा प्रथम अनुयोगथी जाणवी.

न्यायाधीश युगल विमलवाहने सर्व युगलियाने कल्पवृक्षो वेहेंची आप्यां. जे युगल पोताना वृक्षथी संतोष नही पामतां, बीजाना वृक्षथी फल लेवा लाग्या, तेउनी साथे क्लेष थतां, ते असंतोषी युगलोने विमलवाहन पासे लाववामां आवता हता. विमलवाहन तेउने कहेतो के "हा" तमे आ शुं कर्युं? त्यारथी विमलवाहने हाकारनी दंडनीति प्रवर्त्तावी. ते हाकार दंडनीतिथी फरी तेउ तेवा काम करता नहोता. पछी ते विमलवाहनना पुत्र चक्षुष्मान् थया; ते पण पोताना पितानी जेम राजा अर्थात् कुलकर थया. तेना वखतमां पण हाकारज दंड रह्यो. तेने यशस्वान् नामा पुत्र थया, यशस्वान्ने अभिचंद्र नामा पुत्र थया. आ बंनेना समयमां थोडा अपराधवालाने हाकार दंड अने विशेष अपराधवालाने मकार दंड, अर्थात् आ काम न करवुं, आ बे दंडनीति प्रवर्ती. अभिचंद्रना पुत्र प्रश्रेणि थया. प्रश्रेणिना पुत्र मरुदेव थया, अने मरुदेवना पुत्र नाभि थया. आ त्रण कुलकरोना समयमां हाकार, मकार, अने धिक्कार, आ त्रण दंडनीति प्रवर्ती. तेमां थोडा अपराधीने हाकार, मध्यम अपराधीने मकार, अने उत्कृष्ठ अपराधीने धिक्कार दंड करता हता. नाभि कुलकरने मरुदेवी नामा भार्या हती. आ नाभिकुलकर इक्ष्वाकु भूमि अर्थात् विनिता नगरीनी भूमिमां विशेष काल निवास करता हता. आ भूमि काश्मीर देशनी उपर हती, कारण के विनिता नगरीनी चारे बाजुए चार पर्वत हता. पूर्व दिशिमां अष्टापद अर्थात् कैलास गिरि, दक्षिण दिशिमां महाशैल्य, पश्चिम दिशिमां सुरशैल्य, अने उत्तर दिशिमां उदयाचल पर्वत, हता.

ते नाभिकुलकरनी मरुदेवी नामनी भार्यानी कुक्षिमां आषाढ वद चोथनी रात्रिए सर्वार्थसिद्ध देवलोकथी चवीने श्रीरीषभदेवनो जीव,

गर्भमां पुत्रपणे उत्पन्न थयो. मरुदेवीये चौद स्वप्नो दीठां. इंद्र महाराजे स्वप्न फल कह्यां. चैत्र वद आठमने दिवसे श्रीरीषभदेवजीनो जन्म थयो. छप्पन दिशाकुमारी तथा चोसठ इंद्रोये मली जन्म महोत्सव कर्यो. मरुदेवीये चौद स्वप्नमां प्रथम वृषभनुं स्वप्न दीठुं, तथा पुत्रना बंने साथलोमां वृक्षभनुं चिन्ह हतुं, ते कारणथी पुत्रनुं नाम रीषभ पाड्युं.

बाल्यावस्थामां श्रीरीषभदेवजीने ज्यारे भूख लागती हती, त्यारे पोताना हाथनो अंगुठो मुखमां लइ चूसता हता. ते अंगुठामां इंद्रे अमृतनो संचार कर्यो हतो. ज्यारे रीषभदेवजी मोटा थया त्यारे देवता तेमने कल्पवृक्षना फल लावी आपता हता. ज्यारे रीषभदेवजी कांइक न्यून वर्षना थया, त्यारे इंद्र तेमनी पासे आव्या, हाथमां इक्षुदंड लाव्या, रिक्त हाथे स्वामि समीप जवुं उचित नथी ते कारणथी इक्षुदंड लाव्या. श्रीरीषभदेवजी ते वखते नाभिकुलकरना खोलामां बेठा हता. श्रीरीषभदेवजीनी दृष्टि इक्षुदंड उपर पडी; इंद्रे कह्युं भगवन्! आप इक्षु भक्षण करशो? रीषभदेवजीये हाथ पसार्यो. इंद्रे इक्षुदंड आप्यो; त्यारथी इंद्रे रीषभदेवजीनो इक्ष्वाकु वंश स्थापन कर्यो; अने श्रीरीषभदेवजीना वंशवालाउये काशकार पीधो, तेथी गोत्रनुं नाम काश्यप थयुं. श्रीरीषभदेवजीना जेजे वयमां जेजे कामो उचित हतां, तेते सर्व शक्र इंद्रे कर्यां. जेजे शक्रइंद्रो थाय छे तेउनो अनादि कालथी आ जीतकल्प छे, के प्रथम भगवानना वयोचित सर्व काम करवां.

ते अवसरे एक छोकरो अने एक छोकरी, बेहेनभाइ बाल्यावस्थामां ताडवृक्षनी नीचे रमता हता. ते समये ताडनुं फल पडवाथी छोकरो मरी गयो. नाभिकुलकरे ते समये विचार कर्यो के आ छोकरी रीषभदेवनी भार्या थशे एम निश्चय करी पोतानी पासे राखी. तेनुं नाम सुनंदा हतुं. बीजी जे रीषभदेवजीनी साथे जन्मी हती, तेनुं नाम सुमंगला हतुं. ते बंनेनी साथे रीषभदेव बाल्यावस्थामां रमता हता, अनुक्रमे यौवन प्राप्त थये इंद्रे विवाहनो प्रारंभ कर्यो. पूर्वे युगल समयमां विवाहविधि नहोतो, ते कारणथी आ विवाहमां पुरुषनां कृत्यो तो सर्व इंद्रे कर्यां, अने स्त्रीना कृत्य सर्व इंद्राणीउये कर्यां, त्यारथी विवाहविधि जगतमां प्रचलित थइ. श्रीरीषभदेवजीने बंने भार्याउनी साथे सांसारिक विषयसु-

ख जोगवतां ज्यारे ७ लाख पूर्व व्यतीत थया, त्यारे सुमंगला राणीने जरत अने ब्राह्मी युगल जन्म्या, अने सुनंदाने बाहुबली अने सुंदरीयुगल जन्म्या. पढी सुनंदाने तो बीजा पुत्र पुत्री जन्म्या नहि, परंतु सुमंगलाने ठंगणपचास पुत्रोना जोडलां जन्म्या. सर्व मली सो पुत्र अने बे पुत्रीठं श्रीरीषजदेवजीना थया. तेठंना नाम लखीये ठीये.

१ जरत, २ बाहुबली, ३ श्रीमस्तक, ४ श्रीपुत्रांगारक, ५ श्रीमल्लिदेव, ६ अंगज्योति, ७ मलयदेव, ८ जार्गवतार्थ, ९ बंगदेव, १० वसुदेव, ११ मगधनाथ, १२ मानवर्त्तिक, १३ मानयुक्ति, १४ वैदर्जदेव, १५ वनवासनाथ, १६ महीपक, १७ धर्मराष्ट्र, १८ मायकदेव, १९ आस्मक, २० दंडक, २१ कलिंग, २२ इषकदेव, २३ पुरुषदेव, २४ अकल, २५ जोगदेव, २६ वीर्यजोग, २७ गणनाथ, २८ तीर्णनाथ, २९ अंबुदपति, ३० आयुवीर्य, ३१ नायक, ३२ काक्षिक, ३३ आनर्त्तक, ३४ सारिक, ३५ ग्रहपति ३६ करदेव ३७ कछनाथ, ३८ सुराष्ट्र, ३९ नर्मद, ४० सारस्वत, ४१ तापसदेव, ४२ कुरु, ४३ जंगल, ४४ पंचाल, ४५ शूरसेन, ४६ पुट, ४७ कालंगदेव, ४८ काशीकुमार, ४९ कौशल्य, ५० जद्रकाश, ५१ विकाशक, ५२ त्रिगर्त्त, ५३ आवर्ष, ५४ सालु, ५५ मत्स्यदेव, ५६ कुलियक, ५७ मुषकदेव, ५८ वाल्हीक, ५९ कांबोज, ६० मधुनाथ, ६१ सांद्रक, ६२ आत्रेय, ६३ यवन, ६४ आजीर, ६५ वानदेव, ६६ वानस, ६७ कैकये, ६८ सिंधु, ६९ सौवीर, ७० गंधार, ७१ काष्ठदेव, ७२ तोषक, ७३ शौरक, ७४ जारद्वाज, ७५ शूरदेव, ७६ प्रस्थान, ७७ कर्णक, ७८ त्रिपुर नाथ, ७९ अवंतिनाथ, ८० चेदिपति, ८१ विष्कंज, ८२ नैषध, ८३ दशार्णनाथ, ८४ कुसुमवर्ण, ८५ जूपालदेव, ८६ पाल प्रजु, ८७ कुशल, ८८ पद्म, ८९ महापद्म ९० विनिद्र, ९१ विकेश, ९२ वैदेह, ९३ कछपति, ९४ जद्रदेव, ९५ वज्रदेव, ९६ सांद्रजद्र, ९७ सेतज, ९८ वत्स ९९ अंगदेव, १०० नरोत्तम. श्रीरीषजदेवजीना सो पुत्रोनां नाम कह्यां.

ते अवसरे जीवोना कषाय प्रबल थइ जवाथी पूर्वोक्त हकारादि त्रणे दंडनो जय मनुष्यो नही करवा लाग्या. ते वखते श्रीरीषजदेवजीने ज्ञानादि गुणोमां सर्वथी अधिक लोकोये देखवाथी, ते युगल लोकोये तेमने विनंति करी के हालमां सर्व लोक दंडनो जय करता नथी. श्रीरीषजदे-

वजी गर्भमां पण मति, श्रुत, अवधि, ए त्रणज्ञान संयुक्त हता. श्रीरीषभदेवजीना पूर्व भवोनो वृत्तांत श्री आवश्यक सूत्र तथा प्रथमानुयोगथी जाणवो. श्रीरीषभदेवजीये युगलक पुरुषोने कह्युं के जे राजा थाय छे; ते दंड करे छे. राजा, मंत्री, कोटवालादि सेना संयुक्त होय छे, अने ते कृताभिषेक होय छे, अने तेनी आज्ञा अनतिक्रमणीय होय छे. एवां वचनो श्रीरीषभदेवजीना श्रवण करी मिथुनको बोल्याके एवो राजा अमारो पण भले थाउ ! श्रीरीषभदेवजीये कह्युं के जो तमारी एम वांछा होय तो नाभिकुलकर पासे जइ ते प्रमाणे याचना करो. मिथुनकोये नाभिकुलकरने ते प्रमाणे विनंति करी. नाभिकुलकरे कह्युं के जाउ रीषभदेवजी तमारा राजा थया. पछी मिथुनको श्रीरीषभदेवजीनो राज्याभिषेक करवावास्ते पद्मिनी सरोवरमां गया. ते अवसरे इंद्रनुं आसन कंपायमान थयुं. इंद्रे अवधिज्ञानथी राज्याभिषेकनो अवसर जाणी अहींआ आवी श्रीरीषभदेवजीनो राज्याभिषेक कर्यो. मुकुटआदि सर्व अलंकार जे राजाने योग्य हता ते पेहेराव्या. ते समये मिथुनक लोको पद्मसरोवरमांथी नलिनी कमलोमां पाणी लाव्या. तेउये आवीने प्रभुनें अलंकृत दीठा, त्यारे सर्व जनोये रीषभदेवजीना चरण कमल उपर जल रेडी दीधुं. इंद्रे मनमां विचार कर्यो के मिथुनको अति विनीत छे; तेथी वैश्रमणने आज्ञा करी के आ विनीतोने रहेवावास्ते विनीता नामा नगरी बनावो ? वैश्रमणे विनीता नगरी बनावी अने युगलीआ तेमां वस्या. तेनुं स्वरूप श्रीशत्रुंजयमहात्म्यथी जाणवुं.

संग्रह वास्ते श्रीरीषभदेवजीना राज्यमां हाथी, घोडा, गाय, बलद प्रमुख वनमांथी पकडी लाववामां आव्या. श्रीरीषभदेवजीये चार प्रकारनो संग्रह कर्यो. १ उग्रा, २ भोगा, ३ राजन्या, ४ क्षत्रीया. जेउने कोटवालनी पदवी आपी तेउ दंड करनार होवाथी उग्रवंशी कहेवाया. जेउने गुरु अर्थात् वडील तरीके उंचा मान्या तेउ भोगवंशी कहेवाया. जेउ श्रीरीषभवेवजीना मित्र थया तेउ राजन्यवंशी कहेवाया. बाकीनाउ क्षत्रियवंशी कहेवाया.

ज्यारे कल्पवृक्षोना फलोनो अभाव थयो त्यारे पकाहार खावानो व्यवहार शीरीते शरु थयो तेनो विचार लखीये छीये. कालना प्रभावथी

कल्पवृक्ष फलो आपता बंध थया, जेथी लोको बीजा वृक्षोना कंद, मूल, पत्र, फूल, फल खावा लाग्या. केटलाएक इक्षुरस पीवा लाग्या, अने काचा अनाज खावा लाग्या. केटलाएक दिवसो गया बाद ज्यारे लोकोने काचुं अनाज पचवा न लाग्युं, त्यारे रीषभदेवजी पासे तेओ आव्या. रीषभदेवजीए कह्युं के, तमे हाथवती अनाज मसली फोतरा काढी नाखी खाओ. केटलाएक दिवसो पछी ते पण न पचवा लाग्या, त्यारे बीजी रीते काचा अनाज खावानी विधि बतावी; ए प्रमाणे अनेक रीते काचा अनाज खावानी रीत बतावी तोपण काल दोषथी अनाज पाचन न थवा लाग्युं. ते अवसरमां जंगलोमां वांस प्रमुखना घसावाथी अग्नि उत्पन्न थयो.

प्रश्नः– तमे कहो छो के श्रीरीषभदेवजीने जातिस्मरण अने अवधिज्ञान हतुं, तो पछी रीषभदेवजीए प्रथमथीज अग्नि बनाववानी तेमज ते अग्निथी अनाज रांधीने खावानी विधि केम न बतावी ?

उत्तरः– हे भव्य ! एकांत स्निग्ध कालमां तेमज एकांत रुक्षकालमां अग्नि कोइ पण वस्तुथी उत्पन्न थइ शकती नथी. कदाचित् कोइ देवता महाविदेह क्षेत्रथी अग्निने अहींआ लइ पण आवे, तो पण ते अग्नि तत्काल ओलवाइ जती हती. तेज कारणथी अग्निथी पकावी खावानो उपदेश कर्यो नहोतो.

हवे ज्यारे अग्निने तृणादि दाह करता देखी, अपूर्व रत्न जाणी तेओ पकडवा लाग्या, त्यारे तेओना हाथ दाझवा लाग्या, तेथी भयभ्रान्त थइ दोडता आवी श्रीरीषभदेवजीने तेओए सर्व वृत्तांत कह्यो. रीषभ देवजीए तेओने अग्नि लाववानी विधि बतावी. ते विधि प्रमाणे अग्नि घरमां लावी तेओए रीषभदेवजीने विनंति करी के हवे अमारे शुं करवुं ? रीषभदेवजीए हस्ति उपर बेठां थकां माटीनुं एक कुंडुं बनाव्युं. तेमां अनाज पाणी नाखी अग्नि उपर पकावी, रांधी खावानी सर्व विधि बतावी. जेना हाथथी प्रथम ते कुंडुं पकडाव्युं, अने जेने ते बनाववानी विधि बतावी ते कुंभार नामथी प्रसिद्ध थया; ते कारणथी कुंभार प्रजापति कहेवाय छे. धीमे धीमे सर्व प्रकारना अनाज अनेक रीतथी पकावी खावानी विधि प्रवृत्त थइ गइ. सर्व विधि श्रीरीषभदेवजीएज बतावी छे.

हवे शिल्पद्वार कहीये छीये. श्रीरीषभदेवजीना उपदेशथी पांच मूल

दानादि शुं शुं अनुष्ठान में कर्यां छे ? जेथी हुं देवता थयो, ज्ञानथी जोतां पोताना शिष्य आसुरीने ग्रंथार्थज्ञानशुन्य दीठो. विचार कर्यो के मारो शिष्य कंइ पण जाणतो नथी, तेने कांइक तत्त्वनो उपदेश करुं तो ठीक. एवो विचार करी कपिल देवता आकाशमां पंचवर्णना मंडलमां रही, पोताना शिष्यने तत्त्वज्ञाननो उपदेश करवा लाग्या. यथा– अव्यक्तथी व्यक्त प्रगट थाय छे; ते अवसरे षष्टितंत्रशास्त्र आसुरीए रच्युं. तेमां एवुं कथन कर्युं के प्रकृतिमांथी महान् थाय छे, अने महान्थी अहंकार थाय छे, अहंकारथी गण षोडश थाय छे, गणषोडशथी, पंचतन्मात्रा थाय छे, अने पंचतन्मात्राथी पंच महाभूत थाय छे, इत्यादि स्वरूप आ ग्रंथमां पूर्वे सांख्यमां लखी आव्या छीयें. तेउना संप्रदायमां नामीसंख नामा आचार्य थया, त्यारथी ते मतनुं नाम सांख्यमत प्रसिद्ध थयुं. वास्तविक रीते सर्व परिव्राजक संन्यासीउना लिंग आचारादि धर्मनुं मूल मरीचि थयो. ते सांख्यमतना तत्वो हाल पण भगवद्गीता तथा भागवतादि ग्रंथोमां अने सांख्यमतना शास्त्रोमां प्रचलित छे. एक जैनमतविना बीजा सर्व मतोनुं मूल आ मतथीज समजवुं जोइए.

ज्यारे श्रीरीषभदेवजीने केवलज्ञान उत्पन्न थयुं. त्यारे भरतने पण तेज रोज आयुधशालामां चक्ररत्न उत्पन्न थयुं. जेथी भरते भरत क्षेत्रना छए खंडोमां पोतानुं राज्य स्थापी आज्ञा मनावी, तेज कारणथी तेनुं नाम भरतखंड प्रसिद्ध थयुं.

ज्यारे भरते पोताना नाना भाइउने आज्ञा मनाववा वास्ते दूत मोकल्या, त्यारे तेउए विचार कर्यो के राज्य तो अमने पिताश्री आपी गया छे. तो पछी भरतनी आज्ञा अमारे शा वास्ते मानवी जोइये ! चालो पिताश्री पासे जइ सर्व वृत्तांत कहीयें. जो पिताजी कहेके तमे भरतनी आज्ञा मानो तो पछी अमे भरतनी आज्ञा मानीशुं, अने पिताजी कहेके तमे भरतनी साथे लडो, तो पछी अमे भरतनीसाथे लडशुं, एवो विचार करी अठाणु भाइउ कैलास पर्वत उपर श्रीरीषभदेव भगवान पासे गया. भगवान तेउना अंतःकरणना अभिप्राय जाणी तेउने उपदेश करता हवा. श्री भगवाने जे उपदेश कर्यो ते श्रीसूत्रकृतांग सूत्रना बीजा वैतालीय अध्ययनमां लखेल छे. ते उपदेश श्रवण करी भगवानना अ-

घाए पुत्रोए दीक्षा लइ लीधी. सर्व तकरार तजी दीधी. तेम बनवाथी भरतनी अपकीर्त्ति थइ; तेथी भरत चक्रवर्त्ती पांचसो गाडां पक्वानना लावी समवसरणमां आव्या, अने कहेवा लाग्या के हुं मारा भाइउने भोजन करावीश, अने मारो अपराध क्षमा करावीश. श्री रीषभदेव भगवाने कह्युं के, एवो आहार साधुने कल्पे नहीं. ते सांभली भरत मनमां बहुज उदास थया. तेमणे पछी पुछ्युं के भगवन् आ आहार कोने खवरावुं? त्यारे इंद्रे कह्युं के तमाराथी जेउ गुणोमां अधिक होय तेउने आ भोजन आपो. भरते विचार कर्यो के माराथी गुणाधिक तो श्रावक छे, तेथी तेउने भोजन करावुं, एवो निश्चय करी सर्वे गुणवान श्रावकोने भोजन कराव्युं. वली ते श्रावकोने भरतजीए कह्युं के तमे सर्वे प्रतिदिन मारुं भोजन कर्या करो? तमारे खेती वाणिज्यादि कांइ पण काम करवुं नहिं. निःकेवल स्वाध्याय करवामां तत्पर रहो. भोजन करी मारा मेहेलोना दरवाजा पासे बेसी आप्रमाणे कहो "जीतो भवान् वर्द्धते भयं तस्मान्माहन माहनेति" ते श्रावको पण तेमज करता हवा. भरत राजा तो भोगविलासमां मग्न रहेता हता, परंतु ज्यारे श्रावकोना शब्दो सांभलवामां आवता हता त्यारे मनमां विचारता हता के हुं कोनाथी जीतायो छुं? विचार करतां निश्चय थयो के क्रोध, मान, माया अने लोभ, आ चारे कषायोए मने जीतेल छे. अने तेनाथीज भयनी वृद्धि छे, एवा निश्चयात्मक विचारथी भरतजीने भारे वैराग्य उत्पन्न थतो हतो. अनुक्रमे रसोइ जमनारा श्रावको बहु वधी गया, तेथी रसोइ करनाराउए आवीने भरत महाराजने विनंति करी के आ समुदायमां श्रावक कोण छे, अने कोण नथी? ते अमे जाणी शकता नथी. भरतजीए तेउने कह्युं के तमे पुछीने तेउने भोजन करावो. रसोइआउए जमनाराउने पुछतां, जेउ श्रावकना पांच अणुव्रत त्रण गुणव्रत अने चार शिक्षाव्रत धारण करनारा हता, तेउने श्रावक मानी भरत महाराज पासे तेउने लाववामां आवता हता. भरत महाराज तेउना शरीर उपर कांकणी रत्नथी त्रण त्रण रेखाना चिन्ह करता, अने दर छ महीने तेउनी परीक्षा करवामां आवती हती. ते सर्व श्रावक ब्राह्मणना नामथी प्रसिद्ध थया; कारणके ज्यारे भरत महाराजना दरवाजा पासे तेउ माहन माहन शब्द वारंवार उच्चार करता हता,

त्यारे लोको तेउने माहन माहन कहेवा लाग्या. जैनमतना शास्त्रोमां प्राकृत भाषामां हाल पण ब्राह्मणोने माहन शब्दथी लखेल छे; संस्कृत ब्राह्मण शब्द छे, ते प्राकृत व्याकरणमां बंभण तेमज माहणना स्वरूपथी सिद्ध थाय छे, श्री अनुयोगद्वार सूत्रमां ब्राह्मणोना नाम "वुड्ढ सावया" अर्थात् बडा श्रावक लखेल छे. ए प्रमाणे ब्राह्मणोनी उत्पत्ति छे, ते ब्राह्मणो पोताना पुत्रोने साधुउने आपता हता, अने जेउ दीक्षा लेता न हता, तेउ व्रतधारी श्रावक थता हता; आ रीति भरतना राज्यमां हती.

भरत महाराजना पुत्र आदित्ययशा थया, अर्थात् सूर्ययशा थया, जेना वंशजो भरतक्षेत्रमां सूर्यवंशी कहेवाय छे. बाहुबलीना मोटा पुत्र चंद्रयश थया, तेना वंशजो चंद्रवंशी कहेवाय छे. श्रीरीषभदेवजीना कुरुवंशी कहेवाय छे, जेउमां कौरव पांडव थयेला छे.

ज्यारे सूर्ययशा सिंहासन उपर बेठा, त्यारे तेनी पासे काकणी रत्न नहोतुं. काकणीरत्न चक्रवर्ती शिवाय बीजा कोइ पासे होतुं नथी. ते कारणथी सूर्ययशा राजाये ब्राह्मण श्रावकोना गलामां सुवर्णमय यज्ञोपवीत दाखल करावी, जे भाषामां जनोइ कहेवाय छे. भोजन प्रमुख सर्वे, भरत महाराजनी जेम तेउने आपता रह्या. सूर्ययशना पुत्र महायश गादी उपर बेठा, तेणे रूपानी यज्ञोपवीत बनावी आपी. बाद तेउना वंशजो रेशमी यज्ञोपवीत आपता हवा. छेवटे सादा सूतरनी बनाववामां आवी. आ प्रमाणे यज्ञोपवीतनी उत्पत्ति छे.

भरतमहाराजनी आठ पाट सुधी तो ब्राह्मणोनी भक्ति भरतजीनी पेठेज थती रही. बाद प्रजा पण ब्राह्मणोने भोजन कराववा लागी. सर्व स्थले ब्राह्मणो पूजनीक गणावा लाग्या. ए प्रमाणे आठमा तीर्थंकर श्री चंद्रप्रभ स्वामिना वखत सुधी सर्व ब्राह्मणो व्रतधारी जैनधर्मी श्रावको रह्या. श्रीचंद्रप्रभ भगवाननी पछी केटलोएक काल व्यतीत थया बाद आ भरतखंडमां जैनमत अर्थात् चतुर्विध संघ तथा सर्व शास्त्रो विछेद थइ गयां, ते वखते ते ब्राह्मणाभासोने लोको पुछवा लाग्या के अमने धर्मनुं स्वरूप बतावो. ते वखते ब्राह्मणोये स्वमतिकल्पनाथी जेमां पोतानो लाभ दीठो तेवो धर्म बताव्यो. अनेक ग्रंथो पण ते प्रमाणे बनाववामां आव्या.

ज्यारे नवमा श्रीसुविधिनाथ ( पुष्पदंत ) अरिहंत थया, त्यारे फरी

जैनधर्म प्रगट थयो. ते भगवाननो धर्म केटलाएक ब्राह्मणाभासोये न अंगीकार कर्यो. स्वकपोलकल्पित मतनोज कदाग्रह राख्यो. साधुर्जनो द्वेष करवा लाग्या. चारे वेदोनां नामो बदलावी नाख्यां, अने ते वेदोमां मतलब पण कांइनी कांइ लखी दीधी.

हवे चारे वेदोनी उत्पत्ति लखीये छीये. ज्यारे भरत राजाये ब्राह्मणोनी पूजा करी, त्यारे बीजा लोको पण ब्राह्मणोने अनेक तरेहनां दान आपवा लाग्या. ते प्रसंगे श्रीभरतचक्रवर्तीये श्रीरीषभदेव भगवानना उपदेश अनुसार ब्राह्मणोने निरंतर स्वाध्याय करवावास्ते श्रीआदीश्वर (रीषभदेव) भगवाननी स्तुति तथा श्रावकधर्मस्वरूपगर्भित चार आर्यवेदनी रचना करी. तेना नाम. १ संसार दर्शनवेद २ संस्थापन परामर्शनवेद, ३ तत्त्वावबोध वेद, ४ विद्याप्रबोध वेद. चारे वेदोमां सर्वनयसंयुक्त वस्तु स्वरूप कथन ते ब्राह्मणोने शिखववामां आव्युं. पुर्वोक्त चार वेद तथा ब्राह्मणो आठमा तीर्थंकर सुधी यथार्थ प्रवर्तता रह्या. आठमा तीर्थंकरनुं तीर्थ व्यवछेद थतां ब्राह्मणोये भ्रष्ट थइ धनना लोभथी ते वेदोमां जीवहिंसा दाखल करी. चारे वेद उलट पालट करी नांख्या. जैनधर्मनुं नाम चारे वेदमांथी काढी नाख्युं, एटलुंज नहीं पण अन्योक्तिथी "दैत्य दस्यु वेदबाह्य" इत्यादि नामोथी साधुर्जनी निंदागर्भित १ रुग्, २ यजुर, ३ साम, ४ अथर्व, आ चार नामना वेद कल्पवामां आव्या. जे ब्राह्मणोये तीर्थंकरोनो उपदेश अंगीकार कर्यो, तेर्जये पूर्व वेदोना मंत्रोनो त्याग कर्यो नहीं. ते मंत्रो आजसुधी दक्षिणमां कर्णाटकदेशमां जैन ब्राह्मणोने कंठस्थ छे. ते प्रमाणे अमे देख्युं छे तथा सांभळ्युं छे. अमारी पासे पण प्राचीन वेदोना केटलाएक मंत्रोछे. यतः ॥ सिरि भरह चक्कवट्टी, आयरिय वेयाणविस्सुउप्पत्ती ॥ माहणपढणत्थमिणं, कहियं सुहझाण विवहारं ॥ १ ॥ जीणतिछे वुछिन्ने, मिछत्ते माहणेहिंतेठविया ॥ अस्संज्याण पूआ, अप्पाणं काहिया तेहिं ॥ २ ॥ इत्यादि. हवे वेदोनीरचना हिंसा संयुक्त, याज्ञवल्क्य, सुलसा, पिप्पलाद अनेपर्वत प्रमुखोये केवी रीते रची तेनुं पण कांइक स्वरूप लखीये छीये.

बृहदारण्यक उपनिषद्नी भाष्यमां लख्युं छे के, यज्ञोनुं कथन करनार यज्ञवल्क्य तेना पुत्र याज्ञवल्क्य छे. ते कहेवाथी एम प्रतीत थाय छे के

यज्ञोनी रीति प्रायः याज्ञवल्क्यथीज चाली छे. ब्राह्मण लोकोये शास्त्रोमां लख्युं छे के याज्ञवल्क्ये पूर्वली ब्रह्मविद्या वमीने नवीन ब्रह्मविद्या सूर्यनी पासे शिखी, प्रचलित करी; तेथी पण एज अनुमान थाय छे के, याज्ञवल्क्येज प्राचीन वेद तजी दीधा अने नवा वेद बनाव्या.

श्री त्रेशठ शिलाका पुरुष चरित्र ग्रंथना आठमा पर्वना बीजा सर्गमां लख्युं छे के काशपुरीमां बे संन्यासणीउ रहेती हती. एकनुं नाम सुलसा अने बीजीनुं नाम सुभद्रा हतुं. बंने वेद, वेदांगोनी जाणकार हती. बंने बेहेनोए बहु वादीउने वादमां जीत्या हता. ते अवसरे याज्ञवल्क्य परिव्राजक तेउनी साथे वाद करवाने आव्या. अरस परस एवी प्रतिज्ञा करी के, जे हारी जाय ते जीतनारनी सेवा करे. याज्ञवल्क्ये सुलसाने वादमां जीती अने पोतानी सेवा करनारी बनावी. सुलसा पण रातदिवस याज्ञवल्क्यनी सेवा करवा लागी, याज्ञवल्क्य अने सुलसा बंने यौवनवंत हता. तेथी कामातुर थइ जवाथी बंने भोगविलासमां लागी गया. निदान अग्नि अने घी साथे होय तो घी उगल्या विना रहेतुं नथी. कामक्रीडामां मग्न थइ जवाथी काशपुरीनी पासेनी एक कुटीमां बंने वास करता हता. याज्ञवल्क्यथी सुलसाने पुत्र थयो. लोकोना उपहासना भयथी ते पुत्रने पिपलाना वृक्षनीचे मुकी बंने जणाउ दूर नासी गया. आ वृत्तांत सुलसानी बहेन सुभद्रना जाणवामां आव्युं. सुभद्रा बालकनीपासे आवी. बालकने देखतां ते स्वयमेव पीपलानुं फल मुखमां पडेलुं चबोलतुं हतुं. सुभद्राये बालकने लइ पोताना स्थानमां आण्युं. तेनुं नाम पिप्पलाद राख्युं. यत्नाथी पालण कर्युं, वेदादि शास्त्रो भणाव्यां, पिप्पलाद बहु बुद्धिमान थयो. बहु वादीउने जीती तेउनां अभिमाननो तेणे नाश कर्यो. पिप्पलादनी साथे अनुक्रमे याज्ञवल्क्य तथा सुलसा पण वाद करवा आव्या, पिप्पलादे बंनेने वादमां जीत्या. बाद सुभद्रा मासीना कहेवाथी तेना जाणवामां आव्यु के, ते बंने तेना माता पिता छे. मने जन्म आपी निर्दयताथी वृक्षनीचे मुकी बंने नासी गया हता, ए वृत्तांत पण तेना जाणवामां आव्यो. अत्यंत क्रोधयुक्त थइ पिप्पलादे सम्यक् रीतिए याज्ञवल्क्य तथा सुलसा सन्मुख मातृमेध तथा पितृमेध यज्ञोने सिद्ध करी, पितृमेध यज्ञमां याज्ञवल्क्यनो अने मातृमेध यज्ञमां सुलसानो होम कर्यो.

पिप्पलाद मीमांसक मतनो मुख्य आचार्य थयो. तेनो वातली नामा शिष्य थयो, त्यारथी जीवहिंसा संयुक्त यज्ञ प्रचलित थया.

याज्ञवल्क्ये नवा वेदो बनाव्या छे, तेमां कांइ पण शंका नथी, कारण के वेदमां लख्युं छे के "याज्ञल्क्येती होवाच" अर्थात् याज्ञवल्क्य आ प्रमाणे कहेता हवा. वेदमां जे शाखाउ छे ते वेद कर्त्ता ऋषियोना अधिकारनी छे; तेथी आवश्यक सूत्रमां जे लख्युं छे के जीवहिंसा संयुक्त जे वेद छे, ते याज्ञवल्क्य अने सुलसा आदिये बनाव्या छे, ते वात सत्य छे, कारण के केटलीएक उपनिषदोमां पिप्पलादनुं नाम छे, अने केटलाएक स्थले बीजा ऋषियोनां पण नामो छे. जमदग्नि कश्यप तो वेदोमां खास नामथी लखेल छे. हवे विचारो के वेदो नवा बनाववामां आव्या तेमां शुं शंका रहे छे ?

वली लंकानो अधिपति राजा रावण, ज्यारे दिग्विजय करवा वास्ते देशोमां चतुरंगी सेना साथे बीजा राजाउने पोतानी आज्ञा मनाववा फरतो हतो, ते अवसरे नारदमुनि लाकडी प्रमुखना मारथी कुटाया होवाथी पोकार करता रावणनी पासे आव्या. रावणे नारदजीने पुछ्युं के तमने कोणे मार मार्यो, त्यारे नारदजीये कह्युं के, राजपुर नगरमां मरुत नामनो राजा छे, ते मिथ्यादृष्टि छे, अने ब्राह्मणाजासोना उपदेशथी यज्ञ करवा लाग्यो, ते समये शिकारीउनी जेम होमने वास्ते ते ब्राह्मणाजासोने, अरराट शब्दो करता पशुउने यज्ञोमां होमवावास्ते मारतां में दीठा. आकाशथी उतरी मरुत राजा ब्राह्मणोनी साथे बेठो हतो, त्यां आवी, मरुतराजाने में कह्युं के आ तमे सर्वे शुं काम करवा लागी रह्या छो? मरुतराजाए कह्युं के ब्राह्मणोना उपदेशथी देवताउनी तृप्तिवास्ते तेमज स्वर्ग प्राप्तिवास्ते पशुउना बलिदानथी आ यज्ञ करवो शरु कर्यो छे, आ प्रमाणे यज्ञ करवो ते महा धर्म छे. पछी में कह्युं के हे राजा ! चारे वेदोमां जे प्रमाणे यज्ञ करवानुं कथन करेल छे, ते यज्ञ करवानी विधि तमने कहुं छुं ते सांजलो? आत्मा यज्ञनो यष्टा अर्थात् करनार छे, तप रूप अग्नि छे, ज्ञानरूप घी छे, कर्मरूप इंधन छे, क्रोध, मान, माया, लोजादि पशुउ छे, सत्यवचनरूप यूप अर्थात् यज्ञस्थंज छे, सर्व जीवोने अजयदानरूप दक्षिणा छे, अने ज्ञान दर्शन चारित्र रत्नत्रयीरूप त्रिवेदी

छे. आ प्रमाणे यज्ञ वेदमां कथन करेल छे, एवो यज्ञ जो योगाभ्यास संयुक्त करवामां आवे तो ते करनारो मुक्ति प्राप्त करे छे; परंतु राक्षसरूप थइ बकराप्रमुखने मारी यज्ञ करवामां आवे तो, यज्ञ करनार, करावनार, मरीने घोर नर्कमां चिरकाल महादुःख भोगवे छे. हे राजा! तुं उत्तम वंशमां उत्पन्न थयेल छो, बुद्धिमान् तेमज धनवान् छो, तेथी आ व्याधोचित पापथी निवर्त. जो प्राणीवधथीज जीवोने स्वर्ग प्राप्त थतुं होत तो अनायासे थोडा वखतमांज आ जीवलोक खाली थइ जशे. आ मारा वचनो सांभली यज्ञनी अग्निनी जेम प्रचंड थयेला ब्राह्मणो लाकडी, सोटा, ढीका, पाटु मने मारवा लाग्या, तेथी जेम नदीना पूरथी भय पामेलो माणस उंची जमीन उपर चडी जाय छे, तेम दोडतो हुं तमारीपासे आव्यो छुं. हे रावण महाराज! निरपराधी पशुओ मार्या जाय छे. तेओनुं रक्षण करवामां तमे समर्थ छो. जेम तमारां शरणथी हुं निर्भय छुं तेम पशुओने शरण आपी निर्भय करो. ते सांभली रावण विमानथी उतरी मरुत राजानी पासे आव्या. मरुत राजाये रावणनी भक्ति तथा आदर सन्मान उत्तम प्रकारे कर्यां. रावणे कह्युं आ तमे शुं करो छो? यज्ञमां पशुवध करी नर्कनी महा माठी गति उपार्जन करवानुं तमोए आरंभ्युं छे. धर्म तो तीर्थंकर महाराजाये अहिंसारूप कथन करेलो छे, अने तेथीज जगतनुं हित थाय छे; ज्यारें पशुओने मारवामां तमे धर्म समज्या, त्यारे अधर्म, धर्मनी तमने समजणज क्यां ठरी? माटे आ काम तमे तजी द्यो. पछी सेहेज कोपमां आवी रावणे कह्युं के जो यज्ञ करवानुं काम तजी नही द्यो तो तेनुं फल आ लोकमां तो तमने हमणांज आपीश, अने परलोकमां तमारे नर्कना मेमान थवुं पडशे. आवा भयात्मक वचन सांभली मरुत राजाये यज्ञ करवो तजी दीधो, कारण के रावणनी आज्ञा ते वखते एवी भयंकर हती के तेनुं कोइ उल्लंघन करी शकतुं नही. आ कथाथी एम पण सिद्ध थाय छे के, ब्राह्मण लोको जे एम कहे छे के, पूर्वे राक्षसो यज्ञविध्वंस करता हता, ते कोण जाणे रावणादि जबरदस्त जैनधर्मी राजाओये पशुवधरूप यज्ञो करता छोडावी दीधा होय; अने तेज कालथी ब्राह्मणोये पुराणादि शास्त्रोमां ते जबरदस्त जैनराजाओने राक्षसो लखेला छे. वली एम पण सांभलवामां आव्युं छे के नारदजीये मायाना

वशथी जैनमत धारण करी वेदोनी निंदा करी होय तोपण शुं जाणीये? आ कथानो आज तात्पर्य लोकोये लखेलो छे.

रावणे नारदजीने पुछ्युं के आवो पापकारी पशुवधात्मक यज्ञ क्यांथी प्रचलित थयो? नारदजीये कह्युं के शुक्तिमती नदीना किनारा उपर शुक्तिमती नामे नगरी छे. वीशमा श्रीमुनिसुव्रत स्वामि हरिवंश तीर्थंकरनी उलादमां केटलायेक राजा व्यतीत थइ गया पछी अभिचंद्र नामा राजा थयो. तेनो वसु नामनो पुत्र, महाबुद्धिवान, सत्यवादी जगत्मां प्रसिद्ध थयो. तेज नगरीमां क्षीरकदंबक नामना उपाध्याय रहेता हता. तेने पर्वत नामनो पुत्र हतो. ते क्षीरकदंबक उपाध्यायनी पासे वसुराजा, उपाध्यायजीनो पुत्र पर्वत अने हुं नारद त्रणे जणा अभ्यास करता हता. एकदा अमो त्रणे शिष्यो अभ्यासना श्रमथी रात्रिना वेहेला सुइ गया हता, उपाध्यायजी ते वखते जागता हता. अमो उपरना जागमां सुता हता, ते वखते बे ज्ञानवान् चारण साधु आकाशमां परस्पर वातो करता चाल्या जता हता, तेउ बोल्या के आ उपाध्यायजीना बे शिष्यो नर्कमां जशे, अने एक स्वर्गमां जशे. मुनियोनुं आ प्रमाणे बोलवुं सांजली उपाध्यायजी विचार करवा लाग्या के ज्यारे मारा शिखवेला शिष्यो नर्कमां जाय, त्यारे तेना करतां वधारे दुःखजनक बीजु शुं? परंतु त्रणमां नर्कमां कोण जशे अने स्वर्गमां कोण जशे? ते वातनो निर्णय करवा वास्ते त्रणेने एक साथे बोलाव्या. पछी गुरुये अमने दरेकने एकेक लोटनो कुकडो आप्यो, अने कह्युं के कुकडाने एवी जगाये जइ मारो के ज्यां कोइ देखतुं न होय. पछी वसु अने पर्वत बंने जणा तो शून्य जगाउमां जइ दरेक पोतपोताना कुकडाने मारी लाव्या, अने हुंतो ते लोटना कुकडाने लइ नगरीनी बहार बहुज दूर चाल्यो गयो. ज्यां कोइ नहोतुं त्यां जइ उभो रह्यो. चारे तरफ जोवा लाग्यो, अने मनमां आ प्रमाणे तर्क थवा लाग्या. गुरु महाराजे तो आज्ञा करी छे के, हे वत्स! आ कुकडाने तुं त्यां मारजे, के ज्यां कोइ तने देखतुं न होय! प्रथम तो आ कुकडाने हुंज देखुं छुं, वली कुकडो मने देखे छे, खेचर देखे छे, लोकपाल देखे छे; ज्ञानी देखे छे, एवुं तो जगत्मां कोइ पण स्थान नथी, ज्यां कोइ पण न देखतुं होय. ते कारणथी गुरुनो अभिप्राय

एज छे के, आ कुकडानो वध न करवो, कारण के गुरु पूज्य तो निरंतर महा दयालु छे, अने हिंसाथी पराङ्मुख छे. मात्र अमारी परीक्षावास्ते आ आदेश आप्यो छे, तेथी हुं तो कुकडाने मार्याविनाज कुकडाने लइ गुरुपासे आव्यो, अने कुकडाने नही मारवाना सघला विचार गुरुजीने कही दीधा. गुरुराजे मनमां निश्चय कर्यो के, आ नारद विवेकवालो छे, तेथी स्वर्गमां जशे, गुरुजीये मने पोतानी छाती साथे लगावी, बहु सारुं थयुं उत्तम उत्तम! एम कह्युं; तेटलामां वसु अने पर्वत पण गुरु पासे आव्या, अने गुरुने कह्युं के असो कुकडाने एवी जगाये जइ मारी आव्या छीये के ज्यां कोइ देखतुं न होतुं. गुरुये कह्युं के तमे तो देखता हता, तथा खेचरो पण देखता हता. हे पापिष्टो! तमे कुकडा केम मार्या? एम कही गुरुजीये विचार कर्यो के वसु अने पर्वतने जणाववानी मारी मेहेनत वृथा गइ. परंतु हुं शुं करुं! पाणी जेवा पात्रमां जाय छे, तेवुंज बनी जाय छे. विद्यानो पण तेवोज स्वभाव छे. ज्यारे प्राणथी प्यारो पर्वत पुत्र अने पुत्रथी प्यारो वसु बंने नर्कमां जाय, तो हवे मारे घरमां रहेवानुं शुं प्रयोजन छे? एवा निर्वेद भावथी क्षीरकदंबक उपाध्यायजीये दीक्षा ग्रहण करी. साधु थया. तेनी पदवी पर्वते धारण करी, कारण के व्याख्यान करवामां पर्वत बहुज विचक्षण हतो. हुं (नारद) गुरु प्रसादथी सर्व शास्त्रोनो अभ्यास करी मारे स्थानके आव्यो. वली अभिचंद्र राजाये संयम लेवाथी वसु तेना पितानी राज्यगादी उपर बेठो. वसु राजा जगत्मां सत्यवादी प्रसिद्ध थयो, अर्थात् वसुराजा कदापि जूठुं बोलता नथी, ए प्रमाणे लोकोमां तेनी प्रशंसा प्रसरी गइ. वसुराजाए पण पोतानी प्रशंसा निरंतर थया करे ते सारुं सत्य बोलवानुं दृढ व्रत अंगीकार कर्युं. दरमीआन वसुराजाने एक स्फटिक सिंहासन प्रछन्न रीते एवुं मली गयुं के, सूर्यना प्रकाशमां ज्यारे वसुराजा ते सिंहासन उपर बेसतो त्यारे, ते सिंहासन लोकोना देखवामां बिलकुल आवतुं नहोतुं, तेथी लोकोमां एवी प्रसीद्धि थइ के,सत्यना प्रभावथी वसुराजानुं सिंहासन देवताओ आकाशमां अधर राखे छे. तेनी आवी कीर्त्तिथी बीजा सर्वे राजाओ डरीने तेनी आज्ञा मानता हता, कारण के साची अथवा जूठी गमे ते रीते थयेली प्रसीद्धि पुरुषने जयकारी थाय छे.

एकदा प्रस्तावे हुं ( नारद ) सूक्तिमती नगरीमां गयो. पर्वतने घेर जतां ते पोताना शिष्योने रूग्वेद जणावतो हतो, अने तेनो अर्थ पण शिखवतो हतो. प्रसंगे एवी श्रुति रूग्वेदमां आवी के " अजैर्यष्टव्यमिति " पर्वते आ श्रुतिनो एवो अर्थ कर्यो के अज अर्थात् बकराथी होम करवो, सारांश के बकरांने मारी तेना मांसनो होम यज्ञमां करवो. ते सांजली में पर्वतने कह्युं हे जाइ! आ प्रमाणे व्याख्या कइ ज्रांतिथी करे छे? गुरुश्रीक्षीरकदंबकजीए आ श्रुतिनी आवी व्याख्या करी नथी, गुरूजीए तो आ श्रुतिमां अज शब्दनो अर्थ त्रण वर्षनुं जुनुं धान्य करेलो छे; " न जायंत इत्यजा " जे वाववाथी न उत्पन्न थाय ते अजा, आवो अर्थ श्रीगुरुजीए तमने तथा मने शिखाव्यो हतो, ते अर्थ तमे केम जूली जाउं छो? पर्वते कह्युं के तमे जे अर्थ करोछो ते अर्थ गुरुजीए कर्यो नथी, परंतु हुं जे अर्थ करूं छुं, तेम अर्थ गुरुजीए कर्यो हतो, कारण के निघंटमां पण अजा नाम बकरीनुंज लखेलुं छे. पछी में ( नारदे ) पर्वतने कह्युं के शब्दोना अर्थ बे प्रकारे थाय छे, एक मुख्यार्थ, बीजो गौणार्थ. आ स्थले श्री गुरुए गौणार्थ कर्यो हतो. गुरु धर्मोपदेष्टानुं वचन अने श्रुतिनो यथार्थ अर्थ, बंने अन्यथा करी हे मित्र! तुं महापाप उपार्जन करे छे. फरी पर्वते कह्युं के अज शब्दनो अर्थ गुरुजीए मेष करेलो छे, निघंटमां पण एज अर्थ छे, तेने उल्लंघन करी तुं अधर्म उपार्जन करे छे; वली आ बाबत निर्णय करवो होय तो वसुराजा जे आपणा सहाध्यायी छे, तेने मध्यस्थ राखी आ श्रुतिना अर्थनो निर्णय करीए, परंतु सरत एटली के जेनो अर्थ जूठो ठरे तेनी जीह्वा छेदवी. आ प्रमाणे प्रतिज्ञा ठरी. में पण पर्वतनी सरत मान्य करी, एवा विचारथी के साचने शुं आंच छे? पर्वतनी माताए ते वखते पर्वतने गुप्त रीते कह्युं के हे पुत्र! तुं आवो जूठो कदाग्रह छोडीदे, कारण के में पण ते श्रुतिनो अर्थ त्रण वर्षनुं धान्यज सांजल्यो छे, माटे तें जे जीह्वा छेदनी प्रतिज्ञा करी ते वास्तविक कर्युं नथी. विचार कर्या विना जे काम करवामां आवे छे, तेथी आपत्तिमां आवी पडवानो प्रसंग आवे छे. ते सांजली पर्वते कह्युं के हे माताजी! जे में प्रतिज्ञा करी छे ते कोइ पण रीते हुं फेरवी शकुं तेम नथी. पछी पर्वतनी माता पोताना पुत्रनुं दुःख

जाणी, दुःखी थवाथी वसु राजानी पासे गइ. पुत्रना जीवितव्य वास्ते कोण एवो छे के जे उपाय न करे? वसुराजाए पोताना गुरुनी पत्नीने आवतां देखी अपार सन्मान आप्युं. सिंहासन उपरथी उन्नो थयो, अने कहेवा लाग्यो के हे माता! आजे में मारा गुरुराजना दर्शन कर्यां. मारा सरखुं जे काम होय ते मने फरमावो? गुरुपत्नीए कह्युं के हे वसुराज! मने पुत्रनी भिक्षा आपो? पुत्र विना मारे धन धान्यादि शुं कामना छे? वसुराजा ते सांभली कहेवा लाग्या के हे माता! पर्वत तो मारे पूजवा योग्य तथा पालवा योग्य छे, कारण के गुरुनी जेम गुरुना पुत्रनी साथे पण वर्तवुं जोइए, एम श्रुति वाक्य छे; तो हवे कोणे क्रोधमां आवी कालने पत्रथी आमंत्रण कर्युं छे? जे मारा भाइ पर्वतने मारवा चाहे छे? वास्ते हे माता! तमे सर्व वृत्तांत मने कहो? गुरुपत्नीए सर्व वृत्तांत प्रतिज्ञा लीधी त्यां सुधीनो कही वताव्यो; छेवटे कह्युं के जो तमारा भाइनी रक्षा करवी होय तो अज शब्दनो मेष अर्थात् बकरो या बकरी अर्थ करवो, कारण के महात्मा पुरुषो परोपकार वास्ते पोताना प्राण पण अर्पण करे छे, अने आपने तो मात्र वचनथी परोपकार करवानो छे. वसुराजाए कह्युं माताजी! हुं मिथ्या वचन केवी रीते बोली शकुं? सत्य बोलनारा पुरुषो पोताना प्राण जाय छे तो पण असत्य बोलता नथी, तो गुरुनुं वचन अन्यथा करवुं, अने जूठी साक्षी पुरवी, तेने वास्ते तो शुंज कहेवुं? गुरुपत्नीए कह्युं के क्यांतो गुरुना पुत्रनो जान बचशे, क्यांतो तमारा सत्य व्रतनो आग्रह रहेशे, वली हुं पण तने ते वखते मारा प्राणनी हत्या आपीश. गुरुपत्नीना आ प्रमाणेना वचनो सांभली लाचार थइ तेणीनुं वचन अंगीकार कर्युं. गुरुपत्नी खुशी थइ पोताने घेर आवी. तत्काल नारद तथा पर्वत बंने वसुराजानी सभामां आव्या. ते प्रसंगे मोटा मोटा विद्वान् पुरुषो सभामां आवी पहोंच्या, अने वसुराजा स्फटिक सिंहासन उपर बेसी सभापति थइ पुछवा लाग्यो; पर्वत तथा नारदे पोतानो आद्यंत सर्व वृत्तांत वसुराजाने संभलाव्यो, छेवटे कह्युं के हे राजन्! गुरुजीए आ बंने अर्थमांथी कयो अर्थ कह्यो छे ते तमे सत्य कही द्यो? सभामां बिराजेला वृद्ध ब्राह्मणोए पण कह्युं के हे राजन् तमे सत्य सत्य जे होय तेज कही देजो,

वखत सुधी राज्य करी श्री अजीत नाथजीए तो स्वयमेव दीक्षा लीधी. तप करी, केवलज्ञान पामी बीजा तीर्थंकर थया. पछी सगर राजा थया, अने बीजा चक्रवर्ती पण थया. सगर राजाए भरतनी जेम छ खंडनुं राज्य कर्युं. सगर राजाने जन्हुकुमार प्रमुख साठ हजार पुत्र थया. तेउए दंड रत्नथी गंगा नदीने असल प्रवाहथी फेरवी, कैलास पर्वतनी चारे बाजुए खाइ खोदी, ते खाइमां गंगा नदीने लाव्या. तेउए एवो विचार कर्यो के अमारा वडील भरतजीए आ पर्वत उपर सुवर्ण रत्नमय श्री रीषभादि तीर्थंकरोना मंदिर बनावेल छे. तेनी रक्षा वास्ते आ पर्वतनी चारे बाजुए खाइ खोदी तेमां गंगानो प्रवाह लाववो जोइए. ते प्रमाणे गंगानो प्रवाह लाववाथी अने प्रथम खाइ खोदवाथी नागकुमार देवताउने बहुज उपसर्ग थयो, तेथी नागकुमार देवताउए ते साठ हजार पुत्रोने मारी नांख्या. गंगाना जलथी देशमां पण बहुज उपद्रव थयो, जेथी सगर राजाना पौत्र भगीरथे सगरनी आज्ञाथी दंडरत्नथी भूमि खोदी गंगाने समुद्रमां मेलवी. तेज कारणथी गंगानुं नाम जान्हवी तथा भागीरथी पण कहेवाय छे. सगर राजाए श्री शत्रुंजय तीर्थ उपर भरतना बनावेला श्री रीषभदेवजीना मंदिरनो उद्धार कर्यो; तथा बीजां जैन तीर्थोनो पण उद्धार कर्यो. आ समुद्र पण भरत क्षेत्रमां सगर राजाज देवताना सहायथी लाव्या छे. लंकाना टापुमां वैताढ्य पर्वतथी सगर राजानी आज्ञाथी धनवाहन पहेलो राजा थयो, अने लंकाना टापुनुं नाम राक्षसद्वीप छे, तेनो हेतु ए छे के धनवाहन राजाना वंशजो राक्षस कहेवाया. आ वंशमांज रावण तथा बिभीषणादि थया छे; इत्यादि सगर चक्रवर्तीना समयनो वृत्तांत त्रेसठ शलाका पुरुष चरित्रथी जाणवो. आ चरित्रना तेत्रीश हजार काव्यो छे, तेथी तेनो सघलो हेवाल आ ग्रंथमां लखी शकातो नथी, मात्र संक्षेपथी लखेल छे. सगर चक्रवर्ती राज्य करी श्री अजीतनाथजी पासे दीक्षा लइ, संयम तपथी केवलज्ञान पामी मोक्षे पहोंच्या. श्री अजीतनाथ स्वामि पण समेत शिखर पर्वत उपर शरीरनो त्याग करी मोक्ष पाम्या, श्री रीषभदेव स्वामिना निर्वाण पछी पचास लाख कोडी सागरोपम व्यतीत थये श्री अजीतनाथ तीर्थंकर निर्वाण पाम्या. ते पछी त्रीश

लाख कोडी सागरोपम व्यतीत थये श्री संभवनाथजी त्रीजा तीर्थंकर थया. राज्य सर्व सूर्यवंशी, चंद्रवंशी तथा कुरुवंशी आदि राजाउमां रह्युं. इति श्री अजीतनाथ तथा सगर चक्रवर्ती अधिकार.

श्रावस्ती नगरीमां इक्ष्वाकुवंशी जीतारि राजा राज्य करता हता, तेने सेना नामा पटराणी हती, तेने संभव नामना पुत्र त्रीजा तीर्थंकर थया, चोवीशे तीर्थंकरना वर्णन प्रथम परिच्छेदमां यंत्रमां तेमज गद्यमां लखी आव्या ढीए. वीजा तीर्थंकरोनो वचमां जे अंतर ढे तेपण यंत्रथी जाणी लेवुं. इती तृतीय तीर्थंकर वृत्तांत.

तेमनी पढी अयोध्या नगरीमां इक्ष्वाकु वंशी संवर राजा थया. तेमनी सिद्धार्था नामनी राणीनी कुखे अभिनंदन नामना चोथा तीर्थंकर थया. वाद अयोध्या नगरीमां इक्ष्वाकु वंशी मेघ राजानी सुमंगला राणी, तेना पुत्र सुमतिनाथ नामना पांचमां तीर्थंकर थया. पढी कोसंबी नगरीमां इक्ष्वाकु वंशी श्रीधर राजानी सुसीमा राणी, तेना पुत्र पद्मप्रभ नामना ढठा तीर्थंकर थया. पढी वाणारसी नगरीमां प्रतिष्ट राजानी पृथ्वी नामा राणी, तेना पुत्र श्री सुपार्श्वनाथ नामना सातमा तीर्थंकर थया. पढी चंद्रपुरी नगरीमां इक्ष्वाकु वंशी महासेन राजानी लक्ष्मणा नामा राणी, तेना पुत्र श्री चंद्रप्रभ नामना आठमा तीर्थंकर थया. पढी काकंदी नगरीमां इक्ष्वाकु वंशी सुग्रीव राजानी रामा नामा राणी, तेना पुत्र श्रीसुविधिनाथ, अपर नाम पुष्पदंत नामना नवमा तीर्थंकर थया.

अहींआ सुधीतो सर्व ब्राह्मणो जैनधर्मी श्रावक तथा चारे आर्य वेदो जे भरत राजाना समयमां रचवामां आव्या हता ते भणता हता. ज्यारे नवमा तीर्थंकरनुं तीर्थ विछेद थयुं, त्यारे ब्राह्मणो मिथ्यादृष्टि तथा जैन धर्मना द्वेषी अने जगत्ना पूज्य थया. कन्या, भूमि अने गोदानादिना लेनारा थया. सर्व जगत्मां उत्तम थया, सर्वना कर्त्ता हर्त्ता अने मतोना मालेक बनी गया. सारांश ए ढे के सुनुं घर देखी कुतरो पण माल खाइ जाय ढे. वली जगत्मां जे जे पाखंड तथा अनेक तरेहना देवताउनी पूजा तथा जे जे बीजा पण कुमार्गो प्रचलित थया ढे, ते सर्व तेउएज चलावेल ढे. साक्षात् आदीश्वर भगवाननी रचेली सृष्टि-

रूप अमृतमां झेर दाखल करनारा थया छे, कारण के पूर्वें जैनमत तथा कपिलमत शिवाय बीजो कोइ पण मत नहोतो. कपिल मतवाला पण देव तो श्री आदीश्वर ( रीषभदेव ) भगवाननेज मानता हता. निदान आ हुंडा अवसर्पिणिमां सर्व आश्चर्य गणाय छे.

त्यार बाद भद्दिलपुर नगरमां इक्ष्वाकु वंशी दृढरथ राजानी नंदा नामा राणी, तेना पुत्र श्री शीतलनाथ नामना दशमा तीर्थंकर थया. आ तीर्थंकरना शासनमां हरिवंशनी उत्पत्ति थइ तेनी कथा लखीए छीए.

कौशांबि नगरीमां वीरो नामनो कोली रहेतो हतो. तेने वनमाला नामनी अत्यंत रूपवंती स्त्री हती. नगरना राजाये तेणीने हरण करी पोतानी स्त्री बनावी. वीरो कोली स्त्रीना विरहथी बावरो थइ गयो. हा वनमाला! हा वनमाला! एम बोलतो बोलतो नगरमां फरवा लाग्यो. एकदा वर्षाकालमां राजा वनमालानी साथे मेहेलना झरूखामां बेठो हतो. राजा राणीये वीराने ते हालतमां देखी बहु पश्चाताप कर्यो; छेवट निश्चय कर्यो के आपणे आ काम बहुज बुरूं कर्युं, तेज वखत वीजली पडवाथी राजा राणी बंने मरीने हरिवर्ष क्षेत्रमां स्त्री, पुरुष युगलीया थया. वीरो कोली राजा राणीनुं मरण सांभली राजी थयो, पछी तापस बनी तप करवा लाग्यो. अज्ञान तपना प्रभावथी किल्बिष देवता थयो. अवधिज्ञानथी राजा राणीने युगलीया थयेला देखी, विचार कर्यो के, आ भद्रक परिणामी तथा अल्पारंभी छे, तेथी मरीने देवता थशे, तो पछी हुं मारुं वेर शीरीते लइश? तेथी एवो उपाय करुं के, जेथी तेउ बंने मरीने नर्कमां जाय. एवो विचार करी ते बंनेने त्यांथी उठावी भरत क्षेत्रमां चंपा नगरीमां इक्ष्वाकु वंशी चंडकीर्ति राजा अपुत्रीउ गुजरी गयो हतो, अने हवे आ नगरीनो राजा कोण थशे? एवी चिंतामां सर्व लोको जे आवी पड्या हता, तेउने देवताये आ बंनेने सोंप्या, अने कह्युं के आ तमारो हरि नामनो राजा थशे. तेने तख्तनशीन करो? तेनी आ हरणी नामनी राणी छे. तेउने खावावास्ते तमारे फल मिश्रित मांस आपवुं, अने तेउने शिकार करवानी टेव पाडवी. लोकोये तेज प्रमाणे कर्युं. तेउ बंने पापमां आसक्त थवाथी मरीने नर्कमां गया. तेउनी उलाद सर्व हरिवंशवाली कहेवाइ. आ वंशमां वसुराजा थया. इति श्रीहरिवंशोत्पत्ति.

श्री शीतलनाथजीनुं शासन पण विछेद गयुं. तेवीज रीते पंदरमा तीर्थंकरसुधी सात तीर्थंकरोनां शासनो विछेद गयां, अने मिथ्याधर्म बहुज वृद्धि पाम्यो.

श्रीशीतलनाथ पछी सिंहपुरी नगरीमां इक्ष्वाकु वंशी विष्णु राजानी विष्णुश्री नामाराणी, तेना पुत्र श्री श्रेयांसनाथ नामना अगीआरमां तीर्थंकर थया. ते समयमां वैताढ्य पर्वतथी श्रीकंठ नामनो विद्याधरनो पुत्र, पद्मोत्तर विद्याधरनी पुत्रीनुं हरण करी पोताना बनेवी राक्षस वंशी लंकाना राजा कीर्तिधवलने शरणे गयो. कीर्तिधवले त्रणसें योजन प्रमाण वानरद्वीप तेउने रहेवाने आप्यो. तेउना संतानोमांथी चित्र विचित्र विद्याधरोये विद्याथी वानरनुं रूप बनाव्युं. वली वानर द्वीपमां रहेवाथी तथा वानरनुं रूप बनाववाथी वानरवंशी प्रसिद्ध थया. तेउनी उलादमां वाली तथा सुग्रीवादि थया छे.

श्रेयांसनाथजीना समयमां पेहेला त्रिपृष्ट नामना वासुदेव हरिवंशमां थया. तेनी उत्पत्ति आप्रमाणे– पोतनपुर नगरमां हरिवंशी जीतशत्रु नामनो राजा थयो. तेने धारणी नामा राणी हती. तेने अचल नामनो पुत्र अने मृगावती नामनी पुत्री थइ. मृगावती अत्यंत खुब सुरत हती, ते यौवनवंती थइ एटले तेना पिताये तेणीने पोतानी राणी बनावी लीधी. ते देखी लोकोये जीतशत्रु राजानुं नाम प्रजापति पाड्युं. अर्थात् पोतानी पुत्रीनो पति एवुं नाम राख्युं. तेज वखतथी वेदोमां आ श्रुति लखवामां आवी. "प्रजापति वैंस्वाडुहितरमन्यध्यायद्दिव नित्यन्य आहुपुर समित्यन्येता मृश्योभूत्वा तदसावादित्यो जवत्"॥ जावार्थः प्रजापति ब्रह्मा पोतानी पुत्री साथे विषय सेवनने प्राप्त थता हवा. जैनमतवालाउने आ अर्थथी कांइ पण हानी नथी; परंतु जे लोकोये ब्रह्माजीने वेद कर्त्ता, हिरण्यगर्जना नामथी इश्वर मानेला छे, अने आ कथाने पुराणोमां लखेली छे, तेउनी फजेती तो अवश्य बीजा मतवालाउ करशे. तेमां अमे शुं करीये? कारण के जे पुरुष पोताना हाथथी पोतानुं म्हों कालुं करे, तेने देखीने बीजाउ केम हांसी न करे? यद्यपि मीमांसाना वार्त्तिककार कुमारिले आ श्रुतिना अर्थनुं कलंक दूर करवावास्ते मनमानी कल्पना करेली छे, तथा वर्तमानमां दयानंदसरस्वति स्वामिये पण वेद श्रुतियोना कलंक

दूर करवावास्ते पोतानी बनावेली जाष्यमां अर्थोनी अत्यंत तोड फोड करेली छे, परंतु पुराणवालाउंये जे कथा लखेली ते केवी रीते छुपावी शकशे? अमारा मतमां तो वेद श्रुति अने ब्रह्मा (प्रजापति) नो अर्थ यथार्थज करेल छे. आ जीतशत्रु (प्रजापति) राजाने मृगावतीथी त्रिपृष्ट नामनो पुत्र थयो. ज्यारे त्रिपृष्ट अने अचल बंने यौवनवंत थया, त्यारे तेउंये त्रिखंडना राजा अश्वग्रीवने मारी त्रण खंडनुं राज्य कर्युं.

त्यार पछी चंपापुरीमां इक्ष्वाकुवंशी वसुपुज्य नामनो राजा थयो, तेनी ज्या नामा राणी तेनाथी श्रीवासुपुज्य नामना बारमा तीर्थंकर थया. तेमना समयमां बीजा द्विपृष्ट वासुदेव अने अचल बलदेव थया, अने तेउंना प्रतिशत्रु रावण समान तारक नामना बीजा प्रतिवासुदेव थया. आ सर्वे वासुदेव, चक्रवर्ती आदिनुं संपूर्ण वर्णन त्रेसठ शलाका पुरुष चरित्रथी जाणवुं.

त्यार पछी कपिलपुर नगरमां इक्ष्वाकुवंशी कृतवर्मा नामा राजा थया, तेनी श्यामा नामा राणीना पुत्र श्रीविमलनाथ नामना तेरमा तीर्थंकर थया. तेमना समयमां त्रीजा स्वयंजु वासुदेव, जद्र नामा बलदेव, अने मैरक नामना प्रतिवासुदेव थया.

त्यार पछी अयोध्या नगरीमां इक्ष्वाकुवंशी सिंहसेन राजा थया, तेनी सुयशा राणीना पुत्र श्री अनंतनाथ नामना चौदमा तीर्थंकर थया, तेमना समयमां चोथा पुरुषोत्तम वासुदेव, सुप्रज नामना बलदेव अने मधुकैटज नामना प्रतिवासुदेव थया.

त्यार पछी रत्नपुरी नगरीमां इक्ष्वाकुवंशी जानु नामना राजा थया, तेमनी सुव्रता नामनी राणीना पुत्र श्रीधर्मनाथ नामना पंदरमा तीर्थंकर थया. तेमना समयमां पांचमा पुरुषसिंह नामना वासुदेव, सुदर्शन नामना बलदेव, अने निशुंज नामना प्रतिवासुदेव थया. अहींआ सुधी पांच वासुदेव जे थया ते सर्वे अरिहंतना जक्त अर्थात् जैनधर्मी थया.

त्यार पछी पंदरमा धर्मनाथ अने सोलमा शांतिनाथजीना अंतरमां त्रीजा मघवा नामना चक्रवर्ती अने चोथा सनत्कुमार नामना चक्रवर्ती थया.

त्यार पछी हस्तिनापुरी नगरीमां कुरुवंशी विश्वसेन राजा तेमनी अचिरा राणीना पुत्र श्रीशांतिनाथ नामना सोलमा तीर्थंकर थया. ते प्रथ-

म गृहवासमां तो पांचमा चक्रवर्त्ती थया, पछी दीक्षा लइ केवली थइ तीर्थंकर थया.

त्यारपछी हस्तिनापुर नगरमां कुरुवंशी सूर नामना राजा थया, तेनी श्रीराणीना पुत्र श्रीकुंथुनाथ थया. प्रथम गृहस्थावासमां छठा चक्रवर्त्ती थया, पछी दीक्षा लइ सत्तरमा तीर्थंकर थया.

त्यार पछी श्रीहस्तिपुर नगरमां कुरुवंशी सुदर्शन नामना राजा थया, तेनी देवी राणीना पुत्र श्री अरनाथ थया. ते गृहस्थावासमां सातमा चक्रवर्त्ती थया, अने दीक्षा लीधा पछी अढारमा तीर्थंकर थया.

अढारमा अने उंगणीशमा तीर्थंकरना अंतरमां आठमा, कुरुवंशी सुभूम नामना चक्रवर्त्ती थया. आ सुभूमना वखतमांज परशुराम थया. ते बंनेनो संबंध जैनमतना शास्त्रोने अनुसारे लखीये छीये.

योगशास्त्रमां लख्युं छे के वसंतपुर नामना नगरमां उछन्नवंशी अर्थात् जेनो कोइ संबंधी नही, एवो अग्निक नामनो एक छोकरो हतो. एकदा अग्निक कोइ सथवारा साथे देशांतर जतां मार्गमां साथथी भूलो पडतां जंगलमां एक तापसना आश्रममां गयो. कुलपति तापसे तेने पोतानो पुत्र करी राख्यो. अनुक्रमे अग्निक अत्यंत घोर तप करी मोटो तेजस्वी थयो. जगत्मां यमदग्नि तापसना नामथी प्रसिद्ध थयो. ते अवसरे एक जैनमति विश्वानर नामनो देव तथा एक तापसोनो भक्त धन्वंतरि नामनो देव, बंने जण परस्पर विवाद करवा लाग्या. विश्वानरे कह्युं के अरिहंतनो कथन करेलो धर्म प्रमाणिक छे, धन्वंतरिये कह्युं के तापसोनो धर्म सत्य छे. बंनेना गुरुउनी परीक्षा करवी एम विश्वानरे सुचना करी. ते बंने देवोये कबुल करी. तेमां पण विश्वानरे कह्युं के जैनमतना जघन्य गुरुनी परीक्षा करवी अने तापसोना उत्कृष्ट गुरुनी परीक्षा करवी ते मारे कबुल छे. प्रथम मिथिला नगरीनो पद्मरथ राजा जे नवोज जैनधर्मी थइ भावयति थयो हतो, ते चंपानगरीमां गुरुनी पासे दीक्षा लेवा सारुं जतो हतो. तेने रस्तामां ते देवताउये दीठो. रस्तामां तेने दुःख देवावास्ते बहु कांटा कांकरा बनावी नांख्या, अने रस्ता शिवाय बीजा स्थानके बहु कीडा आदिनी उत्पत्ति करी. राजा भावयति होवाथी शुद्ध भाव पूर्वक, कोमल उघाडा पगे कांटा कांकरा उपर चाल्यो जाय

छे. पगमांथी रुधिरनी धारा बुटे छे, तोपण जीववाळी जूमि उपर पग मुकतो नथी. ते वखते देवताउंये गीत नाटकनो बहु मोहक प्रारंज कर्यो, तो पण राजा क्षोजायमान थयो नही; तेथी बंने देवताउं सिद्ध पुत्रोनुं रूप करी राजाने कहेवा लाग्या, हे महाजाग! तमारुं आयुष्य हजु लांबुं छे. तेथी स्वछंद जोग विलास करो, कारण के यौवनमां तप करवो ते वास्तविक नथी. ज्यारे वृद्ध थाउं, त्यारे दीक्षा लेजो. आ वात सांजली राजाए कह्युं के जो मारुं आयुष्य लांबु छे, तो हुं बहुज धर्म करीश. कारण के पाणी जेटलुं उंडुं होय छे, तेटलीज कमलनी नाल पण वधी जाय छे, वळी यौवनमां इंद्रियोनो जय करवो, तेज खरो तप छे. हवे बंने देवताउंने खातरी थइ के आ राजा तो कदापि चलायमान थाय तेवो नथी. पछी बंने देवताउं सर्वथी उत्कृष्ट जमदग्नि तापस पासे तेनी परीक्षा करवा आव्या. तेउंए, जेनी वडवृक्षनी जटानी जेम, धरतीनी साथे जटा लागी रही छे, तथा जेना पगोमां सर्प्पनी बंबीउं बनी गइ छे, एवी स्थितिमां जमदग्नि तापसने दीठो. हवे बंने देवताउं देवमायाथी जमदग्निनी दाढीमां माळो बनावी, चकला, चकली बनी, बंने जणा माळामां बेठा. पछी चकलो चकलीने कहेवा लाग्यो के हुं हिमवंत पर्वत उपर जइश. चकलीए कह्युं के हुं तने कदापि नहि जवा दउं, कारण के तुं त्यां जइ कदाच कोइ चकलीमां आसक्त थइ जाय तो मारा शुं हाल थाय? चकलाए कह्युं के जो हुं फरीने पाछो न आवुं तो मने गौहत्यानुं पाप लागे. चकलीए कह्युं के हुं आ तारा सोगनने मानती नथी, जे हुं सोगन आपुं ते तुं कबुल करे, तो हुं तने जवा दउं. चकलाए कह्युं जले तुं जे सोगन आपवानी होय ते कही दे? चकलीए कह्युं के जो तुं कोइ चकलीनी साथे यारी करे तो, आ जमदग्नि तापसनुं जे पाप छे ते तने लागे एम सोगन खा. चकला चकलीना आ वचन सांजळी जमदग्निने क्रोध उत्पन्न थयो, अने बंने हाथवती चकला चकलीने पकडी लीधा, अने तेउंने कहेवा लाग्यो के हुं पापनो अत्यंत नाश करनार एवो महा डुष्कर तप करुं छुं, छतां हवे मारे एवुं कयुं पाप बाकी रही गयुं छे के जेथी तमे मने पापी ठरावो छो? चकलाए कह्युं हे रुषि! तुं अमारा उपर गुस्सो कर नही; कारण के अमे

असत्य बोल बोलता नथी, वली तने जे तारा तपनुं अभिमान छे, ते तारो तप निष्फल छे, कारण के तमारा शास्त्रमां लख्युं छे के "अपुत्रस्य गतिर्नास्ति" अर्थात् पुत्र रहितनी गति नथी, आ शुं तें शास्त्रमां सांभळ्युं नथी? तो जेनी शुभगति न थइ तेनाथी अधिक पापी कोण छे? हवे जमदग्निए विचार कर्यो के अमारा शास्त्रमां तो जेम चकलाए कह्युं तेमज छे. तेथी फरी मनमां विचार आव्यो के, ज्यारे मारे स्त्री अने पुत्र नथी, त्यारे मारो सर्व तप एवो छे के, जेम पाणीना प्रवाहमां मुतरवुं, तेवो छे. हवे जमदग्निने मनमां स्त्रीनी चाहना थइ. आ प्रमाणे देखी ध्वनंतरि देवता जैन धर्मी थयो. बंने देवताओ त्यांथी अदृश्य थइ गया. जमदग्नि त्यांथी उठी नेमिककोष्टक नगगरमां जीतशत्रु राजा पासे गयो. राजाने बहु पुत्रीओ हती, तेथी तेनी एक पुत्री मागुं, एवो विचार कर्यो. राजा पण रुषिने देखी आसनथी उठी बे हाथ जोडी प्रणाम करी कहेवा लाग्यो के आप शा वास्ते अत्रे पधार्या छो? मने आदेश करो? आपनुं जे काम होय ते हुं करीश. जमदग्निए कह्युं, हुं तारी पासे तारी एक कन्या मांगवा आव्यो छुं. राजाए कह्युं, मारे (१००) सो पुत्रीओ छे, तेमांथी जे तमारी चाहना करे, ते तमे सुखे लइ जाओ. जमदग्नि कन्याओना मेहेलमां गया; अने कहेवा लाग्या के तमारामांथी जेने मारी धर्मपत्नी थवुं होय ते कही द्यो. ते राजपुत्रीओए जटावाला, ताल पडेला तथा धोला केशवाला, दुर्बल अने भीख मांगी खानारा जमदग्निने दीठो, अने तेनुं आ वचन सांभळ्युं, त्यारे सर्वे तेनी उपर थुंकवा लागी, अने कहेवा लागी के आवी वात करतां तने लज्जा आवती नथी? तेओना अपमानथी जमदग्निने क्रोध चढ्यो, अने विद्याना प्रभावथी ते राजपुत्रीओने महा कुरुपवान् बनावी दीधी, अने पोते त्यांथी निकळी मेहेलोना आंगणामां आव्या; त्यां राजानी नानी पुत्री रेतीना ढगलामां रमती हती, तेने, हाथमां बिजोरानुं फल लइ कहेवा लाग्यो के हे रेणुका! तुं मने वांछे छे? ते बालिकाए बिजोरुं देखी हाथ पसार्यो, तेथी रुषिए कह्युं के आ मने वांछे छे, एम कही मुनिए तेने लइ लीधी. राजाए केटलीक गाय तथा धन आपी पुत्रीनो विवाह तेनी साथे विधि पुर्वक कर्यो. पछी जमदग्निए पोतानी सर्वे सालीओने

स्नेहथी रूपाळी करी, अने रेणुकाने लइ पोताना आश्रममां आव्या. ते मुग्धा, मधुर आकृति, हरिणाक्षीने प्रेमथी वृद्धि पमाडता हवा. आंगळीउ उपर दिवस गणतां अनुक्रमे ज्यारे रेणुका सुंदर यौवन रूप कामलीलायुक्त वनने प्राप्त थइ, त्यारे, जमदग्निए अग्निनी साक्षीए रेणुकानी साथे फरी लग्न कर्युं, ज्यारे रेणुका रुतुकालने प्राप्त थइ, त्यारे जमदग्नि कहेवा लाग्या के हे प्रिये! हुं तारा वास्ते चरु साधुं छुं. "चरु ते होममां नाखवानी वस्तुउ कहेवाय छे" जेना प्रतापथी सर्व ब्राह्मणोमां उत्तम प्रतापवालो तने एक पुत्र थशे. रेणुकाए कह्युं हस्तिनापुरमां कुरुवंशी अनंतवीर्य राजानी साथे मारी एक बेहेन परणावी छे. तेने वास्ते एक क्षत्रीय चरु पण साधो, पछी जमदग्निए ब्राह्मण चरु पोतानी भार्या वास्ते, अने क्षत्रिय चरु पोतानी भार्यानी बेहेन वास्ते सिद्ध कर्यो. हवे रेणुकाए मनमां विचार कर्यो के हुं जेम अटवीमां हरणीनी जेम रहुं छुं तेम, मारो पुत्र पण जंगलोमां तेवीज रीते रहेशे, तेथी क्षत्रिय चरु जो हुं भक्षण करुं तो मने राजपुत्र थाय, जेथी जंगलवासथी छुटे, एवो विचार करी क्षत्रिय चरु पोते खाइ लीधो, अने ब्राह्मण चरु पोतानी बेहेनने खवराव्यो. बंनेने पुत्रो प्रसव्या. रेणुकाए जे पुत्र प्रसव्यो तेनुं नाम राम पाड्युं, अने तेनी बेहेननां पुत्रनुं नाम कृतवीर्य पाड्युं. अनुक्रमे बंने मोटा थया. राम आश्रममां मोटो थयो, कृतवीर्य राजमेहेलोमां मोटो थयो. राम क्षत्रिय तेज देखाडवा लाग्यो. अन्यदा एक विद्याधर अतिसार रोगवालो ते आश्रममां आवी पहोंच्यो, अतिसारना कारणथी आकाशगामिनी विद्या भूली गयो. ते मांदा विद्याधरनी रामे औषध, पथ्यादिथी भाइनी जेम आसना वासना करी. विद्याधरे संतुष्ट थइ रामने परशुविद्या आपी. राम पण सरकडाना वनमां जइ ते विद्या सिद्ध करवा लाग्यो. ते विद्याना प्रभावथी राम जगत्‌मां परशुराम नामथी प्रसिद्ध थयो. एकदा रेणुका, जमदग्निनी आज्ञा लइ उत्कंठाथी पोतानी बेहेनने मलवावास्ते हस्तिनापुरमां गइ. रेणुकाने पोतानी साली जाणी अनंतवीर्य राजा मश्करी करवा लाग्यो. अनुक्रमे कामासक्त थवाथी निरंकुश थइ रेणुका साथे विषय सेवन करवा लाग्यो. अनंतवीर्यना भोगथी रेणुकाने एक पुत्र थयो, छतां विषयमां अ-

तिलुब्ध एवो जमदग्नि, दोष तरफ बिलकुल दृष्टि नहि करतां रेणुकाने पुत्र सहित पोताना आश्रममां लाव्यो. ज्यारे परशुरामे पोतानी माताने पुत्र सहित दीठी, त्यारे अत्यंत क्रोधमां आवी परशुथी पोतानी माता तथा ते छोकराना मस्तक कापी नांख्यां. ज्यारे आ वृत्तांत अनंतवीर्य राजाना जाणवामां आव्यो, त्यारे क्रोध युक्त, फोज साथे आवी जमदग्निनुं आश्रम बाली जस्म कर्युं, सर्वे तापसोने त्रास पमाड्यो. तापसोये जागतां जागतां जे रोलो कर्यो ते परशुरामे सांजल्यो; सर्व वृत्तांत जाणवामां आवतां परशुराम, राजानी सेना उपर परशु लइ चडी आव्यो. परशुथी राजाने तथा तेनी सेनाना सर्वे सुजटोने काष्टनी जेम चीरी नाख्या. पछी पोताना आश्रममां चाल्यो गयो. हस्तिनापुरमां प्रधान राजपुरुषोये कृतवीर्यने राज्यसिंहासन उपर बेसाड्यो. कृतवीर्य उमरमां नानो हतो. एक दिवस पोतानी माताना मुखथी पोताना पिताना मोतनुं वृत्तांत सांजली क्रोधयुक्त थइ, जमदग्निने आश्रममां आवी मारी नांख्यो. परशुराम पितानो वध सांजली क्रोधमां जाज्वल्यमान थइ हस्तिनापुर आवी कृतवीर्यने मारीने पोते राज्यसिंहासन उपर चडी बेठो, कारण के राज्य पराक्रमने आधीन छे. हवे कृतवीर्यनी तारा नामा गर्जवती राणी परशुरामना जयथी जागीने कोइ जंगलमां तापसोना आश्रममां गइ. तापसोये दयाथी ते राणीने पोताना मठना जोंयरामां निधाननी जेम गुप्त राखी. राणीये चौद स्वप्न सुचित पुत्रने जन्म आप्यो. तेनुं नाम सुजूम राख्युं. हवे परशुराम ज्यां ज्यां क्षत्रियनो योग मले त्यां त्यां तेनो कुहाडो जाज्वल्यमान थतो होवाथी दरेक क्षत्रियनो शिरछेद करतो. अन्यदा तारा राणी ज्यां गुप्तपणे पुत्रसहित रहेली हती त्यां परशुराम आव्यो. परशुरामनी परशु जाज्वल्यमान थइ. परशुरामे तापसोने पुछ्युं, अहींआ कोइ क्षत्रिय छे? तापसोये कह्युं अमे गृहस्थावासमां क्षत्रियो हता. ते सांजली परशुरामे तापसोनो आश्रम तजी दीधो. आखर सर्व क्षत्रियोने छोडी सातवार निःक्षत्रिय पृथ्वी करी. जेम अग्नि पर्वत उपर घासने बाकी राखती नथी, तेम परशुरामे जे जे क्षत्रिय राजाप्रमुख प्रसिद्ध हता, ते सर्वेने मारी, तेउनी दाढाथी एक थाल जर्यो. हवे परशुरामे गुप्तपणे निमित्तियाउने पुछ्युं के मारुं मोत कोना हाथथी थशे? निमित्तियाउये क-

परंतु तमारा स्नेहथी तमारी पासे रहेवा इछु छुं. कृष्णे कह्युं के हे जाइ! तमो अत्रे रहेवा छतां पण, मारे करेला कर्मनुं फल तो अवश्य जोगववानुंज छे, परंतु मने आ दुःखथी ते दुःख बहुज अधिक लागे छे केः– हुं, द्वारिका तथा सकल परिवार दग्ध थइ जवाथी एकलो कोशंबी वनमां जरा कुमारना तीरथी मृत्यु पाम्यो, जेथी मारा शत्रुउने सुख अने मारा मित्रोने दुःख थयुं. जगत्मां सर्व यदुवंश बदनाम थयो. ते कारणथी हे जाइ! तमो जरतखंडमां जइ चक्र, शारंग, शंख, तथा गदा धारण करनारुं, पीला वस्त्रवालुं, अने गरुडनी ध्वजावालुं, मारुं रूप बनावी, विमानमां बेसी, लोकोने ते प्रमाणे बतावो, तथा नील वस्त्रवालुं तालध्वज, हल, मुशल, शस्त्रने धारण करेलुं एवुं तमारुं रूप पण विमानमां बेसी लोकोने बतावो, अने सर्व जगोए लोकोने कहो के, राम कृष्ण एवा अमे वंने अविनाशी छइए, तथा स्वेछाविहारी छइए. ज्यारे लोकोने आ सत्य प्रतीत थइ जशे, त्यारे अमारो सर्व अपयश दूर थइ जशे. श्री कृष्णनुं पूर्वोक्त सर्व कथन श्री वलजद्रजीए स्विकारी लीधुं. वलजद्रजी जरतखंडमां आवी कृष्ण वलजद्रनुं रूप करी सर्व जगोए विमानमां वेसी, लोकोने कहेवा लाग्या के, हे लोको! तमे कृष्ण बलजद्रनी अर्थात् अमो वंनेनी सुंदर प्रतिमा बनावी, इश्वरनी बुद्धिथी, अति आदर सत्कारथी, तेनी पूजा जक्ति करो? कारण के अमेज जगतूना रचनारा छइए, अने स्थिति, संहार करनारा पण अमेज छइए. अमे पोतानी इछा पूर्वक स्वर्ग (वैकुंठ) मांथी चाल्या आवीए छइए, अने फरी अमारी इछा प्रमाणे स्वर्गमां जइए छीए. द्वारिकानी रचना अमेज करी हती, अने अमेज द्वारिकानो संहार कर्यो छे, कारण के ज्यारे अमे वैकुंठमां जवानी इछा करीए छीए, त्यारे द्वारिका सहित पोतानो सर्व वंश नाश करी चाल्या जइए छीए. अमारी उपरांत बीजो कोइ कर्त्ता हर्त्ता नथी. आ प्रमाणे बलजद्रजीनुं कहेवुं सांजली सर्व नगर तथा गामोना लोको, कृष्ण वलजद्रजीनी प्रतिमा, सर्व जगोए बनावी पूजवा लाग्या. जेथी बलजद्रजी प्रतिमा पूजनाराउने धन, धान्यादि अनेक वस्तुउनो लाज आपी सुखी करता हता. तेज कारणथी बहु लोको हरिजक्त थइ गया. ज्यारथी तेउ जक्त थया त्यारथी पुस्तको बनावी कृ-

ष्णजीने पूर्णब्रह्म परमात्मा इश्वरादि अनेक नामोथी लखी तेमनी स्तुति करवा लाग्या. ज्यारथी बलजद्रजीए कृष्णनी पूजा करावी, त्यारथीज लोकोए कृष्णनो इश्वरावतार मान्यो होय, एम केम न होय? लौकिक शास्त्रोमां कृष्णने थयाने पांच हजार वर्ष थयां छे, अने उपर मुजबना वृत्तांतने पण पांच हजार वर्ष थयां छे. ते बंने तपासतां उपर मुजब बन्यानी हकीकत साची साबीत थाय छे.

बावीसमा अने त्रेवीसमा तीर्थंकरना अंतरमां बारमा ब्रह्मदत्त नामना चक्रवर्ती थया. त्यार पछी वाणारसी नगरीमां इक्ष्वाकु वंशी अश्वसेन राजा थया. तेनी वामा राणीना पुत्र श्री पार्श्वनाथ नामना त्रेवीसमां तीर्थंकर थया.

त्यार पछी क्षत्रियकुंड नगरमां इक्ष्वाकुवंशी सिद्धार्थ नामना राजानी त्रिसला राणीना पुत्र श्री वर्द्धमान ( महावीर ) स्वामि चोवीसमां चरम तीर्थंकर थया. जरतखंडमां वर्त्तमानमां जैनमत जे प्रचलित छे, ते महावीरस्वामिना शासनथीज चाले छे, अने जे शास्त्रो रचायेलां छे, ते सर्वे तेमना उपदेश अनुसारेज रचायेलां छे. श्री महावीरस्वामिनुं सर्व वृत्तांत जोवुं होय तो आवश्यकसूत्रवृत्ति, कल्पसूत्रवृत्ति तथा महावीरचरित्रादि ग्रंथोथी अवलोकन करवुं.

इति श्री तपगछीय मुनि श्री गणि मणिविजय तछिष्य मुनि बुद्धिविजय तछिष्य मुनि आत्माराम आनंदविजय विरचिते जैनतत्त्वादर्शे श्री रीषजादि महावीर पर्यंत पूर्ववृतांतनिरुपणनाम एकादश परिछेदः समाप्तः ॥ ११ ॥

---

## ॥ अथ द्वादश परिछेद प्रारंजः ॥

आ परिछेदमां श्री महावीर स्वामिथी वर्त्तमान समय सुधिनुं वृत्तांत लखीए छीए. श्री महावीर जगवानना अग्यार शिष्य मुख्य हता. सर्व साधु शिष्यो चौद हजार हता. तेउमां ११ मुख्य हता. तेमना नाम. १ इंद्र जूति, ( गौतमस्वामि ) २ अग्निजूति, ३ वायूजूति, ४ व्यक्तस्वामि, ५ सुधर्मास्वामि, ६ मंडितपुत्र, ७ मौर्यपुत्र, ८ अवकंपित, ९ अचलजाता, १० मैतार्य. श्री जगवानथी दीक्षित, छत्रीश हजार साध्वीउ थइ.

श्री ज्ञगवंतना अनेक राजाउ ज्ञक्त ( सेवक ) हता, जेउं श्रावक हता, तेउं मध्येथी केटलाएकना नाम, श्रेणिक राजा, उदायन, कोणिक, उदायी, वत्सदेशना उदायन, चेटक, नवमल्लिकक्षत्रिय जाति, नवलेछिक क्षत्रियजाति, चंड्प्रद्योत, श्वेतराजा, विजयराजा, नंदिवर्द्धन राजा, हस्तिपालराजा. इत्यादि. सामान्य गृहस्थो आनंद, कामदेव, शंख, पुष्कली प्रमुख श्रावको, तथा जयंती, रेवती, सुलसा प्रमुख श्राविकाउं लाखो हती. श्रावक समुदायमां एक श्रावक सत्यकी नामनो अविरति सम्यग्दृष्टि हतो. तेनुं चरित्र आवश्यक शास्त्रमां नीचे प्रमाणे लखेल छे.

विशाला नगरीमां चेटक राजानी पुत्री सुज्येष्टा नामनी हती; तेणीये कुमारी अवस्थामां दीक्षा लीधी हती, अर्थात् साध्वी थइ हती. ते एकदा उपाश्रयनी अंदर सूर्यनी सन्मुख आतापना लेती दती, ते अवसरे पेढाल नामनो परिव्राजक ( संन्यासी ) विद्यासिद्ध हतो, ते पोतानी विद्यानुं दान करवावास्ते पात्र पुरुषनी तपास करतो हतो. विचार एवो हतो के, जो ब्रह्मचारिणीनो पुत्र होय तो दान आपवाने उत्तम पात्र गणाय. हवे ते संन्यासीये एकदा रात्रिये सुज्येष्टाने नग्नपणे शीतनी आतापना लेती दीठी, ते समये धुंध विद्याथी अंधारामां तेणीने अचेत करी तेणीनी योनिमां पोताना वीर्यनो संचार कर्यो. ते अवसरे सुज्येष्टा ऋतुधर्मने प्राप्त थइ हती, तेथी तेणीने गर्ज रह्यो. हवे साध्वीउंना समुदायमां गर्जनी चर्चा थवा लागी, परंतु अतिशय ज्ञानीये कह्युं के सुज्येष्टायें कोइनी साथे विषयसेवन करेल नथी, अने विद्याधर संबंधी सर्व वृत्तांत कह्यो, जेथी सर्वेनी शंका दूर थइ गइ. योग्य समये सुज्येष्टाने पुत्र थयो, ते पुत्रने श्रावकोये पोताने घेर पाली मोटो कर्यो, तेनुं नाम सत्यकी पाड्युं. एकदा सत्यकी, साधवीउंनी साथे श्री महावीर ज्ञगवानना समवसरणमां गयो हतो, ते अवसरे कालसंदीपक नामनो एक विद्याधर श्री महावीरस्वामिने नमस्कार करी पुछवा लाग्यो के हे ज्ञगवन् मने कोनाथी ज्ञय छे? ज्ञगवंते कह्युं के आ सत्यकी नामना छोकराथी, तने ज्ञय छे. ते सांज्ञली एकदा कालसंदीपक सत्यकीनीपासे गयो, तेनी अवज्ञा करी कहेवा लाग्यो के शुं तुं मने मारीश ? एम कही जोरावरीथी सत्यकीने पोताना पग वच्चे नाख्यो, ते समये तेनो पिता पेढाल आवी पहोंचवाथी तेनुं संरक्षण

कर्युं. पछी पेढाले पोतानी सर्व विद्या सत्यकीने आपी. सत्यकी महारोहिणी विद्यानुं साधन करतो हतो. सत्यकीनो रोहिणी विद्या साधन करवानो आ सातमो भव हतो. रोहिणी विद्या साधतां सत्यकीनो जीव पांच भवसुधी जीव ( प्राण ) थी मार्यो गयो. छठा भवमां पोतानुं आयुष्य छ महिना बाकी रहेते छते रोहिणी विद्या साधवानी इच्छा थवाथी ते इच्छा पार पाडवानो आरंभ कर्यो नहि; परंतु आ सातमां भवमां रोहिणी विद्या साधवानो आरंभ कर्यो. तेनी विधि लखीये छीये.

अनाथ मृतक मनुष्यने चितामां सलगावे, अने आला चामडाने शरीर उपर लपेटी डाबा पगना अंगुठा उपरज उभा रही ज्यांसुधी ते चितामां काष्ठ सलग्या करे त्यांसुधी मंत्रनो जाप करे. आ विधि प्रमाणे सत्यकी विद्या साधतो हतो. ते वखते कालसंदीपक विद्याधर पण त्यां आवी पहोंच्यो. तेणे चितामां लाकडां नाखी सात दिवससुधी अग्नि बुझावा दीधो नहि. जेथी सत्यकीनी दृढता देखी रोहिणी देवी साक्षात् प्रगट थइ, कालसंदीपकने कहेवा लागी के तुं विघ्न कर नहि? कारण के हुं सत्यकी उपर तुष्टमान थइ सिद्ध थयेली छुं. रोहिणी देवीये तत्काल सत्यकीने कह्युं के हे सत्यकी ! तारा शरीरमां हुं कये रस्तेथी प्रवेश करुं? सत्यकीये कह्युं, मस्तक उपरथी प्रवेश कर? रोहिणीये मस्तकने रस्तेथी प्रवेश कर्यो, जेथी सत्यकीने मस्तकमां खाडो पडी गयो. देवीये तुष्टमान थइ मस्तकना खाडानी जगाये त्रीजा नेत्रनो आकार बनाव्यो. हवे सत्यकी त्रण नेत्रवालो प्रसिद्ध थयो. एकदा सत्यकीये वीचार कर्यो के पेढाले मारी माता, जे राजानी कुमारी कन्या हती तेने बगाडेली छे, तेथी तेने शिक्षा करवी जोइये, एम निश्चय करी, तेणे पोताना पिता पेढालने मारी नांख्यो. जेथी लोकोये सत्यकीनुं नाम रुद्र ( भयानक ) पाडी दीधुं, कारण के जेणे पोताना पिताने मारी नांख्यो, तेना करतां बीजो कोण वधारे भयानक कहेवाय? हवे सत्यकीये विचार कर्यो के कालसंदीपक मारो दुश्मन छे, ते क्यां छे? ज्यारे सांभलवामां आव्युं के ते अमुक जगाये छे, त्यारे ते तेनी पासे पहोंच्यो. कालसंदीपक तेने देखी भाग्यो, सत्यकीये तेनी पूंछ पकडी. कालसंदीपक नीचे उंचे, ज्यां त्यां भागतो रह्यो, परंतु सत्यकीये तेनो पीछो मुक्यो नहि. अनुक्रमे कालसंदीपके स-

त्यकीने ज्ञूल थापमां पाडवावास्ते त्रण नगर बनाव्यां, सत्यकीये विद्याथी त्रणे नगरने सलगावी दीधां. ढेवटे कालसंदीपक नासीने लवण समुद्रना पाताल कलशामां चाल्यो गयो. सत्यकीये त्यां जइ कालसंदीपकने मारी नांख्यो. पढी सत्यकी विद्याधर चक्रवर्ती थयो. त्रण संध्यासमये सर्व तीर्थंकरोने वंदना करी नाटक करतो हवो. जेथी इंद्रे सत्यकीनुं नाम महेश्वर पाड्युं. महेश्वर ( सत्यकी ) ने बे शिष्यो थया. एक नंदीश्वर, बीजो नादीया. नादीयाने विद्याना बलथी बलद बनावी लेवामां आवतो, अने तेना उपर बेसी महेश्वर अनेक क्रीडा, कुतुहल करतो हतो. महेश्वर श्रीमहावीर ज्ञगवंतनो अविरति सम्यग्दृष्टि श्रावक हतो, परंतु अत्यंत कामी हतो, अने ब्राह्मणोनी साथे तेने बहुज वेर हतुं, तेथी विद्याना बलथी तेणे सेंकडो ब्राह्मणोनी कुमारी कन्याउंने विषयसेवन करी बगाडी हती. अनुक्रमे बीजा लोकोनी तथा राजा प्रमुखथी वहु तथा पुत्रीउंनी साथे ते विषय सेवन करवा लाग्यो, परंतु तेनी विद्याना ज्ञयथी कोइ तेने कांइ पण कही शकतुं नहोतुं. जे कोइ तेनी आडे आवतो, ते मार्यो जातो हतो. महेश्वरे विद्याना बलथी एक पुष्पक नामनुं विमान बनाव्युं, तेमां बेसी पोतानी इच्छा मुजब फरतो हतो. ए प्रमाणे तेनो काल व्यतीत थतो हतो. एकदा महेश्वर उज्जयनी नगरीमां आव्यो. त्यां चंद्रप्रद्योत राजानी शिवा नामनी राणी शिवाय बीजी सर्वे राणीउंनी साथे तेणे विषय ज्ञोग कर्यो. बीजा लोकोनी वहु, पुत्रीउं प्रमुखने पण बगाडवा लाग्यो; जेथी चंद्रप्रद्योतने अत्यंत चिंता थवा लागी. तेणे विचार कर्यो के एवो कोइ उपाय करीये के जेथी महेश्वरनो विनाश थइ जाय; तेनी विद्याने लीधे कांइ पण उपाय चाल्यो नहि. हवे ते नगरमां उमा नामनी एक अत्यंत रुपवंत वेश्या रहेती हती. तेनो एवो नियम हतो के जे कोइ तेने अमुक संख्यानुं धन आपे, ते तेनी साथे विषय सेवन करे. एकदा महेश्वर ते वेश्याने घेर गयो. वेश्याये तेने आदर सत्कार करी तेनी सन्मुख बे फूलो राख्यां, एक खिलेलुं, अने बीजुं खिल्याविनानुं. महेश्वरे खिलेला फूल तरफ पोतानो हाथ पसार्यो, त्यारे उमाये खिल्या वगरनुं फूल महेश्वरना हाथमां आप्युं, अने कह्युं के आ फूल ( कमल ) तमारा योग्य ढे. महेश्वरे पुछ्युं के आ कमल मारा योग्य केम ? त्यारे उमाये कह्युं के आ

खिल्याविनाना कमल समान कुमारी कन्या छे, जे तमने भोग करवा-वास्ते वल्लभ छे, अने हुं तो खिलेला फूल समान छुं. महेश्वरे कह्युं के तुं पण मने अति वल्लभ छो. ए प्रमाणे वार्तालाप करी बंन्ने जणाउं विषयमां आसक्त थयां. महेश्वर उमाना हावभावथी तेनेज घेर रहेवा लाग्यो. उमाये महेश्वरने पोताने आधीन करी लीधो, जेथी उमानुं वचन महेश्वर उल्लंघन करी शकतो नहोतो. ए प्रमाणे केटलोएक काल व्यतीत थयो, त्यारे चंडप्रद्योते उमाने बोलावी बहुज आदर सत्कार तथा धन आपी कह्युं के तुं महेश्वरने आ वात पुछ? के एवो कोइ समय छे, के जे वखते तमारी पासे कांइ पण विद्या रहेती नथी? उमाये युक्तिपूर्वक पूछी कहेवानुं वचन आप्युं. हवे उमाये महेश्वरने पुछ्युं हे स्वामि! मने एक जातनी बहुज बीक छे. आपनी विद्या कोइ वखते जती रहे छे के केम? तेनो खुलासो करो, जेथी मने निरांत थाय. महेश्वरे कह्युं हे वल्लभे! तुं विचार कर नहि. मारी विद्या जती नथी. मात्र ज्यारे हुं मैथुन सेवन करुं छुं, त्यारे मारी पासे कांइ पण विद्या रहेती नथी, अर्थात् ते वखते मारी विद्या चालती नथी. हवे उमाये महेश्वरनी सर्व बिना चंडप्रद्योतने कही दीधी, जेथी चंडप्रद्योते उमाने कह्युं के अमारो महेश्वरने मारवानो विचार छे, जेथी तारी साथे ते भोग भोगवतो होय, अने तेने मारीये एवी गोठवण कर. उमाये कह्युं के मने मारवी नहि. राजाये कह्युं के बहु सारुं. पछी युक्ति प्रमाणे चंडप्रद्योते उमाना घरमां सुभटोने गुप्त राख्या. ज्यारे महेश्वर उमानी साथे विषय सेवनमां मग्न थइ बंनेना शरीरो परस्पर एक शरीरवत् थइ गयां, त्यारे राजाना सुभटोये बंनेने कापी नांख्या, अने नगरनो उपद्रव दूर कर्यो. हवे महेश्वरनी सर्वे विद्याउंये महेश्वरना शिष्य नंदीश्वरने पोतानो अधिष्ठाता बनाव्यो. ज्यारे नंदीश्वरे पोताना गुरुने उपर मुजब विटंबनाथी मार्यानी वात सांभली, त्यारे विद्याथी उज्जयनी उपर शिला विकुर्वी; अने कहेवा लाग्यो के हे मारा दासो! हवे तमे क्यां जशो? हुं सर्वेने चूर्ण करी नाखुं छुं. हुं सर्व शक्तिमान् इश्वर छुं. कोइनो मार्यो मरतो नथी. हुं सदा अविनाशी छुं. आ भयानक वचनोथी लोको बहुज डरवा लाग्या, सर्वे लोको विनंति करी पगे पडवा लाग्या, तथा सर्वेंये कह्युं के अमारा अपराध क्षमा करो. नंदी

श्वरे कह्युं के तमे तेज अवस्थामां अर्थात् उमाना जगमां महेश्वरनुं लिंग स्थापन करी पूजा करो, तोज हुं तमोने जीवता छोडुं. लोकोये तेज प्रमाणे अंगीकार करी पुजा करवी शरु करी. नंदीश्वरे तेज प्रमाणे अनेक गाम, नगरोमां लोकोने डरावी मंदिरो बंधाव्यां, तेमां पूर्वोक्त आकारे जगमां लिंग स्थापन करी पूजा करावी, आ श्रीमहावीरना अविरती सम्यग्दृष्टि श्रावक महेश्वरनी उत्पत्ति छे.

श्री महावीर स्वामिना समयमां राजगृह नगरमां श्रेणिक राजानी चेलणा राणीने कोणिक नामनो पुत्र थयो. कोणिकने तेना पिता श्रेणिकनी साथे पूर्व जन्मनुं वेर हतुं, तेथी कोणिक मोटो थतां तेणे श्रेणिकने गादीउपरथी उठाडी, पकडीने पांजरामां केद कर्यो; अने राज्यगादी उपर पोते बेठो. एकदा पोतानी माता चेलणाए प्रसंगवशात् कोणिकने कह्युं के तुं तारा पिताने जेवो वहालो हतो, तेवो कोइ पण बीजो पुत्र वहालो न होतो, कारण के ज्यारे तुं बालक हतो, त्यारे तारी आंगली पाकी हती, जेथी तने रात्रिए बिलकुल निद्रा आवती न होती, अने आखी रात तुं रोया करतो हतो. ते वखते तारा पिता तारी आंगलीने पोताना मुखमां लइ तने आराम थवा माटे ते पाकेली आंगलीनुं रुधिर तथा परु चुसी, थुकी काढता हता; इत्यादि अनेक प्रकारथी तारा पिताये तारी उपर स्नेह करेल छे, अने तें तो पूर्वना उपकारनो बदलो तेने पांजरामां घाली केद राखवारुप करेलो छे. माटे वाह ! पुत्र ! तारी लायकी केटली कहुं ? माताना आ प्रमाणेना वचनो सांभली कोणिक बहुज दुःखी थयो, अने पोताथी थयेला अकार्यने माटे रोवा लाग्यो, अने विचार कर्यो के हुं पोतेज जइ पिताश्रीने मारा हाथथी पांजरामांथी कहाडी राज्य सिंहासन उपर बेसाडुं. एवा निश्चयथी कुहाडो लइ दोडतो पितानी पासे आव्यो. श्रेणिके विचार कर्यो के कोणिक कुहाडो लइ दोडतो मारी उपर आवे छे, जेथी आजे मने केवी रीते कमोतथी मारशे ? एवा भयथी श्रेणिक कांइक खाइने मरी गया. ज्यारे कोणिके पोताना पिताने मरी गयेला दीठा त्यारे ते बहुज रोयो तथा कुटवा लाग्यो, अने अत्यंत शोकमां निमग्न थयो. ज्यारे राजगृहनी बहार तथा अंदर श्रेणिकना राजमेहेलो तथा सिंहासनादि देखतो, त्यारे ते अत्यंत दिलगीर थतो.

आ दुःखथी राजगृह नगर छोडी तेणे चंपानगरी पोतानी राज्यधानी बनावी, अने त्यां रहेवा लाग्यो; तो पण पितानी सेवा माराथी थइ नहि अने पितानुं अकार्यथी मोत थयुं. एवा वारंवार विचार आववाथी ते बहुज दुःखमां रहेवा लाग्यो. पछी मंत्रीउए एकमत करी प्रछन्नपणे एक पुस्तक बनाव्युं, तेमां एवुं कथन लखाव्युं के, जे पुत्र पोताना मरण पामेला पिताने वास्ते, पिंडप्रदान, वस्त्रजोड, आनूषण, शय्या प्रमुख ब्राह्मणोने आपे छे, ते सर्व श्राद्धादि सामग्री तेना पिताने प्राप्त थाय छे. आ पुस्तकने धुमाडावाला मकानमां राखी धुमाडाथी प्राचीन (जुना) पुस्तकजेवुं बनावी दीधुं. पछी आ पुस्तक कोणिक राजाने संन्नलाव्युं. कोणिके पण पितानी न्नक्ति वास्ते पिंडप्रदानादिमां बहुज धन वापर्युं. त्यारथीज मरीगयेला पाछल पिंडप्रदान श्राद्धादि प्रवृत्त थयेल छे. जगत्मां पण प्रसिद्ध छे के कर्ण राजाये श्राद्ध चलावेल छे, ते आज कोणिक राजानुं नाम लोकोए कर्ण राजा करी लखी दीधुं छे.

हवे प्रयाग तीर्थनी उत्पत्ति लखीए छीए. अन्निकासुत जैनाचार्य अत्यंत वृद्ध थइ जतां, गंगानदी उतरतां केवलज्ञान पाम्या, अने ज्यां प्रयाग छे, त्यां पोतानुं शरीर छोडी मुक्ति पाम्या, ते स्थले देवताउए मुनिनो निर्वाण महोत्सव कर्यो, त्यारथी प्रयाग तीर्थनो महिमा थयो. महावीर स्वामिना वखतमां जे राजा प्रमुख तथा व्यवहारादिनुं स्वरुप हतुं, तथा जैनमतनो विस्तार हतो ते सर्वनुं स्वरूप आवश्यकसूत्र, वीरचरित्र, अने वृहत्कल्पादि शास्त्रोथी जाणवुं.

श्री महावीर स्वामिना समयमां राजगृह नगरमां श्रेणिक राजा थया. तेनी पाछल कोणिक, श्रेणिकना मरण पछी कोणिके चंपानगरी वसावी, आ अधिकार पूर्वे कह्यो; हवे कोणिकना मरण पछी तेनो पुत्र उदायी राजा थयो, ते कोणिकनी पाछल तेना मरण पछी उदास थवाथी चंपा छोडी पाडलीपुत्र ( पटना ) वसावी पोतानी राज्यधानी करतो हवो.

श्री महावीर न्नगवंत विक्रम संवतथी ( ४७० ) वर्ष पहेलां पावापुरी नगरीमां हस्तिपाल राजानी पुरातन राज्यसन्नामां बहोंतेर वर्षनुं आयुष्य न्नोगवी कार्तिक वदी अमावास्यानी रात्रिए पाछले प्रहरे पद्मासने बेठा थकां शरीरादि शेष चारे कर्मनी सर्व उपाधी छोडी निर्वाण

पाम्या. ते समये मोटा शिष्योमां गौतमस्वामि तथा सुधर्मास्वामि, आ बेज शिष्यो विद्यमान हता. बाकीना नवे शिष्यो श्री महावीर भगवंत विद्यमान थकां, एक मासना अनशन करी केवलज्ञान पामी मुक्ति पाम्या हता. अगीआरे मोटा शिष्यो ज्ञातिना ब्राह्मण हता. चार वेद अने छ वेदांगादि सर्व शास्त्रोना वेत्ता हता. अगीआरे शिष्योना मली (४४००) चउमालीससो विद्यार्थीउं हता. तेउंनो वृत्तांत लखीएछीए.

ज्यारे श्री महावीर भगवंतने केवलज्ञान उत्पन्न थयुं, ते समये मध्यपापा नगरीमां सोमल नामनो द्विज यज्ञनो आरंभ करतो हतो. ते यज्ञ प्रसंगे सर्व ब्राह्मणोमां श्रेष्ट पूर्वोक्त गौतमादि आगीआरे आचार्योने आमंत्रण कर्युं हतुं. ते यज्ञभूमिनी इशान दिशाए महासेन नामना उद्यानमां श्री महावीर भगवंतनुं समवसरण रत्न, सुवर्ण, रौप्यमय, अनुक्रमे त्रण गढ संयुक्त देवोए बनाव्युं. ते समवसरणनी वचमां सिंहासन उपर बेसी श्री महावीर भगवंत उपदेश आपवा लाग्या. ते समये आकाश मार्गे, सेंकडो विमानोमां बेठा थका, चारे प्रकारना देवताउं भगवंत श्री महावीर स्वामिना दर्शन वास्ते तेमज उपदेश श्रवण करवा आवता हता. तेउंने देखी यज्ञ करनारा ब्राह्मणोए जाण्युं के आ सर्व देवो साक्षात् अमारा यज्ञनी आहुतीउं लेवा आवे छे. एटलामां देवताउं तो यज्ञभूमिने छोडी भगवानना चरणोमां जइ हाजर थया. वली बीजा लोको पण श्री महावीर भगवंतना दर्शन करी तथा उपदेश सांभली गौतमादि पंडितोने कहेवा लाग्या के, आजे आ नगरीनी बहार सर्वज्ञ, सर्वदर्शी भगवान् आव्या छे. तेनुं रुप एवुं छे के तेनुं यथार्थ वर्णन करवाने कोइ पण शक्तिवान् नथी; अने तेनो उपदेश एवो छे के तेमां कांइ पण संशय पडतो नथी, वली लाखो देवताउं तेमना चरणोनी सेवा करे छे; जेथी आजे अमारुं अत्यंत मोटुं भाग्योदय थयुं, के एवा सर्वज्ञ अरिहंत भगवंतना दर्शन अमे पाम्या. ज्यारे गौतमजीए लोकोना मुखथी सर्वज्ञ एवुं वचन सांभल्युं, त्यारे तेमना मनमां इर्ष्यारुप अग्नि सलगी उठी; अने बोली उठ्या के, माराथी अधिक अने सर्वज्ञ बीजो कोण छे ? हमणांज जइ तेना सर्वज्ञपणाने परास्त करुं छुं, इत्यादि अनेक गर्व संयुक्त वचनो कहाड्यां; पछी श्री महावीर भगवंतनी पासे ते पहोंच्या.

दूरथीज श्री जगवंतने चोत्रीश अतिशय संयुक्त, तथा इंद्रो, देवो अने मनुष्योथी परिवृत दीठा. देखतांज बोलवानी शक्ति मंद थइ गइ. जगवंतनी सन्मुख जतांज, श्री जगवंते तेमने बोलाव्या. हे गौतम इंद्रजूति ! तमे आव्या ? गौतमजीए मनमां विचार्युं के, मारुं नाम पण आ जाणे छे; परंतु तेमां शुं आश्चर्य ? जगत्‌मां प्रसिद्ध एवा मने कोण जाणतुं नथी ? मारुं नाम लेवाथी हुं कांइ तेने सर्वज्ञ मानुं नहि; परंतु मारा मननां जे संशय छे, ते संशय जो ते दूर करे तो हुं तेने सर्वज्ञ मानुं. तत्काल जगवंते कह्युं हे गौतम ? तमारा मनमां आ संशय छे– जीव छे के नहि ? अने ते संशय तमने वेदोनी परस्पर विरुद्ध श्रुतियोथी थयेल छे. ते श्रुतियो कहीये छीये.

" विज्ञान घन एवैतेज्यो जूतेज्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञास्तीत्यादि " तेनाथी विरुद्ध, आ श्रुति छे, " सवै अयमात्मा ज्ञानमय इत्यादि " आ श्रुतियोनो अर्थ तमारा मनमां जेम जासन थाय छे, तेम हुं तमने कहुं छुं ते सांजलो. प्रथम श्रुतिनो अर्थ तमे आ प्रमाणे करो छो– नीलादि रूप होवाथी विज्ञानज चैतन्य छे, विशिष्ट जे नीलादि तेथी जे घन ते विज्ञानघन, ते विज्ञानघन आ प्रत्यक्ष परिछिद्यमान रूप पृथ्वी, अप, तेज, वायु, आकाश, आ पांचे जूतोथी उत्पन्न थइ फरी तेनी साथेज नाश थइ जाय छे, अर्थात् जूतोनो नाश थवाथी, तेनी साथे विज्ञानघननो पण नाश थइ जाय छे, ते कारणथी प्रेत्य संज्ञा नथी, अर्थात् मरण पछी फरी परलोक गमन, नर, नारकादि जन्म थतो नथी. आ श्रुतिथी जीवनी नास्ति अर्थात् तेनो अजाव सिद्ध थाय छे. हवे बीजी श्रुति कहे छे के– आ आत्मा ज्ञानमय अर्थात् ज्ञान स्वरूप छे, इत्यादि. तेथी आत्मानी सिद्धि थाय छे. आ बंने श्रुतियो परस्पर विरोधी होवाथी कांइ निश्चय थइ शकतो नथी. वली बीजा पण आत्माना स्वरूपमां परस्पर विरोधी मत छे. कोइ कहे छे के, यत्तः ॥ एतावानेव पुरुषो, यावानिंद्रियगोचरः ॥ जद्रे वृकपदं पश्य, यद्वदंत्यबहुश्रुताः ॥ १ ॥ वली बीजा मतवाला कहे छे के यतः ॥ " न रूपं जिक्षवः पुजलः " अर्थात् आत्मा अमूर्त छे. वली एक आगम एवुं कहे छे के यतः ॥ " अकर्त्ता निर्गुणो जोक्ता आत्मा " अर्थात् अकर्त्ता, सत्व, रज, तम, आ त्रण गुणोथी रहित सुख

४ श्रीप्रभवस्वामिनी पाट उपर श्री शिय्यंभवस्वामि बेठा. जेउंए मनक साधु वास्ते श्रीदशवैकालिक सूत्रनी रचना करी. तेनी उत्पत्ति आ प्रमाणे—एकदा प्रस्तावे प्रभवस्वामिने रात्रिना विचार थयो के मारी पाट उपर कोण बेसशे ? ज्ञानबलथी विचारतां सर्व संघमां पोतानी पाट योग्य कोइ देखवामां आव्युं नही, तेथी पर दर्शनवालाउ तरफ ज्ञानबलथी देखवा लाग्या. अनुक्रमे तेमणे राजगृह नगरमां शिय्यंभव भट्टने यज्ञ करतां थकां, पोतानी पाट योग्य दीठा. तत्काल प्रभवस्वामि विहार करी सपरिवार राजगृह नगरमां आव्या. पोताना बे साधुने आदेश कर्यो के तमे यज्ञस्थानमां जइ भिक्षावास्ते धर्मलाभ कहो, अने यज्ञ करनाराउने आ प्रमाणे कहो– "अहोकष्टमहोकष्टं तत्त्वं विज्ञायते नहि" बंने साधुए गुरुना आदेश मुजब पूर्वोक्त सर्व कर्युं. ज्यारे ब्राह्मणोए "अहोकष्टं" इत्यादि श्रवण कर्युं, ते वखते यज्ञवाडामां शिय्यंभव ब्राह्मणने यज्ञदीक्षा लेवानी हती, तेथी तेउं यज्ञवाडाना दरवाजामां उभा हता, जेथी तेमणे पण मुनियोनुं "अहोकष्टं" इत्यादि श्रवण कर्युं. तत्काल तेउं विचारवा लाग्या के आवा उपशमप्रधान साधु कदापि असत्य बोलता नथी, तेथी तेमना मनमां संशय थयो, जेथी उपाध्यायने पुछ्युं के तत्त्व शुं छे? उपाध्यायजीए कह्युं के चार वेदमां जे कथन करेल छे तेज तत्त्वछे, वेद उपरांत बीजुं तत्त्व नथी. शिय्यंभवे कह्युं के तमे दक्षिणाना लोभथी मने तत्त्व बतावता नथी. वली रागद्वेषरहित, निर्मम, निःपरिग्रह, शांत, दांत, महंत एवा मुनियोनुं कथन कदापि असत्य होतुं नथी, तेथी हवे तमे मारा गुरु नथी, तमे तो जन्मथी जगत्ने ठगवानी बाजी रची बेठा छो, माटे शिक्षायोग्य छो; वास्ते कां तो मने तत्त्व बतावो ? अने तेम नहि करशो तो तलवारथी हुं तमारुं शिरछेद करीश. एम कहेतांज अत्यंत क्रोधना आवेशमां आवी जवाथी मियानथी तलवार बहार काढी. उपाध्याये प्राणांत कष्ट देखी कह्युं के अमारा वेदोमां पण एमज लखेल छे, तथा अमारी आम्नाय पण एवीज छे के ज्यारे कोइ अमारुं शिरछेद करवा आवे त्यारेज तत्त्व कहेवुं, अन्यथा नही. तेथी हवे हुं तमने तत्त्व कहुं छुं. आ यज्ञस्थंभनी नीचे अर्हंतनी प्रतिमा स्थापन करेली छे, अने तेनी प्रछन्न रीते नीचेज पूजा करवामां आवे छे.

तेना प्रनावथी यज्ञना सर्व विघ्नो दूर थइ जाय छे. जो यज्ञस्थंन नीचे अर्हंतनी प्रतिमा न राखवामां आवे तो महातपा सिद्धपुत्र तथा नारद, आ बंने यज्ञने विध्वंस करी नाखे छे. पछी उपाध्यायजीए स्थंन उखेडी अर्हंतनी प्रतिमा बतावी, अने कह्युं के आ प्रतिमा जे देवनी छे, ते देव, श्री अर्हंतनो कथन करेलो धर्म, जीवदया रूप तत्व छे; अने आ जे वेदप्रतिपाद्य यज्ञ छे, ते सर्व हिंसात्मक रूप होवाथी विडंबना रूप छे, परंतु शुं करीए? जो अमे एम न करीए तो अमारी आजीविका चालती नथी. हवे तुं तत्त्व समजी ले, अने मने छोडी दे; तथा परमार्हत थइ जा. कारण के में तने मारा पेटने वास्ते बहु दिवस रखडाव्यो छे. गुरुनुं शुद्ध अंतःकरण थयेलुं जाणी शिय्यंनवे तेने नमस्कार कर्यो, अने कह्युं के यथार्थ तत्त्वनो प्रकाश करवाथी तमे हवे साचा उपाध्याय छो. एम कही तुष्टमान थइ यज्ञनी सर्व सामग्री सुवर्णपात्रादि शिय्यंनवे उपाध्यायने आपी दीधी, अने प्रनवस्वामि पासे जइ तत्त्वनुं स्वरूप पुछी दीक्षा लीधी. तेमनो शेष वृत्तांत परिशिष्टपर्व ग्रंथथी जाणी लेवो. शियंनव स्वामि अठावीश वर्ष गृहस्थावास, अगीआर वर्ष सामान्य साधु, अने तेत्रीश वर्ष युगप्रधानाचार्य पदवी नोगवी, सर्व आयु बासठ वर्षनुं नोगवी श्रीमहावीर नगवंत पछी अठाणुं वर्षे स्वर्गे गया.

५ श्रीशिय्यंनवस्वामिनी पाट उपर यशोनद्रस्वामि बेठा. ते बावीस वर्ष गृहस्थवास, चौद वर्ष व्रतपर्याय, पचास वर्ष युगप्रधान पदवी. सर्व आयु छासी वर्षनुं नोगवी श्रीमहावीर पछी ( १४८ ) वर्षे स्वर्गे गया.

६ श्री यशोनद्रस्वामिनी पाट उपर एक संनूतविजय अने बीजा नद्रबाहुस्वामि, आ बंने बेठा. संनूतविजयजी बेंतालीस वर्ष गृहवास, चालीस वर्ष व्रतपर्याय अने आठ वर्ष युगप्रधान पदवी, सर्व आयु नेवु वर्षनुं नोगवी स्वर्गमां गया. श्रीनद्रबाहुस्वामिए १ आवश्यक निर्युक्ति, २ दशवैकालिक निर्युक्ति, ३ उत्तराध्ययन निर्युक्ति, ४ आचारांग निर्युक्ति, ५ सूत्रकृतांग निर्युक्ति, ६ सूर्यप्रज्ञप्ति निर्युक्ति, ७ रीषिनाषित निर्युक्ति ८ कल्पनिर्युक्ति, ए व्यवहार निर्युक्ति, १० दशानिर्युक्ति, आ दश निर्युक्तियो; तथा १ कल्प, २ व्यवहार, ३ दशाश्रुतस्कंध, आ त्रण नवमा पूर्वमांथी उद्धार करी बनाव्या. वली नद्रबाहुसंहिता नामनुं अति विस्तारवालुं

ज्योतिष शास्त्र बनाव्युं. उपसर्गहरस्तोत्र बनाव्युं. एवीरीते जैनमतवालाउं उपर बहुज उपकार कर्यो. नद्रबाहुस्वामिने वराहमिहिर नामना एक सगा नाइ हता, ते प्रथम तो जैनमतना साधु थया हता, पछी साधुपणुं तजी दीधुं, तेमणे वराही संहिता बनावी. विक्रमादित्यनी सन्नामां जे वराहमिहिर पंडित हता ते बीजा वराहमिहिर थया छे. संहिताकारक ते नहीं. तेमनुं सर्व वृत्तांत परिशिष्ट पर्वथी जाणवुं. श्रीनद्रबाहुस्वामि पीसतालीस वर्ष गृहस्थावास, सत्तर वर्ष व्रतपर्याय, चौद वर्ष युगप्रधान, सर्व आयु छोंतेर वर्षनुं नोगवी श्रीमहावीर पछी ( १७० ) वर्षे स्वर्गे गया.

श्री संनूतविजय तथा श्रीनद्रबाहुस्वामिनी पाट उपर श्रीस्थूलनद्रस्वामि बेठा. तेमनो सर्व वृत्तांत परिशिष्ट पर्व ग्रंथथी जाणवो. १ प्रनवस्वामि, २ शिय्यंनवस्वामि, ३ यशोनद्रस्वामि, संनूतविजय, ५ नद्रबाहुस्वामि, ६ स्थूलनद्र. आ छ आचार्यो चौद पूर्वना वेत्ता हता. श्री स्थूलनद्रजी त्रीस वर्ष गृहस्थावास, चोवीस वर्ष व्रतपर्याय, पीसतालीस वर्ष युगप्रधान पदवी, सर्व आयु नवाणुं वर्षनुं नोगवी श्रीमहावीर पछी ( २१५ ) वर्षे स्वर्गमां गया. श्रीमहावीर पछी बसे चौद वर्षे आषाढ आचार्यनो शिष्य त्रीजो निन्हव थयो.

स्थूलिनद्रजीना समयमां नवनंदोनुं ( १५५ ) एकसो पंचावन वर्षनुं राज्य उत्थापी चाणाक्य ब्राह्मणे चंद्रगुप्त राजाने राज्यसिंहासन उपर बेसाड्यो. चंद्रगुप्तना वंशजोए ( १०८ ) वर्षसुधी राज्य कर्युं. चंद्रगुप्तना पितानुं नाम मोरपाल हतुं, तेथी चंद्रगुप्तनो मौर्यवंश कहेवाय छे. चंद्रगुप्त जैनमती श्रावक राजा हतो. चंद्रगुप्त तथा नव नंदोनुं वृत्तांत परिशिष्ट पर्व, उत्तराध्ययनवृत्ति तथा आवश्यकवृत्तिथी जोइ लेवुं.

श्रीस्थूलनद्रस्वामि पछी उपरना चार पूर्व, प्रथम संहनन, प्रथम संस्थान विछेद थइ गयां. श्रीमहावीर पछी (२२०) वर्षे अश्वमित्र नामनो चोथो क्षणिकवादि निन्हव थयो. श्रीस्थूलनद्रजीना समयमां बार वर्षनो डुकाल पड्यो, त्यारे चंद्रगुप्तनुं राज्य हतुं; तथा श्रीमहावीर पछी ( २२८ ) वर्षे वित्यावाद गंग नामनो पांचमो निन्हव थयो.

८ श्री स्थूलनद्रजी पछी तेमना बे शिष्यो एक आर्यमहागिरि तथा बीजा सुहस्ति सूरि आठमी पाट उपर बेठा. आर्यमहागिरिना शिष्य

१ बकुल, २ बलिस्सह, बलिस्सहना शिष्य श्री उमास्वातिजी थया, जेमणे तत्त्वार्थादि सूत्रनी रचना करी, उमास्वातिजीना शिष्य श्यामाचार्य, जेमणे पन्नवणा सूत्रनी रचना करी. आ श्यामाचार्य श्री महावीर पछी त्रणसो छोंतेर वर्षे स्वर्गे गया. आर्यमहागिरिजी त्रीस वर्ष गृहवास, चालीस वर्ष व्रतपर्याय, त्रीस वर्ष युगप्रधान पदवी, सर्व आयुं एकसो वर्षनुं भोगवी स्वर्गे गया.

श्रीसुहस्तिसूरिये एक भिखारीने दीक्षा आपी, ते भिखारी काल करी चंद्रगुप्तना वंशमां तेना पुत्र बिंदुसार, बिंदुसारनो पुत्र अशोक, अशोकनो पुत्र कुणाल, कुणालनो पुत्र संप्रति नामनो राजा थयो. संप्रति राजाये जैनधर्मनी बहुज वृद्धि करी. श्री कल्पसूत्रना प्रथम उद्देशामां श्री महावीरस्वामिना समयमां वर्त्तमान समय सरखावतां बहु थोडा देशोमां जैनधर्म लखेल छे. मारवाड, गुजरात, दक्षिण, पंजाब विगेरे देशोमां जे जैनधर्म प्रवर्त्ते छे, ते संप्रति राजाना समयथीज प्रवर्त्ते छे. यद्यपि वर्त्तमानमां जैनी राजा नही होवाथी जैनधर्म सर्व स्थले नथी, परंतु संप्रति राजाना समयमां जैनधर्म भारत वर्षमां सर्वत्र हतो, तथा उन्नतिपर हतो, कारण के संप्रति राजानुं राज्य मध्य खंड तथा गंगा अने सिंधुपार सर्व देशोमां हतुं. संप्रति राजाये धर्मवृद्धिमाटे पोताना नोकरोने जैनसाधुओ बनावी, पोतानी आज्ञा माननारा राजाओ शक, यवन, फारसादि देशोमां हता, ते देशोमां पण मोकल्या हता. तेओये ते राजाओने जैनना साधुओना आहार, विहार, आचारादि सर्व बताव्या हता, तेमज समजाव्या हता. बाद साधुओनो विहार ते देशोमां करावी ते देशना लोकोने जैनधर्मी कर्या हता. संप्रति राजाये (९९०००) नवाणुं हजार जीर्णोद्धार जिनमंदिरोना कराव्या; तथा (२६०००) छवीस हजार नवा जिनमंदिरो बंधाव्यां; सोना, चांदी, पीतल, पाषाण प्रमुखनी सवाक्रोड प्रतिमा बनावी. तेमना बनावेला मंदिर, नाडोल, गीरनार, शत्रुंजय, रतलाम प्रमुख अनेक स्थले अमे देखेल छे. संप्रति राजानी प्रतिमा तो अमे सेंकडो दीठी छे. संप्रति राजानुं संपूर्ण वृत्तांत परिशिष्ट पर्वादि ग्रंथोथी जाणवुं.

सुहस्ति सूरिए उज्जयननी रेहेनारी भद्रा शेठाणीना पुत्र अवंतीसुकमालने दीक्षा आपी. जे स्थले अवंतीसुकमाले काल कर्यो, ते स्थले

तेना महाकाल नामना पुत्रे जिनमंदिर बंधाव्युं. तें मंदिरमां पोताना पिताना नामथी अवंती पार्श्वनाथनी मूर्त्ति स्थापन करी. कालांतरे ब्राह्मणोए पोताना बलवान समयमां ते मंदिरमां मूर्त्तिने नीचे दबावी उपर महादेवनुं लिंग स्थापन करी महाकाल मंदिर प्रसिद्ध करी दीधुं. ज्यारे उज्जयनमां विक्रम राजा थयो, ते अवसरे कुमुदचंद्र (सिद्धसेन दिवाकर) नामना जैनाचार्ये ते मंदिरमां कल्याणमंदिर स्तोत्र बनावी स्तुति करी, जेथी शिवलिंग फाटी वचमांथी तत्काल पूर्वोक्त पार्श्वनाथनी मूर्त्ति फरी प्रगट थइ. तेनो इतिहास आ प्रमाणे छे.

विद्याधर गछमां स्कंदिलाचार्यना शिष्य वृद्धवादि आचार्य थया. ते अवसरे उज्जयनमां विक्रमादित्य राजा हतो. तेनो मंत्री देवरूषि ब्राह्मण हतो, कात्यायन गोत्री हतो; तेने देवसिका नामनी स्त्री हती. तेनो पुत्र सिद्धसेन विद्याना अभिमानथी सर्व जगत्ना लोकोने तृणवत् समजतो हतो; बुद्धिमां पण मारा समान कोइ नथी एम मानतो हतो. मने जे मने वादमां जीते तेनो हुं शिष्य थइ जाउं एम ज्यां त्यां विवाद करतो हतो. वृद्धवादि आचार्यनी कीर्त्ति तेना सांभलवामां अत्यंत आवी, तेथी तेनी साथे विवाद करवा सुखासन (पालखी) मां बेसी भरुच तरफ जतो हतो. ते अवसरे वृद्धवादि पण भवितव्यताना योगे सन्मुख आवता तेने मल्या. बंनेनो मेलाप थतां परस्पर आलापसंलाप थयो. सिद्धसेनजीए कह्युं के मारी साथे तमे वाद करो. वृद्धवादिए कह्युं के वाद तो करुं, परंतु आ जंगलमां हार जीतनो कोइ साक्षि नथी. सिद्धसेनजीए कह्युं आ जे गाय चरावनारा गोपो छे, तेज मारा तमारा साक्षी थाउ, तेउ जेने हार्यो कहे, ते हार्यो. वृद्धवादिए कह्युं तमने जो तेम कबुल होय तो मारे इनकारी नथी. भले तेउज साक्षि रहे. हवे तमे वाद चलावो! तत्काल सिद्धसेनजीए अत्यंत छटादार संस्कृत भाषामां पोतानो वाद शरु कर्यो, अने ते वाद समाप्त कर्यो, ते सांभली गोपोए कह्युं के आ तो कांइ पण जाणता नथी, केवल लांबा बराडा पाडी अमारा कानमां धाक पाडे छे. हवे गोपोए वृद्धवादिने कह्युं हे वृद्ध! तुं बोल? वृद्धवादि अवसर देखी, कछ बांधी, गोपोनी भाषामां बोलवा लाग्या, अने थोडुं थोडुं कुदवा पण लाग्या. ते अवसरे तेमणे जे छंदोनो उच्चार

कर्यों तेमांथी कांइक लखीए डीएः– "नवि मारिये नवि चोरिये, परदार-गमन निवारिये ॥ थोवाथो वंदाइयें, सग्गिमट्टे मट्टे जाइये ॥ १ ॥ वली बोलवा तथा नाचवा लाग्या ॥ छंद ॥ कालो कंबल नीचो वट्ट, छाछें जरिउ दीवडो थट्ट ॥ एवड पडीउं नीले जाड, अवर किसो डे सग्ग निलाड ॥२॥ इत्यादि गोपो सांजली बहुज खुशी थया, अने कहेवा लाग्या के वृद्धवादि सर्वज्ञ डे, अमने केवो मीठो, कानने सुखदायक तथा अमारा योग्य उपदेश कर्यो. सिद्धसेन तो कांइ जाणतो नथी. गोपोनो निर्णय सांजली सिद्धसेनजीए वृद्धवादिने कह्युं हे जगवन्! तमे मने दीक्षा आपी पोतानो शिष्य बनावो, कारण के मारी प्रतिज्ञा डे के जो गोपो मने हार्यो कहे तो हुं हार्यो, अने तमारो शिष्य हुं बनुं. वृद्धवादिए कह्युं के आ गोपोनी सजामां वाद विवाद शो ? ते प्रमाणेना वादविवादथी हारजीत कहेवाय नहि. तमे जृगुपुर ( जरुच ) मां राजसजामां चालो; सजा समक्ष मारो तमारो वाद विवाद थशे. सिद्धसेनजीए कह्युं के हुं जले विद्वान् होउं, परंतु अवसरनो जाण नथी, अवसरना ज्ञाता तमे डो, तेथी मने हार्यो समजी दीक्षा आपो. सिद्धसेनजीए पूर्वोक्त कह्या उतां वृद्धवादि आचार्य तेने राज्यसजामां विवाद करवा सारु लइ आव्या. राज्यसजा समक्ष विवाद थयो, तेमां सिद्धसेनजीनो पराजय थयो, तेणे आचार्य पासे दीक्षा लीधी, गुरुए तेनुं नाम कुमुदचंद्र पाड्युं. पडी ज्यारे आचार्य पदवी आपी त्यारे फरी सिद्धसेन दिवाकर नाम राख्युं. पडी वृद्धवादि तो अन्यत्र विहार करी गया, अने सिद्धसेन दिवाकर अवंती ( उज्जयन ) मां गया. उज्जयननो संघ सन्मुख आव्यो, अने सिद्धसेन दिवाकरने सर्वज्ञपुत्र एवुं बिरुद आप्युं, एम बिरुदावली बोलतां अवंती नगरीना चोकमां आव्या. ते अवसरे विक्रमादित्य राजा हाथी उपर चडेला सन्मुख आवता मल्या. राजाए सर्वज्ञपुत्र एवुं बिरुद सांजली तेनी परिक्षा वास्ते हाथी उपर बेठा बेठां ज मनथी तेमने नमस्कार कर्यो. आचार्यें तत्काल धर्मलाज कह्यो. राजाये पुड्युं, वंदना कर्या विना आपे मने धर्मलाज केम आप्यो ? शुं धर्मलाज बहु सस्तो डे? आचार्यें कह्युं, आ धर्मलाज क्रोड चिंतामणि रत्नोथी पण अधिक डे, जे कोइ अमने वंदना करे डे,

तेनेज अमे धर्मलाभ कहीये छीये. वली एम पण नथी के तमे अमने वंदना नथी करी. तमे पण पोताना मनथी वंदना करी छे. मनज सर्व कार्योमां प्रधान छे, ते कारणथी अमे धर्मलाभ कह्यो छे, अने तमोए पण मारी परिक्षावास्तेज मनथी नमस्कार करेल छे. विक्रम राजाए तुष्टमान थइ हाथीथी नीचे उतरी सर्व संघनी समक्ष आचार्यने वंदना करी. एक क्रोड सोनामहोर भेट मुकी, आचार्यें सोनामहोर लीधी नही, कारण के तेउ त्यागी हता. राजाये पण पाछी लीधी नहि. आखर आचार्यनी आज्ञाथी संघना गृहस्थोये जीर्णोद्धारमां वापरी दीधी. राजाना दफतरमां तो आ प्रमाणें लखेलुं छे. श्लोक ॥ धर्मलाभ इति प्रोक्ते, दूरादुछ्रितपाणये ॥ सूरये सिद्धसेनाय, ददौ कोटिं धराधिपः ॥ १ ॥ श्रीविक्रम राजानी सन्मुख सिद्धसेनदिवाकरे एम पण कह्युं हतुं के ॥ गाथा ॥ पुण्णे वास सहस्से, सयंमि वरिसाण नव नवइ कलिए ॥ होइ कुमर नरिंदो, तुह विक्कमराय सारिछो ॥ १ ॥ अर्थः पुण्य एवां एक हजार एकसो नवाणुं वर्षे, हे विक्रमराय तमारा जेवोज कुमारपाल नृप थशे. अन्यदा सिद्धसेनजी चित्रकूटमां गया. चित्रकूटमां एक अति प्राचीन जिनमंदिर हतुं, तेमां एक बहु मोटो स्थंभ तेमना देखवामां आव्यो. कोइने पुछ्युं के, आ स्थंभ शानो छे? तेणे कह्युं के पूर्वाचार्योये तेमां रहस्य पुस्तको मुकेलां छे, आ स्थंभ विविध औषध द्रव्यनो बनेलो, वज्रनी जेम जलादिथी अभेद्य छे. कोइथी आ स्थंभ खोली शकातो नथी. ते सांभली सिद्धसेनजीये ते स्थंभनी गंध लइ प्रत्यौषधरस तेना उपर छांट्यो, तेथी कमलनी जेम स्थंभ खिली गयो. तेमां पुस्तक दीठां. तेमांथी एक पुस्तक लइ वांचतां प्रथम पत्रमां बे विद्या लखेलीप्राप्त थइ. एक सरसव विद्या, बीजी सुवर्णविद्या. सरसव विद्यानुं ए बल हतुं के कार्य आवी पडे त्यारे मांत्रिक जेटला सरसव जलाशयमां नांखे, तेटला अस्वार बेतालीसे हथीआर सहित बहार आवे, परदलनो भंग करी कार्य सिद्ध थयेथी अदृश्य थइ जाय. हेम विद्याथी कांइ पण मेहेनतविना शुद्ध हेम कोटि गमे ते धातुथी थइ शके. आ बंने विद्या सिद्धसेनजीये सारी रीते लीधी. उपरांत आगल वांचवा जाय छे के स्थंभ बंध थइ गयो, सर्व पुस्तको वचमां रही गयां, अने आकाशवाणी थइ के तुं आ पुस्तकोने वांचवाने योग्य नथी,

आगल वांचीश नहि, वांचीश तो तत्काल मरण पामीश. सिद्धसेनजीये डरीने विचार कर्यो के बे विद्या मली तेपण सारुं थयुं. चित्रोडथी विहार करी सिद्धसेनजी पूर्व देशमां कुमारपुरमां गया, तेनो राजा देवपाल नामनो हतो, तेने प्रतिबोधि दृढ जैनधर्मी कर्यो. राजा निरंतर सिद्धांत श्रवण करवा लाग्यो, एम केटलोएक काल व्यतीत थयो. एकदा राजा गुप्त रीते गुरुजी पासे आव्यो; आंसुथी नेत्र भरी कहेवा लाग्यो के, हे भगवन् अमो बहुज पापी छइये, तेथी आपनी अति उत्तम गोष्टीनो रस पी शकता नथी. अमे बहुज संकटमां आवी पड्या छीये. आचार्ये पुछ्युं, तमोनो शुं संकट छे? राजाये कह्युं, मारा वैरी राजाउं बहुं छे, तेउं एकत्र थइ मारुं राज्य लइ लेवा चाहे छे. आचार्ये कह्युं राजन्! आकुल व्याकुल थाउं नहि, तमोने हुं सहाय छुं, हवे तमारे शी चिंता छे? राजा आ हिंमतथी बहुज खुशी थयो; पछी आचार्ये राजाने पूर्वोक्त बने विद्याउं आपी समर्थ कर्यो. ते विद्याउंथी परदल भंग थइ गयुं. तेमनो सर्व सरंजाम लूटी लीधो. राजा आचार्यनो परम भक्त थइ गयो. आचार्य पण सुखमां पडी शिथिलाचारी थइ गया. आ स्वरूप वृद्धवादिजीना सांभलवामां आव्युं. उपाश्रयना दरवाजा पासे उभा रही कहेवराव्युं के एक बुढो वादी आव्यो छे. सिद्धसेने बोलावी पोतानी सन्मुख बेसाड्या. वृद्धवादी पोतानुं सर्व शरीर वस्त्रथी ढांकी बोल्या—"अण फुल्लियफुल्लमतोडहिं मारोवामोडिहिं मणु कुसुमेहिं ॥ अच्चि निरंजणंजीण, हिंड हिकाइ वणेणवणु ॥ १ ॥ सिद्धसेनने विचार करतां आनो अर्थ सुझयो नहि, त्यारे विचारवा लाग्या के मारा गुरु तो नहि होय? एमनी उक्तिनो माराथी अर्थ थइ शकतो नथी, एम धारी फरी जोयुं तो गुरुने उलख्या. गुरुने पगे पडी वारंवार क्षमा मागवा लाग्या, अने पद्यनो अर्थ पुछवा लाग्या. वृद्धवादीजीए कह्युं "अप्राप्त फल एवा फुलने तोड नहि, भावार्थ के आ योग कल्पवृक्ष छे, जे योग रूप वृक्षना यम नियम तो मूल छे, ध्यान रूप मोटुं थड जेनुं छे, समता, कवित्व, वक्तृत्व, यश, प्रताप, मारण, उच्चाटन, स्तंभन, वशीकरणादि सिद्धियो तेना पुष्प छे, अने केवलज्ञान फल छे. हजी तो योगकल्पवृक्षने फुलोज लागेलां छे, ते केवलज्ञान रूप फलथी आगल फलशे, तेथी आ अप्राप्त फल, पुष्पोने

शा वास्ते त्रोडे छे? तथा पांच महाव्रत रूप रोपा छे, तेने मरोड नहि. मनरूप पुष्पोथी निरंजन जिनराजने पूज; वनथी वन शुं जम्या करे छे? राजसेवादि बूरा नीरस फल शुं प्राप्त करे छे? गुरुना उपदेशथी सिद्धसेनजी शिक्षा पाम्या. राजाने पुछी गुरु साथे अन्यत्र विहार करी गया, अने निबिड चारित्र पालवा लाग्या, अनेक आचार्योथी पूर्वोनुं ज्ञान प्राप्त कर्युं. वृद्धवादिनो स्वर्गवास थयो. बाद एकदा सिद्धसेनजीए सर्व संघ एकठो करी कह्युं के मारो विचार सर्व आगमोने संस्कृत नाषामां करी देवानो थयो छे, श्री संघे कह्युं, शुं तीर्थंकर, गणधर संस्कृत जाणता न होता? तेउए अर्ध मागधी नाषामां आगमो शा वास्ते कर्या? आ प्रमाणे कहेवाथी आपने पारांचिक नामनुं प्रायश्चित्त आवे छे, आप पोते विचारी व्यो? अमे आपने शुं कहीए? सिद्धसेने विचार करी कह्युं के हुं मौन धरी बार वर्षनुं पारांचिक प्रायश्चित्त लइ गुप्त रीते मुखवस्त्रिका, रजोहरणादि लिंग राखी, अवधूत रूप धारण करी फरीश. एम बोली गछनो त्याग करी नगरादिमां पर्यटन करवा लाग्या. बार वर्ष व्यतीत थये उज्जयन नगरीमां महाकालना मंदिरमां शेफालिका पुष्पोथी रंगेलां वस्त्र पेहेरी सिद्धसेन आवी बेठा. नमस्कार करता नथी, तेथी पूजारी प्रमुख लोकोए कह्युं के तमे महादेवने नमस्कार केम करता नथी? सिद्धसेन बोलताज नथी. एम लोकपरंपराथी श्रवण करतां विक्रमादित्य पण त्यां आव्या, अने कह्युं "क्षीर लिलिक्षो निक्षो किमिति त्वया देवो न वंद्यते" सिद्धसेनजीए कह्युं हे राजन्! मारा नमस्कारथी तमारा देवनुं लिंग फाटी जशे, पछी तमोने बहुज दुःख थशे, ते कारणथी हुं नमस्कार करतो नथी. राजाए कह्युं, लिंग फाटे तो फाटवा द्यो, परंतु तमे नमस्कार करो. तत्काल सिद्धसेन पद्मासने बेसी कहेवा लाग्या, सांनलो! पछी प्रथम द्वात्रिंशिकाथी देवनुं स्तवन करवा लाग्या, यथा ॥ स्वयंजुवं जूतसहस्रनेत्र, मनेक मेकाक्षर नावलिंगं ॥ अव्यक्त मव्याहत विश्वलोक, मनादि मध्यांतम पुण्य पापं ॥ १ ॥ इत्यादि प्रथमज श्लोक बोलवाथी लिंगमांथी धुमाडा निकलवा लाग्या, एटले लोको बोलवा लाग्या के शिवजीनुं त्रीजुं नेत्र खुल्युं छे, हमणांज आ निक्षुकने नेत्रना अग्निथी नस्म करी देशे. तत्काल विज-